

લીલા.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराजिस्ट विभाग]

अनुक्रमांक ૪૭૨૮૦ ग्रंथांक

पुस्तकनुं नाम નસીબની વાત

विषय

m5/13815

નસીબની લીલી.

એક પારસી સંસારી નોવેલ.

(ચીત્રો સાથે)

રચનાર—ફીરોઝશાહ જહાંગીર મરઝબાન,
એમ. એ.


[તે "વારેસે ના-કબુલ," "અંએમેન્યુસ સાથ એગ્રીમેંટ,"
"કાચીનો સાહુકાર" "જીવપર જોરાવરી," "આઇતાં પર કોઇતું,"
"મોહબત કે મુસીબત," "માસીનો માકો" વગેરે વગેરેના કર્તા.]

મુંબઇ—કોટમાં બેલારડ પીયર ઉપર જામે જમશેદ પ્રીંટીંગ
વરકસમાં, રચનાર તથા પ્રગટ કરનાર મી૦ ફીરોઝશાહ
જહાંગીર મરઝબાનને માટે માણેકજી નવરોજી
પ્રીંટરે છાપ્યું છે.

૧૯૧૩.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઈટ-સંગ્રહ
૪૭૨૯

આ પુસ્તક ઇ૦ સ૦ ૧૮૬૭ નાં ૨૫ માં આકટની
રૂએ રેજીસ્ટર કરાવ્યું છે માટે તેના રચનારની
રજા વગર કોઇને તે છાપી પ્રગટ
કરવાનો હક નથી.



વાહલી!

ફુરતાં ને ટોપીપર રમતાં બે જણ
—તું અને હું—જયારે બાળક હતા;
હસ્તાં કે બોલતાં, બસ બન્નેનાં મન—
આહ! દરેક વીચારમાં કેમ એકજ થતાં!

કાહડી નહીં શકતો'તો તેનો હું સાર,
કે નિર્મળ તે લાગણીનો ઠોકો મને
શું બચપણમાં છુપાછુપ મારતો'તો માર—
એ હતું શું ખેંચાણ તુંજ છોકરી કને!

હરરોઝ તુંજ વીચારમાં ઉલટમંદ રહી—
નીરદોશ એક છોકરો હું પઢયો નીશાળ;
અજબ કંઇ તુજ તરફ ખેંચાતો જઇ—
મેં વીલક્ષણ દેખાડયું તુજ તરફ વ્હાલ.

કોલેજ મુજ જીંદગીની સુખી તે યાદ!
રે અભ્યાસની પોઠીના પાણાં અંદર,
શકલ તુંજ દેખીને રેહતો'તો શાદ—
મેં કેળવણી લીધી તુજ ખાતર, જીગર!

તે યાદગાર અઇયામમાં મુજ ઉઘડી ચશમ,
કે દીલ મારૂં ખેંચાયછ કેમ તુજની તરફ;
શીખ્યો હું ત્યારેજ એ શું છે ભરમ!
ઓ ત્યારે મેં જાણ્યો તે "પ્યાર"નો હરફ!

ને આજે—રે આજે—તે વર્ષોનું વ્હાલ
મેં સોંપ્યુંછ તું હેતવંતી મોહરદારને હાથ;
આજે મેં બાંધીછ મુજ જીંદગીની પાળ—
હા! તુંજ મારી માનીતી પીત્રાઇની સાથ,

તે બચપણની પ્રીતીની પ્યારી નીશાન,—
તે વર્ષોની મ્હોબતનાં સુખી સ્મરણ—
મુજ સંસારનાં સુખની એક સાચી પીછાણ—
માં જ તને—વાહલી—આ પુસ્તક અર્પણ.

પી૦ બી૦ મ૦

ચીત્રોનું સાંકળ્યું.

"નસીબની લીલી"નો પ્રસ્તાવના.

લખનાર—મી૦ દા૦ એ૦ તારાપોરવાળા.

રકમ રકમનાં રત્ન પડયાં છે,
  જગમાં—ઓ જગવાલી!
તારી કુદરત કોઇ વાતથી,
  નથી ખરેખર ખાલી!
અક્કલ કામ કરે નહિં એવી,
  બલિહારી બેહદ છે;
ઓ કુદરતનાં વાલી! તારી
  કુદરતની કયાં હદ છે!

[દિલજાન.]

પ્રારંભ.

ધીરી પડ—ઓ કમતરીન કલમ!—જરા ધીરી પડ! "નસીબની લીલી"ના "પ્રસ્તાવના" લખવાની ઉલટમાં તુ આવીછ ખરી, પણ કોણ લેખક સાથ આજે તને કામ પડયું છે, તે જરા લક્ષમાં લે! આ કોઇ રેંજીપેંજી લખનાર નથી, પણ લખાણ બાજીમાં વર્ષોથી અથાયલો એક કસાયલો કલમકસ છે. જેમ સીંહણનું દુધ સીંહનાં બચ્ચાંજ જેરવી શકે છે, તેમ લેખનકળાના

ઉસ્તાદોથી ઉતરેલો અને લખાણબાજીનો વડીલોપાર્જિત વારસો પામેલો આ સપુત સાહિત્યનાં ક્ષેત્રમાં કોઇ કાચો પુરૂષ નથી. જેણે સંખ્યાબંધ નોવેલોથી પોતાનું નામ કાઢવા ઉપરાંત એક આગેવાન બળવાન છાપાનો સુકાની હોવાનું તે જે માન ધરાવે છે, તેજ તેની ચંચળાઇનાં પ્રબળ પુરાવા છે. "નસીબની લીલી"નો લેખક નસીબનો ખરેખરજ લીલો છે!

બાહોશ બાપનો બાહોશ બેટો.

હું અહીં મી૦ પીજામની મજાક કે ટકોર કરતો નથી, પણ ફરી ફરીથી ભાર મુકીને કહું છું કે "નસીબની લીલી" નો લેખક વગર શકે નસીબનો લીલો છે. આ વાકય માટેની સાધારણ માન્યતા કરતાં હું તેને કાંઇ જુદીજ નજરે જોઉં છું. જો ખાનદાની કુળમાં તેણે જન્મ લીધો છે, જે બાહોશ બાપનો બેટો હોવાનું તે માન ધરાવે છે તથા લખાણબાજીને લગતી લાયકાતનો જે વંશ પરંપરા ઉતરેલો વારસો મેળવવાને તે નસીબવંત નીવડયો છે, તે, મારી કમતરીન કલમ પાસે બાપોકાર પોકરાવે છે કે નસીબની લીલીનો લેખક ખરેજ નસીબનો લીલો છે. જેમ એક શાહનો દીકરો શાહ જન્મે છે, તેમ એક લેખકનો બેટો લેખક નીવડવાનું બધાનાજ નસીબમાં હોતું નથી, પણ મી૦ પીજામ—મારા લાયકીવાળા મીત્ર મી૦ ફીરોઝશાહ જાહાંગીર મરઝબાન, એમ. એ.,—ને હું ભાગ્યશાળી ગણું છું કે કુદરતે તેમની સરજતમાં

સઘળાં સાધનો અનુકુળ મેલ્યાં છે. તેઓ એક કીર્તીવંત ભવીષ્ય ધરાવે છે, તેઓ એક તેજદાર કલમની હુથોટી હાથ કરી શકયા છે, એજ નહીં; પણ એક આગેવાન બળવંત છાપાનું સંગીન સાધન જન્મથીજ લેતા જન્મ્યા છે, જેમાં તેમની જાતિ–ચાલાકીનો વધારો ઉમેરતાં કોણથી ના પડાશે કે "નસીબની લીલી"નો લેખક "નસીબનો લીલો નથી?

કુદરતની પ્રસન્નતા.

પણ જરા સબર કરો! આ જગ્યાપર મહાકવિ તુલસીદાસનો એક સુદર દુહો મને યાદ થાય છે જેમાં તે સંત કવિએ ગાયું છે કેઃ—

કૌન ગતી તકદીરકી, જહાં પ્રસન પ્રતિપાલ:
કરમ–ભરમ વ્હાં કુછ નહીં, 'તુલસી' કર મત ખ્યાલ.

ભાવાર્થ—(કવિ કહે છે કે) "જ્યાં ખુદ પ્રભુની પ્રસન્નતા હોય ત્યાં તકદીરની ગતિ શા હીસાબમાં છે! કરમ (નસીબ)નો ભરમ ત્યાં કાંઇ કરી શકતો નથી માટે હે તુલસી (જ્યાં પ્રભુની પ્રસન્નતા ઉતરેલી હોય ત્યાં) તું બીજા કોઇ પણ ખ્યાલો કરીશ મા."

ઉપલું અનુમાન મારા મિત્ર મી૦ ફીરોઝશાહ મરઝબાનનાં બાબમાં હું વગર શકે ખરૂં પડેલું જોઉં છું, અને તે કાં જોઉં છું તે નીચલાં લખાણ ઉપરથી વાંચનાર જોઇ શકશે.

૭

કુદરતની બક્ષેશ પામેલાં જાણીતાં પારસી ખાનદાંનો.

ઘણીકવાર આપણે જોઇયે છીએ કે કોઇ કોઇ કુટુંબ ઉપર કુદરતની અમુક પ્રકારની બક્ષેશ ઉતરેલી હોય છે. એ બક્ષેશ સાધારણ નહીં, પણ "ખાસ બક્ષેશ" હોય છે. ખુબીદાર વાત તો એ છે કે એક કવિની માફક એકજ માણસ ઉપર નહિં પણ એ કુદરતી બક્ષેશ આખાં ખાનદાન ઉપર ઉતરેલી હોય છે. એ બક્ષેશ પહેડી દર પહેડી ઉતરતી આવે છે, અને દર દહાડે તેમની ચઢતીમાં વધારો જોવામાં આવે છે. કુદરતની ખાસ પ્રસન્નતા પામેલાં એવાં પારસી ખાનદાંનો આજે પણ મોજુદ છે. જો કે તે આપણી આંગળીનાં કાપરાપર ગણાય એટલાં ગણ-ત્રીનાં છે, તે છતાં બારીક નજર પહોંચાડતાં જાહેર પ્રજાનુ ધ્યાન ખેંચ્યા વિના રહ્યાં નથી. કુદરતની બક્ષેશ પામેલાં એવાં જાણીતાં પારસી ખાનદાંનોમાં પુણાનું દસ્તુર ખાનદાન, સુરતનું દાવર ખાનદાન, તથા મુંબ-ઇનાં તાલેયારખાન અને મરઝબાન ખાનદાનો મુખ્ય છે. તમો બારીક બીન નજરથી જોશો તો જણાયા વિના રહેશે નહીં કે ઉપલાં ખાનદાનોમાં કેળવણી, દરજ્જો જરદારી, જાતિ-ચાલાકી અને જાહેર સવાલોની આગેવાની લેવાની પરગજુ ઉલટ મોટાંથી ન્હાનાં સુધી એકેએક મેમ્બરોમાં ખુલ્લે ખુલ્લી દેખાઇ આવે છે.

મી૦ જાંહાંગીર મરઝબાનની કલમનો ટચકો.

એવી જાહેર ઝેણુ ધરાવનારાં જાણીતાં પારસી ખાનદાનોમાં પ્રત્યેક ખાનદાને સંસારની જુદી જુદી શાખાઓમાં નામ કાઢયું છે. આપણા મરઝબાન ખાનદાંને પેહેડીઓથી જાહેર છાપા તરફ વલાણ બતાવી છે. "ગુજરાતી છાપાના પિતા"ની વાજબી ઉપમા પામેલા મરહુમ શેઠ ફરદુનજી મરઝબાનજી આપણા જવાન નોવેલીસ્ટનાં બાપનાં બપાવા થઇ ગયા છે. પહેલ વહેલા ગુજરાતી છાપાને જન્મ આપનાર આ મહા પુરૂષે પોતાનું કલમદાન ગોયા પોતાનાં વારેસોમાં બક્ષેશ આપ્યુ છે, કારણ કે તેમનો પછી મી૦ પીજામનાં બાપ–બપાવા (શેઠો બેહેરામજી ફરદુનજી મરઝબાન તથા જાહાંગીર બેહેરામજી મરઝબાન) એ ગુજરાતી સાહિત્યમાં જે પાણી બતાવ્યું છે, તે ફરદુનજી મરઝબાનજીનાં ફુવારામાંથી નીકળતી રાત–દિવસની રૂપેરી શેરોએ પુરવાર કરી આપ્યું છે. મી૦ જાહાંગીર મરઝબાનની કલમનો ટચકો આજે કોણને અંજાણો છે? લગભગ સવા બે ડજન પુસ્તકોના આ અથાક લેખકનાં ટચકાદાર લખાંણોથી કયો વાંચનાર ખુશ થયો નથી? તેમની મુસાફરીનાં રમુજી અને રસીલાં દાસ્તાંનોએ કોણનાં મનરંજન કીધાં નથી? એવા એક બાહોશ બાપનો બેટો એક અચ્છો લેખક નીવડે એમાં નવાઇ નથી.

એક અપનજશિયું કામ.

એક દહાડે ગ્રાંટરોડથી કોટમાં આવતાં સરકલ તરફ જતી ટ્રામમાં મી૦ પીજામ જોડે મારો અચબુચ મેલાપ થઇ ગયો. આ મુલાકાત દરમ્યાન મી૦ પીજામે પોતાની "નસીબની લીલી"નો પ્રસ્તાવના લખવાની મને વિનયપૂર્વક વિનંતી કીધી. કાંઇક બાહોશ ભેજાઓને પડતાં મેળી મારા જેવા એક ગરીબ અદના ગ્રંથકારને આ મોટું માન આપવા માટે મેં એમને ઉપકાર માની જણાવ્યું કે આ કામ કોઇ બીજા ગ્રહસ્થને સોંપો તો સારૂં; પણ આપણા જવાન નોવેલીસ્ટને ગળે આ વાત ઉતરી નહી. તેઓએ ફરીફરીથી આગ્રહ કરી આ "પ્રસ્તાવના" મારીજ અદના કલમથી લખાયલો જોવા ઇચ્છયો, જે મેં એક શરતે કબુલ રાખ્યો કે "આ 'પ્રસ્તાવના' લખતી વખતે મી૦ પીજામ મારા મિત્ર છે આ ખ્યાલ હું મારી નજર સામે રાખીશ નહીં, અને ચોપડીમાં જણાતી ખુબી કે ખામીને ખુલ્લાં દીલથી જાહેર કરીશ." આ શરત મારા મિત્રે મોટી ખુશીથી ખુશાલ ચહેરે કબુલ રાખવાથી આ અપનજશિયું કામ મેં મારે માથે લીધું.

હવે આપણે વાર્તા તરફ નજર કર્યે. ચાર આખા દિવસ સુધી લાગટ બેસીને "નસીબની લીલી"ની આ વાર્તા ચાર બેઠકમાં મેં પુરી કીધી છે. હું ભુલનો

ન હોઉં તો આસરે નવ–દશ વર્ષની વાત ઉપર "જામે"માં કટકે કટકે છપાયલી આ વાર્તાનો ઘણો ખરો ભાગ મેં વાંચ્યો હતો, પણ 'પ્રસ્તાવના' લખતી વેળા ફરી તે ઘણી ઉલટ સાથે મેં વાંચી છે.

આપણા મરઝબાનજાદાઓ.

હું ખાત્રીથી માનું છું કે મી૦ પીજામ એક બળવંત પારસી લેખક છે. તેમની પાણીદાર કલમમાં મરઝબાન ખાનદાનની જાણીતી ઝેણ સમાયલી છે. મરઝબાન ખાનદાને આપણી કોમને અનેક લેખકો પુરા પાડયા છે અને તે દરેક લેખક પોતાની કલમમાં એક એક પ્રકારની ખાસ ખુબી ધરાવવા માટે જાણીતા છે. ચાર ચાર પેઢીથી ઉતરતો આવેલો આ વારસો ગોયા ચાળીસ પ્રકારની જુદી જુદી શાખાઓને આપણી સમક્ષ ખુલ્લી રે છે. મરહુમ શેઠ ફરદુનજી મરઝબાનજી તેમના જમાનાનાં એક જુની સ્ટાઇલનાં જરનાલીસ્ટ હતા. તેમની પછી મનાં બેઉ મશહુર બેટા મરહુમ શેઠો મેહેરવાનજી અને હેરામજીએ ગુજરાતી સાહિત્યની સેવા બજાવી. એ છી ત્રીજી પેઢીએ શેઠો જહાંગીર, કેકોબાદ અને ફરદુનજી હેરામજી મરઝબાન બીરાદરોએ સાહિત્યની જુદી દી લાઇનો અખત્યાર કરી જુદાં જુદાં રૂપે મરઝબાન ાનદાનનું કલમદાન હલમલાવી મેલ્યું. તે પછી ચોથી ઢીએ જાણીતા બાહોશ. કલમકશ મી૦ એમ. એમ. ઝબાન (બેરીસ્ટર) અને આપણો આ નોવેલીટીસ્ટ

'પીજામ' બાહેર આવ્યા છે. દરેક મરઝબાનજાદાઓએ એ રીતે પોતાના ખાનદાનનાં નામ અને નોંક સાચવ્યાં છે.

કહો એ કુદરતી બક્ષેશ નહીં તો બીજું શું?

સાહિત્યની રંગભુમી ઉપર એક મરઝબાનજાદી!

પણ સબર કરો—આપણા ચંચળ મરઝબાનજાદાઓને યાદ કરી એક નાઝુક મરઝબાનજાદીને વીસરી જવાનો ગેરઇનસાફ હું મારાં સરપર ચઢાવવા માગતો નથી. ગુજરાતી સાહિત્યમાં પોતાના સુંદર અને ટચકાબાજ રસીક લખાણોને માટે જાણીતાં થયલાં લેખક—બેહેન જરબાઇ જાહાંગીરજી મરઝબાન (બીજા બોલોમા મીસીસ જરબાઇ બાપુજી લામ) વિષે અહીં હું ઈસારો કરવા ઈચ્છુ છું. આ બીના ખાસ નોંધવા લાયક છે કે જન્મથીજ "કલમ-દાન"નો વારસો લઈને ઉતરનારાં મરઝબાન ખાનદાને જેમ લેખક નર—રત્નો પેદા કીધાં છે, તેમ એક લેખક નારી—રત્નની બક્ષેશથી પણ પોતાને બાકાત રાખ્યુ નથી! મીસીસ જરબાઈ લામનાં આજના અપ–ટુ–ડેટ ટેસ્ટને બરાબર જવાબ કરનારા સેંકડો રસીલા લેખો 'જામે' અને 'ગપ–સપ' મારફતે જાહેરને જાણીતા થયલા છે. એમનાં લખાણમા એમનાં પીતાની રમુજી કલમનો ટચકો હું આબાદ ઓધે ઉતરેલો જોઉં છું. વર્ષોથી હું એમનાં લખાંણો વાંચું છું અને વાંચીને વખાણું છુ. આજની સુધરેલી સોસાઇટીને બરનાં એમના સુધરેલા પણ સંગીન વિચારો એક બાનુ તરીકે એમને ઘણા માન

ભરેલા છે અને હું જોઇને ખુશી છું કે લેખક બાપ, ભાઈઓ અને કુટુંબીઓ વચ્ચે આ એક લેખક–બેટી તાજમાં જડેલાં એક મુલ્યવાન મોતી સમાન છે. મીસીસ લામનાં લખાણોમાં હું ઇંચે ઇંચ રમુજી તત્વ અનુભવું છું એક રમુજી બાનું–લેખકની વખાણવા લાયક શક્તિ ધરાવવા ઉપરાંત બેહેન જરબાઇ કરૂણારસ વાર્તાઓ લખવાની કે પ્રખ્યાત સ્થળોનાં આબાદ લેખક-રૂપી ચિત્રો ચિતારવાની પણ અદભુત શકિત ધરાવે છે. "જામે"માં આવેલી "દાદી શેઠનાં દીકરા"વાળી વખણાયલી ચાલુ વાર્તા તથા "મટલાંની મેહેરાં"નાં લોક પ્રસિદ્ધ લખાણો વાંચતી વેળા મને ઘણીવાર એમ લાગ્યું છે કે એ બન્નેનાં લખનાર મીસીસ લામજ હોવાં જોઇએ! જે કુટુંબ પુરૂષ ઉપરાંત બાનું–લેખકો પણ ઉત્પન્ન કરવાને ભાગ્યશાળી થાય તેને કુદરતની બક્ષેશ નહીં કહેશો તો શું કહેશો ?

એક લેખક તરીકે મી૰ પીજામની "સ્ટાઇલ.

મેં ઉપર કહ્યું તેમ વગર શકે મી૰ પીજામ એક બળવંત લેખક છે. એમની કલમમાં હું એક જાતની નવીજ 'સ્ટાઈલ' જોઉં છું, કે જે બીજા લેખકોમાં તો શું પણ ખુદ મરઝબાન–લેખકોમાં પણ હું જોતો નથી. મેં ઘણીવાર જોયું છે કે જ્યારે મી૰ ફિરોઝશાહ મરઝબાનની કસાયલી કલમ એક કરૂણારસ ચિત્ર ચિતારવાના જોમમાં આવે છે, ત્યારે વાંચકનું મન આકર્ષી લેવામાં અવધી કરે છે. વાંચનારને કયાં હસાવવું, કયાં

રડાવવું, ક્યાં ચતરાવું અને ક્યાં ચોંકાવવું એ હુન્નરમાં ભાઈ પીજામ આજના બીજા કસાયલા પારસી લેખકો કરતાં ઘણા ચઢિયાતા છે એમ મારૂં નિઃશંક માનવું છે.

ત્રણ-ચાર જુદા જુદા 'પ્લોટ'ને મેળવી નાખી વાર્તાનું વણું ઉભું કરવાની મી૦ 'પીજામની' નકલ કરવા જોગ બાહોશી.

એક વિદ્વાન કહી ગયો છે તે ખરૂં છે કે "પીંડે પીંડે મતિર ભિન્નમ" (કપાળે કપાળે જુદી મતી હોય છે.) મી૦ પીજામનાં બાબમાં તે હું બોલબોલ ખરૂં પડેલું જોઉં છું. ત્રણ ચાર જુદા જુદા 'પ્લોટ'ને અકેકમા મેળવી નાખી તે ઉપરથી એક વાર્તાનું વણું ઉભું કરવાની એમની મગજ-શક્તિ હેરત કરનારી છે. મારા મિત્રની આ નકલ કરવા જોગ બાહોશીનો હું વર્ષોથી વખાણનાર છું. મેં ઘણા દાખલાઓમાં જોયું છે કે એકજ સાદા પ્લોટને એક સંસારમાંથી બીજા સંસારમાં ફેરવવા જતાં કસાયલા લેખકોએ વટીક થાપ ખાધી છે. એવી સાદી કોશેષમાં જે ફત્તેહ કેટલાકોએ મેળવી નથી, તે ફતેહ બબ્બે—ત્રણ ત્રણ—બલકે ચાર ચાર પલોટોને એકમેક સાથ ભેળવી દઇ, તેની કડીઓ સાબુત જોડી બતાવવાની બાહોશી દેખાડીને મી૦ પીજામે મેળવી છે. આ ફતેહ કાંઇ નહાની નથી—એવી ફત્તેહ કાંઇ બધાથી મેળવાતી નથી. તે મેળવવા માટે એક ઝેણુદાર કલમ, એક ચટપટિયું ભેજું અને જોરસાદાર

જવાન લોહીની જરૂર છે, જે મી૦ પીરોઝશાહ મરઝબાન ખુદાની બક્ષિશથી પુરતાં પ્રમાણમાં ધરાવે છે! "નસીબની લીલી"ના પાછળા ભાગમાં મી૦ પીજામ પોતે આ બાબે જે ખુલાસો કરે છે તે જાણવા જોગ છે:—

"મારી આગલી કથાઓ—'વારેસે ના-કબુલ' (તથા) 'જીવપર જોરાવરીની પેઠેજ 'નસીબની લીલી' નો આ કીસ્સો પણ જુદી જુદી અને ઇંગ્રેજી 'નોવેલો' પરથી ગુંથી કહાડવાનો પ્રયત્ન મેં કર્યો છે. તેમ કરતાં મારાં ચિત્રમાં દીલ-ઉશ્કેરણીનાં રંગો જોઇયે તે કરતાં જરા જો વધારે ઘાડા થઇ ગયા હોય તો તે માટે મને લઇ ચલાવશો."

મી૦ પીજામને હું ખાત્રી આપું છું કે "નસીબની લીલી"માં દોરેલું તેમનું ચિત્ર ગમે એવી દીલ ઉશ્કેરણીવાળું હોવા છતાં તેઓ ધારે છે તેટલા તેના 'રંગો' 'ઘાડા' થઇ ગયા નથી. તે જેવા જોઇયે એવાજ—ચાલુ જમાનાને અનુસરતાજ—છે. એમની "સ્ટાઇલ"નાં એક જવાન નોવેલીસ્ટથી પ્રજા એવી વકી રાખી શકે અને તેમાં ખોટું શું છે? ખરી વાત એ છે કે મારા મિત્રની વાર્તામાં કેટલેક ઠેકાણે અસાધારણ-પણાંનો અંશ હું ખુલ્લે ખુલ્લો જોઉં છું, પણ એનો જવાબ એજ લેખક પોતાની "કોચીનો સાહુકાર"વાળી નોવેલમાં પોતા તરફનાં "ખુલ્લા પત્ર"માં આપી ગયા છે કે—

"મારી વાર્તાઓ સંભાળથી વાંચતાં કેટલાક મારા મિત્રોએ મને અવારનવાર કહ્યું છે કે મારી સર્વે કથાઓમાં અસાધારણ-પણાંનો અંશ કાંઇક દરજ્જે વધારેજ હું હંમેશ

રાખું છું. અફસુસ કરી મારી વાર્તાઓની નાયકાઓ (Heroines)—મુખ્ય સ્ત્રી કેરેક્ટરો—હું લગાર જોઇયે તે કરતા વધારે Romantic, યાને સાધારણ રીતે આપણા પારસી સંસારમાં રોજ જોઇયે છીયે તેનાથી જુદીજ કીસમની, હું કાગજની સપાટીપર દોરૂં છું. હા—હું કબુલ કરૂં છું કે જરા એમ છે ખરૂં, સ્ત્રી—જાતી માટેનો મારો 'આઇડીયલ' ઘણો ઉંચો છે. મારી 'વારેસે ના—કબુલ'ની તેહમીના દાદાચાનજી કે મારી 'કોચીના સાહુકાર'ની બાનું પોંહચા—મારી 'નસીબની લીલા'ની રવી પંથકી કે મારી 'જીવપર જોરાવરી'ની કેટી દાવર—મારી 'આઇતાંપર કોઇતું'ની ફ્રેની કાંગા કે મારી 'મોહબત કે મુસીબત'ની કુંમી અંબાતા—એ સર્વે જણીઓ પારસી 'વુમન હુડ' નાં મારા ઉંચા 'આઇડી-યલ'નું માપ થોડે થોડે દરજજે રજુ કરનારી મારી માનીતી કેરેક્ટરો છે."

ઉપલો ખુલાસો જાણ્યા પછી મી૦ ફીરોઝશાહ મરઝબાનને તેમની વાર્તાનાં પાત્રોનાં અસાધારણપણા માટે ઝાઝો દોષ આપી શકાય એમ નથી.

શું મી૦ પીજામ એક રમુજી લેખક છે?

જેમ એક ભાટનો દીકરો ભાટ જન્મે છે, તેમ એક લેખકનો બેટો લેખક જનમવોજ જોઇયે એવું કાંઇ નથી. પણ આપણા મશહુર મરઝબાન ખાનદાને ચાર—ચાર પેહડીથી પુરવાર કરી આપ્યું છે કે લેખનકળા પણ ચોધે ઉતરી શકે છે. મારા કેટલાક મિત્રો કહે છે કે મી૦ પીજામ

એક રમુજી લેખક છે—એમના બુઝર્ગ પિતાજી શેઠ જાહાં—ગીર મરઝબાનની માફક એઓ પણ જન્મથી હસ્મુખા અને ટચકાબાજ છે. મી૦ પીજામ હસ્મુખા છે એ વાત હું ના પાડતો નથી. પણ મી૦ પીજામ માત્ર એક રમુજીજ લેખક છે આ વાત હું લગાર શંકા સાથે માનું છું હું એમ નથી કહેતો કે એવણ એક રમુજી લેખક નથી. નહી, મી૦ પીજામની કલમમાં રમુજી તત્વનો બાપીકો વારસો બેશક ઉતરેલો છે, પણ મારા અદના વિચાર મુજબ એમનામાં કુદરતે એક બીજીએ મોટી શક્તિ મોટાં પ્રમા—ણમાં મુકેલી બેશક, બાપનો વારસો બેટામાં ઉતરે એમાં ન" નથી—તમે હું જે રમુજ લખી શકીયે, તેને કરતાં ચારઘણી ચઢતી રમુજ મી૦ પીજામ પોતાના વડીલોપાર્જીત વારસાથી લખી શકશે, પણ અહીં જે સવાલ છે તે રમુજ અને કરૂણારસને લગતો છે. જેઓ એમ કહે છે કે મી૦ પીજામ માત્ર એક રમુજીજ લેખક છે તેઓ—મારા અદના વિચાર મુજબ—લગારીક ભુલ કરે છે. આમ લખીને હું મારા મિત્રને ઉતારી પાડું છું એમ સમજવું નહીં, પણ કુદરતે બક્ષેલી **એક બીજી જોરાવર શક્તિ,** જે મી૦ પીજામની પેનમાં મોટું તત્વ ધરાવે છે, તેને જાહેરમાં લાવવા અને ઇનસાફ આપવા માટે હું આ લખું છું. મી૦ ફીરોજશાહની "નસીબની લીલી"જ નહીં, પણ એમની બીજી અનેક વાર્તાઓમાં મેં ઘણાં બારીક અવલોકનથી જોયું છે કે એમની

જોરાવર કલમમાં **કરૂણારસનું** તત્વ પુર જોશથી વહે છે. બાપની રમુજ શકિત બેટામાં ઉતરે એમાં ઝાઝી નવાઇ નથી, પણ બાપની રમુજ શકિત ઉપરાંત એક જુદીજ સંગીન શકિતબી એક બેટો ધરાવે એ હું તેનાં સુભાગ્યની નિશાની સમજુ છું.

મી૦ પાજામની કલમમાં કુદરતે ભરેલો કરૂણારસનો જથ્થો.

જેટલા ઉંચા ભાવમાં એમના બુઝર્ગ પિતા મી૦ જાહાંગીર મરઝબાન એક હાસ્યરસ ચિત્ર ચિતારે છે, તેટલાજ ઉંચા ભાવમાં મારો મિત્ર મી૦ પીજામ એક કરૂણારસ ચિત્રને ઇનસાફ આપી શકે છે એ મારી હર્ષભરિત માન્યતા છે. મારાં અનુમાનમાં હું ખોટો છું કે ખરો તેના પ્રત્યક્ષ પુરાવાઓ એમની જુદી જુદી નોવેલોમાં પડેલા છે. "વારસે ના કબુલ"ની તેહમીના દાદાચાનજી કે "કોચીના સાહુકાર"ની બાનુ પહોંચાના દાખલા જુઓ—"નસીબની લીલી"ની રતી પંથકી કે "જીવપર જોરાવરી"ની કેટી દાવરનાં ચિત્રો ધ્યાનમાં લો—"આઇતાંપર કોઇતાં"ની ફ્રેની કાંગા કે મોહબત કે મુસીબત"ની કુમી ખંખાતા તરફ નજર કરો—જ્યાં જોશો ત્યાં ફીરોઝશાહ મરઝબાનની જોસ્સાદાર જવાન કલમમાંથી નદીનાં પ્રવાહ પેઠે કરૂણારસનો પ્રવાહ જોશથી વહયો જાય છે. અને એ શું દેખાડે છે? એજ કે મી૦ પીજામની કસદાર કલમમાં કુદરતે કરૂણારસનો જથ્થો અસાધારણ જથ્થામાં ભરી મેળેલો છે.

ઇશ્વરી દેણગી.

કરૂણારસ ચિત્રો કાંઇ બધાથીજ ચિત્રાતાં નથી. મોટા મોટા નામચીન લેખકો આ રસ-શકિતની ગેરહાજરીને હાથ કરવા માટે તરેહવાર પ્રયત્નોથી ફાંફાં મારે છે, પણ કુદરતી શકિત અને શિક્ષણથી મેળવેલી શકિતમાં મોટો ફરક હોય છે. જેમ પિંગળ પઢયાથી કવિ થવાતું નથી, તેમ પ્રયત્નથી હાથ કરેલી શકિતથી કુદરતી લાગણી ઉપજાવનારાં લેખ-ચિત્રો ઉત્પન્ન થઇ શકતાં નથી. દરેક લેખકને અમુક રસપર ભાવના હોય છે અને એક અમુક રસનીજ તેને પ્રાપ્તિ પણ થયલી હોય છે. મારા મિત્ર મી૦ પીજામ ઉપર કુદરતે કરૂણારસ ચિત્ર ચિતારવાની ઇશ્વરી દેણગી ઉતારેલી હું નિ:શંક માનું છું. મારા અદના મત મુજબ મી૦ પીજામની લીટીએ લીટીમાં કુદરતે એક પ્રકારનો બેમાલુમ કરૂણા-રસ સમાવેલો છે. એક દયાજનક ચિત્ર ચિતારવામાં મી૦ પીજામને હું અવધી કરતાં જોઉં છું. કેટલીકવાર મને લાગે છે કે તેઓ એકદમ હદ કુદાવી આગળ વધી જાય છે, પણ લાંબો વીચાર પુગાડતાં તેમ નથી—તેઓ માત્ર પોતાની કુદરતી શકિતથી તેમ દોરવાય છે અને પાછા હદમાં આવી જાય છે!

મી૦ પીજામ પોતાની "કોચીનો સાહુકાર" નામની નોવેલના ૪૭૪ માં સફામાં એક ઠેકાણે લખે છે કે— "કરૂણારસ કથાનો આ વાર્તાના લખનારને ઝાઝો માહવરો નથી." મેં આ વાકય ભારે વિસ્મયતાથી વાંચ્યો છે! હું

એનાં બેજ અર્થ કરી શકું છું—કે યાતો આ વાકય લાયકી અર્થે મી૦ પીજામે લખ્યો હોય યા તો પોતામાં કુદરતે કરૂણારસિક કથાનો તત્વ કેવા સાધારણ પ્રમાણમાં મેલ્યું છે તે તેવણ પોતે હજી પીછાણી શકયા નથી! મારે કેહવું જોઈએ કે હું પહેલાં અનુમાનને વધુ માન્યતા આપું છું.

પારસી સંસારી નોવેલોમાં લેખક-વિચારની ખુટ.

લાંબા વખતથી હું જોતો આવ્યો છું કે આપણા પારસી નોવેલીસ્ટો જ્યારે પણ એક વાર્તા લખે છે, ત્યારે પોતે હાથ ધરેલાં પાત્રો જોડે યાહોમ આંખ-મીચીને આગળ વધ્યાજ જાય છે, અને જે ચિત્ર ચિતારતા હોય તે ચિત્ર ઉપરથી મળી શકતા સંસારી બોધને પોતાના **લેખક-વિચાર** રૂપે બંધ બેસ્તી જગ્યાઓ ઉપર નોંધી લેવાની જરાએ કાળજી કરતા નથી. આપણા દેશી લેખકોની આ એક મોટામાં મોટી ખામી છે, જેમાં સુધારો થવાની હવે ખાસ જરૂર છે. એક લેખક પોતે વાર્તામાં જે ચિત્ર ચિતારે, તે ચિત્રઉપરથી સંસાર સંબંધી શું શું શિક્ષણ મળી શકે તેનો ટુંક સાર થોડીક લીટીઓમાં વાર્તા દરમ્યાન પોતાના વાંચનારને આપે નહી એ ખામીને હું એક કમાલ એબ ગણું છું. હું એમ નથી કહેવા માંગતો કે વાર્તામાં ડગલે—ડગલે અને પગલે—પગલે વાંચનારને શિખામણ આપવા બેસવું, પણ જ્યાં ઘટે ત્યાં પાંચ-પંદર લીટીમાં એવા લેખક-વિચારો રજુ કરી તે

ઉપર વાંચક–વર્ગનું લક્ષ ખેંચવું એ એક સારા લેખકનું લક્ષણ છે. મી૦ પીજામની વાર્તામાં એવા લેખક વિચારો કેવળ નથી એમ નથી, પણ મારી દલગીરી માત્ર એટલીજ છે કે તે ઘણાજ છુટા છવાયા નજરે પડે છે. "નસીબની લીલી"નો પ્લોટ એવો સુંદર છે કે જેમાં સેંકડો ઠેકાણે એવો રંગ પુરવાના ખાંચા સદનતર ખાલી રહેલા મેં જોયા છે. મી૦ ફીરોઝશાહ મરઝબાન ચાહતે તો તેનો અચ્છો ઉપ્યોગ કરી શકતે. "નસીબની લીલી"નાં ૨૫) માં પૃષ્ટમાં એક સુંદર લેખક–વિચાર મારા મિત્રે સમાવ્યો છે, જે મને ઘણો ગમ્યો છે. તે હું અત્રે ઉતારી લઈશ. "ખાનદાન"ની ખોટી મગરૂબીમાં મરી રહેનારાં મુરખાઓને મી૦ પીજામે તેમાં એક સાબુત તમાચો લગાવ્યો છે–

"ખાનદાન! છાલકાં મગજોની આ સીતમગાર નબળાઇ! એ 'ખાનદાન' ની 'સ્ટુપીડ' મગરૂરી આજે કેટલાં પારસી ઘરોને પાયમાલ કરે છે! ઘરમાં બચ્ચે આનીને માટે ગમે તેવા અવકરા પડે–પણ તોબી બાહે-'દેખાવ' રાખવા માટે આજે કેવાં કેવાં કુટુંબો પોતાનાં અસલી 'ખાનદાન' (!) ની સંઘરી રાખેલી જર જણસોબી વેચતાં જઇને મોટાઇમાં આવતાં મારે છે——"

શાબાશ, દોસ્ત પીજામ! ખુબ બજાવી! હું ઇચ્છું છું કે તારી ટચકાબાજ કલમ એજ રીતે "નસીબની લીલી"નાં વળે વળાંમાં ફરી વળી હોત?—પણ ચિંતા નહીં. હું જે લેખક—વિચારોનો હિમાયતી છું, તેને તેં તદનજ "કન્ડેમ્ડ" કીધા નથી એ જોઇ ખરેજ ખુશી છું.

લેખક-વિચાર શા માટે આપવા જોઈયે?

કોઇ સવાલ પુછશે કે લેખક—વિચાર શા માટે આપવા જોઇયે?—વાંચનાર પોતેજ સાર ગ્રહણ કરી શકે છે. ના, આ દલીલમાં હું માનવાવાળો નથી. સંસારી વાર્તામાં લેખકોએ હંમેશા ધ્યાનમાં રાખવાની જરૂર છે કે બધાંજ વાંચનારાઓ પોતે જે કાંઇ વાંચતાં હોય તે પુરેપુરૂં સમજવાની શક્તિ ધરાવતાં નથી. એટલાં માટે, ચિતારવામાં આવેલાં એક ચિત્રમાંથી સંક્ષિપ્ત રૂપે જે સાર નીકળી શકે તે બે—પાંચ લીટીમાં વાંચક—વર્ગને સમજાવવાનું કામ તેના લેખકનું છે. એમ કીધાથી તે ચિત્ર બેવડી ઝળક પામે છે અને તેના લખનારને વાંચક—વર્ગ ખુલ્લેખુલ્લો ઈનસાફ આપી શકે છે. અહીં જાહેર નાટક તખ્તાનો દાખલો આપેલો વધુ અસરકારક થઇ પડશે. રંગભૂમિ ઉપર ભજી બતાવવામાં આવતા એક નાટકમાં જ્યાં નીતિ, ધર્મ કે ઇશ્વર ઉપરની આસ્થા દેખાડનારા અથવા એક સ્ત્રીની લજ્જા, પાકદામન કે એકીનદારી પુરવાર કરનારા જોરાવર વાકયો જ્યારે એક પાત્રનાં મુખમાંથી બાહેર પડે છે ત્યારે આખી નાટકશાળા તમાશબીનોની પ્રશંસાદર્શક તાલીઓથી ધમધમી રહે છે, એ શું દેખાડે છે? એજ કે પ્રસંગોપાત જગ્યાઉપર નાટકકર્તાએ પાત્રના મોમાં મુકેલા પોતાના લેખક—વિચારો એટલી બધી અસર શ્રોતાઓ (સાંભળનારાઓ) ઉપર ઉપજાવે છે. સારા લેખકો સ્રષ્ટિનું કેટલું

બધું ભલું કરી શકે છે તેની હદ નથી. એક નીતિમાન વાર્તા કે નીતિમાન કાવ્ય જાહેર પ્રજાને જે શિક્ષણ આપી શકે છે તે શિક્ષણ કરતાં વધુ અસરકારક શિક્ષણ બંધ બેસ્તી જગ્યા ઉપર લખાયલા એવા લેખક–વિચારો ઉપરથી મલી શકે છે. આ બાબદમાં સૌથી નકલ કરવા જોગ દાખલો "પારસી લેખકોનાં રાજા"ની ઉપમા પામેલા મરહુમ મહાન પારસી લેખક શેઠ કેખુશરો કાબરાજીની વાર્તાઓમાં મળે છે, કે જ્યાં એ માનવંત દુરઅંદેશ અને અનુભવી લેખકે પ્રસંગોપાત જગ્યાઓ ઉપર પોતા તરફનાં લેખક–વિચારો આપવાની પુર છુટથી અગત્ય પીછાની છે. દાખલા તરીકે એ મરહુમની રચેલી જાણીતી પારસી સંસારી લોકપ્રીય મોટી વાર્તા ('ગુલી ગરીબ") માંતો એ ગ્રહસ્થે લગભગ પ્રકરણે પ્રકરણ એવા સેંકડો લેખક–વિચારો સમાવેલા છે, જે ઉપર મારા લેખક–મિત્રોનું નમનતાઈ સહિત ધ્યાન ખેંચવાની હું આ તક હાથ કરૂ છું.

મી૦ પીજામની "પારસી–ગુજરાતી."

"નસીબની લીલી"એ તેનાં સુંદર "પ્લોટ"થી મને ભારે સંતોષ આપ્યો છે, પણ મારી એકજ દિલગીરી છે અને તે એ કે મી૦ પીજામ બીજા કેટલાક પારસી લેખકો માફક પારસી–ગુજરાતીનાં પુજારી છે! ગુજરાતી સાહિત્યનાં એક અદના લેખક તરીકે આ વિષય ઉપર હું કાંઇક ચીડ અને ચીચવાટ સાથ લખવા ઇચ્છું છું કે આપણા સારા અને ચુનંદા લેખકોની એ

એક નહીં માફ થઇ શકે એવી નબળાઇ છે. ઘણી દિલગીરી સાથ મને લખવું પડે છે કે મારા મિત્ર મી૦ પીજામ પોતે પણ એ નબળાઈથી નિરાળા નથી. હું શરૂઆતમાંજ ખુલાસો કરીશ કે ગજગજ લાંબા જડબાં-તોડ સંસ્કૃત શબ્દોનો હું હિમાયતી નથી, પરંતુ સાદી, સરળ પણ શુદ્ધ શબ્દ–રચનાનો હું ચાહક છું. આપણા પારસી લેખકો પોતાનાં ગમે એવાં સુંદર લખાણોને પારસી–ગુજરાતીનો ઉપયોગ કરી વગર શકે બગાડી નાખે છે, ના, એટલુંજ નહીં; પણ તેમ કરીને હિંદુ તેમજ મુસલમીન લેખકોનો વાજબી અણગમો ખેંચી લેછે. પારસી લખનારાઓ તરફ હિંદુ લેખકો જે ચોકક્સ પ્રકારનો અણગમો અને અભાવ બતાવે છે, તેમાં મોટે ભાગે અદેખાઈનો અંશ કહેવાય છે, પણ એ તકરારી વિષયને પડતો મેલી પારસી લેખકો પારસી ગુજરાતી લખીને ભાષાને કેવી બગાડી મેલે છે તે વિષેની તેમની ફરિયાદ, હું એક અદના પારસી લેખક હોવા છતાં, મારાથી ના પાડી શકાય એમ નથી.

પારસી–ગુજરાતીનાં થોડાક નમુના.

પારસીઓ પોતાનાં ઘરમાં ગમે એવી પારસી–ગુજ-રાતી વાપરતા હોય, પણ જાહેરમાં એવી કાચી ભાષા રજુ થવી ન જોઇયે. જાહેરમાં તો સ્વચ્છ આકારમાંજ મેલવી જોઇયે. જેમ એક આદમી પોતાના ઘરમાં ગમે એવા હાલ હવાલ કે સ્વચ્છ પોશાકમાં રહી શકે પણ

ઘરની બાહેર જતી વેળા પોતાની સ્થીતીને બરનો પોશાક પહેરવાની તેને અવષ્ય ફરજ પડે છે, તેમ આપણી પારસી–ગુજરાતીને પારસી ઘરોમાંજ બોલાતી રાખી જાહેરમાં તેને સાફ, સરળ પણ શુદ્ધ રૂપ આપવુંજ જોઇયે. 'દાળ' ને બદલે 'દાર', 'પટેટા' ને બદલે 'પતેતા', 'આતશ બેહેરામ' ને બદલે 'આટશબેહેરામ, 'સુથારને બદલે 'સુઠાર', 'લાકડી'ને બદલે 'લાકરી', 'માળ' ને બદલે 'માર' તથા 'કુતરા'ને બદલે 'કુટરો,' વગેરે–વગેરે અશુદ્ધ શબ્દો લખનારા આપણા પારસી લેખકોનો આજે તોટો નથી! પણ આ મામલો હવે સુધરવો જોઇયે. આગલો અગ્નાન જમાનો પારસીઓ ક્યારના પસાર કરી આવ્યા છે. આપણે સંસારની દરેક શાખામાં આગળ વધ્યા છીયે, તો લેખણ પદ્ધતિમાં પણ તેમ થવું જોઇયે. હિંદુ લેખકો અચ્છામાં અચ્છા પારસી લેખકોની જે સોડ સાંધતા નથી, તેનું મુખ્ય કારણ આ અશુદ્ધ પારસી–ગુજરાતી ભાષા છે. જો પારસીઓએ ગુજરાતીને પોતાની ગણી હોય તો તેને શોભા મળે એવી સુંદર રચનાથી શુંગારવી જોઇયે. પારસીઓની આજની માદર–જબાન ગુજરાતી છે. એ જબાનને આજનો કેળવાયલો પારસી–લેખક તાણી–તોડીને મોડી મચડી નાખે એ તેમની કેળવણીને શોભા આપનારી વાત નથી. આજની ઉધરતી પારસી પ્રજાનો ખવાસ એવો તીક્ષણ છે કે શરીર ઉપર પેહેરેલાં કપડાંમાં સેહેજ ખોલ, ખામી કે ખોડ જણાય તો તુરત તેને સરખી કીધા

વોના રહેશે નહીં. હવે અજબ જેવું છે કે જે પ્રજા પોતાના પોશાકને લગતી સેહેજ પણ ખામી સાંખી શકતી નથી, તેજ પ્રજા ભાષાને લગતી એવી મોટી ખામી તરફ જરાએ લક્ષ આપતી નથી!

મરહુમ શેઠ કેખુશરો કાબરાજી કેવી ભાષા વાપરતા હતા?

પણ ખરૂં પુછો તો એક ભાષાને સુધારવાનું કામ તે ભાષાના લેખકોનું છે. આ બાબતમાં મરહુમ મી૦ કેખુશરો કાબરાજીનો દાખલો પારસી લેખકોને નકલ કરવા જોગ છે. આ ગ્રહસ્થની સંખ્યાબંધ વાર્તાઓમા તમે એક પણ એવી નહીં જોશો કે જે અશુદ્ધ ભાષામાં રચાયલી હોય. હું એટલુંજ પુછવા માગું છું કે મરહુમ મી૦ કેખુશરો કાબરાજી જેવા પારસી કોમનાં એક મહાન લેખકને પગલે બીજા પારસી-લેખકો ચાલે તો તેમાં શી હરકત છે મી૦ કેખુશરોએ ગજગજ લાંબા જડબાંતોડ શબ્દો વાપર્યા નથી—મી૦ કેખુશરોએ પોતાની પારસી સંસારી વાર્તાઓમાં ભારી ભારી શબ્દ રચના વાપરી વાંચક-વર્ગમાં અભાવ ઉત્પન્ન કર્યો નથી. ઓરબી એ ગ્રહ-સ્થની કસાયલી કલમે ગુજરાતી વાંચકોને એક પ્રકારની મોહિની લગાડી હતી. પારસી સંસારી વાર્તાઓના સોથી પહેલા લેખક એ મહાન લેખક હતા. પારસી સંસારી વાર્તાઓની પહેલી પહેલ એવણે કાઢી હતી. એમની આગમચ કોઇક છુટી છવાઇ ન્હાની-મોટી વાર્તાઓ પારસી

માસિકોમાં આવી હશે, પણ પુસ્તક રૂપે પહેલી જોરાવર પહેલ કરનાર એ લોકપ્રીય કલમકશ હતા. એવા એક બુઝર્ગ અનુભવી ગ્રહસ્થે પારસી સંસારી વાર્તાઓ માટે જે ધોરણ મુકરર કર્યું હતું, તેજ ધોરણ ઉપર આગળ વધવાને આજના પારસી લેખકોને શી અડચણ હોય તે હું સમજી શકતો નથી. એક "દુ:ખીયારી બચું," કે એક "ગુલીગરીબ," એક "દીની ડાહ્ુી," કે એક "ખોહવાયલી ખટલી," એક "મીઠ્ઠી મીઠ્ઠી," કે "દારાશાનાં"માં શેઠ કેખુશરો કાબરાજીએ વાપરેલી ભાષા જુઓ અને તેની જોડે આપણા બીજા પારસી લેખકોની પારસી-ગુજરાતીનો મુકાબલો કરો—અંતર કયાં છે તે આપ મેળે જણાઇ આવશે.

મી૦ પીજામ કેવી ભાષા વાપરે છે?

આપણા કાચા કલમકશો એવી ભુલો કરે તો તેની આપણે ઝાઝી દરકાર કરીયે નહીં, પણ મી૦ પીજામ જેવા કસાયલા કલમકસો—પ્રજાપ્રીય થયલા જાહેર પ્રજાના લાડકા લેખકો—એવી નબળાઇને વશ થાય એ મારો મોટામાં મોટો અફસોસ છે. "નસીબની લીલી"માં પારસી ગુજરાતીનાં સેંકડો દાખલાઓ મળી આવે એમ છે. જુઓ, એમાંથી હું થોડાક અત્રે રજુ કરીશ.—

(૧)—"માયજી, બરજોર ભાઇ 'અહીં' આપરી સાથે આયો હોતે તો કેવું સારૂં! આપુને કેટલી હીંમત હોતે!"—(સફે ૩)

(૨)—"તેવણુ ગુપચુપ મારે વરે દર મહીને મુંબઇથી સો રૂપ્યા મોકલવા લાગા"—(સફે ૫)

(૩)—"કેવો હોય વરી! હોર્સેસ તો કોઇ બીજાજનો કુતરો!"—(સફે ૯)

(૪)—"માયજી જો જાણુશે કે મને એકસીડન્ટ થયો તો આઠેક દારા સુધી ખબરૂં કર્યાજ કરશે"—(સફે ૫૫)

(૫)—"અરે બરી ગેઇ મુઇ વસ્તી"!—(સફે ૨૯૧)

(૬)—"એબી ઓંજીયો ધપ્પારો!"—"પારસીઓમાં લીલી નામ કીયે દાહડે અપાયછ!"—"ઓય આપરી ઘેરવારી આપુને મળવા આવતી હોશે જો!"—"મને મુઇ પેટમાં ફાર ફાર પરેછ, માસી, એ અમથો દમ કરીને આપુને ભપકી કરતો તો નહીં હોય!—(સફે ૩૦૦) ઇત્યાદી ઇત્યાદી.

નહીં—પીજામ દોસ્ત!—નહીં, તારા જેવા ભવિષ્યની એક મોટી આશા આપનારા જવાન જર્નાલીસ્ટ અને નોવેલીસ્ટને આ પ્રકારની ભાષા નહીં શોભે. જે જે શબ્દોને મેં કાળા કર્યા છે તે ખાસ ધ્યાન ખેંચવા માટે મારી તરફથી કર્યા છે. મને એ શબ્દો માટે જબરદસ્ત વાંધો છે. "ખાનદાને મરઝબાન—સદા સાથે રાખે કલમદાન"ની વડીલોપાર્જિત કીર્તિ ખાટનારાં કુટુંબનાં નબીરાઓએ "કલમદાન"ને માન આપનારી ભાષાજ વાપરવી જોઇયે. આપણી પારસી—ગુજરાતી ઘરમાં ગમે એવી બોલાતી હોય, પણ જાહેરમાં તેને "ડીસંટ" આકારમાં મુકવીજ જોઇયે. પારસી ઘરોની "કોલોકવીયલ" ભાષા સાથ આપણુને કામ નથી—તે તપાસવા જતાં—

એક પારસી પાત્રને પારસી ઢબથીજ બોલાવવા જતાં—ગુજરાતીની કેવી ગરદન મરાય છે તે તેનાં શુભેચ્છકોએ પહેલાં વિચારવાનું છે.

આ બાબદમાં મારા મિત્ર મી૦ પીજામ સાથ મેં પ્રત્યક્ષ વાત કીધી છે અને તેઓ જે ખુલાસો આપે છે તે જો કે તદન નાખી દેવા જેવો નથી તે છતાં એને હું માત્ર મતફેરીથી ગેરસમજ ગણું છું—પછી તે ગેરસમજ મારી હોય યા મારા મિત્રની હોય તેનું તોલ કરી લેવાનું કામ વાંચક વર્ગનું છે. આટલું છતાં, મારે ભાઈ ફિરોઝશાહ મરઝબાનનો આટલો ઇનસાફ તો ખુલ્લે ખુલ્લો આપવો જોઇએ કે મારો જે મુળ વાધો એમની ભાષા માટે છે તે માત્ર વાર્તાનાં પારસી પાત્રોનાં **મુખમાં મુકાયલા** પારસી—ગુજરાતી શબ્દો માટેજ છે—બાકી વાર્તાનું આખું લખાણ મી૦ પીજામે ચાલુ શુદ્ધ એબારતમાંજ મેલ્યું છે એ મારી ખાસ ખુશાલી છે.

વળી એટલું ઉપરાંત મારે મી૦ પીજામને વાજબી ઇનસાફ આપવો જોઇએ કે એમની ભાષા બીજાઓ જેટલી એકદમ પારસી—ગુજરાતી વલાણપર ઢળેલી નથી. જો કે એમની વાર્તામાં પારસી—ગુજરાતીનો ભેળ છે, તે છતાં, ખુલ્લાં દિલથી મારે કહેવું જોઇએ કે તેમાં ગુજરાતી ભાષાનું બોલબોલ ખુન થતું નથી. એઓ અર્ધા શુદ્ધ અને અર્ધા પારસી—ગુજરાતી લેખક જણાય છે. હું ઇચ્છું છું

કે એમની હવે પછીની 'નોવેલો'માં એવી કાચી ભાષાને એઓ દુર કરશે અને મરહુમ મી૦ કેખુશરો કાબરાજીની "સ્ટાઇલ" અખત્યાર કરશે.

"નસીબની લીલી" કેવી છે.

"નસીબની લીલી"નો "પ્લૉટ" અતિ રસિક અને મનોરંજક છે. તે શરૂઆતથી તે છેડા સુધી પોતાના વાંચકને આકર્ષી રાખે એવો છે. કેકાઉસ જેવા બદમાશો દુનિયામાં કેવાં કેવાં કુકર્મો કરી શકે છે તેનું અસરકારક ચિત્ર "નસીબની લીલી"માં મળે છે. એક હકદાર છોડીનો ખુદા–વાજબી હક હવાપર મેલી પોતાની પેટની દીકરીને તેણીને બદલે ખરી હકદાર તરીકે ઠસાવી દેવાની બદમાશ કેકાઉશ જે હીંમત બતાવે છે, તે દાંતમાં આંગળી પકડાવે છે! મેં ઘણીવાર અજાયબીજ નહીં પણ રમુજ સાથ જોયું છે કે મારા મિત્ર જયારેબી એક બદમાશીનું પાત્ર ચિત્રે છે, ત્યારે તેને બનતાં સુધી "કેકાઉશ" નામ આપે છે! આ "કેકાઉશ" નામ ઉપર મારા દિલસોજ રફીક એટલા બધા કાં ફીદા છે તેનો ભરમ હું હજી સુધી કલ્પી શકયો અને નથી! વાર્તાની મુખ્ય "હીરોઇન" રતી પંથકી!–આહા!–ધન્ય છે પીજામ તારી કલમને!–આ તારી "**રતી**"ને તેં એટલી બધી દિલની લાગણી સાથ ચિતારી છે કે તેનો ખ્યાલ આ નાવેલ પ્રત્યક્ષ વાંચ્યા વિના આવવો મુશ્કેલ છે. આ સ્ત્રી–પાત્રપર વાર્તાનો મુખ્ય "પ્લૉટ" ચાલ્યો છે. રતી પંથકી જેવી ફરેસ્તાઈ

ખસલતની ધણીયાંણી "નસીબની લીલી"નો કયો વાંચનાર નહી ઈચ્છશે એ હું દિલની દરેક ઉંડી દિલસોજી અને લાગણીથી પુછવા માગું છું. "નસીબની લીલી"ની આ વાર્તા વાંચતાં ઘણે ઠેકાણે મને આ ખ્યાલ સ્વાભાવિક રીતે ઉત્પન્ન થયા વિના રહયો નથી કે રતી પંથકીનું પાત્ર રજુ કરી મારા મિત્રે જાણે પોતાનીજ કોઈ આપ–વિતીનું આપણી સામે એક નમુનેદાર ચિત્ર ચિતાર્યું છે! મારા ખ્યાલોમાં હું ખરો હોઉં કે ખોટો તેનો ચુકાદો મારા બાહોશ મિત્ર વિના બીજા કોઈ કરી શકે એમ નથી. પણ હું ફરીફરીથી ભાર મેલીમેલીને કહેવા માંગું છું કે આ વાર્તા દરમ્યાન રતી પંથકીનાં પાત્ર ઉપર કર્તાએ પોતાનાં બીજાં પાત્રો કરતાં બહુજ બારીક ધ્યાન આપેલું લાગે છે. તેણીનાં શબ્દેશબ્દમાં ટેક, દરજ્જો, મીઠાસ, મોહબત અને મુલાયમપણું સમાયલું છે. એવું સુંદર પાત્ર મેં બીજી કોઈ 'નાવેલો'માં અનુભવ્યું નથી. જાણે ખુદ લેખક પોતે આ રતીપર મોહિત થયો હોય અને કદમેકદમ તેણીનાં પગલાંને ચુંબન કરતો હોય તેવું મહા આકર્ષણિક ચિત્ર મારા મિત્રે આ પાત્ર રૂપે ચિતાર્યું છે. મી૦ પીજામની કલમમાં કેટલું જોમ અને જોશ છે તે આ પાત્રદ્વારા ખુલ્લેખુલ્લું પ્રગટ થવા પામ્યું છે. "નસીબની લીલી"નાં બીજાં પાત્રો પણ ઓછાં ખેંચાણકારક નથી, પરંતુ રતી પંથકીનાં પાત્ર વિષેનો લેખકનો "આઈડીયલ" આ વાર્તા દરમ્યાન

મેં ઘણાંજ ઉંચા તબક્કા ઉપર અને બુલંદ બાંધણીમાં અનુભવ્યો છે.

આ નોવેલ પણ મી૰ પીજામે પોતાની હંમેશની વખાણવા જોગ વલાણ મુજબ "જુદી જુદી અનેક ઇંગ્રેજી 'નોવેલો' ઉપરથી ગુંથી ક્હાડવાનો પ્રયત્ન" કર્યો છે, અને તે વગર શકે બહુ તારીફ લાયક પ્રયત્ન છે. એમની ઠરેલ, અનુભવી અને કસાયલી કલમ વિના એવું હેરત ભરેલું વાર્તાનું વળું બીજા કોઇ કાચા લેખકથી કદી ગુંથાયું ન હોત એમ હું ખાત્રીથી માનું છું. આ નોવેલની ખરી ખુબી તો એ છે કે તેનાં તરેહવાર રકમ રકમનાં વળાં છતાં કર્તાએ તેમાં પારસી સંસારને બીન અનુકુળ બનાવો બીલકુલ વર્ણવ્યા નથી. તેનાં મુખ્ય સ્ત્રી–પાત્રોમાં શેહેરાં, રતી અને ધનની મુશ્કેલીઓ અને મુસીબતો ચિતારતાં આપણા પીજામ દોસ્તે એક બીનાં ખાસ ધ્યાનમાં રાખેલી જણાય છે કે તે ગમે એવાં કરૂણારસિક ચિત્રો હોવા છતાં વાંચનારને કમકમાટ ઉપજે એટલી હદ સુધી તેને ખેંચ્યાં નથી. એક સારા લેખકની ખુબી એમાંજ છે અને હું જોઈને ખુશી છું કે ભાઇ ફીરોઝશાહ મરઝબાને તે ખુબી અખત્યાર કરીને પોતાનો ઉંચો 'ટેસ્ટ" ખુલ્લેખુલ્લો પુરવાર કીધો છે. ખુદાને ત્યાં હક ઇનસાફ કેવો રજુ છે, અને "ધર્મોજય અને પાપોક્ષય"ની જાણીતી ક્હેવત અંતે કેવી અચુક રીતે સાચી પડે છે તેનું બહુજ ઉમદા ચિત્ર "નસીબની લીલી"માં આપવામાં વગર શકે મી૰

પીજામે એક મોટી ફતેહ મેળવી છે. [આ પુસ્તક એકેએક પારસી કુટુંબમાં વિશ્વાસથી વાંચવા આપવા લાયક છે. ઉધરતી પારસી—પ્રજાને દુનિયાંનાં કાવાદાવા, બદમાશોની બદમાશી, નેકીની ફતેહ અને બદીનો પરાજ્ય શીખવનારૂં આ નમુનેદાર 'નોવેલ' મી૦ પીજામની કસાયલી કલમનાં એક નાદર નમુના તરીકે એમની બીજી વાર્તાઓની સંકૃમાં એક યાદગાર પુસ્તક રૂપે હમેશાં જળવાઇ રહેશે એમ હું ખાત્રીથી માનું છું. માત્ર પારસી ગુજરાતી ભાષાના દોષ સિવાય આ સુંદર નોવેલ બીજા દરેક પ્રકારમાં ચઢીયાતી અને તેનાં કાબેલ લેખકને વાજબી મગરૂરી આપે એવી છે. પોતાના માનવંત પિતાની માફક "પચ્ચીસેક પુસ્તકોની 'સીરીઝ' બાહાર પાડવાની" મારા આ માનીતા મિત્રની મુરાદ પાક પરવરદેગાર નઝદીકનાં ભવિષ્યમાં બર લાવે એવી દિલો જાનથી દુઆ ચાહી આ કાંઈક લંબાણ થવા પામેલો પ્રસ્તાવનાં—મારી ભુલચુકોની દરગુજર ઇચ્છી—હું અહીં સમાપ્ત કરૂં છું. સાહેબજી!

લા૦ સેવક,

દાદી એદલજી તારાપોરવાળા.

તારાપોર, તા૦ ૧૫ મી જુલાઇ ૧૯૧૩.

વાંચનારને એક ખુલ્લો કાગળ.

મેહરબાન વાંચનાર!

મને જણાવવાને "ઝરરરરરરાબી વાંધો નથી"—બલકે તમને પ્રથમથીજ કહી દેવાને મને ખુશાલી ઉપજે છે–કે મારી આ નોવેલ "નસીબની લીલી" બીલકુલ "ઓરીજીનલ" (!) નથી. હું જાણું છું–મારી ખાત્રી છે–કે આ વાત સાંભળી તમે ખુશી થશોજ. ત્રણેક ઇંગ્રેજી 'પ્લોટસ' ને આધારે આ એક સીલસીલાબંધ દાસ્તાન મેં ઉપજાવ્યું છે; માટે હવે મેહરબાની કરી એનેબી કાંઇ એકાદ——— મકુંને આપણા પારસી લખનારાઓની એકાદ અદભુત "ઓરીજીનલ" આફ્યતી સમજી મુછમાં હસતાં નાં. થોડે લખ્યે ઘણું કરી વાંચજોજી!

આ "નસીબની લીલી" વારતા અગાઉ 'જામે જમશેદ'માં કટકે કટકે પ્રગટ થઇ ગઇ છે. એ કથા જયારે હું લખતો હતો ત્યારમાં અને હમણામાં—આહ!—મારી જીંદગીની અંદર માહભારત ફેરફારો થઇ ગયા છે. તે યાદગાર વરષો દરમ્યાન જયારે હું મારા 'બેચલર' ઓરડામાં એકાંત એખલો બેસી આ મારી વારતાના નાયક મેહરજી પંથકીની છાતીમાં ઉભરાતા જુસ્સાઓને કાગળની સપાટીપર આકાર આપવાની તજવીજ કરતો હતો તે વાર મારી કમજોર કલમ—અરેરે—હું કેમ ધ્રુજતી હતી! મારા અઝીઝ વાંચક! મેહરજી અને તેની રતી બેઉ આજે પરણીને સુખી છે–પણ પરણવા અગાઉ આ બે જુવાન જીગરો શું કસોટીમાંથી પસાર થઇ ગયાં છે તેની

માત્ર એક નબળી નોંધ આ પુસ્તક રૂપે મારી તરફના કાંઇબી વધુ વીવેચન વગર હું તારા હાથમાં મુકું છું.

ચોપડીના રૂપમાં બાહેર પડેલી આ મારી ૪ થી વાર્તા છે—અને તેને "વારેસે ના-કબુલ," "અંગ્રેમન્યુંસ સાથ એચીમેંટ," "કોચીનો સાહુકાર" એ મારાં આગળાં ત્રણ પુસ્તકોના સેટનુંજ બનાવવાની મેં કાળજી રાખી છે. આ વારનાં ચીત્રોબી પ્રખ્યાત આર્ટીસ્ટ મી૦ ધુરનધરનીજ અનુપમ પીછીનાં પરીણામો છે. બ્લોકસ મી૦ જીજીભાઇ ખરેગાટની હુન્નરમંદીને આભારી છે. મારી 'કોચીનો સાહુકાર' નોવેલનો દીબાચો લખતાં મારા દીલસોજ પીત્રાઇ મી૦ મરઝબાન બારીસ્ટરે 'લાઇફ'પરથી ફોટોગ્રાફ લઇને ચીત્રો આપવાની મને જે કીમતી સુચના કરી છે તે હું ભુલ્યો નથી. જરા સબર કરજો. હવે પછીની મારી નોવેલ "જીવપર જોરાવરી" માટે તેનાજ હું બંદોબસ્તમાં છું. મુજ મેહરબાન દોસ્ત મી૦ જહાંગીર તારાપોરવાળા જેવા પંકાયલા ફોટોગ્રાફીક આર્ટીસ્ટની મદદ સાથ તમને ખરાં 'લાઇફ'પરથી એવાં ચીત્રો આપવાની આશા રાખું છું કે આપણા ગુજરાતી સાહીત્યમાં તો શું—ખુદ હીંદુસ્તાનમાં વટીક—અગાઉ એ રીતે કોઇબી નોવેલ "ઇલસ્ટ્રેટ" થઇ નહીં હોય. હું માંગી લઉં છું કે જરા ધીરજ ધરજો.

આ વાર મારા ખેરખ્વાહ મીત્ર મી૦ દાદી એદલજી તારાપોરવાળાએ એક પ્રસ્તાવના લખી મને ઉપકારી કર્યો છે. મી૦ દાદી તારાપોરવાળાની આજ વર્ષોની કસાયલી કલમ કોણને જાણીતી નથી? લખાણબાજીના આ મારા વડીલ "દાદા"એ જગે જગ મને મશ્કારાના ઠેપરા માર્યા છે તે માટે મને બેશક ગીલગીલ્યાં છુટે છે—અને તે ગીલગીલ્યાંની

ઝુમમાં જ્યારે એજ દાદાજી ઠેકાણેઠેકાણે મને ટપલા ઝાડયા જાયછે ત્યારે તે મને ઝાઝા વાગતા નથી! ભાઇ તારાપોરવાળાએ મારે માટે ઓચરેલા લાયકીભર્યા શબ્દો માટે હું જાહેરમાં તેમનો ઉપકાર માનુંછું. કદાચ તમુને એમ લાગશે કે આ તો "Tickle me, Tobby-and I'll tickle thee" જેવું કાંઇ થયું! હા, જરા તેમ લાગે છે તો ખરૂં-પણ શું કરૂં? મેં મી૦ દાદાભાઇ તારાપોરવાળાને જ્યારે દીબાચો લખવાની અરજ કરી ત્યારે મારા નીયમ મુજબ મેં એવણને વચન આપ્યું હતું કે "**તમારે ગમે તે લખજો-મારી વીરૂધ ગમે તેવી ટીકા કરજો-** હું તમારા લખાણમાંથી એક હરફબી ઉરાડીશ નહીં." ભાઇ દાદાભાઇ તો આ મારા આપેલા કોલને વળગીજ પડયા છે. એવણે દીબાચો લખી મોકલ્યો ત્યારે તેમાં મને છાપડે ચઢાવનારા ચોકસ ફકરાઓ જોઇ હું બહુજ અકડ વકડમાં પડયો. સત્ય માનજો- એમને મારેથી બની શકતી વીનંતી હું કરી ચુકયો છું કે કાંઇબી એવું બટરફીકેશન ઓછું કરો-પણ એઓએ સાફ હસીને એક આંકડોબી ઉરાડવા દેવા ના પાડી છે. "જોઇયે તો આખો દીબાચો એમનો એમ લેવો, કે ના તો આખો રદ કરો"—આ એમનો લગાર સખત દીલનો ઠરાવ છે. મારે માટે બીજો છુટકજ રહયો નથી. હું એમનો દીબાચો છાપું છું અને સાફ દીલથી પ્રમાણીકપણે કહું છું કે એટલી બધી તારીફને હું લાયક નથી. છતાં એ ભાઇની ભલી લાગણી માટે હું ઘણોજ મગરૂર અને હેશાનમંદ બન્યો છું-અને તે મારો ઉપકાર અહીં દરશાવવાની મારી ફરજ છે.

પણ ભાઇ દાદી એદલજી તારાપોરવાળાએ મને અહીંતહીં ઝપટયો છે તેનું કેમ? અલબત એવણે જેબી ટીકા

કરે તેના જવાબો આપવાનો મારો હક મેં પ્રથમથીજ જાળવી રાખ્યો છે. શેઠ તારાપોરવાળાના અમુક વીચારો એ ભાઇને મુબારક છે. જરાબી શક વગર એવણે કરેલી ટીકા એવણના પ્રમાણીક મતની રૂહે ખાલેશ દીલથીજ એવણે કીધી છે તે હું બરાબર સમજું છું—પણ બે ત્રણ બાબદમાં મારોબી શું ખુલાશો છે તે વાંચનાર આગળ જો હું મેળું નહીં તો જાણીબુજીને હું મને પોતાને ગેર-ઇનસાફ થવા દઉ. તમો બંને બાજુનો 'કેસ' સાંભળો—અને પછી અલબત તમારો ચુકાદો અમે માન સહીત માથે ચઢાવીશું.

ત્યારે ઠ્યો! પહેલી પોઇન્ટ:—મી૦ દાદી તારાપોરવાળા કહેછે કે "પીજામની ભાશા જેવી જોઇયે તેવી શુધ્ધ ગુજરાતી ભાશા નથી!" ઘણા માન સાથ હું એ બાબદમાં મી૦ તારાપોરવાળાથી જુદો પડું છું. હું જોઇને ખુશી છું કે મારી પારસી—ગુજરાતી વીશે જયારે એવણ નુકતેચીની કરે છે ત્યારે સાથે સાથે એવણ એમ કહેતા આવે છે કે મારી અશુદ્ધ પારસી—ગુજરાતી હું ત્યારેજ વાપરૂં છું કે જયારે મારી એકાદ કેરેકટર પોતે કાંઇ બોલતી હોય. મારી કેરેકટરોના મ્હોડાંમાંથી બાહેર પડતા ઘરઘતુ શબ્દોજ પારસી—ગુજરાતીમાં હું લખું છું. જયારે કર્તા પોતે (પીજામ) નોવેલમાં ખુદ પોતાના વીચારો દરશાવે છે—જયારે કર્તા પોતે કાંઇબી કહે છે—ત્યારે તો શુદ્ધ જોડણીજ તમે જુવો છો. ભાઇ દાદીબાનું કેહેવું એવું છે કે નોવેલની અંદર કેરેકટરો વચ્ચે થતી વાતચીત યાને ખુદ ઘરગતુ રીતે બોલાયલા શબ્દોબી રસ્વઈ દીરઘઈ અને જોડા અક્ષરોની સામગ્રી સાથ ગુજરાતી વ્યાકરણ પ્રમાણેજ લખવા જોઇયે! મતલબ કે એકાદ પારસી છોકરી યા

પારસી જવાનના મુખમાંથી બાહેર પડતા શબ્દોબી નોવેલ લખનારે એવી ધપે લખવા જોઇયે કે તે એકાદ સુનાબઇ, યા ભીખાઇજી, યા મેહરજી બોલતો હોય તેમ વાંચનારને નહીં લાગે પણ કોઇ ગુજરાતી ભાષાનાં હીંદુ પંડીતો પોત પોતા વચ્ચે વાતચીત કરતા હોય તેવું લાગે! ના! હું ભાર મેલી ના કહુંછું. એક બુઢ્ઢોરંગ પારસણ પોતાની દીકરી સાથ વાત કરતાં જે અવાજે બોલે તેજ phonetically એટલે કાનપર પડતા અવાજને બરોબર અનુસરની રીતે "ઇનવરટેડ કોમાઝ"માં ("——"માં) લખાવું જોઈયે. દાદાભાઇ શેઠ એમ કહેવા માંગે છે કે સુનાબાઇએ રતીને પોતાના ઘરમાંજ વાત કરતાં એમ કેહવું જોઇયે કે—"પારસીઓમાં લીલી નામ કયે દહાડે અપાય છે? બળી ગઈ મુઇ વસ્તી!" ઇ૦

નોનસન્સ! હું કહુંછું કે સુનાબાઇનો આ વાકય નોવેલનો કર્તા જો "ઇનવરટેડ કોમાઝ"માં મેળતાં આ પ્રમાણે નહીં લખે કે:—"પારસીઓમાં લીલી નામ કીયે દાહડે અપાયછે —બરી ગેઈ મુઇ વસ્તી!" તો તે નોવેલના realism નું ખુન કરેછે–ખુદ વાંચનારનીબી ઠેકડી કરેછે.

દરેક નોવેલમાં "ઇનવરટેડ કોમાઝ"માં મેળાયલા શબ્દો તેના કર્તાએ જાણીજોઇને જેવા અવાજે ઉચ્ચરાવા જોઇયે તેવીજ ઢપે લખ્યા છે એમ વાંચનાર સમજે છે. વોલટર સ્કોટની સંખ્યાબંધ નોવેલોમાં સ્કોટીશ હાઇલેન્ડ ઉચ્ચારે થતી વાતચીત "ઇનવરટેડ કોમાઝ"માં સ્કોટ જેવા નામચીન લેખકેબી આબાદ ફોનેટીકલી (phonetically) ઉચ્ચરાય તેવીજ અશુદ્ધ જોડણીમાં લખી છે.

માટે ભાઇ તારાપોરવાળાના વીચાર એવણુનેજ મુબારક!

હવે જુવો બીજી પોઇંટ! મી૦ તારાપોરવાળા કહે છે કે "લેખક—વીચાર" હું વચમાં વચમાં મુકતો નથી. જી હા—કાન ચીમટીને એ ચીમકી મારે કબુલ છે. પણ તે "નસીબની લીલી"નાજ બાબમાં. મારી આગળી ચોપડીઓ વાંચો: તેમાં જગેજગ કાંઇક લેખક વીચારો મેં સમાવ્યા છે—જો કે એક સરળ સડસડાટ દોડતી વાર્તાની વચ્ચોવચ્ચ એક કર્તા જરા જરામાં પોતાનું ભંડોળ ઘુસાડયા કરે તે ધારણ મને આવું પસંદ તો નથીજ. લેખક વીચારો તો થોડાજ અને રામબાણ જગ્યાએ હોવા જોઇયે.—અને તેમી વળી કાંઇ સંગીન નવા વીચારો દરશાવનારા હોય તોજ! બાકી જરા જરામાં વચ્ચે વચ્ચે તીતી—તાબરડી જેવું ઠેસવ્યા કરી, પોતાની "હુશ્યારી" દેખાડયા કરી, વાંચનારને કંટાળો આપવાની તથા વાંચણની રસીકતામાં અટકણ નાખ્યા કરવાની હું તરફેણમાં નથી. 'નસીબની લીલી'ની અસલ કાપી—(યાને જામેમાં છપાયલી વાર્તા)—માં ઘણાક લેખક વીચારો હતા જે મેં પુસ્તક છાપતી વેળા છાંટી નાખ્યા! કાંય! કેમ જે એ લેખક વીચારોની મોહકાણે મારી આગલી ચોપડીઓ ૬૦૦-૬૦૦ પાનાની થવા ગઇ! અને બાપજી તે જરા ગરમ પડે કેની?

હવે રહી ત્રીજી પોઇંટ:—જરા "રમુજી" પોઇંટ છે, બાપા! મી૦ દાદી તારાપોરવાળા મ્હોડું કુમળાવીને કહેછે કે પીજામ એક રમુજી લેખક છેજ નહીં—છટ, કોઇ ચીઇઝ નહીં! અરે મોટાબા, તમે શું કામ અકળાવો છો? રમુજી લેખક હોવાનો મેં દાવો કોઇ દહાડે કર્યોજ નથી. બેન્ડસ્ટેન્ડની પાળપર સાંજને વખતે ઉભા રહી છાતીપર આંગળી મેલી મેં ક્યારે બુમો પાડી છે કે "જુવોરે લોક! હું—મહાન

નામચીન પીજામ—હું એક એક્ષપર્ટ રમુજી લેખક છું!"—!
તેવી કમનસીબ નબળાઈથી ખુદાએ હજી સુધી તો
મને સલામત રાખ્યો છે. આજે લગભગ છેલ્લાં વીસ વરસ
થયાં હું 'ગપસપમાં' લખાણો કરતો આવ્યો છું તેપરથી
કોઈને મારાં "રમુજીપણાં" વીષે ધખારો બેઠો હોય—
અથવા તો મેં લખેલી "માસીનો માકો" કોમીડી જોઈ
આવીને કે ના તો મારૂં એક આગળનું પુસ્તક "અં એમન્યુસ
સાથ એગ્રીમેંટ" વાંચીને કેટલાકો મારી "રમુજ' વીશે
લઈ દોડયા હોય તો તેમાં, ભાઈ, મારો શું કસુર? મેં
હમણાંજ એકાદ જાહેરખબરમાં કેઠે વાંચ્યું કે રમુજી લખાણ
કરવામાંબી એક માણુસ "એક્ષપર્ટ" હોઈ શકે છે! મેહતાજી
પાસે લસનો લેવાથી યા રોજ સહવાર સાંજ ચાલુ પ્રાકટીસ
કર્યાથી—લાંબા અનુભવથી કે રાત દીવસના માહવેરાથી—
કોઈબી માણુસ એક અમુક બાબદમાં એકકો પાહવરદો
બને ત્યારે તે "એક્ષપર્ટ" કહેવાય છે. આ રીતે હાથ
ચાલાકીના ખેલ કરનારો એક એક્ષપર્ટ મદારી હોઈ શકે—એક
એક્ષપર્ટ સાઈકલીસ્ટ હોઈ શકે—એક એક્ષપર્ટ વાયોલીન વજા-
ડનારો હોઈ શકે—એક એક્ષપર્ટ દરજી હોઈ શકે—પણ રમુજ
ઉપજાવનાર એક "એક્ષપર્ટ"બી દરેક જણથી બની
શકાય છે તે તો મેં આજેજ જાણયું! મતલબ રમુજ શકતી
એક કુદરતી બક્ષેશ નથી—એ તો કોઈબી માણુસ રમુજકળાનો
બરાબર લાંબો ઉંડો અભ્યાસ કરે અને નીચી મુંડીએ
તેની પાછળ ખાઈપીને મંડયા કરે તો કુથી રમુજી કલમની
હથોટી આવી જતી દેખું! તો ઠીક છે! એકાદ આપણાં
માસીક ચોપાન્યાના કોઈ "રમુજી લેખક" પાસ હવેથી
જરા જરા રોજ લસન લેવાનો મારો વીચાર છે.

પણ શેઠ દાદીબાના આ "રમુજી" ઝગડામાં જે ચીજ મને સઉથી વધારે ભડકાવી મારે છે તે તો જુદીજ છે. મોટા ભયંકર ગભરાટ વચ્ચે, મારી જબરદસ્ત નાસી-પાસી અને હાય અફસોસી વચ્ચે, હું હમણાં શુ સાભળું છું? એજ કે હું—પીજામ—તો એક ત્રાજીક લખનાર છું! અરેરે પરવરદેગાર! મેં એવાં તે શું જબુન ગુનાહના કામો કીધાં કે તેં મારી ગરીબડી કલમને આવી હેબતનાક સીનાચાક પંક્તીએ ઉતારી પાડી? હું, ઉઠતાં ને બેસ્તાં "ત્રાજીડી"ને નામના ધપકરા લેનારો—હું, ખાતાં ને પીતાં "ત્રાજીક" નાટકોને માટે ખળબળ ખળબળ કરનારો—હું, ત્રાજીક લેખકોનું નામ સાંભળતાંજ ધ્રુજવા માંડનારો—હું પીજામ એક "ત્રાજીક" લેખક!! ભાઈ દાદી તારાપોરવાળા ખચ્ચીત મારી ઠેકડી કરે છે! કે ના તો મારી સદાની તાબેદાર પેનસીલ મને હવે હવે દગો દેવા માંડે છે કે શું? વાંચનાર મીત્ર, તમે પોતે શું ધારો છો?

બસ હવે—ઘણું લંબાણ થયું. આ ચોથું વાલ્યુમ તમારા હાથમાં સોંફતાં મને ભરૂસો છે કે જે માયા અને મેહેર-બાનીથી તમે મારી આગળી ચોપડીઓને આવકાર આપ્યો છે તેવીજ કૃપાદ્રષ્ટી આ મારી "નસીબની લીલી"પરખી રાખશો.

લા૦ દુવાગીર સેવક

ફીરોઝશાહ જહાંગીર મરઝબાન.

ન્યુ ચરની રોડ }
ફેબ્રુઆરી—૧૯૧૩. }

નસીબની લીલી.

પ્રકરણ ૧ લું.

કાજી મીજાસનું ખેરીઉં છે—
તો અહીં કીયાં ખાસરાંને પાર!

યેહ! એ લાડકીનાં ડોકાંનો શું લેહકો છે! નાજુક કમ્મરે બે હાથ મુકી, ડોકી એક બાજુ ખભાંપર સેહેજ નમાવી, પોતાની તુર્તની ભરેલી રેશમી સાડીની કોર ગમ ચુંચી આંખ્યોએ જોતી ઉભેલી રતી પંથકીનો ઠસ્સો તો જુવો!

"લેઓ, એ પુરી થઇ. સાલપર વાંકુ વરતાં વરતાં બરડોબી અકરી આયો. વોરાજી કાહરે આવવાનો, માય?'

"કાલ બાલ આવશે. એ કોરના નવ રૂપીઆ પઠીયાજી કે, રતાં?"

"હારે, મુવો નવનો સાહરા નવ નહી થયો! પણ ચાલો, હવે તમે જરા કોર વારીને ઘોંટલો લેવો, માયજી—

નહી તો વરી બાખાર ચહરશે. હું સુલેથી ગોસ ઉતારી [illegible]ાય આઉં."

"[illegible]ન, તું ઘણી વેજવેજ કરેછ જો. પછી તુંબી પટકય [illegible] જશે તો કાંઇ [illegible] એક તો હું [illegible]યા તથા થઇ રેહેલી છેઉં."

રતી જીણે સાદે હસી પડી.

"મરેરે! હું મેહનત નહી કરૂં તો પછી ખાઇયે કોણ મુવાના હાથ પગ! આય નવ રૂપીઆ આવશે તેમાંથી વરી મોરા દાહરા ટગમુગુ દાર રોટલી કરીને ગારૂં ગબરાવવાનું! તમારી દવાનું બીલ બાસતો એમનું એમ પરેલું છે. પણ એમ બપોર પરી જીવ ના કુહરાવો, માય. કામ કરતાં મને શું ધાર આયછ? ઉખરા જેવી તો વીસ વરસની વધી ગૈઇ તે શું કાચની કબાટમાં મુકી રાખવા કે? તમે તમારે પોહરી જાઓ, માયજી. લાવો, તમુને ઓઢારૂં."

રતીના માય સુનાબાઇએ લાંબો નીસ:સો ખેંચ્યો. રંગુનથી આ મા દીકરી મુંબઇ આવીને વારડન રોડ કેનેડી બ્રીડજ પરના એક નાના કોટેજમાં ઉતર્યાંને બાગ્યે દશ બાર દાહડા થયા હશે. પણ નબળી દેહનાં સુનાબાઇને પહેલે દીનથીજ લાગુ પડેલો ઝીણો તાવ કેમે કરી હઠતો નહી હતો. રતીએ જઇને પોતાની માને મોઢાં સુધી બંદુસ ઓઢાર્યો—પણ તાસવીસ કરેતાં સુનાબાઇનું ધક હમણા ક્યાંથી ક્યાં નાટકતું હતું.

"રતુ, તું બી હવે જરા બેસેટા, દીકરી—સહવારની તું ઉભી ઠાકી ગેઇછ."

રતીએ માયાથી હસીને પોતાની માયનાં માથાપર હાથ ફેરવ્યો.

"બલા જોવુ!" તેણી ખરી લાગણીથી બોલી, "તમારૂં દીલ તો બહુ ખબરેછ. માયજી, બરજોર ભાઇ અહીં આપરી સાથે આયો હોતે તો કેવું સારૂં! આપુને કેટલી હીમત હોતે!"

"અરે—આપરે કંઇ જાણતાંતાં કે અહીં આવતાંને વાર તું એમ તાપે પરસ? એવી ખબર હોતે તો બલા રહેતી આય કોટેજનું ચોબલું વેચી નાંખતે કે ભારે આપી દેતે."

રતી સુનાબાઇના પગ આગળ ઘોડ્યા પર ગોઠવાઇ બેઠી. આહા! વાંચનાર, શું એ પુતલીના દેખાવનું દાસ્તાન કરૂં! ગોરો ઘટમદાર ગોલ ચેહરો, અણ્યાલું સરખું નાક, કાળી નાગણ જેવી ચમકતી આંખ સાથ કાલી સાડીમાં સજ થયલી આ જુવાન છોકરી ખરેજ એક રમકડું હતું.

"માય, બરજોર ભઇ અહીં આવીને પ્રેકટીસ કરે તો કેવું! તાંહ રંગુનમાં તે શું વરી ડાકટરી કરતાં કમઇને કોથરા બાંધેછ?"

"ગમે તે પણ તાંહ એનું દવાખાનું જરા તરા મચેલું તે વરી અહીં નવેસરથી કરાકુટ કાંહ કરવા આવે? એને વાસતે મારો બી જીવ તો ઘણો બરેછ, રતન—પણ શું કર્યે? મેને મેં આપરી સાથે અહીં આવવા ઘણું કહ્યું, પણ સમજાયો નહી સમજ્યો મે આપુને એનેજ બોહસ હોંસ કરીને

મુંબઇ મોકલ્યાં તે તો તું જાણેછ. આય કોટેજ આપુને મફ્ત મળી ગીયું તેથી ભારાંનો બચાવ થાય કરીને હું રંગુન છોરીને અહીં આવી—બાકી નહી તો મારા દીકરાને તાંહ એકલો મુકીને કદીબી આવતે કે!"

માથે હાથનો થેભો દઇ રતી વીચારમાં થોડોવાર મુગી બેઠી. અચણુચ તેણી પોતાની માયના દીલપર વાંકી વળી.

"માય, હું વાત કરાઉંછ તેથી તમુને કંટાળો તો નથી આવતો કેની? જો બોલતાં થાકી જતાં હોવ તો—"

"અરે નહીરે વાય. જરા બે ઘરી વાત કર્યેછ તો સોહવાઇ જાયછ. મુગું સુઈ રેહતાં ઉલટા તરેહવાર વીચાર આવ્યા કરેછ."

"તારે માયજી, હું તમુને કેટલા દાહરા થયા પુછવાની હતી તે હવે મને બરાબર કેહો. આય કોટેજ આપુને એકાએક કોણે મફ્ત આપી દીધી?"

સુનાબાઇએ હસીને પોતાની એકપુરી વાહલી પુત્રીનો હાથ પોતાના ગરમ હાથોમાં લઇને ચાંપ્યો.

"રતી," તેવણે નસોસ સાદે શરૂ કીધું, "તું તારા જનમથી રંગુન ઉછરેલી એટલે તુંને આપરાં કુટુંબની કંઇબી વાત કાંહથી ખબર હોય? જો સાંભળ. આજે વીસ વરસની વાતપર તારા જનમની વખતે તારા બાવા બાપુજી રંગુનમાં કંઇ જંગલની ઝેરી તાપથી ગુજરી ગયા. તે વખતે આપણો બરજોર આઠ નવ વરસનો હોશે. તમે બે મારાં બચ્ચાંઓ સાથ હું તદન નીરાધાર પરી ગેઇ. બાપુજીની હાલત ખરાબ હતી

ને આપરે વાસ્તે કંઇ ઘણુંજ જુજ મુકી ગીયા. હું તો રખારી જતે પણ બેહસ્ત બીચારા તારા કાકા નવરોજીને—નવરોજી પંથકી બીચારા હમણા વરસ દાહરો થયો ગુજર્યાં તે તો તું જાણેછ કેની, રતાં—"

"હા માયજી—તે શું?"

"તેવણ ચુપચુપ મારે વરે દર મહીને મુંબઇથી સો રૂપ્યા મોકલવા લાગા ને તેપર જેમ તેમ કરીને તમુને બે જણાને મેં ઉધાર્યાં. મારા જેઠ નવરોજીએજ બરજોરને શીખવવાનો બધો ખરચ અલ્લકસે આપ્યા કીધો ને એ ડાકટર થયો તાંહ સુધી મુગે મોહને જે બીલ મોકલું તે આપતાતા."

"પણ અલ્લકસે કાંય, માય?"

સુનાબાઇના નખાઇ ગયલાં મોહડાંપર સેહેજ હસવુ ફરી વળ્યું.

"દીકરી, નવરોજી આપુને જરાબી પુંછે તે તારાં કાકી બીખઇજીને બીલકુલ નહી ગમતું તું. બીચારા નવરોજી માણુસ તો ઘણા અસરાફ ઉતા પણ પોતીકી બૈયરના ધાક તરે એટલા ઉતા કે બીખઇજી બેસ કેહ તો બેસે ને ઉઠ કેહ તો બીચારા ઉઠે એવા છેક તાબેદાર ઉતા. હવે આપરે ગરીબ મનીખ પર્યાં તેથી બીખઇજી મને ઘણુાજ હીણે—રતાં, એ તારી કાકી અસલથીજ ઘણી મીજાસી જો."

રતીના ક્માનદાર ભવાંપર ચીહલો ચઢવા માંડેલો હતો.

"એ વાય, મીજાસી હોય તો અહીં કોયાં ખાસરાંને પાર!" તેણીએ ખુબ છણકો કરીને કહ્યું, "પણ વારૂં પછી?"

"પછી શું વળી? એ ભીખાઇજીના હુકમે તેવાનું મારી પર કાંઇ મદદ મોકલે તે જાણે ચોરી છુપથી બાઇ હુરજીને મોકલે— જાણે પોતે કેવો ઉપકાર કરતા હોય તેમ બીચારા મોકલતાતા."

"અરે બર્યારે એવણુના સકાર! માઇજી, તમે શું કામ એવી મુઇ ભીખારડાની ભીખ લેયા કીધી? એ નહીં લેતે તો—"

"તું હજુર નાદાન છે, રતી. તે વખત આપણો હાલ ઘણોજ બતંગ હતો ને બીચારા બેહસ્તી નવરોજી તો ખરી મનસનીથી ને દયાથી મોકલતાતા. આય ભીખાઇજીનાજ ભેજાંમાં રાઈ હતી—ને ખોદાય જાણે હજુરબી કેટલી હોસે."

"રાઇ હોય તો જઇને કુવો કાંય નહી પુરે આપુંને શું! મારી સાથે એમ મીજાજ બીજાજ કરવા આવે તો હું તો—"

"તું હંમેશની આકરી રેહી ગેઇ, રતાં. અરે ઘેલી! હમણા એ ભીખાઇજી પાસે કંઇ નહી તો દશ લાખ રૂપયા હોશે. નવરોજી એને તથા પોતાના એકપુરા દીકરા મેહેરજીને વાસ્તે સારી દોલત મુકી ગીયાછ."

"હોસે—એવાં મુવાં મીજાસી પૈસાવારાં સગાને શું આગ લગારે! પણ, માય, પછી શું થયું. બોલોની? આય કોટેજ કેમ—"

"હા. વરસ દાહડાની વાતપર નવરોજી ગુજર્યા ને આપુંને મળતા રૂપીઆ બંધ થઇ ગીયા. ભીખાઇજીને મેં ઘણું કગરીને લખ્યું, પણ મને ઘણોજ તુંદ ટુંકો જવાબ લખ્યો

કે એવાં ગરીબ ગુરબાં ચમાંઓ તેઓ ધાણા ફુટી નીકળ્યા કરે તે બધાંને કાંઇ મદદ કરવા જાઉં—"

રતીની આંખમાંથી જાણે બળતો અંગાર ખરતો હતો. તેણીએ સોફીને ગોદ ચળીને પોતાનો હોઠ જોરમાં કરડયો.

"તમેબી, માય, કોઇ વખત છેકજ હલકાં પરી જાઓછ જો! શું કામ એવાં મુવાં મીજાજના ખોર્યાંને મોહને લગાર્યાં—"

"સાંભળ તો ખરી. હમણાજ એક મહીનાની વાતપર ઓચીંતુ મને નવરોજીના સોલીસીટરનું કાગજ મળ્યું તેમાં કહેલું જે નવરોજીએ મને વીલમાં આય કોટેજ આપવા લખ્યુંછ તેનો આવીને કબજો લેવો. બરજોર કહેલું કે બસ જાઓને મુંબઇ રેહો—તેથી હું તુને લઇને અહીં આવી. કંઇ નહી તો આપુને હવે દર મહીને ઘેરનાં ભાડાંનો ધરક ધ્રુજારો તો નહી કરવો પડશે."

"મજાની મોટી કોટેજ છે, માય. આપરે આયાં તે સારૂ કીધું. ખોદા કરશે તો તમારી તાપ જલદી જતી રહેશે—"

"તેને વાસ્તે હું બીહતી નથી, દીકરી; મને તો બીજીજ ચીજને વાસ્તે દીલમાં અરે લાગ્યા કરેછ—"

"તે વરી શું?"

"આપરે અહીં મુંબઇ આવીને જાથુકના રેવાંછ તે તારી કાકીને ગમવાનું નથી."

રતી હવે ભુસકો મારીને ધાલ્લ્યાપરથી નીચે કુદી પડી.

"ઓ વાય માય!" તેણી ખરે મને છંછણી પડી, "તમે એમ એકદમજ શું ભાજીનું પાણી થઇ જાઓછ જો?

નહી મમે તો આજી પીરા! કંઇ એવણનું અહી રાજબાજ ચાલેછ કે! આપરે અહીં રેહીએ તેમાં બીખઇજી કાકીના બાવાની શું ચોરી કીધી?"

"શું જ બેની કે આપરે અહીં આયાને પદર દાહડા થવા આયા તાબી એક દહાડોબી આપુને મલવા આયાં કે આપુને ચીઠી લખીને બોલાવ્યાં મુક્યાં?"

"અરે પણ આપરે કાંહ એવણ વગર દાંતમાં આંગળાં ઘાલી બેસી રેવાંછ, માય! તમેબી આજે એમ શું ડારા મારોછ?"

"તોબી રોજ ઉઠીને મુવો એ જીવને સંતાપજ કેની. 'પંથકી પેલેસ' આપરી કોટેજથી ઘણું ઘણુ તો દશ બાર મીનીટના રસતાપર હોશે."

રતીએ પોતાની લખોટા જેવી આંખ્યો ઉંચકી.

"ઓહો! તારે એ મખ્ખઇ મોહરો અહી નાખના દાંડા આગળ આપરી પાસેજ રહેછ કે! મને ખબર નહી. મેં એવણને જનમમાં જોયાંબી નથી."

"ને મેંબી વીસ વરસ થયાં એ લોકને કાંહ જોયાંછ. એ બીખઇજીનો દીકરો મેહરજી રંગુન ગઇ તારે પાંચ વરસનો બચો ઉતો. હવે તો એ અખ્ખઈ રેહયો પચીસ વરસનો માટીડો થઇ ગીયો હોશે. કોણ જાણે કેવો હોશે!"

રતીએ ખુબ મીજાજથી મોહ મચકાવ્યું.

"કેવો હોય વરી ? હોસેજ તો કોઇ બીજાજનો કુતરો ! પોતીકી શોભીતી માય જેવું બર્યલ છાનું નહી હોય તો મને કહેજો. ચાલો હવે પોહરી જાઓ, માય–હું જરા રાંધણીમાં જાઇ આઉં છ."

આમ કહી ખુબ ખબરીને રતી ઓરડામાંથી ચાલી ગઇ.

પ્રકરણ ૨ જું.

એક "બેહેકેલું વાજું"

કેકાઉસ મુછલાં અને તેની દીકરી ધન.

સાંજના સાડા ૭ સાતેક વાગ્યા હશે. રંગુનમાં કેકાઉસ મુછલાંના ઘરના ઓટલા ઉપર બે જણાં ક્યારના ખુદા માલુમ શું કાનાસોરી કરતાં જોડેજોડ ઉભેલાં છે.

ધન મુછલાં–હો વાંચનાર ! અહીં જરા 'બેહેકેલું વાજું" છે– સમાલ ! રંગુનની પ્રખ્યાત "કોકેટ," જુવાન દેખાવલી માઝનદરાની આ "ઉડતી વા"–ક્યારની ડા૦ બરજોર પંથકી સાથ કાંઇ ગુફ્તેગોમાં મશગુલ છે કેહજે ધન મુંછલાં સાથ ૫૧ જવાન્યાઓ પ્યારમાં પડી ચુકયા છે–દરેકની સાથ પંદર પંદર દહાડા મહીનો મહીનો નાચી કુદીને તે ગધેડાઓને ખસ્તા કરવા પછી હવે આ ડા૦ બરજોર પર મો ગધેડો એ રંગુનની ખુબસુરતીનાં ફાંદામાં સપડાયો છે !

"વરી તું મને બાસીપાસ કરેછ, ધન ? તું કાંહ સુધી આમ મને ફીડાવ્યા કરશે ?" બરજોરે ખરેખર ગીનતગારીથી પુછયું.

ધન મુછલાંએ પોતાનું સરી પરેલું માથુંબાનું હસ્તે મુખડે ફોડી નાખી નવેસરથી બાંધવા માંડયું.

"બરજોર, તું તો હમણા હમણા એવો રરતો ચનાવાલો થઇ ગીયોછ કે તારી સાથ તો બા વાતબો મને નથ કરવા ગમતી. વળી આવતાને વાર એ શું મુવું પીજન કાહરી બેઠો."

ડા૦ બરજોર તે જવાન નારની ગમ વાકો વળયો અને તેણીનો એક હાથ પોતાના હાથમાં પકડયો.

"ધના—ધન—તું મારા દીલની વાત જાણતી નથી. મેં તુંને જે દાહરે પેહલી જોઇ તે દાહરથી આય મારૂં મગજ તારી પછવાડે મેંડ થઇ ગીયુંછ. બે વરસ થયાં હું તારી પછવાડે કુતરાની કાની રખરૂંછ—પણ તારા દીલમાં અરે નથી આવતી—"

"આ વાય, તારે શું તારી કાની પ્રીલસુફી ભાષાણો કરીને લયલા મજનુનો નાટક કરવા બેસું ? જા—જા—એમ ઘેલા ના કાહાર."

"છટ—તું મારી લાગણી સમજતી નથી. ધન, ધન! હું બીજા ઇચમજી પોયરાંઓના જેવો છાલકો નથી કે મારી મોહબત પર તું એમ કરારને જીવથી હસે તે હું ખમી શકું. ડીયર, તું મને કાંહ સુધી એમ નાચ નચાવવા માગેછ ?—ધન –"

" બરજોર, તારે પગે લાગું, તું એમ વાંકાંટીકાં ડાચાં ના કર—બા, મને તો હસવું આવી જાયછે. તુંને મેં કહ્યું હેતી કે મારી હમણા પણવાની ખુશી નથી."

ડા૦ બરજોર હવે લગાર ગુસ્સાથી તરો થઇ ઉભો. જખમાયલી મગરૂરીથી તેનો અવાજ ધ્રુજતો હતો.

" છોકરી—તું મને એમ સેહેજમાં ઉડાડી મુકી શકવાની નથી. તું ડા૦ બરજોર પંથકીને બરાબર ઓરખતી નથી. તું મને ગરીબ સમજીને આજે એમ તરછોડેછ—પણ હું દીલે તવંગર છેઉં, ધન——"

" અરે મરેરે ! હી—હી—હી ! હવે, કાંહ જાઉં ? આય તો વાયજ કરવા ઉભો !"

" તું ગમે તેવા ટીનપાટીયાઓનેબી તારી પુઠે ફેરવા દેછ—ને કેટલાક અહીના બે બદામની કીમતના 'બલેગારો'ની સાથ દોસ્તી રાખી તારાં નામની ધુરધાણી કરી મુકીછ. ધન, આજે બે વરસ થયાં હું તારો પરેસી છેઉં—તે બધા તારા રંગ મેં જોયાછ. તારો બાપ કેકાઉસબી મારી આગળ કૂપર-તો'તો કે 'તું તદન્જ હવે વીખરી ગેઇછ ને કોઇનું કંઇ કહયું માનતી નથી. છોકરી, સાભળ-તારી નીશાનીઓ કઇ સારી નથી."

ધનનો હવે થોભગો ચઢવા માંડયો હતો. તેણીએ જરા દમામથી પોતાની ડોક ઉંચે કરીને પોતાના પાપણ ફફડાવ્યાં.

" તું આજે મારી સાથે મારામારી કરવા આયો હોય તો ચાલી જા, બરજોર." તેણી રોફસાથી બોલી, " હું ગમે તેવી

છેઉં તેમાં તુને શું પંચાત ? મારે સારૂં બાવા ફક્કરતાતા તે વરી બાવા પોતે તે કાંહ પાધરા છે ? દોલાના ઘોરા જેવી ચાલ છે ને એમ ચીબા શાના થતા હોસે ? એટલી એવણુની નેકનામીની વાત હું લોકોને પુંકી દેવસ તો વાત જોતા રહી જસે ! હા—વરી એવણુ મને છેરીને કાંહ ઉભા રહેછ ! એવણે જુગારખાનું રાખ્યું છ— ને સોનેરી ટોળીમાં છે તે શું બધાને ખબરજ નથી કે ? જો વરી પોતે જાણે કેવા પોત્તા ધાત્તા હોય તેમ વરી સામ્બા મારે વાસ્તે ફર્યાદ કરવા બેઠા !"

મુવા છુટા ! વીછણુની કાની આ પોરી તો છેડાઇ પડી. નાકના ફીપડાં ફફડાવીને તરારો કરતી આ ચોવીસ વર્ષની ખંજર જેવી ધનાને ધારી પાડવાને બરજોરે ઘણુ બો કર્યું— પણુ ના. તેના હાથને ઝટાક મારી ધન ત્યાંથી રૂસાઇને ચાલી ગઇ. ખરેખર "વાજું" તદનજ બેહેકેલું હતું !

એક ઉંડી હાય મારી ડા૦ બરજોર પોતાને ઘર જવા પાછો ફર્યો. તેણે તેજ સહવારના કેકાઉસની "કલબ" માં ૭૫ રૂપીઆ 'બ્રેગ'માં ગુમાવ્યા હતા—એટલે ધનાની આવી ચાલથી તેનો જીવ બમણો ખાટો મારી ગયલો હતો તુરતનું પોસ્ટમાં મુંબઇથી આવેલું બેહન રતીનું કાગલ ખસાંમાંથી પાછું ખેંચી કાહડી તે શોકાતુર ચેહેરે વાંચતો વાંચતો આગળ હીંડયો. રતીએ—આગલા પ્રકરણમાં વરણુવેલી રતી એ— બરજોર ભાઇપર પોતાની નવી કોટેજ વીશે, માયજીની તબીયત વીશે, અને તરેહવાર ધુળ ધમાસાં વીશે ચારેક પડ ભરીને ચીઠ્ઠી મોકલ્યું હતું. નીચી ડોકે તે કાગલ વાંચતો ચાલે છે તેટલાં—

" બરજોર !"

" આ ! કેમ કેકાઉસ ! શું છે ? એમ—"

" અરે આવની, તાંહ મોટો રેલ્વે એકસીડંટ થયોછ— બધુ ગોખ્યારૂં થઇ રેહયુંછ !—દોર, દોર !"

આમ કહી કેકાઉસ મુલ્લાં બરજોરનો ડગલો તાણી તે હોનારતની જગ્યાએ ધસ્યો. વધુ પુછવાનો ડા૦ બરજોરને વખતજ તેણે નહીં આપ્યો. સુમારે તે પચાસેકની ભરતીમાં આવેલો હતો—પણ અંગે ખાસ્સો ભરેલો હતો. ખાસ્સી લાંબી અણચાલી દાઢી અને ભરાવદાર મુછ સાથનો તેનો વીકાળ ચેહરોજ કહી આપતો હતો કે કેકાઉસ એક સારો માણુસ નહી હતો. બધી વાતે પુરો આ લટખટ પારસી ઘણા વર્ષનો રંગુનનો રહીશ હતો. તેને પેટ બસ એક પુરી એકજ દીકરી—ધન—હતી, જે વળી બાપને ચાલચલણમાં અને સ્વભાવમાં વીસરાવે તેવી હતી.

કેકાઉસ મુલ્લાંને છેલ્લાં બેએક વર્ષ થયાં ડા૦ બરજોર પંથકી સાથ દોસ્તી પડી હતી. બરજોર તેની 'કલબ'માં રમવા જતો અને ત્યાં કાંઇક દરજ્જે ખુવારબી થઇ ગયલો હતો. પણ કેકાઉસને ત્યાં પેલું ચાઈચાઈવાળું પુતળું—ધન—હતું, એટલે છેલ્લે છેલ્લે તો બરજોર એ લોકને ત્યાં રોજનો પરોણો થયલો હતો.

બેઉ જણા દમ રૂંધીને અકસ્માતની જગ્યાભણી દોડયા. હે ઇશ્વર ! ખરેખર એક ભયંકર હોનારત બનેલી હતી—એક પેસેનજર ટ્રેન એક માલની ગાડી સાથ અથડી પડવાથી

ધમસાણ થઇ ગયલું હતું. કેકાઉસ ને બરજોર ત્યાંની બીચયારી અને ધાંધાટ વચ્ચે ઘલકવારમાં આવી ઉભા. કેકાઉસના પરથી આગે ૫૦ વારને છેટે રેલવે લાઇન પર આ આફ્ત વરસી હતી.

ઓ! શું તે કમકમાટભર્યો દેખાવનું વર્ણન કરે! એક ભયાનક રેલ્વે અકસ્માત વેળા શું થાય છે તેની કલ્પના કરતાં આપણને કંપારી છુટે છે તો આ દયાજનક સીતમ જોતાં બરજોરને વટીક દીલમાં ધ્રુજરી છુટી. લગભગ ૪૦ કે પચાસ જણાં તદન છુંદાઇ ગયાં હતાં—કેટલાંક અફસોસકારક રીતે જખમી થયાં હતાં—કોઇક—

પણ નહી—આપણે આગળ ચાલીશું નહી. ચોમેરના ગભરાટ અને ધુમાધુમ વચ્ચે એક બાજુ એક ઇંગ્રેજની જવાન છોકરી ઉંધે મસ્તક જમીનપર તુટી પડેલી હતી. એક ફાનસની મદદ વડે બરજોરે તે જવાન આકાર ઉપર છેક વાંકો વળીને જોયું. નાડી બંધ પડી ગઇ હતી. અરેરે–બીચારી કેવી ખુબસુરત! લાંબા ભરાવદાર કાળા બાલ અને તદન મડમ જેવી ગોરી ચામડી સાથની આ છોકરીને જોઇ બેઉ જણાના દીલમાં રેહમ આવી—

"કેમ? સફ્ઇ થઇ કે હજુ જીવેછ?" કેકાઉસે પુછયું.

"જીવતી હોય તેમ લાગતું તો નથી—કોઇ એનું લાગતુંવળગતું બી નજદીક હોય એમ દીસતું નથી, કેકાઉસ. એકલી મુસાફરી કરતી હોય એમ દેખાયછ."

"આથે શું આ એના હાથમાં એક બેગ છે. જોની, રજોર એ કોથળાપર કંઈ નામ છાપેલું જેવું દેખાયછે. શું —વાંચની."

ડા૦ બરજોરે ખુબ આંખ લાંબીને તે કોથળાપરનું સોનેરી નામ વાંચ્યું—"**મીસ લીલી પેસતનજી મેહતા.**"

"શુઉં ! ગુલી પેસતનજી મેહતા ?" કેકાઉસે અજબ થઇ પાછું પુછ્યું.

"ગુલી નહી—લીલી. અરે ! આય તો કોઇ પારસીની છોકરી છે, કેકાઉસ !"

"એ શું બકેછ ?"

"તારા સમ ! જોની આય નામ તુંજ વાંચની."

કેકાઉસ ધબ કરતો ગુડણે તે સુખ્ખી વીનાની છોકરી આગળ બેસી ગયો અને કોથળાપરનું નામ વાંચ્યું.

"બાઇ જોવ ! ખરેખર !" તે પોકારી ઉઠયો, "આય તો વરી કાંઇ નવઇની વાત છે. પેસતનજી મેહતાની લીલી ! વાહ ! બરજોર, હવે શું કર્યે ?"

"મારૂં માને તો ઉંચકીને એને તારે તાંહ લઇ જાયે, કેકાઉસ. જોઉં કંઇ એને બચાવવાનો ચાન્સ છે ! બીચારી અજબની છોકરી છે. લે, આય એનો હેંડબેગ ને ચાલ ઉંચક, જોઉંછ તો !"

મુંગે મોહડે બે જણા તે ઇંગ્રેજી ડ્રેસમાં સજ થયલી હોશ વીનાની મીસ લીલીને ઉચકીને ઝપાટામાં કેકાઉસને ઘેરે આવ્યા.

પ્રકરણ ૩ જું.

'અરરરર! બીચારી કોઈ નસીબની લીલી છે!"

"મરી ગેઇ? તારી ખાત્રી છે, બરજોર?"

"ખાત્રી છે. બીચારી કહારની ગુજરી ગેઈછ."

"અરે પણ એને કેથે વાગેલું તો જણાતું નથી. એને મોહી મોહીબી——"

"ઘણો સખત આંચકો લાગવાથી હાર્ટ એકદમ બંધ થઇ ગયલું લાગેછ. કેકાઉસ, મેં ઘણી સંભાળથી તપાસી—કંઇ જરાબી ચાન્સ નથી. પલ્સ નહી મળે ને 'રેસપીરેશન' બીલકુલ નથી. દોસ્ત, હવે ફાંફાં ના માર! એ છોકરી જીવતી નથી."

"અરે તારૂં સત્યાનાસ થાય! એવી બલાગત કાંહથી મારે નસીબે આવી ચોંટી? બેવકુફ, એ મરી ગેયલી હતી તો એને ઉંચકીજ શું ધુર મુકવા લાયો?"

"તાંહ અંધારામાં શું જણાય, યાર? તું એમ ચીયરાં શું ફારેછ? બીચારી એ રમકડાં જેવી પોરી જીવથી ગેઇ તેથી મારો તો જીવ બરેછ—"

"પણ ઇડીયટ! હવે એને કાંહ લઇ જઇ નાખું? નકામી વણ ખાધાની મોરચી થઇ!" કેકાઉસ ખરે અને ફફડીને બોલ્યો. "આય એનો સામાન બધો માણસો અહીં ઉંચકી લાયાછ તેનો શું રસ્તો? એ કાંહ પીરા!"

ડાકટર બરજોરે સેજ મુછમાં હસીને પોતાનું કપાળ લુછયું.

"હવે તારે ગમે તેમ ફફરી ચટકીને વાજ વર, પણ તેથી એ કાંઈ પાછી જીવતી થવાની નથી," તે આસ્તેથી બોલ્યો. "હવે મુગો મુગો આજે રાતના તો એને અહીં નાંખી મુક, કેકાઉસ, ને કાલે સવારે પોલીસ સટેશનપર ખબર આપી તારે માથેથી આપદા કાહરી નાખજે. ચાલ, હું તો હવે જાઉંછ. રાત થઇ ગેઇ."

આટલું બોલી ડા૦ બરજોર ઝપાટામાં ત્યાંથી નીકળી ચાલ્યો. થોડોવાર કેકાઉસે કપાળનો ચીહલો ચઢાવી સોફાના કોચ ઉપર પડેલી તે કમનસીબ છોકરીના ઉજળાં સપ મોહોડાં ગમ જોયા કીધું. ખરેખર આ નકામી બળા પોતે હાથે કરીને માથે ખેંચી લીધી તે વીચારથી કેકાઉસ જેવો રમતો પંખી અંધરખાનેથી ઘણોજ મુજાતો હતો.

'લીલી મેહેતા મરેરે!" તે હોઠ પીસીને બબડયો, "ચોખ્ખો ફસાવ્યો! હવે પોલીસ ને બીજાઓ ગરબર સરબર કરતા અહીં સુંઘારા લેવા આવશે. એ કાંહની કાંહ પંચાતી હું મારે તાંહ લઇ આયો. એક તો ધનનો મીજાજ ગેયલો છે. બરજોર એને તપાસતોતો તેટલાં મારી સાથ બાથોબાથ મરછ કે એ પારકી પીરા ઘેરમાં શું કામ લાયા? બરજોરેબી એને મારે નામે ફપરાવી, તે હવે રાન વીછનની કાની મારીપર છેરાઇછ! ધન, ધન!—કાંહ ગઇ? ધન!"

તુરત પાસેનું બારણું ખોલી ધન અંદર પોતાના બાપ સામે આવી ઉભી.

"શું કેહોછ !—એમ બુમ શાની મારોછ !"

"ધન, આવતો મરી ગેયલી છ ! નબોદ જાય એનું હવે શું કરીયે !"

"જાઇને માથું કુટો, મને શું પુછોછ !"

"કેમ, કેમ ! વરી છેકજ ફાટી કે !"

"તો બીજું શું વરી ! તમે રોજને રોજ મુઇ નવી નવી વેઠ ઘેરમાં ઉંચકી લાવો ને પછી મને પુછવા બેસો કે શું કર્યે ! હું શું કરૂં ! મારૂં તોડકું ! હું તો છેકજ ઉબરી ગેઇછ તે જાણો હવે મને કંઇ ના પુછો."

"તારેથી હું બેજાર થયો, ધન ! અરે ઘેલી—જો, આય તો કોઇ પારસીની છોકરી છે. કોઈ પેસતનજી મેહેતાની છોકરી થાયછ. હું મકુંજે કંઇ નવું જાણવાનું મળે ને તેમાંથી કંઇ ખાટવાનું મળે તેથી એને અહીં લેઇ આયો—"

"પારસીની છોકરી છે ? એ શું બોલોછ !"

"ખરૂં કેહુંછ. જો આય કોથરાપર નામ વાંચ. સબુર, એ કોથરામાં કંઇ વધારે વીગતો હોશે. જોની, એના ગજવામાં એ કોથરાની કંઇ ચાવી બાવી છે ? જા દીકરી, હોય તો લઇ આવ."

ધનની જીજ્ઞાસા હવે જાગી હતી. જરા ભાર ચપામણી કરી તેણી લીલી મેહેતા પડેલી હતી ત્યાં ગઇ અને તેણીના પેટીકોટના ખીસામાંથી એક કુંચી ખેંચી કહાડી.

કેકાઉસે ઝટ તે કોથરો ઉંઘાડી અંદરના કાગજ્યાં બહાર ટેબલ પર પાંથર્યાં અને એકએક પછી અેકેક રફતે રફતે



જેમ જેમ કેકાઉસ આગળ વાચતો ગયો તેમ તેમ તેનાં ડોળા આંખના ખાડામાંથી તણાઇને બાજુ બાહાર નીકળી પડવા લાગ્યા.

(જાુવો સફો ૧૯ મો.)

વપાસતો ગયો. લીલી પેસતનજી મેહેતા તે વળી કોણ હશે તે જાણવાની આતુરતામાં ધનજી પાસે હાંસ જેવી ડોક તાણતી ઉભી રહી.

"ઓહો, આય તો કંઇ લગનની સર્ટીફીકેટ છે! પેસતનજી જમનજી મેહેતા તે લુસી વેરનર સાથે.' હત તેરીકી! લુસી તે આય લીલીની માય દેખું. અરે, આય શું—અહી લુસીનો એક ફોટોગ્રાફ્બી છે. પછવારે પોતાનું નામ લખેલું છે, જોયું કેની? ને આય કાગજ્જું શું? કંઇ ગુજરાતીમાં લખેલું દેખાયછ, કદાચ કોઇ પાસ લખાવીને પોતે સહી કીધી હોશે. જો, વાંચુછ તે જરા સાંભળ."

એક ખંખાર મારી કેકાઉસે તે કાગજ ધીરે ધીરે સંભાળથી વાંચવા માંડયું. કાન ઉંચા કરીને ધન સાંભળતી હતી. જેમ જેમ કેકાઉસ આગળ વાંચતો ગયો તેમ તેમ તેના ડોળા આંખના ખાડામાંથી તણાઇને જાણે બહાર નીકળી પડવા લાગ્યા અને કપાળ પર પરસેવાનાં મોટાં જાડાં ટીપાં ફુટવા માંડયાં. જેમ જેમ લખાણ આગળ વાંચતો ગયો તેમ તેમ તેનો સાદ ઘોઘારી બનતો ગયો અને ધનના કપાળપરથી કરચલી વળવા માંડી.

અરે! એવું તે આ બાપ દીકરીએ શું વાંચ્યું કે બેઉ જણને આમ તાણતોડ થઇ આવતી ગઇ? કેકાઉસ શું વાંચતો હતો તે જરા આપણેબી સાંભળ્યે:—

"હું લુસી વોરનર મારાં મોતના બીછાનાપરથી - મારી પુર શુધ્ધીબુધ્ધીમાં આ નીચલુ એકરારનામુ લખી જઈ મારી એકપુરી દીકરી લીલીને સોંપી જાઉ છું કે તેણી મારાં મરણ પછી તેનો ઘટતો ઉપ્યોગ કરે. કરનલ વોરનરની હુ દીકરી થાઉ છુ. મારી સાથ બંગાળમાં એક દેખાવલા પારસી નામે પેસતનજી અમનજી મેહેતાને ઓળખાણ પડી અને તેણે મને ફુસલાવી લાલચ દેખાડયાથી અમે આજથી ૨૨ વર્ષની વાત ઉપર ખ્રીસ્તી ધર્મ મુજબ દેવળમાં લગ્ન કર્યાં. મારાં લગ્નની સર્ટીફીકેટ આ સાથ હું મારી લીલીને સોંપી જાઉં છું. લગ્ન પછી મારા બાપે મને બીલકુલ ઓવારનીવાર કરી નાંખી અને મારા ધણી પેસતનજીના કુટુંબી તેની કુ ચાલને લીધે તેને પોતાથી બીલકુલ દુર કરી અલગ રાખ્યો. એટલુ છતાં પેસી મારી સાથ પાચ વરસ રહ્યો. અમારે તાહ એકજ બચ્ચુ થયું અને તે આએ મારી દીકરી લીલી નસીબની એ લીલીને લાયકનુ નામ એના બાપેજ આપ્યું છે પાંચ વરસ પછી એક દહાડો અચબુચ મારો વર પેસતનજી મને અને પોતાની છોકરીને તજી દઈ કેથે ગેપ થઇ ગયો તે આજની ઘડી સુધી ગુમ થયો છે અને પાછો ફર્યો નથી. તે જીવતો છે કે મુએલો તે હું જાણતી નથી, પણ જો જીવતો હોય તો તે બેહયા આદમીના દીલમાં જીગર નથી, પણ હું કહું છું કે એક પથરો છે. મને મારા બાપીકાં છાપરાંમાંથી રવડાવી આએ ફુલ જેવાં પોતાના એકપુરાં બચ્ચાંને કાંઈ ભવીષ્યના આશરા વગર રવડતું નાંખી ચાલી જનાર તે એક માણસ નથી, પણ એક ખવીસ છે. પેસતનજીના જવા પછી મેં મારા કરડા પાજી

બાપને ફરગરીને ઘણાબી કાગલો લખ્યાં, પણ તે ઉખેડાયા વગર મને પોસ્ટમાં સઘળાં પાછાં મળ્યાં. પેસતનજીના બાવા કરાંચીમાં એક માતબર શેઠ્યા હતા, પણ તેવણેબી મને અને લીલીને એક દમડીબી પુછવા સાફ ના પાડી બસ, હવે મારી મગરૂરી મારે આડે આવી ને મે મારા પોતાના બલાપર મુસતાક રહી વધારે વાર કોઇના બુટ નહી ચાટવાનો ઠરાવ કીધો મારામાં પણ એક ફરંગી સોલજર બચ્ચાનું લેહી દોડતુ હતુ મારી તાકાત ચાલી તાંહ સુધી ગવરનેસ તરીકે મારી જીંદગી પટકીને અર્ધો રોટલીપર ગુજારો કરી, મારી લીલીને ઉછેરી. બંગાળમા મે ઘણાક પારસી ઘરોમાં નોકરી કર્યોથી ગુજરાતી લખતા બોલતા ને વાચતાં મને સારૂ આવડે છે. લીલીનેબી મે ગુજરાતી શીખવ્યુ અને પંદર વરસનુ તેણી ગુલાબ થતાજ મેં તેણીને ગવરનેસના ધધાએ લગાડી. પણ અફસોસ ! હવે હુ પટકાઇ પડી છું અને મેં કાંઇ બચાવ્યુ નથી હવે જયારે મોત મારી સામે ડોળા ઘુરકે છે ત્યારે આએ બધુ હું લીલી પાસેજ લખાઉં છું કે જેથી એ છોકરી પોતાની બધી હાલત જાણે અને પોતાના બપાવાના દયાપર પાછો હક પુગાડે. મારા બાવા તો ગુજરી ગયા છે, પણ લીલીના બપાવા બમનજી મેહેના કરાંચીમા લખોની દોલતના ધણી છે અને તેવણને પેટે પેસતનજી સીવાય બીજું કોઇ ફરઝંદ નહી હોવાથી તેવણના તમામ દોલતની હકદાર વારસ આએ મારી લીલી એકલી છે. સારે નસીએ લીલીના બપાવા બમનજીની સઘી જે મારા વર પેસતનજીના કબજામાં હતી તે અને બમનજીએ પોતાના છોકરા પેસીપર એકવાર લખેલુ

લંબાણુ ગુસ્સાભર્યું કાગલ મારી પાસે રહી ગયું છે તેબી લીલીને હું આપું છું કે તેથી પોતાનો દાવો પોતાના બપાવાને ત્યાં પુરવાર કરે. લીલી મજાહનું પારસી બોલી જાણે છે તેથી એને ઘણી અડચણ પડશે નહી. કમનસીબે મારી પોતાની પાસ પેસતનજીની સબી નથી. પેસતનજી સબી પડાવતો હતોજ નહી. પણ તોબી લીલીને પોતાનો હક પુરવાર કરવાને મુશકેલી પડવાની નથી. મારાં લગનની સર્ટીફીકેટ અને પેસ તનજીપર બમનજી મેહેતાએ લખેલું કાગલ, પેસતનજીના પોતાના હાથનુ મારી ઉપર લખેલું એક બીજુ કાગલ એ સઘળાંથી બમનજી મેહેતા સંતોષ પામી આએ નીર્દોશ બચ્ચાંને તેણીનો હક આપશે તો મારૂં રૂહ પેબી દુન્યામાં શાંતી પકડશે. ભલે એવણુ પેસતનજીને આવારનીવાર કરે, પણ આ મારી લીલીએ કશો ગુનાહ કીધો નથી.

પેસ્તનજી લીલીને પાંચ વરસની મુકીને જતો રહયો છે તેથી લીલીના ધ્યાનમાં પોતાના બાપની સુરત રહી નથી. તેમજ લીલીના બાપ તરફના સગાંઓએ લીલીને કોઇ દહાડે જોઇબી નથી છતાં મરતી વખત હું એને સઘળી વીગતો અને આચરયાં આપી કરાંચી મોકલું છું—પછી તો એ છે ને એનું નસીબ. લા•

સાક્ષી — લુસી વોરનર

રેવરંડ હીલમેન — ઉર્ફે લુસી પેસતનજી મેહેતા.

અને ડાકટર કરેકપ.

કેકાઉસે વાંચવું પુરૂં કર્યું કે તેણે ધમણુની કાની કાંપવા માંડયું. અડધી મીનીટ સુધીમાં તે કાગળયું પકડીને તે તરસા બલદયાની કાની પોતાની દીકરી ધન ગમ ધુરકવા પડયો.

"કરાંચીના બમનજી મેહેતા!—બાઇ જોવ! ધન, ધન, એ ધાંખરા પાસ પંદર–વીસ લાખનો દલ્લો છે અને આય લીલી તેની વારસ! યા એલાહી? એને કોઇ સગાંઓએ જોઇબી નથી. અને એ અહીં ધપી ગઇ. આહ, મારૂં માથું ધુમેછ, ધન!"

ડોળા ફાડીને ધન પોતાના પીતાના ઉસ્કેરાયલા ચેહેરા ગમ એકકી ટગરે જોવા પડી.

"એટલે, હવે તમે શું કરાવોછ?"

"તુંને કેટલાં વરસ, ધન?"

"ચોવીસ."

"યાહ! પોરી, જો અહીં આવ. તુંને કાંઇ કાનમાં કેહું."

આમ બોલી અચબુચ કેકાઉસે તરાપ મારી ધનનો હાથ કાંઢીમાંથી કકડાવીને પકડયો અને વીકાળ ચેહેરે તેણીના કાનમાં કાંઇ કહ્યું.

એક નાની ચીસ સમેત ધન બે ડગલાં પાછળ હઠી ગઇ.

"એ શું બકોછ બાવા—એમ કઇ થાય?"

"કાંય નહી થાય! તાંહ મારા ઓરડામાં આવ—હું બરાબર સમજાઉ"

આમ બોલી એક ઝનુની ઘેલા આદમીની કાની કેકાઉસ પોતાની દીકરીને ત્યાંથી ઘસડી ગયો.

*   *   *   *

બંધ બારણે ઓરડામાં ઘુસ ઘુસ કરી બાપ દીકરી આસ્સા બે કલાક પછી જ્યારે પાછા બાહેર આવ્યાં ત્યારે ધનની આંખોમાં એક અજબ જાતનો ચમકાટ પેસી ગયલો હતો—અને કેકાઉસના ખવીસ ચહેરાપર બદમાશીનો છાપ બમણો ઉંડો થયલો હતો

"બસ–તું બાકીનું મારીપર છોડ. સવારના છ વાગેની ત્રેનમાં ઉપડી જા, ધન–પછી હું છેઉં ને બરજોર છે! અમે અમારૂં સમજી લેઇશું."

વાંચનાર ! સત્યાનાશીની એ શરૂઆત હતી—જખુન દગલ બાજીનું બુગળું ફુંકાઇ ચુકયુ હતુ

પ્રકરણ ૪ થું.

"ભસ્તે જાઓરે તમે ખાકીનાં થતાં!"

અવકરા ?–એ શું દલદર ચીજ છે !

બાપુજી પંથકીનાં વીધવા અને દીકરીને આસ્તે આસ્તે "અવકરા"નો કાંઇક પહેલવહેલો અનુભવ આવવા માડયો હતો. એક મજેહદાર કોટેજમાં વગર ભાડાંએ રહેવાનું તો મલ્યું—પણ રોજનો ખાધ ખોરાકી, કપડાં લત્તાં, માણસનો પગાર

વગેરે પરચુટણ ખરચ જે દોર બાંધ્યો જોઇએ તે કાંઇ ઝાડપર પાકતો નહી હતો. રંગુનમા તો બેહેસ્તી નવરોજજી દર મહીને સુનાબાઇને રૂપ્યા એકસો મોકલતા તેમાથી કુરૂમ કુરૂમ ત્રણ જણા દાળ રોટલીએ ગાડું ગબડાવતા હતાં. પણ હવે અહીં મુંબઇમાં? નવરોજજી તરફનો દરમાયો અટકી ગયો—બરજોરબી કાગલમા પોતાની બારીક હાલતના રોદરા તાણવા બેઠો—અને દુકાળમાં અધીક માસ!—ખરચમા ખરચ વધારવા આણીમેર સુનાબાઇ તાવે સસરતા ખાટલે પડયાં. વળી પંથકી ખાનદાન પડયું—એટલે જેવાં તેવાં આદલા ગોદલા થઇનેબી રહેવાય નહી! જરા તરા આબરૂ ઇજત સાથ સંસાર ગબડાવવો જોઇયે, નહી તો ખાનદાનના નામને———

ખાનદાન! છાલકા મગજોની એ સીતમગર નબળાઇ! એ "ખાનદાન"ના 'સ્ટુપીડ' મગરૂરી આજે કેટલાં પારસી ઘરોને પાયમાલ કરે છે! ઘરમા બબ્બે આનીને માટે ગમે તેવા અવકરા પડે—પણ તોબી બાહેર "દેખાવ" રાખવા માટે આજે કેવાં કેવાં કુટુંબો પોતાના અસલી "ખાનદાન" (!)ની સંઘરી રાખેલી જર જણસોબી વેચતાં જઇને મોટાઇમા અવત્યાં મારે છે.........છટ, આપણને તે સાથ કામ નથી.

એજ કમનસીબ મોટાઇમાં મરી રહી સુનાબાઇબી વગર વીચારે મુંબઇ પોતાના કોટેજમાં રહેવા ધસી ધામીને આવ્યાં હતાં. પાસે પાંચસો હજારેક રૂપ્યા રોકડા બચાવેલા હતા તે તો રંગુનથી મુંબઇ આવતાં સુધીમાં પાર થઇ ગયા. પછી આવી અસલવારેની શાંતી રાખેલી પોતાની કેટલીક કીમતી

જાણુસોપર ધાડ ! બાપુજીની એક મોટાં પાનાની વીંટી હતી તે કાળબાદેવીના કોઇ ઝવેરીને ત્યાં રતી ૧૩૦ રૂપે વેચી આવી. ત્રીસ દહાડા ભાગ્યે મુંબઇમાં થાય તેટલાં તો આ ૧૩૦ની ચટણી થઇ ગયા ! પછી—પછી શું વળી ? હવે બીજી જાણુસ ! ખરચ કાંઇ ઓછો કરાય ? ખરાબ લાગે !

કોટેજના ઓટલાપર બારણાનાં ઉંબર આગળ એક નીચાં ઇસ્ટાંન પર બેસીને નીચી મુંડીએ રતી ચોખા ચુંટતી હતી. તે છોકરીનાં ગોરાં મોહડાં ગમ મમતાથી જોતાં પડેલાં સુનાબાઇનાં ભેજાંમાંથી એ "ખરાબ લાગવા"નો ધડક ધ્રુજારો ક્યારનો ઘોળાયા કરતો હતો.

" માય, બાવાજીની બાજ કરાવી તેનો હોરમજદારૂનો આંકરો અઠાવીસ રૂપ્યાનો આયોછ તે—"

" હારે મરે—કાહરની હું તેનોજ વીચાર કરૂંછ. મારી પાસ તો હવે વીસેક રૂપ્યા રહ્યાછ ને અરતો આયાનો પગાર આપવાનો છે. હોરાજી પેલી કોરના રૂપ્યાબી નથી આપી ગીયો. રતાં, દીકરી, મારૂં પેલું લુલખનું એરીંગ છે તેનો સારો ભાવ આવે તો કાનજીમલ ઝવેરીને દેખારની—"

રતીનો ખુબસુરત ચેહેરો એકદમ કુમળાઇ ગયો. જોરમાં તેણી ચોખાને અછાડપછાડ કરવા લાગી.

" પણ એમ કાંહ સુધી ચાલશે, માય ?" તેણી અચબુચ ડોકું ઉંચકીને ગમગીન અવાજે બોલી, "એક તો હમણા હીરાનો ભાવ સારો નથી—ને તેમાં વરી ઝવેરીઓ આપુંને ગરજવતાં જોયછ તારે મરી ગીયાઓ એકદમજ તાણી પકરેછ.

તમે બાવાજીની બાજ પછવારે કેટલો નકામો ખરચ કરી નાંખ્યો—"

"આ મરેરે–બેહેસ્તીના દરાન દમશેદબી નહી કરૂં, વારૂ?"

"દરાન દમશેદ! મોટા મોટા થારા ભરીને મેસુર ને કોપરાંપાખ મોકલ્યા તે દરાન દમશેદ થયા કે? ને વરી મોક લ્યુંબી કાંહ—બીખઇજી કાકીને તાંહ ને પલાં મોટઇમાં અથઇ રહેલાં નવલખી વાળાંઓને તાંહ! આપુને તે લોક આંખીને જોયબી નહી ને હલકાં પીનારડાંની કાની દીજે ને તમે તે લોકને મેજના ખુમચા મોકલો! માયજી, કોઇ વખત મને તમારીપર ઘણીજ ચીર આવેછ."

સુનાબાઇના નખાઇ ગયલાં મોહડાંપર સેહજ રમુજનું હસ્વું ફેલાઇ ગયું. "તારા સકાર સાંતેરે, રતન! વરી દુન્યાનો કાયદો હોય તેમ થાય——"

"અરે બરી ગીયો એવો તમારો દુન્યાનો કાયદો! આપરે નકામા એમ અટવઇ મર્યે ને સામ્બા તે બીનાસનાં બોયાંઓ આપરી ગમ હસે—ને તરેહવાર અણકા કરે. હવે બીખઇજી કાકીને તાંહ શું ખોદાએ ઓછું આપ્યું'તું કે તમે ફરટ ને પાપરી મલીદા મોકલ્યા? એ લોકે ઉલટી આપરી મસ્કેરી કીધી હોસે!"

સુનાબઇને આવું "લેકચર" અલબત કયાંથી ભાવે? તેવણ કોર મરડીને ચુપજ પડી રહ્યાં પણ રતી હવે છેડાઇહતી—

"જોવોની તમેજ–આજે મહીનો દાહરો થવા આયો આપરે અહી રેહીયેછ, પણ એક વખત જુઠઇએ આપરી

ખબરબી પુછીછ? આપરે એ લોકનું જરા મોહનુંબી હજુ નથી જોયું. એવાં તે બર્યાં સગા તો કોઇનાજ નહી હોશે! યે—એ બાહાર ગારી કોણુની આવી? કોઇની બે ઘોરાની બરૂમ ગારી છે, માય—ઓ કોઇ બૈરા અંદર આવેછ!—"

હાથમાં ચોખાની થાળી સાથેજ રતી ઝટ ઉઠીને બાહેર બગીચામાં દરવાજાગમ ટીકતી ઉભી. સુનાબઇબા વેહલાં વેહલા ઘોલ્યાપર તરા બેસી સાડી તથા માથુબાનુ સરખું કરવા પડયાં.

દરવાજાપર આવી ઉભેલી રબર ટાયરની બરૂમગાડીનો ભપકો કાંઇ ઓરજ હતો! સોનેરી ફીટની 'લીવરી' સાથના કોચમેન અને બે સઇસોના હાથમા સફેદ ગલવઝ હતાં. બરૂમના બારણા ઉપર ઠઠમાર પાડેલો મોનોગ્રામ જાણે આંખે ઉડી આવતો હતો—બે સફેદ મોટા આસ્ટ્રેલ્યન ઘોડાઓ બસ ધર્યા ધરાતા નહી હતા.

ગાડીમાંથી એક અધેર ઉમરનાં પારસી બાઈ ઘણાંજ 'એરીસટોક્રાટીક' દમામે લટકો કરતાં ધીમે ધીમે બગીચામાંથી ચાલી સીધાં કોટેજ ભણી આવતા હતા. દીલમા કાળી સાડી હતી—પણ આંખે સોનાનો આઇગલાસ હતો અને વાસકુટમાં પોયલો સોનાનો ભારી છેડો બધો ખચખચ થતો હતો.

બીલાડી જેવી આંખ્યો ટાંકીને રતી તો મુગી મંતર એ મોટાં ઘેરનાં અબાઈજી ગમ જોવાજ પડી. જાણે કેવો એક મોટો ઉપકાર કરવા આવ્યાં હોય તેમ તે શેહાણીજી મચ-કાતાં મરડાતાં નાકનું ટીચકું ચઢાવતાં સીડીપર ચઢી આવ્યાં.

ડોકું ઉંચું કરી ઘણાજ ગુમાનથી બાઇ સાહેબે થોડો વાર રતીનું માથાંથી પગ સુધી અવલોકન કર્યું અને તે છોકરીના હાથમા ચુંટવાના ચોખા જોઈ એવું ડાચું કર્યું કે જાણે એવાં જીથરાંપીથરા લોક વચ્ચે આવતાં તેવણને કેવો એક કમકમાટ છુટતો હોય! રતીનુ તો એવું પાકીને પલેઠર થયું કે જાણે ઓય ભડ દઇને મોડા પર કાંઇ કહી દે—પણ જેમ તેમ લોહીનો ગોટ ગળીને પુછયું—

"કોણને પુછોછ, જી?"

"સુનાબાઇ પંથકી અહીં રહેછ કે?"

"હા માય, હુંજ સુનાબઇ," સુનાબઇ જેવણ અંદરથી બેઠેલા હતાં તેવણ બોલ્યાં, "આવો મરં, બેસો—રતા, એવણને ખુરસી આપ."

કાંસી કરાઝીને તરેહવાર આંખના ચાળા કરતા બાઇજી ખુરસી પર આસ્તેથી ગોઠવાયાં.

"તમે મને નહી ઓરખતાં?" તેવણે પોતાનો મઘમઘતો રેશમી રૂમાલ ખેંચી કહાડી પવન, ખાતાં ઘણાજ કાંગલાં કુંગલા થઇને પુછયું.

સુનાબઇએ એક ચીતે તેવણ ગમ એકાદ મીનીટ જોયું.

"કોણ! ભીખઇજી?"

"હા, હું ભીખઇજી પથકી," તેવણે ડોકાંનો ફેશનેબલ લેહકો કર્યો—અને પછી સેહેજ હસ્યાં.

"આ, માફ કરજો, મં–મેં તમુને ઓરખ્યાં નહી. ઘણે દહાડે અમે ગરીબને યાદ કીધાં! કેમ છેઓજી, સારી કાની તો છેઓ ?"

"હાઆઆ–છેયે, સારી કાની છેએ. આય કોણ, તમારી છોકરી કે ?"

"હા માય, એ મારી દીકરી. રતન, તારાં ભીખઇજી કાકીને નહી ઓરખતી ?"

પણ રતીને તો આ ધત્તરનું હાલ્લું જોતાંને વારજ ખુબ ડફ્ફેલ આવવા માંડયાં હતાં. થોભરો ચઢાવી તે તો બસ નીચી મુંડીએ ચોખા ચુટવા પડી. ભીખઇજી ચુંચી આંખ કરીને પોતાની આ ઠસ્સાબાજ ભત્રીજી ગમ ધારી ધારીને જોવા લાગ્યાં. તેવણ જેવાં મોટાં માણુસ મળવા આવે ને આય ભીખારડી તરકડી દુકતી "ડોન્ટ કેર" કરીને ચોખા સાથ ફાંફાં મારયાં કરે ! એ તે કેવી બેઅદબી !

"આપરે ઘણે વરસે મળયાં" સુનાબઇએ વાત આગળ ચલાવી, "હું તમુને મળવા આવવાની ઉતી પણ મારી તબીયત—"

"નહી આયાં તે સારૂં કીધું" ભીખઇજીએ રોંહસામાંજ ઉત્તર દીધો. "હમણાં મારે તાંહ રોજ કોઇના કોઇ સારે સારે ઘેરના વીઝીટરો આવેછ—ને અવારનવાર 'એટ હોમ્સ' થાયછ ને મનેબી કોઇ કોઇ દહારે મારા યુરોપીયન ફ્રેન્ડોને તાંહ 'કૉલ' કરવા જવું પરેછ. ફેન્સી ફેરમાં સ્ટાલ રાખવા લેડી નોર્થકોટ તે દાહરે મારૂં માથું ખાઇ ગેઇ. મેં તારે

કહ્યું કે 'વારૂં બેડી નોર્થકોટ હું જોવસ. તેથી મકુ જે, સુના બાઈ, તમે મારે વાંહે મળવા આવતે તો મને ફુરસદથી નહી હતી—"

"હા—ને આપુને જોઈને એવણુને સરમથી ઘણી લાગતે!" રતી અચણુચ વચમાં મોટેથી બોલી પડી, "માયજી, આપરાં જુટ જુના કેની તે એવણુના બંગલાની બોંય મેલી થઈ જાય——"

"રતાં!"

"નહીરે, હું તો અમસ્થી બોલું છ, માયજી. આપરી પાસે સોજ્જાં કપડાં નહી તે એવણુના મોટે ઘેરના ફ્રેન્ડો વચ્ચે જઈયે તો તે લોકનાં દીલને ડાઘ બાઘ લાગે——"

"બસ, ચાલ—ચુપ રેહ,!" સુનાબઈએ અકળાઈને બુમ પાડી, "બીખઈજી એ તો નાદાન બચ્ચું છે. રાન સવભાવની આકરીજ રેહી ગેઈ!"

બીખાઈજીએ પાછો આઇ ગલાસ નાકપર બરાબર પકડી ઉંચી ડોકે રતી ગમ જોયું. જો તેવણુનું ચાલતે તો જરૂર રતીને પોતાનાં માણુસો પાસ ઉંચકાવી કુવામાં ફેંકાવી દેતે—પણુ તુર્ત વેળા તો તેવણુ તેણીનાં સફેદ ધટમારાં મોહોડાં ગમ ધીકકાર તોરસ્કારથી જોયા કરવા સીવાય વધુ કાંઇ કરી શક્યાં નહીં.

"અં—એ કંઈ વાસણુ બાસણુ ઉંજારવા કેથે જાયછ કે!" સુનાબઈને પુછયું.

રતીના હોઠ ઉપર એક ઘણોજ કરડો જવાબ ફફડતો હતો—પણુ તેણીનાં માયના કકડાવેલા ડોળા જોઇ તેણી મુગી રહી ગઇ.

"નહીરે વાય—વાસણુ ઉજારવા કોહ જાય?—એમ શું બોલોછ?" સુનાબાઇબી હવે જરા ફફડી પડાયાં.

"તો શું છે? એના બાપની દોલતમાં તે વરી કીયા કીરા પરેછ. લાવોની કેથે દશ વીસ રૂપીએ રાંધવા સીધવા જો ચાકરી રહેતી હોય તો હું ભરભલામન કરૂ—"

"નહીંજી—માફ કરો. રતાં, જા માય, બીખઇજીને વરે જરા ચાહે——"

"નહી, હું તો આજે તમારી સાથે અહીં મરાવા આવીછ. મારાં સગા તરીકે આય ઓદલા ગોદલા અવતારે મારા "પેલેસ"ની આટલાં નજદીક તમે રેહો—ને મને તો સોસાયટીમાં ફરવા હરવાનું——"

"માયજી, હવે એવણુ જાય તો સારૂં! ડાકટરે તમુને ઉંઘાઇ જવાની ઘણી મજબુત તાકીદ કીધીછ."

સુનાબાઇએ પોતાની છેડાયલી દીકરી ગમ ગુસ્સાથી ઘણુાબી ડોળા કહાડયા, પણ હવે રતી તો ચોખાનો ખુમચો બાજુ મુકી પોતીકી કાકીની સામે આવી કમરે બે હાથ ટેકવી ખડી ઉભી હતી.

બીખઈજીએ આ રણુપર ચઢેલી છોકરી ગમ એક પલક વારની નજર ફેંકી.

"સમજ્યોછ કે સુનાબાઇ?" તેવણે હવે તરડાઇને સુના-બાઇપર ધસારો કર્યો. "મારી બરાબર તમે લોક એમ આવા સકારે રેહો તે મને નથી ગમતું. હા—ખરી ખંખારીને હું તો કેહી દેઉંછ. આય સુઘલા નગરની પોરીને શું હું મારી ભત્રીજી તરીકે સોસાયટીમા ઓરખાઉં કે? તમે અહીંથી ખાલી કરીને કેથે દુર રહેવા જાઓ તો સારૂં—તમુને રંગુન-વેરથી અહી સુધી ધસરાઇ આવવનું કામજ નહી હતું. લાવો, તમુને સારૂં ભારૂત અપાઉં—તમે કેથે કોટ તરફ—"

"જી, અમારાં કામની વચ્ચે માથુ મારવાની તમુને કંઈ જરૂર નથી." રતીએ ખુબ તણાઇને ઉતર વાળ્યો, "હવે માયજી તમે પોહરી જાઓની—"

"ઉભી રેહ, રતન; એ શું ચેરાં કાહરેછ!" સુનાબાઇએ ગભરાઇને રતીને ધમકાવી, "ભીખઇજી, અમે તો અહીંજ એકાંતમાં ગગરી રહેવા માંગીયેછ—ને સોસાયટી બોસાયટી-નોબી અમુને અભખરો નથી. પણ ઘેરમાં સઉ કેમ છે,—સારી કાની તો છે? તમારો દીકરો કેમ છે? હું રંગુન ગયલી તારે મેહેરજીને તો મેં નાહ્લો બુચો જોયલો."

ભીખઇજી હળવેથી ઉઠી ઉભાં થયાં. તેવણનાં મોહડાંપર એક જાતના તીરસ્કારનો અને શકનો છાપ ફરી વળ્યો હતો.

"મારો મેહરજી સારી કાની છે." તેવણે રોહસાથી જવાબ દીધો, "હવે તો પચીસ વરસનો માટીડો થયો. આંજીયો જરા દેખાવલો છે તે બધી મોટે મોટે ઘરની દુકતીઓ એની પછવાડે વળખાં મારેછ."

"વાહ—શુગરાના ! હવે એને પરણાવી અદરાવી આપો."

"હા—એની માસીની દીકરી જરી મારે તાંહ અમારી સાથેજ રહેછ તેની સાથ એ પોર્યાને ઘણું સારૂં છે ને જરાંબી એનીપર ખુશખુશ છે. એ હમણા ઘણોજ રોકાયલો રહેછ તેથી તમુને મળવા આવી નહીં શકશે———"

"ને અમુનેબી મળવાની ફરસુદ નથી." રતી લાલલાલ થઇ તરડાઈ પડી. તેણીની ધીરજ હવે તદ્દન ખુટી ગઇ હતી. કાકીનાં ભેજાંમાં સત્તર ખાડી રાઇ હતી તો ભત્રીજીના માથામા બરાબર એકસો સત્તર હતી

"સુનાબઇ, આય દુકતીને સંભાળો—નહી તો કોઇ દહારે માથે ચહડી બેસશે. શીયાન સલુક જરા શીખવો—છેકજ ઓતરી ગેઇછ !—ચાલો હુ જતે."

આટલું બોલી બીખ્બઇજી ઘણાંજ મીજાજમાં પીઠ મરડીને રતી ગમ જરાબી જોવા વીના ઠસ્સામાં ચાલી ગયા. તેવણનું વસણાયલું મોહડું ખરેખર જોવાજોગ હતુ,

અને રતી ? યા ખુદા ! તેણીનો ગુસ્સો સુનાબાઇપર કેમ ખાલી થયો તે લખવા કરતાં વીચારીજ લેજો.

પ્રકરણ ૫ મું.

"મારો બાપીકો હક લેવા હુ આવીછ—હું લીલી પેસ્તનજી મેહેતા !"

કરાંચીના માતબર શેઠયા બમનજી મેહેતા ગુજર્યાને આજે માસીસો થયો છે—અને 'ટેરેસ હોલ'માં તો સઘળું વગે

સગેબી થઇ ગયું છે. ભોંયતળીએ એન્ટી-રૂમમાં ચાર જણા સાંજને છેડે એજ મરહુમની બાબદમાં ગોફ્તેગો કરતાં રોકાયલાં છે. તેઓને, વાંચનાર, જરા તારે ઓળખવાં પડશે.

રૂસ્તમ મુગાશેઠ—તે મરનાર બમનજી મેહેતાનો ભાણેજ—કુટુંબના સોલીસીટર ધનજીશાહ દીવેચા સાથે વીલની વાત કરવામાં કયારનો મશગુલ છે. રૂસ્તમના માય નવાજબાઇ અને રૂસ્તમની નાની બેન દીનું ધનજીશાહને માટે સોડા, આઇસ વીગેરેની મેનીજ કરવામાં ગુંટાયલાં છે

નસીબવત જવાન રૂસ્તમ! છત્રીસ વર્ષની તરૂણ વયે તે પોતાના શ્રીમત મામાનો વારસ થયો છે—જાતે પોતે શોભઇતો અને જીવે મોજીલો છે—એટલે કરાંચીની ફેશનેબલ "સોસાયટી" તેની ઉપર આજ કાલ મરી ફીટે છે. લગ્નના બાઝારમાં રૂસ્તમ માટે 'બીડ' બમનજીના મરણ પછી એકદમ કેટલીક ડીગરી વધી ગયલી છે.

"રૂસી," ધનજીશાહે કહયું, "ગેઇ કાલના 'કરાંચી સમાચાર'માં બમનજી શેઠની જીંદગી સબી સાથે છપઇછ તે વાંચી કે?"

"હા,—કાંય?"

"બધું તો ઠીક લખ્યુંછ—પણ ભલા આદમીઓએ પેલા પેસીને વાસ્તે ચીત્રી મારીને બધું ડોહરં કીધું."

"કેમ—એમાં ડોહરં શું થયું?" રૂસ્તમે મુછને વીચારમાં વળ દેતાં થોડે વારે આસ્તેથી પુછયું.

"તો, યાર, વીસ વરસની વીસરઇ ગયલી જુની વાત પાછી ખણી કાહડવાનો એ લોકને શું સબબ ઉતો? તમારાં કુટુંબની એક આગલી કમનસીબ કાહણી આખાં જગમાં ટોમ–ટોમ થાય તે મને પોતાને જાણે નથી ગમતુ. કેમ નવજબાઇ. ખરૂં કેની?"

"એવું તે શું લખ્યું છ! કંઇ આપુ લોકને ખરાબ લાગે તેવું તો નથી લખ્યું કે? મેં કંઇ વાંચ્યું નથી," નવજબઇ જરાક ગભરાઇને બોલ્યાં.

"ઉભા રેહો, માય" રૂસ્તમે જવાબ આપ્યો, "તે આપરે હમણા વાંચ્યે. જા, દીના, મારા ઓરડામાં ટેબલપર તે ન્યુસ પરેલું છે—જરા લઈ આવ, જોઉછ તો."

દીનું ઝડપમાં જઇને 'કરાંચી સમાચાર' લઇ આવી. રૂસ્તમે તે ધનજીશાહના હાથમાં મેલતાં અંદર બ્લુ પેનસીલે માર્ક કરેલી એક આર્ટીકલ ઉપર આંગળી મેલી.

"લેવો, ધનજીશાહ, જરા તમેજ માયજી સાંભળે તેમ મોટેથી વાંચો. આય શરૂઆતમાં બીજો તીજો ભાગ મામાની જીંદગીને લગતો છે તે છોરી દેવો—બસ અહીંથી પેસીને વાસ્તે લખ્યું છે તેજ જરા વાંચો. માયજી, ધ્યાનથી સાંભળો, હં!"

ધનજીશાહે સોડા વીહસ્કીથી ગળું ભીંજવી ખુલ્લા અવાજે વાંચવા માંડયું—

"પણ સહુથી અગત્યનો ભાગ તો મરનાર મી૦ બમન

જીના એકપુરા દીકરાના સંબંધમાં છે. આ છોકરો નામે પેસ્તનજી નાનો નીશાળ્યો હતો ત્યારથીજ પોતાના પીતાને બહુ ત્રાસ દેતો હતો. તે સ્કુલમાંથી નાસી જઇ લફંગી સોબતમાં રખડતો એક વાર પોતાના બાપની કબાટ જુઠી કુંચીએ ખોલી અંદરથી રૂ ૫૦૦ ની નોટો ઉઠાવી જતાં તે પકડાયલો હોવાથી તેમજ બીજી ફેરી તેના કબજામાંથી કોઇ મોટા ઝવેરીને ત્યાથી ચોરાયલી હીરાની વીટી પકડાઇ આવવાથી બમનજી આ વુઢ્ઢાની છોકરાથી બહુજ ચોંકયા હતા સઘળી ધાક ધમકી અને શીક્ષા રદ ગઇ. પેસી વધારે બગડતો ચાલ્યો, અને પોતાની ઇઝતને ખાતર બમનજી પોતાના એક પુરા વારસને જાહેરમાં ઉંબાડો પાડવાને અચકાયા કીધા. તેવણે ગુપચુપ વર્ષો સુધી પેસીની નેકનામીઓ છુપાછુપ પતાવટ સમજાવટથી દાબી નાખ્યા કરી. પરીણામમાં વીસેક વર્ષનો થતાં પેસી જેટલો જુગારી, જેટલો અનીતીવાન તેટલોજ ઉડાઉ નીકળ્યો અને બદમાશ મીત્રોની સંગતમાં આડે રસ્તે ફાટી મારવાડીઓને કોરી ચીઠી લખી આપી ધુમ કરજ કરવા માંડયું——"

"ઓ વાય!" નવજબાઇ નાખુશીથી મોહ કુમલાવી બોલી પડયાં, "એવા આપરા ખાનગી કુટલા છાપી દેવાની શું અગત ઉતી? મુવા નુસવારાઓનેબી ખરેખર છાપવાનું નહી મળે ત્યારે એમ ભરતીયુ કરે."

"જરા સાભળો તો ખરાં—હજુ તો આગળ ઘણું છે—"

ધનજીશાહે ન્યુસપેપરમાં ડાકુ બોસા બાઇનો હેવાલ વાંચવા પાછું શરૂ કર્યું—

"વાત એક દહાડો છેકજ બેહકી ગઇ. બમનજી પર એક દહાડો અચણુચ પેસીનુ કલકતેથી કાગલ આવ્યું—— દીકરાજીએ બાપને ખબર લખી હતી કે તે કલકતામાં કોઇ કરનલ વોરનરની ઇંગ્રેજ છોકરી સાથે શાદી કરી ચુકયો હતો! મી૦ બમનજી અસલી વીચારના હતા—તેવણનું દીલ બસ હવે તદનજ તુટી ગયું. પેસીને માફ કરવાને તેવણે હવે સાફ ના પાડી. પેસી થોડા દહાડા રહીને મળવા આવ્યો ત્યારે તેવણુ પોતે તેને મળયા નહી, એટલુંજ નહી—પણ તુરત ઘર છોડી જવાને તે છોકરાને તેવણે માણુસો પાસે હોકમ મોકલ્યો. ફરીથી કુટુંબના કોઇએબી પેસીનું નામ નહી લેવું એવી સખત તાકીદ તેવણે સર્વને કરી ત્યાર બાદ પેસીના અને તેની પરણેતરના સખ્યાંબંધ કાગજો આવ્યા, તેબી સર્વ ઉઘેડયા વગર ટપાલમાં પાછાં વાળી દીધાં. વર્ષ એક દહાડો એ પ્રમાણે જવા પછી બમનજીના કુટુબીઓની જાણમા પકકે પાયે આવ્યું કે પેસીની મડમ ઔરીએ એક બેટીનો જન્મ આપ્યો હતો ગુસ્સાના આવેશમાં બમનજીએ આ બચ્ચાંનુંબી મોહ નહી જોવાના સોગદ ખાધા આ સોગંદ તેવણે મરણની ઘડી સુધી પાળ્યા. લગભગ બાવીસ વર્ષનો ગાળો આમ વચમા નીકળી ગયો. એ દરમ્યાન પેસીની કે તેના બચ્ચા છોકરાની કશીબી ધનનસલ જણાઇ નહી. પણ અંતની ઘડીએ બમનજી મેહેતાનું હૈયુ ડખવા લાગ્યું. તેવણે પેસીને મરતી વખતેબી માફ નહી કીધો—પણ પોતાના એકપુરા દીકરાના બચ્ચાંને વારતે તો તેવણ છેલ્લી ઘડી સુધી વટવટયાજ કીધા કે પેસી ગમે તેવો ગુનેહગાર હોય—તેમાં

એનાં નીરદોશ બચ્ચાંનો શું વાંક ! તેવણે પોતાનું વીલ બનાવ્યું. તેમાથી પેસીને તદન રદબાતલ કરેલો હાલ સંભળાય છે—પણ પેસીના બચ્ચા યા બચ્ચાંઓ જો મળી આવે તો તેઓનો દાવો કાયદાપુર્વક પુરવાર થવે તેઓનો બાપીકો હક આપવાને વીલમાં સાફે સાફ ફરમાવેલું કહેવાય છે. જો પેસીનુ ૃચ્ચુ યા બચ્ચાઓ ત્રણ વરસની મુદતમાં નહીજ નીકળી આવે તો બમનજીની તમામ દોલત મીલકતનો એકલો વારસ તેવણનો જવાન ભાણેજ મી૰ રૂસ્તમ મુગાશેઠને ઠરાવવામાં આવેલો કહેવામાં આવે છે ''

ધનજીશાહ મોર્લાસીટરે વાચવુ પુરૂ કીધા પછી ગભીર ચેહેરે ન્યુસપેપરને વાળી એક બાજુ મેલ્યું.

"ખચીત !" તેવણ ધીમે અવાજે રૂસ્તમ ગમ જોઇ બોલ્યા, "પેસીની નાલેશીની વાત નકામી ગામમાં એ લોકે ફેલાવી બાવીસ વર્ષ સુધી એ પેસી ને તેના બૈરી છોકરાનો પત્તો નથી—તો હવે એ જુની પુરાણી બાબદને તાજી કરવામા શું સાર હતો ? લે રૂસ્તમ,–આય તારી સલામતી ! તારા મામાનો વારસ તુને બનતાં અટકાવવા હવે કોઇ—કયું ભૈયા, કયા હય ?"

"સાબ, નીચુ કોઇ મેમ સાબ આયે હય," ઘરના એક હમાલે અચબુચ ત્યા આવીને સલામ કરતા ખબર આપી "આપકુ મીલને ચાહતી."

"કોઇ મડમ મળવા માંગેછ !" રૂસ્તમે અચરતીથી કપાળની કરચલી વાળી પુછ્યું "એ વરી કોણ છે ? દેખો હમાલ કોન હય—અન્દર બુલાવ !"

હમાલ બાહેર ગયો અને એક મીનીટમાં એક જુવાન દેખાવળી ઇંગ્રેજી બાઇ પુર હીમતથી સઘળાંઓની વચમાં આવીને ઉભી

"જી—બમનજી મેહેતા અહીં રેહછ? મને તેવણુને જરા મળવાનું છે"

યા ખુદા! આ શું એક મડમ બોલતી હતી કે એક પારસણ! તદન સ્વચ્છ પારસી ઉચ્ચારે ઉપર પ્રમાણે આ ગોરી મડમ બાનુને પુછતા સાંભળી રૂસ્તમ તો ઠડાક દેતો કે ઉઠીને ઉભો થયો ધનજીશાહ વીહસ્કી પીતા પીતાં અચકીને ચાકૈસ જોવા આ નવી આવનાર સ્ત્રી ગમ ટીકવા પડયા— અને નવજબાઇ તેમજ દીનુબી ઇંગ્રેજી લેડીના પોશાકમાં સજ થયલી આ ઓરત ગમ એક ચીતે જોવા લાગ્યાં.

"કોણ?—કોણને પુછોછો?" રૂસ્તમે ગુજરાતીમાંજ બોધારી સાદે પુછયું

"મારા બપાવા મી૦ બમનજી મેહેતાને વાસતે પુછુંછ," પેલી મડમે નચીંતાઇથી જવાબ દીધા, "તેવણ કાહં છે?"

"તમારા બપાવા! બમનજી મેહેતા!! અરે—પણ તમે પોતે કોણ છેઓ—તમારૂં નામ શું?" ધનજીશાહે હવે ઉભા થઇને અજાયબીથી સવાલ કર્યો

"મારૂ નામ? મારૂ નામ મીસ લીલી પેસ્તનજી મેહેતા!—હું મારો બાપીકો હક માગવા આવીછ." તે છોકરી મજેહથી એક ખુરસી ઉપર ગોઠવાઇને પોતાની મોટી ટોપી કહાડતા બોલી, "બહારથી મારો સામાન અંદર મંગાવશોજી?"



"જી—બમનજી મેહતા આહીં રહેછ? મને તેવાણુને જરા મળવાનુ છે"
(જુવો સફા ૪૦ મો.)

પ્રકરણ ૬ ઠું.

"કેવો શોભઇતો—કેવો ભલો! એ કોણ હોશે?"

બીખઇજી કાકી મરેરે એમના એમ! માય દીકરીનો જીવ એવો ઉચાટ પાડીને તેવણ ચાલી ગયાં કે બીજા બે દહાડા સુધી રતો તો ગુંગસ જેવી થઇને ઘરમાં ફર્યાં કીધો. એક તો રોજ ઉઠીને રૂપ્યા રૂપ્યાને વાસ્તે મુંજાવાનું ને તેમાં વળી આ ટેહકરાઇ હેકરાઇનું ધરકું ખોખું ગરીબ સગાઓનો ઘેર બેઠાં ઘરો લેવા આવ્યું!

રતીની દાળ તદન બળી ગયલી હતી—પણ તેથી કાંઇ સાર્થક થયું? એમ જીવસે ફફડી ચટકીને વાજ વળવાથી નાણું પેદા થતું હોય તો દુઃખ શેનાં છે? ના—એકેક દહાડો પથ્થર જેવો નીકળતો ચાલ્યો કે પૈસાની મારામાર વધતીજ ગઇ. સુનાબઇના પેલા લુલખના એ રીગપર પહેલાં તો બધી ધાડ આવવાની તૈયારી હતી—પણ પછવાડેથી તે વાઆર બદલી રતીના ગળામા કાળો રીબને બાંધેલી સોનાની લાકીટ પર તવાઇ આવી. આ લાકીટ કાંઇ નહી તો ખાસ્સી અઢીસોથી ત્રણસો રૂપીઆની હશે ઉપર બીલીયાનના કચ્ચયા જડેલા હતાં—અને એક સુનાબઇના લગનની વખતે બાપુજીએ તેવણને તે કીમતી દાગીનો ભેટ કરેલો હતો

અફસોસ! જયારે સાજને વખતે રતી ભાડેની વીકટો-રીયામાં બેસી આ પ્યારી જણસ પુરષુમલ ઝવેરીને ત્યાં વેચવા લઇ ગઈ ત્યારે તેણીની આખ્યોમા પાણી આવી ગયલા હતાં. તોપણ અંદરથી પોતાના બાવાજી અને માયજીની સબાઓ

કહાડી લઇ તેણીએ તે લાકીટ એક સેટીનના બાકસમાં મેલી અને ભારી જીગરે ગીરગામ ખાતેની ઝવેરીની મોટી દુકાનમાં દાખલ થઇ.

"કેમ રતનબાઇજી, વળી પાછા તમો પધાર્યાં ? પાછું કાંઇ કાંઇ બીજુ નંગ કહાડી નાખવું છે શુ ? આ શુ, હાથમાં કાંઇ લાવ્યાં છો."

ઉપર મુજબ બોલનાર દુકાનનો મુલતાની માલેક ઝવેરી પુરણમલ હતો. રતી અગાઉ ત્યાં એકબેવાર કામ પાડી ગયલી હતી એટલે દેખીતી રીતે આ કેગીબો તે ઝવેરી આમ લગાર ઓળખાણથી વાત કરતો હતો.

રતીનાં મોહડાપર એક જબરદસ્ત શોબરો ચહડેલો હતો. પોતાની માનીતી લાકીટથી જુદી પડતા તેણીના જીવપર જાણે આવતું હતુ. તેમા ખાસ કરી પુરણમલ ઝવેરીની બાજુમા ઉભેલા એક જવાન પારસી ગ્રહસ્થને સોજા એસકી કપડામા ઉભેલો જોઇ એ છોકરીનુ મુહ મોત થઇ ગયુ. અજાયબીને મારે મોટા ડોળા કહાડી તે જવાન સોવામણો પણ નમાણો દેખાવનો પારસી ગ્રહસ્થ રતીનાં મોહડાગમ એકકી ટગરે ટીકયા કરતો હતો. રતી અને તે જવાનની આખ્યો એકાદ બે પળ સામસામી મળી અને આ ખુબસુરત છોકરીના ગોરા ગાલ ઉપર શરમથી એકદમ લોહી ધાઇ આવ્યું.

આ નવી આવેલી જવાન બાનુની ગુચવણ જોઇ પેલો પારસી જવાન્યો લાયકી સાથ તે જગ્યાએથી ખસી દુકાનમાં લગાર છેટેથી આમતેમ ફરવા લાગ્યો. તેણે જોઇ લીધું કે આ બાઇ પુરણમલ સાથ કાંઈ ખાનગી વાત કરવા માંગતી હતી.

પણ ખાનગી વાત શું કરે ? પુરણમલ તો પેલી લાકીટનો દાબડો ઉઘાડી અંદરની જણસને ખુબ બારીકીથી તપાસી મોટે મોટે બોલવા પડયો—

"છે. કાંઇ ઓઓ દમ નથી. સોનાનો ભાવ હમણા જરા પડતો છે—અને કરચીયા તો સમજયા ! વળી એનો દાર વાંટલો શેનો કરો છો ? હમણા રહેવા દોને. પાછળથી સારો ભાવ આવે તેવારે——"

"બસ, મને વધારે ટકટક નથી જોઇતી. મને એ વેચવીછ. એની શુ કીમત આવશે તે મને ફકત કહેવા," રતી લાલચોળ થઇને લગાર ગુસ્સાથી તણાઇને બોલી પેલા પારસી જુવાન્યાના દેખતા આ ઝવેરી એમ ભાગરો વાટવો હતો તેથી તેણીને જાણે ભોય ભારી પડી ગયલી હતી. તેણી પુરણ મલ તરફ જોઇ જોઇને આમ બોલતી હતી, પણ કાન તો પેલા જવાન શોભઇતા ગ્રહસ્થની તરફજ ખેંચાયલા હતા.

"તમે કહાડીજ નાખવા માગો છો ? તો ઠીક—લેવો, ૬૦ રૂપીઆ આપીશ"

"૬૦ રૂપીઆ ! કઇ બોલતાં શરમ આવેછ કે ? વરી છેકજ કેમ ચકાસી ગીયા ? એની અસલની કીમત જાણોછ કે ? ૩૦૦ રૂપીઆનો એ દાગીનો છે હમણા અમુને રૂપીઆની જરા જરૂર છે તેમાં કહાડયેછ નહી તો—"

'તે હશે, બાઇ. પણ મારે એ હમણા નથી જોઇતી કોઇ બીજે ઠેકાણે બતાવો." પુરણમલે હસીને ઉતર દીધો

રતીએ જોયું કે આ વાર પુરણમલ પેલા જવાન પારસી ગમ જોયા કરતો હતો. રતી તેને જોઇ શકી નહી, કારણ કે તે તેણીની પીઠ પછવાડે ઉભેલો હતો. રોંહોસામાં તે લાકોટ દાબડામા મુકી પાછી ચાલી જવાનો રતી હજી તો મનસુબો કરે છે તેવામાં પુરણમલ જેની ચમરી તુટે પણ દમડી નહી છુટે તે એકાએક મોટેથી બોલી પડયો—

"અરે એમ કોપાયમાન શું થાવો છો, બાઇ ? ચાલો બોલો તમુને શું કીમત જોઇયે છે ?"

"હું તો હરોસો રૂપીઆ લેવશ"

"હરોસો તો નહી, લેવો બસો ગણી આપુંછું બસ, આય એકજ વાત. ખુશી હોય તો નોટ ગણી આપુ."

એક બે મીનીટ રતીએ જરા આનાકાની કીધી ત્યાં ઉભુ રહીને હોરાજીની માફક પેલા જવાન ગ્રહસ્થના દેખતાં પથણુ કરવાનુંઆ ઠીક લાગતુ નહી હતુ

"ઠીક છે, લેવો મને રૂપીઆ ગણી આપો ચાલો મને વખત થાયછ," તેણીએ પુરણમલના હાથમાં તે દાબડો મેલતાં બીજાજથી કહયુ

પુરણમલ ખાનામાથી નોટ કહાડીને ગણતો હતો તેટલાં રતીને પાછળ ફરીને નાચી મુડીએ અહીં તહીં આસનેથી ફરતા પેલા પારસી જવાન ગમ જરાક ઉડતી નજર નાંખવાની તક મળી ખુલ્લી રીતે તે કોઇ પઇસાદાર મોટે ઘરનો નબીરો હતો. પુરણમલ ઝવેરી સાથ તેને ઘરોબરો હોય એવું સાફ

દેખાતું હતું. કારણ તે માથાપરનો ફેંટો બાજુએ મેલી મજેહથી ધીમી સીસોટી મોહડેથી વજાડતો ઝવાહીરોના કેસીસો વચે બેપીકર આમ તેમ લેહરે લેહરે ફરતો હતો. તે ડોક નીચી કરીને ચાલતો હતો તેટલાં રતીને કાંઇ સેહેજ ખ્યાલ આવ્યો કે મખ્ખીચુસ પુરણમલ ૬૦ રૂપીઆપરથી એકદમ ૨૦૦ રૂપીઆ એક ઝપાટે આપવા કબુલ થયો તેવારે આ જવાન પારસીની ગમ ધારી ધારીને જોતો હતો તેમાં કાંઇબી ભરમ હોવો જોઇયે. પછવાડેથી તે પારસીએ પુરણમલને કાંઇ ઇશારત તો કરી નહી હોય? પણ વધુ વીચાર કરવાનો રતીને વખત મળે તેટલાં પુરણમલે નોટોનું એક નાનું બંડલ લાવીને રતીના હાથમાં મુકયું. ઝડપમા તે ગણી લઇ તે છોકરી બારણા તરફ જવાને ફરી.

"રતનબાઇજી, તમારૂં નામ હું જાણું છું," પુરણમલ મોટેથી બોલ્યો. "બાઇની આખર મને ખબર નથી. જો આપને કાંઇ અડચણ નહી હોય તો——"

"મારી આખર સાથ તમુને શું કામ?"

"ના ખાલી પુછુ છું. હું મકુંજે કોઇ સારો ઘરાક નીકળી આવે તો બાઇને કંઇ જણસ બણસ વેચવાની હોય તે વારે તમને કયાં પુછવા આવું? તમારૂ ઠેકાણું કયાં, રતનબાઇ?"

"વોરડન રોડપરના નાનાં 'કલીફટન કોટેજ' માં-પંચકી પેલેસની પાસે. તાંહ હું ને મારાં માયજી રહીયેછ. કંઇ કામ હોય તો બસ રતનબઇને નામે પુછાવજો."

આટલું બોલી રતી ત્યાંથી ચાલી ગઇ. બારણા આગળ પોહોંચતાં તેણીની આંખ્યો કુદરતી રીતે પાછી પેલા સોહવામણા પારસીની ઉપર પડી. એક ખુણામાં ઉભો રહી તે જવાન એક ચીતે તેણીની ગમ જોયા કરતો હતો.

વાચનાર, રતી ત્યાંથી ગઇ પણ તેણીની છાતીમાં કેવી લાગણી ધડક ધડક થતી હતી ! એક તો પોતાની માનીતી લાકીટ ગઇ ને બીજું તો પેલો ભલો, નમાનો, શોભઇતો ચેહરો ! ઘર પાછું ફરતાં ગાડીમાં આખો વખત રતીના મગજમાંથી બસ તે ચેહેરો ખસ્યો નહી. એ કોણ હશે કોણ? કેવો ભલો ! કેવો શોભઇતો !

આણીમેર જેવી રતીની ગાડી દુકાન આગળથી હંકારી ગઇ કે પેલા જવાન પારસીએ એક ઉંડો દમ ખેંચી પુરણમલને બાજુમાંથી પકડયો.

"માઇ ગુડનેસ !" તે જવાનીનાં ખરાં જોસથી બોલી ઉઠયો. "પુરણ, આય લેડી કોણ છે?"

"હું શું જાણું, ભાઇ! એક બે ફેરી કામસર આવીતી ત્યારે રતનબાઇ નામ આપ્યું હતું, પણ આજે હમણા ઠેકાણુ આપ્યું તે સાંભળ્યું નહી !"

"બીચારી કોઇ તંગ હાલતમાં દીસેછ. કેવી રમકડાં જેવી પુતળી છે, હં! પુરણ, સારૂં થયું કે તેં મારાં ડોકાંની ઈશારત સમજીને બીચારી પાસથી લાકીટ વેચાતી લઇ લીધી, નહીતો કેવી દલગીર થઇને જતે ! ચાલ લાવ, આય દાબરો આપ. હું લઇ જાઉંછ. કાલે તુને ચેક મોલી આપશ"

આમ બોલી તે લાકીટનો દાબડો ગજવામાં મેલી પેલો પારસી જવાન ગ્રહસ્થ દુકાનમાંથી બાહેર પડયો અને બાહેર ઉભેલી પોતાની ડાગકાર્ટમાં બેસી હકારી ગયો.

* * * *

આખી રાત બેકરાર બીછાનાપર રતીએ તખલ તખલ કર્યાં કીધી. એ તેણીને વળી શું દરદ લાગી ગયું હતું ? વાત હસી કહાડવાની તેણીએ ઘણીએ તજવીજ કીધી, પણ વ્યર્થ ! આવી આવીને પેલા જવાન પારસી ગ્રહસ્થની વખાણથી ભરપુર આંખ્યો સામે આવતી અને જાણે તેણીને પાછી ટીકયા કરતી હતી. તે પારસી વીશે એક હરફ વટીક રતીએ પોતાની માને હજી કહયો હતો નહી.

સવારના નાસ્તા ઉપર મા દીકરી બેઉ જણા મુગાંમંતર વીચારમાં ગમગીનજ બેઠેલાં હતાં. ૨૦૦ રૂપીઆ તો વાત કરતાં પાછા ઉડી જશે અને તેના બદલામાં હીરા જેવી લાકીટ જતી રહી ! સઉ કરતાં રતીનો જીવ તે માટે ઘણોજ દલગીર થઇ ગયલો હતો. નાસ્તો સેહેજ ઉપરથી ચુંથીચબડીને રતી ઉઠવા જાય છે કે એક પોસ્ટમેને લાવીને એક રેજીસ્ટર્ડ કરેલુ પારસલ ટેબલપર મેલયું. ઉપર માત્ર નીચે પ્રમાણે સરનામું કરેલું હતું:—

બાઇ રતનબાઇને

કલીફ્ટન કોટેજમાં પુગે,

વારડન રોડ.

રતીએ ઝડપમાં રીસીટપર સહી કરી આપી પોસ્ટમેનને જવા દીધા પછી તે પારસલ અચરતીભર્યાં કમાનદાર ભવાં સાથ ઉઘાડયું. ઉપરનું કાગળ ઉખેડતાંજ તેણીથી એક મોટી ખુશાલીની ચીસ પડાઇ ગઇ. અંદર પેલો પ્યારો સેટીનનો દાબડો આબાદ એમનો એમ મુકેલો હતો અને અંદર અનામત પેલી લાકીટ ગોઠવાઇને પડેલી હતી.

તે કોણે મોકલયો હશે! લુચ્ચી છોકરી! તેણીને બધુ બરાબર સમજ પડતું હતું. પણ મીંઢી મસકલી થઇને પોતાની મા આગળ એકબોલબી તેણી બોલી નહી. એટલુંજ નહી પણ સુનાબાઇએ જયારે ઘણું ખતીખતીને કહયું કે પુરણમલને ત્યાં જઇને ખબર કાહાડવી ત્યારે તેણી હસ્તે મેહાડે છણુકો કરી પડી.

"બલા જાણે મારી! મને શું એટલી પરી કે પુરણમલને પુછવા જાઉ? તેની ગરજ હોય તો આપુને પુછતો આને એમ હલકી પરવા હું તો તાંહ નથી જવાની, માય. તમારે જોઇયે તો તમે જઇને પુછી આવો"

પ્રકરણ ૭ મું.

"બુલબુલ! તારી આમદે તું બાહાર લાયું ગુલશનમાં."

સવારની ઠંડી હવામાં 'કલીફટન કોટેજ'નો નાનો કમપાઉંડ ઉગતા સુરજતળે કેવો ખીલી રહયો છે! ઘાસ ઉપર રાતનો પડેલો ઝીણો ઝીણો દવ હજી તો પુરો સુકાઇ રહે તે આગમચ

પરોઢયાનું એક પ્યારૂં પંખેરૂ બાગમાં ગોઠવાઇ ખુશાલ જીવે પોતાના તુરંગોમા ક્યારનું મશગુલ છે. રતી પંથકી ત્યા એક બાજુએ લાકડાંની બાસટી ઉપર તીલીની કોર ટાંકતી બેઠેલી છે—અને તેણીનો મનોહર મુખડો જોઇ ચલ્યાંઓ ભી જાણે ગેલમાં આમતેમ ઉડાઉડ કરી રહયાં છે સાતેક વાગ્યા હશે પણ રતીની સવારની આ જંજાળ તો અરધો કલાક આગમજની શરૂ થઇ ચુકેલી છે.

ગઇ પરમ દીને પેલી લાકીટ પાછી પોસ્ટ મારફતે ઘેર બેઠાં આવી તેનો નહી કાંઇ વધારે ખોલાસો મળે—નહી તેનો કાંઇ સાર મળે. અરે ! પેલા પારસીને એટલી બધી—

"અરે ! કોણ છે—ઓ—કોઇ માણુસ હય ! જલદી આવ !"

કલીફ્ટન કોટેજના બગીચાને નાકે લીલોતરીવાળા વેલાએ ભરાયલી વાડની પેલી બાજુ વરલીના રસ્તાપરથી ઉપર પ્રમાણે અવાજ એકાએક રતીના કાને આવી અથડયો. એ ઘડી ચમકીને તેણીએ કાન ઉંચા કરી સાંભળયું—

"હલ્લો, હલ્લો !—કોઇ માણુસ નથી !—ઓ માઇ !"

હાથમાંની કોર ઝટ પાસે મુકી દઈ રતી ઠડાક દઇને હવે ઉઠી ઉભી થઇ. બે—આય શુ ! ખુલ્લી રીતે દુઃખને મારે કોઇ શખ્સ માટે ત્યાં મદદ એમ બુમ મારતો હતો. સપાટ બરાબર પગમાં પહેરી તેણી એક નાની છોકરીની પેઠે ત્યાં દોડી.

ખરેખર—રતીની અટકળ ખરી હતી. વાડની પેલી બાજુ રસ્તા ઉપર એક બાઇસીકલ જમીનદોસ્ત થઇને પડેલી

હતી અને તેની પડોશમાજ કોઇ જવાન પુરૂશ ખુબ દરદને મારે કાંસતો અને હાથની ખેંચતાણ કરતો પડેલો હતો.

રતીએ એક પલકારામાં જોઇ લીધું કે તે અભાગ્યા આદમીને એક ખરાબ અકસ્માત થયો હતો નજદીકનાં કોઇ ઝાડ સાથ બાઇસીકલ અથડી પડવાથી તે આખોને આખો ઉડી જઇ પેલીમેરના ખેતરમાં જઇને અફળાયો હતો અને મશીન તો બધું મરડઇ ચરડઇને ખુરદો થઇ ગયલું હતુ

"ઓ માયરે!" પેલા સાઇકલીશ્ટે અત્યંત કળવાઇને પોતાના સાંધા છુટા કરતા બુમ પાડી, "અરે જરા કોઇ મારે વાસ્તે પાણી લાવો!–મને ઘણું વાગુછ. આય કંબખત ઝાડ મેં નહીં જોયું. એ કોણ છેતો! જાવો— જરાક કેથેથી ગાડી મંગાવો."

ગરીબ બીચારો! જમીન ઉપર તેને આમ તાસવીસમા તફડતો જોઇ રતીના દીલમા લાગી આવ્યુ અસલથીજ તે એક નરમ દીલની છોકરી હતી તેમા ખાસ કરી આ ઇજા પામેલો શખ્સ દેખઇતી રીતે કોઇ ઇંગલીશ ડ્રેસમાં રાજ થયલો પારસી જવાનયો હતો એટલે રતી તુરત તેના માથા આગળ ગુડણે બેસી ગઇ,

"જી, તમુને ઘણું વાગુંછ કે!—ઓ!—કોણ!—તમે—તમે—"

"રતનબઇ!"

એક ઘાયલ થયલો ચીત્તો પોતાના શીકારીને જોતાં જમીનપરથી ઝટક મારીને જેમ ઉછળી ઉભો થાય તેમ ભોંય ઉપર અફળાઇ પડેલો સાઇલીસ્ટ એક ભુસકા સમેત ઉઠીને



રતીએ·એક પલકારામા જોઈ લીધું કે તે અભાગ્યા આદમીને એક
અકસ્માત થયો હતો. (જુવો સફા ૫૦

ખડો થયો. રતીબી એક નાની બુમ સાથ ઉઠી ગઇ પેલો જવાન પારસી એકગમથી પોતાનો હાથ દાબતો જઇ બીજી ગમથી મોહ ફાડીને રતી ગમ ટગર ટગર જોવા પડયો—

"જી, એકસકયુઝ મી—પણ મેં તમુને—તમુને—અગાઉ જોયાંછ. તમે પુરનમલ ઝવેરીને તાહ આયાતાં'ની ?'

રતીના ગાલોપર ઓચીતો જુસ્સા સમેત રંગ ધાઇ આવ્યો કુદરતી રીતે તેણીની આખ્યો જમીનપર નીચી થઇ ગઇ યા પરવર ! આ ધણી અહીં!—લોકીટ છુપાછુપ ગાછી મોકલનારો આ ભલો માણુસ અહીં ! એકાએક તેણીના જીગરમ કાંઈ એવી ખુશાલીના ઠોકા લાગવા માંડયા કે જવાબ દેવાને પણ તેણીના હોઠ ઉપડયા નહી. પેલા સાઇકસ્ટે તેણીના દીલની અંદરની લાગણી બરાબર વાચેલી હોવી જોઇયે, કારણ કે પોતાના સાધાઓમા થતી કળતર છતા તે સેહજ મુછમા હસ્યો.

"માફ કરજોજી, મેં તમુને ઘણી તસ્દી આપી મને જરા પીવાનુ પાણી મળશે ? મારા ડાબા હાથમા ઘણી પેન મારેછ."

"તમને ઘણુ વાગું હોય તો બંગલામાં આવોની—મારાં માયજી અંદર છે," રતી ગુચવાઇને જરા ઝીણા અવાજે બોલી "જરાક ચાહેબાહે લેવોની."

"નહી, થેંકસ. ચાહે તો નહી— પણ જરા પાણી આપજો. આપો હું અંદર આવુછ કઇ નહી, મારેથી મજાહનું ચલાશે. થોરા વારમાં હું તો હુસ્યાર થઇ જવશ."

આટલું બોલી તે જવાન ખોડાતો ખોડાતો પોતાનો હાથ દાબતો ઘણોજ ધીમે રતીની સાથે કલીફ્ટન કોટેજના કંપાઉંડમાં ચાલ્યો ખરેખર તે બીચારાને બહુ સખત વાગ્યુ હતુ, કારણ રતીએ જોયું કે તે દર બે ત્રણ પગલે લપેરા ખાતો હતો. રતી જ્યા કોર ટાંકતી બાજઠી ઉપર બેઠેલી હતી તે જગ્યાએ આવી પુગતાં પેલા જવાનથી આખરે નહીં જ ટકાયું —એકાએક ઝોકો ખાઇ તે ભટ દેતો કે ત્યાં બેસી ગયો

"કંઇ નહીં, બીહો ના," તેણે રતીને લગાર ગભરાયલી જોઇ નરમાશથી કહયુ. "જરાક મને દમ ખાવા દેવો તમેબી અહી બેસાનીજી. હુ ધકમા ને ધકમાં 'ફુલ સ્પીડે' જતોતો કેની તે આય વચમા ઝાડને નહી જોયું —ઓહો! આય શું? તમે કોર ટાંકતાં અહીં બેઠેલાં ઉતા કે?"

"હાજી"

"એટલાં જલદી! વાહ!–તમે ઘણા મેહેનતુ છેવો! એ કોર કોણને વાસ્તે? તમારા પોતાને સારૂં કે?"

"નહીંજી—એ કોર તો વેચવાની છે."

"વેચવાની છે! એ શું બોલોછ? કોણને વેચવાની છે?"

રતીના હોઠ ઉપર ગમગીની નીરાશીનું એક વીચીત્ર હસ્વું પથરાઇ ગયું.

"હોરાને વેચવાની છેજી. અમે ગરીબ માણુસ એમજ ગુજરાન કર્યે."

"હેં! તમે લોક તાહરે સીવી સાંધીને પુરૂં કરોછ! હંમેશ એવુંજ કામ કરોછ કે! વોટ આ પીટી! ચાલો,

તમારાં માયજીને જરાક મળું. મારાં મશીનમાં તો પંદર વીસ રૂપ્યાનું કામ નીકળ્યુ છ. એક વીકટોર્યા ગાડી કોઇ પાસ મંગાવશોજી? ઘણુ દુર મને જવાનું નથી—'પંથકી પેલેસ' અહીથી પાંચ મીનીટના રસ્તાપર આવેલો છે."

વર્ષીકંપનો એક નાનો આચકો પગ તળેથી જાણે લાગ્યો હોય તેમ રતી ભડકીને ઉઠી ઉભી થઇ.

"શું-કાંહ,-તમુને કાહ જવાનું છે?"

"પથકી પેલેસમાં. હુ ને મારા માય બીખાઇજી તાંહ રહીયેછ—પણ તેમા તમે એટલા અજબ કાય થાવોછ?"

આહ! રતીના ચેહરાપર અચબુબ જે છાપ આ છેલ્લા જવાબથી ફરી વળ્યો તેનું વર્ણન કયા લીટીમાં થઇ શકશે? અત્યાર તુલીક ખુશાલીથી ખીલી રહેલુ તેણીનું મોહડુ એકદમ ઉતરી ગયું અને તેણીની આંખમા પ્રકાશી રહેલો હરખનો ચમકાટ એક સપાટે ઉડી ગયો રોમાલ કહાડી તેણીએ સહેજ પોતાનુ મોહડું લુછ્યું.

"તમે પથકી પેલેસમાં રેહેવોછ? તારે તમે—તમે—તમારૂં નામ શુ જી?"

"ઓ આઇ બેગ યોર પારડન! મેં તમુને હજી મારૂં નામ નથી કહ્યુ કે? મારૂં નામ મેહેરજી પંથકી હું જાણુ કે તમે મને ઓરખતાં હોશો—અમુ લોકને આય લતાપર એકકે એક જણ ઓરખેછ. પણ તમારૂ નામ શું? તે દાહડે તમે પુરનમલને તાંહ તમારૂં નામ રતનબાઇ આપ્યું તે હું જાણું છ—પણ—પણ—"

"અમારૂ આખ્ખું નામ ને ઓખાર જરાક હમણા અમે લોક બહાર પાડવા નહી માંગતાં. જરા અહી બેસજો હું—હું મારા માયને બોલાવી લાવું"

આટલું કહી ડઘાયલા મેહરજીને જરાબી બોલવાનો વખત આપવા વગર રતી સપાટાબંધ ત્યાથી પીઠ ફેરવીને કોટેજમાં દોડી ગઇ

મેહેરજી પચકી! તે તો અજાયબીથી ફાટીને બસ આખો ઉઘાડી આ અજબ કીસમની પુતળી ગમ એક ચીતે જેવાજ પડ્યો આહ! કેવુ ખુબસુરત, નમાનુ, શોભતું રમકડું! ઘણીબી જવાન નારીની સાથ મેહેરજી સમાગમમા આવ્યો હતો. પણ આ સોહામણી સુન્દરીએ તેના જીગરપર જેવી ઓચીંતી અસર કરી મેલી હતી તેવી અત્યાર સુધી કોઇબી છોકરી કરવા પામી ન હતી મેહેરજીની છાતી ધડક ધડક થતી હતી તે પોતાની કબતર અને દુખ બધુ ભુલી ગયો અરે એ છોકરી કાણ હતી કોણ? એમ છુપા નામે રહેવાની અને ફલદેસરી કરવાની બાચારીને શી જરૂર પડતી હશે? જેમ તેમ લગડાતો લગડાતોબી તે ઉઠ્યો અને બગલામા ચાલ્યો.

મેહેરજીને થોડીજ ખબર હતી કે અન્દર સપાટામા દોડી જઇ રતીએ પોતાની માયને આ અસાધારણ પરોણોની આવવાની ખબર આપી, સખતમાં સખત તાકીદ કરી હતી કે પોતાનું નામ તેને જરાંબી જણાવવું નહી. જેવો તે સીડી પર ચહડ્યો કે સુનાબાઇ લગાર કુમળાયલે મોહડે વરંડાપર આવી ઉભાં.

"આવોજી, આવો! તમે પરી ગીયા તેથી ઘણુ વાગુ કે? બલા જાણે! જા,રતા, જરાક એવણને વાસ્તે ચાહ લઇ આવ—ને આયાને એક વીકટોરીયા બોલાવવા મોકલ"

"મને ચાહ નહીં જોઇયે, જરાક પીવાનું પાણી આપશો' મારે હવે જવું જોઇયે માયજી જો જાણશે કે મને એકસીડંટ થયા તો આઠેક દાહરા સુધી બબેડ કર્યાજ કરશે સાઇકલ અહીંયા મુકી જાઉ છ, પછી મગાવી લેવશ. તમારી દીકરીનું નામ રતનબાઇ હુ જાણું છઉ, પણ તમારૂ નામ શુ? હુ મારા માયને તમારે તાંદ 'કાલ' કરવા મોકલશ—પણ એવણને તમારૂ નામ શુ કેહુ?"

સુનાબાઇ અને રતી એક બીજાનુ મોહ ટીકવા પ ચા શું કીસમતનીબી કરામત હતી! મેહેરજી—જવાન મેહેરજી પડયા—ચાલ્યો ચલાવ્યો તેઓને ત્યા કેવા સંજોગો વચ્ચે આવ્યો! જરૂર હવે મગરીમા અટવાઇ રહેલા બાજીજી એમ માનશે કે મા દીકરીએ આ પરસાદ? પતા પોરીયાને પસરાવી લીધો! રતીની આખ્યો બસ એ ખ્યાલના ચટકારીજ ચમક ચમક થતી હતી. તબીએ વળી પાછી સુનાબાઇને ઇશારત કરી હતી કે તેઓ પોતે ગરીબ હતા તેનો મેહેરજીને જરાબી સંસારો પડવા દેવો નહીં.

"તમે લોક હમણાં નવાંજ આય કોટેજમા આવી રહેલા હોશો?" મેહેરજીએ પાણી પી રોમાલે મોહડું લુછતા પાછું પુછ્યુ, "મહીના એકની આટપર તો આય કોટેજ ખાલી પડેલુ ઉતુ. માફ કરજો હ પણ તમારૂ નામ શું?"

"મારૂં નામ સુનાબાઇ, બા—તમારા માયને નકામી તસદી ના આપતા——"

"અરે નહીરે—તસદી શાની ! હુ જરૂર માયને કહેવશ કે તમારે તાંહ અહીં મળવા આવે હું કેહું તેમ કરવા એવણ કભી ના નહીં કેહ. હું ઇચ્છુ છ કે આપરા લોકની વચ્ચે દોસ્તી વધે ચાલો હવે હુ રજા લઉ છ ગારીબી આવી" તે ઉઠતા ઉઠતા બોલ્યો. "માફ કરજો હું રતનબાઇ તમુને મારે લીધે ઘણીજ તકલીફ પરી—સાહેબજી હુ જાઉં છ સુનાબાઇ માય"

"હા બા, આવજો મહૂં"

મેહેરજીન લઇને વીકટોરીયા હંકારી ગઇ કે સુનાબાઇએ ગમગીનીયા ડોકુ ધુણાવ્યુ.

"કેવો મજાહનો છોકરો છે!" તેવણ નીસાસો નાંખી અને બોલ્યા. "કેવો લાયકીવાળો છે! રતા, તારી કાકી જો જાણશે કે એ આપરે તાહ આવી ગીયો—"

"પણ શુ કામ જાણે? એવા મોટા લોકની આગળ આપરે જઇયેજ શું કામ! મે એનું નામ જાણ્યું તાહરથી એને કોહું નહી આપ્યુ તે જોયુ કેની, માય? આપરે એ માય દીકરાઓને એવા દુર ને દુર રાખશુ કે કોઇ આંગળી બતાવીને એમ કહેજ નહી કે આપરે પૈસાવાળાં સગાંઓના બુટ ચાટીયે છ. પણ—માય—"

"કાંય. રતી?"

"હું ઇચ્છુંછ કે આય મેહેરજીને મેં પેલી વાત નહી કેહી દીધી હોતે!"

"કેઇ વાત?"

"પેલી કોર વેચવાની હવે એ આપુને કેવો દીશે? મેં હોરાની વાત કહી તાહશેજ એણે નાકનુ ટીચકુ ચહરાવ્યુ."

પ્રકરણ ૮ મું.

"ઓ! મારી દીકરી!"

સોફા કોચ ઉપર અળેટાઇને ડાક્ટર બરજોર "ગ્રંગુન ટાઇમ્સ" વાચવામા ચકચુર હતો. સવારના દશ વાગી ગયા પણ તોબી નાહી ધોઇને નાસ્તો કરી લઇ પોતાના 'ગઉડસ' પર નીકળવાનો તેને હજી ઉર્જમ આવતો નહી હતો. બસ જીવ ઉદાસ. મન બેચેન હતુ ગઇ કાલના બનાવોથ તેના સરખા નખાલસ માણુસનુ દીલબી બેદીલ બની જ દગીના માયાથી તેને નાસુરાદ બનાવી ઘરમા આજે ગાંધી મેલ્યો હતો.

કુચવાદને ન્યુઝપેપર બાજુએ ફેકી દદા કાદા બબડેલા આપ સાથે તે ઉઠતા જાય છે કે બાહેર ઓટલાની સીડીપરથી કોઇના ભારી પગલા સપાટામા ચહડી આવતા તેને કાને પડયા

"બરજોર-બરજોર! કાહ છે—તુ અંદર છે કે?"

બરજોરે સેહેજ મોહ મચકાવ્યુ. પેલા કમબખ્તીના કાસદ કેકાઉસ મુલ્લાનો એ સાદ હતો. સવારના પહોરમાં એ ધરણુ વળો કયાથી ફુટી નીકળયુ? તે કાંઇબી જવાબ આપી

શકે તે અગાઉ કેકાઉસ મુલ્લાં ઘસારા બંધ ઓરડામાં ચાલી આવ્યો અને ધપ કરતો બરજોરના પગ આગળ બેસી ગયો.

"આઇ સે! બધો છબરડો થઇ ગયો, યાર પેલી તો પાછી સાવધ થાયછ! જરા, આવની દીકરા——"

"એહ! આજે એમ શું ઘેલા કાહડેછ!"

"નહી, તારા સમ! આજે સવારના ૭ વાગે એ પરેલી ઉતી તેની આગળથી પસાર થતો'તો તેટલાં જરા દીલવાનો સંસારો મને જણાયો હુ ખરેખર બીધો' જરા ધ્યાનથી વાકું વરીને તપાસી તો—મારા બાપ'—જરા જરા ચમબો ચાલતો મને લાગો બ જોર, મારા તો દાંત ગગરી ગીયાછ.'

"અરે, એ તું બકછ શું? તુ કોણની વાત કરેછ તે તો જરા બરબર કહે—એમ અકરાઇ ગભરાઇ શાનો જાયછ"

"વરી વાત કોણની કરે? પેલી— પેલી લીલી મેહેતાની તુંબી એન શું પાકવેછ જો?"

"લીલી મેહેતા' તારૂ ઠેકણું છે કે આજે કેકાઉશ' લીલી મેહેતાને તો મરી ગયલી જોઇને હુ આયો એ તુ બોલેછ શુ?"

"કપ્પાર તારૂં મરી ગેઇ! તારા ને મારા જેવી હડતી ફરતી જીવતી હમણા છે ચ લ, આવીને તારી નજરે જોઇ લેની."

કેકાઉશના ચેહેરાપર દેખાતી ચીતા અને ગભરાટની કરચલીઓ વળેલી હતી બરજોર ઉઠીને આમતેમ વંચારવત પગલે ફેરા ખાવા લાગ્યો.

"વારૂં પણ કબુલ કીધું કે એ જીવતી થઇ. તેમાં એટલો બધો અકરાયછ શાનો? ધનને કહે કે એક બે દાહરા—"

"અરે યાર, મોહોકાણજ અહીં છે તો તે બલેરી તો મારી સાથ મરઇ છુડઇને સવારની કેથે જતી રેહી છ"

"જતી રેહીછ!"

"હા, હું બ અધુરૂ ઉતુ તે એણે પુરૂં કીધુ સવારના જોઉછ તો એ ગાનનો પતોજ ઘરમા નહી મળે! બાલના યાર, મારૂં માથુ ઘુમેછ."

"અરે પણ કાંહ જતી રેહી? કંઇ લખી મુકી ગઇ હોશેની? કોઇને મળવા ગઇ હોશે?"

"નહી, કંઇ ચીઠ્ઠ નહી મસાલ કેહછ કે બે ત્રણ ત્રણા ગાડીમા મુ- વીને સવારના બડી ગર્જરમા સ્ટેશ પર હ: ગી ગઇ હવે એ રાન મટને કાંહ પકરવા જાઉ?"

"કાહ પકરવા જાઉ? વાહ! દીકરી જેવી દીકરી ચાલી ગેઇ ને તુ અદબ વાળીને જોયા કરવા માગેછ?"

"તારે શું કરૂં! તુ તો ગધ્ધો છે—માથે ફોક દઇને એને નામે રડું? ... મ મને તરછોડીને ચાલી ગેઇ તો જહાનંમ ગેઇ! ગરજ હોશે તો પાછી ઘેર પુછતી આવશે. હું બી એનેથી બેજાર થઇ ગીયેતો."

બરજોરે એક જાતના કચવાટથી પોતાના દાત પીસી નાંખ્યા કૈકાઉશને આમ એક દેવાનની પેઠે બોલતાં સાભળી તેના બાલેબાલ ઉભા થતા હતા.

"તુંબી અજબ જાતનો, બા!" તે બહુજ નાખુશીથી ડોકું હલાવીને બોલ્યો. "જા, જા, મારી આગળથી નીકળ. તું નહી ધનને શોધવા જશે, તો હું કેવો છઉં! એને પાતાળમાથી શોધી કહાડશ."

કેકાઉસ મુછમાં સેહેજ હસ્યો. પોતાની જગાએથી ઉઠી તે બરજોરની અડોઅડ આવ્યો અને તેને ખભામાથી પકડયો.

"પાતાલમાથી શોધ કે દોજખના ગારમાથી શોધ, પણ હમણાં મારી સાથ ચાલ. પેલી ગોરી મડમની પોરીને હુશીઆર કરી આપ; બરજોર. ચાલ દીકરા જલદી કર. તારી પાસ માગી લેઉછ—એ છોકરીને વાસ્તે હુ ઘણુંજ ઇંતેજાર છેઉ"

"ઓહો! કંઇ એ છોકરીપર તમારી એકદમ અધાંધર ઉતરીછ? વરી શુ ગટમા લોતોછ? તારૂ સત્યાનાશ થાય, કેકાઉશ—તુ તારા રસ્તા નહી છોરતો!

"છટ, છટ! બેવકુફ ના બન. એ પોરીને હું મારી દીકરી કરી લેવાનો છઉ. જો સાંભળઃ—એના માય બાવા મરી ગીયેલાં છે કાગજોપરથી જણાયુ છ—કોણુની દીકરી થાય તે બધું મને ખબર છે. પણ એના સગાંઓ એનીગમ ઝાંખીને હવે જોવાનાંબી નથી બરજોર દીકરા, એ સોજરડીનો દુકતી કોઇ પારસી બાપને પેટની છે, તોબી કઇ સેહેલાઇથ ઠેકાણે આવવાની નથી એ તો તુ મદદ કરે તો એ ફુલ જેવી છોકરીને દુનીયામાં રખરી જઇ, ખગબ રસ્તે ઉતરી જતા અટકાવી શકાશે આય વખત મને મદદ કર ને—દોસ્ત! કુકાઉશ મુલ્લાં કોઇ દાહરો કામનો છે."

ડાક્ટર બરજોર બખરાઇને કેકાઉશનું કાહું ભોપવા પડયો. તે બદમાશ વળી પાછો શું ઉંડા પાણીમા રમતો હતો, તે તેને જરાબી સમજ પડી નહી. પણ ગોલામના બાબા કેકાઉશનું પાપણુબા કયાં હીલતું હતું?

"જરાક ખોલાસાથી બોલ—ખોદાયને ખાતર ખુલ્લે ખુલ્લું બોલ, કેકાઉશ—તું મારી પાસ કરાવવા શુ માગેછ?"

"બે ચીજ. એક તો હમણા મારી સાથ ચાલીને એ પોરીને તદન હુશીયાર સાવધ કરી આપ——હજુર અરધી બેભાનીમાં પરેલી છે—"

"વારૂ, ને બીજું?"

"ને બીજું તો એ કે તું એને તદન ખાત્રીથી સમજાવ કે એ મારી પોતાની સગી દીકરીજ છે."

ડાક્ટર બરજોર હવે ખડખડ હસી પડયો.

"તું સહવારના પોહોરમા ટકોરો ચહરાવી આયોછ! ને નહી તો મને બનાવવા બેઠોછ, કેકાઉશ!"

"કેહ તેવા કસમ ખાંઉ—દાદાર હોરમજદના સમ!"

"અરે પણ ઇડીયટ! મારા કહેવાથી તે એમ એકદમ માની લેવાની છે!"

"બસ પછી હું છઉં ને તે છે. તું તારે આટલું તેને કહે, મારો બાપ કરૂં! જો, બરજોર દીકરા, આપ વખત હું તુંને ઘણી કગલીને અરજ કરૂંછ તેનુ કાંઇ કારણ હોશેજ."

"અરે પણ શું કારણ? તું કાંય મારાં વરસ વેચાવે છ? તેની ખુશી નહી હોય તો મારી કુટીને દીકરી બનાવવાનું કાંઇ કામ? એકલી દુનીયામા પરીને ખરાબ રસ્તે જશે?—નોનસંસ! મારા ધ્યાનમા કાંઇ એ વાત ઉતરતી નથી હું કંઇ એવું ગાંડું ઘેલું કામ કરવાનો નથી."

કેકાઉશ મુલ્લાંના ડોળામાંથી જાણે આતશના ગાંગડા ખરી પડતા હતા. તેના ચેહેરાનું દરેક સ્નાયુ ગુસ્સા અને ગભરાટ, અધીરાઇ અને અકળાટથી જાણે તણાઇ--ખેંચાઇ સુથાઇ—ચબડાઇ જતું હતુ. એકાદ મીનીટ ફાટી આખ્યોએ બરજોરની ગમ જોવા પછી એકાએક કંઇ વારૂ થઈ આવ્યુ. હોય તેમ તે ધડાક દેતો કે ઉઠયો અને બરજોરની આગળ ધસી તેની કાડી પોતાની મુઠીમા કચકચાવીને પકડી કાનપર ટીંગાઇને ઘણુજ ધીમેથી બોલ્યો—

"સાભળ બરજોર. જીવ સટોસટની વાત છે. તુને મારૂં કહ્યુ કરવુંજ પરશે. એમાં લખ્ખો રૂપીઆનો મામલો છે. તારી મદદ વગર કામ થવાનું નથી. બચ્ચા, એમાં મને તારો હાથ આપ ને આપરે નેહાલ થશું નહી તો——નહી તો—માહ!"

"એંહહેં! ને નહી તો શું કરી લેવાનો?"

"બરજોર, બરજોર!" કેકાઉશે એવા તો ઘોઘારી બીહામણા સાદે કહ્યું કે તે જવાન ડાકટરબી બે ઘડી કમકમશો 'સાંભળ બરજોર, કેકાઉશ મુલ્લાં એક ધાસ્તીભર્યો માણુસ છે."

નજદીકની ખુરસી ઉપર બરજોર ફસડાઇ બેઠો. કેકાઉશે ઓરડાનું બારણું અંદરથી બંધ કરી સાંકળ મારી અને પછી

બરજોરની પાસે એક બીજી ખુરસી મેલી તે પર પોતે ગોઠવાઇ બેઠો. લગભગ કલાક એક સુધી બે જણાએ ખુદા જાણે શું ધુસધુસ કર્યા કીધી કાંઇ બહુજ ગભીર ભયકર તે ગોપ્તગો હોવી જોઇએ—કારણ, આખરે જ્યારે બરજોર કેકાઉશની સાથે તેને ત્યાં જવા ડગલો ઓળવીને તઇયાર થયો ત્યારે તેનો ચહેરો એકદમ જર્દ મારી ગયલો, ઉતરી ગયલો, તદન બીધેલો હતો.

* * * *

કેકાઉશને ત્યા પાછલા ઓરડામા ત્રણ જણાનો તે ગ્રૂપ ચીતારવા માટે એક કવી કલમકશ અરે કયા છે? ઉજળા સપ ઉતરી ગયલા ચેહેરા સાથ કાળા ઇગ્રેજી ડરેસમા એક ખુણે ડરાઇને હરણફાર જેવી ઉભેલી તે જવાન છોકરી પોતાની સામે બેઠેલા બે પારકા માટીડાઓ ગમ હેબતાઇને જોયાજ કરતી હતી છેટેથી બે હાથોમા માથુ ખોસી નીચી મુડી સાથ ડાકટર બરજોર મુગો મંતર પુતળા જેવો જડ થઇ બેસી રહેલો હતો એક ટેબલ આગળ હાથમા કેટલાક કાગળીયાઓ લઇને કેકાઉશ ખવીસ દેખાવ સાથ મસ મોટા ડોળા કહાડી પોતાની સામી ધ્રુજતી ઉભેલી તે ફીકકી મડમ સામે ટીકાયા કરતો હતો.

બે ત્રણ મીનીટની છાતી બેસાડી નાખનારી ચુપકીદી પછી અંતે કેકાઉશનો દોજખી ખોખરો સાદ બરજોર અને પેલી છોકરીના કાનપર પડયો,

"અરે—હું કેવો અભાગ્યો! મારૂ પેટે જણ્યું બચ્ચું મારેથી કમકમે? બરજોર, બરજોર! એ મારા પાપની મને સજા છે આય મારી દીકરી લીલી વરસો પછી મને પાછી મળી

તારે હવે આટલી પુરવારી આપુછ, તે છતાં એ મારો બાપ તરીકેનો હક કબુલ રાખતી નથી લીલી ! મારી દીકરી—હું જ હું જ તારો કમનસીબ હીનભાગ્ય બાપ પેસી છઉં. દગાબાર દુનીયાથી નાસતો ફરી મેં તારી કમનસીબ માયને તજી દીધી, મારાં બાપીકા સગાઓથી હીણાઇ હરફુત થઇ ગામેગામ રખડયો. ઓ મુવો હું—ફુટ્ટ મારૂં નસીબ ! લીલી, આખરે જ્યારે મેં તારી માય મારી લુસીને બંગાળમા ઘડીપળ હોવાની ખબર સાંભળી ત્યારે તુટેલા જીવે હુ તેની પાસે મોતની ઘડીએ મારી ચાહવા આયો —પણ અફસોસ ! હુ આવી પહોચ્યું તે અગાઉ તે બીચારી મરી ગેઇ—આહ !

કેકાઉસ મુલ્લાંએ અહીં પોતાની આખ્યો રૂમાલ વડે ઢાંકી. ઓરડામાં શુમસામ હતું. ચાદર જેવાં સફેદ મોઢાં સાથ જાણે તાજી કબરમાંથી ખણી કહાડવામાં આવી હોય તેમ પેલી કમભાગ્ય છોકરી ઠરઠર કાંપતી અને એક ચીતે ડોળા કહાડી કેકાઉશ ગમ જોયા કરતી ચુપજ ઉભી હતી.

સેહેજ ગળું ખખડાવી કેકાઉશે પાછું ચલાવ્યું.

“ હું બંગાળ પુગ્યો તો જાણ્યુ કે મારી લુસી તો ડટાઇ પણ ચુકી'તી અને મારૂં બચ્ચું કોણ જાણે કાંહ ચાલી ગીયું'તું મારા સરજતને કદુવા દેતો હું રખડતો ભટકતો એક ભલતી ટ્રેન પકડી ચઢી બેઠો પણ તે કીરતારની ગેબી કુદરતથી અચણુચ તે ત્રેનને ભયંકર અકસ્માત થયો. લીલી, મારાં વહાલાં બચ્ચાં, એ અકસ્માત પરવરદેગારે મારે વાસ્તે એક આશીરવાદ તરીકે મોકલ્યો—કારણકે તેથીજ હું તુંને શોધી કહાડી શકયોછ.

લીલી! તકદીરની તાસીરથી આપણે એકજ ત્રેનમાં મુસાફરી કરતાં'તા. અકસમાતની જગ્યાએ તુને બેભાન પડેલી જોતાંજ તુને મેં એક પલકારામાં પીછાની—મારી વહાલી લુસીના હુબહુ જવાન ચેહેરે મેં જમીનપર બેશુધ્ધ થઇને પડેલો જોયો. મારી લીલી! મારી દીકરી! ખોદાએ તુને મને પાછી આપીછ તો હવે મારી આખને જોરે તારી હું બરદાસ્ત કરીશ. જો, તારા કમતાલેના બાપને જો. મારૂં નામ પેસી નહી, પણ કેકાઉશ રાખ્યુંછ અને તુંને હવે લીલીનાં નામથી નહી પણ રોહેરાના નામથી બોલાવશ."

આટલું કહી કેકાઉશે લીલીની નજદીક જઇ ઘણીજ મમતાથી તેણીનુ માથુ પસવાર્યું.

"મારી છોકરી" તેણે પાછુ ચલાવ્યુ. "તુ ગભરાઇ ગેઇછ. બરજોર! આય મારૂ બચ્ચું પોતાની ગાફેલીમાંથી જાગી ઉઠીને આવી અસાધારણ ખબર સાભળે અને તેથી ફગલાઇને મુઢ જેવુ બની જાય તે બનવાજોગજ છે. રોહેરાં, આય મારો જુનો દોસ્ત મારી આગલી પાછલી બધી વાત જાણેછ. એ તુંને મારી બધી પક્કી નીશાનીઓ આપશે. ધુજ ના, મારાં બચ્ચાં, ધુજ ના. જા,જઇને આસાએશ લે અને હું તારો બાપજ છઉંછ તેની ખાતરી કરી આપનારા પક્કે પક્કા પુરાવા કાલબાલ દેખાડશ. તેટલાં જો—આય તારી માયની સબીવાળી લાકીટ મારી છાતીએ ટાંગેલી છે. જો છોકરી, વીચાર કર; કે હું તારી આગલી પાછલી બધી વીગત આટલી પુરેપુરી કહી જાઉંછ તે કાંઇ અમથી તો નહીજ હોશે! ચાલ બરજોર, હવે એને

એકલી નીરાંતે પાછી સુઇ જવા દે શેહેરાં, તારે વાસતે મેં એક ખાસ ઓરડો તઇયાર રખાવ્યોછ. જરા ટટાર થા અને હવે આએ તારો ઇંગ્રેજી પેટીકોટ કહાડી નાખી સાડી પહેરી આવ. તું બેભાન ઉતી તેટલા મેં બધુ તઇયાર લાવી મુકીઉછ. પેલા ઓરડામાં કબાટ છે તેમાં તું માગે તેવા કપડાં ભરેલાં છે. જા દીકરી, ખોદા તુને સુખી રાખે!"

આટલું બોલી ગંભીર મોહડે કેકાઉશ બરજોરનો હાથ પકડી બાહાર ચાલ્યો ગયો.

કમભાગ્ય બાપડી શેહેરાં! જેવા કેકાઉશ અને બરજોર બાહાર પડયા કે તેણી જીગર તુટી જાય એવી એક હાય મારી ધરાક દેતી કે સોફા ઉપર પાછી નસોાસ તુટી પડી.

"આય મારો પપા!! 'માઇ ગોડ'!—મારૂં નસીબ એક ડગલું આગળ ને આગળજ છે!"

પ્રકરણ ૯ મું.

દાવો મંજુર!

કરાંચીનાં 'ટેરેસ હોલ'માં પેલું નવું પતગીયું ઉડી આવ્યું, તેને બે આખા દહાડા થઇ ગયા આસમાનપરથી અચાનક ખરી પડેલી આ નવી દાવાદાર સગી—જુવાન જવાન બોલકણી હસમુખી લીલી મેહેતા —ત્યાંનાં અસલ રહીસોને મનથી ખચીત એક સ્વપનુંજ હતુ! દેખાવમાં, ભાષામા, ઉચ્ચારમાં, આંખનાં મેહેકામાં, મોહોડાંના કલ્લામાં આ નવી ઢીંગલી

રંગેરંગની એક પારસણુ સાફ દેખાતી હતી—અને તેબી એક ઇંગ્રેજી છોકરી! ઉમ્મરે તો ઓછામાં ઓછી ચોવીસ પચીસની લાગતી હતી—છતાં ૨૧ વર્ષની પોતાને જણાવતી આ લીલી!! હદ થઇ! પણ હોયબી! યુરોપીયન બચ્ચાં ઓનો ઉધરભાવ એવોજ મોટો હોય છે!

રૂસ્તમ મુગાશેઠ, તેની મા તથા બેન અને ધનજીશાહ સોલીસીટરને જરા નીરાતે આ ભેદી ઉખ્યાણું ઉકલાવવાનુંબી એએક દીવસ સુધી તો સુઝ પડયું નહી કેમ પડે!—લીલાએ તો આવતાંને વાર ઘરના સઘળા માણસોને જણે કાંઇ જાદુથી જકડી લીધાં હતાં. ઉડતી હવા સાથ મેરાતી—કાતરની કાણી તરતર જબાં ચલાવતી—આ ચમકરી પોરીના ખુશમજાજી લતરાઝ અને બેઅંદાઝ છુટ જોઇ સઉ કોઇ અકડોજ ગયુ હતું! જરાબી ઓસાકાયા વગર સઉ સાથે ભેળાઇ જઇને સ્ટાકા હાંકવાની લીલાની ચબરાકી, ઘરની શેઠાણી માફક ખુશાલ બધાં માણસોપર હુકમો કરવાની તેણીની ઝડપ દેખી ગુતંવેળા તો 'ટેરેસ હોલ' માહેલાં મા દીકરાઓ ડઘાઇજ ગયલાં હતાં. હોયબા! યુરોપીઅન બચ્ચાંઓનું એવુંજ ખમીર હોય છે!

આંખ ઢાંકી ઉઘાડો તેટલાં બે દીવસ આ ધધુખગમાં ગબડી ગયા દર પળે લીલી પોતાની ફનેનાં કાગળ્યા અને પુરાવાની વાત વચ્ચે લાવી રૂસ્તમને અને ધનજીશાહને તે તપાસવાની ચેલેન્જ કરતી. આ અભાગ્યાં આચર્યાઓ અલબતાં ચીપી ચીપીને વાંચવાનાં તો ખરાંજ—મોડે કે વહેલે પોતાની કમબખ્તીનું તે વારટ સાંભળ્યા વીના રૂસ્તમને

ફુટકો શું હતો? લીલી આવી ચઢયાને ત્રીજે દીવસે સવારના અંતે તે નેહરત ઘડી નકકી થઇ કે જયારે કુટુંબના વકીલ ધનજીશાહની સાથે બેસીને લીલીના પુરાવાઓ વીશે ખા-ફરવાની હતી.

ડ્રોઇંગરૂમ સવારના પોહોરમા કાંઇ વીચીત્ર ચુપચાપ વચ્ચે ધમઘોર લાગતો હતો. ત્રણ જણાને એક ગોળ ટેબલ આસપાસ મુગામતર બેઠેલા જુવો. નીચી ડોકે ધનજીશાહ સોલીસીટર કયારના નાકપર આઇગ્લાસ ચઢાવી એક પછી એક કાગળો બારીકીથી વાચતા જઇ એક જુદા કાગળપ 'નોટસ' ટપકાવતા ત્યાં ગભીર બેઠેલા છે. સામે ખુરસીપર અદબ વાળીને અઢેલાઇ પડેલો રૂસ્તમ પોતાના હાથમાના કાગળ્યાંઓ વાંચવાનો દેખાવ કરે છે--પણ ખરી રીતે તો ચુચી આખ્યો સાથ પોતાનને નવી પીત્રાઇ હમનબઈનો ધટમારો ચેહેરો તે કાગજની કોરપરથી જોયા કરવામા ચકચુર છે. તે છોકરી હવે કાળી સાડીમાં સજ થયલી છે--અને તેણીના મુખડાં ઉપર એક ઓર તરેહનું ફતેહનું છુપું હસવું ફેલાઇ ગયલું છે. ચેહ! નાકનાં શીફરા ફફડાવીને કેવા ઠસ્સાથી કીસમત દેવીની આ લાડકડી પોતાના દાવાના દસ્તાવેજ સોલીસીટર આગળ એક પછી એક ધરતી ત્યાં ફરાગાત ગાદીની આરમ ચોર પર ગોઠવાયલી છે!

ખાસ્સો પોણો કલાક આમ ચુપકીદીમાં ચાલ્યો ગયો હતો. આખરે એક લાંબો દમ ખેંચીને ધનજીશાહે પોતાના હાથમાંનું છેલ્લું કાગજ ટેબલપર પાછું ફેંકયું અને આઇગ્લાસ નાક ઉપરથી ઉતારી ટટાર થઇ બેઠા.

"કેમ, રૂસ્તમ—વાંચી રહયો કે ? જો, આય બેહલી લગનની સરટીફીકેટ સઉથી અગત્યની છે," તેવણુ ધીમા અવાજે બોલ્યા.

રૂસ્તમે વીલે મહોડે તે બાકી રહેલુ ચીથરૂંબી ઉચકયુ અને લોહીનો ગોટ ગળી તેપર આંખો દોડાવી.

"હું ધારૂંછ," ધનજીશાહે આસ્તેથી પાછું મત આપ્યું, "કે કોઇબી કોરટમા મીસ લીલીનો હક પુરવાર કરવાને આટલાં કાગળીયાં પુરતાં થઇ પરવાં જોઇયે. બધા સામટાં મુકતાં એક સંગીન પુરાવો મારા વીચાર મુજબ તો થાયછ—પછી રૂસ્તમ જો 'કેસ' લરવાજ માંગતો હોય તો એની મરજી."

રૂસ્તમ હવે ઉઠીને ઓરડામાં આમતેમ ફેરા ખાવા લાગ્યો. છઠીના લેખને આધીન થવાની તૈયારી કરવા માટે તેને બે દહાડા મળી ચુકયા હતા—એટલે આ ફટકો પડતા તે લગાર શાંતથી હમણાં પોતાનું સમતોલપણું જાળવી શકયો. ત્રણ દહાડાપર લાખોની દોલતનો વારસ-પૈસાની પુંજારી ખલકનો પંપાળાયલો રૂસ્તમ મુગારોઠ—આહ ! આજે તે દુન્યામાં ખાલી ખારૂ હંકરાઇ ગયેલો ફકત એક લુખ્ખો સુકો આદમી બની ગયલો હતો ! જેનીપર અગાઉ બધી અખાબર હતી તેને હવે અરબીના અણુ્‌ખી કોણ પુછવાનું હતુ !

"ધનજીશાહ," તેણે ધાડા અવાજે કહયું, "મારા નસીબમાં જે હોય તે ખરૂં. આય મારી પીત્રઇ સાથે કોઇબી રીતે હું નકામી દુસમની કરવા માગતો નથી. આય કાગળો જો સાચુંજ હોય તો કોરટ દરબારે ચઢી ગામમાં ફજેતી કરવામાં શું

સ.ર! પણ તોબી—એક્ષકયુઝ મી, લીલી—મને જરા ધનજીશાહ સાથ પાંચ મીનીટ ખાનગી વાત કરવા દેશે? જા—હુ તુને હમણાં પાછી બોલાઉ છ."

લીલી મેહેતા એક બોલ બોલ્યા વગર ત્યાંથી ચાલી ગઇ. રૂસ્તમ અને ધનજીશાહ એકલા પડયા કે કુંટુબના દીલસોજ વકીલે પોતાના જવાન મીત્રના ખભાંપર મમતાથી હાથ મેલ્યો.

"રૂસી—હુ ખરેખર તારે ખાતર દીલગીર છઉ પણ આય કાગળો સામે માથુ ઉચકવામા ફાયદો નથી. લીલીનો હક દીવાની જોત જેવો ખુલ્લો છે"

રૂસ્તમે પોતાનુ ભીજાયલું કપાળ લુછયુ તેનો અવાજ હવે સહેજ ધ્રુજતો હતો.

"ધનજીશાહ—તમે મારા વકીલના કરતા મારા ભાઇ જેવા વધારે છેઓ હુ જાણુ છ કે મારો 'કેસ' તમે તમારો પોતાનોજ સમજને મને સલાહ આપશો. અલબત બમનજી મામાની વારેસ નબીરીના લાભો તમે પહેલાં સાચવવાની કુટુંબના વકીલ તરીકે ફરજ—"

"છટ રૂસ્તમ!" ધનજીશાહ મોહ કુમળાવી વચ્ચે બોલ્યા, "તું એમ ના બોલ. તુ નાહલો છોકરો હતો તહારથી મેં તારી સાથ કામ પારયુ છ તારે વાસ્તે હુ કરબ કરવા તૈયાર છેઉ—પણ આય બાબદમાં મારાં અંતઃકરણની જે સલાહ છે તે તારા ભલાં ખાતરજ આપુ છ કે લીલીના હકની સામે થવાથી તારૂં કંઈ વળવાનું નથી. તોબી જો તુ કહેતોજ હોય તો આપરે કોરટમા અજમાવી જોઇયે. હુ તારો કેસ હાથમાં લઇ મારેથી બનતું કરવા તૈયાર છેઉ"

"આપુને કંઇજ ચાન્સ નથી ?"

"જરાબી નહી—મારી સોએ સો ટકા ખાતરી છે. જો—જરા ધીરજથી આય કાગજો પાછાં મારી સાથ જો. તારી પોતાની ખાતરી કર, રૂસતમ ઉતાવલા થઇને ખાડામાં ઉતરી જવા પહેલા જરા પુરતો વીચાર કરવો જોઇયે."

ધનજીશાહે બે ચાર કાગજ્યાં ઉચકી રૂસ્તમનાં મોહોડા સામે ધરયાં.

"જો દીકરા— પહેલુ તો આય પેસીની મરહુમ બેરીએ મરતી વખત લખેલુ એકરારનામુ આય જેહી એ મરનાર લુસી વોરનરની પોતાની સહી. એ સહી લુસીનંજ છે—કંઇ બનાવટ નથી—તેની ખાતરી કરવા સારૂ આય રહેલુ લુસીએ અગાઉ પાંચ વર્ષેનો વાતપર બમનજી શેઠ ઉપર પોતાના દસકતે લખેલુ કાગજ એ કાગજ્યુ મને બમનજીની તીજોરીમાંથી મળી આયુછ જો—અક્ષરો તદ્દન મળતા છે. તેમાં વરી નીચે આય બે સહીઓ પાદરી અને ડાક્ટરની સહી કોઇબી જડજની પુરેપુરી ખાત્રી કરશે એવી છે વારૂ—પછી આય જો પેસી અને લુસીનાં લગનના સરટીફીકેટ—"

"બાવીસ વરસપર એ લોક પરણ્યાંછ," રૂસ્તમ સરટીફીકેટ ધારી ધારીને વાચતાં બોલ્યો, "શું આય લીલી એકવીસ વરસની લાગછ ?"

"અરે એ તો એમ લાગે. લીલી એક સોજરડાનું બચ્ચુ છે, રૂસ્યા. એ લોક તો દીલે એવાંજ ખંજર જેવા હોય."

"પણ દોસ્ત, આય લીલી કંઇ ઇગ્રેજ માયની છોકરી મને તો નથી લાગતી.નરી પારસણ છે, હુ ખરૂં કેહુંછ"

ધનજીશાહ મુછમા હસ્યાં. "હા—જરા મનેબી તેવું લાગેછ—પણ તેને કંઇ હું ઘણું વજન નથી આપતો. એક પારસી બાપની પોરી બચપણથી બંગાળમાં પારસી કુટુંબોમાં વસીને મોટી થયલી ને વરી એની માય ગવરનેસ તરીકે ને એને પોતેબી પારસીઓને તાંહજ વરસો કાહરેલાં એટલે———"

"વારૂ—એ વાત છોરી દેવો. બીજાં શું કાગજો અહીં તમુને અગતનાં લાગેછ?"

"બીજાં કાગજો? જો—આય રેહયું બમનજી શેઠે પોતાના દીકરા પેસીપર પહેલી બારીમાં ખખડાવીને લખેલું કાગળ! અક્ષર બમનજીનાજ છે. એમા કંઇબી વાંધો નથી. લે—આય અહીં છે. પેસીએ બહારગામથી પોતાની મડમ લુસીપર લખેલુ કાગજ—એ દસકત પેસીનાજ છે તેની તો હું ખાત્રી આપુંછ. નહી—નહી, રૂસી, જીકકર ઉઠાવવામાં કંઇ ફાયદો નથી."

"જીકકર ઉઠાવવા હું માગતોજ નથી. બશ હવે એ વાત નક્કી થઇ. લીલી—લીલી!"

પાસેના ઓરડામાંથી લટકો કરતી તે છોકરી ચાલી આવી અને રૂસ્તમની નજદીક જઇને કમ્મરે બે હાથ ટેકવી ખુશાલ ચેહેરે ઉભી.

"કેમ ભઇજી! તમારી ખાન—બીની વાત પુરી થઇ! હજુર તમારો કંઇ વાંધો બાકી છે!"

"નહી લીલી. તારો હક મને કબુલ છે. હું તુંને મુબારકબાદી આપુ છ."

"શેં કયુ—મેહેરબાની થઇ? રૂસ્તમ, હું ઘણી દલગીર છેઉં—"

રૂસ્તમના હોઠપર શોકાતુર હસવું પંથરાયુ.

"દલગીર શું કામ થાયછ? તુંને તારા બપાવાની દોલત મુબારક, લીલી. હવે હું, માયજી ને દીનુ ઘણા દાહરા તારે તાંહ ધામો નાખશું નહી. મામાની છમસી વીતાં બાદ અમે અહીંથી ઉઠાંગરી કરી જઇશું."

"શું કરવા? તમે લોક અહી રેહવો તો હું ખુશી થવશ. મારી આગળ અહીં કોઇ નથી—ને તમે લોક કાંહ મારેથી જુદા છેઓ?"

"ઓ થેંક યુ!" રૂસ્તમ ગમગીનીથી જરા હસતાં બોલ્યો, "પણ માય ને દીનુ વધારે વખત અહીં રેહવા ના કહેછ હું કાલ પરમ મુંબઇ જાઉંછ, લીલી—તાંહ મારો બચગીને દોસ્ત મેહેરજી પથંકી મને પોતાને તાંહ બોલાવ બોલાવ કરીયાજ કરેછ. એ મેહેરજી પૈસાવાળો છે ને એક મેહેલ જેવા બંગલામાં રહેછ—હુ અને માથે નહી પરશ. જરા મુંબઇમા અમો લોકને વાસ્તે એક ઘેર હું શોધી કાહડૂ તેટલા મારા માય ને દીનુ અહીં તારી સાથ રેહશે. ચાલ સાહેબજી! ધનજીશાહ, આવોછ કે?"

રૂસ્તમ અને ધનજીશાહ ત્યાંથી માળપર ચાલ્યા ગયા. જેવો તેઓની પીઠ ફરી કે પેલી છોકરીએ એક લાંબો શ્વાસ ખેંચી બધાં કાગળને બંડલમાં વીંટાળ્યા.

"આ ખોદા?" તેણી જીવસે બડબડી, રુહથી મોટુ હફતેખાન તો પસાર થયું મને લાગેછ કે હવે રસ્તો ખુલ્લો છે. પણ એકાએક આજે આય લાંબો લચ તાર શાનો બાવાએ મોકલ્યો હોશે? વરી એવણને શું વાકૂં થઇ આયું?'

લીલી મેહેતાનો ખુશ ચેહેરો એક મીનીટ ઉતરી ગયો તેણનાં ગોરાં કપાળપર કરચલીઓ ફરી વળી. ખીસામાંથી એક અરજંટ તાર ખેચી કહાડી તેણી મનમા વાચવા પડી—

લીલી મેહેતાને	બાપ તરફથી
કરાંચી	રંગુન.

"જલદી બમનજી મેહેતાની મોટી કોઇ સબી, પેસીનો ટપકો અને બમનજીનાં દસકતનુ કોઇ કાગજ મોકલ તાબડતોબ વળતી ત્રેને—ઘણીજ જરૂર છે"

',બમનજીની સબી ને પેસીના ટપકાનુ એવણને શુ કામ પરીયું?" તેણી પાછી મનમા બકબક કરવા પડી "વરી શુ ઉડાં પાણીમા રમેછ—કોણ જાણે?"

કચવાઇને ખભાં હલાવી તેણી ઘસારામાંજ પોતાના ઓરડામાં ચાલી ગઇ.

પ્રકરણ ૧૦ મું.

"એ કોણ—બાપ કે બલા?"

"છટ-પોટ્ટીમાં મીઠું જ નથી. બરજોર, એની સાથ પાટલો ફાવતાં મુશકેલી પરવાની નથી."

ડા૦ બરજોર એક ખુરસીપર ગોઠવાઇ બેસતા મુછમાં હસ્યો. કેકાઉસ મુસ્લાને પોતાના નવાં રમકડાં વાશે આમ બોલતા સાંભળી તેને રમુજ ઉપજતી હતી.

"આજે આઠ દાહરા થયા એ આવીછ" કેકાઉસ પીઠે હાથ દઇ ઓરડામા ચ લતા પોતાના મન સાથ મોટેથી બડબડયો, "આજે સવારે કમાંથી પેલી દુકર્તનુ પારસલ આયુ આયુ તે ઠીકજ થયુ—હવે કામ પાકયુ થશે. બરજોર દીકરા, મને જે જોઇતુ'તું તે બધુ બરાબર આવુછ. એ થી જો હવે આય બુચી સીસામાં નહી ઉતરે તો હુ અજબ થાઉં."

"પણ મને શુ કામ બોલાવી મગાવ્યો."

"દોસ્ત, આઠ દાહરા સુધી આય મીસીબાબા ડાહી ડોહરી થઇને જાણે કશાંમા નહો હોય તેમ મારી સાથે રેહીછ બોકલુ થઇને એ મુગી મુગી ગગરી રહી કે રેબ એને તાહરો મીઠ્ઠી રાખ્યા કાંઇ છ જરા મજાજની આકરી પે, પણ છેતો ભોળી બટાક પહેલેજ દાહરે શું થયું તે જોયું કેની? એના બેગમાથી પેલો એના મડમ માયની સબી મલી તેપરથી મેં એક ફોટોગ્રાફર પાસે બીજી ડુપ્લીકેટ બનાવીને મારી પાસેની સોકેટમાં મુકી એને દેખાડી કે એ પોરી ઠડી ગાર પડી ગેઇ. બળ ધનની કબાટમા ઍરીનાં કપરાં જોઇ જરા વીચારમાં પરી, પણ મેં અશટમ શટમ સમજાવી કે મેં કોઇ વેલાત જતો પારસણ બાઇના નવાં કપડાં આપતાં વેચાતા લાવીને તઇયાર રાખ્યાછ તેબી બીચારીએ મુગે મોહડે સાંભળ્યા કીધુ"

"પણ કેકાઉસ–બચ્ચા, એમ લાબો વખત નીભવાનુ નહી." બરજોર વીચારમાં દાહડી પસવારતાં બોલ્યો, "એ પોરીની કાંઇ ધરખમ ખાત્રી કરવી પરશે."

"અરે હારે! હુ તે સમજુંછ. બે દાહરા થયા એ મને પુછીયા કરેછ કે હું એને પેલા પુરાવાઓને વાસ્તે કહે તો તો તે કાંહ છે? મેં અત્યાર સુધી તો ઉડાવ્યા કીધી કે તું જરા ટટાર થા પછી બતાવું. અને આજે શીવક તેને એ બતાવશે, જો આય ટેબલપર બધું ધમસાણુ પરેલુ છે."

બરજોર ખડખડ હસી પડયો, "તારો દાહરો બરે તારો કેકા! તારો સૈતારોબી બુલંદ છે. વખતસર એ દારૂગાળો આયો હે!"

"હા—આજે સવારના હમણાં મેં એને અહીં ખરૂં નરૂં કરવા બોલાવીછ. ઓય આવતી હોશે."

"કેકાઉસ, એ છોકરીને અહીં દાબી મુકવી પડશે. જરા જો છુટી મુકી તો———"

"અરરરર! તો રાન ધાન કાહરી નાંખે! એને તો જીવની કાણી સંભાળવાની. કરાંચી જો એ પુગી બુગી વળી તો ડબ્બો ઉડેલો સમજવો. તાંહ પેલી નાપાકનેબી મેં આય મેમસાબને વાસ્તે ચેતાવી નથી. પણ જો અહી મારાં ગજવાંમાં આય બીજું કોકરસ્થાનુ તૈયાર છે—મેં તાર કરી ગઇ કાલે સાંજનાજ કલકતાથી મંગાવ્યું—એ પેસી ને ખુરશીની લગન સર્ટીફીકેટની ડુપ્લીકેટ કોપી છે."

"પણ એ બધુ છતાં આય મટુકલી સીધિ સીધી રસ્તે નહીં ઉતરી તો ?"

"નહી કેમ ઉતરે ? આપરે માટીડાઓ છીએ કે બાસી બાયલા ? એવાં બોધલાઓની નાડ મારા હાથમાં છે. તે દાહરે મેં પેલા આપરી કલબનાં એદુ બોન્યાને શું કીધોતો"

ઝબકીને બરજોર ઉભો થયો.

"કેકાઉસ. આય પોરીપરબી તુ તાહરો એ કાબુ વાપરશે ? તું—તુ—એને—"

"હા, કાંય નહી ? એ જો ફટાઉ થઇ મને દાતમા ખાસરૂં પકરાવે તો એને તાબે કરવાની કુંચી આય મારી આંગલીમાં છે. શેહરાંને હું સેહલાઇથી હીપનોટાઇઝ કરી શકશ——"

"યા ખુદા તું માનવી નથી પણ શયતાન છે—પણ ઓહો !—ટેક કેર ! પેલીજ આવેછ—"

કેકાઉસ ડોકું ઉંચું કરી જોય તે અગાઉ ખુલ્લા રંગની પારસી સાડીમાં સજ થયલું એક મનોહર જીવતું ચીત્ર તેઓ સામે આવી ઉભું. ગોરાં ગમગીન મોહોડાં સાથ તદન મડમના જેવા માંજરા ડોળાવાળી અને કાલા ભમર બાલ સાથના ઉંબાડાં માથાંવાળી આ ખુબસુરત મુર્તી જયારે ધીમે ધીમે ચાલીને નસોસ જીવે ટેબલ આગળ ઉભી રહી ત્યારે ડા૦ બરજોરના સુન મારી ગયલાં હૈડાંમાંથી એક જાતની દયા અને વખાણના ડોકા વાગ્યા.

કેકાઉસે ઝડપથી તેણીને માટે એક ખુરસી આગળ મેલી.

" શેહરા—તું આવી કે, મારી દીકરી ? બેસ, આજે મેં તુંને પેલી વાત કરવા ખામખા બેલાવીછ આટલા ફાદરા તું ગુંગજ જેવી ફૂર્યા કીધી તેથી મારો જીવ ઘણોજ બરતોતો —પણ તુંને તરત વેળા વધારે ઉશકેરવા મને ગમ્યું નહી. પણ ચાલ, શેહરાં આજે તારાં મનની બધા મુઝવણ દુર કરવા હુ તૈયાર છેઉં. પુછ, તું મને શું પુછેછ ' તુંને શું ચીજના પુરાવા જોઇયેછ ?"

એક નાનો નીસાસો ખેચી શેહરાં ખુરસીપર બેસી ગઇ.

" તમે મારા પપા છેઓ તેની વધારે સાબેતી દેખાડશો તો મેહેરબાની થશે."

જરાક જુઠું જુઠું હસીને કેકાઉસે એક બાંધેલાં પાકીટ માંથી થોડાંક કાગજો બાહેર ખેચી કહાડયાં અને તે માહેલું એક શેહરાંના હાથમાં મેલ્યું.

" મારાં બચ્ચા," તે શેહરાંની છેક અડોઅડ આવીને બોલ્યો, "તુંને અજબ બ્હેમ ભરાઇ ગયોછ પણ ફીકર નહી —હું તારી પકકે પકકી ખાતરી કરી આપશ લે—પહેલી આય લગનની સર્ટીફીકેટ ધ્ય નથા વાંચ બોલ દીકરી—હવે તુંને તારા બાપપર ભરોસો આવેછ કે?"

શહરાંએ પેસી અને લુસીનાં લગનનો તે અચુક દસ્તાવેજ ખુબ ધ્યાનથી વાંચ્યો. મુલકાયલે મોહોડે કેકાઉસ પાસે ઉભો રહી તેણીના ચહેરાપર થતા દરેક ફેરફારો ઘણીજ આતુરતાથી તપાસતો હતો.

"બીજું કંઇ છે, જી?" તેણીએ ગળગળતા સાદે પાછું પુછયું.

"બીજું ખાંડીબંધ છે. લે આય રહી મારા બાવા બમનજીની મોટી સબી હજુ બીજી કંઇ ખાત્રી જોઇયેછ? જો—આય રહયો મારો પોતાનો ટપકો. શેહરાં, તું તારા અભાગ્યા બાપની સામે એમ શક નાખેછ તેથી મારૂં કલેજું કપાઇ જાયછ"

શેહરાંએ પોતાની આંખ્યોએ રૂમાલ દાબ્યો. તેણીની ચશ્મોમા પાણી ભરાઇ આવ્યાં અને જીગરપર નહી ખમાય એવું દર્દ થઇ આવ્યું હતુ.

"હું તમુને નાખુશ કરવા નથી માગતી," તેણી નખાઇ ગયલા સાદે કગળી પડી, "પણ મને તમારે માથે પરવા નથી ગમતું. મને જવા દેઓ—હું કેથે ચાકરી રહીને મારૂં ગુજરાન કરી શકશ. ગવરનેસ તરીકે મેં નોકરી કીધેલી છે."

કેકાઉસે હસીને શેહરાંનો બરડો પસવાર્યો, "અરે છોકરી, તું શું મને કંઇ છેકજ નાગો ભુખો સમજેછ કે હું તુને અહીં રાખીબી શકું નહી? તું એખલી અટુલી આય દુન્યામાં જઇને શું કરશે? તારા જેવી કાચી કુમારી દેખાવલી છોકરીનો કાંહ ઠાગ લાગશે? તું શું કરવા માંગેછ—તે તો કેહ?"

શેહરાં હવે ખુરસીપર ખડી બેઠી. તેણીનાં આંસુ સુકાઇ ગયાં અને ડોળા પાછા ચમકવા લાગ્યા, "હું મારા બપાવાને તાંહ કરાંચી જઇને એક વખત મારૂં નસીબ અજમાવી જોવા માંગુછ. તમે મને રજા આપો તો ઘણો ઉપકાર થશે. મારા

દીલમા કંઇ ચીજ મને કહેછ કે મોટાબાવા મને તદનજ હરગીજ કરી હાંકી કહારવાના નથી. હું માગી લેઉછ કે મને થોરા દાહરા જઇ આવવા દેઓ."

કેકાઉસ મુલ્લાંના કપાળપરની નેસ એવી તો તડપવા માંડી કે બરજોરબો અંદેશામાં પડયો કે રખે તેને માથે લોહી ચઢી જાય !

"એટલે !" તેણે ઘોઘારી બરાડ મારી, "શુ તારો બાપ કંઇ એટલો ભીખારી ભીખારી છે કે તુ તેને એમ હીણુછ ! શું હું મુવો પરીયોછ—"

"નહીજી—તમુને જરાબી હોણુતી નથી. ... શુ મારી પાસ જે પુરાવાઓ છે તે સાથ જો હું કરાંચી જવશ તો મોટાબાવા પીગલીને આપુ બેઉને માફ કરશે—"

"સબુર ! તારી પાસ પુરાવા છે ! કીયા પુરાવા છે !" કેકાઉસે તણાઇને વચમા બુમ મારી.

"હું ત્રેનમાં મારી સાથ કલકતેથી લાવીછ તે—મારી ત્રંકમાં તે છે."

"અં—તે કાગજયાં ભસતાંમાં હવે તો મળશે," કેકાઉસે દાંત પીસીને જવાબ દીધો "અકસ્માતની ગરબરમાં તારો બધો સામાન કોણ જાણે કાંહ ગુમ થઇ ગીયોછ—"

"ગુમ થઇ ગીયોછ ! ઓ ખોદા હું મુઇ !" જીગર તુટી જાય એવી બુમ સાથ શેહરાં પોતાની ખુરસીપર ઢળી પડી. તેણીની આંખે ચકકર આંવી ગયા હતા. ચેહેરો ચાદર જેવો ઉજળો સપ મારી ગયો હતો અને હોઠ સફેદ થઇ જઇ આઇસ જેવા ઠંડાગાર બન્યા હતા.

કેકાઉસે ઇસારત કરવાથી ડા૦ બરજોરે તુર્ત તે અભાગણી છોકરીને કોલનવાટર સુંઘાડી તથા પાણી છાંટી સાવધ કરી. પાંચેક મીનીટમાં શેહરાં પાછી ટસટસ થતે ડોળે હરણફાર જેવી પોતાની સામે અદબ વાળી ઉભેલા કેકાઉસના ભુતડા જેવા થોબરા ગમ જોવા લાગી.

"શહેરાં—દીકરી—તું હુશીઆર થઇ? તું આજે એમ શું ચેરાં કાહરે છ? શું છે મને કહે?"

"મને અહીંથી જવા દેઓ," તે બીચારી છોકરીનો કલાપીટ ભર્યો ધીમો અવાજ શાભળી બરજોરનેબી દીલમાં ધ્રુજરાં છુટયાં, "તમે મારા પપા હોશો—પણ મને અહીં તમારી સાથ રહેવા નથી ગમતું. મારા મોટા બાવાને ત્યાં જવશ તો એવણ મારીપર દયા કરશે."

કેકાઉસે ચીઢાઇને જોરમાં ટેબલપર મુકકી ઠોકી.

"દયા કરશે" તેણે ગર્જના જેવો પોકાર કર્યો, "કેમ જાણ્યું કે દયા કરશે! બસ—બસ! સુજમાં એમ કંઇ રોજા બોલતી ના! દીવાની, હુ તુંને એકવાર ફરીથી કેહું છ કે તારો બપાવો પથ્થરની છાતીનો છે—તેનાથી દયાની આશા રાખતી ના. મહીના દહારાનીજ વાત ઉપર હું પાછો એકવાર તેવણના પગપર માથું મુકી કરગરીને માફ માગવા વાસ્તે ગીયો 'તો—પણ મને બહાર કમપાઉંડમાંથીજ માણસ પાસ ધકકા મરાવીને હાંકી કહાડયો. શું એટલું બધું થવા પછી હું મારાં પોતાનાં એક પુરાં બચ્ચાંને એ ઘાતકી હેવાનની આગળ હારમાર થવા મોકલું? શું શું મારા દીલમાં કાંઇ લાગણી

નથી? શેહરાં, શું તારા પોતાનામાં મગરૂરીનો જરા અંશ બી નથી? શુ દુનીયાદમાં તું એટલી બધી ઉતરી ગેઇછ કે તારા પોતાના બપાવાના ઘેરમાંથી તારો બાપ એક બીખારડાની કાણી હંકરઇ જવા છતાં તું તે લોકની આસરીએ પાછી હાથ ઓરતી જવા માંગેછ! નહી—કધી નહી! એના કરતાં હજુર હું તુંને મુવેલી જોવાનું પસંદ કરશ. આપણે ટુકરા રોટલીપર અરધાં ભુખ્યાં સુઇશું—પણ તુંને હું મારા મારા બાવા આગળ પાછી તો જીનહાર જવા દેવાનો નથી."

બે ત્રણ મીનીટ ઓરડામાં એક બીહામણી ચુપકીદી પંથરાઇ. શેહરાંનો મુશ્કેલ શ્વાસોશ્વાસ સ્પષ્ટ સંભળાતો હતો. તે બીચારી છોકરીની છાતીમાં શું દુઃખ ધટકા મારતું હશે તે આ હૈયા ફુટો હેવાન કયાંથી જાણે? તોપણ તેણીના લાલચોળ થયલા ગાલો અને ચકચક થતી આંખ્યો કહી આપતાં હતાં કે તેણીની રગોમાં દોડતું ઇરેજી લોહી બળવો કરવા માટે ઉછાળા મારતું હતું. થોડીવાર મુગી બેસવા પછી એકાએક તેણી ઝટાક મારીને ઉઠી ઉભી થઇ.

"હું દલગીર છેઉ, પપા—પણ તમારી મરજીને તાબે થઇ શકતી નથી. મારી પાસના પુરાવા ગુમઇ ગીયાછ તો આય તમારી પાસની સાબેતીઓ બસ છે. તે લઇને હું કરાંચી જવશ."

એક બુલડોગના મોહમાં પકડેલું હાડકું બેંચી લેવાની તજવીજ કરતાં એક નાના કુતરીયાંને તમે દીઠું છે? તેવારે તે વીકરાળ પ્રાણીના મીજાજ અને ઘુરકણી કયાં જાય છે! તેજ મીસાલ કેકાઉસ મુલ્લાં ફાટે ફાટે ડોળે અને ખવીસ જેવે ચેહેરે શેહરાંની નજદીક આવ્યો.



"જાઓ—મુગાં મુંગા તમારા ઓરડામા ચાલી જાઓ—મને વધારે પંચાતી નથી જોઈતી -જાઓ !" (જુઓ સફો ૮૩ મો.)

"શુઉઉઉઉઉ! તું શું બોલી!" તેણે શયતાન્યત ભર્યા અવાજે બાંગ મારી.

બીતને અથડીને શેહરાં ગભરાટ અને ધીકકારથી આ ઝનુની ભુંડ ગમ ડઘાયલી નજરે જોવા પડી.

"તમે શું કહયું, બાઇ સાહેબ?" કેકાઉસે ઓરડો ધ્રુજાવે તેવા મોટા પોકારથી પાછું પુછયું, "તમે શું મારી મરજીની સામે થઇ કરાંચી જવા માંગોછ? તમે કંઇ સમજોછ કે? તમુને કોણુની સાથ કામ પરીયુંછ તે જાણોછ કે?"

"હા હું જાણુ છ. મારે અહીં રેહવું નથી. હું કાલે કરાંચી જાઉંછ."

"કરાંચી? જાઓ—મુગાં મુગાં તમારા ઓરડામાં ચાલી જાઓ મને વધારે પંચાતી નથી જોઇતી—જાઓ!"

આમ બરાડ મારી કેકાઉસે બારણા તરફ આગળી બતાવી. શેહરાં તો અકડીજ ગઇ. તે દેવેનામ દેવની વીક્રાળ વાઘ જેવી લોહીયાળ આંખ્ખો ગમ એક પુતળાં મીસાલ ટગર ટગર જોઇને તેણી એકાદ મીનીટ જડ બની ઉભી. પછી તે નાપાકનાં આંગળાંને જાણે એક પાળેલા કુતરાંની પેઠે તાબે થતી હોય, તેમ તેણી પાછલે પગે આસતે આસતે હઠતી જઇ પોતાના ઓરડા ગમ ચાલી. તેણીની સઘળી દ્રહતા અને મક્કમપણું હવામાં કાંઇ અજબ રીતે છેલ્લી બે મીનીટમાં ઉડી ગયાં હતાં. તે ભયંકર આંગળીમાં સઘળો ભેદ હતો, વાંચનાર—કુંચી આપેલાં એક બાવલાં મીસાલ શેહરાં તે આંગળીના હુકમ મુજબ પોતાના ઓરડાગમ હંકરાઇ ગઇ.

હા !—શયતાનના તે સાગેરદે આ નસીબની લીલીને "મેસમે રાઇઝ" કરીને પોતાના કાબુમાં પુરેપુરી લીધી હતી.

પ્રકરણ ૧૧ મું.

"મારી કેવી મઝાની ડાહી દીકરી છે !"

ત્રણ દહાડાની લંબાણ મંજલ પછી અંતે મુંબઇ ઠર પડયાં. જીવનેબી ખરેખર થાક લાગી હતી. ખંબાલા હીલ આગળ એક બેઠાં છાપરાં જેવા નાના બંગલાના વરંડાપર બેઠેલું એ ગમગીન પુતળું કોણ છે ? તે કેકાઉસ મુલ્લાંના ફાંદામાં સપડાયલું નવું રમકડું શેહરાં છે.

એક નીચી ખુરસીપર નસોસ થઇ અટેલાઇ પડી શેહરાં ક્યારની જીવ સાથ આગલી પાછલી વાતો યાદ કરે છે. લુસી સમાનું ગુજરી જવું, ત્રેનનો અકસમાત, ફુટી નીકળેલા પપા અને રંગુનથી મુંબઇ સુધીની થાકવી નાંખનારી મુસાફરી—એ બધળુ જાણે કોઇ દેવ પરીયાંનો કીસ્સો તેણી વાંચી ગઇ હોય તેમ બોલ બોલતામાં પસાર થઇ ગયું. દશ પંદર દહાડાની વાત ઉપર તેણી કોણ હતી—અને આજે કોણ થઇ ગઇ ! માતબર બપાવાને ત્યાં કરાંચી આશરો શોધવા જવાને ઠેકાણે આ તો હપતો ખપતો કડકાબાલુસ પપા નીકળી આવીને નડયો.

શેહરાંએ હવે વધારે વાર ફટાંઉ થવાનું છોડી દીધું હતું. કેકાઉસનાં નામ હેઠળ પોતાને ઓળખાવતા અજબ જાતના આ બાપની સામે થવામાં તેણીએ હવે કાંઇ સાર જોયો નહી. કાંઇ

ગુપ્ત ભેદી શક્તિથી તે માણસ પોતાની મરજી પાર પાડવાને સામર્થવાન હતો, બે ત્રણ વાર શેહરાંએ ચકભમ થઇને જોયું કે ગમે તેવીબી પોતે જીદદી અને મકકમ થવા માગ્યું હતુ તે છતાં આય દે કેકાઉસના હુકમને એક પાળેલાં જાનવરની પેઠે તાબે થવાની કાંઇ ન સમજણ પડે એવી તેણીને ફરજ પડી હતી. દાખલા તરીકે જ્યારે કેકાઉસે રગુન છોડી મુબઇ જઇ વસવાની વાત છેડી હતી. ત્યારે શેહરાએ પહેલા પોતાથી બની શકતાં અડ કરી, પણ બધું તેણીનું તોફાન અને નિરૂધ્ધતા કેકાઉસના એક ખવીસ આખના પલકારા આગળ અને આંગળીના એકજ ઇસારા વડે ગેપ થઇ ગયાં. એક બોકડાંની પેઠ તેણી મુગી મુગી પોતાના આ પીતા થતા પારર્સ. ા સાથે ત્રણ આખા દહાડા સુધી મુસાફરી કરી કેમ મુંબઇ આવી તેનું બી શેહરાને કાઇ ભાન હતુ નહી

ગમે તેવો હોય—કોઇબી રીતે મુબઇ તો આવી અને ઠરીઠામ થવાને પાચ છ દહાડાબા થઇ ગયા હેપન.' ાતે કેકાઉસે આ બગલાની આગમજથી ગોઠવણ કરેલી હોવા જોઇએ —કારણ કે ત્યા નવોજ સરસામાન અને જુદાજ નોકર નકરોથી તે જગ્યા તેણે વસાવી મેલી હતી. કીસમતમાં લખ્યાં હોય દીવેલ તો ઘી શાનુ ખાવું ! શેહરાંએ આ નવી જગ્યાએ પગ મેલતાં દીલ મોટું કરી મન સાથ સોગદ ખાધા હતા કે તકદીરની તાસીર વીરૂધ્ધ હવે વધારે લડવું નહી. આ કેકાઉસ મુલ્લાં તેણીનો પોતાનો ગુમાયલો પપા પેસીજ હતો તે વીશે તેણીની ખાતરી થઇ હતી. એટલે કુદરત સામે બળવો ઉઠાવવામાં લાભ

શું !—વળી હવે એકલી અટુલી આ જુલમગાર જહાનમાં તેણી પોતાના બાપને છોડીને વગર આધારે વગર પુસવાએ જાયબી ક્યાં? આણીગમ કેકાઉસ તેણીની સાથ દરેક રીતની માયા અને મમતાથી વરતતો હતો. હમેશ હેતથી શેહરાંને ખબતી મુકતી ચીજ પુછતો અને તેણીના સુખ સગવડને વાસ્તે ખરેખર પુરતી કાળજી રાખતો. રગુનમાં જ્યારે શેહરાએ એક દહાડે બહુજ બજીદ થઇને રડારોલ કરી મેલી, બસ કેકાઉસના આશરામાંથી જતી રહેવા માગ્યુ ત્યારે કેવો તે જીગરે જખમી થયલો પીતા આંખમાં આંસુ લાવી પોતાની મરનાર બૈરી લુબી મડમની યાદમા મુઝાયો હતો? તેજ વખતે, વાચનાર, ભોળી નીરદોષ શેહરાંની છાતીમાબી કેકાઉસને માટે લાગી આવ્યું હતું.ગરીબ બીચારી ! તેણી થોડીજ જાણતી હતી કે ગમે યારે આંખમાં પાણી લાવી નાટકી આવભાવ કરવામાં કેકાઉસ જેવો એક નાપેકાર એકકો હોવોજ જોઇયે.

વરંડાપર માથે હાથનો ટેકો દઇ આ સઘળા તુરંગોમાં લીન થઇ શેહરાં બેઠેલી છે, તેટલામા કોઇએ આસ્તેથી તેણીના માથાંપર હાથ મેલ્યો અને ચોંકીને તેણીએ પછવાડે જોયું.

"શેહરાં, નાસ્તો ખાધો કે, બેટા?

"હા, પપા"

કેકાઉસ ખુશીથી ખીલી ગયલા ચેહેરા સાથ એક ખુરસી તાણીને તેણીની આગળ ગોઠવાઇ બેઠો.

"હવે મારી કેવી ડાહી દીકરી લાગેછ! તું પહેલાં ચેરી થતી'તી તે મને નહી ગમતું'તું. દીકરા—આપરો નવો બંગલો બધો ફરીને જોયો?"

"હા જોયો. પણ પહેલે માળનો નાકેનો ઓરડો બંધ કાંય છે?"

કેકાઉસ ખુરસીપર અધેલી પડીને ખડખડ હસ્યો.

"તુ બી જબરી ચપટી છોકરી, બા—હેહેહે! શેહરાં, તું જાણતી નહી હોશે કે તારો પપા એક શોધક છે?—"

"શોધક! એટલે?"

"નવી નવી શોધ કરી હુ તેના પેટંટ લેઉછ. હમણાં હુ એક નવી જાતનો સીવવાનો સાચો બનાવવા પાછળ મંડેલો છેઉ તેના 'મોડલ' લગભગ તૈયાર થયોછ જે દહારે મારી શોધ દુનીયાને જાહેર કરશ. શેહરૂ, તારે આપરો દાહરો ફરી જશે. હવે તુ મારા ઓરડો બધ કાંય છે તે સમજી?"

આવડા આવડા ડોળા ઉઘાડીને શેહરાએ આ પોતાના કહેનાતા મહાન શોધક બાપ ગમ જોયા કીધું. તેણીના મગજમાં કઇ ખુલાસો ઉતર્યો નહી હતો.

"તું ગુચવાયલી લાગેછ," આસ્તેથી તેણીના સુદર બાલ પસવારતાં કેકાઉસે ચલાવ્યુ, "મરી દીકરી, એ ઓરડામાં મારો અમુલ્ય 'મોડલ' હું જીવની કાની સાચવી રાખુંછ. કોઇની નજરે તે પડવો નહી જોઇયે. જો તે અગાઉથી જણાઇ ગીયો તો કોઇ તરત મારી પહેલા પેટંટ લઇ લે ને મારી વરસોની જીવતોડ મહેનત પાણીમાં જાય. બીજા છ એક મહીનામાં એ મશીન હું સંપુરણ કરશ. પણ તેટલામાં મારા સીવાય કોઇનીબી નજરે તે પડવો નહી જોઇયે. તારી નજરે બી નહી, શેહરાં—સમજી કે!"

શેહરાંના મુખપર સહેજ રમુજ ફરી વળી.

"હું કોણુને કહેવા જવાની છેઉં—પપા?"

"નહી તેમ નહી, પણ તુ કદાચ અછરતાં કોઇને અંજાણુપણે ઇસારોબી કરી દે તો નખોદ વળી જાય! વાસ્તે મને વચન આપ કે તુ એ ઓરડામા કદી પગ નહી મુકશે."

"હા—તમે ના કહેશો તો નહી જવશ. એ બંધ છે તો હું જાઉજ કેમ!"

"બંધ તો છે, પણ કદાચ ઉઘાડો રહી જાય તોબી તું તાહ પગ નહી મુકે, એવો કબુલાત જોઇયેછ."

"વારૂં, હું તાંહ તમારી રજા વગર કબી નહી જવશ. પણ, પપા, ભોય તળીએ જમવાના ઓરડા આગળ કોઇ કલબ છે કે?"

કેકાઉસનો ચેહેરો પાછો જરા કુમલાયો.

"નહી, કલબ શાની! તે વળી પુછવાનું શુ કારણ મળ્યું?"

"તો તાહ પાનાની ટેબલ અને સોટકાં ને પાસા બધા શાનાં છે?"

કેકાઉસ વળી મોટે સાદે બેઅખત્યાર હસ્યો,

"હાહાહા! ડોસાં તમે તાંહબી ફરી વળ્યાં કે! ને વળી ગીયાં તો ગીયા પણ બધાં ટેબલ ખાનાબી ખોળીને સુંઘારાબી લઇ આયાં કે—હેં!"

"હા,—પપા, કાલે રાતે ત્યાં કોઇ બે ત્રણુ જણુનો પાના રમવાનો સાદ મને મારા ઓરડામાંથી સંભળાયો તે

મને ઘણી ચટપટ થઇ તેથી આજે સવારના જરા જોઇ આવી. એ તમારી સાથે પેલો ચીનાઇ પાઘડીવાળો ને ગુચ્છાવાળો પારસી કોણ પાના રમતો'તો, પપા ?"

કેકાઉસ હવે આસ્તેથી ઉઠીને ઉભો થયો

"શેહરૂ તુ એમ મારી દરેક વાતમાં ખનખોટ કરશી તે કેમ પરવડશે ! તું તારા બાપને શું કઇ જુગારી લફંગો બદમાશ સમજેછ કે શું !"

"નહી, પપા, હુ કહાં એમ કેહુંછ ? પણ કાલે રાતના જરા પઇસા ખણખણતા'તા તે—"

"છોકરી, તું તો વહેમીનુ બારદાન થઇ ગેઇછ. ચાલ જા તું તારા કામ કર—એ તો મારા આગલા દોસ્તદારો સાંજને છેડે એમ અવારનવાર અહીં આવ્યા કરશે કાલે ઉતો તે મારો આગલો ફરેડ દારાશા દીન્યારજી અમે ત્રણ ચાર વરસે પાછા મળ્યા—પણ તે અને કહા જેયા ? ઓરડામાં તો તુ નહી આવાતી ?"

"મેં મારા ઓરડાની બારીએથી જેયું. ચાંદરણું ઉગુ કેની તેથી હું બરાબર માહોડુ જેઇ શકી, તમે માનશો ? હું ખરૂં કેહુછ—છે તે—પપા—"

"શુ ખરૂં કેહછ ? બોલની અચકી શાની ગેઇ ?"

"જાણે મેં એવણુનો ચેહેરો કેથે જેયો હોય ! મને ઘણુંજ ધ્યાનમા આવ્યા કરેછ, પપા."

"જા જા, એવા ધખારા ન રાખ. પણ શેહરૂ, હવે આપરે તાંહ મારા દોસ્તદાર આવજા કરે તાહરે તું આય કારી

એબલગામણી સારી ના પહેરતી. હું જાણું છ કે તું તારી માયનો શોક રાખેછ—પણ આખો દહાડો તારે ગમે તે કર, સાંજને છેડે લોક આવે મુકે ત્યારે શોભીતાં કપડાં પહેરજે દીકરી. મને એમ કરવાનું કંઇ ઘણું મજબુત કારણ છે. તું હવે મારી કલાસની દીકરી થઇછ તે જોઉંછ તો આટલો મારો હોકમ કેમ બજાવેછ? ને જો લોકો આવે ત્યારે ડરોઇંગ રૂમમાં તે લોકને રીસાવ કરજે ને મજેહથી વાત કરજે પણ પછી અમે કલબ રૂમમા જઇએ ત્યા તારે પગ નહી મુકવો —સમજી? જો તાંહ તુ આવીછ તો હુ ઘણોજ નાખુશ થવશ હું?"

"વારૂંજી. પણ પપા, અહીંથી જરા બહાર કેથે ફરવા હરવા આપરે નહી જઇશુ કે?"

"ઓ યસ" કેકાઉસ ત્યાથી ચાલી જતા મુછમા હસીને બોલ્યો "જરા આપરે સેટલ થઇયે પછી જોની તુને કેવી બધે બધે મારી સાથે ફેરવુ છ તે?"

કેકાઉસ પોતાના ઓરડામા ગયો અને અંદરથી બારણું બંધ કર્યું.

"સત્યાનાસ જાય આય નાપાક દુકતીનું!" તે મોહોડું મચકાવીને બબડયો "એ સખે ગગરવા નથી દેવાની! રંગુનથી એને ખીસારી લાવ્યો કે લોકો પેલી માજનદરાણુને બદલે એને મારે તાંહ જોઇને મારો ઘાણ નહી કાહરે. પણ આ રાન તો એવી વળવળતી છે કે એટલા વખતમા ઓરડે ઓરડે નાક ખોસી આવી! અરરર બાપરે આએ બધું અહી ઓરડામાં

ધમશાન પડયુંછ ત્યાં રૂપેને પહોંચી વળે. ! પણ એ શાહુ પોરી જરા એસફી મેસફી થઇને સાંજના તૈયાર રહે તો બંદાને ત્યાં ભુલા ચુકાના માબાપો નેપ, બ્રેગ રમવાને જરા વધારે ઉલટથી દોડી આવે ખરા ! મારો આએ દારાશા અચ્ચુચ પાછો મળી ગીયો તો સારૂં થયું. કમબખત સાત બ્લેગાર્ડનો એક બ્લેગાર્ડ છે ખોદા જાણે એ ખરેખર કોણ સુઆછ? પાંચ વરસની વાત પર રંગુનમા એની સાથે દોસ્તી પડી ને ત્યાં ખોટા સીક્કા બનાવી અમે બેઉએ મળી જેટલી નેકનામી થાય એટલી કરી લીધી પછી ત્રણ વરસ ખોદા જાણે કાંહ ગેપ થઇ ગયલો તે ગઇ કાલે એકાએક ફુટી નીકલ્યો હુ ને એ મળશું તો પાનામાં બીજા બોચીયાઓને આખાને આખા કાતરી ખાશું ને અહીં આએ ખોટા રૂપીઆ બનાવવાનો સામાન પાછો——"

આસ્તેથી પોતાનું કપાળ લુછી એક ખંખાર સાથ કેકાઉસે આ તુરંગો છ છેરી નાખ્યા. પેલી છોકરીની બીલાડા જેવી આંખ્યો તેની સાંમે જાણે પાછી આવી હતી.

પ્રકરણ—૧૨ સું.

નસીબાનો લાડકો—મેહેરજી પંથકી.

"મેહેરજી, આતવારે બપોરે હરીશચંદ્રનો નાટક છે. માસીબી કહેછ કે ગમે તો જાઓ. જો, બે ટીકીટ આપરે વાસ્તે લાવ–વરી !"

મેહરજી મુછમાં હસીને સોફા કોચપર લાંબા ટાંટીયા કરી અરડાઇ પડયો અને એક લાંબી અવાજી ખાધી. સહવારના દશ

વાગતે તે કેથે બાહેર સાઇકલપર ફરી આવી પહેલે માળે પોતાના ઓરડામાં ગયો કે પાછળ તેની માસીની દીકરી જરબાઇ અંદર આવીને ઉપર પ્રમાણે માથું ખાતી હતી.

"જરાં, એ નાટકનો તુને શું હમણાં હમણાં ચસ્ટો લાગોછ! જા, મને માફ કર—કેહેતો ટીકીટો મંગાવી આપું. તારી કોઇ બાઇઓ સાથે જતી હોય તો જા—બાકી મનેતો હવે કડવા આવેછ"

જરીએ પોતાના સોહામણા ડોકાનો હણુકો કરી જરા ભોભરો ચઢાવ્યો. મેહેરજીના માસીની આ છોકરી ખરેખર દેખાવમાં શોભીતી તો હતીજ—તેમા ફેર નહી. સુમારે વીસેક વર્ષની હશે—પણ બોલીદરાઝ સ્વભાવ અને નખરાંબાજ ઠપ છપથી તેણી ૧૭, ૧૮ વર્ષની ખીલતી કુમારી કન્યા લાગતી હતી તેણીનાં માબાપ ગુજરી ગયલા હતા—મરણ પછી આ નમાઇ પોરીને આજે ત્રણ વર્ષ થયા પોતાની દીકરી જેવી કરી લઇ ભીખાઇજીએ પોતાનેજ ત્યાં રાખી હતી

મેહેરજી અને જરી વચ્ચે ભાઇ બહેન સમાન ગાઢી પ્રીત બંધાઇ હતી—છેક હમણા સુધી એ જવાન પ્રીત્રાઇ ભાઇ પોતાની માસીની દીકરી તરફ એટલો દેખાતો ખુશ અને હેતવંતો હતો કે સઉ કોઇ (ભીખાઇજી પોતેબી) ખુલ્લે ખુલ્લું બોલતાં કે કોઇ દહાડે આ બે જણાંનાં લગન લાગશેજ. પણ—પણ—

રે કમબખત "પણ!" છેલ્લા પંદર વીશ દહાડા થયા મેહેરજીબાના રંગ ઢંગ કાંઇ અજબ રીતે ફેરવાઇ ગયલા હતા.

હમેશને લેહરી ખુશ મીજાજી શોખીન આ પોર્યો જાણે એકાએક મોટો ઘેરબારની ચીંતા અને બચ્ચાં છોકરાંની જંજાળવાળો બુઢો માટીડો થઇ ગયો હોય તેમ "સમમ બકમ" બનીને બેબાખરો બેધ્યાન થઇ રહયો હતો. અગાઉ ખાણીપીણી, નાટક કલબનો આ મોજીલો રંગીલો જીવડો બસ હવે એવી મોજ મજાહની વાત નીકળતાંજ ડાચું મચકાવીને કંટાલાનુ બગાસુ ખાવા મંડી જતો.

મેહેરજીના મીત્રો ફફડતા, ભીખઇજી બબડતાં અને જરી ખભરતી—પણ જેનામાં ઉલટ કે ઉર્મીંમ જેવુ હોયજ નહી તે એક મનગમતો સાથી શી રીતે થઇ શકે? નાટકમાં સાથે જવા ના પાડયું તેથી જરીને જબરો ચટકો લાગ્યો—

"મેહેરજી, દાહરે દાહરે તુબી છેકજ બરેલું છાણું થતો જાયછ જો!" તેણી રોહસાથી બોલી, "પરમદાહરેબી તે વાહડીયાને તાંહના 'અટ હોમ'માં આવવા ના કહ્યુ—"

મેહેરજી રમુજથી પાછો હસ્યો અનેજોરમાં આળસ ખાધી.

"તું મારી સાથે એમ વાઉની કાની મરાયછ તે મને હસવું આવેછ, જર—પણ મને એવે ઠેકાણે જતાં કટાળો આવેછ તે શું કરૂં?"

"ઉં—તારે અગાઉ તો નહી કંટાળો આવતો'નો? હમણાજ કેમ સુધ બધી અવાચી તારામાં ભરાઇ ગેઇ!"

"હે—હે—હે!"

"દાંત શાના વરી કાહડેછ? અબાળ કેવો મજાનો મારી સાથ સાંજે સ્કેન્ડલ પોઇંટપર ફરવા આવતો'તો—હમણા કેણુ જાણે સાંજ પરેછ કે તું કાંહ સુકઇ જાયછ તેબી જણાતું નહી. બા, એમ શું કરેછ જો—મને નહી ગમતુ."

ડોકું ઉંચકીને મેહેરજી ખડખડાટ મોટેથી હસી પડયો. જરાં એમ ફટકી ચટકીને વાત કરતી હતી તે જોઇ તેને ઘણી રમુજ પડતી હતી

"અરે ઘેલી, તારા સાથ ફરવા આવવાનું ને નાટકમાં જવાનું મેં કાંઇ લખત બખત કીધું છ કે?" તેણે હવે આસ્તેથી કહીને કહ્યું, "ચાલ—ભેજુ ના ખા. માયજી કાંહ છે?"

"નીચે હોલમાં છે. પેલા દારાશા દીન્સારજી મલવા આયાછ તેની સાથ વાત કરે છ."

"દારાશા દીન્યારજી? તે કોણ?" મેહેરજીના કપાળપર ચીહલો ચઢયો.

"કાલે પોઇંટપર મીસીસ પાટકે એવણુને અમારી સાથ ઇન્ટ્રોડયુસ કીધા. કહેજે હમણુંજ ગ્રાન્સવાલથી આયાછ—ને સારો પૈસો એકઠો કરી આયાછ."

"તે એટલાવારમાં વરી આપુને 'કોલ'બી કરવા આવી મુવો? લાવની જોઇએ—કંઇ બઇરાંબી ધસરઇ તણુઇ—"

"નહીરે એકલો છે. કહેજે રંડાયલો છે. આય પેલુ 'કલીફટન કોટેજ' આપરા 'પેલેસ'થી થોરે દુર છે કેની તેની પરોસના બંગલામાં આઠ દશ દાહરા થયાજ આવી રહયો છ.'"

"હેં?"

પગ તળેની જમીન જાણે અચબુચ બેસી ગઇ હોય તેમ મેહેરજી એક આંચકા સમેત ઉછળીને ખડો ઉભો તેની ઉઘ્રણુસી અવાચી અને આળસ સઉ તડકામાં આસ માનપર ઉડી ગયાં. મોં ફાડીને જરીના કોઠા ગમ એક ચોતે જોવા લાગ્યો.

જરીબી મેહેરજીનો આ ન ધારેલો ચમક વા જોઇને વીચારમાં પડી.

"આ વાય! આજે એમ ફારસ શું કરેછ, જો! વરી શું થયું?" તેણીએ અજબ થઇ પુછ્યું.

"કોણ? એ કોંહ રેહેછ? દારાશા દીન્યારજી? એ વરી કોણ છે? જોઇએ તો ખરા—"

આટલું જીવસે બબડી મેહેરજી ત્યાંથી ધડાકાબંધ નીકળી નીચે ડરૉઇંગ રૂમમા ગયો.

ત્યાં બે જણુ વાતે બેઠેલાં હતાં. ભીખઇજીની સામે બેઠેલો તે અણુજાણ્યો પુરૂષ પેહેલી નજરેજ મેહેરજીના ખ્યાલ માં ઉતર્યો નહી. આશરે પીસતાલીસેક વર્ષનો અઘોર દેખાવનો તે પારસી જો કે લગાર ઠઠેરાબંધ કાળા લાંબા ડગલા, પાટલુન, મેકટાઇ કાલર અને નવી ફેશ્ર પાઘડીમાં દમપર સુમાર હતો તોય તેના ચાઠાં ચાઠાંવાળો લાલ ભુતડા જેવો ચેહેરો, તેની છાકટ જેવી લાલ તરતી આંખ્યોજ કહી આપતી હતી કે તે કાંઇ ઘણોજ આબરૂદાર અને ભરૂસો રાખવા લાયક માણસ તો હતોજ નહી.

મેહેરજી દાખલ થતાંજ તે પારસી પોતે કાંઇ બોલતાં અચકી જઇને આ જવાનને માથાંથી પગ સુધી જોવા પડયો.

"લેવો, મારો મેહેરજી આયો," બીખઇજી હસ્તે મોહડે પોતાના દીકરાને ઓળખાણ કરાવતાં બોલ્યાં, "એ મારો દીકરો—ને આય એવણ મી• દારાશા દીન્યારજી. એવણ ત્રાન્સવાલના મોટા વેપારી છે, મેહેર—હમણાજ મુંબઇ આયાછ."

દારાશા જુઠું જુઠું હસ્યા, અને ઉઠીને મેહેરજી સાથ શેકહેંડ કરવા હાથ લાંબો કીધો, જરા પોતાની આંગળીઓની ટીચકોઓ તેવણના હાથને લગાડી મેહેરજીએ દમ્માંજ પાછા ખેંચ પોતાના હાથો પાટલુનના ગજવામાં ખોસી દીધા અને ભવાં ચઢાવી 'હોલ'માની છેક નાકેની ખુરસીપર જઇને ધરણું ખાધણ્યુ થઇ બેઠો.

એનો બાપ મરે એ દારાશા દીન્યારજીનો! કોણ જાણે શું કારણસર તે કહેવાઇ શકાતું નથી—પણ તેનો ખાંઉ કરડું લફંગા જેવો ચોબરો જોઇનેજ મેહેરજીને ધધરીને જાણે તાપ ચઢી. દારાશાએ બે ત્રણ વાર તેની સાથ કંઇ વાત છેડવાની કોશેશ કરી પણ 'હા ના' નો હુંકારો આપ્યા સીવાય મેહેરજીએ તેને કંઇ વધારે કોહુ આપ્યું નહી. બીખઇજીએ જોયું કે મેહેરજીની દાળ બળી ગયલી હતી એટલે તેવણે તેને તરત વેળા વધારે વતાર્યો નહી. દારાશાનેબી મેહેરજીની આવી દેખ ખતી વર્તણુકથી એવું ભારી પડયું કે પાંચેક મીનીટ બીજી ત્રીજી વાત કરી ત્યાંથી ખસીયાણા જેવા થઇને રૂખસદ લીધી.

દારાશાના જવા પછી બીખઇજી પોતાના દીકરાની આગળ ગર્યા—

"શું છે, મેહેર? જીવને સારૂં નથી?"

"નહીં, સારી કાની હઉં—પણ આય કોણ અગલી બુટ જેવા અરીમ ધરીમને તમે દીવો લઇને શોધી કાહર્યો, માય?"

"મરેરે! વરી અગલી બરૂટ શાનો થયો? કેવો મજેહનો છે ને! કહેજે ઘણી દોલત આફ્રીકાથી કમઇ આયોછ—"

"હોશે—પણ મોહનાપરથી તો પેહલા નંબરનો પોશાગીર દેખાયછ. માયજી, એવા ખોર્યા ખાપર્યાઓ સાથ તમે પોછાણ પારોછ તે મને જરા પસંદ નથી."

"લેવો—આય દુઃખ થોગ છે? કોઇ સારૂં માણુસ મળવા આવે તેરે તેને શુ ના કહું? એ બીચારાનું દીલ જરા મોહ્કુ છે ને મોહનું લાલ છે તે શું આપરે—"

"વારૂ ચાલો માંડી વાળો. હુ બીજું પુછુંછ તે કેહો. પેલો આપરી પરોસમાં 'કલીફ્ટન કોટેજ' નહી ખાલી પરી રેહલો ઉતો, માય? તે તો હું ભુલતો નહી હોઉં તો આપરેજ અસ્તક ઉતોની?"

એક આંખના પળકારામાં બીખઇજીના મોહડાંપર કેવો ફેરફાર થઇ ગયો તે મેહરજીએ દીઠો નહીં. તે તો વીચારમાં બારીની બાહેર જોયા કરતો હતો. બીખઇજીનો ચેહેરો જડ

ચહને લગભગ કદરૂપો બની ગયો. તેવણે ત્યાંથી પીઠ મરડી ચાલવા માડયું.

"જા, હવે જરા જઇને આઘાર, મેહેર—"

"પણ ઉભાં રેહોની! કાંહ ચાલી જાઓછ, માય?" મેહેરજીએ બુમ મારી તેવણુને અટકાવયાં, "આધારવાની વાત પછી—મારા સવાલનો જવાબ આપો?"

બીખઇજી જતાં જતાં ઉભા રહી ગયાં.

"તાંહ હમણા કોઇ પારસી માય દોકરી આવી રેહયાંછ—કોણ છે? તમુને ખબર તો હોવુંજ જોઇયે"

"હોશે! બલા જાણે!—તેની એટલી બધી ખણખોદ શાની કરવાની?"

મેહેરજી ઠડાક દેતોકે ઉઠી ઉભો થયો. નસીબાના આ લાડકા એકપુરા શ્રીમંત નવજવાનનો મગજ જરા જરા સેહલાઇએ ચશકી જતો હતો. દારાશાના આવી ગયા પછી તેનો 'ઇસ્ટીમ' બસ ઉંચેજ ચઢેલો હતો—

"પણ તમે મને એમ ઉડાવ્યા કાંય કરોછ, માયજી? તમે પોતે 'કોટેજ' ભારે આપ્યું તે ભારૂતના—"

"મેં કોટેજ ભારે આપ્યુજ નથી! તું એમ મારી સાથ ખર્વાયાંજ તોરવા હમણા માંગેછ તારે હું તારી સાથ વાત નથી કરવાની."

આટલું બોલી બીખઇજીએ પાછું ચાલવા માંડયું. મેહેરજી ગમે તેવો આકરો હતો—પણ માવે ગરીબ અને પોતાની માય વાસ્તે લાગણી ધરાવનારો છોકરો હતો. બીખઇજીની આગળ જઇ તેણે આસ્તેથી તેવણનો હાથ પકડી ઉભાં રાખ્યાં.

"માયજી! ગુસ્સે ના થાવો. મને કહો—વરી—એ લોક કોણ છે?"

"પણ હરવાયા! હું શું જાણું? હોશે કોઇ મુવાં પરીયાં ખરીયાં—"

"વરી–વરી! તમે એમ 'અનરીઝનેબલ' થાવોછ તારે મને નહી ગમતું!" મેહેરજી કચવાઇને ડોકું હલાવા ગભીરાઇથી બોલ્યો, "જોવો માયજી, હવે ખરી વાત કેહું. ગઇ પરમ દહાડે સવારના મને એ કોટેજની આગળ એક નાનો સાઇકલ એકસીડંટ થયો—"

"ઓ માયરે! પછી?"

"બીહો ના—વાતમાં કંઇ દમ નહીં હતો—પણ બીચારસં માય દીકરાંએ મારી ઘણી બરદાસ્ત કીધી. મેં ઘણુંબી પુછયું પણ પોતાનું નામ મને નહી કહ્યું. છોકરીનું નામ રતનબાઇ ને માયનું નામ સુનાબાઇ એટલું હું જાણુંછ, પણ એ લોક કોણ છે તે જાણવા ઘણી ચટપટ થાયછ. બીચારાં ગરીબ માણસો દેખાયછ. પેલી છોકરી તો સીવી સાંધી, કોર ટાંકીને—"

"પણ તાહરે એવાં હલકાં પીજારડાં લોકની અરાસે આપરે શું કામ જઇયે? આપુને તેમાં શું સોભા લાગવાની હતી, મેહેર?"

"તમે એમ ના બોલો, માય," મેહેરજી ખરે મને હવે છછણી પડયો, "આપરી પાસ પૈસા છે તેથી શું બીચારાં ગરીબોને હીણ્યે કે? નહી, માય—આજે નહી તો કાલે તમે ને જઇ એ લોકને 'કોલ' કરવા જાવો. હું ખાતરી આપુંછ કે એ લોક ઘણા આબરૂદાર છે—"

બીખઇજીના ચેહેરાપર ખરેખર એક 'ડેનજર સીગનલ' ચઢી હતી.

"બા મારૂ માથું ના ખા—મને હમણા ફુરસદ નથી. કોઇ દાહરે વરી વખત મળશે તારે જવશ. એ લોક પોતેજ ખુલ્લે અંતઇ ભરાઇ રહેવા માંગેછ તેરે આપુને એટલી બધી શું જરૂર કે એમ હલકાં પરીયે? તુંબી, મેહેર, કોઇ વખત જરા વીચાર નથી રાખતો."

મેહેરજીનો મીજાજ હવે પુરો જતો રહયો.

"વારૂ—વારૂં! વીચાર નથી રાખતો તો ઘણું સારૂં! તમે કોઇ વખત એમ એક જણની સામ્બે મત બાંધી બેસોછ તાહરે તમારી સાથ તકરારબી કરવા નથી ગમતો. કેહું જે—પેલો મારો દોસ્તદાર રૂસ્તમ મુગાસેઠ કાહે સ્વાતે આવેછ—મેં તમુને બધી વાત કેહાતી તે! જરા તેનો ઓરડો તૈયાર કરાવજો."

આમ કહીને ફૂફડાટમાં પીઠ મરડીને મેહેરજી પોતાની માય સાથ રૂસાઇ પોતાના ઓરડામાં ચાલી ગયો.

પ્રકરણ ૧૩ મું.

ચોરને ઘેર ચોર પરોણો!

અલ્લાહને બનાઇ જોડી—એક અપંગ, દુસરી ખોડી '

જમવાના ઓરડામા ખાવાની એક નાની ટેબલ આગળ સામસામે બેસીને વીસકી સોડાથી ગળું ભીંજવતા બે મીત્રો વચ્ચેથી કયો વધારે બદકાર બદલગામ હતો તે કહેવુ મુશકેલ હતું. કેકાઉસ મુછલાને ત્યાં મળવા આવેલો તેનો આ આગલો હમશરીક દારાશા દીન્યારજી બેશક ચોરને ઘર એક ચોર પરોણો હતો. તેને જોતાને વાર મેહેરજી પંથકીના પેટમા અભરમચી આવ્યા તેમા જરાબી નવાઇ શી? તેનો થોથરો ચહડેલો પોહોળો પટાક ખાઉંકરહું ચેહેરો, બદમાસથી તરતી લાલચોળ આંખો, તેના બોલવાની ચાલ ઝપટ અને રોકાનો ઠણકો કોઇબી સાધારણ જોનાર કહી શકે કે આ દેશ ખાઇ દરવાજા કેડે બાધા ચુકેલો ઉઠાઉગીર પંચી કેકાઉસના કાન કાપીને ખીસામા મેલી દેવાને તદન સામર્થવાન હતો.

" કેકા, આખરે પેલા ઇડીયટ મેહેરજી પંથકીને મે સીસામાં ઉતાર્યોછ—હં. પહેલાં તો મીયા સાહેબ ઘણા તાણમાં ઉતા, પણ આખરે બંદાએ એને પસરાવ્યો. કાલે સાંજના એ અહીં આવવનો છે—ધીરે ધીરે રમતમાં ઉતારશું."

"જીવતો રેહ! બીહ્લુ સદ્દર છે, દારાં. અહીં જરાક એને ઠર પડવ: દે ને પછી એ છાવાને બરાબર ચીકાવવાનું કામ આપશું!"

દારાશા પેટ હલાવીને ખડખડ હસ્યો.

"તારો બાપલો મરે, કેકાઉસ! તું હજુર શુધરયો નહીં. જુવ્યા, રંગુનમા પેલા મોડાની ડાક્ટર બરજોરને બ્રેગ રમતાં ચારસો રૂપીઆ આપરે મુસી નાખ્યો'તો તે યાદ છે કે? પાનાં સેરવવાની તારી ઝરૂ બી જબરી, બા."

કેકાઉસે મુછમાં હસીને વીસ્કીની ટાંસ મારી.

"લેઓ," તે મોહોડું નુછતાં બોલ્યો "ચારણી કરવરાને હીણેછ! તારૂં નબોદ જાય, હું તો પાનાજ સેરવુછ, પણ તું તો લોકને આખાને આખા બાદશાહના 'પ્રાયર' આપી એક્કાના 'પ્રાયર' લઇ મરેછની! આપે મેહેરજીને આસ્તે આસ્તે આપરે બે જણ મળીને વેતરશું તો નાણું પેદા કરવાનુ છે, યાર. બીજા ત્રણ ચાર બોચ્યાઓનેબી મેં પકર્યાછ."

"એ બોકરાંઓને અહીં ખેંચ્યા કરવા તારી પોટ્ટી આપુને ઠીક કામ લાગશે, કેકા. નખરાં કરીને પોર્યાઓનુ માથું ફેરવવાનું હોય તાહાં ધનને પુછવું નહી પરેતો."

કેકાઉસે હાથમાંનું ગલાસ ટેબલપર મુકી દીધુ ને ડોળા ઉઘાડી ટગર ટગર દારાશાની સામે જોવા લાગ્યો.

"તું જાણુતો નહી? હું જાણું કે તુને ખબર હોશે, દારસા. ધન મારે તાંહા હવે કાંહાં છે? એ રાન મેટ તો મને છોરીને કેરે જતી રેહીછ."

"ઓતારી!"

" સાચ્ચે ! હવે એ દુકતીનું ફરીથી મારી આગલ નામ ના દેતો. પણ દાગાં, આપરે આટલા બધા જાની દોસ્તદાર થયાં તો હવે જરા છાતી ખોલીને મને તારી ખરી હકીકત બધી કેહની—એમ શું મારી સાથબી ફાંફાં માર્યા કરેછ !"

" ખરી હકીકત ! એટલે તે શું ?"

" હવે પેતરા ના કરી મર ! તારૂં નામ દારાશા ફારશા હોય તો મુંછ બોરાવી નાખું ! બચ્ચા, કાંહાં લોહારવારે સોય વેચવા જાયછ.———"

" હેં હેં ! એ વરી શું નવો ધખારો ?"

" ધખારો બખારો કંઈ નહી. તું ધારેછ એવો કેકાઉસ કંઇ બોધલું નથી, દારા. તારી આગલી પાછળી જીંદગી, તારા માય બાપ, તારા બૈરી છોકરા કંઇબી બરેલાં શું હોશેજ નહી ? તું માથાથી પગ સુધો ભેદનો ભરેલો છે. બોલ. ત્રાંન્સવલ એ ત્રન વરસ કહરાયો તાંહાથી ઠીક હાથ મારી આયોછ કે ?"

દારાશાએ મોંહો કુમળાવી ડોકુ હલાવ્યું.

" કઇ જીવ જેવું નહી. પાસે પૈસા હોય તો તારી સાથે આય નવેસરની અફારકુટમાં શું કામ પરૂં ? કેકુ દીકરી, હું આય બધી ગરબર સરબર રાખુંછ તે બધું પોકલ કારખાનું ! હાલ તરત તો અહીંનાં ગાવદી લોકોને સમજાવયુંછ કે મારી સાથ ત્રણેક લાકરીનો છોદો ત્રાંસ્વલથી હું લઇ આયોછ."

" એમ કરવાનું કારણ ?"

" કારણ ? તું એવો ખરટ્ટુપીટ કીયે દાહારે ઉતો. કેકા ? મોટે ખાંચરે ઘુસાય તોજ ઈંટકીચુંટકો કોઇ સાહુ શીકાર હાથ લાગી જાય કેની ? તું ખરૂં કહેછ દોસ્ત—સેવકની જીંદગી એક કહાણી કીસ્સોજ છે. તું જાણવાજ માંગતો હોય તો —'

" પપા ! હું અંદર આઉ ? "

બારણાની બાહારથી આવેલો આ કોમલ અવાજ કાને પડતાંજ દારાશા બોલતાં અચકી જઇને ચમકેલા ચીતાના પેઠે ખડો બેઠો.

" હેં ! એ બેરૂં કોણ ? " તેણે બહુ ધીમેથી કેકાઉસ ગમ જોઇને પુછયું.

" એ ? એ શેહરાં—મારી બુચી. "

" તારી બુચી ! કેમ સાહુકાર—તમેબી ઠીક ધંધા માંડયાછ ! "

કેકાઉસનાં મોહોડાંપર હસવું ફેલાઇ ગયું.

" ઘેલા ! એતો મારી નવી દીકરી છે—તું શું છબરડો કરેછ ? શેહરાં ! આવ, અંદર આવ ! "

બારણાં આગળનો પરદો ખીસાડી તે જવાન છોકરી ઓરડાની અંદર આસ્તેથી ચાલી આવી.

" ઓ ! "——

જાણે એક તોપનો ગોળો પગ આગળ આવી પડીને ફુટયો હોય તેમ એકાએક મોટી બુમ પાડીને દારાશા ખુરસી



જાણે એક ટાંકાના ગોળો પગ આગળ આવી પડીને ફુટ્યો હોય તેમ
એકાએક મોટી બુમ પાડીને દારાશા ખુરશીપરથી ઉઠી ઉભા થયા.

(જુવો સફો .૦૪ મો.,

ઉપરથી ઉઠી ઉભો થયો——— એવા આંચકા સમેત ઉઠયો કે ખુરસી ઉથલાઇ ગઇ ને હાથમાંની લાકડીબી જમીનપર ગબડી પડી. તેનાં કપાળપર બધાં ઝરાં ફુટી નીકળ્યાં હતાં. હરણફાર થઇને લકવાથી બસ જડ બની ગયો હોય તેમ તે ફાટે ફાટે ડોળે મોહો ઉઘાડીને શેહરાંના ચેહેરાગમ એકી ટગરે ટીકવા પડયો.

"શું છે દારાં ? એમ અકરઇ શાનો ગીયો ?" કેકાઉસે વીસમય થઇને પુછ્યું——"આય મારી દીકરી શેહરાં. શેહર, આય મારા દોસ્ત દારાશા દીન્યારજી. કાલે જેવણને વાસ્તે તું——યે ? દારાં——દારાશા ! શું છે ? દારાશા —"

પણ દારાશા જવાબ શું દે ? કેકાઉસ તેની આગળ દોડી પરોચે તે પહેલાં અચણુચ ધુમરી ખાઇને તે ધબ દેતો કે ભોયપર તુટી પડયો તેના હાથ ઠંડાગાર થઇ ગયા હતા અને આખે દીલે તે પાણી પાણી બની ગયો હતો જમીન પર પડયો પડયો બે હાથમાં મોહોડું દાબી તે મહા મુસીબતે દમ લેવા અને હાંફવા લાગ્યો.

શેહરા તો ભખરઇને એક બાજુએ સ્તબ્ધ જેવી ઉભી રહી. આ અણજાણ્યા પારસીની આવી ઓચીંતી તાણ ગભરાયલે ચેહેરે જોવાજ પડી. કેકાઉસ ઝપાટાબંધ દારાશાની આગળ ગુઠણે બેસી ગયો અને તેનાં મોહોડાંપર પાણીના બે ચાર ફટકા જોરમાં માર્યા.

"દારાશા ! એમ શું કરેછ ? લે—આય જરા વીસ્કી પી, હુશ્યાર થઇ જશે."

દારાશાએ આતુરતાથી કેકાઉસના હાથમાંથી ટંબલર લીધું અને ડચક ડચક એક ગોટે બધો વીસ્કી પી ગયો. પેટમાં જરાક ચચવાટો પડતાં તેનો જીવ ઠર્યો હોવો જોઇયે —કારણકે લાલ બોટાં જેવી આંખ્યો ઉઘાડી તેણે એક ચીતે એકાદ મીનીટ શેહરાં ગમ પાછું જોયું.

"લે ઉઠ, દારાશા—એમ નાહલાં બચ્ચાની કાની ફારસ શું કરેછ?" કેકાઉસ તેને બાજુમાંથી પકડી જેમ તેમ ઉઠાડી ખુરસીપર બેસાડતા બોલ્યો, "હમણા તો સારીકાની ઉતો— એટલા વારમાં શું ભુત ભરાયો?"

દારાશાએ હવે રૂમાલ કહાડી ખુબ જોરમાં પોતાનું મોહોડું ચોળીને લુછ્યું—એવાં તો ઝનુનથી રૂમાલ મોહોડાં પર ઘસ્યો કે ચેહેરો ભુતડા જેવો લાલ લોહી બની ગયો.

"પણ તુને થયું શું—જરા કેહની?" કેકાઉસે ઘણીજ અજાયબીથી પાછું પુછ્યું, "એ વરી નવા ઢોંગ કાંહ ત્રાન્સ વલથી લઇ આયોછ કે, દારાં?"

દારાશા હવે સેહેજ મુછમાં હસ્યો અને રૂમાલે પવન ખાવા લાગ્યો. હજી તેની છાતી ખુબ ઉથલાતી હતી—

"આય નાપાક દરદ મને ત્રાન્સવલમાંજ લાગુ પડ્યું," તે દેખાઇતી મુશકેલીએ ભાંગેલા ખોખરા અવાજે બોલ્યો, "કોઇ કોઇ વખત મને એમ થઇજ આવેછ—તું બીહ ના પણ—પણ—બ્રચીમાય, તમારૂં નામ—છે તે—"

"એનું નામ શેહરાં." કેકાઉસ વચ્ચે બોલી ઉઠયો, "શેહરૂ, જા દીકરી—હમણા તારૂં અહીં કામ નથી, એવણુની તબીયત——"

"નહી-નહી! જરા ઉભી રેહ!" દારાશાએ ખુરસી પરથી ઝબ કરતો કે ઉઠીને ઉશ્કેરાયલા સાદે બુમ પાડી, "બુચી, તું કોણુની છોકરી, માય?"

"દારાશા, હું તુંને——"

"જરા એનેજ બોલવા દે, કેકાઉસ!"

દારાશાએ જોરમાં તરારો કરી કકડાવેલા ડોળા સાથ એવા તો બીહામણા ચેહેરાએ કેકાઉસ ગમ જોયું કે તે નાપે કારબી એ ઘડી ઠઠરીને મુગોજ થઇ ગયો.

"બોલ શેહરા—તારાં માય બાવા કાંહ છે?" દારાશાએ શેહરાં ગમ જોઇને જરા વધારે તણાઇ પાછું પુછયું.

બીચારી શેહરા' આ વળી નવી બલાગત નીકળી આવેલી દેખીને તે તો ઉજળી પુણી સરખી થઇ ગઇ હતી. રખે આ મેડ જેવો પારસી ભેજાંમાં વારૂ આવવે એક સલાપ ખેંચી કાહડે એવી બીકથી તેણી કેકાઉસની પાસે જઇને ઉભી અને હેબતાઇને દારાશા ગમ જોવા પડી.

કેકાઉસ હવે હસી પડયો અને ગભરાઇ અકરાઇ ગયલી તે રાંક છોકરીને પોતાના પાસામા લીધી.

"એઇ! એમ મારી ગરીબ ગાય જેવી દીકરીને ઘમ કાવી શાનો નાખેછ? બીચારાં બચ્ચાંને બીવરાવેછ કે?"

આમ બોલતી વેળા કેકાઉસ ઉપરાસાપરી દારાશાને કાંઇ છુપી આંખની ઇસારત કરતો હતો પણ જોય કોણની બલા! તે પારસી તો બસ એક ઘેલા આદમીની કાની શેહેરાંના મોહોડાં ગમ ધારી ધારીને ટીકયાજ કરતો હતો. એક ડગલું અચબુચ તે તેણીની નજદીક ચાલી આવ્યો—

"કેહ–કેહ–દીકરી." તેણે જરા નરમ પડી હાંફતાં હાંફતાં ઘોઘારી અવાજે ફરીથી સવાલ કર્યો, "તારા પપા મમા કાંહ છે?"

"મારા પપા? આય શુંજી—આય રહ્યા મારા પપા" શેહેરાંએ કેકાઉસના પાંસામાં વધારે ભરાઇ બીહતા બીહતા ઝીણા સાદે જવાબ આપ્યો.

કેકાઉસે જોયું કે દારાશાના હાથ ઠર ઠર ઠર પાંદડાંની કાની ધ્રુજતા હતા અને તેના કપાળપરથી પરસેવાના રેલા ઉતરતા હતા.

"આય—આય તારા પપા?" તેણે કેકાઉસ ગમ એક નજર નાંખી ને ભયાનક અવાજે બુમ મારી, 'ને તારાં— તારાં મમા—તેવણ કાંહ છે?"

"તેવણ મરી ગીયાંજી."

દારાશાહના મુખમાંથી જે સ્પષ્ટ હાય નીકળી પડી તે કેકાઉસે બરાબર સાંભળી. એ માણસના આવા અજબ જેવા રંગઢંગ તેને બીલકુલ સમજ પડતા નહી હતા. દારાશાની આવી વર્તણુકથી ચકભમ થઇ તે અત્યાર સુધી તો જેમ તેમ

ખામોશ રહયો હતો—પણ હવે હેની ધીરજ ખુટી ગઇ. એક ઝટાક સમેત તે ઉઠયો અને શેહરાંનો હાથ પકડી તેણીને ઓરડાની બાહેર ઘસડવા લાગ્યો——

"ચાલ, ચાલ–હવે બસ!" તે ભવાં ચઢાવીને ફફડી પડયો, "દારાશા, એવાં તારાં ઘેલાં ગાડાથી હવે તો પાકી આવ્યું. તારૂં આજે માથું ઠેકાણે નથી. જા–પોરી અહીંથી ચાલી જા———"

"સબુર!"

મોટી બાંગ સમેત દારાશા એકદમ તેઓ બંનેના આંગપર ધસી આવ્યો અને તદન દીવાના આદમીની કાની શેહેરાંનાં હાથની કાડી કકડાવીને પોતાની મુઠીમા પકડી—

"સબુર!" તેણે ભયાનક બરાડ પાડી મારી, "તારૂં આખું ખરૂં નામ શુ, છોકરી?"

"જી–મારૂં નામ લીલી પેસ્તનજી મેહેતા! હું———"

શેહેરાં વધારે બોલી શકી–હી તેણને કમરમાંથી પકડી કેકાઉસ જોસમાં ત્યાંથી અંદર બીજા ઓરડામાં ઘસડી ગયો.

એક પળ વધારે—અને દારાશા ઢગલો થઇને પાછો ખુરસીપર પછડાઇ બેઠો.

પાંચ મીનીટ પછી જયારે કેકાઉસ પાછો તે ઓરડામાં એકલો આવ્યો ત્યારે દારાશા દીન્યારજી ત્યાં નથી હતો.

પ્રકરણ ૨૪ મું.

વકીલવાળાઓને ત્યાંની ડીનર્નીંગ પાર્ટી.

“ડીવનીંગ પાર્ટી!”—ઉંચે ખાંચરેનુ આ વીલાયતી ફેશનનું મલબાર હીલની ફેશનેબલ પારસી સોસાયટીમાં કયાં કમ છે? જરા કાંઇ થયું કે—ડીવનીંગ પાર્ટી! ચાલ મારા બાપ—બૈરાંઓએ કસબી સાડી તથા માટીડાઓએ કાળો સુટ લટકાવેલોજ છે.!

મેહેરજી પંથકી એવી ડીવનીંગ પાર્ટીઓનાં “ન્યુસનસ”થી હંમેશ ફફડી પડતો—પણ આજે રાતે એરચશાહ વકીલને તાંહનાં ડીજનમાંથી છટકાય એમ હતુંજ નહી. વકીલવાળાંઓની સાથ બીખઇજીને ઘણુંજ સારૂં હતુ—લાબા વખતના પડોશીઓ હોવાને લીધે લગભગ ઘરવટ જેવું હતું—એટલે આજની ડીવનીંગ પાર્ટીમા મેહેરજી, તેના માય, જર અને રૂસ્તમ મુગાશેઠ બની ઠણીને હાજર થયલા હતાં. કરાંચ.થી વુર્તના આવેલા રૂસ્તમનેબી મેહેરજી મારી કુટીને પોતાની સાથ ઘસડી લાવ્યો હતો.

આપણે ઉપલું પ્રકરણ વાંચી ગયા તે બનાવો સાંજે પાંચ છ વાગતે બન્યો હશે—તેજ દાહાડે રાત્રે નવ વાગતે “વકીલ લોડજ”માં “ડીવનીંગ” પાર્ટીના ધધુખર હતી ડ્રોઇંગ રૂમ પારસી અને યુરોપીયન પરોણાઓથી ચીકાર હતો. વકીલવાળાંઓ ઘણાં મળતાવડાં હોવાથી નેપીયનસી રોડ તર્ફના ઘણાંખરાં બધાં જાણીતાં કુટુંબો ત્યાં દેખાતાં હતાં. કેટલીક

પાર્ટીઓમાં આપણે જોઈયે છીયે તેવું બધુંજ બડેખાં વાજું ત્યાં જમાવ થયલું નહી હતું—ભલા એરચશાહ વકીલ, તેમનાં ધણીઆણી અને મીલનસાર બેટીઓને મોટાઈ જેવી તો ચીજજ ખબર નહી હતી.

એક બાજુ કુંડાળુ માંડીને કયારનાં વાતે વળગેલાં ચાર જણાપર પરોણાઓની અવારનવાર નજર ઉડયા કરતી હતી—તેનો શો ભેદ હશે? મેહેરજી પંથકી અને તેની માસીની દીકરી જર, રૂસ્તમ મુંગાશેઠ અને એરચસાહ વકીલની વડી છોકરી બાનુનું મેજરૂં મલબાર હીલ તરફના રહીશોનું ધ્યાન ખેંચે તેમાં કાંઇ નવાઇ છે? મુંબઇના ફાશનેબલ મંડળને માનીતો પૈસાદાર જવાન મેહેરજી પંથકી અને કરાચીનો જાણીતો મોટે ખાંચરેનો રૂસ્તમ મુગાશેઠ—વળી સાથે હસી હસીનેટાહેલાં કરતી બે ખુબસુરત છોકરીઓ જરાં અને બાનુ!

"રૂસી, તું આયો તે સારૂ થયું—નહી તો તદનજ બગાસાં આવતે!" મેહેરજી તેના કાનપર પડી બોલ્યો, "દીકરી, જરા જો તો ખરો હું તુને મુંબઇની સોસાયટીમાં કેમ દાખલ કરૂંછ તે!"

રૂસ્તમ મુછમાં હસ્યો,

"હવે તે દાહરા ગીયા, દોસ્ત!" તેણે લગાર નીરાશાથી જવાબ દીધો, "આય આવું એશકી ધમસાન હવે મને નહી છાજે, મેહેરજી—લીલી નીકળી આવી તેની અગાઉ હોતે તો વરી સમજ્યા, પણ હવે——"

"છટ! એમ રરતી સુરત ના થાની તો!"

"પણ તારે શું કરૂં?—આવતી કાલે તેં પેલા કોઇ કેકાઉસ મુલ્લાંની કલબમાં દારાશા દીન્યારજીની સાથ જવાનુ 'પ્રોમીસ' આપ્યું છ તાંહથી તુ મને ખાઇ પીને બસ એંચવા માગેછ—"

"બચ્ચા, તાંહ તો તુંને આવવુંજ પરશી—તેમાં હું તુને નહી છોરવાનો!"

રૂસ્તમે હસીને પોતાના ખીસામાં બે હાથ ખોરયા.

"આલ રાઇટ! હું આવશ—તું જાંહ નાક પકરીને મને લઇ જશે તાંહ કબુલ! પણ, મેહેરજી—એ દારાશાને વાસ્તે તો તુંને ઘણુંજ હલકું મત છે, તાહરે———"

"ચપ-ચપ! મારી તેમાં કંઇ મતલબ છે. રૂસ્તમ, જરા મારે એ સ્કાઉનડરલનો બધો રાહગાત જાતે જોવોછ. મારી પુઠે એ બે દાહરા થયા ઘણોજ લાગો કે બસ કોઇ કેકાઉસ કરી એનો દોસ્ત છે તેની કલબમાં મેમબર થાએ.—હું જાણુંછ કે એ વરી કંઇ ઉલગબરડી છે, પણ ખામખા મેં હા કહયું. એને બરાબર હું ઓરખવા માંગુછ, રૂસી."

"પણ કાંય-એની પુઠે કાંય એમ લાગેછ? એ ગમે તેવો હોય તેમાં—"

"નહી, મને તેમ કરવાનું કંઇ ચોકસ કારણ છે. એ ત્રાનસ્વાલનો વેપારી કહેવાયછ, પણ મને તો એ કાકા સાત

પાણીએ ધોયલા હાથીદાંતના વેપારી લાગેછ. સત્યાનાશ ગીયો એટલા વખતમાં તો બધાં સારાં સારા ઘેરોમાં ઓરખાન પારખાન પારીને નવો જુનોબી થઇ ગીયો. કેહુજે અહીંબી આજે આવવાનો ઉતો—"

"હા આય શું!" રૂસ્તમે ડોકાંની ઇસારત કરીને એક ખુણા તરફ મેહેરજીનું ધ્યાન ખેંચ્યુ, "પેલો રહયો. કોઇ લેડીની સાથ વાત—કેમ? શું છે, મેહેરજી? કાંહ જાયછ?"

મેહેરજી ભુસ્કા સમેત ઉઠીને ઉભો થયો હતો. દારાશા અને એક જવાન પારસી બાઇ હસી હસીને વાત કરતાં એક સોફા ઉપર બેઠેલાં હતા તે ગમ નજર પડતા તેના હોશકોશ ઉડી ગયા. એક તો આપણા મીત્ર દારાશાહ દીન્યારજી હતા—અને પેલી ખુબસુરત બાઇ .....

,'બાઇ, જોવ! એબી અહીં આજે આવીછ!" મેહેરજીના હોઠમાંથી આટલા શબ્દો પોતાની મેળે લપસી પડયા. દાંત વચ્ચે હોઠ કરડી રાખીને તેણે ધડકતી છાતીએ એકાદ મીનીટ ટાહેલે વળગેલા પેલાં બે જણાં ગમ જોયા કીધું.

રૂસ્તમ મેહેરજીની આવી ચમક જોઇને વીચારમાં પડયો. તેણે આસ્તેથી પોતાના મીત્રના ખભાપર હાથ મેલ્યો,

"કોણ આવીછ? તું કોણને વાસ્તે કહેછ, મેહેરજી?"

"રતી! પેલી રતી બેઠીછ તે જોઇ કેની?"

"રતી? રતી કોણ?" જરે અજાયબીથી ડોકુ ઉંચકી પુછયું. આ નવું નામ મેહેરજીના મોહડે સાંભળતા તેણી બાનુ સાથની ટકટકમા અટકી ગઇ હતી.

"કોણ જાણે ખોદાયને ખબર એ કોણ છે? પણ ખરા—બાનુબઇ તમુને તો માલમ હોશે. એ આય પેલા મી૦ દારાશાહ દીન્યારજીની સાથે જે યંગ લેડી વાત કરેછ તેવણ કોણ?"

હંમેશના સુસ્ત બેફીકરા મેહેરજને આમ એક જવાન છોકરીને વાસ્તે આજરખવાઇથી પુછપરછ કરતાં જોઇ રૂસ્તમ હસ્તે મોહોડે મુછ મરડવા લાગ્યો. જરાનેબી નવાઇ લાગી—પણ બાનુ વકીલ તો ઝીણે સાદે ખડખડ હસી પડી.

"કેમ મેહેરજીભાઇ! અમે ગરીબ માણસની કંઇ એટલીબધી મશકેરી કરોછ?"

"મશકેરી?" મેહેરજી ઘણોજ ગંભીર થઇ બોલ્યો, "હું એક લેડીનુ નામ જાણવા માગું તેમાં મશકેરી શાની? તમે તેરાં કીધાં તે તમુને તો બધાં પરોણાનાં નામ તો ખબર હોવાંજ જોઇયે."

બાનુ તો પાછી મોટે સાદે હસવા પડી.

"હવે મને છેકજ બેવકુફ ના સમજોની તો મેહેરજીભાઇ—હીહીહી!"

મેહેરજી તો અધીરાઇ અને અકલામણને મારે લાલ-લાલ થઇ ગયો,

"તમુને નામ કેહવાનો વાંધો હોય તો તેમ—બાકી, બાનુબઇ, હું તો તદન સીરીયસ છેઉં. એ લેડી કોણ છે તે———"

"ઓ વાય, મરેરે? તમે તમારા કાકાની દીકરીને નહી ઓરખતા? જાઓ—જાઓ એમ ઘેલાં ના કાહરો!"

"કાકાની દીકરી? મારા કાકાની? એ શું બકોછ?"

"આય શું—પેલી રતી પથકી બેઠીછ તે—વરી બીજી કેઇ? શું તમુને હજુ એની સાથ ઓરખાન નથી પરી? ખરેખર?"

મેહેરજીનું ધક તો ધાસ ચરવા ગયું હતું પુતળાંની કાની ઉભો રહી તે પેલાં બે જણ ગમ ઘુરકવા પડયો.

"રતી પંથકી—મારા કાકાની દીકરી!" તે અકળાઇને બડબડયો, "મારા કાકાની દીકરી વરી કેઇ અહીં બરેલી છે? એ શું તમે ઠઠ્ઠા કરોછ?"

બાનું વકીલ હવે ઉઠી. ખરેખર તેણી એક મલતાવડી હસમુખી છોકરી હતી

"ઓ તારે તમે લોકો હજુ એકમેકને મલ્યાં નથી?" તેણીએ હસીને કહયું, "હમણાજ થોરોજ વખત થયો રતી પોતાનાં માય સાથ રંગુનથી આવીછ, લેવો દારાશા એને રીફ્રેશમેંટ ટેબલપર જાયછ—ચાલો, આવો, હું તમુ લોકને એની સાથ ઇનટ્રોડયુસ કરાઉં."

મેહેરજી અને બાનું, રૂસ્તમ અને જર, કરીને રીફ્રેશમેન્ટ ટેબલ આગળ ચાલ્યાં. મુખડો હસતો રાખીને મેહેરજી, રતી તથા દારાશાહ ઉભાં હતાં ત્યાં ગયો. આહા—પરવર! કેવી ખુબસુરત! તે પુતલી જરા બનીઠણીને આવી હતી—તેથી ખરેખર ઘણીજ મનમોહન લાગતી હતી મેહેરજીની છાતીમાં જાણે હથોડા વાગયા.

"સાહેબજી, રતનબાઈ—કેમ છો!"

રતીના ગાલો ઉપર સેહેજ રતાશ ધાઇ આવ્યો તે સઉએ ખુલ્લો જોયો. પણ મેહેરજીની સલામના જવાબમાં તેણીએ ઘણાજ ગંભીર ચેહેરાએ માત્ર સેહેજ ડોકું કર્યું અને પછી પાછું મોહડું ફેરવી દારાશા કાંઇ કેહેતા હતા તે સાંભળવા પડી

મેહેરજીને તો ભોંય ભારી પડી ગઇ. આખે અંગે તેને પસીનો ફુટી નીકળ્યો. જો તેનું ચાલતું હતે તો તેજ ઘડીએ કકડાવીને એક મુકકો મારી દારાશાનું થોબરૂં રંગી નાખતે—પણ પાંચ લોકની વચ્ચે લોહીનો ગોટ ગળી ચુપ રહેવા વગર બીજો છુટક નહી હતો.

બાનુ વકીલ હવે તેની મદદે આવી. રતીની આગળ જઇને તેણીએ કહયું,

"રતનબઇ, આય તમારા કાકાના છોકરા મેહેરજીભઇ—એવણ તમારી સાથ ઇનટ્રોડયુસ થવા માગેછ."

રતીએ સેહેજ હસીને મેહેરજી તરફ એક નજર નાખી,

"હા—અમુને ઓરખાણ પડીછ. મે કાહરના એવણુને જોયા—"

"રતનબઇ, આય જરબઇને ઓરખોછ કે? એવણ મેહેરજીભઇના માસીનાં દીકરી થાય," બાનુ વધારે ઓરખાણ કરાવતાં બોલી, "અને એવણ મી૦ રૂસ્તમજી મુગા શેઠ—મેહેરજીભઇના દોસ્તદાર"

રતીએ ઘણુંજ દમામથી બંને જણાને જરાક ડોકુ નમાવ્યુ, અને પછી દસ્સામાજ દારાશા સાથ આગળ ચાલવા માંડયુ.

અદબ વાળીને મેહેરજી તો ડઘાઇને થંભજ થઇ ઉભો. મુછ મરડતો રૂસ્તમ ઓરડાની બાજી મેર જોવા પડયો. બાનુ બીચારી ખસીયાણી જેવી મેહેરજી અને જરના ડોહા ટીકવા પડી

જરીનું મોહોડું ખરેખર જોવાજોગ હતું—

"એટલો બધો લાર કાંય કરતી હોશે!" તેણી મેહેરજીના કાનમાં બબડી "તુ બી શુ કાકાની દીકરી સોધવા બેઠો!—રાન બીજાજનું ખોરીઉં!"

પ્રકરણ ૧૫મું.

એક બદકાર બદલગામના ગુફામાં.

સાંજને છેડે કેકાઉસ મુલ્લાંના બંગલામાં "કલબ રૂમ" અંદર બે ઘર બારના સુખ્યારાઓ કાંઇ અડધો એક કલાક થયો કોણ જાણે શું એકમેકના કાન કરડે છે. મુખમાં શેહેજ

હસ્તો જાય કાંઇ પોતાની નેકનામીની હકીકતનું બહુજ ધીમા સાદે દાસ્તાન કરતા કેકાઉસ મુછને ફતેહના વળ દેતો ગોળ ટેબલની આગળ બેઠેલો છે. તેની ગમ વાંકો વળી દારાશા દીનયારજી ઘણીજ આતુરતાથી ગંભીર મોહોડે સઘળુ સાંભળતો અને આ પોતાના કાફરી દોસ્ત ગમ એક ચાને જોતો ગોઠવાયલો છે.

"તાહરે હવે સમજયો?—કાલે તું મને પુછતે તો હલ્લુ ધીરે હું તુને બધું કહેતે" કેકાઉસ પોતાનુ વીવેચન ખતમ કરી ખુરસીપરથી ઉઠતાં બોલ્યો, "પણ તું કમબખ્ત એવો કંઇ અફરાતફરીમા પરયો કે પેલી દુકાનને બખી ખાધી ને મને બોલવાનો ટાઇમજ નહી આપ્યો. એ તુને એકાએક શું વારૂં થઇ આયુતુ, દારા?"

જરાક હસીને દારાશા ખુરસી પર પછવાડે બેઠેલાઇ બેઠા.

"મને અવારનવાર એમ ફીટ હમણા થઇ આવેછ. આય બીચારી ગરીબરી છોકરીને તારા જેવા બદકારના હાથમાં જોઇને મને પેટમાં કંઇ થઇ આયું—બીજૂ શુ વરી?"

"હવે ડાહેયો ના થા!—હું બદકાર છેઉં તો તું વરી કીયો ફરેસ્તો મુવોછ! એ પોરીને શુ હું ચાવીબાવી જવાનો છેઉં કે? પેલી મારી ધન તાંહ કરાંચી સખ્ખે ગગરી રેહ કરીને આય બોધલાંને અહીં હું ચાંપી મુકવા માગુ છ. બાકી એવી પારકી પીરા શું શું કામ માથે હોરતે?"

દારાશા કાંઇ અત્યંત અંદેશામાં જમીન ગમ નીચી ડોક જોયા કરતો હતો.

"કેકા—એ બીચારૂ માય બાપ વગરનુ બચ્ચુ તાહરે આશરે આવુઅ તો એનીપર સખત ના થતો," તેણે ગાડા દબાયલા સાદે કહયુ.

કેકાઉસ ડુમ હલાવાને હસવા પડયા.

"હે-હે-હે! આઇને નહી લાગતુ તેટલુ પેમા દાઇને લાગેછ! કેમ કાકા, કઇ એ શેહરાપર ઘણા કુરબાન થઇ ગીયાછો?"

મહુ નારાજીથી દારાશાએ ડોકુ હલાવી મોહ કુમળાવ્યુ, 'ગધેરો ના થા—એ નીરદોશ એકલવઇ છોકરીના મને કદર આવેછ, બીજુ કઇ મારી મતલબ નથી. જો કાલે એણે મને પોતાનૂ આખુ નામ કેહયુ તારે તુ એના સાથે એવો હેવાનની કાની વરતયો—"

"હા—એ નાપાક જો એમ સઉનેજ પોતાનૂ ખરૂ નામ ધરોધર કેહતી ચાલે તો પછી સારૂ ગામ અમારી વાત જાણે ને બોલ બોલતામા હું ને ધન લટકઇ જઇયે. મેં એને આજે સારી તરેહથી ખખરાવીછ કે જો ફરીથી કોઇ-નીબી આગળ લીલી પીલી નામનો તુકારોબા કાહરીયોછ તો ટોટોજ ભચરી નાખશ."

દારાશા પોતાના મીત્રની ગમ ખવીસની પેઠ ઘુરકતો જઇ દાંત કચકચાવતો હતો. એકાદ મીનીટ તે લોહીનો ગોટ ગળી મુગો બેઠો અને પછી એકાએક પોતાના પાટલુનનાં ગજવામાં હાથનાખી એક નાની મખમલની દાબડી ખેંચી કાહાડી.

"જો કેકાઉસ—આય શું છે?"

કેકાઉસે વીશમય પામી તે દાબડી હાથમાં લીધી અને બતી આગળ ઉઘાડી અંદર જુની ખાણના મોટા સફેદ હીરાઓમાં મઢી લીધેલો એક બેમુલ "બ્રોચ" ગોઠવીને મેલેલો હતો. દીવાની રોશની તળે તે પપરડા જેવા હીરાઓ આંખને છક કરી નાખતા હતા કેકાઉસના મોહમાં પાણી છુટયું અને ડોળા ચમક ચમક થવા લાગ્યા

"આ—રે! સરસ માલ છે!" તે પેલો કીમતી "બ્રોચ", ધારી ધ રીને જોતા બોલ્યો, "કાહથી પીત્તી લાયો, દારાશા?"

"જહાનમના ગારમાથી! તેમા તુને શુ પ ચાત? ત્રણ ત્રણ હઝારનો દાગીનો છે."

"અં—ને એ મને આપીને શુ કરાવેછ?"

"એ? એ—એ તારી પેલી કરી લીધેલી બુચી લીલી—અરે છે તે—શેહેરાંને વાસ્તે છે."

"હેં?"

"હા—એ શેહેરાંને જરૂર આપજે. બસ વધારે ના પુછ. એને એ આપવાને ભુલતો ના, બચ્ચા—હું પોતે એને પુછી જોવશ—અલ્લો! લેવો, આપરા ફ્રેન્ડ મેહેરજીભાઇ આયા! સાહેબજી—આવો અંદર આવો મેહરજી!"

ઓરડાના ઉંબર ઉપર કોઇ બે જુવાન પારસી ગ્રહસ્થો આવીને ઉભા હતા. તેઓ બંને દારાશાના કહેવાથી અંદર

દાખલ થયા. દારાશાએ ખુશમીજાજથી મેહેરજીની કેકાઉસ સાથ ઓળખ કરાવી.

"લે કેકા, તું એવણુને વાસ્તે બોલ્યા કરતો'તો તે આય મેહેરજી પંથકી ને આય જેન્ટલમેન છે તે——એક્ષક-યુઝ મી, મીસટર તમારૂં નામ શું?"

"રૂસ્તમ મુગાશેઠ" મેહેરજી હસીને બોલ્યો, "એને તમારા એ઼ગ ફરેગનો ઘણો ચસ્ટો છે, મી૦ મલ્લા તમારી રજા વગર એને લઇ આયોછ તે માફ કરજો,—પણ——"

"અરે માફ શાનુ કરે!" કેકાઉસ રૂસ્તમને ખુબ ગેલથી શેકહેન્ડ કરતા બોલી ઉઠયો, "તમુને જોઇને ઘણો ખુશી થયોછ, યુ આર વેલકમ—એવણુને હમેશ અહી આવવા દેવો, મેહેરજીભઇ. કેમ, દારા, બેશી કાય ગીયો?"

"નહી—જરા અમથો!"

"તો, ચાલ ઉઠની—આપરા નવા ફરેન્ડો કેવું રમેછ તે તો જરા જોઇયે ઓ આય શું બીજાઓબી આવી લાગા—ચાલશો 'કે મેહરજીભઇ, આપરે એક દાવ લગાવ્યે. બસ ફકત રૂપીઓ 'કાઉનટર' રાખશું——"

"નહી થેંકસ—હુ કોઇ દાહરે પાનાનથી રમતો. આય રૂસ્તીમ રમશે, તમે કહેશો તો."

"ઓલ રાઇટ!" કેકાઉસ દારાશા ગમ એક નજર ફેંકતા બોલ્યો, "આવો રૂસ્તમજી બા—જેઇયે તામારામાં કેટલ પાણી છે? મુંબઇમાં કાંહ રહેવોછ, શેઠ!"

"હમણા તો મેહરજીની સાથેજ રેહુંછુ—કરાચીથી ત્રણ ચાર દહાડા થયાજ આયોછુ"

દારાશા જે અત્યાર સુધી મુગોમંતર બેસી રહીને રૂસ્તમનું કોહ્ જોયા કરતો હતો તે આ છેલ્લા શબ્દો સાંભળી ઝબકીને ખડો બેઠો.

"કાહથી? કરાચીથી તમે આયા?" તણે કાન ઉંચા કરીને પુછ્યું.

"હા કાંય, એમ અજબ કાય થાવોછ?"

"નહી—મકું જે તમે કરાંચીમા કાહ—કોણને તાહ—"

"કરાંચીના મી૦ બમનજી મહેતા મારા મામા થાય" રૂસ્તમે ટેબલ આગળ ગોહવાતા આગેથી કહ્યું, "એ બિચારા થોરા વખતપર ગુજરી ગીયા તે જાણોછ કેની? હુ તેવણનો વારસ ઉતો–પણ તેટલાં બમનજીના છોકરા પેરતનજીના લીલી કરીને કોઇ છોકરી—શુ છે? તમે સારી કાની દેખાતા નથી, મી૦ દારાશા!"

"નહી કઇ નહીં—હું તદન બરાબર છેઉં!" દારાશાહે ખંખાર મારીને ટટાર બેસતાં જવાબ દીધો "ચાલો, હવે રમોછ કે? ઉઠ, કેકાઉસ—એમ ધુવર ના થઇ જા! આવો ભઇઓ, પેહેરી માંડયે–સાહરા છતો થઇ ગીયા."

તેઓ સર્વે ટેબલ આસપાસ ગોઠવાયા. મેહેરજી રૂસ્તમ આગળ બેસી રમત તપાસવા પડયો. તે બાડીબાડી આંખે દારાશા અને કેકાઉસનાં મોહડાં ગમ જોયા કરતો હતો તેણે

અગાબર જોયું કે શરૂઆતમા કેકાઉસ અને દારાશાના બઉના મોહ જરા ઉતરી ગએલા જેવા હતા અને બને વચ્ચે બે ત્રણ વાર કાંઇ છુપી આખની ફરાગત [illegible] પાના ચીપાયા—[illegible]—અને [illegible] ટુટા રૂપીઆ અને નોટો કહાડી—અને—અને———

*　　　*　　　*

"હેંગ ઇટ! આજે મારૂં 'લક'જ નથી—બસ હવે હું નહીં રમતો!"

ધરરર દઇને ખુન્સી બોસાડા નાખી રૂસ્તમ મુગા શેઠે જોરથી પોતાના હાથમાના પાના ટેબલપર પટક્યા ગુસ્સાથી અને નીરાશાથી તેનો ચેહરો ગાતો મુડ બની આવયો હતો.

એક ગોળ ટેબલ આસપાસ બેસી કેકાઉસ મુલ્લાંની કલબના તે કમબખત ઓરડામા કેકાઉસ, દારાશા, દીન્યારજી, રૂસ્તમ મુગા શેઠ અને બીજા ત્રણ જણા ખરંગ ખરગ રૂપીયા આપ લે કરવાનાં એવા શુરમા અવી ગયા હતા કે સાંજની રાત પડી ગઇ તથા રૂસ્તમ દમપરદમ રૂપીયા હારર્યો જતો હતો તેનુબી જાણે કોઇને ભાન રહયું હોય એમ દીસતુ ન હતું. મેહેરજી પંથકી અદબ વાળીને બધો તમાશો જોયા કરતો હતો.

હારયો જુગારી બમણો રમે! એક વાર રૂસ્તમ ખોવાની ધુણમાં ઉતર્યો કે પછી બેહોંસને મારે વધારે મોટી રકમ રમ્યો ચો અને છેલ્લે જયારે તદન છીકી પડીને તેને પાનાં કેંકી

દીધાં ત્યારે બારસો ત્રણસોએક રૂપીઆના ખાડામાં તે ઉતરી ગયો હતો.

એક કલકની રમતમાં ત્રણસો રૂપીઆ! રુસ્તમનું નસીબબી શરૂઆતથીજ અજબ રીતે આડું થઇ બેઠું હતું. મેહેરજીએ પોતાના દોસ્તને છેલ્લે છેલ્લે ઘણેબી વાર્યો—પણ વ્યર્થ! જુગારની ઝુમ દારૂની નીશાથી કોઇ રીતે જુદી નથી. જેટલા તમે તેને વધારે વળગો તેટલજ તેનો તમને વધારે સોસ લાગે છે પોણીબસોએક રૂપીઆના ખાડામાં રુસ્તમ ઉતરેલો તો હતોજ—તેટલા તેને ત્રણ ગણીનો "પ્રાયર" આવ્યો! અત્તતેરી! આખરે "લક" ફર્યુ! બધી આગલી હારેલી ખોટ પુરી નાખવાની આ તક અતે આવી! પાસે બેઠલા મેહેરજીને પગની નાની ઠેસ મારી જીભ કરડેલી રાખીને ધડકતી છાતીએ રુસ્તમે યાહોમ રમવા માડયું. દારાશા દીનીઆરજીનેબી કંઇ સારા પાના આવ્યા હતાં—એટલે બેઉ જણા રંગપર આવી સામે સામી દશ દશની ચલણી નોટો ટેબલપર મુકવા લાગ્યા. સો સવાસો રૂપીયા સુધી રુસ્તમ પૈસા મુકયો ગયો—પણ દારાશા બંદાનું પાણબી હીલ્યું નહીં અતે ઠાકીને જયારે રુસ્તમે હમનબરદન ! પાના જોવા માંગ્યાં ત્યારે દારાશાના હાથમાં બાદશાહનો પ્રાયર!! સત્યાનાશ!! રુસ્તમે બીજા સવાસો રૂપીયા ભોંય કીધા હતા!

"મેં તુને ના કહયું કે, વધારે ના રમ!" મેહરજી કચવાઇને ઉઠતાં બખાલ્યો. "ચાલ–ચાલ હવે!–મોડું થયું–ઘેર જતે. સાહેબજી શેઠીઆઓ."

"સાહેબજી, બા સાહેબજી!" કેકાઉસે બેઉ પરોણાઓને પાછી સલામ કરી.

"હું ઘણો દલગીર છેઉ કે પેહલે દાહારેજ તમારા દોસ્તદારને પાનાએ યારી નહી આપી, મેહરજીભાઈ—પણ એમાં શુ? કંઈ મનમા ના રાખતા, રૂસ્તમજીબા—એ તો વરી ડાલબાલ નસીબ ફરી જશે. કાલે આવજો હં બા—રૂસ્તમજી શેઠ કાલે જરૂર——"

પણ રૂસ્તમજી શેઠ સાભલવા ઉભા કયાં હતા? કંઈ મનમાં બબડી ફફડીને તે ત્યાંથી ધડાકા સમેત ઓરડો છોડી ગયો, અને મેહરજીબી પુઠે ચાલ્યો.

પાચેક મીનીટમાં બીજા રમનારાઓએબી રૂખસદ લીધી ને ઓરડામા બે મીયા મહાદેવની નામચીન જોડી પાછી એકલી રહી ગઈ.

જેવાં છેલ્લા રમનાર પરોણાના પગલાં બાહેર ચાલમાં સંભળાતાં બધ પડયાં કે પેટ હલાવીને હસ્તાં દારાશાએ પોતાનો રાથોડી હાથ કેકાઉસ સામે ધરયો—

"ઠોક તાલી, દીકરા! આજ ચારસો એકનો અવેજ મારયોછ! કાંહાં ઘી પુરધું'તું! હે—હે!"

કેકાઉસે મુછમાં હસી ટેબલપર પડેલા નોટોના ચોડાગમ નજર ફેંકતાં મોહ મટમટાવ્યું.

"દારાં, પેલો હાદકો મેહરજી શીશામાં નહીજ ઉતરયો—અં? તેને બદલે આય ડોણું સપરાયું! પણ રોજબોજ

એવી અટકચાળી કરતો ના જો બરચા-નહી તો શાકાર બીલ-કુલ સટકી જશે"

"અરે નહીરે એ તો આઠ દાહાડે પંદર દાહાડે એક વખત અજમાવવાનુ! પણ એઇ, આએ બોરયું રૂસ્તમ મુગાશેઠ નબોદ ગીયો અહીં તાહરે તાંહજ—"

"ચુપ–ચુપ! હવે એ બાત નહી જોઇયે. પેલી પોરીને વાસ્તે એના બાલનેબી ખબર નહી પરે તે મારૂ કામ છે."

રૂસ્તમ અને મેહેરજી ધસારા સમેત બાહેર ચાલ્યા ગયા હતા, નીચે ડ્રોઇંગ રૂમમાં આવી પુગતા અચણુચ રૂસ્તમ જરા દમ ખાવા અચકી ઉભો અને પાછળ ફરી મેહેરજીના મોઢાંગમ એકકો ટગરે જોવા લાગ્યો.

"કેમ શું ધારચુ, મેહેર!" તેણે ખોખરા અવાજે પુછયુ.

"શું ધારે વરી? હું તો પેહલેથીજ કેતો, તો કે બધું લુચ્ચું બદમાશ કારખાનું અહીં ભરેલું છે. જાની, એમ કેહની કે તણુસોમાંજ કાસલ પતી."

"અરે હારે યાર, હવે એમ એક દાહાડામાં તણુસો મુકી ઉઠતાં જીવપર આવેછ. પણ મેહેરજી, શું તું એમ ધારેછ કે એ લોકે મને દગલબાજીથી ખાડામા ઉતારયો?"

મેહેરજી ઝીણે સાદે હસવા લાગ્યો "લે–હજુર તો વરી મને પુછેછ! તુંબી જબરો ભોળોભટાક છે રૂશી. અરે ગાંડા. અહો આખી મલબાર હીલપેર આએ સ્કાઉનડ્રલ કેકાઉસ મુલ્લાંનો સાબો છે. કેહજે એ એમજ ચીકાસદાર બોલ્યા-

ગપાટોને પોતાને તાહાં લલચાવીને વેતરેછ. ચાલ, અહી ઉભો ર્‌હીને શું કરેછ? ચાલતો ખરો, હુ તુને બધી વાત કેહુ."

રૂસ્તમ અડીને તયાંજ ઠરીઠામ થઇ ઉભો.

"નહી, મને અહીજ કેહ," તે ખુબ રંજીદા થઇને બોલ્યો, "શું આએ કેકાઉસ બધાંને ધુતેછ? તે કેમ બને? અહી પઇસાવાળા છોકરાઓ શું જખ મારવા ચાલી ચલાવીને———"

"હા," મેહેરજીએ તાપસી પુરી. "મનેબી પેહલાં તેજ અજાયબી લાગતી'તી—પણ પછી બધો ભરમ મને જણાઇ ગીઓ. મને બે તરણ મારા ફરેંડોએ કેહયું કે અહી કેકાઉસને ત્યાં ૪કકર ગોરી ગચ જુવાન કોઇ છોકરી છે! કોઇ કેહછ કે એની પોતાની દીકરી થાય—કોઇ કેહછ કે એને ઉઠાવી લાવયોછ—હવે સમજયો કેની?"

રૂસ્તમે કપાળનો ચીલ્લો ચઢાવ્યો,

"શું સમજું, તારૂં તોડકું? એ છોકરીથી શું પોરીયાઓ અહીં લલચઇ આવેછ, એમ?—નોનસંસ!"

"એ નાનસંસ ને જોનસસ કંઇ નહી. બધા લોક જાણેછ કે આએ નાપેકાર લુચ્ચાને તાંહ ફાંદામાં ગબબર આસામીઓને ખેંચવા સારૂં એ પોરી ઠીક કામ લાગેછ. એ બે બદમાશોની વાત પોલીસને કાને નાખવી જોઇયે. હું તો પેલા ચંડાલ દારાશાના રંગ રૂપ નજરે જોવા માંગતો'તો ને તે આજે મેં બરાબર જોયાં. પણ ચાલની, અહીં ખુંટો શું ડાટી ઉભો?"

રૂસ્તમે ડાચું મચકાવીને ખભાં ચડાવ્યાં "તું કોઇને ગેરઇનસાફ કરેછ મેહેરજી એવી તે કોણ વળી આસમાન-પરની પરી હોશે કે—ઓ, એ કોણ?"

મેહરજી અને રૂસ્તમ ઉભા હતા તેની બાજુમાં નજ-દીકજ મેલેલા એક સ્ક્રીન પછવાડેથી કોઇ ઓચીતું નીકળી આવી તેઓ બનને સન્મુખ એક બુતની મીસાલ ઉભું રહયું હતું. બેઉ જવાનયાઓ અટકલઇને તે ચીત ચોરી લેનારી સ્વરૂપ ગમ ડઘાયલી આંખયોએ એકી ટગરે ટીકતા ઉભા.

સીધ્ધી સોટા સરખી ટટાર ઉભી રહીને બેઉ જણ ગમ સ્થીર નજરે અને શાંત ચહેરે જોયા કરતી તેણી કોણ હતી? અલબત, તેણી શેહેરાં હતી.

થોડે વાર ત્રણુંડે જણે સામસામી જોયા કરવા પછી આખરે મેહરજીની જબાં પહેલી ઉપડી.

"બાઇ, કશું માંગોછ?"

"નહીજી, હું અહી કહાંની બેહેલી છેઉ અને મને લાગું કે તમારી પ્રાઇવેટ વાત મારે સાભળવી નહી જોઇયે—તેથી હું ઉઠી ગેઇ."

યા ખુદા, એક બદસીફાત માણસની દગલબાજ મદદનીશ ઓરતનો આવો મીઠો કોમળ હલક? ખરેખર, પરીના રૂપમાં શહેતાન ત્યાં કવો ઉભેલો હતો! મેહરજી ખુબ તુચ્છકારથી તે છોકરીને માથાથી પગસુધી તપાસતો ઉભો. પણ રૂસ્તમ? તે તો જાણે કાંઇ ઉંઘમાં સ્વપનું જોતો હોય તેમ સુને

બાવરો બની સામે ઉભેલી સુંદરીના શોકાતુર મુખડાગમ ડોળા ફાડીને જોવા મંડયો,

"તમારૂં નામ શું જી ?" આખરે તેણે બહુજ ધીમેથી પુછયું.

"શેહેરાં."

"તમે આઓ કેકાઉસનાં છોકરી થાઓ કે ?"

"હાજી."

મેહેરજીએ ક્રોધથી દાંત પીસયા. આ એજ પેલી નાપાક ઓરત !

"ચાલ રૂસી—હવે આંપણું અહીં કામ નથી," તે રૂસ્તમનો હાથ પકડી ખેંચતા હોઠ બાડીને બોલ્યો.

"ઉભો રેહ, એક મીનીટ !" લગાર ઉશ્કેરાઇ મેહેરજીના હાથને ઝટાક મારતાં રૂસ્તમ તરડાઇ પડયો, "બાઇ, અમારી વાતચીત પરથી તમે કાંઇ મનમાં લાવતાં ના." તેણે શહેરાંની આગળ એક ડગલું જઇ ઘણી ઓઝરખવાહીથી કહયું "મારા દોસ્તના વીચાર સાથે હું મળતો થતો નથી, અને લોકોની ગલીચ જબાંની તમારે દરકાર નહી કરવી જોઇયે."

શહેરાંએ પોતાના માજરા બીલાડા જેવા ડોળા ઉંધાડી રૂસ્તમના મોઢાં ગમ ધારી ધારીને એકાદ બે મીર્નાટ જોયા કીધું.

"જી, તમે આજે શુ જુગાર રમવા આયાતા કે ?" તેણીએ નખાયલા જીવે બહુજ આસ્તેથી સવાલ કરયો.

"હા."

"ને તમે હારી ગીયા?"

"હા, ત્રણુસો રૂપીઆ "

"ને કોણુ, મારા બાવા જીત્યા કે ?"

"તમારા બાવા ને પેલા દારાશાજી જીત્યા "

"વારૂજી, હે કયુ. સાહેબજી "

આમ બોલી બે જુવાન મીત્રોને કાંઈબી પુછવા યા જવાબ દેવાનો વખત આપયા વગર શેહરાં ત્યાથી સરભોગ અંદરના ઓરડામાં ચાલી ગઇ.

"અપોન માઇ વર્ડ !" રૂસ્તમ ઘોઘારી સાદે મેહેરજીના કાનપર પડી બબડયા. 'જો આએ છોકરીના દીલમા પાપનો એક કતરોબી હોયતો આય દુનીયામા પછી મારા સગા બાપનોબી ભરૂસો નહીં કરૂં ચાલ, મેહર ચાલ, મારૂ માથુ ઘુમે છ."

પ્રકરણ ૧૬ મું.

"હું મારા પોતાના પપાને દગલબાજી રમવા દેવાની નથી !"

"જુગારમાં આપરે લોકોને ધુતી ખાઇયેછ ! તું અને હું હમારા છેઇયે ! એ મેટની કાની શું બકેછ, શેહરૂ ?"

"આજે આખી રાત હું ઉંઘઇ નથી, પપા—મને ખરૂ કેહો, મારૂં મોત થઇ જાયછ"

"અરે પણ કંઇ ઘેલી થઇછ! રાન સવારના પોહોરમાં કાંઇ સપનો બપનો જોઇ ઉઠીછ કે?"

"નહી— કાલે સાંજના મે પોતે સાંભળ્યું. હોલમાં પેલો સ્ક્રીન છેની તેની પછવાડેની બારી આગળ હું ઉભેલી હતી તેટલા તમારા કલબવાળા ઓરડામાંથી કોઇ બે જેનટલમેન તાંહ ચાલી આયા ને વાત કરવા લાગા. તે લોકોએ મને નહી જોઇ પણ બેઉ જણા શું બોલ્યા તે મેં બરાબર સાંભળ્યું"

કેકાઉસ મુલ્લાંએ ખાટુ બટ્ટ જેવુ ડાચુ કર્યું અને વીચારમા થોડોકવાર પોતાની દાઢી પસવારયા કરી.

"તે લોક શું બોલ્યા?" તેણે આખરે ડોકુ ઉચકી બુખરાયલા સાદે પુછ્યું.

"એક યંગ મેન જેવો હતો—હું નામ નહી જાણુતી—તે ઘણો ગુસ્સે થઇને કેહવા લાગો કે તમે બધા જુવાન છોકરાઓને જુગરમા ઠગીને લુટોછ ને તે લોકને અહી લલચાવવા હું—હું તમુને કામ લાગુંછ."

આ છેલ્લા સખુનો ધીમેથી બોલતાં શેહરાંનાં ગાલોપર રતાશ ફરી વળ્યો ડોકું શરમથી છાતીપર નાખી દઇ તેણી જવાબ માટે થોડો વાર થોભી. કેકાઉસ એક છેડાયલા બળદયાની પેઠે ફુંફારા મારતો ખુરસીમાં અકડવકડ કરતો મુગોજ રહયો.

"પપા, તમે એમ શું કામ કરોછ!" શેહેરાંનો દબાયલો પણ મક્કમ અવાજ પાછો કેકાઉસના કાનમાં તીરની પેઠે ખુંચ્યો, "તમે એને સારૂં મને રંગુનથી મુંબઇ લઇ આયા કે? તમે—"

"ચુપ–ચુપ! કેમ જેતે જેતે જાણ્યા વગર બોલેછ?" કેકાઉસ મસ મોટા ડોળા કકડાવી બખાળી ઉઠ્યો "તારા બાપને એમ મોહનાં પરજ 'ઇનસલ્ટ' કરવાની એટલી બધી બેઅદબી કરેછ, દુકતી?"

"હું 'ઇનસલ્ટ' નથી કરતી, પપા,–હું ફકત પુછું છ કે એ વાત ખરી છે કે ખોટી?"

પણ "પપા" થતાના પેટમાં તો ચીઢને મારે કુત્રાં બીલાડાં દોડતાં હતાં.

"છોકરી! તું પોતે એ ગુલબાન માનેછ? છેકજ કેમ મરી ગેઇ!" દાંત્યાં પીસીને તેણે આસ્તેથી પુછયું.

"હું માનતી હોતે તો તમુને પુછવા શું કામ આવતે, પપા?" શેહરા હવે ડોકું ઉચકી કેકાઉસ ગમ ગીનતજારીથી જોતાં ગમગીન સાદે બોલી, "તમે શું કામ ચીરડાવોછ? તમારાં કરતાં શું મને દીલમા ઓછું લાગેછ? એવી નામો-શીમાં જીવયા કરતાં હું——"

કેકાઉસ ધડાક દેતો કે ઉઠીને ઉભો થયો.

"બસ—વધારે માથું ના ખા!" તેણે તારારો કર્યો, "તું ઘણી ડાહી ને પહરેજગાર છે તે મને ખબર છે! સાંભળી લે, પોરી—પેલા બ્લેગાર્ડોએ તુને જે કહેયું——"

"મને કંઇ કહેયું નથી—એ લોક અછરતુ બોલ્યા——"

"જે હોય તે! તે એક હરહરતું જુઠુ છે—શરમ ભરેલું ગાઇબલ છે! જા—હું તારૂં અપમાન વધારે સાંભળવા માં-

ગતો નથી. એવા ગાંડાઘેલા ખખારા તારા માથાંમાંથી કાહડી નાખ ને પછી તારૂં મોહનુ મને દેખાડ."

જવાને બદલે શેહરા તો ત્યાં અડીને ઉભીજ રહી. તે પોરીમા ઇગ્રેજી લોહી દોડતું હતુ તે ભુલશો નહી !

"પેલા–પેલા તણુસો રૂપીઆ તેવણુને–પેલા તમારા જુવાન હેંડસમ કરેંડને પાછા આપી દેઓ", તેણી લખોટા જેવા એ ડોળા કેકાઉસનાં મોંહગમ ઠેરવીને ધીરેથી બોલી, "આપુને એવા જુગારના પૈઇસા શું કામ જોઇયે, પપા ?"

કેકાઉસે અત્યંત ચીડાઇને ટેબલપર જોરમાં મુક્કી થોકી,

"એવકુફ ! તુંને ના કેહુંછ કેની કે જુગાર અમે રમતાજ નથી——"

"નહીજી–તમે જુગાર તો રમોછ ! હું તે જાણુંછ. તમે મને ક્લબવારા ઓરડામા દાખલ થવા નહી દેતા, પણ મને રૂપીઆ ખણખણવાનો અવાજ આવેછ. ને પેલા જેન્ટલમેને કેહયું તે——"

"હોશે ! તારા જેન્ટલમેન એવા તેવાને નાખ જાહનમની ગારમાં ! તું કેહવા શુ માંગેછ, દુકતી ?—તું શું આજે મને ડબરાવવા બબરાવવા આવીછ કે ? સમજ કે હુ જુગાર રમુંછ—પછી શું કરી લેવાની છે ?"

"તમે જુગાર રમીને લોકોને ઠગતાજ હોવો—તો—તો આય ઘેરમાં હું રહેવા માંગતી નથી" શેહેરાં ટટાર ઉભી રહીને આંખ્યો ચમકાવતી લગાર ઠસ્સામાંજ બોલી. "પપા —લોક આપરે વાસ્તે એમ હલકું બોલેછ તે મારેથી

ખમાતું નથી. આપરે અહીંથી જતાં રહેવું જોઇયે. જો તમે એવી જીંદગી ગુજારવા માગતાજ હોવ તો મને સાથે રાખવાની આશા રાખતા ના—કાપીને કટકા ભુકલા કરી નાંખશો તોબી હું તમારે તાંહ રહેવાની નથી.”

અહીં શેહરાંની ગમગીન ચસ્મોમાંથી આંસુના બે ટીપ-સરી પડી તેણીના ગોરા ગાલ ઉપર ઉતર્યા કેકાઉસે તે જોયુ અને લોહીનો ગોટ ગળી તેણે કપાળપર ફુટી નીકળેલો પગ સેવો લુછયો. કામ બગડી ગયલુ હતું. માથાંની ફેરાવણ આ કમબખત પોરીને રમાડી લેવી જોઇયે—નહી તો ઓરનુ દોર કરી નાંખે તો પીડા! એકાદ મીનીટ વીચારમાં નીચી મુડીએ ચુપ ઉભો રહેવા પછી અચબુચ તેણે ડોકું ઉંચકયું અને શેહેરાં ગમ જોઇ ખડખડ હસી પડયો,

“હા હા હા! ચેરી છે શેહેરૂ—તુ ખરેખર ચેરી છે! અરે ગાંડી રે, કોઇ જુગારબી નથી રમતુ ને ઠગાઇબી નથી કરતુ. એ તો હું તારૂ હીર પારખતો’ તો. જા, જા, મેટ, પેલા બે જણાએ તુંને બનાવીછ. ચાલ, એ વાત હવે માડીવાર. જો તારે વાસ્ને હું એક કેવી મજાની પ્રેઝંટ લાયોછ! જો આય, દીકરી, તુને ગમેછ?”

આમ કહી કેકાઉસે કબાટ ઉઘાડી અંદરથી એક મખ-મલની દાબડી બાહેર કહાડી અને શેહેરાના હાથમાં મુકી. ચકીત બનીને શેહરાંએ તે ખોલી તો અંદર સફેદ મોટાં હીરાઓનો એક બેમુળ બ્રોચ મેલેલો હતો.

"ઓ માઇ! આય તો મમા પહેરતાંતાં તે બ્રોચ છે! પપા, એ તમારી પાસ હજુર છે કે? ઓ 'આઇ એમ સો ગ્લેડ!—હું કેવી ખુશી થઇ! હેંકયુ પપા—હેંકયુ !"

આમ બોલી શેહરાં પેલી બ્રોચની ઉઘાડી દાબડીને હૈયા સરખી ચાપી ખુશાલીને મારે ગડગડ આસુઓ ખેરવવા પડી. તે બીચારી છોકરીના હાથ હરખના ઉભરાથી થર થર ધ્રુજતા હતા. તેણીએ જોયું નહી કે પાસે ભવાં ચહડાવી ગાફેલ જેવો કેકાઉસ તેણીની ગમ અત્યંત અજાયબીથી જોતો ઉભેલો હતો.

"કોણનો? શેહરાં, એ કોણનો બ્રોચ ઉતો? તારાં મમાનો?" તેણે ગુંચવાયલે ચેહેરે બહુ ઇંતેજારીથી પુછયું.

"હા, બીચારાં મમા એ પહેરતાતાં તે હવે મને બરાબર યાદ આવેછ. ઘણા વરસપર પહેરતાંતાં. કાંય, તમુને યાદ નથી, પપા?"

એક ખખાર મારી કેકાઉસ ખુરસીપર તરો બેઠો.

"યાદ? હા, યાદ તો છેજતો! પણ આટલાં વરસ થયા તોબી તું વીસરી નથી ગઇ તેથી હું અજબ થાઉંછ, શેહર———"

"એ બ્રોચ મમાનો ઘણો માનીતો ઉતો," શેહરાં આંખ લુછતાં અને તે દાબડી બંધ કરતાં ગગળતે સાદે બોલી. "પછી જારે અમે લોકો પૈસા વગર મુશકેલીમાં આયા ને મારા પપા—એટલે છેતે—તમે જતા રહયા, તારે એ બ્રોચબી મમાએ વેચવા માગયો પણ મને બરાબર યાદ છે કે ગુમઇ ગયલો ઉતો. બીચારાં મમા ઘણા રરયાં ને એક બે વખત

મેં પુછયું તારે કેહજે કે વખતે પપા સાથે લઇ ગીયા હોશે! ખરેખર તમેજ લઇ ગેયલા—અં! હું ક્યુ, પપા, એ બ્રોચ મને ઘણોજ 'ડીયર' લાગેછ. હું એને ઘણી સંભાળથી રાખશ."

કેકાઉસ મુછમાં હસ્યો.

"ચાલ–તું ખુશી થઇ તો હુંબી ખુશી છેઉ, મારી દીકરી." તે શેહરાંનો બરડો પસવારતો બોલ્યો. "પણ સંભાળજે. હમણા આસપાસ મોટી ચોરીઓ થાયછ, તે તો તેં સાંભલ્યું હોશે. છેલ્લા આઠ દાહરામાં બે જણાંને તાંહ જર ઝવેરાત ને રૂપાના દાગીના ચોરાયાછ, વાસ્તે આય બ્રોચને જીવનીકાની સાચવજે. જા, હવે મને કામ છે"

શેહેરાં જેવી ઓરડામાથી બાહેર પડી કે કેકાઉસે મજબુત હોઠ કરડીને બારણું અફાળી અંદરથી બંધ કર્યું.

"એનું સત્યાનાશ જાય! આય છોકરી મને કરારથી જીવવા દે એમ લાગતું નથી," તે મન સાથ બડબડયો "ને પેલા ગધેરાઓ એને વરી રમતની વાત શાની કેહવા બેઠા હોશે? કમ્બખ્તો બધું પામી ગીયાછ! નાપાક દારાશાએબી હદજ કીધીની તો! હવે છટકામાં પાછા નહી આવવાના! ને આય પોરીનેબી વધારે વાસ આવવો નહી જોઇએ, નહી તો અરધે રસ્તે તરાપો કુબારી મારશે. મુઇને સુખ્ખે ખાતાં ગોસઇ નરેછ. આય બ્રોચ ઝાંસ્યો તાહરે ડપટ પરી. બચ્ચા કેકા, એ નંગો છુટાં પારીને બજારમાં સેરવી દીધાં હોય તો—વાહ! હરામઝાદો દારાશા કાંહથી એ લાયો હોશે? આય મટુકલીની પેલી મડમ માયનોજ બ્રોચ! વાહ, શું સાંટકબી થાયછ! એ

માવલો આય લોકને તાંહથી ઉઠલાવી લાવેલો, બીજું શું ? ને નહી તો આ પોરીના બાપે એ દારાશાને પ્રુકા માર્યો હોશે—''

* * *

તેજ સાંજના ૭ વાગતે કેકાઉસ મુલ્લાંની કલબમાં પાના ચીપવાનો અને રૂપીઆ ખણખણવાનો અવાજ પુર જોરમાં કાને પડતો હતો આગલે દાહાડેના રમતીયાળો ખુબ શુરમા બ્રેગ'નો જુગાર રમવા ચકચુર થઇને કુંડાળુ માંડી બેઠા હતા—માત્ર એકલો મેહેરજી પ થકી ગેરહાજર હતો. વાચનાર, અચરત થશો નહી. હા, રૂસ્તમ મુગાશેઠ પાછો અદ્યયર જેવો ત્યાં નસીબદેવીને અજમાવવા આવી બેઠેલો હતો !

શું રૂસ્તમને અભાગ લાગી હતી ? આજેબી તે ધોધમાર હાર્યો જતો હતો ગઇ કાલે તે ૩૦૦ રૂપીઆ મુકી ઉઠયો—આજે અરધા કલાકની રમતમા બીજા સવાસોનો ખુરદો ? ખરેખર તેને અભાગ લાગી હતી. ખુદ મેહેરજી પ થકીનીબી જાણ વગર તે આજે અલ્લકસે નીકળી આવી કેકાઉસને ત્યા ભરાયો હતો. તે જાણુતો હતો કે આ જુગારખાનામા ફકત હારી જવા માટેજ તેને રમવાનુ હતું, અને તોબી દાત કચકચાવીને તે આવ્યો—શા માટે ?

શેહરાં, શેહરાં ! તે આખી રાત તેણીનાં ગમગીન ગોરાં મોહડાંએ રૂસ્તમને એક જાતની બીમારીની ઝુમમાં અછાડ પછાડ કરતો ટવળાવ્યો હતો. કેવો દીલપઝીર હલક ! કેવો ખુબસુરત નીરદોશ શોકાતુર ચેહેરો ! સવારના જયારે રૂસ્તમ ઉઠયો ત્યારે તેનું માથુ ફાટીને જાણે બે કટકા થઇ જતું હતું. અરે,

એકવાર તે મુખડો પાછો જોવાને પોતાની જીંદગીના પાચ વરસબી કહાડી આપવા રૂસ્તમ તે ઘડીએ રાજી થતે. ફકત એકજ વાર પાછો તેણીને પાંચ મીનીટ મળવાના તેણે સોગદ ખાધા. તે પુતળીએ તેને દીવાનો બનાવી મેલ્યો હતો. કંઇબી ભોગે બસ પાછું જવુ! અને ખરેખર તે સાંજે રૂસ્તમ ગયો.

કેકાઉસ અને દારાશાહ હાજર હતા. અજાયબાથી કેકાઉસે આ અજબ જાતના ઓચીયાં ગમ પહેલા જોયા કીધું. અરે, એ તે કઇ જાતનો માણસ! પોતે ઉઘાડી આંખે જાણે કે પોતે ધુતારાઓને હાથે લુટાય છે, તોબી ચાલી ચલાવીને તેજ ફાદામાં પડવા આવે! હશે—કેકાઉસ કાંઇ બોલ્યો નહી દારાશાહને આખની ઇશારતમાં કાંઇક પાછો તેણે નીશાન કરી કે રમત ચાલી.

રૂસ્તમ નક્કી ગાડો થઇ ગયલો હતો—ગાંડો! જેમ જેમ તે હારતો ચાલ્યો, તેમ તેમ તે જીવપર આવીને મોટા શાવ ખેલતો ગયો. બાજી દગાખોર જાણે થઇ બેઠી હતી. ઓરડા માહેલા પાચ જણામાંથી ફકત બે જણ પરજ નસીબો કુરબાન હતો—દારાશાહ દીન્યારજી અને કેકાઉસ મુલ્લાં પહેલે ઘરથીજ હાથોહાથ દશ, પંદર, વીસ રૂપીઆ ખોબા ભરીને ખેચયા જતા હતા.

બેજી પટેલ પચાસેક અને જીમી જખુસરીયો ચાલીસેક ચીરાયા હતા. તેઓ અંતે ઠાકા અને રમવાનું છોડી રૂસ્તમની ખુરસી પછવાડે બેસી વીલે મોહડે બાજી જોવા લાગ્યા. રૂસ્તમ દેવાના પેઠે પૈસા ખોતો ચાલ્યો—

"શો!"

કૈકાઉસ અને રૂસ્તમ વચ્ચે એક દાવની કચાકચીમાં બેઉ જણા સાઠેક રૂપીઆ સુધી જવા પછી આખરે ચાંચવાઇને રૂસ્તમે તેના પાના ઉઘડાવ્યા. ઠાર મુવો ! કૈકાઉસનાં ત્રણ પાના રૂસ્તમ કરતાં ચઢયાતાં નીકળ્યાં—અને એક તડાકે રૂસ્તમના બીજા પચાસ સાઠ રૂપીઆ પાર !

"હું દલગીર છેઉં—તમારૂં હમણા 'લક' બરાબર નથી" કૈકાઉસ મોંહ કુમળાવીને રૂપીઆનો બધો ઢગલો પોતાગમ ખેંચતા બોલ્યો, "પણ કમ—કમ ! એમ ભાજીનું પાણી શું થઇ જાવોછ, મી૰ રૂસ્તીમ ?—નસીબ ફરશે તારે એવું ફરશે કે, તમે જોયાજ કરશો. લેવો ચાલો—પાછા આવી જાઓ ! આય નવા દાવમાં હું——"

"પપા, હવે બસ કરો !"

જાણે તોપનો એક ગોળો સીલીંગપરથી તુટી પડી ઓરડામાં ફાટયો હોય તેમ પાંચો જણાએ ભડકીને એકી વેળાએ એક દીશા ગમ ડોકું ફેરવ્યું.

એકજ બીજી પળ—અને ઓરડાના જે ખુણામાંથી તે સાદ આવ્યો હતો ત્યાંથી સફેદ સાડી અને માથુબાનાંમા સજ થયલી એક મુસીબતની મુર્તી વચમાં ચાલી આવી ઉભી.

"શેહરાં ! એકદમ પાછી જા !"

આખો ઓરડો ધમધમી રહે તેવી બરાડ પાડી કૈકાઉસે એક વીક્રાળ ભુંડની પેઠે તેણો ગમ ડોળા કકડાવ્યા. પણ લેશ મારબી ડરી જવાને બદલે તે શુંદરી ઓરબી એક ડગલું કૈકાઉસ

બેઠો હતો તેની નજદીક આવી—અને તેનાં હાથમાંના પાના તરાપ મારી ઝુંટવી લીધાં.

"બસ! હવે બંધ કરો—ખોદાયને ખાતર બંધ કરો!" તેણીએ કકળાટ ભર્યા સાદે મોટેથી કહયું "એવણ આજે પુરતુ હારી ગીયાછ—"

બેભાન થયલા એક બંગાલી વાઘની પેઠે હવે કેકાઉસ ઘરરર કેતો કે ઉછળી ઉભો થયો તેજ આચકા સમેત બાકીના ચારે જણાબી ફગલાઇને ઉઠી એક બાજુ ઉભા. આબાદ એક દીવાનાના ઝનુનથી કેકાઉસ શેહરાંને હાથની કાંડીમાથી પકડી ખવીસની પેઠે હળાવા લાગ્યો.

"નીકળ! બસ નીકળ અહીથી! કેમ મારી રજા વગર ઓરડામાં આવી?" તેણે દીવાલો ધ્રુજે તેવો પોકાર કર્યો.

"હું નથી જવાની! તમે બેજણ મળીને આય એવણને લુંટોછ————ઓ—ઓ—ઓ—!"

શેહરાંએ કળવાઇને ચીચયારી પાડી કારણ પેલો હેવાન તેણીનું ગળુ દાબી તેણીને જોરથી બારણાગમ ઘસડતો હતો.

"નથી જતી! જોઉછ કેમ નથી જતી! ચાલ બસ, અહીંથી અબ ઘડી——"

"યુ બદમાશ! છોર એને!"

ઉપર મુજબ ઘોઘારી બાંગ મારી કેકાઉસના કાન ઉપર કાઇએ વાતેલા લોખંડી હથોડા જેવી એક મુક્કી મારી. ધટકો પડતાંજ ચકભમ બની જઇ કેકાઉસે શેહરાંને મુકી દીધી અને મુખમાંથી કાંઇ ભયાનક ગાળ ઓચરી એક



"નીકળ' બસ નીકળ અહીંથી' કેમ મારી રજા વગર ઓરડામાં આવી?"
તેણે દીવાલો ધ્રુજે તેવો પોકાર કર્યો (જુઓ સફો ૧૪૦ મો.)

ખુનીની પેઠે પેલા મારનાર ગમ કર્યો. યા પરવર ! દારાશાહ દીન્યારજી તેની સામે પીકડાં ફપડાવતો ગુસ્સાથી ટસટસ થતી આંખ્યો સાથ એક પેશાગીઃની કાની બાજે મુક્કો ચઢાવવા મુઠી વાળીને તઇયાર ઉભેલો હતો !

"હેં ! તેં મને હમણા માર્યો, દારાશા !" કેકાઉસે હરણુપાર થઇને પુંછ્યુ.

"હા—મેં માર્યો."

"એટલે ? તે શું ?"

"એટલે એમ કે તુંને હું ગમ તેવી બીજી દગલબાજી ચલાવવા દેવશ પણ આય છોકરી ઉપર જો તું આંગળી ઉંચકશે—તો—તો તારો જીવ હું લેવશ !"

બાપજી રે ! એવા તો જોસ્સાથી દારાશા આમ બોલ્યો કે કેકાઉસ ઠઠરીને બે પગલા પાછળ હઠયો. ટેબલની પેલી બાજું રૂસ્તમના હાથને વળગી શેહરાં કળ ખાઇને રડતી હતી.

રૂસ્તમના હાથ રોકાયલા હતા—પણ કેકાઉસે જોયું કે તે જવાનની આખ્યોમાથી એક ધારતીભર્યો આતશ ખરી પડતો હતો.

ટેબલપરથી પોતાના રૂપ્યાની કોથળીને તરાપ મારી ઉંચકી મનમાં કાંઇ બહુજ ગલીચ શબ્દો બડબડી કેકાઉસ ધડાકા સમેત ત્યાંથી ચાલી ગયો

પ્રકરણ ૧૭ મું.

"મેં તારૂં શું બગાડયું—મને કેહ?"

એક જવાન દેખાવની પારસી અબળાને તમે કોઇ દહાડે બદીયાનની બાહેર ઉંચે ચઢાવી તપેલામાં અરીઠાના પાણી વડે કપડાં ધોતી જોઇ છે? નહીં જોઇ હોય તો આજે શામદાદે સાતેક વાગતે 'ફલીપટન મેરેજ'ના વરંડા પર રતી પંથકીને એ દીલપઝીર પ્રયોગમાં ગુંટાયલી દેખો કેવું મનપસંદ ચીત્ર! એક નીચા ઇસ્ટાન પર ગોઠવાઇને વરંડાની સીડી તરફ પીઠ કરી બેસી ફીણ ફીણવાળા પાણીમાં આ છોકરીને કપડાં ઝબકોળતી અને નીચવતી જોવી-એ 'આર્ટીસ્ટીક' આંખ્યોને માટે બેશક એક નસીક "સ્ટડી" હતી.

પોતાના કામમાં મશગુલ બનેલી આ પુતળી શું વમાસણમાં હશે?—ખુદા જાણે! કોઇના જીવની વાત આપણને શી ખબર! એટલું ફકત કહી શકાશે કે રતીના ચમકતા ડોળાઓમાં એક ઓરજાતનો મીઠાસ પ્રકાશતો હતો, અને ધીમે હલકે તેણી એકલી પોતાના જીવસે કાંઇ ગીત બડબડતી જતી હતી—

"આહારે વાહ પ્રીતી પીયારી,
એ જી રે પ્રીત પ્યારી રસીલી,
રગમાં—જગમાં—સંધે તુજનો વાંસ!
—આહા માયા મધુરી!"—

રતી ગાતી અટકી પડી—વાસણમાં અરીઠા સાથ રમતાં તેણીનાં નાજુક આંગળાં ત્યાંજ ફીણમાં નસોસ થઇ રહયાં—અને

એકાદ બે મીનીટ જમીનપર ખ્યાલી નજર ઠેરવી રાખી તેણી સંગેમરમરના બાવલાની કાની હીલવા ચાલવા વગર થંભ બનીને બેઠી. બેજ મીનીટ—પછી તેણીએ એક લાંબો દમ ખેંચ્યો અને પાછાં કપડાં બે હાથે ચોળવા પડી.

"હું શું કરૂં! એની સાથ એમ તરછોડ કરવા કઇ મને ગમેછ? એ મારેથી એમ દલગીર થઇને મુંજાયછ તાહરે મારા દીલમાં શું થાયછ તે કોણ જાણેછ? કાંહને કાંહ અમે લોક એક એકને મળી ગીયાં! બસ હવે કંઇ મને ગમતુંજ નહી—કંઇ સુઝબી નહી પરતુ! મુવાં લોક એવા ખરાબ છે! હમણાથીજ ભસ્તે ગીયાંઓ બોલેછ કે હું પૈસાવારી કાકોને તાંહ પધારા મારૂંછ?"

પોતાનાં કમાનદાર ભવાં ચઢાવીને આમ મન સાથ તકરાર કરતાં રતીનો ચેહેરો થોડોકવાર મીજાજથી તપી આવ્યો હતો. ભીંનેલાં કપડાંનો એક ડુચો તેણીએ વાસણમાર્થી કહાડી ફફડાટ સમેત પાસે ભોંયપર પટકયો—

"હું મરી જાઉં તોબી લોકના મોહનામાં એવું બોટું નથી આપવાની! પેલી ભીખઇજી ગમે તેમ બેઠી બેઠી મરચા ખાયા કરે—એણી ગમ વરી હું છેઉ! પણ બીચારો મેહેરજી!——"

શું એ નામમાંજ કંઇ ચમતકાર હતો! રતીના કપાળપરથી ગુસ્સાની લીટીઓ ઉડી ગઇ, હોઠ ઉપરથી મીજાજનો કલ્લો નીકળી ગયો અને આંખમાં પાછું નરમાશનું તેજ આવ્યું. જરાક ડોકું હલવી તેણીએ ગાવું ચાલુ કર્યું—

"આહા માયર મધુરી! મનમા—તનમા—
વાસો તારો ખાસ.
આહારે વાહ પ્રીતી પીયારી,
એ જી રે પ્રીત પ્યારી રસીલી,
રંગમાં—જગમા—સંધે ગુંજનો વાશ!"
"વાહ! શાબાશ રતનબઇ! એન કોર!"

ઝોંક ખાઇને બીઘલે ચેહેરે તેણીએ પાછળ ફરી જેયું. કાકાંના દીકરાજી મેહેરજીભાઇ ત્યાં હસ્તે મુખડે કમરે હાથ ટેકવીને ઐયર જેવા કોણ જાણે કયારના ઉભેલા હતા!

રતીના મુખપર સેહેજ—બહુ સેહેજ—રંગ ધાઇ આવ્યો અને હોઠપર ઝીણું હસવું ફરી વળ્યું. પણ તે માત્ર એક પળવારજ. બીજી ઘડીએ ગુસ્સાની કરચલી કપાળપર ચઢાવી તેણીએ રોંહસો કર્યો.

"જાઓ-જાઓ! એમ બીધરાવોછો શું જે! મારા પેટમાં એવી હલત પરી———"

"કાંય? શું હું તમુને ખાઉછ કરતુ છ? પીત્રઇ ભઇને જોઇનેબી હલત પરે તે તો મેં આજે જાણ્યું, રતનબઇ!"

"તમે એવા બાકુની કાની નીકળી આવોછો કે બીયે નહીં તો શું કરે?"

મેહેરજી પારસી પોશાકમાં હતો. લાંબા ડગલા અને ફેંટામાં તે ખરેખર શોભતો હતો. રતીએ તેની ગમ એક નજર ફેંકી અને પછી તે લુચ્ચીથી હસી પડાયું.

"કાંય—હસોછ કાંય ?"

"મરેરે! હસવું નહી આવે ? તમે સવારના પોહોરમાં વરી શાના અહીં ધસરઇ આયા? તમુનેબી રાત્રે ઉંઘ આવેછ કે નહી ?"

મેહેરજીએ મુછમાં હસીને તે સુંદરી ગમ એક ચીતે જોયા કર્યું. વાસકુટની બાંહે ચઢાવીને ઇસ્તાનપર બેઠેલી તેણી કેવી—અરે, કેવી !—ખુબસુરત લાગતી હતી !

"ખચીત મને નથી ઉંઘ આવતી. બે દાહરા થયા હું મારા કાકાની દીકરી સાથ જરા બરાબર વાત કરવાને વાસ્તે અફરાતફરીમાં પરયોછ. હું અહીં જરા બેસું ?તમુને અરચણ છે?'

"નહી—મને કંઇ અરચણ નથી. જોઇયે તો બેસો. પણ તમારા કાકાની દીકરી અરીઠાથી કપરાં ધોથછ તેથી તમુને શરમ તો નહી લાગે ?"

રતીની આંખ્યોમાં એક જાતની મસ્તીનો ચમકાટ હતો–પણ મેહેરજીએ તે જોયો નહી. તે તો બસ નજર ઠેરવીને પોતીકી પીત્રાઇના નાજુક ગોરા ઉઘાડા હાથો તપીલાંમાં કામ કરતા તપાસયા કરતો હતો. પાસેની એક ટેબલપર ચઢી બેસી તેણે માથેથી ફેંટો કાહડી પાસે મેલ્યો.

"પણ એવી હેજગારી શું કામ કરવાની ?" તે અધીરાઇથી પગ હલાવી કુમળાયલે મોહડે બોલ્યો, "મને સમજ પરતી નથી કે તમે માય દીકરી એમ અવકરાંમાં શું કરવા રેહોછ ! શું ખોદાયે આપુને થોરૂં આપ્યુંછ, રતન ?"

આ ટુંકું નામ મેહેરજીના હોઠમાંથી પહેલીવાર લપસી પડયું હતું. રતીના ગાલ પર જરા પાછો રતાસ ચઢયો.

"તમુને ખોદાયે આપ્યુંછ તેમાં અમુને શું પાર?" તેણી હાથપરથી ફીણને તપીલાંમાં નીરખાઇ જવા દેતાં બોલી, "તમારાં સગાં થયાં તેથી તમારીપર કંઇ અમારૂં ડાપું બાપું છે કે?"

"અલબત્ત—હજાર વખત! આપરે કંઇ જુદાં નથી. હું તો અજબ થાઉંછ કે એટલો વખતબી આપરે લોક એમ અલગ કેમ રહયા? રતન, સાચ્ચું કહે—અહીં મને સાઇકલ 'એકસીડંટ' થયો તેજ દાહરે કાય નહી મ ખરી વાત કેહી?"

રતીએ એક કપડું ઉંચકી જોરમાં નીચવવા માંડયું.

"હું કોર ભરીને વોહરાજીને વેચુંછ તેથી તમુ ખરાબ બરાબ લાગે કરીને મુગી રેહી———"

"નોનસન્સ! તું શું મને કંઇ પેલા પૈસાવાળા ઇચ્ચમજી પોરીયાઓના જેવો એક "પ્રાઉડ બ્રુટ" સમજેછ કે લાવ, આય કપરૂં હું નીચવી આપું—તારા હાથ દુખી આયા હોશે! હું તુને દેખારૂં તોજ ખરો કે સેવક કોઇબી વાતમાં ખાંડયો જાય તેવો નથી!"

આમ કહી મેહેરજીએ લાગલી પોતાના ડગલાની તથા શર્ટની બંને બાંહે ઉપર સુધી ઉંચે ચઢાવી એક ભીનાયલું કપડું ખુબ ઝનુનથી મરડી મચડી નાખવા માંડયું.

રતીએ રોંહસો કરીને મેહેરજીના હાથમાંથી તે કપડુ ઝુંટાવી લીધું.

"છોરો છોરો! એ તમે નીચવયુ! બધું મારૂં કપરૂં ફારી નાખતે!"

"ઓ, આઇ એમ ઓફુલી સોરી! જરા નવો છેઉની તેથી પેહેલાં એમ વાંકુ ટીકું નીચવાઇ ગીયું! પણ, રતન." તે હાથ રૂમાલે લુછતાં જરા હવે નાખુશીથી બોલ્યો, "તુને એ શું વેહજાં લાગાછ! કાકી એક માણસ નહી રાખતા?———"

"માણુસને પગાર અપવા સારૂં અમારી પાસ પૈસા નઇ. અમે ભીખારડાં લોક છૈયે, મેહેરજીભઇ."

મેહેરજીએ કચવાઇને ડોકું ધુણાવ્યું,

"એવુ ગાંડુ ગાંડુ શું કામ બોલેછ, ડીયર?"

"ગાંડું વળી શાનું? તમારાં માય ભીખાઇજી પોતે એમ કેહછ!"

"મારાં માય! હે—હે—હે! તેવણ તો બીચારાં હજુર જાણુતાંબી નથી કે આપરે એટલાં અતલગના સગાં થઇયે!"

રતીના હોઠ તીરસ્કારના હસ્વાથી ટાઇટ બંધ થયા.

"તમારાં માય તે બરાબર જાણેછ! તેવણ અહીંયાં અમુને ઘણુ દાહરાની વાતપર મળી ગીયાં—ને મારાં માયજીને ને મને ખખરાવી ગીયાં કે એવાં ભુખરીબારસ સગાં થઇને એવણના 'પેલેસ'ની નજદીકમાં રેહવાની અમે સોખઇ કેમ કરીયેછ!"

મેહેરજી તો ગભરાઇને પોતાની પીત્રાઇનું કોહું જોપવો પડયો.

"એ શું બોલેછ ! માયજી અહીં આવી ગીયાં ! ને તમુ લોકને ઓરખેછ ! તાહરે મને કેમ નહી કેહયું ?"

"અમે ભીખારડાંઓ છેઇયે તેથી એવણુને ઘણી શરમ લાગેછ—તેથી નહી કેહયું તે બરાબર કીધું વરી !" રતીએ પોતાની લાગણી દબાવી ઘણુાજ અણુકાથી હસતાં ઉતર દીધો, "કોઇબી રીતે અમે તો એ સગાઇની શરમ ભરેલી વાત તમારીપર ઠસાવવા માંગી નથી—ખરૂં કેની ? ચાલો—સાહેબજી ! મારાં માય અંદર વાર જોતાં હોશે."

આટલું કહી ઠસ્સામાંજ પીઠ મરડીને રતી અંદર જતી રહી. પાંચેક પળ સુધી મેહેરજીએ તો બેબાખરો જેવો જ્યાંનો ત્યાં ઉભો રહીને આ ઠણુકાબાજ પીત્રાઇને આમ ચાલી જતાં જોયા કર્યું—પછી ક્રોઢને મારે દાંત પીસીને અચણુચ રતીની પુઠે દોડયો. જમવાના ઓરડામાં આખરે તે છોકરીને તેણે પકડી પાડી અને કાંઇ અસાધારણુ જુસ્સાથી તેણીના બેઉ હાથ પોતાના હાથમાં લીધા.

"રતી ! તું મારી સાથ એમ કાંય કરેછ ! મેં તારૂં શું બગારયું ?" તેણે ઉશ્કેરાયલે સાદે હાંફતાં હાંફતાં પુછયું.

આવી ઓચીંતી વર્તણુકથી થોડોવાર રતી તો ગભરાઇ ગઇ. મેહેરજીને એટલો બધો જુસ્સો દેખાડતાં તેણીએ અત્યાર સુધી જોયો નહી હતો.

"રતી ! ડીયર ! મારો શું ગુનાહ છે તે મને કેહ—તું મને



"રતી તુ મારી સાથ એમ કાય કરેછ? મે તારૂ શું બગારયું?" તેણે ઉસ્કેરાયલે સાદ હાફતાં હાફતાં પુછ્યુ

(જુવો સફો ૧૪૮ મો)

એમ તરછોરીયા કાંય કરેછ ?" મેહેરજીએ ફરીથી કરગરીને સવાલ કર્યો.

અરે ! રતીનાં જીગરમાં એ જાતના સવાલોથી કેવા ધપકારા થતા હતા તે મેહેરજી કયાં સાભળવા ગયો હતો ? ઓરત જાત તે ઓરત જાત ! કુદરતની સામે લડવાની તેણીમાં કાયનાત કેટલી છે ? એકુ મીનીટ મેહેરજીના સાચ્ચાં આજીજી ભર્યાં મોહડાંગમ જોયા કર્યા પછી એકાએક તેણીએ તે જવાનના ખભાંપર પોતાનો બીજો હાથ મુકયો.

"મેહેરજી ! ભઇ ! તું શું કામ મનમાં ઓછું લાવેછ ?" તેણી ગગળતા ધીમા અવાજે બોલી, "હું તુંને તરછોરતી નથી. તેં મારૂં કંઇ બગાર્યું નથી—પણ—પણ આપરી વચ્ચે હવે કંઇબી સંબંધ રાખવા હું માંગતી નથી."

"પણ કાંય નહી ? મને કંઇ સમજ પરતી નથી ! રતન, તમે લોકો એમ ગરીબાઇમાં શું કામ હવે રહેવોછ ? લેવા, હું તમુને દર મહીને——"

"ઓ—થેંક યુ, મેહેરબાની થઇજી !" રતી પાછો જરા થોબરો ચહડાવીને બોલી, "જાહરે અમુને એવી બીખ જોઇશે તાહરે તારાં માયજી પાસ આવશું."

મેહેરજીએ ઘણોજ રંજીદા થઇને રતીનો હાથ છોડી દીધો અને ભીંતને અઢેલી અદબ વાળી વીહલે મોંઢે સેહેજ દુરથી ઉભો.

"વોટ આ શેમ !" તે ખુબ કચવાઇને બોલી પડયો, "અમે લોકો વારીગારી ને મેહેલમાં રહીયે ને તમે માએ

દીકરી આવી હાડમારી ભોગવે ! રતન, તું મારાં માએને ગેરઇનસાફ કરેછ. ખરાબ લાગે અરે, શાનું ખરાબ લાગે નહી, નહી. તે મારા ધ્યાનમ ઉતરતું નથી. તેનું કાંઇબીજુ કારણુ હોશે !"

"બીજું કારણ શું હોય વરી ?"

"કદાચ કોઈ તારા દોસ્તદારને ગમતું નહી હોય કે તું મારી સાથ દોસ્તી રાખે," મેહેરજી અત્યંત કડવાસથી બોલ્યો "કદાચ પેલા દાર ઃ દીન્યારજીએ તુને ના કહયું હોશે કે મારી સાથ સબંધ રાખવો નહીં !"

આ એક ન ધારેલો નવાઇ જેવો કડાકો હતો. એક પળ રતીના ચેહેરાપરથી રંગ ઉડી ગયો. ગુચવાઇને તેણીએ બે ઘડી પોતાના પીત્રાઇ ગમ જોયા કર્યુ, પછી મજબુત પોતાનો હોઠ કરડી એક બોલ બોલ્યા વગર ત્યાથી ચાલવા માંડયું.

પણ મેહેરજી હવે જાણે રણપર ચહડયો હતો. બે હાથ પોહોળા કરીને તે રતીની સામે આડો ઉભો.

"રતી, સંભાળ !" તેણે ખોખરા અવાજે કહયું, "એ પારસી એક હરડતો જુગારી ને સાત પાણીએ ધોએલો લફંગો બ્લેગારડ છે—સંભાળ !"

"વારૂં હોશે ! ચાલો મને જવા દેવો."

"નહી છોકરી, જરા ઉભી રેહ ! ખોદાયને ખાતર ઉભી રેહ ! તારા બાલનેબી ઇજા થાય તેની અગઉ મારો

જીવ કાહરી નાંખશ. રતન, મારી વ્હાલી રતન, એ ભામટાની સાથ તુ શું કરવા સોબત રાખેછ ? તે મને કેહ, તુંને ને એને દોસ્તી કાંહથી પરી ?"

"પણ તેની તમુને શું પચાત ?"

"લાખ વખત પંચાત ! મારી પીત્રઇ વ્હાલી બેનને એક નાપાક ચશમચોરથી ચેતાવવાની મારી ફરજ છે. બોલ, તું એને કાંહથી ઓરખેછ ?"

આહા ! કેવો સાચ્ચો, ખરી લાગણીવાળો અને ભલો મેહેરજી ! રતીનુ દીલ ડગડગી ગયું, પણ પોતાના દ્રઢ નીશ્ચયથી એક રતીભારબી ફરવાની તેણીની ઇચ્છા નહી હતી.

"તમારી અગઉની હું એવણને ઓરખુછ," તે હવે જરા નરમાસથી બોલી. "રગુનમાં અમુને આગળની દોસ્તી પરેલી છે. દારાશાહની પીઠની પછવારે એમ જે તે જે તે બોલવાની કંઇ જરૂર નથી. મારૂં કામ હુ બરાબર સમજુછ."

"તે બદમાશ અહીબી તુંને મળવા આવેછ કે ?" મેહરજીએ દાંત પીસીને પુછયું.

"હા—માયજીને બીજે ને તીજે મળવા આવેછ," રતીએ ખામખા મેહરજીને વધારે હવે ચીરડવ્યો, "એવણ પાસ ઘણા પૈસા છે ! ત્રાનસવાલથી ઘણુ કમઇ આયાછ !"

"શરમ છે ! એક જાતનો જુલમ છે ! મારા કરતાં તું એ ચંડાલને વાસ્તે વધારે દરકાર રાખેછ ! તેનામાં શુ બર્યું છ ? રતન, તારો બાપ થવાને તે લાયક છે."

"હોશે, તે સાથ તમુને કંઇ લાગતું વળગતું નથી. મારે સારૂં એમ લાંબી લાંબી વાત કરવા તમુને કોણ કહેછ ! ચાલો ખીસો, મને જવા દેવો."

મેહેરજી છેકજ નાસીપાસ થઇ ગયો. તેનો ચેહેરો લગભગ રડવા જેવો બની ગયલો હતો. રતી વીના કારણે તેને એમ હડધુત કરતી હતી અને આમ ખોલ્લી રીતે પેલા બદકાર પોશાગીર દારાશાહને માટે કનવાર કરતી હતી, ને જોઇ મેહેરજીનું લોહી ઉકળતું હતું પણ્ લાચાર !

"રતન, તું તારે ગમે તે કર, પણ એક ચીજ માગી લેઉંછ કે એક દાહરો મારે તાંહ આવ. જો મારાં માય સાથ વાત કરી જો. કદાચ તું તારો વીચાર ફેરવશે."

"કદાચ હું ફેરવશ, પણ તમારાં માયજી તો નહીજ ફેરવશે."

મેહેરજીએ જોરથી ટેબલપર પોતાનો હાથ અપ્રાળયો

"બાઇ જીંગો !" તે બરાડી ઉઠયો, "માયજીએ તુને એટલી બધી શું ગુસ્સે કીધીછ? હું કઇ જાણતોબી નથી ! પણ કંઇ નહી, રતી, તોબી તુંને આવવુંજ પરશે. જો પરમ દાહરે મારૂં વરસ છે. સવારથી તુંને આવવુંજ પરશે—હું ગારી મોકલશ. વચન આપ, તાંહ સુધી હું તુને જવા નથી દેવાનો. તુને મારા સમ છે ! જો તું નહી આવશે તો હું મનમાં એમજ સમજશ કે તું મને ધીક્કારેછ!"

હવે રતી શું જવાબ દે? આ મીનતજારી કરતા વાહલા જવાનના ચેહરાપરનો ખરો આજરખ્વાહીભર્યો છાપ જોઇ તેણીનું કોમળ હૈયું પીગળી ગયું.

"જોઇયે, હું માયજીને પુછી જોઉં. તમારાં માય બીખઇજીએ સાફ અમુને કહી મુકયું છ કે તેવણુને હમણુા પુરસદ નથી તેથી અમારે તેવણુને તાંહ મળવા જવું નહી. ચાલો સાહેબજી, મારાં માય અંદર ખોતી થતાં હોશે."

મેહેરજીને જવાબ દેવાનો વખત આપવા અગાઉ રતી સપાટામાં ત્યાંથી ચાલી ગઇ. થોડીક મીનીટ મેહેરજી નીચી મુડીએ સ્થીર ઉભો રહયો અને પછી એક નીસાસો નાખી રૂમાલ વડે પોતાંનું ભીંગાયલું કપાળ લુછયું.

"માયજીનેબી શુ કહેવું જોઇયે!" તે ફેટો લઇને દલગીર જીવે કમપાઉંડમાથી બાહેર પડતાં જીવ સાથ બોલ્યો. "આય રતીને અમથી છેરી મુકી! પણુ એ હું ચાલવા દેવાનો નથી. જરાક ખરી ખંખારીને માયજીનેબી હવે કહેવું પરશે."

પ્રકરણુ ૧૮ મું.

દરીયાના પાણી અટકાવવાની કોણુમાં તાકાત છે?

હાય! લીલી—ખરેજ નસીબની લીલી! આખરે તેણીનો પીતા થતો તો એક નાપેકાર મુજીજ નીકળ્યો! એક અણુજાણ્યા ભોળા માણુસને જુગારમાં ધુતી ખાતો હરડતો દગલબાજ જુગારી તે તેણીનો સગો બાપ! ઓ શરમ–શરમ! પેલા જુવાન ગ્રહસ્થે કહેલું બોલેબોલ ખરૂં—અફસોસ! શેહરાનો જીવ બસ એ વીચારથી ચુઠાઇ આવતો હતો. આગલી સાંજે તેણીએ નજરો નજર બે જણુની હેફ ભરી દમલબાજીમાં ત્રીજા જવાન ગ્રહસ્થને રેહસાઇ જતો જોયો—

ત્યાર પછી જીવતર તેણીને અકારૂં થઇ પડયું હતું. આખી આખી રાત ઉંઘ વગર તેણીએ લાલ બોટા જેવી આખ્યો સાથ બદકીસ્મતીની આ નવી જપ્ફાપર વીચાર કર્યા કીધા, અને આજે—!

આજે સવારથી તેણીનું માથુ ફાટી ને જાણે બે ટુકડા થઇ જતું હતું. આખો દીવસ તેણીએ મોહ ઉપર અન્નનો એક દાણોબી મુકયો નહી હતો ધીકટાર હોજો એવા ઘરને —લ્યાનત પડજો પીતાના એવા બદ-ઇયાનતી આશગાને ' ખુદ મકાનની હવાબી તેણીને હવે ગુગળાવી મારતી હતી. એક પાપી પેદરના આવા પેશામાં મદદ કરતી કહેવાતી તેણી એક “નાપાક દદા ”! એ કલકની બેજાલતથી શેહરાનું લોહી દર મીનીટે સુકાતુ ચાલતુ હતુ

પણ અરે! નબળી જાતી માટે આ કેવો શીતમ! એ કેવો ગેરઇનસાફ! તેણી જો એક મરદ હતે તો એવા બે શરમ બાપની સામે બળતવારીથી થઇ તેની ચાલ સુધારવાનો કાઇબી કરતે-તેણી જો એક છોકરો હતે તો બીજું કાંઇ નહી તો તે કંગાળ ઘર છોડી જઇને દુન્યામા પોતાનુ એકલુ ફોડીબી લેતે પણ એક નીરાધાર, નાજુક, નાતવાન જુવાન ખુબસુરત કુમારી સ્ત્રી! નહી ધણી મળે—નહી ભાઇ મળે! નહીં સગાં મળે—નહી વાહલાં મળે! માતા મરી ગઇ —પીતા ભુંડો નીકળ્યો! જવુંબી કયાં—અને જવુંબી કેમ? કેકાઉસ મુલ્લાં તેણીને કમપાઉન્ડની બાહેર એક ડગલુંબી એકલી સસરવા દેતો નહી હતો. બગીચાના દરવાજા આગળ આવેલી એક નાની કોઠરીમાં કેકાઉસે પગારદાર રાખેલો

એક ઘરડો માળી જયારે જુવો ત્યારે પથારો માંડીને એક વાઘની કાની ઘુરકતો બેસી રહેતો. અને એકબાર્ગી તેની નજર છટકાવી બહાર સટકી જવાયબી—તોપણ મુબઇ જેવાં અણજાણ્યાં શેહેરમાં ખીસામાં પાઇ વગર હાગ કયાં લાગે !

શેહેરાંએ સારો દહાડો તરેહવાર તુરંગો કર્યા—પણ દરેક વીચાર કમકમીને તેણીને બાજુએ મેલવા પડયા. અબળાજાતી માટે અરે બેકદર, જુલમી, મતલબી દગાખોર એકલપેટા મરદોની દુન્યા ! ઘર છોડી નાસી જવાનો ખ્યાલ અશકય તરીકે મુકી દેવા વીના ચારોજ નહી હતો. પણ ત્યારે શું કરવું ? જીવપર કરવું ? આવી નામોશીમાં રહેવા કરતા હજી તે બેહેતર હતું. કે નહી તો કોઇ દીલસોજ ભલા ગ્રહસ્થની મેદદ માંગવી ? આહ ! શેહેરાં માટે એવો મીત્ર કયાં હતો—કોણ હતો ?

માથે હાથ દઇને સાજને છેડે પોતીકી સરજતને કદુવા દેતી આવા ગમખ્વાર નામુરાદીભર્યા વીચારોમાં મશગુલ થયલી શેહરાં 'ડ્રોઇંગ રૂમ'ના એક ખુણામાં ફસડાઇ પડેલી હતી. કેટલોવાર તેણી ત્યા આંખ્યોમાંથી ટપકતાં પાણીને લુછતી તથા પોતીકી વાહલી મરનાર માતાને યાદ કરતી ત્યાં બેઠી હશે તેનું તેણીને પોતાને ભાન નહી હતુ. અંધારૂં થવા આવ્યું હતું. કેકાઉસ મુલ્લાં તો માળપર આખો દહાડો થયો ભરાઇને કોણ જાણે શું ફાંફાં મારતો હતો. ગઇ સાંજના 'ફેર ।' પછી તેણે પોતાનું મોઢું બી શેહરાંને દેખાડયું નહી હતું. પોતાના ઓરડામાં જવા માટે નસોસ જીવે શેહરાં ઉઠવા જાય છે કે કોઇ ઘણુંજ આસ્તેથી ચાલી આવીને તેણીની પાસે ઉભું.

"શેહરબાનું !"

"કોણ ?"

એક બીધેલી ખીસકોલીની પેઠે ચોંકીને તેણી ઝબ કરતી ઉઠી ઉભી થઇ. પેલો અહસ્થ એક ડગલું નજદીક આવ્યો.

"એ તો હું છેઉં, મીસ શેહરાં—હું રૂસ્તમ મુગાશેઠ."

હોલની અપુર્ણ રોશનીમાં બેઉ જણા ઉભેલાં હતાં— છતાં બેઉ જણા એકમેકના મોહડાપર છપાયલી લાગણી કેવી વાંચી શકયાં! રૂસ્તમની આંખ તીક્ષણ હતી—તેણે જોયું કે તેને જોતાનેવાર શેહેરાંનો નખાઇ ગયલો ગમગીન ચેહરો ખુશાલીથી એકદમ ખીલી ગયો હતો તથા એક જાતના હરખને મારે તેણીના હાથ ઠરઠર ધ્રુજતા હતા.

"કેમ અહીં બેસી રહયાંછ ? તબીયત સારી છે કેની, શેહરબાનું ?" રૂસ્તમે મમતાથી અને માયાથી તેણીની ગમ જોઇને પુછયું.

"સારીકાની છેઉંજી—ઠેંકયુ !" તેણીએ નબળા ઝુમાઇ ગયલે સાદે જવાબ વાળ્યો, "પણ તમે—તમે—હજુર અહીયાં છેઓ ?"

"હા, તમારા—છેતે—મી૦ મુહલાંની આગળ આયોતો."

શેહરાંના હોશકોશ ઉડી ગયા. પોતાને ટેકો આપવા તેણીએ નજદીકની ખુરસીને પકડી અને રૂસ્તમ ગમ ધારી ધારીને જોવા લાગી.

"એવણુ—એવણુ—આગળ આયાતા ! કાંય?" તેણીએ ભાંગેલે અવાજે પુછયું.

રૂસ્તમ મુગાશેઠ સેહેજ મુછમાં હસ્યો, "રેટ આપ નર પેહલા આપવું જોઇએ. અત્યાર સુધીમાં હું બધા મળી ચારસોએક રૂપીઆ રમતમાં હારી ગીયોછ—ને તમારા ભાવા માંગનાર છે. મારી પાસ હમણા એટલા પઇસા નથી–તેથી એ રકમની એક શાહજોગી ચીઠી લખીને અબઘડી મેં એવણને આપીછ. પણ તમારી તબીયત બરાબર દીસ્તી નથી —જરા બેસો——"

"કંઇ નહી–મારી ફીકર ના કરો, મી૦ રૂસ્તીમ. પણ–પણ–મને એક અરજ કરવીછ–કબુલ રાખશો ?"

રૂસ્તમ હવે તે નખાઇ ગયલી છોકરીની એકદમ આગળ આવ્યો. એક દહાડામાં બીચારી શેહરાનો એવો અવતાર બેઅવતાર થઇ ગયલો દેખી તેની છાતીમાં કાંઇ થઇ આવતું હતું. અત્યંત માયા સાથ તેણે શેહરાંને હળવેથી કમરમાંથી પકડીને સોફાપર બેસાડી, અને પોતે પાસે બેઠો.

"શું છે–બોલો, મીસ શેહરાં?" તેણે નરમાસથી કહયુ, "મારેથી જે કંઇબી તમારે વાસ્તે બનતુ હોશે તો મારાં લોહીના છેલ્લાં ટીપાં સુધી કરશ."

શેહરાંએ તેના બે હાથોપર પોતાના ઠંડાગાર હાથ મેલ્યા.

"મને પ્રોમીસ આપો કે તમે ફરીથી એ લોક સાથ રમશો નહી." તેણીએ આજરખ્વાહીથી કહયું.

"હું પ્રોમીસ આપુંછ–હું સોગંદ ખાઉંછ કે ફરીથી પાનાને હું હાથ નહી લગાડશ !"

"ઓ, ડૅકયુ? હાઉ ગુડ યુ આર!"

આટલું બોલતાં તે અભાગણી છોકરી આંખે રૂમાલ દાબી હુસ્કે હુસ્કે રડી પડી. હવે હદ થઇ ગઇ હતી! એક જવાન ગ્રહસ્થની સઘળી સબુરી, લાયકી, અને ધીરજ રૂસ્તમે અત્યાર સુધી ધરી હતી—પણ હવે આ તેનાં જીગરની મુર્તીને આમ પાસે બેસીને રડતાં જોઇ તેની છાતી ફાટી જવા લાગી. અચબુચ એક જાતના દીવાના જોસ્થી તેણે શેહરાંના બને હાથો પોતાના હાથોમાં ઝાલ્યા,

"શેહરાં!" તે ઉશકેરાઇને ઘોઘારી અવાજે બોલ્યો. "તું એમ કાંય કરેછ! કેહ—ડીયર—તુંને શું છે? તુ દુખી છે?"

શેહરાંએ પોતાના હાથો પાછા ખેંચી લીધા નહી. તેણીની એકલવાઇ આફતમાં આ રૂસ્તમ એક ફેરેસ્તા મીસાલ તેણીની અડાસે આવીને ઉભો હતો. તે ભલા સાચ્ચા જવાનના પાસામાં જાણે તેણીને લાગ્યું કે દોજખી દેવોના દરોરા સામેબી તેણી સલામત હતી! યારો, આસમાનપરના તારા હેઠળ લાવશો—પણ મોહબત જેવી ચીજમાં કુદરતનો કાયદો ફરવાનો નથી. રૂસ્તમનો હાથ પોતાની મેળેજ જઇને શેહરાંની કમરપર ફરી વળ્યો અને તે છોકરીનું માથું તે જવાનન ઓરસ્તવાર ખભાંપર ટેકાઈ પડયું.

"શેહેરાં!—તારા દીલમાં હમણાં શું દરદ છે તે હું સમજુંછ. તુ આય ઘેર છોડી જવા માંગેછ! બોલ સાચ્ચું, મારી વહાલી—હું તારે વાસતે કંઇબી કરશ."

શેહરાંએ એક નીસાસો ખેંચી ડોકું ઉંચક્યું અને ભીની આંખે પોતાના આ રક્ષણ કર્તા પેહલવાન ગમ જોયું. યા પરવર! આખરે તેણીને આશરો આપનાર—તેણીની કદર ખાનાર—કોઇ ખરો માનો પુત નીકળી આવ્યો હતો! સોહામણા મયાળુ ભલા રૂસ્તમ ભણી ઉપકાર અને પ્રેમની લાગણીથી શેહરાંનું નાજુક હઇયું ઝલકાઇ જતું હતું. અચબુછ તે જવાનનો એક હાથ ઉંચકી તેણીએ પોતાની આંખે દાબ્યો.

"મારી જીંદગી સુધી તમારી હું ઉપકારી છેઉં!" તેણી કરગરીને બહુજ ધીમેથી બોલી, "તમે મારી મદદે નહી આવતે તો હું જીવપર કરતે! રૂસ્તમજી, નસીબની હું ફુટેલી છેઉં. મારાં નસીબે મને દગો દીધોછ—નહી તો આજે હું એક લક્ષાપતી ધરની વારસ થએલી હોતે!"

રૂસ્તમે પ્રીતીથી પોતાના રૂમાલ વડે તે હીણભાગ્ય છોકરીની આંખ્યો લુછી.

"માઇ પુવર ગર્લ!" ગલગલતા સાદે તેણે નીસાસો નાખ્યો, "હું તારે વાસ્તે અંતકરણથી દલગીર છેઉ! શેહરાં, ખોદાએ તુંને ને મને એકજ સેતારા હેઠળ પેદા કીધાંછ મારોબી તારા જેવો હાલ છે—હુંબી તકદીરના ફાંટાથી એક લક્ષાપતી ધરનો વારસ થતો જરા જરામાં અટકી ગીયોછ."

અરે જમાના! તારા રંગ કાંઇ ઓર છે! એકમેકને વળગીને બેઠેલું જોડું આ શું પોતાની કાંહણી આમનસામન કહેવા પડયું હતું! કીસમતનો—કીસમતનો એ ખેલ!

* * *

પ્રકરણ ૧૯ મું.

" હું તારો પપા નથી ! "

" લીલી !"

" ઓ ! તમે અહીં, મી૦ દારાશા——!"

શેહરાં એવી તો ચોંકી ઉઠી કે તેણીના હાથમાંની 'નોવેલ' બી છટકીને જમીનપર પડી ગઇ. નીચે 'હોલ'માં સોફાપર પડીને તેણી 'જેન આસટીન'નું એક પુસ્તક વાંચવામા મશગુલ હતી. સાંજના સુમારે સાતેક વાગ્યા હશે. શેહરાંના જીવને હવે ચેન હતું—ગઇ કાલે રૂસ્તમ મુગાશેઠ સાથની મુલાકાત પછી દુન્યા છેક એકદમજ અકારી હવે આ છોકરીને લાગતી નહી હતી. તેણીનો હીણભાગ્ય બાપ બે દહાડા થયા દુરનો દુર રહી પોતાનું હાણ્યા કરતો હતો. પેલો જુગારનો તેનો ગુરેખી બધ પડેલો હતો. તેને બદલે કેકાઉસ પેલા 'મોડલ'વાળા બંધ ભેદી ઓરડામાં અંદરથી કમાડ વાસીને કલાકોના કલાકો સુધી કોણ જાણે શું માથાંફોડ કરતો હતો. પોતાની એ નવી શોધના વેંહજાં પાછળ આમ રોકાઇ રહીને દુન્યામાં કોઇ નવું બદકર્મ કરતો તથા પોતીકાં બચ્ચાંને એક હેવાનની પેઠે હેબકાવતો તે અટકે—એજ બસ શેહરાંને જોઇતું હતું. શાંત અને નચીંત દીલે તેણી એક અતી રસીલું પ્રકરણ ખલાસ કરવામાં ચકચુર હતી—તેટલાં દારાશાહે તેણીને ચમકાવી હતી.

નસીબની લીલી બીચારી આ પુત્રીને આમ બીહને ભડકી પડતાં જોઇ દારાશા દીનશારજી માયાથી મુંછમાં જરા હસ્યો અને આંખ ચુંચી કરી બે ઘડી તે નીર્દોશ પણ અસુખી ચેહેરા ગમ જોયા કર્યું.

"લીલી—શું વાંચેછ, દીકરી?"

"'પ્રાઇડ એન્ડ પ્રેજ્યુડીસ' વાંચું છજી."

દારાશાએ ખરાં વ્હાલથી શેહરાંનો એક બરફ જેવો ગોરો નાજુક હાથ પોતાના ખવડી હાથોમાં લીધો અને મમતાથી તે પસવારવા લાગ્યો.

"તદન એકલી છે? કોઇ તારી સાથ વાત કરનારૂં નહી મલે? મારી ગરીબ લીલી!" અત્યંત લાગણીથી તેણી ગમ જોઇ તેણે કહયુ.

શેહરાંએ માંજરા ડોળા દારાશાના મોહડાં ગમ ઠેરવી રાખ્યા. અરે—આ પારસીમાં શું કાઇ જાદુ હતું? એ દારાશાની આંખ્યોમાં એવું તે શું ગુપ્ત મંતર હતું કે જેથી શેહરાંના બદનમાં લોહીને આમ અજબ રીતે ઉછાળા મરાવતું હતું? એ શખ્સને કેકાઉસની સોબતમાં જુગાર રમતો—લુચ્ચાઇ કરતો—શેહરાંએ નજરોનજર જોયો હતો, તોબી જયારે કેકાઉસના વીચારથીજ તેણીના શરીરમાં કંપારી અને કમકમાટ છુટતો ત્યારે આ દારાશાને જોતાંનેવાર તેણીની કુમળી છાતી કાંઇ વીચીત્ર રીતે ધડકવા મંડી જતી હતી. હમણાબી જ્યારે દારાશા તેણીનો હાથ પકડીને આમ ખરાં હેતથી તેણીની કદર ખાતો હતો ત્યારે હાથ ખેંચી લઇ નાસી જવાને બદલે શેહરાં આરબી ખુશીથી તેની આગળ વાત કરતી ઉભી હતી.

આ દારાશામાં એવુ તે શું હશે કે જેથી શેહરાને તેની ઉપર એટલો ચાહ અને વીશ્વાસ આવતો હતો ? આ સવાલ તેણીએ કાંઇ ડઝનેક વખત જીવ સાથ પુછયો હશે,—પણ એ સવાલજ લા જવાબ હતો. હમણા જયારે તે પાછો આમ પાસે ઉભો રહીને તે નીરાધાર છોકરી સાથ વાત કરવા લાગ્યો ત્યારે શેહરાંનું હઇયું એકાદ મીનીટ એવું તો ભરાઇ આવ્યું કે જાણે ઓય તેના પાસામાં ભરાઇને રડી પડે. બીંજાયલી આંખ્યો સાથે દારાશા ગમ જોયા કરવા સીવાય બીજો કાંઇ ઉત્તર દેવાને તેણીનો સાદબી ઉપયોગો નહી.

" આખો દહાડો સોહવાયછ કે, મા ?" તેણે હળવેથી પાછું પુછયું.

શેહરાંએ ડોકું ધુણાવીને ના પાડી.

" નહી સોહવાતું ? ખરેખર—કાંહથી સોહવાય ?" દારાશા રજીદા થઇને જીવ સાથે વાત કરતો હોય તેમ બડબડયો, " મારૂ ગાય જેવું ગરીબ બચ્ચું એખલું ઝુરી જાયછ ! નાપાક કેકાઉસ તુંને જરા જુલ્મ એ જોતોબી નથી ! બેસ લીલી, જરા અહીં બેસ—હું તારી સાથ ધીરજથી કંઇ વાત કરવા માંગુંછ."

શેહરાંને સોફા કોચપર બેસાડી દારાશા તેણીની પાસે બેઠો અને વાંકો વળી ઘણીજ આતુરતાથી તેણીનો શોકાતુર સુંદર મુખડો તપાસવા લાગ્યો. થોડોવાર આમ ધારી ધારીને જોવા પછી તેણે એક ઉંડો નીસાસો નાખ્યો.

"તું આય બ્લેગાર્ડની સાથ રહેછ તે મને જરાક નથી ગમતું," તે દબાયલા અવાજે બોલ્યો, "ખરેખર કેહ, દીકરી, તુંને પોતાને અહીં રહેવાનું પસંદ છે?"

જવાબ દેવાને બદલે શેહરાં નીચી મુંડીએ મુગી બેસીજ રહી; આબાદ એજ સવાલ રૂસતમ મુગાશેઠેબી પુછયો હતો. પણ તેનો જવાબજ શું દેવો? શું પોતાને મોઢે પોતીકા બાપની બીજાઓ આગળ નાલેસી કરવી?

"તુંને નથી રહેવા ગમતું તે હું જાણુંછ. લીલી, મારી વાહલી દીકરી, આય કેકાઉસ મુહલાંથી બને તેટલાં દુર રેહ—એ માણસ ખરાબ છે. તુંને મારાં પોતાના બચ્ચાં તરીકે આય સલાહ આપુંછ તારે અહીંથી જતું રેહવું જોઇયે, લીલી!"

"હું કાંહ જાઉં? એવણુ મને કેથે જવાબ નથી દેતા."

દારાશા હોઠ કરડીને વળી પાછો થોરો વાર વીચારમાં ચુપ બેઠો.

"પેલો—પેલો રૂસ્તમ મુગાશેઠ કાલે તારી સાથ વાત કરતો'તો તે શું કહેતો'તો?" તેણે અચણુચ ડોકું ઉંચકીને પુછયું.

અચરતીથી ખડી બેસીને શેહરાં આ વીચીત્ર પારસીનું મોહડું ટીકવા પડી. અરે એ રૂસ્તમની વાત એવણે કેમ જાણી? તેણીના ગાલપર આ ન ધારેલા સવાલથી જે રંગ ફેલાઇ ગયો તે દેખી દારાશા મુછમાં સેહેજ હસ્યો.

"હું ગઇ કાલે સાંજનાજ તુંને મળવા આવવાનો હતો—પણ રૂસ્તમ ને તું મળાના વાત કરતાં અહી બેઠલાં હતાં તે મેં તમુને છેર્યાં નહી. શરમા ના, લીલી—એ રૂસ્તમ એક ખાનદાની છોકરો છે અને ખરો ગ્રહસ્થ છે. પણ મને કહે—એ તુંને શું કહેતો'તો ?"

શેહરાંએ લજવાઇને ડોકું છાતીપર નાખીજ રાખ્યું. દારાશાએ માયાથી તેણીના બાલ પસવારીને પોતાના રૂમ જોવાની ફરજ પાડી.

"તમે લોકે બધી શું મીઠી મીઠી વાત કીધી તે હું નથી પુછતો, દીકરી—મને એટલુંજ કેહ કે તે એને બધી ખરી તારી હકીકત ને તારૂં ખરૂં નામ કહયું તારે——"

"મેં તે નથી કેહયું, જી—મેં તો ફકત કેહયુ કે નસીબે મને દગો દીધોછ."

"ને એણે—એ રૂસતમે—તુંને પોતાની હકીકતબી નહી કેહી ?"

"નહીંજી, તેવણુબી એટલુંજ બોલ્યા કે મનેબી નસીબે એમજ ફસાવ્યોછ. પછી વાત ઉડારી નાખી કે મેં વધારે નહી પુછયું."

દારાશાએ ઘણીજ નાસીપાસીથી મોંહ કુમળાવ્યું.

"તારે તું એને તારી ખરી વાત કાહરે કહેવાની છે, દીકરા?"

"હું નથી કેહવાની—મેં મારા પપાને પ્રોમીસ આપયુંછ."

એક લાંબો દમ ખેંચી દારાશા હવે ઉઠીને ઉભો થયો,

"ચાલ—આજે તો હું જાઉં છું. પણ તું કંઇ બીહતી ના. ગમે તેવી મુશ્કેલી આવે તોબી મને પુછ્યા વગર કંઇબી ઓછળું પગલું ભરતી ના. અહીંથી તું જારેબી જતી રહેવા માગે તારે પહેલાં મને કેહજે હું તુંને કહાં જવું ને કેમ જવું તેનો રસ્તો બતાવશ, સમજી?"

"વારૂંજી—તમે અહીં આવયા કરશો કે?"

"હા—દીકરી. મને અહીં આવતો અટકાવવાની કેકાઉસના દાદાનેબી સતા નથી. હું બીજે ત્રીજે કંઇને કંઇ બાહને આવીને તુંને મળયા કરશ. ને જો એક સલાહ આપુંછ તે ખુબ ધ્યાનમાં રાખજે. કોઇબી વખત તારી પર એ—એ—કેકાઉસ મુલ્લાં ગુસ્સે થાય ત્યારે તેના હાથનાં આંગળાં તરફ બસ જોતીજ ના. બસ સવાલ ના પુછ— મારાં બચ્ચાં, હું જે તુને કેહૂ છ તે તારા ફાયદાને વાસ્તે કેહું છ."

શેહરાંનો ચેહેરો ખાલી ગયો. તેણીનું જીગર ઉપકારથી અને ખુશાલીથી છલકાઇ જતું હતું. ઉઠીને તેણીબી ઉભી થઇ.

"તમુને કેમ થેંક કરૂં?" તેણી ઉંડી લાગણી સાથ આસ્તેથી બોલી, "તમે એમ મારીપર મેહેરબાની રાખોછ તેથી મને ઘણી હીમત આવેછ. તમે ખરૂં કેહોછ—મને બી ખબર છે.—એવણનાં આંગળાંમાંજ જાદુ છે. એવણ જાહરેબી ચીરડાઇને જસનો હાથ એમતેમ ફેરવેછ તારે મને ચક્કર આવેછ. પણ હવેથી એવણના હાથ ગમ હું જોનારજ નહીં."

"જરૂર!—મને વચન આપ."

શેહરાંએ દારાશાના હાથમાં પોતાનો હાથ આપ્યો.

"મારૂં પ્રોમીસ હું કદી તોરતી નથી. તમે મને જેમ કેહશો તેમ હું કરશજી— મને તમારીપર વીશવાશ આવેછ."

દારાશાએ હસીને લીલીનો ગાલ પસવાર્યો,

'ચાલ—લેટ થઇ ગીયું. હું જાઉંછ. હા ખરા—એક વાત તુંને કેહવા આયો' તો તે તો ભુલી ગીયો. તુંને કેકાઉસે એક હીરાનો 'બ્રોચ' આપ્યોછ, વારૂં ?"

વળી પાછું અચરતીથી ડોળા ઉચકી શેહરાંએ દારાશા ગમ જોયું.

"તમુને બધી વાત ખબર છે ?" તેણી ભવાં ચઢાવીને બોલી પડી, "મને એવણે એ આપ્યોછ. મારા મમાનો એ બ્રોચ———"

"લીલી, હું બસ એટલુંજ કેહુંછ કે તે ખુબ સંભાલીને તારી પાસે ઉચો રાખજે. હમણા હમણા આય આસપાસનાં ઘેરામાં બે ત્રણ મોટી ચોરી થઇ તે જાણેછની ?"

શેહરાંનો ચેહરો જરદ મારી ગયો.

"ચોરી થાયછ ?" તેણીએ ગભરાઇને પાછું પુછયું.

"હા—તુને ખબર નથી ? કબટ ને તીજોરી ફારીને કોઇ અજબ જાતનો ચોર ઘરેણાં અને ઝવેરાત લઇ જાયછ. પોલીસ ઘણી પુઠે લાગીછ પણ તે મળતો નથી."

" ઓ માયરે ! તમે જરા—પપાનેબી કેહોની કે અવ-ણુના 'મોડલ'ને સાચવીને રાખે !"

દારાશાએ લગાર ફફડીને ખભાં ચઢાવ્યાં.

" એના 'મોડલ'ને જાહનમમાં નાખ ! તેં તારો 'બોચ' તો ઉંચો મુકયોછ કેની ? તું રોજ તેને જોયછ કે ?"

" નહી—રોજ નથી જોતી. કબાટમાં ઉંચો મુકયોછ ને ગઇ કાલે—"

" નહી નહી ! રોજ જીવની કાની સાચવ્યા કરવો જોઇયે. જા—હમણા જઇને જોઇ આવ કે સલામત છે કે ?"

ડઘાઇને એકાદ પળ શેહેરાં દારાશાને જોતી ઠરીઠમ થઇ ઉભી અને પછી ઝડપથી માળપર પોતાના ઓરડામા દોડી.

દારાશા ત્યા નીચેજ અદબ વાળીને ઉભો. ભાગ્યે ત્રણ મીનીટ ગઇ હશે કે શેહેરા બાધેલી ઉજળી પુની જેવી પાછી નીચે દોડતી કે ઉતરી આવી અને ભટ કરતી કે દારાશા આગળ ખુરસીપર બેસી ગઇ.

" ચોરઇ ગાયો—કબાટમાં નથી"' તેણી જેમ તેમ હાંફતાં મુશકેલીએ બોલી "ઓ હવે શું કરૂં !"

દારાશા એક પથ્થરનાં બાવલાંની કાંની સ્થીર ઉભો રહી દયાથી આ છોકરીને જોવા પડ્યો.

" હું ધારતો'તોજ કે એ ચોરઇ જશે !" તે દાંત કચ-કચાવીને મોટેથી બડબડયો, "કંઇ નહી—એ વાત તું કેકાઉસને ના કેહતી, લીલી "

શેહરાંનું મોહડું ચાદર જેવું સફેદ મારી ગયું હતું. તેણીના આઇસ જેવા ઠંડા હાથો થરથર ધ્રુજતા હતા—

" એવણ—એવણ જાણશે તાહરે મારીપર કેવા ચીરડાશે ને મને કોણ જાણે શું કરશે !" તેણી આંખે રૂમાલ દાબીને ડુગળી પડી, "તમે એવણને——"

શેહરાં બોલતી અટકી પડી આંખેથી રૂમાલ ખાસાડી ને તેણી દારાશાહને કાંઇ વધુ કહેવા જતી હતી—પણ દારાશા ત્યાં હતોજ નહી. તે ચાલી ગયલો હતો.

ગરીબ બીચારી શેહરા !

મોહડાપર તે રાતે અન્નનો એક દાણોબી મુકયા વગર તેણી પોતાના ઓરડામા ભરાઇ ગઇ હતી ડીયર મમાવાળો વાહલો "બ્રોચ" ચોરાઇ ગયો ! રેલવે અકરમાતથી અગાઉની જીંદગીની સઘળી યાદગારીઓ ગુમાઇ ગઇ-આ એક પુરો બ્રોચ તે ગુજરેલા સુખી વખતની એક પવીત્ર નીશાની દાખલ બાકી રહેલો હતો તેબી લુટાઇ ગયો ! કેકાઉસે ખતીખતીને તેની ખાસ સંભાળ લેવાનું કહી તે બ્રોચ શેહરાને આપ્યો હતો-હવે તેના ચોરાવાની ખબર પડતાજ તે કેવો સીતમ ગુજારશે ! તેના વીચારથી તે રાંક છોકરી ધ્રુજતી પોતાના ઓરડામા કોચ ઉપર છેક મોડી રાત સુધી બેસીજ રહી.

ઉંઘ કયાંથી લાવે ? ગભરાટ અને દલગીરી, બીક અને નાસીપાસીથી શેહરાંનું માથું ફાટીને બે કટકા થઇ જતું હતું. પળકવારમાં કાંઇ કીસમ તરેહના બીહામણા વીચારો તેણીના

મગજમાંથી પસાર થઇ જતા હતા. એ, નાફરમાન થઇને તેણી પેલા જુગારના ઓરડામા દાખલ થઇ ત્યારે ડેકાર્ડસ કેવો ગુસ્સે થયો હતો! હવે તેના કીમતી માનીતા 'બ્રોચ' ને ગુમાવી દેવા માટે તો તે શેહરાંનું ખુનજ કરવાનું બાકી રાખશે! ભુખ્યાં પેટે ભયાનક વીચારો કરતી ટસ ટસ થતી આંખ્યો સાથ શેહરાં બીછાનાપર અતરંગ કેટલો વાર બેસી રહી તેની કાંઇ તેણીને ગણત્રી હતી? ના— છેક રાતના અગ્યાર વાગતાનો ટકોરો થયો ત્યારે તેણી પોતાના ખ્યાલો-માંથી ચોંકી ઉઠી

બસ એતે એજ!

એકાએક તેણીએ પોતાનો કાંઇ દૃઢ નીશ્ચય કર્યો હતો. હવે તો ગમે તેવી ભોગે—કોઇબી જોખમે—તાબડતોબ જઇને પોતાના બાપને જગાડી આ બ્રોચ ચોરાવાની ખરી વાત કહી દેવી. પછી તે ચાહે તે કરે! દારાશાની સલાહ તેણીએ ખુબ વીચાર કર્ર ને અંતે ઉરાડી નાખી હતી. ડેકા-ર્ડસને નહી કહેવામા ફાયદો શું? પાછળથી અંતે જયારે તે જાણે ત્યારે ઓરબી વધારે ગુસ્સે થાય તે કરતાં તુરત કબુલ કરી દીધું હોય તો તેણીપર કંઇ શક તો નહી લઇ જાય! અને વળી વખતસર પોલીસને ખબર આપ્યાથી કદાચ ફાયદોબી થાય.

દાંત પીસીને શેહરાં પોતાનો આ ઠરાવ અમલમાં મેલવા ઉઠી. છાતી ધડક ધડક થતી હતી તેપર હાથ દાબીને તેણી ઓરડામાંથી બાહેર પડી. બાહેર ચાલમાં અંધારૂં કીલ

હતુ—પણ ચાલને નાકે આવેલો કેકાઉસનો ઓરડો તેણીને પગે આવી રહેલો હતો. ત્યાં જઇ બારણું ઠોકી તેને ઉંઘમાંથી ઉઠાડી બ્રાચ ચોરાવાની ખરી વાત કહેવાના મકકમ ઇરાદાથી તેણી બાહેર પડી. ભાગયે બે કદમ તેણી ચાલી હશે કે——

"ઓ!"

શેહરાંના મુખમાંથી એક બુમ મરાઇ ગઇ એકાએક અચકીને ઉભી રહી તેણીએ બે હાંથ મોહડાંપર જોરમા દાબી દીધા કે વધારે ચીસ પડાઇ નહી જાય! ચાલને બીજે નાકે આવેલો પેલો "મોડલ"વાળો હંમેશનો બંધ ઓરડો ઉંઘાડો હતો—બારણું સેહજ અળગું હતુ—અને તેની ફાટમાંથી અંદર દીવાની રોશની સાફ દેખાઇ આવતી હતી. આવી મોડી રાતે કેકાઉસ તો ત્યા હોયજ નહી—તે તો હંમેશ સવારનાજ અંદરથી બારણું બંધ કરીને 'મોડલ'પર કામ કરતો હતો. ત્યારે એ ઓરડામાં હતું કોણ?

શેહરાંને જાણે નકકી લાગયું કે ધારતી અને દેહેસતને મારે તેણીની છાતી બેસી જતી હતી. જરાબી શક વગર પેલો તેણીનો બ્રાચ લઇ જનાર ચોર કે ચોરોજ તે ઓરડો ઉંઘાડીને અંદર પેઠા હોવા જોઇયે. પેલાં ત્યાં મેલેલાં અમુલ્ય મોડલને વાસ્તે તાંહ એ લોક ગયલા એમાં શું શક?

હવે શું કરવું? ચીસ પાડીને ઘેર ગજાવવું! ચીચીયારી પાડીને કેકાઉસને જગાડવા શેહરાએ એક વખત મોહડું ઉંઘાડેલું પાછું દાબી દીધું. નહીં—નહીં ઇંગ્રેજ મડમની

તેણી એક છોકરી હતી. ચીસાચીસથી પેલા ચોરો કદાચ બારી કુદાવી નાસી જાય—'મોડલ' ભાંગી નાખે કે સાથે ઉંચકી જાય—યા નહી તો જીવપર આવીને શેહરાં આગળ ધસી આવી કેકાઉસ દોડી પહોંચે તે અગાઉ તેણીનું ગળું બાં ભચડી નાખે!

પોતાનો હોઠ દાંતો વચ્ચે મજબુત કરડેલો રાખી શેહરાં ત્યાં બે મીનીટ વીચાર કરતી ઉભી. એ ચોરને નજરે જોવો તો જોઇયે. ગુમાયલો 'બ્રોચ' પાછો મેળવવાનો આ એકલો ચાન્સ હતો. પોતાના પગના આંગળાંપર ચાલી શેહરાં જરાબી ગડબડ કરવા વગર હીમતથી તે ઓરડાભણી વધી બારણા આગળ આવતાં તેણીએ એક મીનીટ જરા દમ ખાધો અને પછી બહુજ આસ્તેથી ચીમાઇને બારણાની ફાટમાંથી જોયું———

યા ફીરતાર! અંદર તો કેકાઉસજ શર્ટ અને પાટલુનપર એક ટેબલ આગળ ખુરશીપર બેઠો બેઠો કાંઇ ઓજારો સાથ કામ કરતો હતો.

હવે? હવે શું કરવું? અંદર જઇને પેલા બ્રોચની વાત કહેવી કે નહી? આ ઓરડામા પગ નહી મેલવાની પોતે કેકાઉસને કબુલાત આપી હતી તે શેહરાંને યાદ હતી. જે હોય તે હવે તો સવારના! હળવેથી તેણી પાછી હટવા જાય છે તેટલાં———

"આ માઇ!"

વળી પાછી શેહરાંના બીડેલા હોઠો વચ્ચેથી ગુજ્ગળાટ્ભરી નાની ધીમી બુમ નીકળી પડી. અરે જીવ ! એ તેણીએ શું એકાએક જોયું ? કેકાઉસે ટેબલપરથી કાંઈ ઉંચક્યું તેના ચમકાટથી શેહરાંની આંખ જાણે ખાડામાંથી ગબડીને બાહેર નીકળી આવી હતી.

તે તેણીનો પેલો ચોરાયલો બ્રોચ હતો '

ઓરડા માંહેલા દીવાની રોશનીમા તે હીરા કેવા ચક ચક થતા હતા ! હરણફાર થઇને શેહરાએ જરા વધારે ધ્યાનથી પાછું ફાટમાંથી જોયુ. જરાબી શક નહી ! તેજ–તેજ–આબાદ ' બ્રોચ ' ! તેણીનો દમ રૂધાઇ ગયો—એકાદ બે મીનીટ તો તેણીનું હરૂદય જાણે ચાલતું બંધ પડયું હતું.

કેકાઉસની પીઠ તેણીની ગમ બારણા તરફ હતી. આસ્તેથી બહુજ અળગેથી શેહરાએ જરા બારણું વધારે ઉઘાડયું

હે, દયાના ફરેશ્તા ! ઓરડાની અંદરનો શું દેખાવ શેહરાંની ડઘાયલી હેબતાયલી નજરે પડયો ! ટેબલપર રસાયણી પ્રયોગો કરવાનાં ઓજારો અને હથીયારો પડેલાં હતાં—એક ખુણામાં ખોટા સીકકાઓ બનાવવાનો અને "ડાઇ" કરવાનો એક સાંચો હતો—એક બાજુ સોનું રૂપું ગાળવાની ભઠ્ઠી બળતી હતી—એક તર્ફ ઉઘાડી તીજોરીમાં અમુલ્ય જરઝવેરાત ઢગલો કરીને મુકેલાં હતાં—દેવાલ આગળ એક ટેબલપર કેટલાક દાગીના નાખેલા હતા જેમાંથી હીરા માણેક કહાડી લેવાવાથી ફકત સોનાના ખાલી ખોખાંજ બાકી હતાં.



"પપા !"
"હું તારો પપા નથી !"

(જુઓ પૃષ્ઠ ૧૭૩ મો.)

કેકાઉસના હાથમાં પેલો બ્રોચ હતો—અને તેમાંથી કાંઇ હથીયારવડે તે હીરા એકેક પછી છુટા પાડતો હતો. બે મોટા હીરા જુદા પાડી ટેબલપર મેલાયલા‌બી હતા

શેહરાંની ધીરજ હવે રહી નહી. પોતાનો જીવ જાણે હાથમાં પકડી તેણી ધીમે પગલે ઓરડામા દાખલ થઇ અને એક તીલસ્માતી દેવીની પેઠે ચાલીને કેકાઉસની સામે ટેબલની બીજી બાજુએ જઇ ઉભી!

કેકાઉસે ડોકુ ઉચકીને તેણી ગમ જોયુ અને એક દોજખી છાપ તેના મોહડાં ઉપર ફ્રરી વળ્યો. આસ્તે રહીને તેણે પેલો અધુરો ઉખડાયલો બ્રોચ અને પેલા બે હીરા પોતાના પાટલુનના ગજવામાં મુકી દીધા.

શેહરાંની છાતીમાં જાણે ધમણથી આતશ ફુંકાતો હતો. બેઉ જણા એકમેકની સામે થોડીક મીનીટ એકકી ટગરે ધુરકવા પડયા. એક બીલાડી અને એક કુતરો જયારે સામસામી જીવલેણ અંતસમા ભેગાં થઇ જાય છે ત્યારે મારા મારીમાં બાઝી પડવાની અગાઉ તેઓ એકમેક સામે બે ત્રણ મીનીટ કેવી રીતે જુવે છે! તેવાજ ક્રોધથી ખળખળી જતી આંખ્યોએ કેકાઉસ અને શેહરાં અકેકના ચેહેરા ગમ એકકી ટગરે જોતાં થંભ થઇ ઉભાં.

"પપા!"

"હું તારો પપા નથી!"

આ જવાબ મજેહથી ઠંડે કલેજે કેકાઉસે એવો આપ્યો કે એકાદ મીનીટ તો શેહરાંએ ત્યાં જાણે લકવાથી

જડ થઇને તેની ગમ ફાટે ફાટે ડોળે જોયાજ કર્યું. તેણીના ગળાંમાં જાણે એક ભુક પકડી આવ્યો હતો. યા ખુદા! શું આ બાપ થતો મુછ એક દીવાનો આદમી હતો કે તેણી પોતે ઉંઘમાં કાંઇ ભયાનક ખ્વાબ દેખતી હતી?

* * * * *

પ્રકરણ ૨૦ મું.

"તું જેવાં તુચ્છ મગત્રાંને જેર કરતાં કેટલી વાર?"

"હું તારો પપા નથી!"

એ દયાહીણુ શબ્દો શેહરાંના કાનમાં થોડીક પળ કાતિલ ભાલાની પેઠે ભોંકાયા કીધા. દમ રૂંધી રાખીને તેણી ધીક્કાર અને ગુસ્સાના આતશથી ખળખળી જતા ડોળાઓ ફેરાઉસના કદરૂપા ચેહેરાપર ટાંકી રાખી સ્તબ્ધ જેવી ઉભીજ રહી. તે મુછનું એક પાંપણુંબી જરા ફડફડતું ન હતું. અભાગણી છોકરી! તેણીના જીગર ઉપર જાણે તાવેલું સીસું રેડાતું હતું. ઓરડાની બીયાબાન ચુપચાપમાં છાતીનો ધપકારોબી શેહરાંને જાણે સપષ્ટ સંભળાતો હતો. એ કરીમ રહીમ! તેણી સામે એક આદમી નહી પણ સયતાન પોતાનાં ખરાં રંગ રૂપમાં દાંત કચકચાવતો ઉભેલો હતો.

અંતે શેહરાંને આસપાસનું જરા ભાન આવ્યુ. તે બદકાર બેહયા સાથે વાતબી શું કરવી—તકરારબી શું કરવા? તેના પલીદી ગોશ્તામાં એક મીનીટબી વધારે ઉભું રહેવામાં

હવે શું હાંસલ ? આખાં દીલે કમકમીને શેહરાંએ એક નીસાસો નાંખ્યો અને મ્હોંમાંથી એક હુકારોબી કહાડવા વીના કોર મરડી ત્યાંથી ચાલવા માંડયું.

બારણાંના ઉંબર આગળ ભાગ્યે તેણી પુગી હશે કે એક દોજખી ધમધોર બરાડે તેણીનાં પગલાં અટકાવી નાખ્યાં——

"સબુર !"

કેકાઉસ મુલ્લાંએ આ પોકાર એવા તો અકુદરતી ભયંકર અવાજે માર્યો કે શેહરાં બીકને મારે ત્યાંજ અડી ઉભી. તે હૈયાં ફુટો હેવાન તેણીની ગમ એક દૈતની પેઠે ધુરકતો અને ફુંફ્કારા મારતો જયાંનો ત્યાં ઉભેલો હતો.

"સબુર કર ! ઓરડામાંથી બહાર જશે તો માથું છુદી નાખશ !"

શેહરાં ખભરાઇને હજી તો એક ચીસ પાડવા મોહોડું ઉંધાડે તે આગમજ એકદમ આંગપર ધસી આવી તેણીના હાથની કોમળ કાંડી તે નાપેકારે કકડાવીને પોતાની મુઠીમા પકડી લીધી હતી. એક ખવીસની પેઠે તે નાતવાન છોકરીને ઓરડા માહેલી એક ખુરસી ઉપર પછાડીને તેણે બેસાડી દીધી, અને બીજીજ પળે ધડાક દેતું કે ઓરડાનું બારણું અંદરથી બંધ કરી અડગરી મારી.

ગળાંમાંથી કાંઇ સાદબી કહાડવાને શેહરાં અશકત હતી. નકકી તેણીને લાગ્યું કે આ પાપી તેણીનો જીવ લેયા વીના હવે છોડવાનો નથી. હેબતને મારે તેણીનો શ્વાસોશ્વાસબી

ચીપટાઇ જતો હતો. એક મુડદાંની માફક તેણી લાદબાજ ખુરસી ઉપર ફસડાઇને પડી ગઇ. આંખે ચક્કર આવતાં હતાં, એટલે મોહ ઉપર તેણીએ બે હાથ જોરથી દાબી રાખ્યા.

"ચાલ! એ ઢોંગ મને બરાબર આવરેછ! એવા ઢીંગલીગુર્યાના ફારસ હું ચાલવા દેવાનો નથી. મેં ના કહ્યું તોબી મારા ઓરડામાં કેમ આવી? તારૂં મોત ભમેછ! હાથ ખીસારી નાખ ને મને જવાબ દે."

આટલું કહેતાં કેકાઉસે જોરથી તેણીના બે હાથો મોહડા પરથી ખેંચી કહાડયા.

શેહરાંએ કાંઇબી ઉતર વાળયો નહી. ધરધર ધ્રુજતી તેણી નીચી મુડીએ ત્યાં લોઠપોઠ પડીજ રહી. તે દેવેનામ દેવ સામે નજર નાંખવાનીબી તેણીની હીમત ચાલતી ન હતી.

"શેહરબાનુ!" એક ભુતની પેઠે બહુજ ડરામણા અવાજે તેણીના કાનપર લગભગ પડીને બુમ તેણે પાછી મારી, "સમજોછ કે? કેકાઉસ સુલ્લાં સાથે એવી ત્રણપાચ કરવામા જીવ જવાનો સોદો છે! આય ઓરડામાં મારી રજા વગર આવીને તમે બધું જાણી લીધું. હવે શું કરવા માંગોછ તે બોલો—મને જવાબ જોઇયેછ."

બે દીવાલના ખુણામાં એક નાના તુચ્છ પ્રાણીને તમે ઘેરી લઇને છેક અંતની ઘડી સુધી તેની પુઠ પકડી રાખો, તો છેલ્લે જીવપર આવીને તે શું કરે છે? ગમે તેવુંબી નાચીજ, કમજોર તે જનાવર એકાએક તમારી સામે મોંહ ફેરવીને શીંગડાં બતાવ્યા વગર તો રહેતુંજ નથી. શેહરાંને

માટે કેકાઉસનો આ સવાલ હવે તેણીની ધીરજની, નબળાઇની, નીરાધાર લાચારીની હદ કુદાવી ગયો હતો. એક ઝટાક મારીને તેણી ઉઠીને ઉભી થઇ. એવી તો અચબુચ ઉઠીને ઉછળી કે કેકાઉસબી પહેલાં જરાક ચમકી પડયો.

"હું શું કરવા માંગુંછ ?" તેણીએ ચીચવાઇને એક દીવાની સ્ત્રીની પેઠે કહલો કર્યો, "હું સારી દુન્યાને કેહેવા માગુંછ કે તમે કોણ છેવો—અહીયાંની પોલીસને ખબર આપવા માગુંછ કે આય ઘેરમાં કેવો કરપીણ ચોર ભરાયલો છે—"

"ઉંહ ! બીજું કંઇ વધારે ?"

"બીજું કાલે સવારના પોહોરમાં આય તમારૂં પલીદી ઘેર હું છોરી જવાની છેઉ, ને કાયદાનો આશરો માંગી તમારી લુચ્ચાઇ અને તરકટ—"

"બસ, બસ, બસ ! એટલી બધી લાબી વાત કરવાની જરૂર નથી. આય ઘેર તમે છોરી જવા પામશો ? હા—પણ તે જીવતા તો નહીંજ—મુવેલાં છોરી જશો. આય ઘેર ! યાહ ! આય ઓરડો છોરી જવા માંગતાં હોવો તો તમારાં મગજની બધી ધુંઇ પહેલાં બાજુ મુકવી પરશે. હું શું કેહુંછ તે સમજયાં ?"

કેકાઉસ મુહલાંના અવાજનો જુસ્સો અને તેનું વીકાળ ખુની સરખું મોહોડું ખરેખર એવું બની રહયુ હતું કે શેહરાંએ જીવતી ઓરડો છોડવાની આશા છોડી. તેણીના હાથ બરફ જેવા ઠંડા થઇ ગયલા હતા, અને હોઠ ધાસ્તી તેમજ

ક્રોધને મારે ફડફડ થતા હતા. નસોસ થઇને તેણી પાછી ખુરસીપર ફસડાઇ બેઠી—

'એક ગરીબ એકલી અટુલી છોકરીને દબરાવીને શું કરોછો ?" તેણી ગળગળતા અવાજે બોલી. "હું તમને શું નડુંછ કે એમ મારી ઉપર સીતમ ગુજારોછો ? મને ખોટી રીતે ભમાવીને મારે રસ્તે જતાં અટકાવવાથી તમારા હાથમાં શું આવ્યું ?"

"મારા હાથમાં ? છોકરી, મારા હાથમાં એક સોનેરી ચસ્યુ આવ્યું છે. જે દોલત ખાવા તુ દોડી જતી'તી તાંહા મારી પેરે જણી દીકરી ગેયલી છે. સાંભળ બેવકુફ—હુ એક અજબ જાતનો માણુસ છેઉં. હું તારાથી કાંઇ છુપાવતો નથી—આય તુને બધું કહી દેઉં છ. હું એક ધુતારો. ઠગારો. પાપી હેરેમે ન છેઉં. હું કારામા કારો એક સેતાન છેઉં ભલાભલાઓને મેં મારી આંગળીમાં રમાડીને ગજવામાં મુકી દીધાછ તો તુ આટલા તણખા જેવી નાદાન દુકતીથી હું જરાબી બીહવાનો છેઉં ? હા—આસપાસના ઘરોમાં ચોરી મેં કીધીછ. તારો પોતાનો બ્રાચ અહીં મારાં પાટલુનના ખીસાંમાં છે લોકોને જુગારમાં ઠગીને ખુવાર કરનાર દગલબાજ હું છેઉં લે તુને ખરીખંખારીને કેહુંછ—હુ તારો બાપ નહી. તારો જમ છેઉ. બોલ, હવે શું કેહછ ?"

ભખરઇને શેહરાં આ અદભુત કીસમના શખસ ગમ ટગરટગર ટીકવા પડી. અરે પરવર ! કોણ દોજખી રાક્ષસના હાથમાં તેણી સપડાઇ હતી ? અકકલ હેરાન થઇ જાય એવી

તેની નફરટાઇ દેખી બે ઘડી તે છોકરી દીગમુઢજ બની બે હાથ ધડકતી છાતીએ દાબેલા રાખી જાણે કાંઇ ભયાનક ખ્વાબ દેખતી હોય તેમ હાંફવા લાગી. કેકાઉસ એક ડગલું તેણીની નજદીક આવ્યો અને બાજુમાંથી એક જનુની જંગલીની પેઠે તેણીને પકડી હલાવવા લાગ્યો—

'તુ તુચ્છ મગતરૂ-તુ મને એટલી બધી બીધરાવા આવીછ ! અરે તું શું કરી શકશે ? આય તારી ગલચીપર અરધી મીનીટ મારાં આગળા દાબી રાખું તો તારા દીલમાની ફુંક કેટલી સેહેલાઇથી ઉડી જાય ! શેહરાં, તારાં છાલકાં મગજમા રાઇ ના રાખ. આય હાથની ફકત બે કે ત્રણ ઇશારત અને તું મેસમેરાઇઝડ થઇ જાયછ. પણ છટ ! તુને મારવામાં એક જાતનું હીચકારાપણું છે. બસ, તું સોગંદ ખા કે આજની વાત તું કોઇને કહેશે નહી—સોગદ ખા કે આય ઘેર છોરીને નાસવાની તું તજવીજ કરશે નહી, ને હું તુને અહીંથી જવા દેઉંછ."

"કબી નહી !—"

"નહીં ? હેં ?"

"નહી, મને કાપીને ટુકરા કરશો તોબી નહી. હુ એકે એક જણને બધી વાત કહી દેવશ. પેલા દારાશાહ દીન્યારજીને આય ભ્રોચની વાત કહેવશ. રૂસતમ મુગા શેઠને તમારી લુચાઇની વાત કહેવશ. જે મળશે તેની આગળ મારાં બની શકતાં જોરથી હું બુમ પારીને તમુને ઉંઘાડા પારશ. જોઇયે તો મને હમણાજ મારી નાખો !"

કેકાઉસ મુલ્લાંના હોઠ પર તીરસ્કારનું ઝીણું હસવું પંથરાઇ ગયું.

"રૂસતમ મુગા શેઠને કહેશે? તાહરે તો જરા અને એમબી કેહજે કે આય ૪૦૦ રૂપીઆની શાહ જોગી ચીઠી એણે લખી આપીછ તેબી દગલબાજીથી પાના ચોરીને મેં જીતેલા પઇસાની ચીઠી છે. જો આય રહી તે ચીઠી."

આમ કહેતાં કેકાઉસે એક કાગલીઉં શેહરાંના મોહોડાં સામે પકડયું તેજ તે કાગલ હતુ કે જે ઉપર રૂસતમે ૪૦૦ રૂપીઆની એક શાહજોગી ચીઠી પોતાની સહી સાથ લખી આપી હતી.

હવે હદ થઇ! ભેજામાં કાંઇ અજબ જેવું વારૂં આવી ગયું હોય તેમ એકાએક જોસથી તરાપ મારી શેહરાંએ તે કાગલીઉં કેકાઉસના હાથમાંથી ઝુટવી લીધુ અને એક ઘેલાં આદમીની પેઠે તેના ઝીણા ઝીણા કકડા ભુકલા કરી નાખી ભોંય ઉપર ઉરાડી નાખ્યા.

જોરમાં હોઠ કરડીને કેકાઉસે જમીનપર વીખરાઇપડેલી તે કાપલીઓ ગમ લોહીથી ટસટસ થતી આખ્યોએ જોયા કર્યું. પછી એક શબ્દ ઓચર્યા વગર આસ્તે રહીને પાસેની એક ઉઘાડી કબાટ આગળ ગયો. માહેથી દાઇ ગ્ણી તીક્ષ્ણ અણીવાળી નાની પચુકરી ઉંચકી લાવી તે અડધી મીનીટમા શેહરાંની અડોઅડ પાછો આવી ઉભો.

"હું જાણતો'તોજ કે કોઇ દાહરે તું એવો રંગ મને બતાવશે. મેં તેની તઇયારી કરીજ રાખીછ. હજુરબી હુ તુંને

છેલ્લી વખત કેહું છું કે મુગી મુગી ઠેકાણે આવી જા. નહીં તો તું ધાંટાં પારીને બુમ તો શું મારતી'તી, ગલામાંથી એક ઝીણો અવાજબી કાહાડી શકશે નહી. ચાલ જલદી સોગંદ ખા કે તું આજની બધી વાતનો એક તુકારોબી કોઇને કહેશે નહી. સોગંદ ખા કે તું મારી દીકરી નથી એમ—"

"મરી જાઉં તોબી નહી—મારો જાન લેશો તોબી નહી" શેહરાએ ઉશ્કેરાઇને પોતાથી બની શકે તેવાં જોરે બુમ પાડી.

"ચુપ, ચુપ! કમબખત, એમ કીલીયાણુ કરવાથી તારૂં કંઈ વળવાનું નથી." કેકાઉસે પોતાના બંધ હોઠોથી તેણીના કાનપર પડી ધુંધવાયલા અવાજે હીસહીસ કર્યું. "જાન લેવાની કાંઈ અગત નથી. બસ આય મારા હાથમાં ચીજ છે તે પુરતી છે! ચાલ આવીજા—"

આટલુ બોલી કેકાઉસે ઝપાટામાં શેહરાંનો એક હાથ પોતાના રાખોડી પંજામાં જોરથી ધરી લીધો અને તેણીને બુમ પાડવાનો કે ચીચ્યારી પાડવાનો અવકાશ મળે તે અગાઉ તેણીને સઘળાં ઝનુનથી પોતાની આગળ ખેંચી ચડપ દેતી કે હાથમાંની પેલી સોયવાળી પીચકારી તેણીની પોચી બાજુમાં ભોકી દીધી.

ઓરડાની સીલીંગ ધ્રુજે એવી જબરદસ્ત ચીચ્યારી શેહરાંએ મારી. સોય ખાસી એક મોટી ટાંચણી જેટલી તેણીનાં માસમાં ઉંડી પેવસ થઇ ગઇ હતી. તે પીચકારી માંહેલી કાંઇ દવા તે નાપેકાર બદકારે તેણીનાં દીલમાં દાખલ

કરી તે હીણુભાગ્ય છોકરીએ બરાબર જાણ્યું. જેવી તે તીણી પીચકારી પાછી કેકાઉસે ખેંચી લીધી કે છાતી ફાટી જાય એવી એક હાય મારી શેહરાં ધમ દેતીકે ભોંયપર અફળાઇ પડી.

“ઓ, તમે મારૂં ખુન કીધું !” તેણી ધ્રુજતા તુટેલા અવાજે કગળી પડી.

“નહી, જરાબી નહી,” તે ચશ્મ ચોરે હડ કલેજે જવાબ આપ્યો, “ખુન નથી કીધું. તારૂં ખુન કરીને નવી પંચાતીમાં હું કાંહ પરૂં ? મેં ફકત તારા દીલમાં મોરફાઇનનો નાનો ડોઝ લાગુ કીધોછ. પા કલાકમાં તું એથી એક લાંબી ઉંધમાં પરશે—ને ઉંધમાં પરશે એટલે તારી બધી પતરાજી બંધ રહેશે બારેક કલાક સુધી એની અસર ચાલશે. તું હુશીયાર થશે કે પાછા તુને સોગંદ ખાવા હું કહેવશ. જો તારેબી સુધ્ધી ઠેકાણે નહી આવશે તો પછી આય મોરફાઇનની પીચકારીનું ઇનજેકશન પાછું તઇયાર છે.”

* * * *

અદબ વાળીને ભોંય ઉપર પડેલી શેહરાંગમ મુગોમંતર એક ચીતે જોતો કેકાઉસ મુલ્લાં ત્યાં ભાગ્યે પાંચ કે છ મીનીટ સ્થીર ઉભો હશે. તેના ચેહેરા ઉપર એક જાતનું તીરસકારભર્યું હસ્વું ફરી વળેલું હતું. શેહરાંના દીલમાં દાખલ થએલું મોરફાઇન પાંચજ મીનીટમાં કામ કરવા મંડી ગયું હતું. ત્યાં જમીનપર તે છોકરી બેર ઉંઘમાંજ પછડાઇને એક લોથની પેઠે પડેલી હતી.

દસેક મીનીટ આમ થોભીને અંતે આસ્તેથી કેકાઉસે તેણીને એક નાનાં બચ્ચાંની પેઠે પોતાના હાથોમાં ઉચકી. બારણુ ઉઘાડી શેહરાંને તેણીના ઓરડા ગમ તે ઉંચકી ચાલ્યો. ત્યા તેણીને બીછાના ઉપર નાખીને તેણે તે ઓરડાના બારણાંને બાહેરથી તાળુ માર્યું અને કુંચી ખીસામાં મુકી.

“ સીધસીધી નહી સમજે તાહરે હું શું કરૂ ? ” પોતાના ઓરડા ભણી પાછું ફરતાં ખભાં ચઢાવી તે જીવ સાથ બડબડયો “ આજ કોણ જાણે શું થયું કે મને એને મચક આપીજ નહીં માગ બધા પાસાંઅ રદ ગીયા ! એ હમણા મેસમેરાઇઝડ નહીંજ થઇ- ખુદા માલુમ આજે એમ કેમ ? પણ હીપનોટીઝમ નહીં ચાલ્યું તો મારી પાસ આય હાઇપોડેરમીક ઇનજેકશન કાંહ તૈયાર નહીં ઉતું ? શું આવી એક પોરીથી મારો ધાણ નીકળાવા દેઉં ? કાલે બપોર સુધી આય ડોઝ ચાલશે, નહી તો બીજું મોરફાઇન મારી પાસ ઢગલે ઢેર પડેલુ છે.”

પ્રકરણ ૨૧ મું.

“ પોરીયા તારૂં માથું એ લોકે ફેરવી મુકયુંછ ! ”

“ખચ્ચીત એ ઘણું બેહુંદુ છે, માય ! એ તમુને શું એ લોકને નામે ભરકણુ છે તે હું સમજીજ નથી શકતો. એ લોકો આપરા આટલાં નજદીકનાં સગાં થાય તે સો જગાક મને કહેતે———”

"ઓ વાય! સવારના પોહોરમાં બીલારીનું મોનું જોઇ આયોછ કે, મેહેર! આપરાં સગાં થયાં તેમાં શું મોટો વાઘ મારયો? જા, જા કંઇ બીજામાં ધક લગાર હવે."

"અરે! પણ મારાં પોતાનાં સગાં કાકી ને મારી પીત્રઇ છેક કેટલે વરસે રંગુનથી આવે ને તમે એમ લોકની હસ્તીબી ભુલી જાવો એ તે કેવો જુલમ? ને મને એમ છેક અંધારામાં રાખવાની શું મતલબ? તમારાં દીલમાં શું ભરમ છે, માય—બોલી દેદો?"

ભીખઇજીએ જરાક ખભરીને હાથમાંનું સીવવાનું પાછું ચાલુ કર્યું. મેહેરજી સવારના પોંહોરમાં તેવણુ સાથ જાણે વહેંચી લેવાજ આવ્યો હતો બાહેરથી ફરીને આવતાંને વાર તે પાધરો પોતાની માય આગળ ધસાગ સમેત ગયો હતો. જુવાન સાહેબજાદાની દાળ દેખઇતી રીતે ખુબ બળી ગયલી હતી.

"માય," તેણે ભીખઇજી આગળ બેસીને ઘણીજ ગંભીરાઇથી ભવાંનો ચીલ્લો ચહડાવી પાછું ચલાવ્યુ, 'તમારી પાસ માંગી લેઉંછ, મને કેહો. તમે આવાં મારાં હેતવાળાં, સમજુ, ડાહયાં માય થઇને આય વખત મને એમ કાંય છેતર્યો?"

"જો મેહેરજી, તું મારામારી કરવાનો હોય તો આપરે એ વાત કરીએજ નહી," ભીખઇજીએ હવે જરા મીજાજ કરીને દમમાંજ ઉતર દીધો. "તારી કાકીને ને પેલી ચોરીને આપરે નામની કેટલી ગંધ હોસે કે તે લોક પોતે કોણ છે તે

તુંને પહેલે દાહડે કંઇ નહી કહયું ? તારે આપરે શું કામ નકામા એવાંઓને કોહું દેઇયે ? તે લોકની ખુશી નહી હોય તો કંઇ જબરજસ્તી છે ? "

" છટ, છટ ! તમે તે લોકને દેખઇતી રીતે દુરના દુર રાખોછ તેથીજ એ લોક બીચારાં જેમ બનેછ તેમ આપરી સાથ મેળાવાના અખારા કરેછ."

" વારૂ હોશે, ચાલ જા. મારૂં માથું ના ખા. બસ મને એ લોકની સાથે સંબંધ નથી રાખવો. મેહેરજી, પેલી દુકતીએ ખચ્ચીત તારૂં માથું ફેરવી મુકયુંછ———"

" નોનસન્સ ! તમેજ કંઇ ભેજામાં ખોટા ખોટા ધખારા રાખીને બીજાંઓને ગેરઇનસાફ કરોછ. હજુરબી માય તમે જરાક પાછો વીચાર કરો. એ લોક આપરા પોતાનાં ખાનદાનનાં આટલાં નજદીકનાં સગાં છે—પછી એમ જુદઇ શાની રાખવાની ? પરમદારે મારૂં વરસ છે તારે તમે થોરાંક આપરાં ઓરખીતાંઓને ટી પાર્ટીએ ને ડીનરપર બોલવવાન છેઓ. કેની ? "

" હા—તેથી શું કરૂ ? "

" તારે તે દાહડે સુનામાય કાકી અને રતનનેબી બોલાવજો."

મેહેરજી પાટલુનના બે ખીસામાં હાથો ખોસી ઓરડામાં આમતેમ અધીરાઇથી ફલંગ મારતો હતો. હવે તે પોતાની માતા સામે આવીને ખડો ઉભો. હંમેશના હેતવંતા આ મા દીકરાં વચ્ચે હમણા લગાર ખટાસ પડી ગયલો સાફ દેખાઇ આવતો હતો.

ભીખાઇજીએ હાથમાંનું સીવવાનું કપડીને બાજુ ફેંકી દીધુ તેવણુનાં મોહોડાં ઉપર નાખુશીનો અચુક છાપ ફરી વળ્યો હતો.

"મેહેરજી," તેવણુ હવે જરા તણાઇને બોલ્યાં,' મે તારે વાસ્તે આટલું આટલું કીધું તેનો તું મને આય બદલો આપેછની ?"

"ને આટલાં આટલાં વરસ હું તમારો તાબેદાર કહ્યાસરનો દીકરો થયો, તમુને મારાં બધાં દીલથી ચાહયાં તમુને આબરૂ ઇજત આપી, તેનો તમે મને હવે શું બદલો આપોછ, માય ?" મેહેરજીબી બહુ કડવાસથી મોહડું કચવાવી તરડાઇ પડયો.

ભીખઇજીએ દલગીરીનો એક લાંબો નીસાસો નાખ્યો,

"તું હમણા હમણા છેક ઓતરી ગીઓછ. અગાઉ તું એવો કાહરે ઉતો ? આય લોકોની સાથે જોર જુલમથી સંબંધમાં આવવાની આપુને કશી ગરજ નથી. મેહેર, હું તને ખરી ખંખારીને કેહુંછ કે એ કજીયાનું કાલબુદ આપરી વચે ના લાવ."

પોતાના એકપુરા દીકરાને માંટે ભીખજીના દીલમાં જે સઘળો ગુસ્સો હતો તે સામટો ભેગો કરીને તેવણે આ છેલ્લી કાંકલુદી મેહેરજી આગળ કરી. પણ મેહેરજી બેહેરો જીત હસો.

"કજીઆનું કાલબુદ ! બાઇ જેવ ! એ તમે શું બોલોછ !" તેણે અત્યંત રંજીદા થઇને કહયું. "તમે એ રતીને જરા બરાબર ઓરખો, માય——જરા બરાબર ઓરખો !

પહેલા વીચારોથી દોરવાઇ ના જાવો. એ લોક ગરીબ છે તેનો ખ્યાલ ના રાખો———"

"તું નહી સમજતો, દુકતા ? તું મારી સાથ તરછોડ કરવા માંગેછ ?" બીખાઇજી હવે ચીડવાઇ પડયાં.

"હા, જો તમે એવાં ગેરવાજબી થવાનું ચાલુ રાખશો તો તરછોડ કર્યાં વગર મને છુટકો નથી હું જાણુંછ, માય," તે હવે સાફ નરમ કરી નાખી બીખાઇજીના એક ખંભાપર પોતાનો હાથ મેલી ઓજરખવાઇથી બોલ્યો, "તમે મારા માએ છેવો ને બાવાજીની બધી દોલતનો અખત્યાર તમારી હઇયાતી સુધી તમારાજ હાથમા છે. તમે ચાહવો તો મને ઘરમાંથી કાહડી મુકી એક પઇ વગર રવરતો કરી મુકો—"

"ચાલ ચાલ અવર્યાં ! સહવારપરી એવું જેતે જેતે બક ના———"

"નહી; હું તદન ગંભીર છેઉં. આય સુનામાએ કાકો ને રતોના બાબમાં—માએજી—આપરી વચ્ચે પંચાતો નહી થવા દેવાનું તમારા હાથમાં છે. હું મરનાર બાવાજીના સોગંદ ખાઇને કેહુંછ કે દરેક વાતમાં હું તમુને તાબે થવશ, પણ આય લોકના બાબમાં તમારી ગેરઇનસાફી ઇચ્છાને હુ નમવાનો નથી. એના પરીણામ પછી ખરાબ આવે તો મને દોશ ના દેતાં."

"ઓ વારૂ રે ! પણું તું કહેવાં શું માંગેછ તારે ? તુ ખાઇપીને મારી સાથ હમણાં પંચાત કરવા આયોછ કે ?"

"નહી, મારાં વહાલાં માયજી, આપુને પંચાતી કરવાની કંઇ જરૂર નથી. હું બસ એટલુંજ માંગુછ કે મારાં કાકીને ને મારી પીત્રાઇ બેન રતીને અહી પરમ દાહરે આખો દાહરો આવવાનું ઇજન કરો, ને એ લોકને આપરાં અમસાં પોતીકાં ગણીને દોસ્તી કરી નાખો. મેં જરાંનેબી ખુબ ધમકાવીછ. એબી તમારી કાની પેલી બીચારી રતીને વાસ્તે નકામી માથામાં ખોટા ખોટા વીચારો રાખેછ."

બીખઇજીએ ટગર ટગર પોતાના દીકરાના ઉશ્કેરાયલા ચેહેરા સામે જોયા કીધું. મેહેરજીનો બોહોંસીલો મકકમ સ્વભાવ તેવણુને બરાબર ખબર હતો. એકવાર કાંઇ ભેજાંમાં આવ્યું તો સગા બાપનો સરોપરો તે રાખે એવો નહી હતો. ઓહ—આખરે પેલી ભુખરીબારસ માય દીકરીએ ત્યારે એ પોર્યાને સપાટમાં લીધો ખરો! બીખઇજીને લાગ્યું કે સુનાબાઇએ અને રતીએ તેવણુ સાથ દગો કીધો હતો—પણ લાચાર! પોતાના એકતુરા દીકરાની જીદ આગળ તેવણુ હવે લાઇલાજ હતાં. ખુબ ભડકણુ સાથ તેવણે મેહેરજી ગમ એક ચીતે જોયાજ કર્યું.

"કહો માય, એ લોકને બોલાવશો કે? ચીઠી લખીને પણ જણુને તેરશો કે!"

"તું મારી ખુશી ઉપરાંત એક અણુગમતું કામ રાવવા માંગેછ!"

"હા. મોરાજ વખતમાં તમારી નાખુશી ખુશીમાં દલાઇ જશે."

"ને હું નહી બોલાઉં તો ?"

"તો તે દાહડે સહવારનાં પોહરમાં આય 'પેલેસ' છોરીને હું મારે રસ્તે ચાલી જવશ. મારાં વરસને દાહડે જો મારાં જુનામાય કાકીને રતી અહીં નહી હોશે, માય, તો હું એક મીનીટ અહીં ઉભો નથી રહેવાનો—ને જાંહ સુધી તમે એ બેઇને બોલાવશો નહી તાંહ સુધી હું અહીં પાછો પગ મુકવાનો નથી. જાવો હવે તમારે ગમે તે કરજો. હું તમુને મારો છેલ્લો ઠરાવ કહી ચુકોછ."

એક પળ વધુ થોભયા વગર મેહેરજી ત્યાંથી ધડાકાબંધ પોતાના ઓરડામાં ચાલી ગયો.

થોડીક મીનીટ ભીખઇજી પોતાની જગ્યાએ ઠરીઠામ થઇને ઉભાંજ રહયાં. તેવણનાં હોઠ ગુસ્સાથી તેમજ એક જાતની લાચારીથી ફડફડ થતા હતા.

"શું કરૂં ?" તેવણ મન સાથ બડબડયાં. "આય પોરીયો નથી સમજવાનો. એ મુવાંઓને બોલાવ્યા વગર હાલ તુરત છુટકોજ નથી. પણ હું એ દુકતીને ફાવવા દેઉં તો હુ ભીખઇજી નહીં. એનો રસ્તો કરતાં મને આવરેછ."

પ્રકરણ ૨૨ મું.

"નીરદોશ મારી શેહરાંને માથે ખુદા છે—તો તું જખ મારેછ!"

"એટલે યે! કંઇ ઘોરે ચહરીને આયોછ કે?"

"હા, મને તર ને ફર જવાબ જોઇયેછ—શેહેરાં કાંહ છે?"

દારાશા દીનયારજી જ્યારે આ પ્રમાણે નાકના ફીફડ ફફડાવીને કૈકાઉશ મુલ્લાંને દમ દેતો હતો, ત્યારે તેનો તપી આવેલો લાલચોળ ચેહેરો કાંઇક જોખમની નીશાની રજુ કરતો હતો. બપોરના બાર વાગતાને આશરે કૈકાઉશના ઓરડામાં તેણે બે મલાહજાથી ધસી જઇ આમ અસાધારણ બળાજીથી શેહરાંને મળવા માંગયું હતું. કૈકાઉશે તેને પહેલાં જરા હસવામાં ઉડાવ્યો, પણ દારાશાહ દહી ખાઇને દેખઇતો વહેંચીજ લેવા આવેલો હતો.

"કૈકાઉસ! આપરે બે જણુ દોસતદારો છેઇએ. મે તુને સાફ કહી મુકયુંછ કે બધી વાતમાં હુ તુને તારૂં ફેરવા દેઇ દોજખના ગારમાં ચાલી જવા દેવશ. પણ આય છોકરી—યાહ! આય છોકરીના બાબમાં ખોલાસો માંગવા તારી પાછળ દખમેબી ચહરી આવશ. તું જાણતો નથી, કૈકાઉશ, કે હું એક વાતમાં જીદ પકરૂંછ કે પછી મેટ થઇ જાઉંછ. બોલ શેહરાં કાંહ છે?"

" અરે પણ—આયબી કંઇ જુલમ છે ! શેહરાંની તુંને શું પંચાત? તુંને કેહુછ કેની કે ગઇ કાલની જરા તબીયત ઠીક નથી તે ઓરડામાં ભરાઇ રેહીછ ? "

"ઓરડામાં ! કીયા ઓરડામાં? એના ઓરડાને તો બાહરથી તારૂં છે ! તું મને વધારે ના છેર, કેકાઉશ. બોલ એ કાહ છે ? મને એને અબધરી મળવુંછ."

કેકાઉશ હવે અત્યંત ખીજાઇને ધડાક કરતો કે ઉઠી ઉભો થયો. તેની ધીરજ અને નાંખતીનો ખરેખર અંત આવ્યો હતો

" ગમે તાહ છે—તેમાં તુને વચે પરવા કોણ કેહછ? " તે એક ખુની મીસાલ દારાશાહની અડાઆડ જઇને કચ કચાવેલા દાંતો સાથ છેડાઇ પડયો, "એ છોકરી સાથ તુંને કંઇજ લાગતું વરગતું નથી———"

" તારાં કરતાં વધારે લાગેછ વળગેછ ! ચંડાળ, તુ તારા મનમાં સમજેછ શું ? બોલ, એ નીરદોશ બચ્ચાંને તેં કાંહ ગાંધી મુકયુંછ ? કેહ નહી તો અત્તર ધરી પોલીસને બોલાઉંછ. "

કેકાઉશે ક્રોધને મારે પોતાનો બધો હોઠબી કરડી ખાધો,

" દારાશા–મારી સાથ મારામારી ના કર. હું ફાંસીને લાકરે લટકશ, પણ તુંને સાથે ચહરાવતોજ જવશ ! " તેણે લોહીનો એક ગોટ ગળીને કહયું.

"ધુત ! એ તારી ધમકી બીચારી નાલ્હી સુચીઓ આગળ ચલાવ. તું મને નથી કહેતો શેહરાં કાંઇ છે તે ? આય છેલ્લી વખત પુછુંછ !"

"નહી, તારે ગમે તે કરી લે—હું નથી કહેતો."

દારાશાહે એક ઘુંધવાયલો લાંબો દમ ખેંચ્યો.

"તો ઠીક છે !" તે હોઠ પીસીને બોલ્યો, "કેકાઉસ, સંભાળ. હું મારૂં સુઝયું કરી લેઉંછ."

આટલું કહેતાં એક દીવાના શખ્સની પેઠે દારાશાહ બારણું અફાળી નાખી ઓરડાની અંદરથી બાહેર પડયો. આંધળાંભીતની કાની તે નીચે ચાલમાં ધસ્યો. તે એટલાં ઝનુનથી કયાં અને શુ કરવા એમ ઘેલા હાથીની માફક દોડયો જતો હતો તે આપણે ચોકસ કહી શકતા નથી. ચાલમાંના બારણામાંથી જેવો તે બાહેર પડવા જાય છે કે જોસમાં કોઈ બીજા આદમીની સાથે એક ધીમરાની માફક અથડી પડયો. બેઉ જણા જમીનપર સામ સામે અફળાઇ ટપકાયા.

"યુ—!—કોણ દારાશાહ ?"

"રૂસ્તમ મુગાશેઠ !"

બે ત્રણ મીનીટ સુધી બેઉ જણાએ ડોળા ફાડીને હાંફતા હાંફતા જમીનપર ફસડાઇ પડેલી હાલતમાં એકમેકને ઘુરકયા કીધું. આખરે દારાશાહ પેહેલો ઉઠીને ઉભો થયો.

"મી૦ રૂસ્તીમ, માફ કરજો, મેં તમુને જોયા નહી. જરા હું ઉતાવળમાં હતો."

"મારા સાહેબ, એમ ગધેરા જેવા ધસ્યા આયા તે શું ડોરા ફુટી ગીયાછ કે?" રૂસ્તમ ઉઠીને ઉભો થતા ફફડી પડયો.

"બસ, બસ ભઇ. આપુને કજીયો કરવાનો હમણા વખત નથી. રૂસ્તમજી, તમારી મને મદદ જોઇએછ. પેલા બદમાશે શેહરાંને કોણ જાણે કાંહ ચાંપી મુકીછ તે——"

"શુ! શેહરાંને શું કીધું?"

રૂસ્તમને કાંઇ એકાએક વાઇ થઇ આવી હોય તેમ તે ઉછળી પડયો. દારાશાહના દીલપર છેક જઇ દારૂ પીધેલા એક છાકટાની પેઠે તેને બાજુમાંથી ફચકચાવીને પકડયો.

પણ દારાશાહ દીનયારજી કાંઈ અજબ શાત હતો.

"દોસ્ત, એમ ઉશકેરાઇ જશો તેમાં કાંઇ વળવાનું નથી. મારે પેલી શેહરાંને આજે આય મુજીના હાથમાંથી બચાવવીછ. મને લાગેછ કે એ ચંડાળે બીચારીને કેથે ઓરડામાં બંધ કીધેલી છે."

"માઇ ગોડ!"

"હા, તમે મારી સાથે હમણા આવો તો હજુરબી એને બચાવ્યે—નહી તો એ નાપાક નક્કી બીચારીનું ખુન કરશે!"

રૂસતમ મુગાશેઠનું મોહડું અધીરાઇથી અને ગુસ્સાથી લાલચોળ થઇ આવ્યું હતુ. દારાશાહ હજી તો કાંઇબી કરી શકે તે આગમજ છેડાયલા ભુંડની પેઠે તે એક શબ્દ બોલવા વગર માળ ઉપર ધસ્યો. જાણે જીવપર આવેલો કોઇ ખુની એકકી

વેળા ત્રણુ ત્રણુ ચચાર ફાંડીએ એક જાતના ઘેલાં ઝનુનથી ચહડીને ધસારો કરતો હોય તેમ રૂસતમ દાદર ઉપર દોડ્યો. દારાશાહ તેની પુઠે પુઠજ હતો.

* * *

ઘમઘોર અંધકાર!

શેહરાંની આંખે તમ્મર આવતાં હતાં. કેફ ઉડીને લાંબી ઉંઘમાંથી તેણી સજાગૃત થઇ, પણ હજી ઓરડો જાણે ગોળ ગોળ ચકરી ફરતો હતો. ઓરડાનું ફરનીચર સ્થીર ભોંય ઉપર નહી, પણુ ગોયા દરીયાના ઉછળતા મોજાઓની ઉપર તરતુ હોય તેમ નસીબની એ લીલીને લાગ્યા કીધું. ખુબ ઝુફણુ હજી ચાલુ હતી. લાલ ટસ આંખ્યોએ તેણીએ ઘડીઆળમાં જોયું—અગીઆરમાં દશ કમ હતી. તેણી મહા મુસીબતે ઉઠવા ગઇ, પણુ લપેરો ખાઇને પાછી બીછાનાપર તુટી પડી. ફાટી જતું માથું જરા અટકાવવાને માટે જોરમાં બે હાથે તેણીએ ચાવણ્યા દાબ્યા અને પાંચેક મીનીટ સુધી તે હાલતમાં પથ્થરના પુતળાંની કાની બીછાણુપર બેસી રહી.

ઓ પરવર! તે છોકરી ત્યાં ખરાં અંતઃકરણુથી ઇચ્છતી હતી કે તુર્ત તેણીનું મોત આવે કે જેથી આવી બદતર કુગાળીયતમાંથી તેણીનો છુટકો થઇ જાય. આખે અંગે જાણે તેણીને કાંટા ભોકાતા હતા અને સાંધે સાંધા કળીને છુટા પડી જતા હતા. કેટલીકવારે શેહરાંને ભાન આવ્યું કે આવી ભયંકર વેદના પેલાં ગઇ રાતના મોરફાઇન ઇનજેકશનનું પરીણામ

હતું. તે યાદ આવતાંજ કેકાઉશ મુલ્લાંનો ખુની ચેહેરો તેણીની બંધ આંખ્યો સમક્ષ આવી ઉભો. કમકમીને તથા માથાથી પગ સુધી ધ્રુજીને તે દુરભાગ્ય છોકરીએ એક હાય મારી અને પાછી ઝુમાઇને ઘોલ્યાપર તુટી પડી.

ઘણોવાર શેહરાં આવી અર્ધ બાહોશ હાલતે ત્યાં મોરફાઇનની બાકી રહેલી ઘેનમાં પડી રહેલી હોવી જોઇયે. માત્ર જયારે કોઇએ આસતેથી તેણીને ખભામાંથી સેહેજ હલાવી ત્યારે ઝોંકો ખાઇને પાછી બીછાનાપર ખડી બેસવાને તેણીને ભાન આવ્યું.

કોઇ કયારનું તેણીના ઓરડામાં ગુપચુપ ચાલી આવી એક ભુતની માફક ઉભેલું હતું પહેલાં તો શેહરાં કાંઇ સમજી નહી, પણ જયારે કોઇએ તેણીના દીલને હાથ લગાડયો ત્યારેજ કોઇ જીવતા માણસની હાજરીનો વીચાર તેણીના મગજમાં આવ્યો.

"ઓ!"

ફાળ ખાઇને તેણી ઝપકી બેઠી અને ઘેરાયલા ડોહવાયલા ડોળાઓ ફાડીને તે આદમીની ગમ એક ચીતે જોવા પડી

પેલો ધણી સહેજ મુછમાં હસતો જઇ એકી ટગરે તેણીની ગમ જોયા કરતો હતો. તે કેકાઉશ મુલ્લાં હતો. કેટલેક વારે શેહરાંના ડોળા જરા તે શયતાનનાં મોહોડાંપર ઠરી શકયા ત્યારે તેણી પોતાના આ સતાવનારને તેનું ધીમું ખુન પુરૂં કરવા માટે પાછી મોરફાઇનની પેલી પીચાકરી સાથે ત્યાં ઘોરસતાનના ખવીસની પેઠે ઉભેલો ઓળખ્યો.

"કેમ ડોસાં, ઉંઘ ઉડી કે?" તેણે આસતેથી બીહામણા અવાજે વાંકો વળીને તેણીના કાનમાં પુછયું.

"ઓહ!"

"એ ઓહ–ઓહ હવે માંડી વાળો. બોલો હવે શું મરજી છે?"

શેહરાંના ગળામાં સાદ ખુટી બેઠો હતો. હેબતને મારે આખ્ખાં શરીરે તેણીને ઝરાં છુટતાં હતાં અને માથું એવું તો ફરતું હતું કે જાણે તે ઘડીએ બેસુધ્ધ થઇ જશે. તોબી મહા મુસીબતે તેણીએ મોહ ઉંઘાડી કાંઇ બોલવાની કોશેશ કરી. વ્યર્થ! સુકાઇને છોડું થઇ ગયલી ઘાંટીમાંથી ખાલી નીસાસા સીવાય બીજું શું નીકળી શકે! બે હાથ બચાવમાં ઉંચા કરી તેણી એક છરી નીચે કાંપતાં બોકરાંની પેઠ ધ્રુજતી અને કાકલુદીભરી આંખ્યોએ કેકાઉશ ગમ જોયા કરતી ત્યાં લાઇલાજ પડી રહી.

"છટ છટ! હું નકામો વખત ગુમાઉંછ." કેકાઉશ ઘોઘારી અવાજે હવે મોટેથી બોલ્યો. "આય ઉંઘણુસી હાલતમા તું મને લખી શું આપવાની ઉતી! બસ હવે તો એજ રસ્તો છે. લેવો શેહરબાનું—આય મોરફાઇનનો બીજો ડોઝ મજાહની તમુને પાછી———"

કેકાઉસ એક હરફબી વધારે બોલવા પામ્યો નહી. તેના હાથમાં તૈયાર ઉંચકેલી પેલી મોરફાઇનની હાઇપોડરમીક પીચકારી એક તણખાની માફક ઉડીને ઓરડાની બીજે ખુણે

જઇ પડી. કોઇએ એક જબરદસ્ત હાથની ઝટાક મારીને તે આંખના પળકારામાં કેકાઉસના હાથમાથી ઉરાડી નાંખી હતી.

ગોળીથી બેજાન થયલા એક ચીત્તાની પેઠે ઉછળીને મોંહમાંથી બબડેલી એક બહુજ ભયંકર ગાળ સાથે પોતાના આ બેમાલુમ મુદઇ ગમ પાછુ ફરીને કેકાઉશ મુલ્લાં જુવે તે અગાઉ તેને તેના હમનબરદે ટોટામાંથી એક શુરપર ચહડેલા જંગલીની પેઠે મજબુત પકડયો અને બાજી પળે બેઉ જણા જમીન ઉપર ખુનખાર અફડાતફડીમાં રોળતા અફળાયા. દારાશાહ દીનયારજી કેકાઉશની ગળચી દાબીને તેનાં આગ ઉપર ત્યા એક દીવાનાની પેઠે તુટી પડેલો હતો.

અંગ બળમાં દારાશાહની આગળ કેકાઉશનું લાબો વખત ચાલે એમ ન હતું. તેણે ઘણાબી તરફડયાં માર્યાં, પણ દારાશાહનો પંજો પોતાના ગળા ઉપરથી કેકાઉશ ખીસાડી શકયો નહી થોડી મીનીટમા તો તે કદાવર હમનબર્દ તેની છાતીપર ગુઠણ દાબી જમીન સાથ તેને જકડી રાખીને ડોળા કકડાવતો બેઠેલો હતો.

"બસ રૂસ્તમ, હવે એની ફીકર નથી. તું આય શેહ-રાને બહાર લઇ જા—હું એને જોઇ લેવશ. જા, બહાર મારી ગારી ઉભીછ" દારાશાહ પોતાના બીડેલા હોઠો વચ્ચેથી આટલા સખુનો કાંઇક મુશકેલીએ બોલ્યો.

લાચાર જમીન ઉપર સીકડાઇ પડેલા કેકાઉશે અજાયબી વચ્ચે પહેલીવાર જાણ્યું કે ઓરડામા દારાશાહ ઉપરાંત કોઇ બીજોબી પુરૂશ હાજર હતો. દારાશાહના લોખંડી કબજામાં

અછાડપછાડ કરતાંબી તે જોઈ શકયો કે આ બીજો ધણી કોઇજ નહી પણ રૂસ્તમ મુંગાશેઠ હતો.

એક નાના બચ્ચાંને ઉંચકી લીયે તેમ બેસુધ્ધ થયલી શેહરાંને સપાટામાં પોતાનાં બે હાથોમાં ઉપાડી રૂસ્તમ પવન વેગે તે ઓરડામાંથી બાહેર પડયો. તેના જવા પછી લગભગ પાંચેક મીનીટ સુધી દારાશાહે જમીનપર કેદ પડેલા પોતાના મુદ્દઇને એક તસુબી હાલવા દીધો નહી. ધણે વારે જયારે ઘર આગળથી ગાડી ચાલી જવાનો ખડખડાટ ડપટ પડયો ત્યારે તે કેકાઉશને છોડી ગુસ્સા સમેત ઉઠીને ઉભો થયો.

એકમેકના લોહીના તરસ્યા આ બે મુદ્દઇઓ હાંફતા જઇ સામસામે ડોળા કકડાવતા અને દાંતો કચકચાવતા ઉભાજ રહયા.

"બસ એટલુંજ કીધું કે?" કેકાઉશનો દોજખી ભાગેલો અવાજ પહેલો નીકળયો.

"આજે તો એટલુંજ," દારાશાહે તેવાજ ઉચ્ચારે જવાબ વાળ્યો. "કેકાઉશ મુલ્લાં! જાંહ સુધી નીરદોશ, નીરાધાર, નાની છોકરીઓને માથે તે પરવરદેગાર છે તાંહ સુધી તારા જેવા હેરેમનો જખ મારેછ. આજે તો એટલુજ મેં કીધુછ, પણ ફરીથી તું એ છોકરીની અરાસે જશે, તો તું મારે હાથે જીવતો બચવાનો નથી. ડાહયો હોય તો હવે એનો વીચાર છોરી દેજે. સાંભલ—તુને ૨૪ કલાકની નોટીસ આપુંછ. કાલે બપોર પછી તું અહીંયાં જો મુંબઇમાં રહયોછ, તો પોલીસનો આય ઘેરપર દરોરો પરશે."

આમ કહેતાં દારાશાહ દીનયારજી પોતાના ઇષ્ટમીત્ર અને કટ્ટા વેરી કેકાઉશ મુલ્લાંને ત્યાં ગાફેલ જેવો હવામાં ટીકયા કરતો છોડી વીજળીની ઝડપે નીકળી ચાલ્યો.

પ્રકરણ ૨૩ મું.

નાખે જીભ!

"બસ હવે હું કાંઇ બીજી વાત સાંભળવાનો નથી. મારા માથે તમુ લોકને પોતે જાતે કાગળ લખીને તેરૂં કીધું ને હવે વામાતામા ચાલશે નહી. કાલે સવારના મારી લેનડો ગારી મોકલશ."

રતી મોહડે રૂમાલ દાબીને હસી પડી. મેહરજી પથકી ત્યારનો એકનું એક માથાં દુખણ કરતો હતો. આવતી કાલે તેની સાલગરેહને દીને 'પથકી પેલેસ'મા પોતીકી આ પ્યારી પીત્રાઇને તે હાજર થવાને એટલા આગ્રહથી તે અડધો કલાક થયો કાકલુદી કરતો હતો કે રતીના ગમે એવાબી દ્રઢ ઠરાવ છતાં અંતે તે ફાવ્યો.

"અરે પણુ હસયા શાની કરેછ, ગાંડી? તારા સગા કાકાને તાંહ એવે વખતે જરાક આવવાનું તેમા હસવાનું શું?"

"હું હસુંછ કે મરેરે કાલે હું સારી કેઇ પહેરશ? મુવા અમે એક તો બીખારડાં પરેલાં—આય એક ચીથરૂં છે તે—"

"બસ, બસ, બસ રતન. વરી પાછો એ ધખ્ખારો ના વચે લાવ." મેહેરજી ખરેખર કચવાઇને બોલયો, "તું જો એવી મગરૂર નહી હોતે તો તુને એક મજાની ભેસાનીયાને તાંહથી——"

"ઓ, મેહેરબાની થઇ. એટલી બધી કંઇ જરૂર નથી. અમે તો જીઠરાં પીઠરાં તે એવુંજ બધું હાલહવાલ અમુને ચાલી જાય. જોવોની આય મારાં બુટનુ તળીઉ ફાટી ગીયુ છ તે મેંજ સીવયું ! માથાંથી તે પગસુધી હુ સ્વદેશી બનાવટની છેઉં !—હી–હી–હી."

આમ કહી રતીએ, પોતાનો એક નાનો પગ મેહેરજીની સામે ઉંચકયો.

મેહેરજી ટીકી ટીકીને તે નાજુક સુંદર પગ જોવા પડયો

"રતાં, તુને હમણા હમણા ઘણા ચેષ્ટા સુજ પરેછ–કેમ ?"

"નહી–મને તમારે તાંહ બોલાવવા એટલી બોસ કરોછ તારે તો જેવી હું ગામડયા બોચ છુ તેવીજ હું, બા, આવસ"

મેહેરજીનો ચેહેરો ખુલી ગયો—

"તમે લોકો આવશો ?" તે ઉઠીને હરખાયલે અવાજે બોલયો. "ઓ, ઠેંક યુ ડીયર !"

"નહી, માયજી નહી આવશે—હું એકલી આવશ. બીચારાં માયજીની તબીયત કાંહ ચાલેછ ? જવા દેઓની, હું એક જણીજ આવશે તો તમારા 'પેલેસ'ની જમીનપર બધા ડાઘડુઘ પરશે તો બે જણા કાંહ—"

"સવારના સકારે આવવાનું છ. પછી રાતે જમીને પાછી જજે. જો તુને ઘણી મજાહ પડશે, રતન—બીજા કેટલાંક લોકોનેબી માયે બોલાવ્યાંછ. પેલી તારી સઇ બાનુ વકીલબી તાંહ હોશે"

"અ—ને તમારાં પેલા જરબાનુબી હોશેજ તો!"

મેહેરજીએ થોડીક પળ રતીના મ્હોં ગમ ગુંચવાઇને જોયા કર્યું.

"તમારા પેલાં? એટલે?" તેણે ભવાની કમાન ચઢાવીને સવાલ કર્યો.

"એટલે તમારાં અદરાયલા જરબાઇ વળી બીજું કોણ?"

મેહેરજીએ બહુ નાખુશીથી મોહ કુમલાવ્યું, "છટ, મારાં અદરાયલા હજુ કોઇ છેજ નહી. જર તો મારી બેહન જેવી છે. એ શું તુ ભાગરો વાટેછ?"

રતીએ પોતાના પાપણો નમાવી પાછુ ભરવાનું શરૂ કર્યું

"હોશે, અદરાયલાં નહીં હોશો તો જલદી અદરાશો—બધુ એકનું એક! તમારા માય કેહતાતાં કે તમુ લોકને ઘણુજ સારૂં છે, ને એ દુકતીબી એવણુ કેહેજે મારા મેહરજી પરથી ઓવાઇ પંથરાઇ જાયછ."

રતી દેખઇતી રીતે અણુકો કરીને ભીખાઇજીના પોતાના સખુનો પાછા બોલી જતી હતી. મેહેરજીને એથી દીલમાં અકરવકર તો ઘણી થઇ—પણ કરે શું? બેએક મીનીટ નીચી ડોકે આમતેમ વીચારમાં ચાલ્યા કરી તે અચબુચ રતીની આગળ આવી ઉભો.

"રતી—ચાલ એ હાથમાંનું ચીથરૂં જરા બાજુ મુકી ડીયર, કે બે ઘરી બરાબર વાત થાય. તારા હાથબી થાકતા નથી? તારાં આંગળાં કેવાં 'પ્રેટી' છે કાંય તેને એમ વાપરીને બગારી નાખેછ?"

રતીએ હસીને પોતાના હાથગમ જોયું, "તમારાં જરબાઇના જેટલાં 'પ્રેટી' છે?" તેણીએ કાળી આંખો મેહેરજી ના મોહડાપર ફેરવીને પુછયું.

આ તો ઘણું થયું! મેહેરજીથી હવે ખમોશ થઇ શકી નહી. તેણે રતીનો તે હાથ ચડપ દેતો કે ઉચકી લઇ પોતાના હોઠોપર દાબ્યો.

"મને તો કોઇ બીજાનો હાથ નથી ગમતો—બસ આએ હાથ ઘણોજ ગમેછ!"

રતીએ છછણીને તે હાથ ઝુટવી લીધો અને પોતાના રૂમાલે ઘસડીને લુછવા પડી.

"ચાલો, ચાલો, એમ છેકજ ફાસ ના જાઓ," મેમસાબ શેંહસો કરીને જરાક છીંકી પડયા.

"તું મારી પીતરાઇ છે કે ની?"

"પીતરાઇ છે તો શું થયું? તેથી કંઇ એવા બરીયા નાટક કરવાનો તમુને હક નથી. જોવની, દારાશાહ આવેછ તે એમ કરેછ કે બાકી?"

મેહરજીનું મ્હોં પાછું ઉતરી ગયું.

"વરી, વરી? તે ખાનાખરાબનું વરી નામ દીધું? રતી, તું એને વાસ્તે ના બોલ. બસ મારા પેટમાં દુખી આવેછ. તારી સાંબે જોવાનોબી તેને હક નથી. તું તેનીપર મરી ફીટેછ, ને મને એમ હરધુત કરેછ! શેમ, શેમ!"

"દારાશાહ અમુને હીણુતા નથી, સમજીયા? જારે હું રાધુછ તારે તેવણુ રાધણીમા આવીને મને ઉલટી મદદ કરેછ ને તમારા માય ભીખઇજી તો—"

"તુ મારા માયજીની સામે પ્રેજુડીસ થઇ ગેયલી છે, રતન!"

"જરાબી નહી. ઉલટુ જ છે. જો કોઇબી પ્રેજુડીસ થયું હોય તો તે તમે દારાશાહની સાંબે છેઓ. તેની પીઠ પછવારે કેવું કેવુ બોલોછ!"

"તે બદમાશ બધાં લખણમાં કોહી સરી ગયલો એક હેરેમનનો હેરેમન છે. એટલુંજ નહીં—પણ તે તારો બાપ થવાને લાયક છે એ ઘરડા ટફમાં એવું તે શું બરીયુંછ કે તુ દર વખતે તેની તરફદારી કરીને મારૂં પાકવી નાખેછ? કદાચ કાંઇ લાંબો વીચાર હોય તો કેહી દે, હું તુંને મુબારકબાદીબી આપું."

ખુબ ફ્ફડી ચટકીને ઉશકેરાયલે મોહડે મેહેરજી આમ બોલતો હતો તેથી રતીને ધુમ ગમત પડતી હતી. પોતીકા આ ભડભડયા પીતરાઇ ભાઇ ઉપર તેણી અંદરખાનેથી જાન કુરબાન હતી, પણ તેને વધારેને વધારે ચીરડવવામાં અને

તેનું વધારે પાકવવામા કાંઇક એવી મોજ તેણીને મળતી હતી કે આ દારાશાહની વાત તેણીએ ચાલુજ રાખી.

"હમણા એટલું જલદી તમે શું કામ મુબારકબાદી આપોછ?" તેણી મોઢે રૂમાલ દાબીને હસતાં હસતા બોલી "પણ કેહજે—છે તે—દારાશાહની પાસ પઇસા ઘણા છે ખરી વાત?"

"કોણ જાણે, મને ખબર નથી"

"એની બઇરીને મજાહ ઘણી પરશે જો. કેહજે એણે ચીન ને જાપાન ને આફ્રીકા બધે મુસાફરી કરેલી છે—કેમ ચાલ્યા કે?"

"હા, તુ આજે એ બ્લેગારડની વાત કરયા કરેછ તે સાંભળવા હું કાઇ આયો નથી. તું કેહશે અદેખાઇ કરેછ, પણ હું તો તારાં ભલાંને વાસ્તે કેહુ છ. જોઇયે તો માન નહી તો— મને શુ? કાલે યાદ રાખજે, સવારના સાત વાગતે ગાડી આવશે. ચાલ, સાહેબજી."

પ્રકરણ ૨૪ મું.

"બસ—હવે હું છઉં ને મારૂં નસીબ છે!"

રૂસ્તમ મુગાશેઠના કપાળ ઉપર ચહડેલી કરચલીઓજ કહી આપતી હતી કે તે દહાડે સવારના પોતાના ઓરડામા એક ઘેલા આદમીની પેઠે જોરમા ફ્લાંગ મારતી વેળા તેના દીલમાં કાંઇ ઓર જાતનો ગુસ્સો ઉભાઈ જતો હતો.

દશેક વાગયા હશે. તુરતનુંજ પોસ્ટમાં આવેલું એક કાગલ ધુખરાયલે ચેહેરે વાચતો જઈ તે જરા જરા વારે મનમાં કાંઇ બડબડયા કરતો હતો—

"એ એવી ચકાસી ગેઇછ કે કોઇનો સરોપરો નથી રાખતી ને મને ને દીનુને જાણે કઈ વટાવમાંજ ગણતી નથી. રૂસ્તમ, એની સાથે અમારેથી એક દારોબી વધારે હવે રહેવાશે નહી. હું ને દીનુ હમણા તો કરાંચી હોટલમાં ઉતરયાંછ. તુ હવે જલદી આવીને અમુને મળ, પછી આપરે કંઇ બીજી ગોઠવણ કરશું. લીલીની માએ અસતો હમણા મરી ગેઈ તેટલાં એ દુકતી તો વાઉની કાની અહીં તહીં કુદતી ફરેછ. માટીડાઓ સાથ ઠીઠીઠાઠા કરેછ ને જરાક દુન્યાદારીનો અંદાજો રાખતી નથી. એની સાથે રહેવાના કરતા હજાર કોઈ નાહલો માર લઇને આપરે અરધી રોટલીપર રહીશું બલા જાને ! મુઈ એવી સકાર વગરની સાથે હું રેહુ તો લોકો મારૂં નામ ધરે જલદી એનો જબાપ લખજે."

રૂસ્તમે મજબુત પોતાંનો હોઠ કરડયો. કરાંચીથી દર આંતરે આંતરે પોતાની માતા અને બેન તરફથી કાગલો આવતાં હતાં, તેમાં તેઓ ઝુરાબંધ પેલી લીલી પેસતનજી મેહેતાને માટે ફર્યાદો લખ્યા કરતાં હતાં. લીલી મેહેતાએ રૂસ્તમના જવા પછી બીજે દીવસથીજ આખા ઘરનો અખત્યાર પોતાના હાથમાં લઇ કેમ માથે ધર્થી લઇ ફરવા માંડયું, જીવ ચાહે તેમ કેવી રીતે ખરચો કરવા માંડયા, લોક લાજની દરકાર રાખ્યા વગર શોકની કાળી સાડીને બદલે કેવા ઇતરાટ કરવાનું શરૂ કીધું—એ સઘળું કરાંચીથી પડનાં પડ ભરાઇને લખાઈ આવતું હતું. રૂસ્તમ તેઓને જરાક ઠંડાં

પાડવાને માટે હંમેશ અબુરીના બે સખુનો લખ્યા કરતો હતો, અને પીત્રાઇ લીલીપરબી અવારનવાર ચચરાવીને થોડીક લીટી પોસ્ટ કર્યા કરતો હતો. પણ વ્યર્થ! દહાડે દહાડે કામ બહેકતુંજ ગયું અને આજે અંતે વકી મુજબ આ છેલ્લો કડાકો આવ્યો.

ગુસ્સા સમેત કાગળનો ડુચો કરી તેણે પોતાના પાટલુનનાંજ ગજવામાં તે ખોસી દીધું અને ઓરડામાં પાછો આમ તેમ ફરવા લાગ્યો.

"બધાં દુઃખો આવે તારે સામટાં! એનું સત્યાનાશ થાય પેલી લીલીનું—આખરે માયજીને ને દીનુને બાહર કાહરયાં તારે રેહી! હું અહીં મેહેરજીને માથે પરેલો છેઉં તારે એ બે જણાને કાંહ લઇ જઇ નાંખશ! માયજીએ આય કાગળ લખ્યુંછ તે દેખઇતી રીતે જારે એ પોરીનો ત્રાસ નહીં ખમાયો હોશે તારેજ લખ્યું હોશે. એની ગમ પેલી શેહેરાંની ગરબરમાં હું આખી રાત સુતો નથી. ઓહ! એ છોકરીનો વીચાર જો હમણા નહી હોતે, તો આજે હું ઉપરી જતે ગેઇ કાલેજ બીચારીને ખબાલા હોટલમાં મુકી આયો. હવે એને અહીં એખલી છોરીને મારેથી એક ડગલુંબી કેમ ખીસાય! શું કરૂં—કંઇ સમજ નહી પરતી. આવતી કાલે મેહેરજીનું વરસ છે ને મારી પાસે એને પ્રેઝટ આપવાને વાસતે બાંધી મારે તો ૫૦ રૂપીઆ નથી. માઇ ગુડનેસ! અરતો પેલા મુજી કેકાઉશને ૪૦૦ રૂપીઆની ચીઠી આપીછ. કીયા ચુલામાંથી લાવશ!"

માથે હાથ દઇને રૂસ્તમ બારીની બાહેર ખાલી હવામાં ટીકયા કરતો નખાઇ ગયલે મોહડે વીચારમાં લીન થઈ જઇને

બેઠેલો હતો. ચોમેરથી તે હમણા ઘેરાઇ ગયલો હતો. પોતાના જીગરની મુરતી શેહરાંને કેકાઉશના સપાટામાંથી ઉગારી પલકવારની ઉશકેરણીના આવેશમાં તે કાલે ઉંચકી લઇ ગયો તો ખરો, પણ તેણીને લઇ જઇને રાખવી કયાં તેના વીચારમાં પડયો. બેહોશ જેવી હાલતમાં શું તેણીને પંચકી પેલેસમાં ઉપાડી લઇ જઇ પંચકીવાળાઓને ગળે એક બીજી પીડા ઓળવવી! પોતે ત્યાં તેઓને આધારે પડેલો તેમાં નવી ગુસરી શું નાકે તે લઇ જાય? બીચારો મેહેરજી તો એક બોલે રૂસ્તમને ખાતર શેહરાંને ઉતારો આપવા કબુલ થતે—પણ એટલી હદ સુધી નફટાઇ કરવાનો રૂસ્તમનો જીવ ચાલ્યો નહી. તેણે તુરત વેળા શેહરાંને નજદીકના ખંબાલા હોટલમાં લઇ જઇ એક અલાહેદા ઓરડામાં ફરાગાત ગોઠવી અને બીજે દહાડે પાછો આવવાનું મેનેજરને કહી ત્યાંથી ઝપાટામાં ચાલ્યો ગયો. ફકત એજ એકલો ઇલાજ હતો. ઉતાવળો આકળો બનીને તેણે આ પગલું લીધું, પણ રાતના જયારે તેણે એકાંતમાં જરાક આગળ પાછળનો વીચાર કર્યો તયારે પોતાની બેહદ મુશકેલીનો તેને કાંઇક ખ્યાલ આવ્યો.

હોટલનું બીલ રૂસ્તમનો કયો કાકો હવે ચુકવશે? પેલુ ૪૦૦ રૂપીઆનું 'ડેટ ઓફ ઓનર,——ઓનર! ડીઝ ઓનર કહેતા શું જીભ કોહી જાય છે? ઓ! શરમ, શરમ! કયે અવર ચોઘડીએ તે કેકાઉસના આ ગુફામાં દાખલ થયો! ખોદા જાણે હવે કેમ થશે! કીસ્મત પહેલેથી છેલ્લે સુધી બધુ આડુંજ થઇને બેઠેલું હતું અને તેમા આ વળી આજે કરાંચીથી માયજી અને દીનુએ મોહોકાણના સમાચાર મોકલી

આપ્યા ! પડતીપર પચાસ ! અત્યંત રંજીદા થયલાં દીલ સાથ તે બેબાખરો જેવો બનીને બારી આગળ અરધોએક કલાક ઉભો હશે———

"કેમ રૂસ્તમ, શું વીચારમાં છે?" કોઇએ તેના બરડા ઉપર લગાર જોરમાં ઝાપટ લગાવી તેને તેના તુરંગોમાંથી સાવધ કર્યો. મેહેરજી પંથકી ત્યાં હસ્તે મોહોડે ઉભેલો હતો. તુરતનાજ પોતે રતીની આગળથી આવતી કાલે આવવાનું પ્રોમીસ લઇ આવ્યા હતા, એટલે મેહેરજીબા હમણા ગેલમાંજ હતા,

"એમ માંદાં મરઘાંની કાની ઓરડામાં શાનો ભરાઇ રહયોછ? ચાલની, બ્રેકફાસ્ટ બેલ થયો."

"નહી, થેંકસ. હું નાસ્તો નહી ખાતો. મારૂં માથુ ફાટીને કટકા થઇ જાયછ, મેહેર."

મેહેરજીએ તેના ખભાંપર આસ્તેથી હાથ મુકયો.

"રૂસી, બે દહાડા થયા તું કંઇ અકરાયલો ગભરાયલો કેમે દીસ્યા કરેછ? શું છે દોસ્ત—મને કેહ. કાંઇબી ખોટું થયલું છે———"

"ખોટું ! ખોટું શું હોય? રાતના ઉંઘ નથી આવતી. તેજ-બીજું શું !"

"કાંય—કાંય ઉંઘ નથી આવતી? હજી તારી પેલી લીલી મેહેતાના વીચારથી તું મનમાં ને મનમાં બરીયા કરેછ કે? હટ, યુ બાયલા ! એ તારો ચાન્સ ગીયો તો જાહનમ ગીયો——"

"છટ છટ! તે નથી, મેહેર. હું તો હમણા ચોતરફથી અકરાઇ ગીયેલો છેઉં."

મેહેરજીના હોઠપર જરાક હસવું ફરી વળયું,

"શુ કોઇ બુચીના પ્યારમાં પરયોછ કે? નહી તો કાઇ બ્રોચ ઓફ પ્રોમીસ કેસની મોહોકાણુ છે? રૂસ્તમ, તુ બી દાહરે દાહરે એમ પોચો પચક શું થતો જાયછ, યાર!"

રૂસ્તમે જરા કચવાઇને ડોકું ધુણાવ્યું.

"નોનસન્સ! તુને હસવુ આવેછ, પણ મારા પેટમાં કુતરાં દોરેછ. પેલી મારી પીત્રાઇ લીલી મેહેતાએ આખરે મારાં માયને ને દીનુને ઘેરમાથી બહાર મોકલ્યાં તારેજ એ જંપીને બેઠી."

"ઓહ—તેમાં શું? જાવની એ લોક ને આપરા પેલેસમાં. માયજી ને જરૂ તો——"

"અરે મેહેર, તું શું મને કંઇ છેકજ લાગણી વગરનો ઢોર સમજેછ? મારા મોહનાપર નાક છે કે ખુપરો? નહી—તે લોકનું તો થઇ રેહશે, પણ મારે માથે જે મોટી ચીતા છે તે તો પેલી શેહરાંની છે."

"શેહરાં—કોણ પેલી કેકાઉશ મુલ્લાંની પોરી? બચ્ચા, તું હજુર——"

"બસ બસ, એની બધી વાત હું તુંને પછી કેહવશ. એટલું જાણુ કે તેને હું એ નાપેકારના હાથમાથી ઝુટાવી લાવી ખંબાલા હોટલમા મુકી આયોછ."

"હેં!"

"હા—બસ હમણા મને વધારે ના પુછ. મેહેર, દોસ્ત, તું આટલો બધો ભલો છે તારે મને આય મુશ્કેલીમાંથી છોરવ. મને તુરત વેળા બે હજાર રૂપીઆ ઉછીના જોઇયેછ"

"તેમાં શું મોટી વાત! લેની હમણા ચેક લખી આપું. તારૂં ભલુ થાય તારૂં, એ મોટી મુશકેલી કે?"

ભલો મેહેરજી! એક ખરા સાચા દોસ્તની પેઠે ઝડપમાં પોતાના ઓરડામાં જઇ કોરા ત્રણ ચાર ચેકો સહી કરી દશ મીનીટમાં પાછો આવ્યો અને ખુશ મીજાજે હસી રૂસ્તમના ગજવામાં તે દાબી દીધા. રૂસ્તમ એટલો તો ઉંશકેરાયલો અને રાતના ઉજાગરાથી નખાઇ ગયલો હતો કે બરાબર મેહેરજીનો ઉપકાર માનવા સારૂં તેની જીભબી ઉપડી નહી તેણે મેહેરજીનો હાથ માત્ર લઇને પોતાના બે હાથોમાં ખરી લાગણીથી ચાંપયો—અને પછી એક બોલ બોલવા વગર બાહેર ચાલ્યો ગયો.

* * *

રમકડા જેવા એક અચ્છા આરાસ્તા કરેલા ઓરડામાં સોફા કોચ ઉપર તે બે જવાન જીવો હાથમાં હાથ ભેરવીને કયારના હલુસે ધુસધુસ કરતાં બેઠલાં હતાં. છેલ્લા દીવસોના ધડક ધુજારા અને જુલમાતથી શેહરાંનો મુખડો તદન લેવાઇ જઇને આંખ્યો ફીકકી પડી ગઇ હતી—છતાં એક રાતની સંપુર્ણ આસાએશથી તે છોકરીનો જીવ નચીત અને મન સમાધાન થયલું હતું.

પોતાની જીંદગી બચાવનાર આ ભલો સોવામણો રૂસ્તમ મુગાશેઠ જ્યારે પાસે બેસી ખરા પ્રેમથી તેણીનો હાથ પસવારયા કરતો ત્યારે શેહરાંની રગેરગમાં લોહી ઉછાળા મારતું હતું. રૂસ્તમને ચરણે આ છોકરી તે વારે પોતાની જીંદગી વટીક અર્પણ કરવા તૈયાર હતી–પણ રે પરવર! એક કમતાકાત મુફલેસ જવાન નાવારસ છોકરી શી રીતે પોતાના જીગરની લાગણી રૂસ્તમ જેવા શખ્સને દેખાડી આપી શકે? એમજ છે! આ સીતમગર દુન્યાજ એવી ઓરત જાત માટે કરડી અને ગેરઇનસાફી છે!

"શેહરાં! બોલની, મુગી કેમ થઇ ગઇ? પેલા તારા ખુની બાપને તાંહથી હું તુંને ઉંચકી લાયો તેથી તું ગુસ્સે તો નથી થઈ?"

શેહરાંએ પોતાના રૂમાલ વડે આંખ્યો ઢાંકી અને ડોકું હલાવી ના પાડી. ગરીબ બીચારી! અંદરખાનેની લાગણીથી તેણી એટલી ગુંગળાતી હતી કે કોઇબી શબ્દો ઓચરવાને તેણી અશકત હતી.

"એ ઘેરમા તું સલામત નથી, મારા જાન," રૂસ્તમ તેણીનું માથું પસવારતાં પાછું બોલ્યો, "તું તાંહ ફરીથી જવા તો નહીજ માંગતી હોશે, શેહરાં?"

"નહીજી."

"તું થોરા દાહરા અહીંજ રેહ—જરા ટટાર થા—ને પછી આપરે આગળ શું કરવું તેનો વીચાર કરશું–સમજી?"

શેહરાંએ પોતાની આંખપરથી રૂમાલ ખીસાડી નાખ્યો અને રૂસ્તમના હાથપર હાથ મેલી તેની ગમ એક અજબ બીજ્ઞતજ્ઞરીથી ભીની આંખ્યોએ જોયું.

"રૂસ્તમજી—હું તમારો ઉપકાર કેમ માનું!" તેણી ગળગળતા અવાજે કાંઇક મુશકલીએ બોલી, "તમુને હુ કેમ બદલો વાળી આપશ!"

એક જવાન જુસ્સાવાળા ગ્રહસ્થથી જેટલો બને તેટલો કાબુ રૂસ્તમે પોતાની લાગણીપર અત્યાર સુધી રાખ્યો હતો—પણ શેહરાંની આંસુથી ભીજાયલી ચશ્મો, તેણીનો ઉદાસીત નીરાધાર ચેહેરો અને તેણીનું આવું નામુરાદીભર્યું બોલવું જોઇ તે ગાંડો જેવો બની ગયો. ખરા ઉભરાથી તેણે તે કમનસીબ છોકરીની કમર આસપાસ પોતાનો હાથ નાખ્યો અને તેણીને પોતાની પાસે ખેંચી—

"શેહરા! મારી વાહલી! તું એમ કાંય બોલેછ? તારે ખાતર હું શું નહીં કરૂં! આહ—મને માફ કર! તારી આવી એકલવાઇ હાલતમાં હું ખોટો લાભ લેતો હોવું તો મને માફ કર. પણ મારાં દીલની વાત તુને કેહવશ તારે મારો જીવ હેઠો પરશે. શેહરાં, તારા વગર મને જીંદગી અકારી છે—તું મારી ધણીઆણી થા ને તુને સારી દુન્યાથી બચાવવાનો મને હક આપ———"

જાણે માથાં ઉપર કાંઇ ન ધારેલો ફટકો પડયો હોય તેમ ચમકીને એક નાની બુમ સમેત શેહરાં રૂસ્તમના પાસાંમાંથી ઉઠી ઉભી થઈ.

“ નહી—નહી ! ” તેણી ખરેખર ધ્રુજીને કગળી પડી, “ એ વાત ના કરો ! ”

“ કાંય નહી ! જો વીચાર કર, મારાં મોતી, હમણાં આપરે બેઉ જણા કેવી કઢંગી હાલતમાં છેઇયે ! મારે અગતના કામ સારૂં અહીંથી ઉપરી જવુજ જોઇયે—ને તુને મારી ડારલીંગ વાઇફ તરીકે મારી સાથે લઇ જયા વગર અહીથી હું એક ડગલું ખીસવાનો નથી. ”

“ ઓ નહી—તમે જાઓ ! હું તમારે પગે પરૂંછ—મારે વાસ્તે ખોટી ના થાવો ! ”

રૂસ્તમે ઉઠીને શેહરાંના બે હાથ પાછા પોતીકા હાથમાં લીધા.

“ તુને અહીં એકલી મુકી જાઉં ?—પેલા તારા મુજી બાપના હાથમાં તુને પાછી સપરાવા દેઉં ? નહી, શેહરાં—મારાં માય ને મારી બેનને ખાતરબી હું તારી આગળથી ખીસવાનો નથી. મને કરાંચીમાં રૂ ૩૦૦ ની ચાકરી મળવાની આશા છે—પણ તેબી તારે ખાતર હું ઉડારી દેવશ. હા મારી ચુક થઇ, શેહરાં ! તું હમણા એટલી ઉશકેરાયલી છે કે તુને મારા સવાલનું દબાણ કરવું નહી ઉતું. તું અહીં સુખે રેહ—મેં બધા બંદોબસ્ત મેનેજર સાથે કીધાછ—ને હુશીવાર થા પછી———”

“ અરે શું કામ એટલું બધું કરોછ ! ” શેહરાં ઘણાજ નબળા સાદે વચ્ચે બોલી પડી, “ હું તો બે ત્રણ દાહરામાં અહીંથી જતી રેહવાની છેઉં. ”

રૂસ્તમના પગ નીચેની જમીન એક કડાકા સમેત ખસી ગઇ હોય તેમ તે ઉછળી પડયો,

"જતી રેહવાની છે! કાંહ જતી રેહવાની છે? શેહરાં!"

"હું કેથેબી જવશ—હું તમારે માથે પરવા નથી માગતી—મારૂં મોહત થઇ જાયછ!"

"એ શું બોલેછ! મારી પ્યારી, તારો જીવ એટલો ઉકળી આયોછ કે તું શું બોલેછ તેનું તુને ધ્યાનબી નથી."

"નહીં રૂસ્તમજી—મને ધ્યાન છે! મારીપર ગુસ્સે ના થાવો—હું તો મારી જીંદગીના છેરા સુધી તમારી ઉપકારી છેઉ—પણ—પણ—તમારી સાથ હું પરણી શકવાની નથી.—ને હું તમુને વધારે વખત ભારીબી પરવાની નથી."

"શેહરાં—!"

"હું કેથે બે ચાર દાહરા પછી જતી રહેવશ ને મારૂ ફોરી લેવશ. હું કઇ ચાકરી શોધવા માગુંછ—નર્સ તરીકે——"

"છોકરી, તુને મારી લાગણીનો કંઇ વીચાર નથી!"

"તમારે વાસ્તેનો વીચાર મારા જીગરમાંથી કબી ભુલાઇ જવાનો નથી, રૂસ્તમજી," શેહરાં તેના ખભાંપર હાથ મુકી બહુજ ઓજરખ્વાહીથી બોલી, "તમારૂં નામ મારી બંદગીમાંજ રોજ હું લેવશ! ગોડ બ્લેસ યુ!"

"બસ—બસ ! તુને આસાએસની ઘણી જરૂર છે. શેહરાં, નચીંત જીવે અહીં રહે—તારી આગળ ચોકી કરવા રાત દાહડો હું અહીંનો અહી ભમ્યા કરશ. તું વાયે જાન એખલી જતી રેહવાની ગાંડી ઘેલી વાત કરેછ તેજ બતાવેછ કે તુ હજુર તદન હુશીયારીમાં નથી આવી. મારી વાહલી શેહરાં—હમણા ચાકરી ધંધા વગર પૈસા ટકા વગર હું કંઇ કરી શકતો નથી. મને જો સારી ચાકરી મળશે—ને તે મળવાની મને બધી વકી છે—તો હું તુંને જબરીથી મારી ધણીઆણી કરશ. ચાલ ગુડ બાય, ડીયર."

"એક મીનીટ ! રૂસતમજી, પેલા ચારસો રૂપીઆ તમે હારી ગીયાછ તે આપીયા કે ?"

"નહી—હમણા અબઘરી હું તેજ તેના આંગ પર ફેંકવા જાઉંછ !"

"ઓ—ના જતા ! એ રૂપીયા શું કામ આપોછ એવણુ—એવણુ—હવે તે માંગવાના નથી."

"નહીં માંગે તોબી મારે તો આપવાજ જોઇયે. એ કરજ ફીટારયા વગર મને ઉંઘ નહીં આવે—પણ ચાલ, એ તકરાર હમણા કરવાની નથી."

"નહી—મેં પેલી તમારી ચીઠી ફારી નાખીછ. હવે રૂપીયા આપવાની જરૂર નથી."

રૂસ્તમે ધારી ધારીને શેહરાંના ચેહરા ગમ થોડીક પળ જોયા કર્યું. અહા ! કેવી ઉંડી સાચી લાગણીથી તેણી આમ બોલતી હતી ! છતાં એ છોકરીએ તેની માંગણી ના પાડી

તેનો શું સબબ હશે ! તેણે શેહરાંનો હાથ ઉંચકીને તે ઉપર સાચ્ચી મોહબતની કીસ લીધી.

"તારાં દીલમાં મારે વાસ્તે શું છે તે હું વાચી શકુંછ, શેહરાં !" તેણે ધીમેથી કહયું, "તું શું મને કંઇ આંધરો દીવાનો મુરખ સમજેછ ! ઓ છોકરી—તું કાંય મને તવલાવેછ !"

શેહરાંએ એક ઉંડી હાય મારી,

"વરી તમે એ વાત કરોછ ! રૂસ્તમજી, તમારા સીવાય આ દુન્યામાં હું કોઇબી બીજાને ચાહતી નથી. હું કોઇનેબી કબી પરણવાની નથી—ને તમારી સાથબી પરણી શકતી નથી—"

"પણ કાંય—અરે કાંય ? મને તેનો ખુલાસો કેહી દે—તારાં દીલમાં જે વાત હોય તે બોલી દે, શેહરાં."

"કારણ કે હું તમારી—કોઇનીબી—ધણીઆણી થવાને લાયક નથી. હું કોણની છોકરી ! ઓ, મને ના દુખી કરો ! મારો બાપ કોણ જાણે કેવો હોશે——ઓ—મી૦ દારાશા !"

ઝટ રૂસ્તમે ફરીને જોયું. દારાશા દીન્યારજી ત્યાં ઉબર ઉપર હસતે મોહડે આ બે જણા ગમ જોતા ઉભેલા હતા.

"રૂસતમજી, એ છોકરીને હવે જરા દમ ખાવા દેવો. હમણા એને વધારે ઉશકેરયા કરવી નહી જોઇયે," તેણે ઘણીજ નરમાસથી કહયું.

રૂસતમે ચકીત થઇને આ દારાશા ગમ થોડો વાર જોયું. અરે એ પારસીને આ શેહરાં સાથ શું લાગે વળગે કે

આટલી તેની ખણખોદ કર્યાં કરતો હતો। એક શબ્દ વધારે બોલવા વગર શેહરાનો હાથ જરા ચાંપી ત્યાંથી તે ઝપાટાબંધ ઓરડામાંથી બાહેર નીકળી પડયો

તેની પીઠ ફરી કે દારાશા આસતેથી સોફાપર ગોઠવાઈ બેઠો—

" લીલી—આય છોકરાની માંગણી તેં ના કેહી ! "

શેહરાંના ગાલપર રતાસ ધાઇ આવ્યો, દારાશાએ તે વાત કેમ જાણી ?

" ચેરી છોકરી" દારાશાએ પાછું કેહયું, " હું બહાર બધું સાંભળતો ઉભેલો ઉતો ! પણ હવે તું શું કરવા માંગેછ, દીકરી ? શું આય રૂસ્તમને આધારે અહી એમ પરી રહેવા માગેછ ? '

" નહી —હું જતી રહેવશ."

" કાંહ—કરાચી ? તારા બપાવાને તાંહ ? "

શેહરાંએ એક બીજો લાંબો નીસાસો નાખી ડોકી હલાવી.

" નહીજી—તાંહ જઇને શું કરૂં ? મારો સામાન બધો ગુમઇ ગીયોછ—મારાં કાગજીયા વગર તાંહ મને કોણ ઉભી રાખશે ? "

દારાશા વીચારમાં નીચી મુડીએ એકાદ મીનીટ બેસી રહયો.

" પણ તોબી તું જરા એક વખત જઇ તો જો ; "

"નહી—ખાલી હાથે હું જવા નહી માગતી. મને કંઇ ચાકરી મળે તો હું રહેવા માંગુંછ."

"ચાકરી?"

"હા—નર્સ તરીકે કે ગવરનેસ તરીકે હું રેહી શકસ. મને કેથે તમે રખાવશો તો મેહેરબાની થશે. પણ મુંબઇની બાહાર જવા માંગુછ."

"ઠીક—જોઉં,—હું ચોકાશીમાં રેહવશ. પણ જો, અહીંથી ચાલી જવાની લાંબી ટુકી વાત પેલા રૂસતમ સાથ—મારી સાથ નહી, અંકે! કેથેબી જાય તો મને પહેલાં પુછજે. મને બસ તારો બાપ સમજ, લીલી મારીપર વીશવાસ રાખ ને હું તુને કોઇ સારા કુટુબમાં ચાકરી અપાવશ. પેલા ફ્રેકાઉસથી હવે બીહતી ના. તે તો મુંબઇની બાહેર ગગરી મુવોછ. ચાલ, સાહેબજી—મજેહથી આસાએશ લઇને ઘોરા જેવી ટટાર થઇ જા, જોઉંછ તો!"

આટલું બોલી શેહરાંનો ગાલ માયાથી પસવારી દારાશાહ ત્યાંથી ચાલ્યો ગયો.

પ્રકરણ ૨૫ મું.

જાણી બોઇને ઘેર બેઠું અપમાન!

"જરૂ, કંઇ ઘણી એસ્કી થઇછ? મારે બદલે આજે તારૂંજ વરસ હોય તેમ ખુબ ઠંઠેરો કીધોછ, ડોસાં!"

જર ઝીણે અવાજે હસી પડી. પોતાના માસીના દીકરાની સાલગરેહ હતી એટલે એ છોકરીથી હસાઇ હસાઇ જવાતું હતું.

"ઓવાય ! સપરમે દાહરે જરા પહેરે ઓઢે નહી કે ? ને ઓય બધાં લોકો આવતાંબી હોશે. તમારાં પેલાં શોભીતા રતનબાઇ કેટલે વાગે આવવાનાં છે ?"

આ છેલ્લો સવાલ પુછતી વખત જરે એવું મોહોડું કર્યું કે મેહેરજીને જરા ચટકો લાગ્યો—

"જર," તેણે નાખુશીથી સેહેજ તણાઇને કહયું, "તું બધી વાતે ડાહી દીકરી છે—પણ આય મારી રતીના બાબમાં તું તદન અનરીઝનેબલ બનેછ તુને તે દાહરે તો આટલું સમજાવીને કહયું કે એ છોકરીને વાસ્તે તું એમ જાહરે તાહરે અણકાથી બોલેછ તે મને પસંદ નથી !"

મેહેરજીબાનો મીજાજ પાછો જતો રહયો હતો. તેના ખુશાલ મોહડાપર થોભનો ચઢયો અને રીસાઇને તેણે ચાલવા માંડયું. જર તેની પછવાડે દોડી અને તેને બાંયમાંથી પકડી ઉભો રાખ્યો.

"જા બા, એમ સારેરૂરે દાહરે ચીરડાયછ શું જો !" તેણી પટાવીને બોલી, "હું તો અમસ્થી હસતી'તી."

"હા—પણ તે એવું હસવાનુ મને નહી ગમતું. જરાં," તેણે સાદ નરમ કરી નાખી કહયું, "રતન સાથ તું બરાબર વાત કરશે કેની ?"

જરે સેહેજ મોંહ કુમળાવ્યું,

"હું તો વાત કરશ, પણ એજ એવી ધુખરાયલા છાનાં જેવી———અરે નહી, નહી ! વરી મુવું એવું બોલઇ ગીયું——હી હી હી હી !"

જર મોંઢે રૂમાલ દાબી હસવા પડી. મેહરજી ભવાં ચઢાવી તેણીની ગમ જોયા કરતો હતો.

"આજે તુંને ઘણુંજ હસવું આવેછ, કેમ ? વરી કંઇ રતનના કપરાંની કે બીજાં કશાંની મશકરી કરની———"

"જા—જા એમ દાહડાબરીયો ના થા ! હા, લેની હું કેહું છ કે આજે રતનબાઇ ઘણુંજ ટરીમટરાંક થઇને આવશે, કારણકે આજે પેલા એવણના દોસ્તદારબી આવવાના છે કેની?"

મેહેરજી ભભરઇને ડોળા ફાડી જરગમ ટીકવાજ પડયો.

"દોસ્તદાર ! તે કોણ સા—?"

"પેલા—પેલા—દારાશા !"

"એં ? દારાશા દીન્યારજીબી આજે અહીં આવવાનો છે ! કાંય ?" તેણે કપાળપર કરચલી વાળી ઘાડા અવાજે પુછયું.

"કાંય ! અરેરે—વરી બીખાં માસીએ બોલાવીઆ તેથી—કેમ, કાંહ જાયછ ?"

મેહરજી જવાબ દેવા ઉભો રહયો નહી હતો. એક ગાંડા હાથીની પેઠ તે ઉપર પોતાની માયના ઓરડા ભણી બએ ત્રણ ત્રણ પાંડયે દોડયો. અંદર બીખાઇજી કંઇ બજારનો હીસાબ લખવા બેઠેલા હતાં. બારણું ધડાક કરતું ઉંઘાડી

મેહરજી અંદર દાખલ થયો અને બીખઈજીની સામે કમરે હાથ દઈ ઉભો.

"માય! તમે પેલા સ્કાઉન્ડરલ દારાશાને બી આજે બોલાવ્યોછ?" તેણે હાંફતાં હાંફતા સવાલ કર્યો.

બીખઈજીએ એક પળ પોતાના દીકરા ગમ જોયું. વર્ષગાંઠ જેવે દાહડે તેનો જીવ કુહરાવવાની તેવણુની મરજી નહી હતી દારાશા દીન્યારજીને "પથકી પેલેસ"માં તે દહાડે જોઈ મેહરજી વીજોકુ લેશે તેની તો તેવણે વકી રાખેલીજ હતી

"દીકરા, એ આપરી સાથ—મકું જે અમારી સાથ એટલું સારૂં રાખે તારે નહી બોલાવું તો ખરાબ લાગે. તુ તારે જોઈએ તો ના વાત કરતોની!"

"માયજી, તમે એ લફ્ગાની બધી વાત નથી જાણુતાં! તમે એને આપરે તાંહ એમ બોલાવોછ તે મને પોતાને અપમાન કરવા બરોબર છે!"

"ચાલ–વારૂં! એમ સપરમે દાહરે ચીચવા ના. તુ ના કહેશે તો ફરીથી નહી બોલાવશ–હવે બસ?"

મેહરજીએ ચીઢને મારે દાંત પીસ્યા. આહ! રતી આખો દાહડો આવવાની તેમાં એ કાંહથી નાપેકાર બદલગામ ખ્વાબમાં હાડકું થવા નીકળી આવ્યો.

"તમે એ પારસીથી ચેતીને ચાલો, માય." તેણે રોંહસા ભર્યા સાદે કહયું, "ને જોવ–હું તમારી પાસ એક

મેહેરબાની માગવા આયોછ. મારાં વરસને દાહરે મારી અરજ કબુલ રાખશો ?"

"વરી શું છે ?"

"રતીને તમે પોતે આજે જરા બરાબર સમજાવીને આય દારાશાની બધી હકીકત કહો. એ છોકરી એની સાથ સારૂ રાખેછ તે આપરાં કુટુંબના નામને એક ડાઘ લાગતો હું સમજું છ. જો માયજી, એ દારાશા જુગાર રમેછ તે મેં નજરોનજર જોયુ છ—એની ચાલચલણુ ઘણીજ ખરાબ છે. જો ઇયે તો રૂસ્તમને પુછો—"

"વારૂ—પણુ રતીને તુંજ કાય નહીં કેહતો ?"

"નહીં—એ સમજેછ કે હું દારાશાની અદેખઇ કરૂંછ તેથી એ હંમેશ હસીને મારી આગળથી તો એ વાત ઉડાવીજ નાખેછ. તમે એને બરાબર સમજાવીને એકાંતમાં ચેતવશો કે ? માયજી—એટલું મારૂં કામ કરો, હું તમારો હમેશનો ઉપકારી થવશ."

મેહેરજી બહુજ આગ્રહથી ભીખઇજીનાં ખભાંપર હાથ મેલી આમ આજુજી કરતો હતો. ભીખઇજીના હોઠપર જરા ઝીણું હસ્વું ફેલાઇ વળ્યું.

"વારૂં—તાલ મળશે તો કેહવશ. પછી એ સમજે કે નહી સમજે————"

"બસ, તેનું કંઇ 'નહી. તમે આટલું એને એક વખત————ઓહો ! ગાડી આવી ! રતી આવી, માય !"

એક નાના નીશાળ્યાની પેઠે ઉછાળા મારતો મેહેરજી પાછો નીચે દોડયો. દરવાજાપર જઇ તેણે બ્રુમનું બારણું ખોલ્યું અને અંદરથી રતીને ઉતારી મલકાયલે ચેહરે તેણી સાથ ખુબ જોસથી શેકહેંડ કરી.

"તું અંતે આવી, ડીયર! આઇ એમ સો ગ્લેડ!"

રતીએ તે દીને ખુબ ટેસ્ટથી ડ્રેસ પેરેલો હતો. ઘેરા રંગની બ્લુ સાડીથી તેણીનો ગોરો મુખડો કાંઇ ઓર દીપતો હતો.

"સાલ મુબારક, મેહેરજીભાઇ!" તેણી સેહજ હસીને અંદર જતાં બોલી.

હરખને મારે મેહેરજીથી હસાઈ હસાઇ જવાયું.

"ઓ ઠેંક યુ! રતાં, તુ આજે કેવી મજાની લાગેછ! માયજી જોશે તો ખુશ થશે. જરાં કાંહ ગેઇ? જરાં! જરાં!!"

ડરોઈંગ રૂમમાં રતીને એક શોફા ઉપર બેસાડી મેહેરજી બીજી ત્રીજી વાત કરવા લાગ્યો. રતીએ બહારથી તો ખુશ મીજાજથી હસ્તું મોહડું રાખ્યું પણ અંદરખાને તેણીને ઘણો ખભરાટ લાગયો હતો. અરે આ તે કેવા આય પૈસાદાર ભીખઇજી કાકીના સકાર! પોતાને ત્યાં બોલાવીને જરાક દરવાજાપર આવકાર દેવાબી કોઇ મળે નહિ! પેલી જરબી અંદર ભરઇ બેઠેલી હતી. પા કલાક વીસ મીનીટ થઇ ગઇ—પણ મેહેરજી સીવાય બીજા કોઇની નીશાનજ નકી! મેહેરજીનુ તો એવું ઉભાઇ જતું હતું કે અંદર જઇને

ભીખઈજી અને જરાંની સાથે ખુબ તરેહથી વહેંચી લે—પણ રતીને એકલી બેસાડીને જવાયબી કેમ ? રૂસ્તમબો બાહર ગયલો હતો. સોહીનો ગોટ ગળી તે થોડોવાર વધુ બેઠો. બે ત્રણવાર બુમ પાડીને જરને બોલાવી પણ જવાબજ નહી મળે ! બે વખત માણુસને મોકલી માયને કહેવાડયું પણ બેઉ વખત માણુસ જવાબ લઈ આવ્યો કે " બાઇ કામમાં છે."

ઘણોજ મનમાં મુઝાઈ અંતે તે પોતે અંદર જવા ઉઠયો, પણ તેટલાં દરવાજાપર એક ગાડી આવી અને અંદરથી દારાશાહ દીનયારજી ઉતરી હસ્તે મોહડે ' હોલ 'માં ચાલી આવ્યો.

" હલ્લો રતનબાઇ ! તમેબી અહીં છેવો કે ? " તેણે રતી સાથ ખુબ ગેલથી શેકહેંડ કરી. " સાહેબજી, મી० મેહેરજીભાઇ—સાલ મુબારક ! "

મેહેરજીએ જરાક બીજાજમાજ તેની સાથ શેકહેંડ કરી જવાબમાં માત્ર ડોકું ધુણાવ્યું. તેને લાગ્યું કે જાણે ભીખઇજી માયે તેની સાથ સાલગરેહ જેવે દાહડેબી દગો કીધો હતો ! રતીના ટેસ્ટદાર કપડાં અને તેણીના ખુબસુરત મોહડાં ગમ દારાશાહ છુટથી ધારી ધારીને જોતો હતો તે દેખી મેહેરજીના પેટમાં એવાં તો અભરમચી આવ્યા કે કાંઇ ભડ દઇને અપમાન દારાશાને કરી પડવાની તે અણી ઉપરજ હતો—પણ તેટલાં ડરોઇંગ રૂમમાં ભીખઇજી અને જર ચાલી આવ્યાં.

બેઉએ દારાશાને હસીને શેકહેંડ કરી—અને પછી ભીખઇજીએ રતી ગમ જોઇને એવું તો આસ્તેથી જરા

ડાકુ કરીને " આવો ! " કરી કહ્યું કે તે બીચારીને ભોયજ ભારી પડી ગઇ. જરે તો ડાકું વટીક કર્યું નહીં. પણ સ્યાની રતી જીભ કરડી રાખીને મુગી બેસીજ રહી. પાછું ઘરે જવુ બી અશક્ય હતું. બૃમ ગાડી તો છોડી નાખેલી હતી. એકલો મેહરજી બીચારો તેણીની પાસે બેસીને કાંઈ વાત કરાવવાને બનતી તજવીજ કરતો હતો—પણ આવા સંજોગ વચ્ચે ખુશાલ વાત તેનાથી કે રતીથી થાયજ શું ?

ભાખઇજીએ જરા જુહાઇએ સુનાબઇની ખબર પણ પુછી નહીં. તેવણ તો બસ કોર મરડીને દારાશાહ સાથ ટાહેલુ કરવા મંડી ગયલાં હતા જર તો ઘરણનુ ખાઘણ્યું થઇને મુગી મુગી બેસીજ રહી આખરે વકીલ વાળાઓને ત્યાંના લોકો આવી લાગ્યાં—અને મેહરજીએ પોતાનું ભાનેલુ કપાળ નુછી જરા છુટથી દમ લીધો રતીને વાત કરનારી સોબતણ બાનુ વકીલ અતે મળી હતી. ગરીબ બીચારી !

ખાસ્સો કલાક દોઢ કલાક આમ ગબડી ગયો હશે " પંથકી પેલેસમાં " જરામી વધારે વાર થોબવાનું રતીના જીવપર આવતુ હતું–પણ બને તેટલી ધીરજ રાખી તેણી જીવ મારીને બેસી રહી. અલબત્તા રૂસ્તમ મુગાશેઠ, બાનુ વકીલ, દારાશાહ, મેહરજી વગેરે અવારનવાર તેણી સાથ વાત કરતા હતા, પણ ભાખઇજી અને જર તો હજી ભારમાં હતાં! રતીના મનમાં બહુ ઓછું આવતું હતું—અને જે ઘડીએ પોતે ' પંથકી પેલેસ 'નુ ઇજન કબુલ કીધું તે ઘડીને તેણી ખરેખર મનમાં હવે કદુવા દેતી હતી.

ભારી જીગરે એકલી બેસી રહીને ફરીથી એ મકાનની સીડીએ પગ નહી મેલવાના તેણી મનમાં કસમ ખાતી હતી તેટલાં એકાએક કોઇ તેણીની પાસે આવીને બેહુ. મેહરજી જઇને જર સાથે કોણ જાણે કેમ મરાયો હશે કે તેણી હવે આ છોકરી સાથે વાત કરવા પોતે ચાલી ચલાવીને આવી હતી.

"કેમ છેઓ રતનબાઇ ?"

"સારી કાની !"

જરે ચીપી ચીપીને રતીની સાડી અને કોર ગમ જોયું,

"તમે મેહરજીના કાકાની છોકરીઓ થાઓ ! કેવું અજબ જેવુ !" તેણી ડોકાંનો એક ચોકસ જાતનો લેહકો કરીને બોલી,

રતીનાં મોહડાંપર જરાક હસવું પથરાયું. પૈસાની ગરમીમાં મરી રહેવી આ છોકરી વળી શુ હોશયારી દેખાડતી હતી !

"ને તમે એના માસીની છોકરી થાઓ ! કેવુ અજબ જેવુ !" તેણીએ તેવીજ બરાબર ઢપથી ઘણોજ ધીમે ઉત્તર વાળયો,

થોડો વાર બેઉ જણાં મુગાં બેઠા. પણ અતે જરનુ મોહોડુ પાછુ ઉઘડયુ.

"દારાશાહ તે દાહરે મને કેહતા 'તા કે તમે એવણના મોટાં દોસ્તદાર થાઓ ! ખરી વાત ? તમુને એવણ સાથે ઘણુ સારૂ કાહારથી થયું ? મરે, બધા કહેજે તેવણ પાસે બે ત્રણ લાખ રૂપીઆ છે. તમે કઇ જાણતા હોશોની ?"

" નહી—હું નહી જાણુતી. "

" પણ એવણુ તો તમારે વરે બધું જાણેછ મને કેહતા 'તા કે તમે ઘણુાંજ હોસ્યાર છેઓ, ને ઘણુ સરસ રાધોછ. ખરી વાત ?"

જેમ તેમ જીવ ખામોશ રાખી રતીએ પોતાના હોઠ મજબુત ભીડયા અને નીચી મુડીએ પોતાના રૂમાલ સાથે રમ્યા કીધું. પણ આખરે એ છોકરીનો મગરૂર સ્વભાવ સર્વોપરી થયો. શું આ જરબાઇ જેવીને એમ તેણી સેહેલમાં ફાવી જવા દે કે ?

" તમે ઘણા હોસ્યાર નથી ?" તેણીએ ઘણોજ હળવેથી સવાલ કરયો.

" હોસ્યાર ? તમે હોસ્યાર કોણુને કેહોછ ? મને રાંધતા તો નહી આવરતું, " જરે જવાબ દીધો.

" હા—પણ તમુને બોલતાં તો ઘણું મજાનું આવરેછ ! તમુને મેહેરજી સાથે ઘણોજ દોસ્તી છે કે ? "

" હાસ્તો—અમે તો બધું એક બીજાને કહી દઇયે. મારી પર એનો ઘણો જીવ છે. અમે નાહલા ઉનાની તાદરથીજ સાથે ઉધરેલાં ! "

" હા—મેહેરજી મને એક દહારો કેહતો'તો ખરો કે એ તમુને અમસી પોતીકી બહેનની માફકજ ગણેછ."

જર ખભરીને ઉઠી ઉભા થઇ, " ટીફીન " નો ઘંટ વાગયો હતો અને સઘળાઓ જમવાના ઓરડામાં જવા ઉઠયા હતાં,

ટેબલપર દરેક જણાની બેઠક આગાઉથી મુકરર કરેલી હતી. બીખઇજીના જમણા હાથ ઉપર દારાશાહ બેઠા હતા. રતીની રકાબી ટેબલને નાકેથી મેલવામાં આવી હતી. બીખઇજી વાંકાં વળીને ઘણાજ એખલાસથી દારાશાહ સાથે ઘુસઘુસ કયારના કરતાં હતાં. મેહેરજી એવો રંજીદા અને ઘુંઘસ જેવો બની ગયો હતો કે ઘસીને કોઇ સાથે વાતબી બરાબર કરતો નહી હતો. બીખઇજી દેખઇતી રીતે રતી સાથે આવી કંઢગી ચાલ ચલાવતાં હતાં અને વળી જાણે મેહેરજીનુ પાકવવા દારાશાહ સાથ હસી હસીને કાનમાં અલકસે વાત કરતાં હતાં તેથી તેને ઘણોજ ફ્ફડાટ લાગ્યો હતો. રૂસ્તમ તો સહવારથીજ લીધેલો ખાધેલો પોતાના વીચારમા મુગો મુગો ગગડી રહેલો હતો. ટેબલપર માત્ર બેજ જણા કાઇ ઘણી અગત્યની ખાનગી ગુફ્તેગોમાં મશગુલ હતાં. તેઓ બીખઇજી અને દારાશા હતા.

"નહી નહી—ખરેખર? એ શુ બોલોછો?" દારાશાહ અચરતીથી ભવા ચહડાવી બહુજ ધીમેથી બોલ્યા.

"તમારા સમ! મને નવરોજજી પોતે કહેતા 'તા" બીખઇજીએ તેવણના કાનપર પડી કહયું, "મારા સોલીસીટરો પાસ એ 'સેટલમેંટ'નાં ઓાચરયાંબી છે તે હું જાણુંછ. એ છોકરી જાહરે પરણશે તાહરે લગનને દાહરે દોઢ લાખ રૂપ્યો એને રીતમા મળશે."

દારાશાહની આંખ ચમક ચમક થાવા લાગી. તેણે ટેબલને બીજે નાકે બેઠેલી રતીગમ એક ચીતે જોયા કરયું.

વાહ ! કેવી નસીબવાળી ! આવી ખુબસુરત અને દોઢ લાખ રૂપ્યાની વારસ !

" ભીખઇજી, તમારા નવરોજજીને શાબાશ છે. પોતાના ભાઇના છોકરાંઓનેબી યાદ કરી ગીયા ! રતીને દોઢ લાખ ને એના ભાઇ બરજોરને બે લાખ ! બેઉના લગનને દાહરે આપવાના ! ! તમે ખરૂં કહોછ ? તમારી ખાતરી છે ? "

" ઓ વાય ! ખાતરી નહી તો શું ? શું મારાં ભેજાંમાથી કાહડૂંછ ? મારા વરે વીલ કીધેનું તે હું નહી જાણું ? તમે કાય–ડોરા બારોછ ? "

દારાશાહે એક લાંબો દમ ખેંચ્યો " ઘણું અજબ જેવું ! " તેવણ્ આસ્તેથી બોલ્યા, "પણ એ લોકોએ મને એક બોલબી એ વીશે હજુ કહયો કેમ નથી ? રંગુનમા અમુ લોકને ઘણી સારી દોસ્તી હુતી ને અહીંબી રતી અને સુનામાયને હુ અવારનવાર મલુછ, પણ મને એ લોક જરા————"

"અરે નહીરે, ખરા હું તમુને કહેતાં ભુલી ગેઇ" ભીખઇજી જરાક હસીને બોલ્યા "એ વીલની વાત એ લોકને બીલકુલ હજુ ખબર નથી. નવરોજજી ખાસ તે છુપું રાખવાનુ લખી ગયાછ, કારણ કે નહી તો પૈસાની લાલચપર એ લોક સાથે પરણવાવાળાં એવાં ઝીપલાં મારે કે ઉલટું એ લોક ના હકમાં નુકશાન થાય—ચાલો, તમે કંઇ ખાતા નહી કે ? "

પ્રકરણ ૨૬ મું.

એ શું ?–સંજોગનો ભોગ !

કોઇ વેળા સંજોગ એવો કબસ આવી જાય છે કે તેમાં સપડાયલું આદમી પોતાની ગમે તેવી મરજી અને તજવીજ છતાં પોતાની સંકડામણમાંથી સટકી શકતું નથી તેવો અવતાર રતી પંથકીનો થઇ પડેલો હતો.

બપોરનુ ખાણુંબી પુરૂ થયું અને ટેબલ ઉપર પીરસાયલી ઠઠમાર વાણીઓ ભીખઇજીએ ખોટાસા ખોહ્લાસ કરી બીજાઓ આગળ બએવાર મોકલી—પણ રતીને જરા નામને ખાતરબી તેવણે એક વખત પણ કાંઇ પુછ્યુ પરછ્યુ નહી. હવે રતી શુ કરે ? શુ સરભાગ ત્યાંથી ઉઠીને ચાલી જાય અને મેહેરજીની સાલગરેહ જેવે દહાડે તેનો જીવ ખાટો કરી નાખે ?

નહી. જેમ તેમ હોઠ પીસીને તે સ્યાની છોકરી બેસી રહી તેણીને ગળે ખાણાંનો એક બુકબી બરાબર ઉતર્યો નહી હતો. આહા, ગરીબાઇ ગરીબાઇ ! આતે કઇ જાતનો ગેરઇનસાફ—કેવુ અપમાન ! પણ છટ–ભીખઇજીની આવી ચાલથી જો ચીરડાઇ ચીચવાઇને રતી ફેસ્તા કરી મેલે, તો ભીખઇજીને તો જેવું જોઇતું હતું તેવુંજ મળી જાય. એવી વખતે શાંત દેખાવ રાખીને જાણે પોતે કાંઇ સમજતીજ નહી હોય તેમ અખાડા કરી જવામાંજ ખરી ફતેહ હતી.

જેમ તેમ ટીફીન પુરૂં થયુ અને સઘળાંઓ ડ્રેઇંગ રૂમમાં પાછા ગયાં. મેહેરજીએ એક વખત તેણીની આગળ

આવીને કાંઇ વાત કરવા માડી, પણ બેઉ વખત ભીખઇજીએ કાઇ કામને મસે તેને પાછો બોલાવી લીધો. વળી રતી વાત કરવાના લાહાતમાજ નહી હતી

પણ આખરે કઇ રેથે ધક લગાડવાની તેણીને તક મલી બાનુ વકીલે પીસનીકોટની પાર્ટી ગોઠવી અને તેમા રતીને ઝફ કરીને રમવા બેસાડી.

"રતનબહેન, તમુને વાંધો નહી હોય તો આપરે બે જણ ભાગયા થઇયે?" દારાશાહે હસીને પુછયું.

મેહેરજી જરા ઉચો રાખીને પાસેજ ઉભેલો હતો——

"નહી એક્ષક્યુઝમી" બહુજ ધુખગાઇને દારાશાહ સામે ડોળા કકડાવી તે મોટેથી બોલી ઉઠયો. "રતી તો મારી સાથે બીલ્લુ થશે. ચાલ રતન, આપરે બેસીયે"

રતીનાં ગભીર મોહડાં ઉપર જરાક હસવું ફરી વળયું,

"નહી, તમે બાનુબઇની સાથેજ બેસો, મેહેરજીભાઇ" તેણી ધીમેથી બોલી, "આપરે બે જણ બેસશુ તો આય બે જણ આપુને ચટણી કરી નાખશે. હું દારાશાહની સાંમએ બેસુછ."

આમ કહી રતી આસ્તેથી દારાશાહની સામે બીલ્લુ તરીકે પોતાની ટેબલપર ગોઠવાઇ. માથાથી તે પગ સુધી મેહેરજીને આ ખુલ્લેખુલ્લી 'ઝાડુ'થી ચટકો લાગ્યો. ગળે ગાંઠ મારી તે રમવા બેઠો. પણ તેનું ધક મેદાનમાં ઘાસ ચરવા ગયું હતું.

એકાદ બે દાવ ઢગધડા વગર મુગે મોહોડે રમ્યો ખરો, પણ રમતમાં એવા છબરડા કરવા માડયા કે આખરે પોતેજ ચીરડાઇને પાના ઉરાડી નાંખીને ઉઠી ગયો. જેવો તે ઉઠયો કે કાંઇ બોહાનું કાહડી પોતાના ઓરડામા જઇ ભરાયો, અને અંદરથી બારણાંને સાંકળ મારી. બાપાઇજીએ એકાદવાર જઇને બારણુ ખખડાવયુ, પણ રીસાઇ ગયલા મેહેરજીએ તેવણુનેબી જવાબ દીધો નહી.

હોલમા દારાશાહ ખુબ ગેલમાં હતા. કોણ જાણે શુ કારણથી બપોરના ખાણા પછી તેવણ રતીની સાથે કાંઇ ઘણાજ ખુશ હતા. તેમાં ખાસ કરી જયારે એ સુંદરીએ મોહડે ચહડીને મેહેરજીને કડક આપી તેવણથી સાથે પીસની કોટમાં જોડીદાર બનવા માગ્યું ત્યારે તો તેવણની પાએક કલાક સુધી હસાઇ હસાઇજ જવાયું હતું કેવી શોભાની, બાલકણી ચંચળ છોકરી ! દોઢ લાખની વારસ ! આંખ ચુંચી કરી કરીને દારાશાહે રતી ગમ અનેકવાર એવું જોયા કર્યું હતુ કે તે બીચારીને અંતે જરા શરમથી લાલ લાલ થઇને નીચી મુડીએ રમ્યા કરવું પડયું હતુ.

દારાશાહ આ પ્રમાણે રતીની ગમ જોતા હતો તેથી તેણીને બહુ અકડવકડ થયા કરતી હતી. પણ ઇલાજ શું ? હમણાબી જયારે તે પોહોળું પટાક હસ્તું ડાચુ લઇને પાસે વાત કરવા આવી બેઠો ત્યારે જેમ તેમ જીવ ખામોશ રાખીને તેને જવાબ દેવાની રતીને ફરજજ પડી.

“હે હે હે ? એ મેહેરજી શું પોતાના મનમાં ખાંન ખાયા કરેછ ! રતનબઇ, તમે ઘણું મજાનું કીધું હં ! એને

બધાના દેખતાં ચાંઇ કીધો તે મને ઘણુંજ ગમયું—કે કયુ."

રતી નીચી મુડીએ થોડાવાર બેસી રહી દારાશાહ જરાક તેણીની વધારે નજદીક આવીને બેઠો અને કાનપર પડી ધીમે સાદે પાછું બોલ્યો.

"આપરે ગ્રુનના કેટલા જુનાં દોસ્ત છૈયે તે એ બીચારાને કઇ ખબરજ નથી, હંકે! એ તો એમજ માથામા રાઇ રાખેછ કે એની પાસ પૈસા છે તેથી સઉ કોઇ એને પગે પરતા આવશે કેમ—તમે શુ ધારોછ? અ, જવાબ દેવોની, રતનબઇ?"

"હુ શ જવાબ દેઉં?" રતીએ આસ્તેથી ઉત્તર વાળ્યો "મેહેરજીને ગુસ્સો લાગો તેથી મને તો ઉલટી ચટપટ થાયછ"

"હા, પણ તમે એની કાંઇ દરકાર તો નથી કરતાની?"

"દરકાર? એટલે!" રતીએ સહેજ ભવાં ચહડાવી દારાશાહ ગમ જોઇ પુછયું.

"એટલે—મકુજે તમે—છે તે—એની સાથ નહી બેઠા ને મારી સાથે બીલ્લુ થયા તેથી દલગીર તો નથી કેની? હું તો ખરેખર ઘણોજ ખુશી છેઉ જો, રતનબાઇ."

આટલું બોલી અચણુચ દારાશાહે રતીનો એક હાથ પોતાના બે હાથોમા ઉંચકી લીધો અને એવી તો આતુરતાથી તેણીની ગમ ટગમગર જોયા કીધું કે લજવાઇને તે બીચારી લાલ ચોલ થઇ ગઇ. બીજાઓ તો ગાવા વજાડવામાં, વાંચવામા વાતચીત કરવામાં મશગુલ હતાં—પણ ભાખઇજી એક બાજુ બારી આગળ બેસી હાથમા કાંઇ સીવવાનું લઇ નીચી મુડીએ

કામ કરવાને મસે બાડી બાડી આંખે આ તમાશો જોયા કરતાં હતાં, તે રતીને બરાબર ખબર હતુ.

દારાશાહના હાથોમાથી પોતાનો હાથ છુટવી લઇ રતી ત્યાથી ઉઠી ગઇ. તેણીના કાઇક ગભરાટ અને અચરતા વચ્ચે દારાશાહબી ઉઠ્યો

"ચાલો, આપરે બાગમા કઇ વાત કરીયે તાહ્ને એની મેરે જરા શીઉં છે રતનબઇ, મારે તમુને કઇ અગતની વાતબી કહેવાની છે—અહી આવો"

આમ બોલતા હજુ તો રતી જવાબ દઇ શકે તે અગાઉ તેણીનો એક હાથ પકડી દારાશાહ ઝપાટામા ઓટલાપરથી ઉતરી પડ્યો અને બાગમા એક મોટા ઝાડના છાયા હેઠળ મેળેલા બાંકડ ઉપર રતીને લઇ જઇને બેસાડી અને પોતે પાસે બેઠો.

"માફ કરજો હું, પણ મને જરા ખાનગી વાત કરવાની છે તેથી આપરે અહી આયા——"

"હા, પણ જે કહેવુ હોય તે જલદી કહી દેવો," રતી હવે જરાક ગભરાઇને ગુસ્સા સમેત બોલી, "હુ અહી તમારી સાથ વાત કરૂ છ, તે મારા કાકીને જરાક ગમવાનું નથી. ને બીજાઓબી શું કેહશે–"

"ઓહ! બીજાઓની આપુને શું દરકાર છે? આપરે આટલાં જુના બેઉ જણ દોસ્ત છઇએ, તાહરે પછી—"

"તમે ભુલોછ. આપરે ગુનમા એક બીજાને ઓળખતાંતાં ખરાં, પણ હું તમારે વાસ્તે કઇ જાણુતી નથી." રતીએ ડોકી નીચી રાખી જમીનપર આંખ ઠેરવીને કહ્યું.

અરે ખોદા ! આ દારાશાહ તે દહાડે શું કહેવા માંગતો હતો ? શુ કાનુન ધારેલી રીતે પોતે લગનની માંગણી કરવાના આ બધા ચેનચાળા કરતો હતો !

રતીની છાતી ધડક ધડક થતી હતી. ઓહ, કશાને ખાતર નહીં તો આ મીનજી મગરૂર બીખઇજી કાકીને એક જાતની મુગી લપડાક મારવા તો રતી દારાશાહનો હાથ તે વેળાએ જરૂર કબુલ કરતે મેહેરજી માટે જરા મનમાં વીચારબી રાખવો હવે બેહુદો હતો. તેણીને તે દહાડે મળેલા આદરસતકાર પછી કાપીને કટકા કરી નાખે તોબી રતી મેહેરજી સાથ પરણવા કબુલ થાય એમ નહીં હતુ અરે, જો આ દારાશાહ સાથ પરણી જવાય તો તે મીજાજના ખોરીયાં પઇસાદાર સગાઓની એટલી તો ખાત્રી થાય કે તેઓ મનમા ફાંકા રાખતા હતાં તેમ રતી કાંઇ મેહેરજીની પછવાડે ઝીપલા મારતી ન હતી. એજ, બસ, એજ ફતહ કેવી પુરતી હતી !

અને દારાશાહ સામે વાંધોબા શુ હાય ? તેની પાસ પઇસા હતા, અને દેખઇતી રીતે તેનામા કાંઇબી ખોડખાપણ હતી નહી. વળી ઘરમા રૂપીઆની મારામાર પડે અને એક પછી એક જણસ વેચાતી ચાલે તેવે વખતે પોતે દારાશાહ જેવાની સાથે ગોઠવાઇ જાય, તો બીચારાં સુનાબાઈ માએનેબી કેટલો ફાયદો થાય ! સુનાબાઇની તબીયત છેલ્લે છેલ્લે તદનજ લઠડતી ચાલતી હતી. બરાબર દવાદારૂના વાખા—અને તેમા વળી રોજ ઉઠીને ઘર ખરચના હાય સોસારા! ડાકટર જયારે આવે ત્યારે મોંહ કુમળાવી તેવણુને કાંઇ સુપ યા શકતીનો ખોરાક આપવા કહયા કરતો હતો—પણ તે લાવવો કયા ચુલામાથી ?

દહાડે દહાડે સુનાબાઇ તદનજ નખાઈ જતાં હતાં, તે રતી બરાબર જાણતી હતી અને પોતાની માતાને હાલ હવાલ પડતા જોઇ તેણીનું રોજ પાશેર લોહી સુકાતું હતું.

દારાશાહે પોતાની આંખ્યો રતીના ચેહેરા ઉપર એક ભુખ્યા વરૂની પેઠે ટાકી રાખેલી હતી. એકાએક તેણે તે છોકરીનો હાથ જોરમા પકડી પોતાની છાતીપર મેલ્યો.

" રતનબઇ, રતન! તારી સાથ એકલો હું વાત કરવા માંગતોતોજ. તુને રંગુનમા મે પેહેલી જોઇ ત્યારથીજ મે ઠરાવ કરી મુકયો'તો કે મારૂ સુખ તુને આપવું. હું તારી પાસ બેસીને વાત કરૂછ તે તુને ગમેછ કેની? મારી સામે જોની!—હૈયો લુચ્છી ' "

દારાશાહ ખડયા પગ ગલીચા સુધી લઇ જતો હતો તેણે રતીના માથા પર હાથ મુકી તેણીનું ડોકું પોતાની તરફ ફેરવ્યું

રતી ઠડાક કરતી કે ઉઠી ઉભા થઇ

" આપરે એક બીજાને ઓળખતા હોઇશુ " તેણીએ છેડાઇને જરાક બીજાજથી હવે કહયું. "પણ તમુને—આપુને ——એમ વાત કરવાનો હક નથી. હુ તો અંદર જાઉંછ."

" ઉભી રહે, રતન! તું દોરાદોર ના કર. બધાં તો અંદર છે. મજાની એકલે જીવે વાત કરવાની તક મળીછ તો જરાક બેસની—એમ નાહસભાગ શું કરેછ? હું પુછુંછ, રતન, કે તું મારી સાથ પણશે? તું મારી ધણીઆણી થશે?"

ઓ જીવ ! આખરે તે સવાલ આવ્યો ! ખુદા જાણે શું કારણથી—પણ તે કાને પડતાંજ રતી અંદરખાનેથી ખરેખર કમકમી નમાવેલી ડોકી સાથ જમીનગમ જોયા કરતી તેણી એક પળ મુગી ઉભી.

"તમારી માગણી સારૂ મેહેરબાની થઇ," એક લાંબો દમ ખેંચીને તે બોલી. "પણ તેનો જવાબ હુ હમણા આપી શકતી નથી. ચાલો મને છોરો."

"પણ હમણા કાય નહી ? પોરી હું જાણુછ કે ખરેખર તો તું મારીપર ખુશ છેજ ચાલ એમ નખરાં ના કર."

દારાશાહે રતીને પોતાની આગળ ખેચી—પણ જોરમા ઝટાક કારી તેણી છછણીને પાછી છુટી થઇ ઉભી.

"તમે મારી સાથ એમ છુટ કેમ લેવોછ?" રતી લાલ લાલ થઇને ત્યાંથી ચાલવા માડતાં બોલી, "મને તમારી સાથ વધારે વાત નથી કરવી, જાવો."

રતીના દીલમા તે વાર દારાશાહને માટે કેવો ધીક્કાર અને હલકો વીચાર પેદા હતો તે તો તેણીનો જીવજ જાણે! ઓ ! મેહેરજી કેવો લાયકીવાળો અને સુધા સાચો ગ્રહસ્થ ! અને આ દારાશાહની કેવી અણઘડ પોશાગીર જેવી ચાલચલણ ! રતીની છાતી ઉથલાતી હતી. પોતાની પછવાડે ઉભેલા દારાશાહ ગમ એક ગુસ્સાની અને નાપસંદગીની નજર ફેંકી તેણી કોર મરડીને ત્યાથી સપાટામા ઓટલાની સીડીએ ચહડવા લાગી. બે ત્રણ પગથીયા ચહડી હશે કે અચણુચ તેણી અટકી ગઇ—કોઇએ તેણીને બાજુમાંથી જોર સાથ પકડી અટકાવી હતી.

એક નાની ચુમ સાથ પાછું ફરીને તેણીએ જોયુ. દારાશાહ ત્યાં એક પીધેલા આદમીની પેઠે તેણીની ગમ ફાટે ફાટે ડોળે જોયા કરતો હતો.

"રતન! તુ મને જવાબ દેવા વગર જાયછ?"

"છોરો મને—નહી તો હું મોટેથી ચીસ પારશ."

"નહી—મને જવાબ આપ પહેલાં, પછી જવા દેઉં. મારી ડાલી, તું અમથી મચકાયછ. કમ કમ, રતન! બી માઇ વાઇફ"

આમ બોલતાં આંખના એક પલકારામાં દારાશાહે રતીને કમરમાંથી પકડી. તે સખ્શે આ ગરીબ ગભરાઇ ગયલી છોકરીને એટલી તો સપાટામા અને ન ધારેલી રીતે પોતાના હાથોમાં સીકડી પોતાની ગોદમા ખેંચી કે અકળાઇ ગયલી રતીથી તો ચુમબી પાડી શકાઇ નહી. એકાદ મીનીટ આવી અસાધારણ વર્તણુકથી તેણી એવી ડઘાઇને ડાયબાય થઇ ગઇ કે પોતે કયા હતી, કોણના હાથમા હતી અને તેણીની આ હાલત ઓટલાપર ઉભું રહીને કોણ ધારીધારીને જોયા કરતુ હતું, તેનું બી તેણીને ભાન રહયુ નહી

અંતે દારાશાહે તેણીને અચબુચ છોડી દીધી અને પછી ખસ્યાણો જેવો પોતાનુ ભીનાયલું કપાળ નુછવા લાગયો રતી એક બીધેલી હરણીની પેઠે સીડીઓ ચહડા ઓટલાગમ દોડી. મથાળે આવી ત્યારેજ તેણીએ જાણ્યું કે

કમ્મરે બે હાથ દઈ બીખઇજી કાકી કયાગના ત્યા ઘણુાજ દમમાં બધા બનાવ જોતાં ઉભેલા હતા !

*   .   *

બીખઇજીનો તે નાનો ખાનગી ઓરડો હતો. ખુણામાં દીવાલને અઢેલીને રતી નીચી મુડાએ સફેદ ચાદર જેવાં મોહોડાં સાથ ઉભેલી હતી. બીખઇજીના મોહોડાંપર એક જાતનો તોફાની થોબરો હતો.

" જારે મને મેહેરજીએ કહયુ તારેજ મે ખરી ખંખારીને કહયુ કે તારાં જેવાં પીજારડાઓ આય પેલેસમાં નહી જોઇયે. તે ઘણોજ બોંહોસ કરવા લાગો તારે મેં હા કહયું કોઇ બહારના માટીડાની સાથ એમ ઘેલા ચેરાં કહાડતા તુને શરમ નથી આવતી ? "

" તમે મને એ બધુ કહેવા અહીં બોલાવી ? " રતીને ઘણોજ ધીમો ગંભીર અવાજ નીકળયો

" હા—મને બોલાસો જોઇયેછ મારા ઘરમા આવા ફેરતા થાવ તે માઉ મોત થઇ જાયછ માટીડાઓ સાથ તને નાચવાનુજ જોઇતુ'તુ તો બીજી જગા નહી મળતીતી કે ? મુવાંઓ કાહથી એવા અમારા ખાનદાનને એબ લગાવા નીકળી પરેછ ! "

રતી જીભ કરડેલી રાખીને એક મીણના પુતળાની કાની જડ થઇને ઉભી રહી. મગરૂરી તીરસ્કાર અને બેગનત તને મારે જાણે તેણીની છાતીમા તોફાની મોજા ઉછાળા મારતા હતા. શું આવી તાનાજાનીનો કાંઇ જવાબજી દેવો ?

શું એવા ઓહ્દતાનનો જરા જવાબબી દેવો ? નહીંજ—નહીજ ! શું કામ ? એટલી બધી ગરજજ શું ? બસ હોઠ બીડીને તેણી મુગીજ ઉભી રહી. બીખઇજી ક્રોધ અને ધીકકારને મારે હાફતા જઇ તેણીની ગમ એક ખુની મીસાલ ધુરકતાં હતા.

" જો દુકતી," તેવણે ચીચવાઇને પાછું ચલાવ્યું, " હું સાફ કેહી મુકુછ કે તારા જેવી છકેલ વાહરીથી મારા ઘેરને હું બદનામ થવા દેવાની નથી. મારા કુટુંબના નામને ખાતર આય વખત હુ અખારા કરી જાઉછ—પણ જો એવીજ શરમ વગરની ચાલ ચલાવવી હોય, તો અહીયા ફરીથી પગ મુકતી ના. મુવાં તમારા જેવા હલકા રખરતાં લોકોથી બીજી વધારે શું વકી હોય ! સારૂ થયુ કે આટલાપર હુંજ ઉતી. કોઇ બીજોઓ હોતે તો મારૂ કેવુ નામ ધરતે !"

અરધીએક મીનીટની ચુપકીદી ઓરડામાં પથરાઇ રહી, રતીનો શ્વાસોશ્વાસ કઠણાઇથી ચાલતો હતો.

" બીજું કંઇ કેહવોછ, બાખઇજી કાકી ?"

રતીને આમ ઠંડા પાણીના માટલાની કાની ધીરે હલ્લુથી સવાલ પુછતાં જોઇને બાખઇજીનુ તો છેકજ પાકી ગયુ. બહુજ ઉસકેરાઇને હવે તેવણુ ધાડું તાણીને કહલો કરવા પડયાં—

" વરી નષ્ટ નાકે એમ શોખાઇ શાંની કરેછ ? તું તારાં ભેજનમા એવી રાઇ રાખતી હોશે તો તે બધી હું કાહરી નાખશ. તું કદાચ એમ ઉપ્જ્ણાતી હોશે કે મેહેરજી તારી સાથે જરા ખુશ છે તેથી—"

"બીજાંઓની વાત ના કરો, જે બોલવું હોય તે મારેજ વાસ્તે બોલો. કંઇ વધારે કહેવુંછ કે હું જાઉં?"

"હા, નીકલ મારા ઓરડામાંથી! તારા જેવી તરકરી ને છકેલનું મોહનુંબી હું જોવા નથી માંગતી."

"મેહેરબાની થઇ. ને હુ તમારૂંબી મોહનું જોવા નથી માગતી. હુ કેહુછ કે આજે અહીં આવવામા મેં મારી જીંદગીની મોટામાં મોટી ભુલ કીધીછ."

"ચાલ નીકળ અહીંથી—નીકળ એકદમ! સામે માનાપર એવા જવાબ આપશે તો ડોરા ખેંચી કહારશ. મેહેરજીબી હમણા મારી આગળ આવીને તારી ખરાબ ચાલને વાસતે હજાર હજાર ફર્યાદ કરી ગીયો."

રતી ચમકીને ખડી ઉભી પહેલી વાર તેણીના શાંત સમાધાન મોહડા ઉપર કાંઇક ફેરફાર પસાર થઇ ગયો. એક પળ તેણીએ બાબઇજીની ગમ નજર ફેંકી.

"મેહેરજીએ પોતે તમારી આગળ ફર્યાદ કીધી?" તેણીએ ઓખરા અવાજે સવાલ કર્યો.

"હા—હા એટલે તું મનમા શું એમ સમજેછ કે મેહેરજી તારી પર ઘણો ખુશ છે તેથી કંઇ બોલશે નહી? જા જા એમ કંઈ ભરૂસે રહેતી ના—સમજી! પેલા દારાશાહ સાથ તેં સવારથી વેલાં ચેરા કહારવા માડયાં તેથી મેહેરજી ઘણોજ કચવાયછ. એ તો સારૂં છે કે આય દારાશાહ સારા આબરૂદાર

ખાનદાની માણુસ છે ને પાસે ત્રણ ચાર લાખ રૂપીઆ છે તેથી બધું વણુઈ જાયછે. નહી તો હમણા ચોટલો પકડીને હું તુને મારા ઘેરમાંથી બહાર કહાડતે."

"એટલું બધું કરવાની કઇ જરૂર નથી. તમારા ઘેરમાં એક મીનીટબી વધારે થોભવામા હું ગુનાહ સમજુંછ."

આમ બોલી ઝડપમાં બારણું અફાળી રતી ઓરડામાથી બહાર નીકળી પડી.

પાછલે દાદરેથી ઉતરી. તેણી ઉશકેરાલી હાલતમાં એક દીવાની ઓરતની પેઠે રાંધણી આગળના દરવાજામાંથી બાહેર રસ્તા ઉપર પડી.

આહ! ભીખઇજી કાકીએ પોતાના હાથમાંના પાનાં બહુજ સીફતથી અને બહુજ કુશળતાથી ખેલ્યાં હતાં! રતી એક જાતના આંધળાં ઝનુનથી 'પથકો પેલેસ' છોડી ગઇ તે કાકીએ કરેલાં અપમાન કરતાં તેણીના દીલમાં લાગેલા એક બીજા ચટકાને લીધે વધારે હતુ. મેહેરજીએ તેણીની પીઠ પાછળ પોતાની મા આગળ ફરીઆદ કીધી! મેહેરજીએ?— અરે મેહેરજીએ? ઓ! રતીનું માથું જતુ હતું કે શુ? દુનીયાજ ઉઠલાઇ ગઇ હતી કે શું? રે જમાના—તારો હવે ભરોસો કયા રહયો? રતીનાં આખમાં પાણી ઉભાઇ આવ્યા. મેહરજી—મેહરજી! તારી ઉપર કેટલો વીશ્વાસ રાખ્યો— અને તે વીશવાસને તું આવો નાલાયક નીવડયો! ઓ હીચ-કારા બાયલા! રતીના મોહડાપર મીઠો રહીને બાવાજીના બુચાંની કાની માય આગળ રતીનો ચાલપર શક લઇ જઇ ફરીઆદ

કરવા બેઠા! પોતાના ઘરભણી ઝડપમાં ચાલી જતી રતીને મનથી આખી દુન્યા અકારી ઝેર પડેલી હતી. મેહેરજી જેવા જયારે પીઠ પાછળ એમ તેણીની બદગોઇ કરે ત્યારે બસ થઇ ચુકયુ ! બધા ખુશનુમા સ્વપનાઓ એક ધાટકી ફટકે ઉડી ગયા હતા.

અને દારાશાહના હાથમાં પોતાને પકડાયલી જોઇ ભીખઇજી કાકીએ કેવાં મીણા મારયાં ! રતીથી બચાવમાં એક બોલબી શું બોલી શકાયો ? હે દુનીયા ! સજોગનો ભોગ તે એનું નામ !

પ્રકરણ ૨૭ મું.

બાપ કે બળા ?

સમી સાંજના સાતેક વાગતે સુર્યાસ્તનું ઝઝકણું કરાંચીનાં "ટેરેસ હોલ"ને એક ઝાંખી ઠંડી રોશનીમાં વીટાળી રહયું છે. તે દમામદાર મકાનનો ગુલશન સરીખો બગીચો કાંઇક વધારે ટેસ્ટથી અને વધારે કાળજીથી આરાસ્તે થયલો કરાચીવાસીઓની નજરે આજ કેટલાક દહાડા થયા પડી રહયો છે. હમણા લગભગ અંધારૂં થવા આવ્યું છે તે છતાં બગીચાના ફાંકડા કયારાઓ વચ્ચે ધીમે ધીમે અને લેહરે લેહરે લતાર મારતી " ટેરેસ હોલ " પેલેસની નવી જવાન શેઠાણી પોતાની ઈગ્રેજ બુઢી ગવરનેસ સાથે ફરતી ફરે છે.

લીલી મેહેતા ! યેહ ! એ નવજવાન રંગીલી નારની કમ્મરનો ઠણુકો કયા જાય છે ? દીલમાં ઘેરા બલુ રંગની કસબી સાડી અને ખાસ છેલ્લી ફેશનની બાહેવાળું બદીયાન, માથાબાના સાથનાં પફ કીધેલા બાલ, પગમા વીલાયતી શુઝ—બાઇજીનો ઠઠેરો અને મરડાટ જરા તેજીપરજ છે.

વાયોલેટસના કુંડા આગળ થોડો વાર વીચારમાં ઉભી રહી માતબર મેહેતા ખાનદાનની આ નસીબવંત વારસ છોકરીએ ફુલોનો એક ઝુમખો તોડી પોતાના બદીયાનમાં ખોસ્યો ગવરનેસ મીસીસ હરસ્ટ ચુપચુપ પછવાડ મુગી ઉભી રહી આ સોવામણી બાઈના ચેહેરાપર થઇ જતો ફેરફાર જોયા કરતી હતી.

લીલીએ એક નીસાસો નાખ્યો "કેમ મીસીસ હરસ્ટ, કંઇ ધરણુ મદર જેવાં મુગાં ઉભાંછ ? એમ અહીં પીજરામાંના મરઘાંની કાંની ગોધાંઇ રહેતાં તમુનેબી જીવપર આવેછ કે ?"

મીસીસ હરસ્ટ સહેજ મુછમાં હસી. "આજે તમેજ જરા વીચારમાં છેવો તેથી હુબી બોલતી નથી. શું છે મીસ લીલી—તમે ઠાકેલાં દેખાવોછ ? મેં તમુને કહયુની કે એમ ત્રન દાહરા લાગટ રાતના ઉજાગરો કરતા તમારી તબીયત બગરશે. પણ તમે મારૂં માનતાંજ નહી તે હું શું કરૂં ?"

લીલી મેહેતાના ગોરા કપાળ ઉપર મીજાજની કરચલી ચહડી.

"ચાલો—વરી મને તમારૂ લેકચર નથી જોઇતું !" વરી ઉજાગરા નહી કરે તો શુ કરે ? ડાલાસની અંગ્રેજી નાટક

કંપની એક તો મુઇ ચોખા ૭ દાહડા અહીં રહેવાની તેમાં ત્રન નાટકો જોયા તેબી ઘણુા થઇ ગીયા કે? તમે તો એમજ જાહરે તાહરે એકનો એક રદનપાતલો કર્યા કરોછ ફૂરે હરે નહીં તો શું કરે? જીંદગીમાં કંઇ જરાબી તો મોજમજાહ જોઇયે? આય સવાર પરી ઉઠયાં, પાલીયાની કાની ખાધુ, જરા ગારીમાં બેસીને ફર્યાં કે ચાલો ઘેર આવીને સુઇ જાવો! હવે તો મોને ફીકબી આવી ગઇ, મીસીસ હરસ્ટ."

બુઢી મીસીસ હરસ્ટ મુગીજ રહી પોતાની જુવાન શેઠાણીનો સ્વભાવ અને આદત તેણી હવે બરાબર સમજતી હતી. લીલી મેહેતાનો જવાન જીવ કયાં કયાં ઉડતો હતો, તેણીના બોહોસીલા અને આપખુદ સ્વભાવ આગળ કોઇબી જાતની તકરાર કેટલી બેજા હતી, જવાન ઉછળતાં એ લોહીને કાબુમાં રાખવાની કોશેશ કેટલી મીથ્યા હતી, તે મીસીસ હરસ્ટને બરાબર ખબર હતુ. "ટેરેસ હોલ"માથી જયારે રૂસ્તમ મુગાશેઠની મા તથા બેન દીનુ છુટાં પડયા ત્યારે પોતાના એક સોબતણુ તથા 'શેપેરોન' તરીકે લીલીએ આ ઘરડી ઈંગ્રેજ સ્ત્રીને ૮૦ રૂપીઆના માસીક પગારે પોતાને ત્યા રાખી હતી. આવાં મેહેલ જેવાં મકાનમાં રહેવાનું, શેઠાણી સાથ વાડી ગાડીએ ફરવાનું અને ખાવાપીવામાં પાદશાહી મોજ કરવાની, બાઇની સાથે ને સાથે દરેક મેળાવડામાં, નાટકમાં ફરવા હરવા બે ઘોડાની ગાડીમાંજ બેસીને જવાનું——મીસ લીલીનું સેહેજસાજ ઉપર ટકેનું જરા કામ કરવા સીવાય બીજી બધી વાતે સુખવાસી જીંદગી ભોગવવાની——વાહ! મીસીસ હરસ્ટને તો આ એક બેહેસ્તખાનાની ચાકરી મળી હતી. લોક લાજને

ખાતર લીલી મેહેતા તેવણને એક ઠીઠાં તરીકે દરેક ઠેકાણે સાથેની સાથે રાખતી હતી—પણ બીચારી મીસીસ હરસ્ટનો એ પાજી છોકરીની આગળ એક કુતરાના જેવો અવતાર હતો. બાઇજીને જરાક ઓછું પડયું કે જોઇ લેવો ઝબાંદરાજી નો બહાર ! મીસીસ હરસ્ટ જો જરાબી શીખામણ દેવાની હીમત કરતી તો લીલી તેવણને પીખીજ ખાતી. નામ ત્યારે 'શેપેરોન,' પણ ડગલે ને પગલે બીચારી મીસીસ હરસ્ટ હાડમાર થતી. અને તોબી એ ઘરડી ગવરનેસ આજે લગભગ પંદરેક દહાડા થયા પોતાની એકલી અટુલી જુવાન બાઇની સંભાળ લેવા "ટેરેસ હોલ" મા નોકરીએ ચીટકી રહેલી હતી.

પાંચેક મીનીટ તે ગવરનેસે લીલીનાં ખુબસુરત મોહોડાં ગમ એકકી ટગરે જોયા કીધું.

"કેમ મારૂં ડાચું શુ જોયા કરોછ ?"

"હું તમારે વાસ્તે વીચાર કરૂંછ. મીસ લીલી; આટલા બ્યુટી આટલા બધા પઇસા ખોદાએ તમુને આપ્યા ને હજુર તમે કોઇ સારે ઠેકાણે શાદી કાંય નથી કરતાં ?"

લીલીનો ઘુખરાયલો ચેહેરો સેહેજ ખુલી ગયો. બગીચાનાં દરવાજા આગળ મેલેલા એક બાજટ ગમ તેણી મીસીસ હરસ્ટને હાથ પકડીને ખેંચી ગઇ.

"અહીં બેસો, મીસીસ હરસ્ટ," તેણી હવે જરા નરમ પડીને આસ્તેથી બોલી. "તમે હમણા મને શું પુછયું ?"

"હું ઇચ્છું છું કે તમે કોઇ લાયક યંગ મેનને પસંદ કરીને તેને તમારો હાથ આપો. ડીયર મીસ લીલી, આય જીંદગીમાં ખાલી પઇસા.વીજ કંઇ બધું સુખ મળતું નથી."

લીલીના હોઠપર હસ્તુ પથરાયું.

"મીસીસ હરસ્ટ, તમ પ્યાર જેવી ચીજમાં માનોછ?"

"હા કાય નહી? તમે હજુર એ લાઇનમાં નવાં છેવો, મીસ. તમે એક વખત—"

"કેમ જાણ્યું કે હુ નવી છેઉ? શુ દુનીયાની બધી અક્કલ ને અનુભવ તમારામાંજ છે કે?"

"ઓહો! તારે તમે કોઇને લવ કરોછ? હું સાંભલીને ઘણીજ ખુશી થઇ આય મકાનમાં એક માસ્તર આવે એવું હુ ગત હ્યારો ઇચ્છું છ."

હાથમાંના ફૂલ સાથ નીચી મુડીએ રમ્યા કરતી લીલી મોહેના થોડા વાર મુગી બેઠી. પણ મીસીસ હરસ્ટે અંધારૂં છતાંબી બરાબર જોઇ લીધું કે તેણીના ગાલ ઉપર રતાશ ધાઇ આવ્યો હતો.

"મીસ લીલી! હુ ખરેખર ઘણીજ ખુશી છેઉ," મીસીસ હરસ્ટ તેણીનો બરડો પસવારતાં બોલી. "તે કોણ ભાયગશાળી માણસ છે? અહીં યંગ જેનટલમેનો તમુને મળવા આવેછ તેમાંનો કીયો?"

લીલાએ ડોકું ધુણાવ્યું,

"તેમાંનો કોઇ નહી. મીસીસ હરસ્ટ, હું તમુને કેહુછ તે તદન ખાનગી રાખજો. અહીં મને મળવા

જે જે સ્ટુપીડ ઇડીયટો આવેછ, તે લોકને કોઇને વાસ્તે મને જરાકબી દરકાર નથી. મારા પઇસાપર એ લોક ભમેછ—હુ તે લોકને જીગરથી ધીકકારૂંછ પ્યાર જેવી ચીજનો એક વખત મને ખ્યાલ મળયો'તો, પણ તે પાછો ખલાસ થઇ ગીયો. એકજ માણુસને વાસ્તે મે મારી જીદગીની સ્પર્ટ અત્યાર સુધીમાં જરાક દરકાર કીધી'તી—પણ આજે લગભગ ત્રણ વરસ થયાં તેનો પતો નથી ”

“ વોટ આ પીટી ! ”

“ હા, જો કોઇને કહેતાં ના. આજે તમે મને પુછયું તેથી હું મારૂં દીલ ખાલી કરી દેઉછ હુ અહી આવી તેની અગાઉ રંગુનમાં ઉતી તાંહ મને તેની સાથે ઓરખાણ પરી. થોરા વખતમા મારી ખાત્રી થઇ કે મારૂં દીલ જો કોઇ બી માણુસ જીતી શકયો હોય, તો એ ધણી છે. એ, બે વરસ અમે લોકો સાથે રંગુનમાં ઉતા, પણ મેં તેને ઘણો ટવળાવ્યા કીધો. જેમ બીજા જુવાન છોકરાઓને હું હબગ કર્યા કરતીતી તેમ મેં તેનેબી હબગ કીધો. ખોદાય જાણેછ કે તેમ કરતાં મારા દીલમા શું થતું તું. પણ મને અવર સુઝ પરી. એક દહારો અચબુચ મને ખબર પરી કે તે રંગુન છોરીને કેથે જતો રહયોછ ”

“ અરરરર, કેવું દલગીરી ભરેલું ! પણ તેનું કઇ નામ ? મીસ લીલી, મને નામ કેહવો. જો—મને જાણવાની ઘણી ઇંતેજારી થાયછ.”

“તેનું નામ તમે જાણીને શું કરશો ? પણ લેવો, બધું કહી દેવાની ધુણપર આવીછ, તાહરે તેબી કેહુ. કોઇ આગળ

બોલતાં ના, તેનું નામ દારાશાહ દીનીયારજી કરીને ઉતુ— ઉમરનો જરા પાકટ ઉતો ને હું જાણુંછ તાંહ સુધી રંડાયલો ઉનો; પણુ તેનીજ ગમ મારૂ દીલ ખેંચાઇ ગીયુ. બસ તે ગીયો ને મારૂં જીગર તુટી ગીયુ. હું જાણુંછ કે તેનુંબી દીલ તુટી ગાયું હોશે. કારણકે તાહર પછીથી આજ સુધી તેણે મને એક આંકરોબી લખ્યો નથી. ચાલો હવે રાત પરી અંદર આવોછ કે ?"

લીલી મેહેતા અને મીસીસ હરસ્ટ ઉઠયાં. અંદર બંગલા ગમ જવા તેઓ ભાગ્યે પાંચ છ પગલાં ચાલ્યાં હશે કે પછવાડેથી કોઇના "સીટ સીટ" અવાજ સાભળી બેઉ જણ ચોકીને અચકી ઉભા અને પછવાડે જોયુ.

એક મસ મોટો જાડો ભુરો ઓવરકોટ પહેરેલો લ-ફંગો જેવો શખ્સ ત્યા અદબ વાળીને ઉભો રહી તેઓ ગમ એકી ટગરે જોયા કરતો હતો. તે કોઇ દેખાવે મગોલ યા ઇરાની જેવો દીસ્તો હતો માથા ઉપર એક મોટી શીયાલ તેણે વીટાળી હતી, અને બગીચાના ફાનસની અપુર્ણ રોશની વડે લીલીએ જોયુ કે તે સુમારે ૫૦ થી ૫૫ વરસનો કોઇ દાઢી અને લાંબી મુછવાળો માણુસ હતો—પણ ગળાંની આસપાસ એક મોટો ઉનનો ગળેબંધ તેણે વીટાળેલો હોવાથી તેનુ મોહોડું બરાબર દીસ્તું ન હતું. એક મીનીટ ત્રણે જણા ઠરીઠામ થઇને સામસામે ટીકવા પડયાં. આખરે લીલીનોજ પહેલો સાદ નીકળયો.

"કોણુ હય ? કીસ્કુ પુછતા ?"

તે બેગાનો આદમી હવે ધીમેથી ચાલતો અને બાઓની નજદીક આવ્યો, અને લીલીની અડાઅડ જઇ તેણીના કાન-પર પડી બહુજ ધીમેથી પારસી ભાશામાં બોલ્યો

"મારે તમુને ખાનગીમાં મળવું છ જરાક આ મડમને અહીથી જવા કેહશો ?"

લીલી મેહેતાનો ચેહેરો એક બે પળ જરદ મારી ગયો. તેણીએ ધારી ધારીને તે વીચીત્ર શખ્સ ગમ જોયા કીધું, પણ વ્યર્થ. તે આદમીનું શાલ ડોસાલામાં લપટાયલુ મોહોડું ઓટા માં હતું. એકાદ મીનીટ ચુપકીદી પથરાઇ. પેલો વણી લીલીનાં મોહોડાંપર આંખ્યો ટાકી રાખીને એવી તો અજબ રીતે જોયા કરતો હતો કે હીમતવાન છોકરીનાં દીલમાંબી બે ઘડી દેહેસ્ત પેઠી.

"તમુને જે કેહવું હોય તે આએ મારી ગવરનેસનાં દેખતાંજ કેહવો," તેણીએ પેલાના ચેહેરા ઉપર એક ઉડતી નજર નાંખીને કહયું. તે ચેહેરા ઉપર કાંઇ સારી નીશાની નહતી. તેનાં ભરાવદાર ભવાં ચહડાવેલાં હતાં અને એક ખવી-સની કાની તે દાંત પીસ્યા કરતો હતો.

"નહી, તમારી સાથે એકાંતમાંજ વાત કરવાની છે, ને તે હમણા કરવીજ પડશે," તેણે ઘોઘારી સાદે બીડેલા હોઠ વચેથી કહયુ.

"એટલે ? તે તમે શું મને દમબમ ભરાવા આયાછ કે ? તમારી સાથ હું વાત કરવા નથી માંગતી. તમે અહીથી ચાલી જાવો, નહી તો હું માણસને મોકલીને પોલીસને બોલાઉંછ——"

" એ બધી લબ્ભાસ છોડી દેવો, નહી તો હમણા આય બુઢીના દેખતાં ફુલસુધનુ જશે. પોલીસને બોલાવવાની ભપકી પછી કરજો. પોલોસ અત્યાર અગાઉની કોઈ ધનબઇ મુલ્લાંની શોધમાજ છે."

પગની નીચે જમીનમાથી વીજળીક પ્રવાહ પસાર થઇ ગયો હોય તેમ આ છેલ્લુ નામ સાભળીને લીલી મેહેતા ઉછળી પડી.

" કોણ ! તમે કોણ છેવો ? શું કેહવા આયાછ ? મને શુ કેહવા માગોછ ? "

" તે અહી નહી કેહવાય. અંદર ચાલો ને આય ડોસીને પહેલા ખેરવો."

" ને હું ના કેહઉ તો ? "

" ના કેહવાની તમારી મકદુર નથી. મને અંદર હમણાં નહી લેશો, તો પસ્તાશો."

એક પળ લીલી મેહેતા ગુચવાઇને મુગી ઉભી આ ભેદભર્યા શખ્સની આગળ જાણે તેણીના પાણીજ મરી ગયાં હતાં. અરે ! એ શુ બદબખ્તીભર્યું નામ હમણા તેણે અલ્લકસે બોચર્યું ! તેણીની છાતી ઉપર જાણે મોટો પથરો આવીને બેસી ગયો હતો. એ કોણ એવે વખતે ફુટી નીકળ્યો ? એ શું મોહકાણના સમાચાર લાવ્યો હશે ?

ઝડપમાં પીઠ મરડી તેણીએ બંગલાની તરફ ચાલવા માંડયું. પેલો શખ્સ મજેહથી પુઠે અંદર ગયો. દીવાનખાનાની અંદર દાખલ થતા તે કરારથી એક સોફા કોચના ઉપર

ગોઠવાઇને બેઠા. લીલીએ એક પળ તેની ગમ નજર ફેંકી અને પછી મીસીસ હરસ્ટની આગળ ગઇ.

"મીસીસ હરસ્ટ, આય માણુસ કંઇ ઘણી અગતની ખાનગી ખબર મારે વાસ્તે લાવેલો દેખાયછ. તમે જરા પહેલે માળે જઇને બેસો ને હું બોલાઉ તાહ સુધી આવતા ના. કઇ નહી—બીહીના, એ મને કઇ કરી શકવાનો નથી"

મીસીસ હરસ્ટ જેણી સઘળો વખત મુગી મુગી આ ફારસ જોયા કરતી હતી, તેણી એક બોલબી બોલવા વગર ઓરડામાંથી બાહેર ચાલી ગઇ. મીસ લીલી મેહતાના રંગ ઢંગો એટલા બધા તો સાધારણ હતા કે આ વળી નવા ખેમાણથી તેણીને ઝાઝી અજાયબી લાગી નહી.

જેવી મીસીસ હરસ્ટ બાહેર પડી કે લીલીએ હોલના બે બારણા અલગા બંધ કર્યા અને પછી પેલા સખ્સથી થોડે છટે ઉભો રહી ડોળા ફાડીને જોતી ઉભી.

એકાદ બે મીનીટ તે આદમીએબી "ટેરેસ હોલ"ની આ શ્રીમંત શેઠાણીગમ જોયા કીધું અને પછી મોટેથી ખડખડ હસી પડયો.

"વાહ–પોરી! તું તો બડી મેમસાબ થઇ ગેઇ, હેં? ફાંકડી લાગેછ! વાહરે તારો લટકો!"

"ચુપ! એમ બેમહલાજાથી બોલવા તમુને કોણ કેહેછ? તમે કોણ છેઓ કોણ?"

"તું મને નહી ઓરખતી? ઘણું અજબ જેવું!"

તેણે હળવેથી ઉઠીને કહયું અને પછી પોતાને માથે લપેટેલી શીયાળ તથા ગળાંપર વીટાળેલો ગલબંધ કહાડી નાંખ્યો.

"બાવાજી !"

એક બુમ મારી લીલો મેહેતાએ ત્રણ ડગલાં પાછળ હઠી ગઇ અને ધમ્મ કરતી એક ખુરસી ઉપર ફસડાઇ બેઠી. ફગલાઇ ગયલી તે છોકરીનું મોહોડું જોવા જોગ હતું. જાણે સામે જીવતો જાગતો પોતાનો સગો બાપ નહી પણ ગોરસ્તાનમાંથી એક ભુતડો આવીને બેઠો હોય તેમ ધન મુલ્લાં—(આપણે હવે એજ નામે તેણીને ઓળખીશું)—ઉજળી સપ થઇને ઠરઠર ધુજતી થોડો વાર લાઇલાજ ખુરસી-પર પડીજ રહી.

"કેમ, તારા બાપને જોઇને એટલી બધી ગભરાઇ ગેઇ? ધન, કૈકાઉસ મુલ્લાને નહી ઓરખતી?"

"તમે અહીં કાંય ધસરઇ આયા? મારો છેલ્લો ચેક મળગ્યો કેની?" ધનનો આખરે ગળગળતો દબાયલો સાદ નીકળ્યો

"હા મળગ્યો, પણ તેમાં મારૂ શું વળે, ધના? તું રાન અહીયાં છકકાં ઉડાવે, ને મારૂં મહીને દાહરે સો રૂપીઆમાં શું વળે?"

ધન હવે હળવેથી ઉઠીને ઉભી થઇ. તેણીનો ગભરાટ અને ધ્રુજરી દફે થયાં હતા. ઉજળો મારી ગયલો ચેહેરો પાછો ગોલાબી બન્યો હતો. મકકમ પગલે ચાલીને તેણી કૈકાઉસ મુલ્લાં ઉભો હતો ત્યાં અડોઅડ ગઇ અને કમ્મરે

બે હાથ મેલી આતશ જેવા બે ડોળા તેના મોહડાંપર ટાંકી રાખી થોડોવાર પોતાના બાપગમ જોયા કર્યું.

"તમે અહીં મારી પાસે પઇસા કહરાવા આયા હોવો, તો બોલી દેવો. હું અહીં આવી તાહરે આપરી સરત શું ઉતી? તમે સમ સોગંદ ખાઇને મને કબુલાત આપી કે કોઇ દાહરે તમે એમ ચાલી ચલાવીને મારે રસ્તે આવશો નહી—"

"છટ છટ! પહેલાં જરાક સભાળ રાખવાની ઉતી. પણુ હવે શું? હવે તો બધું વગેસગે થઇ ગીયું. ને હવે કારો ચોરબી તુંને પુછી શકવાનો નથી. પછી મારી દીકરી દોલતની રેલ છેલમાં અમનચમન કરે ને હું કાંય એક ખુણે પરીને સબરયા કરૂં? નોનસન્સ, ધન—એમ એકલ-પેટી ના થા."

ગુસ્સાને મારે ધન મુલ્લાંના દાંતો કચકચ થતા હતા.

"પણ તમે કેહવા શું માંગોછ? શું તમે અહીં મારી સાથે રહેવા માંગોછ?" તેણીએ બહુજ ચીચવાઇને ધીમા અવાજે પુછયું.

"હા, અલબત—કાંય નહી?"

"તમારૂં માથું ગીયુંછ, બાવાજી? તમે અહીં રહી શકોજ કેવી રીતે? અહીં લીલી મેહેતા તરીકે મને સઉ ઓરખે, ને તમે મારી સાથ આય બંગલામાં રેહવો તો લોકોને શું જવાબ દઇયે?"

"બસ બસ, વધારે ટકટક ના કર, બેન. લોકો બધાં એવાં ઉલ્લુ છે કે કાંઇબી લુલો ભાગો ખોલાસો આપશે, તે કબુલ રાખશે. તું મને કાહર કાહરમાં પરીછ, પણ હુ અહીંથી ખીસ્તાં ખીસવાનો નથી. જોઇયે તો અહીંના લોક ને કેહ કે હું તારા બાપ પેલા પેસીનો કોઇ ઘણો જીવેજાનનો દોસ્તદાર થાઉં."

"પણ હુ તમુને મહીને દાહડે સારી રકમ આપું બાવાજી, તમે પાછા મુંબઇ જઇનેજ રેહવોની? તમે મારી સાથે અહીંજ કાય રેહવા માંગોછ ને હુ નહી સમજતી"

"બુચી, તું તો નાદાન છે. એકલું અટુલું રેહતાં મને સોહવાવુંબી જોઇયે કેની? ને મારી એકપુરી દીકરી આવા મેહેલમાં રાજ કરે તે જોઇને હું રોજ ખુશી કાંય નહીં થાઉં? વરી તારા ભેજાનુંબી કા ઠેકાણુ છે? માથામાં ધખારો આવે તાહરે ચેક મોકલવાનુંજ ભુલી જાય! ચાલ ચાલ, મને વધારે ગરબર નહી જોઇયે. જા, જરાક બાડીને સોડા લઇ આવ."

"બાવા, તમે નકામી વાત બગારી નાંખશો. આપરી બેઉની ઉપર કાંય અમથી આફત લાવી નાંખોછ? શું મને ભર દરીયે લાવીને હવે ડુબારી દેવા માંગોછ? તમે જાવો, તમારે પગે લાગું, અહીંથી જાવો."

"નહી, ભેજું ના ખા! મારે તો બસ અહીંયાજ રેહવુછ. તું મને અહીંથી કેમ કહાડી શકવાની છે? ઝાઝી પતરાજી કરશે તો—તો—નહી, ગભરા ના, અડી ભીડીને વાસતે આ પીસ્તોલ હું લઇ આયોછ."

નાપાક કેકાઉસ મુલ્લાં આમ બોલતીવાર જરાક મુદ હસ્તો જઇ પોતાના ઓવરકોટના ખીસામાંથી એક ન પીસ્તોલ ખેંચી કહાડી હાથમાં આમતેમ ફેરવવા લાગ જોરથી હોઠ કરડેલો રાખી એક ડાકણના જેવા જુસ્સા ચેહેરે ધન પોતાના આ હૈયાંફુટાં પીતા ગમ હેબતા જોવા લાગી. ગરજ પડે તો પોતાના પેટે જણ્યાં બચ્ચાંને ગોળી મારવાને તે બદબખ્ત ચુકે નહીં એમ તેણી જાણ હતી.

"હે, હે, હે! મેમસાબ, આ નાહલી મઇ કે પીસ્તોલને જોઇને ઉજળાં વાખ થઇ ગીયાં?" કેકાઉસે હલાવીને હસતાં કહ્યું "ગરમી ઘણી પડેછ, બેટા—ઓવરકોટ કહાડી નાખુછ. ઓહો, તારા ડરોઇંગ રૂમમ ભપકો ઠીક છે આય શું? અહી ટેલીફોનબી છે કે! કોણ સાથ વાત ચલાવેછ? પેલો તારો રંગુનનો લવર દાર તો અહી આવતો નથી કેની? કે પેલો રરકનડો ગધેરો બરજોર હઇબી ભુલો પડયોછ?"

દાંત પીસેલા રાખી ધન ફાટે ફાટે ડોળે આ બદબ પીતા ગમ જોતી ચુપ ઉભી. કરારને જીવથી કેકાઉસ મુલ્લાં ટે ફોનના નંબરની ચોપડી ઉથલાવી કાંઇ જોતો હતો.

"બાવા! હવે તમે શું કહોછ? શું મને છેલ્લે ટલે બેસાડવા માંગોછ?"

"હા, તારાથી થાય તે કરી લે. હું અહીંથી જી તો કબી પાછો જવાનો નથી."



ધને પીસ્ટોલ ચડપ દેતી કે ઉપાડી લઈ સામી પોતાના બાપનાં મોહડા
ામ ગાર્યા।

(જુવો સફો ૨૫૭ મો.)

"ઠીક છે તાહરે. માણુસોને બોલાવીને હું તમુને જબરીથી બહાર કહરાઉંછ. જોઉં—તમે કેમ નથી જતા!"

ઘણુાજ ગુસ્સાથી ધન ફરીને ડ્રોઇંગ રૂમમાંથી બહાર જવા બારણાગમ ધસી. પણ એક ભયંકર પોકારે તેણીના પગ અટકાવી નાખ્યા—

"ઊભી રહે! તું જો સીધેસાધી સમજશે નહીં તો—તો આજે બે ચાર જણુનો હું જીવ લેવશ ને પછીજ પકડાવશ. જા, જઇને માણુસને બોલાવ—એટલાં હું પોલીસ સ્ટેશન પર ટેલીફોન કરૂંછ કે લીલી મેહેતાને નામે એક ધુતારી ઓરત નામે ધનબાઇ મુલ્લાં—— અરે છોર! એ પીસ્તોલને—"

"ખબરદાર!"

આંખના પલકારામા મામલો ઉલટાઇ ગયો હતો. કેકાઉસે બેધ્યાનપણામાં પોતાની પીસ્તોલ પાસેની એક ટ્રીપાઇપર ટેલીફોન બુક વાંચતાં મેળી હતી તે ધને ચડપ દેતીકે ઉપાડી લઇ સામી પોતાના બાપના મોઢાં ગમ ટાંકી!

"હજુર તમારે પોલીસપર ટેલીફોન કરવોછ કે?" તેણીએ એક ખુની ઓરતની પેઠે ડોળા કકડાવીને ધાડે અવાજે પુછયું.

"તું મને પીસ્તોલ મારશે? તારા બાપને? ધન?—"

"હા—મને એમ નરવા આવશો તો હું તમુનેબી પીસ્ટોલ મારશ? હું તમારૂંજ લોહી છેઉં, બાવા! બોલો—શું કેહોછ?"

કેકાઉસ મુલ્લાં પાંચેક ઘડી તો પોતાને—અને આ દુન્યાને—જાણે ભુલી ગયો!

* * *

કલાક દોઢેક નીકળી ગયો હશે. બાપ દીકરી વચ્ચે અંતે કાંઇ સમજુતી થઇ હતી. કેકાઉસ મુલ્લાં અને ધન કોણ

જાણે શુ ઠરાવપર આવ્યાં, પણ દેખીતી રીતે બેઉ જણાં સંતોષ પામેલાં જણાતાં હતાં. બેઉએ જોયું હતું કે કટાકિ થઇને વાત અગાડી નાખવામાં કાંઇ વળે એવું ન હતુ ખરેજ ધન કેકાઉસ મુલ્લાંનીજ છોકરી હતી.

પ્રકરણ ૨૮ મું.

"તુને વેહજાં લાગાંછ, મેહેર!"

સાલગરેહની બીજે દહાડે 'પંથકી પેલેસ'માં બધું પાછું, સુમસાન થઇ ગયલું હતું. માએ દીકરાં જરા ઉંચે મોહોડેજ હતાં. નાસ્તાની ટેબલ ઉપર જ્યારે બીખાઇજી, મેહેરજીભાઇ અને જરાં ભેગાં મળ્યાં ત્યારે ઘરના બાઇજીનો થોબરોજ કહી આપતો હતો કે તેવણુને બરાયલું ગઇ કાલનું ભડકણ હજી ઉતરયું નહી હતું. ઘર દીકરાજી જે રોહોંસાથી નાસ્તો લેતા હતા તેથી જણાતું હતું કે પીત્રાઇ રતીએ ગઇ કાલે આપેલી કડકનો ચચડાટ હજી ઠેઠો પડયો નહીં હતો. તેમાં અધુરાંમાં પુરૂં તે છોકરી કોઇને કહ્યા કાહ્યા વગર રાતના ખાધા વગર તરછોડ કરીને પોતાને ઘર ચાલી ગઇ તે ખબર જાણી મેહેરજીનો મીજાજ પુરોજ ચસકી ગયલો હતો.

બસ એ માયનીજ મોહકાણુ! એક તો રતી સ્વભાવની દાદાબળી, તેમાં બીખઇજીમાય બાઇપીને તેણીને ચાર લોકના દેખતાં હડધુતજ કરવા બેઠાં—એટલે પછી વીછણુની કાની છેડાઇને તેણી પાછી જવી નહી રહે તો શું કરે! પોતીકી મા ઉપર મેહેરજીને એવી તો ચીડ ચહડતી હતી કે નાસ્તાનો બુકબો તેને ગળે ઉતરતો નહી હતો. તે ગઇ કાલે રૂસાઇને પોતાના ઓરડામાં ભરાઇ બેઠો તેટલાં કોણુ જાણે બીખાઇ-

જીએમ કેમ રતીને ફફડાવી હશે કે એટલીબધી ગુસ્સે થઇને તેણી 'પેલેસમાંથી' જતીજ રહી!

નાસ્તો પુરો થતાંજ બીખાઇજી પોતાના ઓરડામાં ગયા. હજી તો તેવણુ અંદર જઇને સોફા કોચપર બેસે તેટલાં પછવાડેથી ખાઉં કરકું જેવો મેહેરજી માંહે ચાલ્યો આવ્યો, અને તેવણુની સામે કમરે બે હાથ દઇ ઉભો. ગુસ્સાથી તેના નાકનાં ફીફડા ઉડતાં હતાં. બીખાઇજીએ એક પલકાગમાં જોઇ લીધુ કે હમેશનો ઠંડો, કહ્યાસરનો મેહેરજી બસ વઢી લેવાનોજ મક્કમ ઠરાવ કરીને ત્યાં આવેલો હતો.

"તમે ગઇ કાલે રતીને શું કહ્યું?" તેણે ખુબ દમામથીજ શરૂ કર્યું.

બીખાઇજીએ જવાબ દીધો નહી. બીજાજથી કપાળનો ચાંલ્લો ચહડાવી તેવણ નીચા મુડાએ હાથમાં સીવ્વાનુ લઇ ટાંકા મારતા ગયાં.

"માએ, હું પુછુંછ તે સાંભરોછ કે? તમે કાલે રતીને શુ કહ્યું?"

"મેં કંઇ કહ્યું નથી."

"તારે એ જતી કાંય રહી?"

"તે હુ શું જાણું?"

"તમે મારી સાથ મારામારીજ કરવા માગોછ કે, માય? કાઇ ગંભીર પરીણામ આવે તો મને બદનામ ના કરતાં. તમે એ છોકરીને થોભાવી કાંય નહી?"

"મારી મરજી! તું પુછવાવારો કોણ?"

"એમ? તમે બસ એવાજ ઠરાવ કરી રાખ્યોછ કે? તારે ઠીક છે. સાંભળો માય, આજે સવારના રૂસ્તમ મુગા શેઠને કરાં-

ચાથી કાગળ આયુંછ. તેને ૩૦૦ રૂપીયાની ચાકરી મળીછ. તે આજ કાલ ઉપરી જવાનો છે. હું બી સાથેજ જાઉંછ."

પહેલી વાર ભીખાઈજીએ ડોકું ઉંચકીને પોતાના એક પુરા દીકરા ગમ જોયું. તેવણુના મોહડાં ઉપર ચહડેલો ઘુમટો અજબ જેવી રીતે ઉતરી ગયલો હતો.

"એટલે? તું કરાંચી જઈને શું કરેછ?" તેવણે હવે લગાર નરમીથી પુછયું.

"રૂસ્તમ મને પોતાને તાંહ રેહેવા કેહેછ. પછી હું માઉં ફેરી લેવશ. મને હવે તમારી હાથે વધારે વખત રેહેવુ નથી."

આટલું બોલતાં મેહેરજીએ પીઠ મરડીને ઓરડાની બહાર ચાલવા માડયું. ભીખાઈજી હાથમાનું સીવવાનું બાજુએ મુકી દઈ ઝપાટામાં ઉઠી ઉભાં થયાં.

"મેહેરજી!" તેવણે લગાર અકળાઈને બુમ મારી. "એ શું કરેછ? કંઈ વીચાર છે કે? લોક શું બોલશે?"

"ગમે તે બોલે—મને તમારી સાથે વધારે વખત રેહેવું નથી. મારી જીંદગીની એકજ ખાએશ તમે ઠોકરે મારીછ તમારી સાથે હવે રહેવાના કરતાં હું જુદો પરીને સુકી રોટલી ને દાળપર ભુખ્યો રહેવાનું વધારે પસંદ કરૂંછ."

મેહેરજી બહુજ જુસ્સાથી અને લાગણીથી જયારે આમ બોલ્યો ત્યારે તેનો સાદ ધ્રુજતો હતો. તેની છાતીમાં એક જાતનું નહી ખમી શકાય તેવું દરદ હમણા થતું હતું. રે બદ કીસમત! સ્ત્રીએ તેને આવી ખુલ્લી રીતે હડધુત કીધો અને એની ગમ મા સરખી માએ તેને આમ રંજીદા કીધો! તેણે જોયું કે ભીખાઈજીની આંખ્યોમાં પાણી ભરાઈ આવ્યાં હતાં. મેહેરજી જેવો એક તાબેદાર દીકરો આમ છેલ્લે પાટલે બેસીને તેવણુથી જુદો જઈ રહે એ વીચારથીજ તેવણુનું

દેખાઇતી રીતે મોત થઇ જતું હતું. જુદાઇનો જખમ આજુએ રહ્યો, પણ લોકો શું બોલે? બે ત્રણ મીનીટ મુગાં મંતર ઉભાં રહી તેવણે મેહેરજીના લાલ ઉશકેરાયલાં મોહડાં ગમ જોયા કરયું. પછી અચબુચ તેના ખભાંપર હાથ મેલી તેવણ ગળગળી પડયાં—

"મેહેર, તું મારી સાથ અમથી પંચાતી કરેછ. મારો કંઇ વાક નથી. એ દુકતીના મિજાજમાં એમ આયું તેમાં હું શું કરૂં?"

"હું શું કરૂં? તમે તેને બસ અટકાવીજ કેમ નહીં? આપૂને કેતું ખરાબ લાગું!"

"પણ કેમ અટકાઉં? મેં તો ઘણી સમજાવી. જરાંને પુછની, એને મે મારા ઓરડામાં બોલાવીને કેટલો વાર પટાવી. પણ એતો બસ છેરાયલીજ ઉતી કે તું એને મુકીને ઓરડામાં કેમ ભરાઈ બેઠો!"

મેહેરજીએ બે ત્રણ પળ પોતાની માનો ચેહેરો ટીકયા કીધો—પણ બીખઇજીનું મોહડું એવું સમાધાન હતું કે તેવણના બોલવાપર જરાકબી શક તે ભોળો જવાનને જઇ શકયો નહી.

"એ તમે શું બોલોછ? હું ઓરડામાં ભરાઇ બેઠો તેથી રતી ચીરડઇ? નહીં, એ વાત હું માનતો નહીં. તમે સહુ-વારથી એ છોકરીને એવી તો તરછોર કરયા કરી કે મારૂંબી પાકી આયું. પણ વારૂ તમે એને આય દારાશાહની વાત પછી કહેલી કે?"

"હારે. મેં તો ઘણી ચેતવણી આપી—પણ ઉલટી બેખત થઇને મારા મોહનાપર હસવા લાગી ને કહેજે તમારા કરતાં હું દારાશાહને વધારે ઓળખુંછ."

મેહેરજી મન સાથ ઘણો ગુચવાયો. શું બીખઇજી માય આ બધું ખરૂં કહેતાં હશે? રતીએ ઉઘાડી રીતે દારાશાહ સાથ જરા વધારે હસી બોલીને મેહેરજીને ખીજવ્યો હતો એ તો ચોક્કસ હતું. પણ એમ એટલી બધી ફટાંઉ થઇને એ છોકરી વખત સરની ચેતવણીને મી હરગતી કહાડે, એ તો હદ થઇ! પણ તોબી અરે કુદરત–કુદરત! બીખઇજીની ગમે તેવીબી કારસાજી છતાં બસ કાંઈ વીચીત્ર રીતે મેહે--જીનો ગુસ્સો એ રતીની ઉપર પુગી શકતોજ નહીં હુતો

"તુંને કાય એ છોકરીની પછવાડે વેહલાં લાગાઇ, મેહેર? આટલાં તુને ગઇ કાલે ખાસરાં પરયાં, તારાં મ્હોનાની સામે એ ટુકતીએ પેલા દારાશાહ સાથ ખીખી ખાખા કીધું, તોબી તું એની પછવારે એમ અફરઇને વાજ વરેછ! દીકરા, શું ગામમાં બીજી સારી છોકરીઓ મળતીજ નહી કે આય મીજાજનાં પોરીયાં—"

"બસ, વધારે ના બોલો. ગમે તેવી મીજાજી છે—ગમે તેવી નાદાન છે, પણ મારે મનથી એક હીરો છે."

બીખઇજીએ મોંહ કુમળાવ્યું અને ઘણાજ કચવાટથી ખભાં ચહડાવ્યાં.

"હું કંઇ કેહુંછ તે તુને ગમતું નથી—તું તો એ મુઇ પેટ બરીના નાજનખરાથી તારી સુધબુધ ખોઇ બેઠોછ. અરે મેટ! જો સાંભળ, એ છોકરીની ચાલચલણ સારી નથી—"

"અરે? વરી પાછાં તમે જે તે જે તે બકોછ!"

"મારા દીકરાને એક ખારામાં પરતો બચાવવાને હુ બોલવાની ને ફર બોલવાની. મેહેર, ગઇ કાલે મેં મારી નજરેનજર એને દારાશાહના પાસામાં ભરાઇને ઘેલાં ગાંડાં કહારતી જોઈ!"

મેહેરજીએ કમકમીને ડોકું ધુણાવ્યું.

"ઓ શેમ—માય! બસ કરો, હું વધારે સાંભળવા માગતો નથી."

"તું મારું કહ્યું માનતો નહી હોશે. પણ મેહેરજી, તું કહે તેવા સોગંદ ખાઇને હું કેહું છ. જો મારા બેહેસ્તી નવરોજીના સમ! બસ હવે? હું તુને સાચ્ચુ કેહું છ. મારી આંખેઆંખ એમ પોગને દાગશાહ મ.થ અણઘટતી છુટ લેતાં મેં જોઇ છ. જેવી મારીપર નજર પરી કે એ લોક અસ્થાણા જેવા છુટા પરી ગીયા. મે ઓરડામાં બોલાવીને જરાક શીખામણ દીધી, તો વાઉની કાની મારીપર છેરાઇ પરી—ને મને તગાતર નફટ થઇને જે મોહનામાં આયું તે બોલવા લાગી. હજુર તો હું જગાક ધીરી પારું તેટલાં તો તુને ને મને બધા ગાગબેર દઇને અહીંથી—ઓ! મેહેર, શું છે? મેહેર!"

બે હાથોમાં પોતાનુ માથું ઢાંકી મેહેરજી ધપ કરતો કે એક ખુરસીની ઉપર તુટી પડયો હતો.

પ્રકરણ ૨૯ મું.

"લાવ મારી ચુપકીદીનું દામ!"

કરાંચીના "ટેરેસ હોલમાં" એક નાની ટીપાઇ આગળ ગોઠવાઇ ધનબાઇ મુલ્લા લેહેરે લેહેરે કાફી નોશ કરતાં હતાં. મદઇનો જીવ સખ્ખે જતો હતો. માથાંપર એક નાનો પંખો હાલતો હતો અને ટીપાઇ તરેહવાર જાતની ફરેંચ અને ઇટાલીયન પેસ્ત્રીથી લચલચી રહી હતી.

સામેજ નેતરની એક બેઠી ખુરસી ઉપર મીસીસ હરસ્ટ

કાંઈ ચોપડી વાંચવામાં મશગુલ હતી. થોડીકવાર રમકડાં સરીખા જાપાનીઝ 'ટી સેટ' સાથ રમ્યા કરી શેઠાણીજીએ એક લાંબો સ્વાસ ખેંચ્યો,

"મીસીસ હરસ્ટ પેલો આપરો નવો કારભારી બરાબર ગોઠવાયો કે?"

"હા, મીસ."

"એને આપરા 'હોલની' પાસેની પેલી નાહલ્લી બંગલીમાં બધિ સરસામાન જોઇતો મુકતો મંગાવી આપવા મુળજી જેચંદ ફરનીચરવાળાને મેં ચીઠી આપીતી. સારૂં થયુ કે એવો એક કામનો માણુસ આપુને મળી ગીયો. આએ મોટો આપરો અરાબો પરયો તેને સારૂ કોઇ મરદ ઉપરીની દેખરેખ હોય તો સારૂં. એવણુને મે બધી આપરી એસ-ટેટોના મેનેજર નેમયાછ. દર મહીને બસો રૂપીઆ પગાર આપીશ. કેમ બરાબર કીધું કેની?"

"હા મીસ."

"ઓ વાય, આજે એમ હુંકારા શું પુરયા કરોછ જો?" નવા મેનેજર મી૦ કેકાઉસ મુલ્લાં આયાછ તે કંઇ તમુને ઘણું ગમતું હોય એમ લાગતું નથી."

"અરે નહીરે મીસ. એવણુ આવે તેમાં—મને શું? તમે બાઇ ગમે તે માણુસને તમારી એસ્ટેટપર રાખો. એવણુ તમારા કોઇ ઓળખીતા લાગેછ?"

ધન મુલ્લાંએ થોડી વાર ટેબલપરની રકાબીઓ ગમ ધારી ધારીને જોયું,

"મારા ઓળખીતા? હાસ્તો," તેણી જરા હસીને બોલી. "મારા મમા સાથ હુ કલેકતે હતી તારે એવણુની તાંહ

મોટી પરચુટણ સામાનની દુકાન હતી. માણુસ અનુભવી હે—કેમ ભૈયા? કયા હય"

"જી, કોણુ આપકુ મીલનેકુ આયા—દરવાજાપર ખડે હય. અંદર ભેઝના?"

'અરે પણુ કોણુ છે—કંઇ નામ નીશાન?"

"નામ તો નહી દેવત હય, બાઇ."

"મરેરે એ વળી કોણુ? જાઓની મીસીસ હરસ્ટ—જોવાની, કોણુ છે?"

મીસીસ હરસ્ટ ઉઠીને દરવાજાપર ગઈ મળવા આવનારો શખ્સ દેખાતી રીતે ઘોડેજ ચઢીને આવ્યો હતો, કારણુ અંગ્રેજ ગવરનેસની પુછપરછનો પાધરો જવાબ દેવાને બદલે તે તેણીને હડસેલો મારીને ઠસ્સામાજ ડ્રોઇંગ રૂમમાં જઇ બેઠો.

"મારૂ નામ કાળો ચોર! જાવો—બસ જઇને તમારાં મેડમ ફ્રેડમને કહો કે હું મળવા માગુંછ."

મીસીસ હરસ્ટ ચાટ જેવી પોતાની બાઇની આગળ પાછી ગઇ. ખચીત આ શેઠાણીના બધાજ દોસ્તદારો કાંઇ અજબ ભેદ ભરમવાળા હતા.

મીસીસ હરસ્ટની હકીકત સાંભળી ભવાં ચહડાવીને ધન વીચારમાં મુગી બેઠી. જવાન દેખાવલો ગ્રહસ્થ! એ વળી કોણુ? એ બધી બલાગત હમણાજ સામટી કયાંથી ફુટી નીકળવા માંડી?

પોતાનો હોઠ મજબુત કરડેલો રાખી તેણી ડરોઇંગ રૂમમાં ગઇ. દીવાનખાનુ ડાઇનીંગ રૂમની પાસેજ હતું. ઉંબર ઉપર પગ ઓળંગતાંજ એક નાની ચીસ મારી માતબર મેહેતા ખાનદાનની આ નસીબની લીલી વારસ એક ડગલું પાછળ હઠી ગઇ.

"બરજોર!"

"સાહેબજી. ધન!"

ડાક્ટર બરજોર પંથકી સેજ મુછમાં હસ્તો જઇ પોતાની મુછને કરારને જીવથી વળ દેતો રહી ચુંચી આંખ્યોએ પોતાની સમક્ષ ઉભેલી આ જુની દોસ્તના સોહામણા ચેહેરા ગમ જોયા કરતો હતો.

લીલીનો એક ગોટ ગળી બે ત્રણ મીનીટ સુધી તો ધન મુલ્લાં પથ્થરના એક બાવલાંની કાની જડ થઇને ઉભીજ રહી

"કેમ મડમ સાહેબ, કંઇ બોલતા નહી?" ડાક્ટર બરજોરનો ધીમો પણ બહુ અણકાભરયો સાદ પાછો નીકળ્યો.

"તું! તું અહીં! ઓ ખોદા!"

"કંઈ ખોદાને યાદ કરવો પડેછ? ધનબાઇ મુલ્લાં લકેમ મીસ લીલા કહેતા———"

"ચુપ–ચુપ! મને અહીંયાં લીલીનાજ નામથી બોલાવ. તું અહીં શું કામ આયો? શું માગેછ?"

"તારી મોહબત, ધન!"

ધન મુલ્લાંએ ખરે મને કચવાઇને ડોકું ધુણાવ્યું—

"તારૂં માથું ગીયુંછ, બરજોર? રંગુનવેરથી શું એનેજ સારૂં તેં પાહાડ જેવો ધક્કો ખાધો કે? તું મારી પુક શું છોડવાનોજ નથી?"

"નહીં, રંગુનવેરથી શું—ભસ્તાં વેરથી ધક્કો ખાવશ. ધન, તું તો જીતી ગેઇ હેં?"

"અરે પણ તું મને અહીં કહેવા શું આયોછ તે બોલી દેની? શું તમે લોકો બધા મને મારી નાખવા બેઠાછ?"

ડાક્ટર બરજોર ઉઠીને ધન બેઠી હતી ત્યાં અડોઅડ

જઈ ઉભો અને અત્યંત પ્રેમભરી આંખે તેણીના શોકાતુર મોડાં ગમ ધારી ધારીને જોવા પડયો.

"આહા છોકરી! પઇસાના સુખે તારાં મોહના પર નુરાની કવી આવીછ! ધન, તું રંગુન છોડી ગઈ તે દહાડાથી એક કલાકબી મારા મનામાથી તું ખસી નથી. તું મારી સામે એમ ડોળા કહારીને ના જો—મારૂં હઇયું ચીરાઇ જાયછ. હું જાણુછ કે હું મેડ થઇ ગીયોછ, પણ તેમા મારો વાંક નથી. તારાજ ખ્યાલે મને રંગુનથી અહીં ઘસડી આણ્યો. કરાચીમા એક સારી મેડીકલ ચાકરીની જાહેરખબર છપઇતી. તેને વાસ્તે ટ્રાઇ કરવા હું પોતે અહીં આયો. હું જાણુતો તો કે મારૂં બુલબુલ કરાચીમાજછે—તેથી હું પવનની પીઠ પર ઉડીને આયો. બોલ ધન, શું મારે વાસ્તે તારી પાસ એકબી ભલાઇનો સુખન નથી."

"નહી, નથી, નથી. મારી ધીરજબી હવે ખુટી ગઇછ, બરજોર! ઉખરા જેવો રંગુનથી એ બધું કહેવા જો તું ચાલી આયો હોય તો હું કેહુંછ કે તારા માથામાં ભિજું જ નથી. સો વખત તો હું તુને કેહી ચુકી કે તારી મને આટલીબી દરકાર નથી. તોબી તું રરતા ચણાવાળા જેવો એકનુ એક બોલ્યા કરીને મને સતાવ્યા કરેછ? તું તો ગધેરો છે. બરજોર"

"આહા હું ઇચ્છુંછ કે હુ હોતે! કારણ કે તાહરે મારા દીલમાં જીગર જેવી જે ચીજ છે તે તું આવી ઘાતકી રીતે ભાંજી નહીં નાખતે."

ધન ફરીને ઉઠી.

"ચાલ મને તો હવે કામ છે. તારો રોદરો સાંભળવા હું માગતી નથી."

પીઠ મરડીને ધને ત્યાંથી ચાલુ મુકયું. પણ થોડાંક પગલાં

તેણી ભરે તે આગમજ ડાક્ટર બરજોરે તેણીને બાજુમાંથી ફકડાવીને પકડી ઉભી રાખી.

"સબુર કર, સબુર કર, ધન! તું મારી લાગણી સાથ એવી નીરદય મશકરી કદીબી કરી શકવાની નથી"

"એટલે? તું કેહેવા શું માગેછ?"

"હું કહેવા માગુંછ કે હું ધસી ધામીને રંગુન વેરથી ચાલી આયોછ ને એમ તારે હાથે હડધુત થવા તો નહીંજ. હું તુને એમ કહેવા આયોછ કે ખરી લીલી મેહેતા જીવતી જાગતી બત્રીસ દાંતવાળી હઇયાત છે—ને તુને તુરંગમાં મોકલવાને વાસ્તે એ ધણી અગતની બીના કરાંચીના પોલીસના ધ્યાનપર બસ લાવવાનીજ ખોટી છે."

'ટેરેસ હોલ'ની નસીબવંત શેઠાણી જાણે કાંઇ ઓચીંતા જાદુ વડે એક જીવતાં માણસપરથી પથરના ટુકડામાં બદલાઇ ગઇ હોય તેમ લગભગ પાચેક મીનીટ સુધી જરાબી હીલવા ચાલવા વગર પોતાના આ જીવલેણ દોસ્ત અને હમનબરદ ગમ એકકી ટગરે જોયા કરતી સ્થીર ઉભી. તેણીના ગાલોપરથી લોહીનો છાંટે છાંટો ઉડી ગયો હતો. ડાક્ટર બરજોરની આંખમાં ફતેહની એક અજબ ચમક પેઠી હતી.

પાંચ મીનીટ—અને ધને એક ઉંડો ભારી નીસાસો નાખ્યો. તેણીના ડોળામાં ગુસ્સાનો આતશ પાછો જળવા લાગ્યો.

"જુઠું! તું બોલેબોલ જુઠો તરકટી છે. તારી મતલબને સારૂં મને ડબરાવવા માંગેછ, હીચકાર? મેં મારી નજરે નજર તે——— તે છોકરીને મુવેલી જોઇતી."

"હોશે, પણ તે પાછી જીવતી થઇ–મરી નહી ગયલી, મેડમ મુલ્લાં. ફક્ત એક લાંબી બેહોશીમાં પડેલી—અને મેં પોતે તેણીને સાવધ કીધી."

"તે હમણા કાંઇ છે?" ધનનો ધોધારી બ્રાહ્મણી અવાજ નીકળ્યો.

"ખોદા જાણે કાંઇ છે. પણ તેની સાથ મને કામ નથી. ખોટી લીલી મેહેતા હમણાં કાંઇ છે તે હું જાણું છ અને તે બસ છે."

મુશકેલીથી શ્વાસોશ્વાસ ખેંચતી અને ફાટે ફાટે ડોળે એક દીવાની આરતની પેઠે બરજોર ગમ ધુરકતી ધન થોડો વાર ચુપ ઉભી. બીજી પળે તેણીએ એક ઝુટ મારી પોતાના ગળામાથી મોતીની એક ભારી માળા તોડી કહાડી. બોગના ઠળીયા જેવા તે મોટાં મોતી હતાં.

"લે આય" તેણીએ તે અમુલ્ય દાગીનો બરજોરના મોઢાં ગમ ધરતાં દબાયલે અવાજે કહ્યું. "દશ હજારની એ મારી માળા છે. એ લે, અને બસ ખોદાને ખાતર અહીંથી જા તુંને જોઇને મને કઇં થઇ આવેછ જા બરજોર, અહીથી જા."

બરજોરે એક ઝનુંની જંગલી આદમીની પેઠે તે માળાને પોતાની મુઠીમાં પકડી બહુ ચીડમાં જોસથી એક ખુણે ફેંકી

"મારી ચુપકીદી જયારે હું વેચશ, ધન, તારે તે આય તુચ્છ દાણાની હારડીને વાસ્તે તો નહીંજ."

"તો શું તું મને ફસાવવા માગેછ?"

"હા, જો મને મારૂં દામ નહી મળશે તો હુ તુંને ઠેઠની ઘડીએ પુગાડશ. જો નહી પુગાડું તો હું મારા બાપનો બેટો નહીં."

"બરજોર—"

"બોલ, હું અહીંથી સેવટનો ચાલી જાઉં તે અગાઉ જવાબ દે. મને કીમત જોઇયેછ તે આપવીછ કે તારા બાપ સાથ તુને જેલમાં ચાંચર મારવા જવુંછ?"

ધને દાંતે દાંત કચકચાવી નાખ્યા.

'એ તારી મોહોબત છે!" તેણી અત્યંત તીરસ્કાર ને કડવાસથી બોલી.

"મોહબત અને લડાઈમાં બધું રવા છે, ધન."

"અં—તારે તમારી કીમત શું છે?"

"તારો હાથ. મારી સાથ પરણવા કબુલ થા, ધન - અને આય જખાંમાથી તારી સામે એક વાંકો વુમારોબ નહી નીકળશે."

ધને પાછી એક હાય મારી,

"ઓ! તું ઘણું માંગેછ—અતી ઘણુ માગેછ, બરજોર" તેણી રડમસ અવાજે કગલી પડી

"પણ હું આપું છબી અતી ઘણું"

ધન જવાબ દઈ શકી નહીં. તેણી ધુમરી ખાઈને નજદીકના કોચ ઉપર ફસડાઈ બેઠી.

બીજીજ પળે ડા૦ બરજોર તેણીની સારવારમા મશગુલ થયો હતો.

\+ \+ \+ \+

પ્રકરણ—૩૦ મુ.

"હાયરે નસીબ! એ તેં શું દગો દીધો!"

મેહેરજી સાઈકલપર ફરીને તુરતનો બાહેરથી આવ્યો હતો. આવતાંને વાર તે ડ્રોઈંગ રૂમમાં ઇઝીચેર ઉપર નસોસ જીવે થાક લેવા બેઠો.

તેનુ છેલ્લું અઠવાડયું કેમ પસાર થયું હતું, તે તો તેનો

જીવજ જાણે. સાલગરેહને દહાડે 'પંથકી પેલેસ'માં બાણું થયુ તે બનાવને બરાબર આંઠ દહાડા થયા. ઓ જીવ! વખત કેવો ભારી પથરા જેવો મેહેરજીની છાતીપર દબાઇ બેસીને વાહેતો હતો! એ અઠવાડયાના અરસામાં તેણે એક વાગ્બી પેલાં 'કલીફટન કોટેજ'ની મુલાકાત લીધી ન હતી મેહેરજીનું ધક ધ્યાન બધું તે કોટેજમાં રહેતી પુતળીમા ભરાયું હતું—પણ બસ ત્યાં જવાને તેના પગજ ઉપડતા નહી હતા આજે જયારે તે સવારના છેક વાંદરા વેરની લાંબી સાઇકલ 'રાઇડ' લઇ આવ્યો ત્યારે તેનુ મગજબી તેના શરીરના જેટલુંજ થાકીને લુસ થયલું હતું.

રૂસ્તમ મુગાશેઠ કયારનો કરાંચી ઉપડી ગયલો હતો. ઘરમા બરાબર છાતી ખોલીને વાત કરનારો તે જગ એકલો અટુલો ભાઇ સમાન દોસ્ત હતો, તેબી ચાલી ગયો જરાં સાથ તો મેહેરજી કોઇ દહાડેબી ખરે મને કાંઇ ગંભીર વાતચીત કરતોજ નહી હતો, એટલે મનના આવા તરંગમાં તે પુરોજ બરીયલ બની ગયો. વળી ભીખાઇજી માય છેલ્લા કેટલા દહાડા થયા તેની સાથે એવાં ઉંચે મોહડે હતા કે મેહેરજી તેવણથી બસો વાર દુરનો દુર નાસ્તો હતો.

એક લાંબો શ્વાસ ખેંચીને તેણે પોતાનું ભીનું કપાળ ઘસડીને લુંછયું.

"એક આંઠ દહારા કેયે નીકળી જાઉં!" તે બડબડયો, "જહાંગીરડી જવા ગમેછ—કે નહીં તો કરાંચી લટાર મારી આઉં? રૂસ્તમ બોલાવ બોલાવ કરીને—હલ્લો! એ કોણ?"

મેહેરજી એક છલાંગ સમેત પોતાની બેઠકપરથી ઉઠી ઉભો થયો. હોલની પાસેના એક ઓરડાનો પડદો ખીસાડી એક જવાન ખુબસુરત સાડીવાળી પારસી લેડી મેહેરજીની નજ

દીકમાંથી ઝડપમાં ચાલી જમવાના ઓરડામા જતી રહી. તેણી એટલી ઝપાટામાં જાણે દોડી ગઇ કે છાતીપર માથુ નાખી નીચી મુંડીએ વીચારમાં બેઠેલો મેહેરજી ફક્ટ તેણીનો ચેહેરો અછડતોજ જોઇ શકયો હતો.

અરે એ નવું વળી કોણ! એક સેકંડ તેણીના મોઢાપ મેહેરજીની નજર પડી તેટલાંપરથીજ જાણે તેને લાગ્યું કે એ જવાન બાઇને તેણે કેથે જોઇ હોય એકાદ મીનીટ જમવાના ઓરડાના બારણાં ભણી ડોળા કહાડીને જોનો ડંગ જેવો તે ગુચવણમાં અટકી ઉભો. સવારના જયારે તે બાઇસીકલપર ગયો ત્યારે તો ઘરમાં કોઇ નહીં હતું અને તેટલાં આ નવો નાજુક પરોણો વળી કયાંથી ફુટી નીકળયો? અને તેબી વળી જાણે કોઇ ઘરનુંજ માણુસ હોય અને ઘરબાર માંડીને રહ્યુ હોય તેમ ઘરમાં પહેરવાની સાડી સાથ ઉંઘાડે માથે તેણી નીચે એકલીજ ફરતી હતી.

પછવાડે જઇને કાંઇ ખબર કહાડવી કે નહીં? મેહેરજી એક સુઘો ગ્રહસ્થ હતો. બાઇની પછવાડે જમવાના ઓરડામાં જઇ ખુલાસો પુછવાનો વીચાર તેણે બીજીજ પળે માથાંમાંથી છંછેરી નાખ્યો. જર કે માયજીબી નીચે નહી હતાં કે જરા પુછી શકાય.

હશે—જે હશે તે વખત જતાં આપોઆપ જણાશે. એવા મનસુબો કરી મેહેરજી પાછો બેસવા જતો હતો તેટલાં પેલી જવાન બાઇ જમવાના ઓરડામાંથી પાછી આવી. મેહેરજીના મોઢાંમાથી અજાયબીને મારે એક બુમ નીકળી પડી.

"તમે! શેહેરબાનુ!—તમે અહીં?"

શેહેરાં ચાલતાં ચાલતાં અટકી પડી અને પોતાની મનો-

જીર આંખ્યો મેહેરજીની સામે ઠેરવી રાખ્યા જવાબ દીધો.

"હાજી, હુંજ શેહેરાં. આજેજ સવારના હું અહીં તમારાં મમાને તાંહ ચાકરી રેહીછ."

"ચાકરી!" મેહેરજી મ્હોં ઉંઘાડીને આ ખરે ખરી મડમ સરખી રૂપસુંદર છોકરીના ચેહેરા ગમ ટીકવા લાગ્યો.

કેકાઉસ મુલ્લાંને ત્યાંની આ ગોરી ઘાટમારી છોકરી પોતાને ત્યાં ચાકરી! તેણે તો પહેલાં પોતાની આંખનેબી માનવાને ના પાડી. શેહેરાંનો મુખડો હવે આસાએશથી અને નીરાંતથી જરા ભરાયલો હોવાથી તેણી રૂપાળી દીસ્તી હતી.

"ચાકરી! તમે—તમે ચાકરીએ! એ શું બોલોછ!"

"હાજી, મી૦ દારાશાહે મને રેકેમંડ કરી અને તમારાં માયજીએ મીસ જરબાઇના કંપેનીયન તરીકે મને રોકીછ."

આમ કહી ડોકું નમાવી શેહેરા સપાટામાં પાછી પોતાના પાસેના ઓરડામાં જતી રહી.

મેહેરજી આખે અંગે પાણી પાણી થઇ ગયો હતો

"પેલા સ્કાઉડરલે 'રેકેમંડ' કીધી ને આય પોરી અહીં જરૂની કમપેનીયંન તરીકે?—વાટ રોટ ઇઝ ધીસ!"

તે હરણફાર જેવો થઇને વીચારમાં સ્તંભ થઇ રહ્યો.

"એ માયજીને હમણાં થયુંછ શું કોણ જાણે! કે યા તો મારૂં બેજું પોચ્યું પડવા માંડેછ?"

અદબ વાળીને તે ઓરડામાં આમ તેમ અધીરાઇથી ફલાંગ મારવા લાગ્યો. "બાઇ જોવ!" તે એકલે જીવે પાછો બકબકવા લાગ્યો. "એજ ગર્લ કે જેની ઉપર રૂસ્તમ મેડ થઇ ગીયોનો. એને અહીં લાવવામાં મમા કંઇ બીજી ગાંડી ઘેલી ગણત્રી કરતાં તો નહી હોય? હવે એવણને હું કેમ

સમજાઉં? રૂસ્તમ મને ગમે તેટલું કેહતોનો પણ બસ મારો તો વીચાર એ છોકરીને વાસ્તે કંઈ સારો થઈ શકતોજ નથી. લોહીની ખાસીયત કોઈ કાળેબી મીટવાની હતી? પણ મારી ફરજ છે કે માયને જરાક જઈને હજુંની વખતસર ચેતાઉં."

પાસે ટેબલપર પડેલી પોતાની 'પીક કેપ'ને ત્રાપ મારી ઉંચકી મેહેરજી ધસારાબંધ માળપર દોડયો. બીજે માળે બીખઈજી પોતાના ઓરડામાં જર સાથ કંઈ વાતે વળગેલાં હતાં. જેવો મેહેરજી અંદર દાખલ થયો કે બેઉ જણીએ લગાર અજાયબીથી ડોળા ઉંઘાડી તેની ગમ જોયું. મેહેરજીબા વળી ઘણે દહાડે પાછા આમ ચાલી ચલાવી ઓરડામાં વાત કરવા આવ્યા હતા.

"હું હમણા બહારથી આયો તારે મેં નીચે એક જુવાન કોઈ પારસી લેડીને જોઈ—"

"હા, એ આપરી નવી મીસ લીલી બેહેરામજી હોશે!" જર વચ્ચે બોલી ઉઠી.

મેહેરજી તો કપાળનો ચીલ્લો ચઢાવી જરનું કોઠુંજ ભો-પવા પડયો.

"લીલી બેહેરામજી! એ શું બકોછ?" તે અકળાઈને બોલ્યો, "એ બધો ગડબડગોટો શું છે—મને સમજ નહી પડતી. માય, તમે એ છોકરીને બરાબર ઓળખોછ કે? એનુ નામ લીલી ફીલી કંઈ નથી તે હું બરાબર જાણુંછ. એ તમે કોણને આપરા ઘેરમાં રાખીછ?"

મેહેરજીને આટલા બધા જોસથી બોલતાં જોઈ બીખઈજી જેવણ અત્યાર સુધી ભારમાંજ હતાં તેવણ હવે ખડાં બેઠાં.

"એ છોકરીનું નામ લીલીજ છે. મને દારાશાહે બરાબર

ખાતરી આપીછ. કહેને નમાયું બચ્ચું છે ને ઘણા આબરૂદાર કુટુંબનું ફરજંદ છે. જરાંને વાસ્તે કાઇ પીયાંનો માસ્તર જોઇતીતીજ ને આય લીલી ઘણું સરસ વજાડેછ—તેથી મેં એને દર મહીને પાંસઠ રૂપીઆને પગારે ચાકરી રાખીછ. આપરે તાંહ રહેશે ને ખાશે. ઘણી મજાહની ગરીબ છોકરી છે. મેં જોઇ તેવીજ મને તો ગમી. જરા એકલી ઝુરીયાખી કરેછ તે હવે એને કોઇ વાત કરનારૂં મળશે."

મુશકેલીથી દમ ખેંચતો અને પોતાની છાતીમાં ઉભાની લાગણીને દબાવવાની કોશેશ કરતો મેહરજી ડઘાયલો જેવો પોતાના માય ગમ ધારી ધારીને જોવા પડયો.

"પેલા દારાશાહે સરટીફીકેટ આપી ને તમે રાખી! માય તમે–પણ નહી! એક છોકરીને વાસ્તે ગીનસ કરવાની હું દરકાર કરતો નથી. હું ઇચ્છુંછ, જર, કે તારી આય નવી કમપેનીયન આપણુને પરતાવાનું કારણ નહી આપે."

"પણ ઓ વાય! એ એટલી બધી તે શું ખરાબ છે, જરા અમુને તો કેહ? બીચારી દેખાવમાં તો ઘણી ભોળી ને નીરદોશ લાગેછ"

"હું કંઇ કહેવા માગતો નથી," મેહેરજી લગરીક દમમાંજ ડોકું ધુણાવીને બોલ્યો. "વરી માય કેહેશે કે હું એવણની મરજીથી આરો ગીયો. પણ મને એટલું કહો કે પેલા તમારા દોસ્તદારે આય છોકરીની એટલી બધી સીફારસ કીધી તાહરે પોને પોતાનેજ તાંહ એને કાંય નહી ચાકરીએ ગખી?"

"મરેરે! એકલો અટુલો માટીડો આવી જુવાન જવાન દુકતીને પોતાને તાંહ ચાકરી રાખે? જા મેહેર, હવે માથું ના ખા."

"ને વરી દારાશાહ તો આજે કહેતાતા કે એવણ આજે

દશ વાગાની ગાડીમાં સુરત જતા રહેવાના છે." જરે ટાઇ
પુછી, "લેવો હમણા પોણા દશ તો થયા. ગ્રાંટરોડથી ની
પા કલાકમાં તો એ લોક ઉપડી જશે."

બીખઇજી ઉઠીને ઉભા થયાં. જર ભોળાપણામાં કાં
કાપતી હતી. તેવણે જરને આંખની બે ત્રણ ઇશારત કર
પણ જર તે ક્યાં જોતી હતી! તેણી તો સામે ઉભેલા મેહે
રજીના ચેહેરા ઉપર થઇ ગયલો કંઇ અસાધારણ અદભુ
ફેરફાર જોવામાં ચકભમ બની ગયલી હતી.

એ મેહેરજીને ખરેખર શું થઇ આવ્યું હતું? એકાએ
તેનો ચેહેરો એક ઝનુની ખવીસ આદમીની પેઠે વીક્રા
અને રાતો બની ગયો. એક દીવાના છાકટ શખસની પે
તેણે જર તરફ થોડો વાર ચુપ ચુપ જોયા કર્યું અને પછ
એકાએક તે અડોઅડ જઇ તેણીને કાંડીમાંથી પકડી

"કોણ! કોણ દશ વાગે ઉપડી જાયછ? બોલ જર—
ાને ખાતર જલદી બોલ!" તેણે ઉશકેરાયલા ખોખરા
ાજે પુછ્યું.

ર ગભરાઇને આ અજબ રીતે તપી ગયલા પોતાના
ને ધારી ધારીને જોવા પડી.

ણુ એમ અકરાઇ શાનો જાયછ! દારાશાહ ને પેસી
જે દશ વાગાની ટરેનમાં સુરત ઉપડી જાયછ. એ
જઇને લગન—"

ોડ!"

ડી જાય એવી રીતે આટલા સખુનો ગળામાંથી
ો લપેરા ખાતો બે ડગલાં પાછળ હઠયો. એક
ે હાથે મજબુત પોતાનું માથું દાબી રાખ્યું.



જાણે એકાએક કાંઈ યાદ થઈ આવ્યું હોય તેમ તે બારણા તરફ ધસ્યો. પણ બારણું તો બંધ હતું અને જર આડી ઉભેલી હતી

(જુઓ સફો ૨૭૭ મો.)

બીજી પળે જયારે તેણે ડોકું ઉંચકીને ઘડીયાળમાં જોયું ત્યારે તેનો દેખાવ એક જીવતા આદમી કરતાં ભસ્તાંમાંના એક ભુતને વધારે મળતો હતો. બીખઈજીબી ગભરઈને ખુરસીપર પાછાં બેસી ગયાં. તેવણના દીકરાનો આ દેખાવ તે દહાડે ખરેખર બીક ઉપજાવે તેવો હતો. પણ જર? તેણી ઓરડાના બંધ બારણાંને અઢેલી એક ચીતે પોવીકી મસ મોટી આંખ્યો કહાડી મેહેરજીની ગમ જોતી ઉભેલી હતી.

આહ! એક ઓરત જાતના હઈડાંમાં અદેખાઈનો જે અટેો લાગે તે જરને અહીંયાં લાગતો હતો. મેહેરજી આ દાગાશાહની સુરત જવાની વાત સાંભળી એટલો અકળાઈ શું કામ ગયો તે તેણીને સમજાવવા જવું પડે એમ ન હતુ

મેહેરજીએ એક વાર ફરીથી ઘડીઆળ ગમ નજર ફેંકી. દશમા દશ કમ હતી. જાણે એકાએક કાંઈ વારૂં થઈ આવ્યું હોય તેમ તે બારણાં તરફ ધસ્યો. પણ બારણું તો બંધ હતું ને જર આડી ઉભેલી હતી.

"પ્લીસ, મને જવા દે!" તેણે દબાયલા સાદે બુમ પાડી.

જરે એક છેડાયલી વાઘણની પેઠે તેની ગમ જોયું, "કહાં જાયછ? નહી જવા દેતી!"

મેહેરજીએ લોહીનો એક ગોટ ગળ્યો અને બહુજ કચવાઈને તેણે મુગે મોહડે જરને પાછી ઇસારત કરી કે બસ બારણાં આગળથી ખસી જવું. જર એક ઇંચબી હાલી નહી.

"નહી—નહી જવાશે!"

"પ્લીસ જર! હું તુને કેહુંછ કે હમણા મને રોક ના!"

પણ ફોકટ. જર બારણાં આગળથી એક તસુબી ખસી નહીં. તેબી આણી ગમ જીવ આવી હતી.

"હીચકારો બાયસો હોય તો મારીપર હાથ ઉંચક! અહીંથી

નહી જવાશે" તેણી હોઠ ભીડીને ચીંચવાઇ પડી.

મેહેરજી હીચકારો બાયલો તો નહીજ હતો. પણ પળેપળ ઘડીએ ઘડી હવે તેની પોતાની જીંદગી સમાન કીમતી હતી. દાંત પીસીને તે જરની અડોઅડ ગયો અને તેણીને કમર માંથી પકડી જોરથી—પણ અલબત્તાં બનતી સંભાળથી—બાજુ ખીસાડી નાખી. ઘાયલ થયલા એક ચીત્તાની પેઠે તે ચચાર ફાંકે નીચે ધસ્યો. વરંડાપરથી બાઇસીકલને ઝુંટવી તેણે ચાહોમ તેની ઉપર ઝોકાવી દીધું અને સરતની ઝડપે ગ્રાંટ-રોડના સ્ટેશન ગમ પેડલ માર્યાં.

જયારે સ્ટેશન આગળ આવ્યો ત્યારે મેહેરજી લગભગ હાફીને લોઠપોઠ થઇ ગયો હતો. અને તેનો દમ આખર થઇ રહ્યો હતો. જેવો તે સ્ટેશનના પોરટીકોમાં સાઇકલપરથી નીચે ભુસ્કો મારી પડયો કે—

અફસોસ!

ટ્રેન સીપટી મારી સ્ટેશન છોડી જતી હતી! મુખમાંથી એક હાય મારી મેહેરજી એક બાજટપર પછડાઇ પડયો.

બીજી સુરતની ગાડી રાતે છેક આંઠ વાગે જતી હતી.

પ્રકરણ—૩૨ મું.

"રે નીરદય નસીબ! આ તારી કેવી હગલબાજી!"

આહ, જીવ! તું એટલો બધો ઉદાસ શેનો છે?—એવું તે શું દીલનું અંદરખાનેનું દર્દ છે કે જે હર પળે નીયમીત ચટકા મારી તનને અને મનને બસ તોડી નાખે છે? એવું

તે શું અણુગમતું ગજબનાક પગલું લેવાયુ છે કે જેથી સંતોશ કરારને બદલે માથે ઘુમટી આફતનો સંસારો રોજ-બરોજ જીગરમાં ધડકયા કરે છે?

અંતે ઠર પડયા! મેલ ટ્રેનમાં મુંબઈથી સુરતની મુસાફરી શી બીસાદમાં છે? પણ રતીને મનથી એ મંજલ કેવી મુ-શકીલ અને મુસીબત ભરી નીવડી છે, તેતો રતીનું નસોસ નખાઇ ગયલું મોહોડુંજ હમણા કહી આપે છે. અરેરે કંગાળ કરપીણુ કીસમત—અંતે તેં દગો દીધો. શું મનના વીચારો—શું દીલની ઉમેદો—અને આ શો અંજામ? બીચારાં માયજી સુનામાયની વધી ગયલી બીમારીનો સંતાપ એકગમ અને ખુદ પોતાની છાતીમાં લાગેલા કારી જખમની વેદના બીજીગમ! સુરતની પારસી ધરમશાળામાં ગઈ કાલે સાંજે સાત વાગતે આવીને ઉતારો લીધો તે વખતે રતી પંથકી કોણ હતી-અને આજે સહવારે ૮ વાગે સુરતની અગયારીમાં દારાશાહ દીનીયારજી સાથે તેણી જઇ આવ્યા પછી તેજ રતીની જીંદગીમાં શું ફેરફાર થયો! ઓ, દયાના છનસાફના, ફરેસ્તાઓ—આ શું ખરેખર જીંદગાનીમાં બનેલી હકીકત કે ઉંઘમાં દીઠેલો એક ભયાનક ખ્વાબ હતો?

ગાલે હાથનો ટેકો દઇને સુકી ટસ આંખ્યો સાથ પોતાની માયને તાસવીસ કરતી સામે બીછાણાંપર પડેલી જોતાં રતીની છાતીમાં ખરેખર હમણાં કાંઇ નહી ખમાઇ શકાય એવું દર્દ ઉભાયા કરતું હતું. ગરીબ બીચારાં રાંક કમનશીબ સુનામાય! છેલ્લી ટ્રેનની ઠાકે તેવણને એકદમજ ખલખલતી તાવમાં પછાડી નાખ્યાં હતાં. સુરત આવતાંને વાર તેવણને લખલખાં ભરાઇ આવ્યાં—પોતાની દીકરી અને દારાશાહ સાથ અગી-

યારીબી જઈ શક્યાં નહીં. અગીયારીથી પાછું ફરતાં રતીએ તેવણુનો શું અવતાર જોયો? હાય! જે વ્હાલી માને ખાતર તેણીએ આટલી જીવપર જોરાવરી કરી—જે હેતવંતી મુગે મોહડેની માવતરને રોજના હાયસોસારામાંથી છોડવવા, દલદેસરીના ડાચાંમાંથી ઉગારવા અને મોતના પંજામાંથી છટકાવવા તેણીએ ખુદ પોતાનો જીવ વટીક વેચ્યો અને જીગર તોડીને બાહેર ફેંકી દીધું—તેજ વ્હાલાંમાં વ્હાલી માતા ૧૦૪ ડીગ્રી બોખારની ઝુમમાં અછાડ પછાડ કરતી પલંગપર પડેલી હતી!

૮ વાગ્યા. દારાશાહ કોઇ ડાક્ટરને બોલાવવા બાહેર ગયેલો હતો. ધીમેથી ઉઠી સુનામાયનાં માથાંપર મેલેલાં ભીનાં કપડાંપર કોલાંવાટર નાખી રતીએ તેવણુને બંકુસ ઓઢાડયો. સુનામાએ પોતાની ઝુમાઇ જતી બે આંખ્યો સેહેજ ખોલી પોતાનાં પ્યારાં બચ્ચાં ગમ જોયું.

"રતાં!" તેવણુના મુખમાંથી દબાયલો સાદ નીકળ્યો

રતી તેવણુનાં મોહડાં આગળ છેક વાંકી વળી માથું પસવારવા લાગી.

"કંઇ કેહેવોછ, માઇજી!" તેણીએ બહુજ ધીમેથી પુછયું. 'બધું પુરૂં થયું કે દીકરી?"

"હાજી."

"ચાલ જીવતી રેહ! ન્તાં, હવે હું સુખે મરી જવશ. તારી સંભાળ લેવા સારૂં—ઓહ—મકુંજે————"

"બસ—માઇજી, બસ! એમ ના બોલો," રતી રડમસ થઇને પોતાના હાથ વડે બે આંખ્યો ઢાંકી ખરેખર કમકમીને બોલી ઉઠી, "તમે સુઇ જાવો—"

સુનામાએ એક લાંબો શ્વાસ ખેંચ્યો અને ફાટે ફાટે ડોળે રતી ગમ જોયા કર્યું

"કાંય દીકરી, તું સપરમે દાહડે એમ અકરાયછ કાંય? શું મારે વાસ્તે તું બગાપા કરેછ?"

રતીએ લાહીનો ગોટ ગળ્યો અને નીચી મુડીએ મોહોડું ઢાંકી બેસીજ રહી પણ સુનામાએ જોયું કે તેણીના ગાલ ઉપરથી આંસુના ત્રણ ચાર મોટાં ટીપાં ટપકાઇ ચાદરપર પડયાં. તેવણે જેમ તેમ કરી રતીનો એક હાથ પોતાના ગરમ હાથોમાં લીધો અને પોતાની છાતીસે ચાંપ્યો.

"રતાં, તું એમ ના કર," તેવણે ઘણાજ ધીમેથી કગળીને કહ્યું. "મારી દરકાર ના કર. અબઇ રહ્યા હવે તુને જોવા વારા, તારી સંભળ લેવાવારા બે જણ છે—એક તો તારો હીરા જેવો ભાઇ બરજોર ને બીજો—ઓ—હવે કેમ કરૂં—બીજો—"

કાનની આગળ એક રીવાલવર ફુટી હોય તેમ રતી ઝપકીને એક નાની બુમ સાથે ઉછળી ઉભી થઇ અને હેબતાઇને પછવાડે જોયું. ત્યાં બારણાના ઉંબર ઉપર ઘણાજ ગમગીન મોહડે અદબ વાળીને ઇંગ્રેજી ડ્રેસમાં મેહેરજી પંથકી ઉભેલા હતો.

"ઓ! મેહેરજી!"

ગભરાટથી ઓચરેલા આટલાજ શબ્દો સાથ રતી ધપ દેતી કે પાછી ઘોલીયાપર ઉજળા સપ ચેહેરા સંગાથ ફસડાઇ બેઠી. જાણે એક પુતળાંને કુંચી આપી હોય તેમ ધીમે પણ સાબુત કદમે મેહેરજી ઓરડાની અંદર ચાલી આવ્યો અને રતીની સામે કમ્મરે બે હાથ દઇને સ્થીર થોડો વાર ઉભો રહી તેણીનું મોહોડું ટગર ટગર જોવા પડયો.

"હા, હું મેહેરજી. રતી, મને જોઇને એટલી બધી ગભરાઇ ગેઈ? શું મને કંઇ ભસ્તાંમાનો ભુતભુત સમજેછ? એ આય કાકીના શું હાલ પરી ગીયા? એવી હાલતમાં એવણુને અહીં વેર કાંય ઘસરી લાવી?"

ઉત્તર વાળવાને બદલે રતી રૂમાલ પોતાની બંને આંખયોપર દાબી જીગર તુટી જાય તેમ ડચકાં ખાવા લાગી. અરધીએક મીનીટ સુધી મેહેરજીએ આ રડતી કમભાગ્ય પુતળી ગમ દયામણી આંખયોએ જોયા કરયું. તે છોકરીને આમ દુઃખી થતી દેખી તેના પોતાનાં દીલમાં જાણે રેરી કાટા ખુંચતા હતા.

"રતી," તેણે પોઘારી અવાજે પાછું અજાવ્યું, "એ તું શું મેટ બેટ થઇછ? તું એમ છટકી જવા માંગશે તે શું હું બેસીને જોયા કરશ? મારી વહાલી, મને કેહ—તુને હમણા શું દુઃખ છે? તું કાંય રડેછ રતી, બોલ—જવાબ આપ."

આમ કહી મેહેરજીએ જોરથી રતીનો હાથ આંખ આગળથી ખસાડી નાખ્યો અને તેણીને પોતાની ગમ જોવાની ફરજ પાડી.

"હું મારાં નશીબને રડુંછ. તમુને ને મને શું સનાન સુતક છે, મેહેરજી ભઇ? અહીયાં વેર અમારાં લોકની પછવાડે શું કામ આયા? જાવો, અહીંથી જાવો. મને શું કામ અમથી વધારે દુઃખી કરોછ?"

મેહેરજી રતીના પાસે બેસી ગયો અને તેણીની કમ્મર આસપાસ પોતાનો હાથ વીટાળ્યો.

"તુને દુઃખી કરૂં? એ શું બકેછ? છોકરી, તું મને પહેલેથીજ ગેરઇનસાફ કરેછ. અરે તું મુંબઇથી કાંય નીકળી ગેઇ? એક બેગાના મરદની સાથે એમ ચાલી જવુ? શરમ, શરમ!, રવી, કાંઇ નહીં તો જરાક મારી લાગણીનો

વીચાર કરતે! આહ! ટ્રેન હું બે મીનીટને વાસ્તે ચુકી ગયો, નહીં તો તમારા લોકની સાથેજ અહીં ગઇ કાલે રાતે આયો હોતે. આજે પેસેનજર સહવારના આવી ને સ્ટેશન પરથી પાધરો ખબર કાઢનો અહીં આયોછ. રતી, ચાલ મારી સાથે પાછી. એમ પેલાં ના કહાડ. સુનામાએ કાલ પરમ જરાક ટટાર થાય ને મારી સાથ તમે લોકો પાછાં આવો."

રતીની આંખો હવે સુકાઈને છોડયાં જેવી થઇ હતી. તેણીનો ફીક્કો ચેહેરો ઓરબા જરાક વધારે સફેદ મારી ગયો. હળવેથી ડોકું ઉંચકી તણીએ મેહેરજીની ઓજરખવાહી ભરેલી આંખયોમાં ધારી ધા ને એકાદ મીનીટ જોયા કીધું.

"મેહેરજી, માયજી ઉંઘમાં પરેલાં છે. તું હવે શું કહેછ—શું કહેવા માગેછ? કહી દે—ને પછી ચાલી જા," તેણી કરગરીને બોલી.

"હું કહેવા માગુછ કે મનના ખોટા ખયાલાથી ઉશકેરા ઇને તું જે ઉછાછલું પગલું ભરવા માગેછ તે હું તુને કોઇ કાળેબી ભરવા દેવાનો નથી. અરે છોકરી, એ તું કોણની સાથ તારી બેજુળ જીંદગી સાંધીને બરબાદ કરવા માંગેછ? રતી, એ નાપાક દારાશાહને તું ઓળખતી નથી. હજુરબી સમજ—હજુર બી મારૂં થયું નથી?"

"કેમ જાણ્યું કે મારૂં થયું નથી?"

"કેમ જાણ્યું? કારણ કે હું તમારાં લોકની પુઠે શીકારી કુતરાની માની અહીં દારી આયોછ. ઓ રતન—"મેહેરજીનો સાદ અહીં ખુબ ધ્રુજવા લાગો. "ઓ મારા જાન, મેં તુને આટલી ચેતાવી, માય પાસે બી તુને આટલી ચેતવણી અપાવી—"

"હા! મારી ચાલચલણને વાસ્તે તમે મારી પીઠ પાછળ માયની આગળ બખાર્યા, તે તેવણે મને કહ્યું—"

"ગુડ લોર્ડ! નહીં—મારાં મામાએ તુંને શું કહ્યું તે હું જાણતો નથી, પણ મેં તેવણને કાલાવાલા કરીને કહ્યું'તું કે તુંને આય બદનાશ, પોશાગીર, જુગારી, લફંગા દારાશાહ—"

"બસ! એટલું બધું તમુને બોલવા કોણ કેહેછ?" રતી હવે ટટણુબાર બેસીને ડોળા કહાડીને મેહેરજી સામે જોતાં તરડાઈ પડી.

"મારૂં તપી આવેલું લોહી કહેછ. તું એ પારસીને ઓળખતી નથી, ને હું એને રગેરગ ઓળખુંછ રતી, એ ચંડાળની નીશટા પાક નથી. એ કોઈ કાળે તુંને પરણવાનો નથી. અરે, તારે વાસ્તે હું આટલો મરૂંછ—ને તું એ મુજીપર મરી ફીટેછ, તે જોઈ મારૂં લોહી સુકાઈ જાયછ. રતન, એવા શખ્સ સાથે સુનામાય કાજી અને તું અહીંવેર નીકળી આયાં! કોઈ કાલેબી તુ આશા રાખેછ કે એ હરડતો દગલબાજ તુંને પોતાની પરણેતર—"

"મુગા રેહવો!" રતી વળી પાછી ચીચવાઈને બુમ પાડી ઉઠી. "એ હરડતો દગલબાજબી નથી ને લફંગો પોશાગીરબી નથી. જે છે તે એ છે. એ મારો પરણેતર ધણી છે. તમારી બધી ફીલસુફી ખોટી છે. હમણાજ એક કલાકની વાતપર અમે અગીઆરીમાં આશીરવાદ સરાવી આયાંછ."

આખા અંગે લકવો થઈ આવ્યો હોય તેમ ખુરસીનો હાથો કકડાવીને પકડી મેહેરજીએ ઉંધાડે મ્હોંડે હેબતાઈને સામે ઉભેલી પોતાની પીત્રાઈનો ઉશ્કેરાયલો ચેહેરો ટીકયા કર્યો. તેના મુખમાં સાદ જાણે ચીટકી બેઠો હતો. કાંઈબી બોલવાની તેણે તજવીજ કરી, પણ તેના ગળાંમાંથી એક જીવતોડ નીસાસા ઉપરાંત વધુ કશું નીકળ્યું નહીં.

"થઈ ચુંકું!"

"હા—થઇ ચુકું! અમે હમણાંજ લગન કરાવીને અ-ગીઆરીમાંથી આયાં. દારાશાએ જીદ કરીને બસ તરત આશીર-વાદ સરાવી નાખ્યા. બસ જાઓ, હવે—મને છોડો!"

જવાબમાં કાંઇબી મેહેરજીને બોલવાની જરૂરબી શું હતી? બીજીજ પળે રતી પાછી ખુરસીપર ઢપકાઇ બેસી કળવાઇને ડચકાં ખાતી હતી.

ખાસ્સી પાંચેક મીનીટ આમ ચુપચાપ વચ્ચે ગઇ સુનામાયનો કઠણ શ્વાસોશ્વાસ, રતીના ગુંગળાયલાં ડચકાંનો અવાજ અને ઘડીયાળની ગંભીર ટીક ટીક મેહેરજીના હરદય ઉપર તાવેલાં સીસાંનાં ટીપાં પેઠે લાગતાં હતા. આખરે તેણે પોતાના રૂમાલ વડે ભીનાયલું કપાળ ખુબ ઘસડીને નુછયું અને એક ગરદન મારવા કઢાડેલા શખ્સના પેઠે નસોસ પગલે ચાલીને ઓરડાની બાહેર ઓટલાપર ગયો.

"બસ, તારે થઇ ચુકું!" તેનો ભાગેલો દબાયલો સાદ જેમ તેમ નીકળ્યો "હું જાઉંછ, હવે મારૂં શું કામ છે? રતી, હવે તુને ને દુન્યાની મોજશોખને—આહ! મારી ઉમે-દોને—છેલ્લી સલામ! તકદીરે તુંને અંતે ફસાવી—મને અંતે કચડી નાંખ્યો! પણ નહી, આટલો વખત હું તારામાં ઠગાયો. ઓ છોકરી, હું મારા જીવ સાથ માનનોતો કે મારે વાસ્તે તારા દીલમાં જરાબી તો અરે છેજ. પણ હું ઠગાયો—અરે ઠગાયો! તારે હાથે મે મારૂં હઇડું ભાગી તુટી તુપઇ પીખાઇ જવા દીધું!—સલામ, બેકદર છોકરી, સલામ! ખોદા તુને હમેશાં સુખી રાખે!"

ખોખરા ધીમા અવાજે ઓટલાપર ઉભો ઉભોજ આટલું બોલી લઠરતો પઠરતો મેહેરજી ધરમશાળાની બાહેર પડયો

અને બાહેર ઉભેલા ટાગામાં એક દીવાના પીધેલા આદમીની પેઠે જઇને અફળાયો.

અને રતી? નીચા મુડાએ સ્થીર બેસી રહીને તેણી મેહેરજીના આ છેલ્લા શબ્દો સાંભળયા કરતી હતી. જેવી ગાડી ખણખણાટ સાથ હંકરાઇ ગઇ કે તેણીના હાથ વચેથી એક નાની ચીસ લપસી પડી. અને બીજી પળે તો તેણી ખુરસીના હાથાપર બે હાથોમાં મોહોડું ટેકવી બેહોશ થઇ ગઇ હતી.

કીસમત, કીસમત! ખરેખર તકદીરે તેણીની સાથે એક બાટકી લુટ લીધી હતી.

* * * *

તેજ દહાડે બપોરે મુંબઈ બીબાઇજી પંથકીને નીચલો અરજન્ટ તાર મળયો.

"મેહેરજી તરફથી—તમારૂં ઘેર હું સદાનું છોડી કરાંચી જાઉં છું. આજથી તમે મારાં માય નથી—હું તમારો દીકરો નથી. હવે હું મારૂં ફોરી લેવશ."

પ્રકરણ ૩૨ મું.

ટેરેસ હોલ—બ્લોક નાં૦ ૩ ના નવાં ભાડુતો.

એક કથા લખનારની અને ન કથા વાંચનારની સરજતમાંબી શું ધરમના ધકેલા હોય છ—તોબાહ! ઉપલાં પ્રકરણમાં દરશાવેલો બનાવ બન્યાને હજી ના બે આખા દહાડા પસાર થઇ જાય તે આગમજ આપણને કરાંચીમાં પાછું ડોકયું કરવાની ફરજ પડી છે.

માત્ર થોડા દહાડાની રમતમાં—યા પરવર—કરાંચીના

પ્રખ્યાત "ટેરેસ હોલ"નો દહાડો કેવો ફરી ગયલો હતો! એ માતબર મકાનના, નવા કારભારી આવ્યા પછી બધો જુનો અવતારજ બદલાઇ ગયલો હતો. નવા સુધારા વધારા સાથ જુની ઇમારતની રૈનક કાંઇ ઓરજ વધેલી હતી—બગીચાનો બાહાર અજબ ખીલ્યો હતો. અને સઘળા ઠાઠ માઠ અને ચેહલ મેહેલની લેહેઝટ ચાખવા માટે—કોણ? મીસ લીલી મેહેતા એકલી! સાત એકરના ગંજાવર કમપાઉંડ માહેલા "ટેરેસ હોલ"ના ત્રણ કુશાદે બંગલાઓ ધંધાર જેવા લગભગ ખાલી પડેલા—શેઠાણીજી, તેવણનાં ગવરનેસ, અને કારભારી સીવાય ત્યાં રહેવાવાલું કોઇ નહીં! "ટેરેસ હોલ"ના પહેલા બ્લાકમાં લીલી અને મીસીસ હરસ્ટ રહેતાં હતાં—બ્લાક ના૦ ૨ જે જરા નાનો હતો તેમાં કારભારી કેકાઉસ મુલ્લાનો મુકામ હતો અને ત્રીજો બ્લાક શેઠ બેહેરામજી મેહેતાના ગુજરવા પછી ખાલીજ હતો. આવી જાતનો કારભાર મેનેજર સાહેબને કેમ રૂચે? ના૦ ૩ જેવો ફરાગાત બે માળનો શોભીતો બંગલો ભાડે આપ્યો હોય તો નાખી દેતાં મહીને દહાડે ત્રણસો સાડી ત્રણસો રૂપીઆનું ભાડું સેહેલાઇથી આવી જાય. કારભારીએ કરાંચીના તેમજ મુંબઇના ગુજરાતી તેમજ ઇંગ્રેજી વર્તમાન પત્રોમાં આ બ્લાક ભાડે આપવાની જાહેરખબર આઠ દહાડા થયા ચાલુ રાખી હતી. 'ટેરેસહોલ એસ્ટેટના હવે ગોયા કેકાઉસ મુલ્લાંજ શેઠ હતા—કરાંચીવાસીઓને જાણે લાગતું હતું કે જવાન બાઇ મીસ લીલીનો તો કશી વાતનો અખ્ત્યારજ ચાલતો ન હતો. મેહેતા ખાનદાનમાં "ટેરેસહોલ" બાપ દાદાથી ઉતરતો આવ્યો હતો—પણ કોઇ દહાડે તે કદીબી

ભાડે અપાયલો કોઈએ જાણ્યો ન હતો અને હવે નાં ૩ બંગલો ભાડે અપાવા નીકળ્યો એબી જમાનાના પ્રતાપ! હશે, નવા મેનેજરની ગણત્રી આગળ મીસ લીલીનું ચાલ્યું નહીં હશે.

ખરેખર ચાલ્યું ન હતું! પોતાના બ્લોક નાં ૧ ની અડોઅડ આવેલા નાં ૩ બ્લોકમાં કોઈ ભાડુતો આવી રહે—બધી વાતની ખણખોડ કરે—કેવાં હોય કેવાં નહીં—વળી તેમાંથી શું નવા નવાં વધનો ઉભાં થાય—એ સઘળી તકરારો કેકાઉસ મુલ્લાંએ હસીને ઉરાડી નાખી હતી.

"જા, જા, ઘેલી! હવે કંઇ થવાનું નથી. નકામાં મહીને દહાડે ખોભા બઢીને રૂપીઆ જતા મુકવાના!"

શેઠાણીએ વધારે ચીકઝીક કરવાનું છોડી દીધું હતું. નાં ૩ બંગલાની જાહેર ખબર છપાઈ અને અઠવાડયાંની મુદતમા તો ચાર પાંચ અરજ પત્રોબી આવ્યાં. સઘળાંમાંથી મેનેજરને એક માંગણી વધારે પસંદ પડી. તે મુંબઇથી કોઇ આબરૂદાર ખાનદાનની બાઈ તરફથી થઇ હતી. મેનેજર કેકાઉસ મુલ્લાં દેખતી રીતે એ બાઇને નામે ઓળખતા હોવા જોઇયે—કારણ તેણે તુરત ટેલીગ્રામથી લખી વાળ્યું કે મહીને દહાડે રૂ૩૫૦ ભાડું કબુલ હોય તો પાંચ વરસની મુદત માટે સાટું સ્વીકારવાનો તાર તે બાઇએ તુરત કરવો.

અને આજે અંતે તે તાર આવ્યો હતો. કેકાઉસ મુલ્લા લગાર મલકાયલે મ્હોંડે તે ટેલીગ્રામ હાથમાં ઉંચાડો પકડી શેઠાણીને દેખાડવા ગયો. ડરોઇંગ રૂમમાં મીસ લીલા મીસીસ હરસ્ટની સાથે 'ચેસ' રમવામાં રોકાયલી હતી. કેકાઉસને દાખલ થતાં જોઈ બાઇએ રમતમાંથી ડોકું કહાડી મેનેજરના ચેહેરા ગમ થોડો વાર જોયું.

"કેમ મી૦ મુલ્લાં—શું ખબર છે?"

"આમે તાર આયોછ. તે લોકોએ ત્રણસો પચાસ રૂપ્યે નંબર ત્રણ લીધો અને તેઓ કાલે અહીંયા આવવા ઉપડશે. ત્રણ લેડીઝો એકલી છે."

લીલી મેહેતાના હોઠપર સેહેજ હસવુ ફરી વળ્યું. "હવે તમારો જીવ ધરાયો, મી૦ મુલ્લાં?" તેણી મીસીસ હરસ્ટ ઉપર એક બારીક નજર ફેંકી સેત્રંજનું એક મોહોરૂં ચલાવતાં બોલી "ટેક કેર, મીસીસ હરસ્ટ, બીજી ત્રણ ચાલમાં માહાત કરૂંછ. હા ખરા—છે તે—મી૦ મુલ્લાં, આપરા ભારૂ-તોના નામ શું કેહયાં?"

"મીસીસ ભીખાઇજી નવરોજજી પંથકી કરીને કોઇ લેડી છે. અને સાથે કોઇ જુવાન ભત્રીજી કે ભાણેજ—બલા જાણે કાણ—નામે જરબાઇ કરીને છે"

ચેસના પાટીઆં પરથી અચબુચ ડોકું ઉંચકી કપાળપર સેહેજ કરચલી સાથ મેનેજર ગમ લીલી મેહેતાએ પાછું જોયુ

"પંથકી? તે વળી કોણ?" તેણીએ પુછયું.

કારભારીજીનું પાપણબી ફફડયું નહી. તો પણ તે સેહેજ—બહુજ સેહેજ—મુછમાં હસ્યો તે મીસીસ હરસ્ટે જોયું

"હા ભીખાઇજી પંથકી તો કેહછ. આપરે તાંહ હમણા બધા પંથકીઓજ કેમ જુલા પડેછ—કોણ જાણે! પણ મીસ લીલી, હમણાજ અહીં આવી ગયલા તમારા રંગુનના કોઇ ફ્રેંડ ડાકટર બરજોર પંથકીથી આય લોક તો તદ્દન જુદાંજ છે."

લીલી થોડોકવાર વીચારમાં નીચી મુડીએ ચુપ બેઠી. "મીસીસ હરસ્ટ, મને જરાક ખાનગી વાત કરવાની છે—તમે અમુને પાંચ મીનીટ એકલાં અહીં મુકશો?"

એક શબ્દ બોલવા વગર મીસીસ હર્સ્ટ ઉઠીને ઓરડામાંથી ચાલી ગઈ. શેઠાણીનાં આવા હુકમને તુરત તાબે થવાનો તેણીને માહવરોજ પડી ગયલો હતો. જેવી તેણી બહાર ગઈ કે મ્હોં કુમળાવીને 'ટેરેસ હોલ'ની નવજવાન બાઈએ કારભારી તરફ જોયું.

"તાહરે બરજોર આખરે ગીયો ખરો, બાવા?"

"હા, પીડા જેમ તેમ પતી. અહીં લાંબી પડવા માંગતો 'તો પણ સેવકે એવો તો ધસીને નન્નો વાસ્યો કે કાસી કરાંજીનેબી એને ખરતી લેવીજ પડી. ધન, એ વરી બલા કહાંથી અહીં નીકળી પરયો? કમબખ્ને અહીં ચાકરી વાસ્તે એક એપલીકેશન કીધુંછ ને તે લોક તરફથી જવાબ થોડા દાહારામાં એને મળવાનો છે. મારી આગળ તો લાંબી લાંબી વાત કરી ગયોછ. તેં શું એને કંઈ છાતીએ હાથ બાથ દેવારયોછ કે?"

ધને એક ઉંડો દમ ખેંચ્યો. "જવા દેઓની, એ વાત હમણા ના કરો. હાલ તુરત એ કહરાયો એટલે બસ. પણ બાવા, મને તમે ખાતરીથી કહોછ કે પેલી—પે—પેલી છોકરી મરી ગેઈ? જો મને સાચ્ચુ કેહો. બરજોર તો મને કંઈ જુદીજ વાત કેહી ગીયોછ. હું ફરી ફરીથી માગી લેઉં છું કે મને ખરૂંજ કેહો."

"અરે ઘેલી, ખરૂં નહીં તો ખોટું કહેવામાં શું ફાયદો' તું તારી પોતાની આંખે મુંવેલી જોઈને ગેયલી કેની—'

"હા, પણ બરજોર કહેજે કે મેં એને પાછી સાવધ કીધી.'

"બરજોર જુઠું બોલ્યો. એ નાપાક તારી પાસ પૈસા કહરાવવા માંગેછ. ચાલ આય નવાં ભાકુત આયાંછ તે તુને હવે વસ્તીબી થશે."

ધન ઉઠીને ઉભી થઇ અને કચવાટથી ખભાં ચઢાવ્યાં.

"અરે બની ગેઇ સુઇ વસ્તી! કોણ જાણે શું નવી આપદા નમે માથે હોરીછ. પણ બાવા, તમે બે જણનાં નામ દીધાં-ત્રીજી કોણ આવેછ?"

"કોઇ એ લોકને તાંહ પેલી જરબઇની પીયાનો માસ્તર તરીકે કેહેજે ચાકરીએ રહેલી છે. અજબ જેવું છે, ધન, કે તેનું નામબી તારા નામના જેવુંજ છે. ચીઠીમાં બીખા-ઇજી તો એને લીલી મેહેરામજી તરીકે ઓળખાવેછ. હે-હે-હે! હમણા પારસીઓમાં લીલી નામના કેમ વાડાણ ફાટાં હોશે?"

આટલું બોલતાં કેકાઉસ મુશ્લાં પીઠ મરડીને ઝડપમા ત્યાંથી ચાલી ગયો. તેણે 'ટેરેસ હોલ'ની માલિકણને કાંઇ બોલવાનોબી વખત આપ્યો નહીં તેણે જોયું નહીં કે બાઇ સાહેબ મીસ લીલી મેહેતાને આ છેલ્લું નામ સાંભળતાં કાંઇ અજબ ચમક વા થઇ આવ્યો હતો.

અરેઅર! જડ થઇને મીસ લીલી મેહેતા પોતાના કાગ-ભારીની પીઠ ગમ એક ચીત્ત ટીકતી હરણફાર ચેહેરા સાથ ત્યાં થંભ થઇ ઉભી હતી.

પ્રકરણ—૩૩ મું.

મુંબઇથી કરાંચી.

છેલ્લા ત્રણ ચાર દીવસ થયા 'પંથકી પેલેસ'નો તાળો જરા બીચકી ગયલો હતો ગમે તે કહો—પણ પોતીકા પેટે જણ્યા દીકરા માટે એક માતાનો પ્યાર અને કાળજી ગમે તેવા સંજોગો વચ્ચે સરવાળ્યા પુરવાર થવા વીના રહેતા નથી. બીખઇજી પંથકી ગમે એવાંબી આકળાં, મીજાજનાં

કરડાં, મોટાઇમાં મઢેલાં અને પોતાના મત ઉપર મુસ્તાકી ધરાવનારાં હતાં—છતાં મેહેરજી ઉપર તેવણનુ ખરેખરૂં હેત અને જીવેજાન હતો.

અરે—એકપુરા દીકરા તરફથી જયારે પેલો આફતકારક ટેલીગ્રામ આવ્યો ત્યારે બીખાઇજીના દીલની લાગણી કોણ વાંચવા ગયું હતું? ગયો—અંતે તે ગરીબડો તાબેદાર દીકરો બાપીકું ઘર છોડીને તુટેલાં દીલ સાથ ચાલી ગયો. બીખ-ઇજી મેહેરજીને જન્મથીજ પીછાણતાં હતાં. તે થોડું બોલા, બોળા પણ એક બોલના અને મકમ ઠરાવના છોકરાની ખરી ખાસીયત તેની મા નહી તો બીજું કોણ જાણે! એક વાર પોતાનો નીશ્ચય જાહેર કરયો કે તેને કેવી ચીવટાઇથી છેડ સુધી વળગી રહેનારો મેહેરજી પંથકી દાઢાબઝ્યો ડુકતો હતો તેનુ—અરે પરવરદેગાર!—બીખઇજીને જરાક અગા-ઉથીજ ભાન કેમ નહીં આવ્યું? હવે એ છોકરાને કેમ સમજાવવો? પેલી ડુકતી તો દારાશાહ સાથ ચાર ચોખા છંટાવીને પરવારીબી ગઇ હશે—અને મેહેરજી છાતીમાં એક કાતીલ જખમ લઇને સરભોગ સુરતથી ઉપડીબી ગયો હશે.

મેહેરજી કયાં ગયો હતો તે તેના ટેલીગ્રામમાં લખેલું હતું. કરાંચી રૂસ્તમ મુગાશેઠને ત્યાં થોડો વખત જઇ રહે વાનો ઇરાદો તેણે પોરપરાક કહી સભળાવ્યો હતો. બીખ-ઇજી તે દહાડે રડયાં બળયાં—બધાંઓ સાથે ચીથડાં ફાડયાં—ઘડીમાં પોતાનેજ અને ઘડીમાં, મેહેરજીને દોષ દીધો—પણ જે બન્યું તે કાંઇ ન બન્વું થનાર હતું? મેહેરજીનાં એ પગ-લાંથી ગામમાં પોતાને કેવું ખરાબ લાગશે, એજ વીચાર કેવો પજવનારો હતો!

બે દહાડા આમ મનની મુંઝવણમાં નાબડી ગયા. કરાંચી ભીખાઇજીએ રૂસ્તમપર અને મેહેરજીપર તારપર તારો મોકલયા—પણ માત્ર રૂસ્તમ તરફથી જવાબો આવ્યા કર્યા કે "મેહેરજી પાછો ફરવા ના પાડે છે અને આવતા મેલમા આસ્ટ્રેલ્યા ઉપડી જવાની પેસેજ લીધી છે"

આ છેલ્લા ધડાકાએ ભીખાઇજીને તદ્દન લાઇલાજ કરી નાખ્યાં. આગળ પાછળ કોઇ સલાહ આપનારૂં મદદ કરનારૂં બી નહીં મળે તો પણ ભીખાઇજી પોતે પાચ માટીડાઓના એક માટીડો હતાં. તેવણે કરાંચીના એક હાઉસ એજંટપર તાર કરી કાંઇ લાયક બંગલો યા ઘર સુચવવા જણાવ્યું. તારથી ઉતર ફરી વળ્યો કે નામીચા 'ટેરેસ હોલ'નો ના૦ ૩ નો ફલૅટ ભાડે મળી શકશે. તુરત તારથી તે સાટુ 'ટેરેસ હોલ'ના મેનેજર સાથ નક્કી થયું હશે તો જર અથવા ઘરનાં બીજાં માણસો બધી ગડબડ સડબડ સમજી શકે તે અગાઉ ભીખાઇજીએ ધડાધડ ટ્રંકો પેક કરવા માંડી અને બીજે દહાડે બપોરે કરાંચી ઉપડી જવા માટે તઇયારી કરવાની તાકીદ સર્વેને કરી.

તઇયારી! શેની તઇયારી? એકલડોકલ બે અબળાઓને એટલી બધી તઇયારી શેની જોઇયે? ભીખાઇજી અને જરને તો જરાબી સામાન લઇ જવાનો હતો, પણ નવી બાયાનો માસતરને એક નાની પેટી પેક કરતાં શો વીલંબ લાગે? ગરીબ બીચારી શેહેરાં! જયારે ભીખાઇજીએ અચબુચ તેણીના ઓરડામા આવીને બીજે દહાડે બપોરના કરાંચી ઉપડી જવાની વધાઇ આપી. ત્યારે તે છોકરીના મોહોડાપરથી રંગનો છાંટે છાંટો ઉડી ગયો હતો થોડો વાર તેણીએ ભીખાઇજી ગમ એવુ તો ડઘાઇને જોયા કર્યું કે પોતાના દુઃખમાં

મરી રહેલાં તે શેઠાણીબી બે ઘડી ગુચવણમાં પડયાં.

"આ વાય! એમ ઉજરી વાખ શાએ પરી મેઇ, લીલી? કરાંચીને બદલે જાણે ભસ્તામાં જવાની હોય તેમ ફીકી ફીકી શાની મારી જાયછ? બોલની શું છે?"

શેહેરાં બોલી શકી નહીં. મહા મુસીબતે જરાક હસીને તેણીએ વાત ઉડાવી નાંખી, પણ તેણીના જીગરમાં કરાચી જવાની ખબરથી શું લાગણીના હથોડા તે વાર લાગતા હતા તે લખવા કરતાં વીચારવાનું સેહેલ છે છતાં બીખઇજી તે વીચારવા ઉભાં રહયાં નહીં. તેવણને હજી પુશકળ કામ આટોપી લેવાનુ હતું. તેવણ ચાલી ગયા અને શેહેરાં એક નહી સમજ પડે એવી હેબતથી કે કોણ જાણે હરખથી–ગભરાટથી કે ખોદા માલમ ખુશાલીથી–ઠરઠર ધ્રુજતી ત્યાં ઉજળાં સપ મોહોં સાથ પોતાના ખ્યાલોમા ચકચુર બેસીજ રહી.

\+ \+ \+ \+

મુંબઇ છોડી આપણને હવે કરાચી જવું છે, ત્યાં 'ટેરેસ હોલ'માં બાઇ સાહેબને મળવા કોણ આવ્યું છે, વાંચનાર? રૂસ્તમ મુગાશેઠ—મીસ લીલીના કુઇનો દીકરો—મેહેતા ખાનદાનનો એક વાર સ્વીકારાયલો પણ પાછળથી હડસેલાઇ ગયલો વારસ! પોતીકા પીત્રાઈ સાથ લીલી મેહેતા કયારની વાતે વળગેલી દીવાનખાનામાં બેઠી હતી. રૂસ્તમ મુંબઇથી પાછો ફરતાં આ પહેલીવાર તેણીને એક નામની મુલાકાત આપવા આવ્યો હતો અને કયારનો તે છોકરીને ખુબ તરેહથી સારી શીખામણનું કાંઇ લેકચર આપતો હતો.

"લીલી, મને બોલવાનો હક નથી—પણ મુરબ્બી બેહેસ્તી બેહેરામજીની યાદને ખાતર, આપરાં ખાનદાનની આબરૂને ખાતર, મને બોલવાની ફરજ પડેછ કે તું એટલા વખતમાં

સોગબોગ ભુલી જઇ જેમ ગમેછ તેમ બધિબધ આંકોશ વગર જાવ આવ કરેછ, રાતના નાટકોમાં———"

"મને બિજાં દુખ્ખણુ નથી જોઇતું. તમે વાઅેજ કરવા આયા હોવ તો આય મોસીસ હરસ્ટની આગળ કરો. મારૂં તો માથું દુખેછ." આમ બોલી પે.ભરો ચહડાવી ધને પોતાની નોવેલ ઉંઘાડી પાછું વાંચવાનું શરૂ કર્યું.

"હા, હું જાણુંછ કે તુને મારૂં બોલવું અકારૂં ઝેર લાગતું હોશે. કદાચ તું એમ સમજતી હોશે, લીલી, કે હુ આય બધું મારા માય અને મારી બેનનું સાંભરીને કેહુ છ—પણ નહી—એ લોક હવે મને તારે વાસ્તે એક બોલ્બી કહેતાં નથી———"

"એ લોક અહીંથી જતાં રહયાં તેથી તમુને ચચરાટ લાગો હોશે. પણ તેમાં હું શું કરૂં? એ લોક પોતાની ખુશીથી ચાલી ગીયાં."

"ચાલી ગીયાં તે ઘણું સારૂંજ થયુ. તારી દોલત તુને મુબારક. હું તુને મુંબઈ ગીયો તારેબી ખતીખતીને કહી ગીયો' તો કે હવે મને તારા પૈસાની અરધીબી હરામ છે. તોબી હુ ઉંધારી નજરે આગળ રહીને તુને જેમ ગમે તેમ પૈસા ઉડાવવા અને આપરાં કુટુંબનું નામ બગાડવા દેવાનો નથી. મારા કહયાનો તુને ચટકો લાગે તો દલગીર છેંઉ—પણ મેં તારે વાસ્તે ઘણી રાવ સાંભરીછ."

"વારૂ હોશે ચાલો, તમે તમારૂં કામ કરો. મારાં કામની વચ્ચે તમુને માથું મારવાની કંઈ સત્તા નથી."

"સત્તા નથી તેથીજ દલગીર છેઉં," રૂસ્તમ મોહ મચકાવીને ઘણીજ નાખુશીથી લગાર તરડાઇને બોલ્યો. "તુ

આય ધંધાર જેવાં ઘેરમાં એક અંગ્રેજ ડોસી સાથે વાઝે-જાન એકલી રહે ને છુટાપણાની હદ કુદાવી જાય, ને ગામના લોકો તારી પીઠ પાછળ શું શું બોલે તેની દરકાર નહી રાખે એ તે શું કંઈ રીત છે?"

"મારે ગમશે તો હું ઝાનમમાંથી જવશ. તમે વાત કરી રહયા હોવો તો હવે જાવો, મારૂં માથું ના દુખવો. મીસીસ હરસ્ટ! જરા મેનેજરને બોલાવી લાવો. કેહવો કે કામ છે—જલદી આવો."

રૂસ્તમે અજાયબીથી ભવાં ચહડાવી પોતીકી પીત્રાઈ ગમ ધારી ધારીને જોયું. ખચીત! આ છોકરી અફલાતુન જાતની હતી અને ભલા ધનેતરનેબી હથેલીમાં ચાંદ દેખાડે તેવી હતી ને તો નક્કીજ હતું. લોહીનો એક ગોટ ગળી તે ત્યાંથા રૂખસદ લેવા માટે ઉઠયો. પોતાને જે કહેવું હતું તેતો કહી ચુકયો વધારે માથાફોડ એ પોરી સાથ કરવામા હાંસલ શું?

"ઠીક છે, તારે હું જાઉંછ. મેં તો મારી ફરજ—હેં!—તુ?—તમે—તમે અહીં?"

એક મોટો આચકો ખાઈ રૂસ્તમ બુમ પાડી ઉઠયો. ડ્રોઇંગ રૂમના બારણાંના ઉંબર ઉપર 'ટેરેસહોલ'ના નવા મેનેજર સાહેબ ઇંગ્રેજી ડ્રેસ અને પારસી ટોપીમાં પાટલુનના બે ખીસામાં હાથ ચાલી આસ્તેથી આવી ઉભા હતા—અને સેહેજ ચુંચી આંખ્યો કરી રૂસ્તમની ગમ જોયા કરતા હતા.

"સાહેબજી, મી૦ રૂસ્તમજી," તેવણે સેહેજ મુછમાં હસી, ડોકું ધુણાવી કહ્યું. "બાઈ, કંઇ ફરમાસ?"

"હા, મી૦ મુલ્લાં. મકુને હું પુછવીવી કે આજે પેલાં આખરાં નવાં ભાકુતો આવવાના હતાં તે આયાં?"



"મારે ગમશે તે હું ભેહાનમભાળી જઈશ' તમે વાત કરી રહ્યા હોવ તો હવે જાઓ—મારું માથું ના દુખાવો" (જુઓ સફા ૨૯૬ મા.)

"હા, અબઘરી આયાં. ત્રણ જણાં છે."

"એ લોકને કંઇ જોઇતું મુકતું હોય તો જરા જોજો હં. જરાક તમે જાતે પુછપરછ કરતા રહેજો."

મેનેજર મુછમાં હસ્યા.

"બાઈ માણુસો આગળ મારૂં શું કામ? તેવણ ડોકું ધુણાવીને આસ્તેથી બોલ્યા, "મીસીસ હરસ્ટને મેં મોકલીછ. બીજુ કાંઇ કેહવોછ?"

બાઇના જવાબની રાહ જોવા વીના તેવણ જેટલા ધીરજથી આવ્યા હતા તેટલાજ ધીરેથી પાછા લહેરે લહેરે ચાલ્યા ગયા. જતાં જતાં તેવણે રૂસ્તમની ઉપર એક નજર બી ફેંકી નહીં. બાપડો રૂસ્તમ! તે તો ત્યાં પસીને ગરકાવ થઇને દીધ મુઢ જેવો 'ટેરેસ હોલ'ની જવાન શેઠાણીનું મોહડું ટીકતો મુગો મંતર બેસીજ રહેલો હતો. ધનબાઇજીની રોહોસામાજ ત્યાં. મજેહથી તેવણે ચોપડીમાં માથું ઘોસી એવું વાંચવા માંડયું કે જાણે રૂસ્તમની હસ્તીજ ત્યા નહીં હોય. બે એક મીનીટ સુધી મહા મુસીબતે પોતાનો ઉકળતો જીવ ખામોસ રાખી રૂસ્તમ બેસી રહયો. પછી અંતે ડડાક દેનો તે ઉઠયો.

"હું જાઉંછ તાહરે, લીલી."

"હા, જાવો."

એક પળ રૂસ્તમ અટકી ઉભો.

"આય માણુસ તારો મેનેજર થાય?" તેણે અત્યંત કચવાટથી ધાડા અવાજે પૂછયું.

"હા."

"પણ એ કોણ છે તે જાણેછ!"

"તમારા કરતાં વધારે."

"તારૂં માથું ગીયુંછ. લીલી,? આય પારસી તો હરહરતો લફંગો, જુગારી, ચંડાળ——"

રૂસ્તમને વધારે બોલવાનો ધન મુલ્લાંએ અવકાશ આપ્યો નહી. ઝટાક મારીને ફ્રી તેણી છેડાયલી વીછણની કાની ધસારાબંધ ત્યાંથી પોતાના અંદરના ઓરડામા ચાલી ગઈ. પોતાનું ભીંગાયલું કપાળ જોરથી રૂમાલ વડે નુછી, કચ-કચાવેલા દાંત સાથ રૂસ્તમ મુગાથીઠબી તેટલોજ ધસારામાં "ટેરેસ હોલ" છોડી ગયો.

આહ! તેને થોડોજ ખબર હતી કે સાજના ઝઝકળાંમાં ને નંબર ૩ બ્લોક આગળથી જ્યારે ઉશકેરાયલા જીવે પસાર યો ત્યારે તે મકાનમાં માત્ર થોડાજ વારને છેટે કોણ ચારા જીવને પાછળ મુકી ચાલી ગયો હતો!

પ્રકરણ—૩૪ સું.

એક મ્યાનમાં બે તલવાર!

બીજે દહાડે પરોઢીઉં પડે તે અગાઉ તો 'ટેરેસ હોલ'નાં નવા ભાડુતો વગેસગેબી થઇ ગયાં હતાં. સવારના નાસ્તા ઉપર માસી ભાણેજ નચીંતાઇથી બેસીને ઘણે દહાડે જરા પોતાના સુખ દુઃખની ઘુસ ઘુસ કરતાં હતાં.

' હું તો ઢોરની કાની રાતના ઉંઘઈ", જરી બોલી, "મરે મને તો કરાંચી ઘણું ગમેછ. માસી, બંગલો કેવો મજેનો છે!"

"હા—હવાબી સારી છે. પણ પેલી તારી માસ્તરને ગેઇ રાતે શું ભુત ભરાયોતો? હરૂવઇ ગેઇએ એવા તો ચાળા કીધા કે હું બીધી કે એનું માથું જાયછ કે શું? એને શું થયું'તું શું, જર?"

"બલા જાણે મારી! અહીં આપરે આયાં કે બસ મને બાજુમાથી પકરી પકરીને પુછે કે આય બંગલાનું નામ શું ને એનો હમણા માલેક કોણ છે?"

બીબઇજી મોહ મચકાવી જરા હસ્યાં. "મરેરે-કોઇ રાન ચાકલેટ દેખાયછ. મનેબી બે ત્રણ વખત એમજ કટાળો આપ્યો. ને પુછે તેરેબી જાણે કોઇ એને ભખી ખાતું હોયની તેમ ખોહ ધ્રુજીને ઉજરી સપ થઇ જઇને પુછે! આખરે મેં અહીં પેલી મડમ બુડ્ઢી છેની તેને પુછીને એને કહ્યું કે બંગલાનુ નામ 'ટેરેસ હોલ'—ને છે તે—ઘેરવાળીનું નામ લીના મેહતા કરીને છે ને કોઇ મેહતા—મેહરામજી મેહતાના છોકરાની છોકરી થાય—તો—ઓ માય! કંઇ ચીસ મારીને ફેન્ટ મારી ગેઇ ને તરેહવાર રોબરાં કીધા તે તેં જોયાં કેની?"

જરે માયાથી મોહ કુમળાવ્યુ. તેણીને પોતીકી નવી સહી અને માસ્તર ઘણી ગમતી હતી.

"માસી, એ બીચારી કંઇ દુઃખની મારેલી દેખાયછ. મે ઘણુંબી તાલથી બે ત્રણ વખત પુછીયું કે એના મા-બાવા ખરેખરા કોણ ને એ એમ હમેશ દલગીર કા-છે—પણ મને ઉડાવીયાજ કરેછ. તોબી ગરીબ ગાય જેવ છોકરી છે. મને તો ઘણી કદર આવેછ."

"હમણા એ કેમ છે?"

"છે—હમણા તો સારી કાની છે. પણ કેહજે હજુરે જરા માથું દુઃખેછ. એક હસવાની વાત કેહું કે? હવેથી એ મડમના કપરા પહેરવાની છે. પોતાની સાથે થોરા અંગ્રેજી ડ્રેસ કેહજે લઇ આવીછ."

"ઓ વાય! એ વરી શું કાંટે!?"

"કોણ જાણે! કેહછ કે અગાઉ એ પોતીકી મડમ માયની સાથે રેહતી'તી તાહરે અંગ્રેજીજ કપરાં પેહરતીતી. પેહરવા દેવોની—આપુને શુ?"

"એબી ઓંજીયો ધગ્તારો! પણ કેવું અજબ જેવુ—કે આય છોકરીનું નામ લીલી છે તેમ આપરી પેરવારીનુ નામબી લીલીજ છે. કોટકજ તો! પારસીઓમા લીલી નામ કીયે દાહડે અપાયછ! પણ હા ખરા—ઓય આપરી પેર-વારી આપુને મળવા આવતી હોશે જો! મને પોતીકી મડમ પાસ કેહવારયું કે અગીયાર વાગે આવિંછ દેખાયછ તો મલતાવરી—પછી તો જોઇએ!"

"પેલા મેનેજર કોણ છે તેવણ તો, માસી તોહનુજ નથી દેખારતા?"

"હા—કંઇ દેખાયા તો નથી પણ તેનુ આપુને હુનણા શું કામ છે. રફતે ગફતે સૌ ઠકાણે આવી જશે—તું જાણેની એ લોક સાથ જરા આજે બગબર વાતચીત થાય કે પહેલા ચીજ હું એ લોકને પેલા રૂસ્તમના ઘેરને વાસ્તે પુછવાની છેઉં."

જરે કપાળ પર ચીંતાનો ચીલ્લો ચઢાવ્યો.

"માયરે! મેહેરજીબી ચાલ્યો ચાલ્યો ખાસ્સેતીયા જવા કાંહ નીકળ્યો! મને મુઇ પેટમાં ફાર ફાર પરેછ. માસી, એ અમથો દમ કરીને આપુને ભપકી કરનો તો નહીં હોય?"

ભીખઇજીએ ગંભીરાઇથી ડોકું ધુણાવ્યું અને એક લાંબો દમ ખેંચ્યો. "તું એ પોરીવાને હજુર બરાબર ઓળખતી નથી. હું આજકાલ પોતે એના દોસ્તદાર રૂસ્તમને તાંહ જઇને એને સમજાવી લાવવા માંગુંછ.——ઓ લેવો! પેલી મડમ સાથ પેરવારી આવેછ!——આવોજી! આવો માય!"

* * *

ઘેરવાળાં બાઈ અને નવા ભાડુત વચ્ચે સારી પીછાન પડતાં વાર શેનો લાગે? એક તરફ ધનબાઈ મુલ્લાંની જીભ જાણે કાતરનાં માફક તર—તર—તર ચાલતી હતી અને સામી બાજુ બોલકણાં બીખઈજી તથા ખુશ મીજાજી જર એલાર પેલાર ટાહેલાં ચલાવવા મળ્યાં, એટલે પછી દશ બાર મીનીટના અરસામાં તો ત્રણુડે જણાં—જાણે કેવાં એક જુનાં ઓળખીતાં હોય તેમ ગપ્પા સપ્પા હાંકતાં બેઠેલાં હતાં.

અરધોએક કલાક સુધી ત્રણુડે જણાંએ શું ટાહેલાં કર્યાં—અરસપરસ કેમ ઓળખાણ આપી—મુંબઈની અને કરાંચીની કેવી કેવી વાતો ચલાવી—તે સાથ આપણને કામ નથી. માત્ર એટલું જાણવુ પુરતું છે કે જયારે અંતે ઘરવાળાં બાઈજી જવા ઉઠયાં ત્યારે તેવણે પોતાના બે ભાડુ-તોના મનપર સારો છાપ બેસાડયો હતો અને બીખઈજી તથા જરની નવી દોસ્તીથી "મીસ લીલી મેહતા"બી ખુશી થયલાં દેખાતા હતાં.

"ચાલો—તમે લોક આયા તેથી હું ઘણી ખુશી થઈ. આપરે હવે પાસેના પાસે છેઈયે તે મજેનું આપુને સોહ વઈ જશે. કંઈ જોઈતું મુકતુ હોય તે જરૂર મંગાવજો, હું કે, બીખઈજી માય—કંઈ ઓસકાતા ના."

"નહીં રે, ઓશકાય શાનું? જરૂર કેહવારશ. તમે આવ્યા કરજો—જરા ટાહેલાં કરશું."

"હા—જોવોની હું તો રોજ દોરીને અહીં સવારથી ધામો નાખશ. છે તે—ખરા!—તમારી સાથે કેહજે તીજાંબી કોઈ બેરાં ઉતાંની?"

"હા—મારી માસ્ટર" જરે જવાબ દીધો, "તમારી નામ રાસી—તેનુ નામબી લીલીજ છે! મરે બે લીલીઓ છે તેથી હવે બેરમબેર થશે."

મીસ લીલી મેહતા હવે રજા લેવા ઉઠી. તેણીનો અત્યાર સુધીનો ખુશ મીજાજી ચેહરો સેહજ ગંભીર બની ગયો હતો.

"મને બી પ્યાનો શીખવાનો ઘણોજ શોખ છે. એવણ મને શીખવે તો હું સારો પગાર આપશ. એવણ કાંહ છે?"

"અંદર છે—જરા માથું દુઃખે છ—બોલાઉં?"

"હા—જરા બોલાવોની. મને ઓરખાણ તો કરાવો"

જર અંદર ગઇ અને 'ટેરેસ હોલ'ના ઘરવાળાં બાઇ પાછાં ખુરસીપર બેઠાં.

પાંચ મીનીટ તદન ચુપચાપ ગઇ. મેહતા ખાનદાનના વારસ બાઈજીને કોણ જાણે શું થયું હતું કે મોંઢે રૂમાલ ડાબી તેવણ મુગાંમંતર થઇને બેઠાં અને ભીખઇજીએ કાંઇ વાત છેડી તેનોબી જવાબ આપ્યો નહીં.

આખરે ડરોઇંગ રૂમના એક બારણાંનો પરદો ખસ્યો, અને જર પોતાની સાથ શેહેરાંનો હાથ પકડી હસ્તે મુખડે અંદર દાખલ થઇ. શેહેરાંએ મડમનો ડ્રેસ પેહેરેલો હતો

"લેવો આય તમારા નામગરાસીયાં મારા નાહલ્લા પ્યાંના માસ્તર! મીસ લીલી પેસ્તનજી મેહેતા—મીસ લીલી બેરામજી!"

બીચારી શેહરાં! તેણીનું માથું જાણે ફાટી જતું હતું! તોય બહુજ ધીરજથી તેણીએ સેહેજ ડોકું કર્યું–પણ—પણ—

ટેરેસ 'હોલ'ના બાઇજીને શું થઇ આવ્યું હતું?

પ્રકરણ—૩૫ મું.

અસલ અને નકલ!

"મરેરે–આવતાં કેટલો વાર લગારેછ! બધા ડોરાબી તણુઇ ગીયા. તમે જઇને કેહયું કેની, મીસીસ હરસ્ટ?"

"હા મીસ, મને કહ્યું કે હું અબઘડી આઉછ હમણા આવતાંજ હોશે—જરા ધીરાં પરો."

પણ ધીરાં શું પડે? 'ટેરેસ હોલ'ની શેઠાણીની ધીરજ આસમાનપર ઉડી ગઈ હતી. પાંચ મીનીટમાં કાંઈ પંદરેક વખત ડ્રોઇંગ રૂમની બારીમાંથી ડોકું બાહેર કહાડી તેણીએ ટીંગાઇ ટીંગાઇને બગીચામાં જોયું.

આગલે દહાડે પોતીના નવાં ભાડુતોને મળી આવ્યા પછી મીસ લીલી પેસતનજી મેહેતાના માથામાં બસ તે લોકની પીઆનો માસ્તર પાસે લેસન લેવાનુંજ વારૂં આવ્યું હતું હજી તો સહવારનું પોહર પુરૂં પાધરૂં ફાટી રહે તે આગમજ મીસીસ હુરસ્ટને નાં૦ ૩ બ્લોકમાં કાઇ ત્રણેક વખત ધકેલા ખવાડી બાઇજીએ તે મ્યુઝીક માસ્તરને બોલાવી લાવવા મોકલી હતી.

ગઇ કાલે તે સોનામણી છોકરવાદી પારસી મડમને ગવરનેસના ડરેસમા જે ઘડીએ ધન મુલ્લાંએ જોઈ તે ઘડીથી તેણીની ઉંઘ અને ભુખ છેલ્લી સલામ કરી ગયાં હતા. આહ! કયામતનો રોજ નક્કી આવી ઉભો હતો તેજ મોહડું—તેજ સીકલ—તેજ બાલ—તેજ નાક! અંતે ત્યારે ડાકટર બરજોરે કહ્યુ તે ખરૂ! રાતે ખાધા વીના ધન સુઇ ગઇ. સુઇ ગઇ પણ સારી રાત વીચાર કરતા તેણીએ બીછાનાપર તખલ તખલ કર્યું કેકાઉસ મુલ્લાં આગળ રહીને પોતાની સાથે ધનનોબી ઘાન કહાડી નાખવા જાણે બાઇ ધીને મંડેલો હતો. હવે તો આફત ડોળા ઘુરકતી સામે આવી ઉભી ત્યારે હીમતથી સરોબર સેવટ સુધી તેને જવાબ દેવા વીના બીજો ચારો શું હતો? એક ડગલું ખોટું—અને ખુવારીની બાડીમાં ગબડવાનો સોદો! હજીબી મામલો

છેકજ હાથથી ગયલો ન હતો બધી બાજીનો મુદ્દો ધન મુલ્લાંના કબજામાં હતો—એટલે નફટ મોહડે તકદીરની સામે બાથ બીડવાથી બગડી ગયલું પાસું પાછું સમતોલ કરી શકાય એમ હતું. આ છોકરી મીસ લીલી બેહેરામજી બીચારી કોઇ ખરેખરૂં ભોટ જનાવર મોહડાંપરથીજ દીસી આવતું હતુ. ગઇ કાલે પાંચ મીનીટ વાત થઇ તેટલાંમાંજ ધને જોઇ લીધું કે તે અભાગણીને પોતાની જીંદગીનો, પોતાની ખરી હાલતનો, પોતાના હકનો જરા સ્વપનેબી ખ્યાલ ન હતો વળી જફાની મારેલી, દેહની દુઃખી એકલવાઇ નીરાધાર, પારકે આશરે પડેલી તે પોરીના ધકમાંબી નહી હતું કે તેણી ક્યાથી આવી અને હમણા ક્યાં હતી. ગઇ કાલે ધન વધારે પુછપરછ કરી શકી નહી મહીને દહાડે પચાસ રૂપયા એક દમ આપવા કહી પોતાને સહવારના એક કલાક રોજ પી-આનો શીખવવા આવવા ધને બહુ ખવી ખતીને માગ્યું અને બીખહજીના સમજાવ્યાથી આખરે તે જુવાન પારસી ગવરનેસે કબુલ કર્યું હતુ.

સહવારના જયારે 'ટેરેસ હોલ'ના બાઇ સાહેબ ઉઠયા ત્યારે તેવણના ડોળા ઉજાગરાથી લાલ ચોળ બની રહયા હતા, અને માથું ફાટ ફાટ થતું હતું. મેનેજર કેકાઉસ મુલ્લાં સાથે કાંઇબી વાત કરવાના તેણીએ હજી સુધી અ-ખાડાજ કર્યા હતા. તે કમબખતને તેની પોતાની દીકરી બરાબર ઓળખતી હતી. વગર શકે તે કાંઇ ધાસ્તીભર્યા ઉંડા પાણીમાં રમતો હતો અને તેવી વળા તેને છેડાને એક ખુણે દાબવામાં જીવ સટોસટ જોખમ હતો. એમ ધન મુલ્લાંને સારી કાની ખબર હતું. ખરૂં ખોટું પોતેજ શોધી કહાડી સઘળો રાહબાટ પોતાની મેળે શું રંગ પકડે છે તે જોવા!

દાંત પીસીને મુગે મોહડે જોયા કરવાના ધને જીવ સાથ કસમ ખાધા હતા.

* * *

પાઆના ઉપર શરૂઆતનું લેસન આપી ત્યાંથી ચાલી જવા માટે શિરેરાંનો જીવ તલપાપડ થતો હતો. બીલાડી જેવી ચળકતી આંખ્યો સાથ સામે બેઠેલી 'ટેરેસ હોલ'ની જવાન બાઇ તેણીની ગમ ધારી ધારીને જે રીતે જોતી હતી, તેથી શિરેરાંના દીલમાં જાણુ એક જાતની હેબત ભરાઇ હતી. રે પરવર! જો બીજાઇને, આ છોકરી પોતાની ગરજ સારવા શિરેરાંનું કાટલુંબી કહાડી નાખે તો શી નવાઇ?

શિરેરાં પોતાના ગવરનેસનાજ પોશાકમાં આવી હતી અને તેણીના બલુ પોશાકની સરખામણીમાં તેણીનો ફીકો ચેહેરો એોરબી સફેદ દીસ્તો હતો.

"તમે આયાં? ઘણું સારૂં થયું. આજે કેટલો વખત થયો હું પાઆનો શીખવા માંગતીતી. તમે માનશો મીસ લીલી,, જાણુ મે અગાઉ તમુને કેઠે જોયાં હોય તેમ લાગેછ! તમે મને તો બરાબર એોળખતાંજ હોશો?"

"હાજી, મને ભીખાઇજીએ કહ્યું. ચાલોનીજી, હવે મને વખત થાયછ. આપરે———"

"એો વાય! એમ દોરાદોરી શું કર્યા કરોછ? જરાક બરાબર વાત કર્યે, બેસોની. કંઇ ચાહે નાસ્તો મંગાઉ?"

"નહીજી—કેં કયુ."

"આપરૂં બેઉનું નામ લીલી? કેવું અજબ જેવું? આય બારણાપર મોટી એોઇલ પેનટીંગ છે, તે જોઇની; એવણુ મારા બેહેસ્તી બપાવા બેહેરામજી. પણ તમારી તબીયત બરાબર નથી કે? તમે નખાઇ ઘણા ગીયાંછ."

શેહેરાંએ એક નીસાસો નાખ્યો. 'ટેરેસ હોલ'નાં બાઇજીને આવી રીતે વાત કરતાં સાંભળી તેણીનું દર મીનીટે પાશેર લોહી સુકાઇ જતું હતું. નબ્બરાંબાજ નસીબાએ છેલ્લા થોડા દહાડા દરમ્યાન પોતાનો ફાંટો શેહેરાંને એવા તો અચુક આકારમાં દેખાડી આપ્યો હતો કે વધારે વીચાર કરવાને— વધારે અનુમાન ખેંચવાને—તેણીનું ભબ્બરાયલું મગજબી ના પાડતું હતું. કીસમત તેણીની સાથ ખરેખરી ઘાતકી મશ-કરી ચલાવતું હતું. અરે, બીજે કેઠે નહી અને તકદીરે તેને અંતે આ કરાંચીના 'ટેરેસ હોલ'માં—આ બેહેરામજી મેહેતાના મકાનમાંજ—લાવીને મુકી! જયારે ભીખાઇજીને મ્હોંડે પહેલવહેલું તેણીએ જાણ્યું કે તે લોકને કરાચી મર-નાર બેહેરામજી મેહેતાના બંગલામાં જઇને રેહેવાનું છે—તે એસ્ટેટની માલેકણ બેહેસ્તી બેહેરામજીની દોત્રી નામે લીલી પેસતનજી મેહેતા કરીને કોઇ જવાન વારસ છે—ત્યારે શે-હેરાંનો અવતાર એક માણસ કરતાં એક કુંચી આપેલાં રમકડાંને વધારે મળતો આવતો હતો. તેઓ કરાંચી આવ્યાં અને——શેહેરાંએ લોહીનો ગોટ ગળી જીવસે ગાંઠ વાળ્યો કે હવે તો કુદરતની કરામતને આધીન થઇ બધો તમાશો મુંગે મોહડે જોયા કરવો—કાંઇબી ઉછાછળું પગલું ભરવામાં સાર નથી. દેખઇતી રીતે પોતાનો બાપીકો હક લુટી લેનાર આ ઘરવાળી કોઇ જબરી અફલાતુન ઠગારી હતી. પણ તેણીને બરાબર ઉઘાડી પાડવા માટે શેહેરાં પાસ પુરાવા કયાં હતા? તેણીને મદદ કરનારુંબી આગળ પાછળ કોણ હતું? પેલા દારાશાહ તો તેણીને ભીખાઇજીને હસ્તક સોંપીને કોણ જાણે કયાં જતા રહયા હતા. રૂસ્તમ મુગાશેઠનો મદદગાર હાથ તેણીએ જાણી બુજીને તરછોડી નાખ્યો હતો—હવે

પોતાનો હક સાબેત કરવાનો તો બાજુએ રહયો, પણ આવા જીગર કચડી નાખનારા સંજોગો વચેથી છટકી પાછુ કરાંચીની બાહેર જવુંબી કેમ રહેવું?

શેહેરાંના જીવને એકજ નાનો સધ્યારો હતો અને તે એકે તેણીનાં દીલની છુપી વાત કોઈ જાણતું ન હતું. ઠગા બાજીથી કોઇનો હક પચાવી બેઠેલી ધુતારી બોટી લીલી મેહેતાની બલાનેબી શું ખબર હોય કે તેણીની આ પીયાનો માસ્તર તો ખરેખરી કમનશીબ હકદાર લીલી મેહેતા હતી? એજ એકલી હીમતપર શેહેરાં જીવપર જોરાવરી કરીને 'ટેરેસ હોલ'માં આટલો વખતબી થોભી હતી. આહ! હમણા જયારે ભીનાયલી ઝુમાઈ જતી આંખોએ શેહેરાંએ પોતાની નવી ચેલા ગમ જોતી બેઠેલી હતી ત્યારે એક તડાકે તેણીના મગજમાંથી ઉપર મુજબ તુરંગો ધસી ગયા.

"તમે ઘણાંજ દુ:ખી દેખાવોછ," બે એક મીનીટની ચુપકીદી પછી અંતે ધને પાછી વાત છેડી, "તમારા દીલમાં કંઇબી બરાપોકે સંતાપ છેજ. તમુને અહીં કંઇ જોઇતું મુકતું હોય તો જરૂર કહેજો હું. મારા મેનેજર છેની—મી૦ કેકાફિસ મુબ્લાં–તેવણ–ઓહ! શું છે? જીવને સારૂં ખુદ પોતે નથી કે?"

ખરેખર શેહેરાંના જીવને સારૂં નહી હતું. એકાએક એક આંચકો ખાઇ તેણી એક નાની બુમ સાથ સોફા કોચના હાથાપર અફળાઇ ગઇ અને બે ડોળા ઉંધાડી બીધેલે મોહડે ધન ગમ જોયા કર્યું.

'ટેરેસ હોલ'ની માલેકણે એક પળ પોતાનો હોઠ મજબુત કરડયો. પોતાનો અજમાવેલો નુસ્કો રામબાણ ઉતર્યો

હતો. રૂમાલ વડે પોતાનું મોંહડું લુછી તેણી નાની ચેસ્ટ ડ્રો આગળ ગઇ અને અંદરથી અત્તરની એક શીશી ખેંચી કહાડી, લગભગ બેફામ જેવી પડેલી શેહેરા આગળ પાછી આવી.

"ગરીબ બીચારી! તમારી તબીયત આજે ઘણી લહરેલી લાગેછ. લેવો આય સુંઘો, હમણા હુશીઆર થઇ જશો. આજે આપરે પીયાનો શરૂ કરવાનુ માંડી વારશું. કેમ, હવે તો જીવ હુશીઆર થયોની?"

જેમ તેમ લડરતી પડરતી શેહેરાં ઉઠીને ઉભી થઇ. તેણીની આંખે ચક્કર આવતા હતા.

"મને જવા દેવો," તેણી દબાયલે અવાજે કરગરી પડી. "મારો જીવ ગભરાઇ આયોછ."

"હા જાવો જાવો. મીસીસ હરસ્ટ, તમે એવણુની સાથે જાવો—ને છેક બંગલા સુધી બરાબર મુકી આવો."

મીસીસ હરસ્ટને બાજુમાંથી પકડી નીચી ડોકી સાથ શેહેરાંએ ત્યાંથી ચાલવા માંડયું. બચ્ચીત તેણીને લાગતું હતું કે જાણે દુન્યાની સઘળી આફતનું વાદળ સામટુંજ તેણીના દીલપર તુટી પડતું હતું. કેકાઉસ મુલ્લાં મેનેજર! આય મકાનમાં એકજ છાપરાં તળે તે માણુસ મેનેજર તરીકે તેણીની સાથે રહેતો હતો! ડ્રોઇંગ રૂમમાં બારણાના ઉંબર આગળ એક પળ શેહેરાં દમ ખાવા ઉભી. ત્યાં દીવાલ આગળ ગોઠવેલી એક સાઇડ બોર્ડને મજબુત કકડાવીને પકડી તેણી થોડો વાર પુતળાંની કાની ઉભીજ રહી—કારણુ તેણીને ઘણાજ ફેર આવતા હતા. મીસીસ હરસ્ટ ખરી લાગણી અને દયાથી તેણીને પંખો નાખતાં હતાં. ઘન પાસે આવીને એક ચીતે તેણીનું મોહડું જોવા પડી. હે કરીમ

હીમ! આ છોકરી લાબા દહાડા કહાડે એમ દેખાતું તો
ાહી હતું. જો કાંઈ નવું જુનુ થાય તે અગાઉ એ પોતાની મેળે
રતા વચ્ચેથી ખસી જાય તો——!

પણ નહી. ચેહેરાં બેએક મીનીટમાં પાછી હુશીયાર થઇ.
ેણીએ ડોકું ઉંચકયું અને તરતા ડોળા સાથ આસપાસ
જોયું. એકાએક તેણીની નજર ત્યાં સાઇડ બોરડપર મેલેલી
એક નાની કેબીનેટ સબીપર પડી તે કોઇ જુવાન હેંડસમ
ારસી ગ્રહસ્થની સબી હતી. તેણીનાં મોહમાંથી એક નાની
ચીસ નીકળી ગઈ. તે ફોટોગ્રાફની ઉપર નજર ઠેરવી રાખી
તેણી પાંદડાંની માફક ઠર ઠર ધ્રુજવા લાગી. તેણીને ભોંય
પર પડી જતી બચાવવા માટે કમરમાંથી મજબુત પકડી
રાખવાની મીસીસ હરસ્ટને ફરજ પડી. તે ઘરડી મડમે દયામણે
મોહડે પોતાની શેઠાણી ગમ જોયું અને વીહલે મોહડે કહ્યું—

"એવણ બીલકુલ બીમાર છે. ઘેર વેર ચાલી નહી જઇ
શકશે. ઇઝીચેરપર સુવાડીને લઈ જવાં જોઇયે, મીસ."

ભવાં ચહડાવી ઘને પાણી પાણી થઈ ગયલી તે નશીબની
લીલી ગમ થોડો વાર જોયા કર્યું.

"મને કાંઇ સમજ નહી પરતી—એવણ અહીં આયાં
તાહરે સારીકાની ઉતાં. પછી કંઇ એમ શું એવણને એકા-
એક થઈ આવ્યા કરેછ?"

"આય ફોટોગ્રાફ જોઇને એવણ એકદમ ચીસ પાડી ઉઠયાં.
એ તમારા કઝીનની સબી છેની, મીસ?"

હા, એ મારા બેહેસ્તી બપાવા બેહેરામજીના બેનનો
દીકરો રૂસ્તમ ગુગા શેઠ. પણ તેને જોઇને આય એવણ
———ઓ, ટેક કેર! એ ફેંટ થઈ જાયછ, મીસીસ હરસ્ટ!"

બચ્ચીત—શ્રેહેરાં ઢગલો થઇને મીસીસ હર્સ્ટના હાથમાં બેસુધ થઇ પડી હતી.

પ્રકરણ.—૩૬ મું.

દીલદારીનું એ દીવાનાપણું!

"અરે પણ તું કંઈ દીવાની થઇછ!"

"હા—હમણા મારૂં માથું ઠેકાણે નથી. બીસો, બસ જાઓ—મારી આગળથી હમણા તો ચાલી જાઓ!"

દારાશા દીન્યારજીએ ખુનપર ચઢેલા બચીસની પેઠે દાંત કચકચાવ્યા અને પોતાની નવી ધણીઆણી ગમ ઘુરકવા માંડયું. સુરતની ધર્મશાળામાં ઉતર્યાં ને બાજે દહાડે સવારના પોહોરમાંજ લગન કરાવી નાખવાની પોતાની દોડાદોડમાં તે ફાવ્યો ખરો—ગમે તેવી મતલબથી જીદે પડી ઝટ ને પટ સુરતની અગ્યારીમાં આશીરવાદ સરાવી નાખવાની પોતાની બાજીમાં તે જીત્યો ખરો—પણ હવે આ શું?

આશીરવાદ સરાવીને ધર્મશાળામાં દારાશા અને રતી પાછાં ફર્યાં કે સુના માયને બેઉએ ધગધગતી બોખારમાં પછડાઇ પડેલાં જોયાં. અવર જુરત આમ શરૂઆતમાંજ થયું. ખખડી વખડી રહેલાં સુનામાય છેલ્લી થાકથી હવે ખરેખર પટ-કાયલાં હતાં—દારાશાએ જોયું કે તેવણના ચેહરાપરનો રંગજ કોઈ સારી નીશાની દેખાડતો નહી હતો. લાગલો તે કોઈ ડાકટરને શોધી લાવવા પાછો બહાર પડયો અને તેની ગેર-હાજરીમાં—તેની ગેરહાજરીમાં શું બનાવ બની ગયો, રતીને કોણ મળી ગયું, તે આપણને ખબર છે.

પણ દારાશાને ખબર ન હતી. તે ડાકટરને લઇ આવ્યો અને ડાકટર દવા લખી આપી ગયો. જેવી ડાકટરની પી. ફરી કે રતીએ ધસાધસ રડવા માંડીને તુફાન કરી મેલ્યું દારાશાહે ઘણુંએ સમજાવી, પટાવી—પણ વ્યર્થ! કોણ જાણે શું થયું કે તે છોકરીનુ માથુંજ ખરેખર ફરી ગયું હતું— બલકે ફરી જતું હતું. બસ ઉશકેરાઇને તેણી પોતાન આગળથી પોતાના પરણેતર ધણીને કહાડ કહાડમાંજ પડે

"પણ તુંને થયુંછ શું!" દારાશાએ અંતે જરા મીજાન ખોઇને તરારો કર્યો, "જરાક મિજું ઠેકાણે રાખીને વા કર! સુનામાય તો બે ચાર દાહારામાં તટાર થઇ જશે એટલામાં એમ નખઇ શું જાયછ, રતી!"

રતીએ પોતાની લાલ બોટાં જેવી આંખયો લુછી નાખી ભ ઉંઘમાં પડેલી તથા તાવે સસરતી પોતાની માગમ જોયું.

"તમે હાલ તરત અહીં મને માયજી સાથ એકલી ગ ગરવા દેવો," તેણી ધીમા ખોખરા સાદે ડોકું ફેરવેલું રાખી બોલી. "મને હમણા વધારે સતાવશો તો હું ઘેલી થઇ જવશ!"

ચકીત થઇને દારાશા પોતાની ત્રણ કલાકનીજ નવી પરણેતર બઇરી ગમ ટીકવા પડયો.

"એટલે! તું કહેવા શું માગેછ? હું અહીંથી ચાલી જાઉ?"

રતીએ બે હાથે પોતાનું મોહડું ઢાંકયું.

"હા—ચાલી જાઓ!" તેણીએ મકકમ અવાજે કહ્યું

દારાશા હવે છલાંગ મારીને ઉઠી ઉભો થયો. ગુસ્સા અને ખેજાલતને મારે તેના હોઠ ફડફડ ધુજતા હતા અને નાકન શીફડાં ઉડતાં હતાં—

"તું ભુલી જાયછ કે હવે તું મારી હકદાર બૈરી છે!" તેણે ઘણાજ કડવાસથી રતી ગમ ડોળા કકડાવી પોકાર કર્યો.

"હા—પણ મને હમણા જાઓ નહીં તો હું જીવપર કરશ?"

"એંહ—તાહરે પરણી શું ધુર મુકવા!"

રતીના મુખમાંથી એક સ્પષ્ટ હાય નીકળી પડી.

"મને અભાગ લાગી!" તેણી ડચકાં ખાતી કગળી પડી, "હું મુઘ—આંધળી ભીત બનીને મેં મારૂં ખુન કીધું!— તમે દોરાદાર કરીને મને ફસાવી! હેફ પરજો તમારી પર—"

"રતી! એ શું બકેછ! તુંને જરાબી ભાન છે કે?"

"મારૂં ભાન તમે મુવાંઓએ લુટી લીધુંછ! મને છેક બધાંઓએ ઉશકેરી મુકી અને સતાવી સતાવીને મેડ કરી નાખી—ને મે હુલ્લરાઈ કરી—એ બરીયું હવે મારૂં જીવતર!"

દારાશાએ જોરથી પોતાના કપાળપરનો પરસેવો નુછ્યો.

"મારા ખોદા! આજે ખરેખર તારૂં મગજ ધુમેછ. રતી, જરા શાંત થાય તો હું વાતચી કરૂં. મારી લાગણીનો તો જરા વીચાર કર!"

"તમારી લાગણી ગેઇ જાહનમમાં! મારૂં નખોદ વાળી નાખ્યુ તેનું તમુને કંઇ લાગતું નથી."

"અરે—પણ તુ પોતેજ ચાલી ચલાવીને ઉંધારી આંખે મારી સાથ પરણી કે કોઇ બીજું?"

રતીએ મોહડાપરથી હાથ ખસાડી નાખ્યા અને ધડાક દેતી કે ઉઠી ઉભી થઇ એક દેવતીની પેઠે ડોળા કાહાડતી દારાશા સામે ઉભી.

"હું પરણી—હા, મારા હીરાને તોલના માયજીને ખાતર પરણી. તેવણુને ચેન્જ જોઇતો'તો ને દવાદારને સારૂં

અમારી પાસે આખ રાખ નહી હતી. તે વગર મારાં માય દાહરે દાહરે છેકજ નખાઇ જતાં'તાં—ને તેવણુને એમ દુઃખી જોઇને મારૂં કલેજું કપઇ જતુ"તું. તેવણુને બચાવવા હું પરણી. તમારે ખાતર નહી—તમારા પૈસાને ખાતર હું મુઇ દેવાનીએ અંધારામાં આંખ વીચીને ભુસ્કો મારીયો. પણ હવે હુ જોઉંછ કે—ઓ! મે આય શું કીધું! તમે મરો એમના એમ-તમે મને મારી નાખી!"

દારાશા કાંઇ બોલવા ગયો-પણ સાદ તેના ગળામાંજ ખુટી બેઠો. ક્રોધને મારે તેના માથાંના તારે તાર જાણે તણાઇને તુટી જતા હતા.

રતીએ એક ઉંડો દમ ખેંચ્યો અને બે ત્રણ મીનીટની ચુપકીદી પથરાઇ. બેજાન થઇને જમીનપર લાઇલાજ પછડાયલા જંગલી તરસ્યા વાઘની મીસાલ દારાશા તેણીની ગમ ડોળા ફાડીને જોયા કરતો હતો.

પાછો તે દીવાની જેવી બની ગયલી કમનશીબ છોકરીનો ઘોઘારી સાદ આખા ઓરડામાં ધમધમી રહયો.—

"તમારા મુવા બરી ગીયા પૈસા હવે મને શું કામ લાગશે? મારાં માયનો આય શું હાલ થયો! ઓ, હવે શું કરૂં—હું કાંહ જાઉં! જાઓ નીકળો મારી આગળથી—મને તમારૂં મોહનુંબી નથી જોવું. હું તમુને મારાં જીગરથી ધીક્કારૂંછ!"

"માઇ ગોડ! આટલું બધું તું બોલેછ!" દારાશાહે આખરે ચીસવાઇને બાંગ મારી. તેની આંખયોમાંથી આતશ ગોયા વેરાઇ પડતો હતો. 'બેજાં ફાટેલ મીજાજી છોકરી! તું મને કોણ સમજેછ! તુને શું હું મારી સાથ એમ તારા ફાંટા પ્રમાણે ચેરાં કાહારવા દેવશ એમ તું સમજેછ! યાહ

મારા પૈસાપર તું પરણી? જાણે કંગાળ ઓરત! મારી પાસ તો ફુટી બદામબી નથી. આય બધો મારો દેખાવ બાહારનોજ છે. હા—હવે **મારા** પૈસાપર **તુને** નહીં, પણ **તારા** પૈસાપર **મને** જીવવાનું છે. તું મને ધીક્કાર કે ગમે તે કર—પણ તારો દોઢ લાખનો ફાલો હું સેહેલાઇથી પરનો મુકવાનો નથી—જા. હવે તારે ગમે તેટલું દેવાલ સાથ માથું ફોડ. હું હમણા જાઉ છ—સુરતથી કેથે નીકળી જાઉં છ. પણ પાછો ભુતની કાની આવી ઉભો રેહવશ—યાદ રાખજે!"

મોટા ઘોંઘાટ સાથ આમ બરાડ મારી દારાશા ધસારાબંધ ત્યાંથી જતો રહયો. તે એવા તો જોસથી ધડાકા સમેત નીકળી ગયો કે તેણે વચમાની આખી ગોળ ટેબલ ઉટલાવી નાખી રતી યા બેહોશીમાં પડેલાં સુનામાય ગમ ફરીને તેણે જરા જોયુંબી નહીં!

પ્રકરણ—૩૭ મું.

ખુદાની લાકડીનો અવાજ નથી!

રાતના આશરે સાતેક વાગ્યા હશે. જરી પોતાના ઓરડામાં એક સોફા કોચપર અરડાઇ કાંઇ વાર્તાની ચોપડી વાંચવામાં મશગુલ હતી. શું કરે?—કાંઇ વખતબી તો જવો જોઇયે! ભીખાઇજી તો ગઇ કાલનાં સખત માથું દુખવાની ફર્યાદ કરી બરાબર ખાધા પીધા વગર આખો દહાડો સુઇ રહેતાં હતાં. પીઆનો માસ્તર-લીલી તો કરાંચી આવી ત્યારથીજ કાંઇ એવી ઘરણુમદર થઇને સુની બાવરી જેવી આખો વખત પોતાના ઓરડામાં ચંપાઇ બેસતી હતી અને જાણે થોડા દહાડામાં તેણીને કોઇ કાપવા લઇ જવાનું હોય તેમ

ઘરના માણુસો સાથેની વાત કરતા એવી ઘુજી ધડકી પડયા કરતી કરતી હતી કે જરે આખરે કંટાળીને તેણીને વધારે છેડવાનું મોકુફ કર્યું હતું. રહી સહી પોતાની નવી સઈ—ઘરવાળી લાલી મેહેતા—થી ગઈ કાલની મળવા આવી ન હતી.

વાર્તાનું એક પ્રકરણ ખલાસ કરી બીજું નવું જર શરૂ કરે તે આગમજ ઓરડાનું બારણું હળવેથી ઉઘાડી શેહેરાં આસ્તેથી ચાલીને અંદર આવી. જરે ચોપડી બંધ કરી દીધી અને તટાર બેઠી.

"તમુને શું થયું છ, મીસ લીલી?" તેણીએ થોડો વાર તે જવાન ગવરનેસના ચાદર જેવાં સફેદ મોહડાં ગમ અજાયબીથી જોઈને પુછયું. "શું છે? અહીંયાં આપરે આયાં તાર પછી તમારા ચેનચારા મને કંઈજ સમજ નહી પરતા! કોઈ તમુને અહીં બાયછ કરડેછ?"

"નહી, મીસ."

"તારે શું—તમે લવમાં પર્યાછ?" જરે હવે જરા હસીને ચેશટા કરવા માંડયા.

શેહેરાંએ એક છુપો નીસાસો નાખ્યો.

"લવ?" તેણી બહુજ ઝીણા સાદે બોલી, "મારા જેવી ચાકરડીને લવ શાનો હોય?"

"ચાકરડી વરી શાએ થયાં? તમે જવાન છેવા ને આવો મજાનો ઘાટ ઘટમ છે, તે વરી કોઈ સારે ઠેકાણે તમે તો——"

"બસ, બસ. મીસ—કંઈ બીજી વાત કરો." શેહેરાંએ નાખુશીથી કચવાઈને કહ્યું.

"પણ નહી લીલી, મને કહો. તમે કોણ છેઓ? મને ખરેખર કેહો. તે દહાડે મને આપરી ઘેરવાળી લાલી મેહેતા ઘણું ખતી ખતીને પુછતીતી."

શેહેરાંએ એક પળ જરની ગમ નજર નાખી અને પછી ઓરડાની બાહેર જવા પાછી ફરી.

"મીસ, હું તો તમુને કેહવા આવીતી કે બાબઇજી બાઇનું માથું હમણા જરા વધારે દુઃખેછ ને આંખમાં ઘણા ઘટકા મારેછ તેથી મને જરાક તમુને તેરવા મોકલીછ. તમે તેવણુની આગળ જાવો તેટલાં હું જઇને મીસીસ હરસ્ટને કેહુંછ કે કોઇ ડાકટરને બોલાવી લાવે."

એક મીનીટબી વધારે થોબવા વગર જર પોતાની માસીના ઓરડા ભણી દોડી. હાથમાં એક સળગાવેલી કેંડલસ્ટીક લઇને શેહેરાં નીચે ઉતરી. કોણુ જાણે શું હતું કે કાઇ અજબ અંદરખાનેની દેહેસતને મારે તેણીના ગોરા નાજુક હાથો ફર ફર કાંપતા હતા. કમપાઉંડના અંધારાંમાંથી જેમ તેમ બીહતી બીહતી તેણી રસ્તો કાપીને નંબર ૧ બ્લોક તરફ આગળ વધી. મીસીસ હરસ્ટ તે બ્લોકમાં પાછલા ભાગ તરફ એક જુદી ઓરડીમાં રહેતા હતાં.

બંગલાના ડ્રોઇંગ રૂમમાં જઈ શેહાંણી બાઇને મળી બીબઇજીની બીમારી કહેવાને શેહેરાં તદન નારાજ હતી. તેણી મીસીસ હરસ્ટવાળી ઓરડી ગમ ગઇ. અને આસ્તેથી બારણું ખોલી જોયું. બારણું અલગું હતું, પણ ઓરડો ખાલી હતો અને અંદર અંધારૂં કીલ હતું. બાહાર બેઠેલા એક હમાલને મીસીસ હરસ્ટને બોલાવી લાવવા મોકલી તેણી જરા દમ ખાવા ઓરડીમાં બેઠી. ત્રણ ચાર મીનીટમાં કોઈના જોરમાં ચાલી આવવાનાં પગલાં બહારથી સંભળાયાં અને—

અને ચીચ્યારી સમેત શેહેરાં ઉઠીને ઉભી થાય તે આગમજ કોઇ અઝીમ ઘઝીમ જેવા માટીડાએ ત્યાં ધસારાબંધ ચાલી આવી, તેણીના મોહોડાંપર હાથ દાબી દીધો.

"જરાકબી બુમ પારશે તો માથું છુંદી નાખશ! ખબરદાર!"

અરધીએક મીનીટ સુધી તો હેબતને મારે શેહેરાં લાકડાં જેવી થઇને ડોળા ફાડી પોતાના આ જુલમગાર ગમ ટીકતી ઉભી રહી. તેણીના ધ્રુજતા હાથમાં પકડેલી કેંડલસ્ટીક છોડી દેવાનીબી તેણીને સુદ્ધી રહી નહીં.

"તુ હવે કાહ છટકવાની છે? નાસોગોસો તો તેં મને સારો રમાડયો, બુચી! પણ યાહ! તમે લોકો કેકાઉસ મુલ્લાંને હજુર ઓરખતાં નથી."

એક ચીચીઆરી પાડવાને માટે શેહેરાંએ પાછું મોંહ ખોલ્યું. પણ કમભાગ્ય છોકરી! તેણીના ગળાંમાંથી અવાજજ કયાં નીકળી શકતો હતો?

"માર—તારે ગમે તેટલી બુમ માર." કેકાઉસે એક ખવીસની કાની દાંત પીસીને કહ્યું, "અહી તુને કોણ સાંભળવાનું છે! તું શું એમ ધારેછ પોરી, કે તારા જેવા એક બે બદામના કંગાળ જીવડાને ખાતર હું ને ધન અમારી ગરદનો ફાંસામાં જવા દઇશું! તું અમારા લોકના બાલનેબી અલવલ પુગારે તે અગાઉ આય તારી ગરચી ભચરી નાખતાં મને કેટલો વાર!"

આમ બોલી કેકાઉસે એક જાતના ભયંકર ઝનુનથી નસીબની તે લીલીનો ટોટો ભચડયો. મુડદાં જેવી બનીને શેહેરાં તો બીચારી દીવાલસે અઘેલીને જરા બુમબી પાડવા વગર પડી રહી. આએ અંગે તેણીને ધાસ્તીના ઝરાં છુટતાં હતાં. ચોકસ બીજી વાર તેણી આ ખુનીના સપાટામાં આવી ગઇ હતી, અને નજદીક આવતાં મોતને શરણ થવા માટે દાંત પીસીને તેણી તઇયારજ હતી.

"કેમ, હવે ભભરાઇ કેમ ગઇ?" કેકાઉસે દાજખી ઢબે તેણીના કાનપર પડી પીસેલા હોઠો વચ્ચેથી કહ્યું, "મરવાને વાસ્તે બીક લાગેછ? હવે તારો પેલો દારાશાહ તુંને કાંઇ બચાવવા આવવાનો છે! આહ—તું અહીં આયજ ઘેરમાં મારી ધનને માથે એક કાળ ચંદર જેવી થઇને બેઠેલી નહી હોતે, તો હું તુને પેલી તારી ડોસીની નોકરીમાં થોરો વાર રહેવા દેતે. એ તારાં બીબઇજીની ત્રંકોમાં ફક્કડ જણસો દાબેલી હોશે. શેહેરાં એવણુનો તે દાહારે મેં નેકલેસ જોયો ને મારી મતી ફરી ગેઇછ. પણ તુને પાછી જવા દેઉં? નહી—નહી! હવે તુંને છટકવા દેવામાં જોખમ છે. અહીંયાં પાસેજ બહાર કુવો છે. બસ, તારૂં આવી બન્યું. તુંને અંદર ટપકાવી દીધી કે પછી અમારા રસ્તાની અંદરથી એક મોટો ધરક ધુજારો સદાનો દુર થશે. લોકો જાણશે કે તેં ઘેલા-પણામાં કુવો પુર્યોછ. બસ ચાલ આવી જા!"

શેહેરાંએ કાનના બેહેર ફાટી જાય એવી એક ચીચ્યારી હવે પાડી. ફોકટ, ફોકટ! પવનના બાહેર ફુંકતા સુસવાટામાં તેણીની ચીસ છેક તે અલાહેદા પડેલા ઓરડામાંથી કોણને સંભળાઇ શકે? એક તરાપ મારી નાના બાળકને જેમ ઉપાડી લે તેમ ચંડાલ કેકાઉસ મુલ્લાંએ શેહેરાંને ચડપ દેતીકે પોતાના બે હાથોમાં ઉંચકી લીધી અને ફુંફારા મારતો પોતાના તે લાઇલાજ બોજા સહીત બાહેર બગીચાના અંધારાં ફ્રી-લીયાણમાં ધસ્યો.

તે શયતાન નક્કી ખુન કરવાની નીશટાથીજ દાંત કચ-કચાવીને ધસ્યો જતો હતો. બગીચાના એક ખુણામાં તદન ધમધોર કાળાશ વચ્ચે આવેલા એક ઉંડા કુવામાં આ હીણ-ભાગ્ય છોકરીને ટપકાવી દેવાની તેની દરઢ નીષ્ટા તેના ચમક

ચમક થતા ડોળાઓમાંજ દીસી આવતી હતી. બીચારી શીહેરાંની અફડા તફડી કરવાની શક્તીબી ગુમ થઈ હતી. તેણીનું હરૂદય જાણે બંધાઈને સીસું થઈ ગયું હતું. લાંબી લાંબી ફલાંગે તે કરપીણ ધસ્યો. દશેક પગલાં આમ ધસારા સમેત તે ગયો હશે કે———”

“ ઓહ !—ઓહ ! ”

ઘુમરી ખાઈને કેકાઉશે હાથમાંથી શીહેરાંને ધમ્મ કરતી જમીનપર નીચે નાંખી દીધી અને પોતે ચટોપાટ જમીનની ઉપર એક જબરી બુમ સમેત તુટી પડયો. તેના માથામાંથી ધરધર લોહી વહેવા માંડયું. કોઈએ પછવાડેથી જાડી ડાંગનો જબરદસ્ત ઝપેટો તેની તાળકીપર લગાવી કહાડયો હતો.

પાંચેક પળ તેણે ચકભમ બનીને જમીનપર પડયો પડયો ડોળા ફાડી પોતાને મારનારના કાળા આકાર ગમ જોયા કર્યું. બીજેજ સેકંડે તે હુમલો કરનારે ચડપ દેતું કે એક છુપું બંધ ફાણસ ચાંપથી ખોલ્યું અને ભોંયપર પડેલા પોતાના મુદઈના મોહોડાંની અડોઅડ ધરયું.

“ કેકાઉશ મુલ્લાં! હઈયાં ફુટા હેવાન ! ” લાંબા કાળા ઓવરકોટમાં સજ થયલો તે બીગાનો શખ્સ બીહામણે અવાજે બોલ્યો, “ ખોદાયની લાકડીનો અવાજ નથી. મને ઓળખેછ? જો, હવે મારાં મોહડાં ગમ જો.”

આમ બોલવા સાથ તે માણસે ફાનસ ઉંચકી પોતાના મોહડાં આગળ ધરયું.

“ દારાશાહ ! ! ”

આ નામ એક નસીસ બુમ સાથ પોકારી કેકાઉશ પોતાના જખમની અસરથી ત્યાં બેહોશ થઈ ગયો.

* * * *

ટેરેસ હોલમાં તે રાતે કાંઇ ચોમેરથી બધો ગભરાટ અ-કળાટ થઇ રહયો હતો. એક તો રાતને વખતે બીખઇજીની તબીયત કાંઇ ઓર રીતે બગડી આવેલી હતી—તેમાં અધુ-રાંમાં પુરૂં નંબર ૩ ના બ્લોકના વરંડા ઉપર પીઆનો માસ્તર લીલી બેહેરામજીને ભોયપર બેભાન પડેલી માણસોએ શોધી કહાડી એટલે પછી ગભરાતનું તો પુછવુંજ શું? અને તેમાં મેનેજર મી૦ મુલ્લાંને કોઇ બદમાશે હીચકારો હુમલો કરી સખત રીતે ઘાયલ કરવાની વાત જયારે બહાર આવી ત્યારે,—તો બસ થઇ ચુકયું!

પ્રકરણ—૩૮ મું.

કરેગા સો પાવેગા!

"આઇ એમ વેરી વેરી સોરી, મેહેરજી! તારો ઠરાવ તું નહીંજ બદલતો એટલે હું લાચાર છેઉં."

દલગીર મોહડે બારીની બાહેર હવામાં આંખ્યો ઠેરવી રાખી મેહેરજી ઉંડા વીચારમાં માથે હાથનો ટેભો દઇને ચુપ બેસી રહયો. બે દીલજાન મીત્રો કાંઈ અરધો એક કલાક થયો ખાનગી ગુફતેગો કરતા ત્યાં ઓરડામાં ભરાઇ બેઠેલા હતા. સવારનો નાસ્તોબી તેઓએ પુરો પાધરો લીધો ન હતો. બેઉ જવાન દોસ્તોના જીવ ઉચાટ હતા એટલે કોળ્યો ગળેબી કેમ ઉતરે? આવતી પરમદહાડે તો મેહેરજી કરાંચીને—ના, હીંદુસ્તાનને—છેલ્લી સલાંમ કરી ઉપડી જનાર હતો. આસ્ટ્રે-લીયા માટેની પાસીજ તેની પેક થઇને તૈયાર પડેલી ટ્રંકમાં ક્યારની અનામત જઇ પડેલી હતી. મેહેરજીના કાંઇ જવા-બને માટે રૂસ્તમ થોડીક મીનીટ મુગો બેઠો, પણ તેની

તરફથી કાંઇબી બોલવાની નીશાની દેખાઇ નહીં એટલે એક દમ ખેંચી તેણે પાછું ચલાવ્યું.—

"હમણા બધુંજ ઉલટું સુલટું થઇ જાયછ, મેહેર. દીકરા, મારા દીલમાંબી હમણા શું શું દરદ થાયછ તે તું કાંઇ જાણવા આયોછ! જીગરનો જખમ તારા કરતાં મને વધારે ઉંડો લાગોછ, મેહેર. તારૂં તો એક વખત જે તે નક્કી થઇને ખલાસ થઇ ગીયું. થોડા વખત પછી તું પારકા મુલકમાં એ વાત વીસરીબી જશે. પણ મારૂં—મારૂં શું? મારી કાની અનધન પણામાં અફરાયા કરવા કરતાં—આહ! હું ઇચ્છુંછ કે હજુર તે કોઇની સાથ પરણી ગેઈ હોતે, યા મરી ગેઇ હોતે!"

મેહેરજીએ ધીમેથી ડોકું ફેરવી અચરતીના મોટા ડોળા સાથ રૂસ્તમ ગમ જોયું!

"તું કોણને વાસ્તે બોલેછ, રૂસી?"

"ના પુછ મેહેર, ના પુછ", રૂસ્તમે બહુ રંજીદા જીવે કહ્યું. "હું શેહેરાંને વાસ્તે બોલુંછ. એ છોકરીને આપરે પેલા કેકાઉસ મુછ્લાં બાગગાર્ડને ત્યાં જોઇતી તે તુને યાદ હોશે. એ ચંડાળના સપાટામાંથી તેને હું ને પેલો દાગાશાહ બચાવી લઇ ગીયા ને પછી———આહ!—"

રૂસ્તમે બોલતાં અચકી જઇને નીસાસો નાખ્યો. છાતી-માના કાંઈ અજબ ગુંગળાટને મારે તેનો સાદ જાણે ચીપ-ટાઇ જતો હતો. મેહેરજી હવે ઉઠીને પોતાના રફીકની અડો-અડ આવી ઉભો અને તેના ખભાં ઉપર હાથ મુકયો.

"પછી? પછી તે કાંઇ ગેઇ?" તેણે વાંકો વળીને દુખની દીલગીરીથી પુછયું.

"મુંબઇ અંબાલા હોટલમાં અમે તેને એક ફરાગાત રૂમ અપાવ્યો", રૂસ્તમે દબાયલા અવાજે આગળ ચલાવ્યું, "ગરીબ બીચારી! હું રોજ તેની ખબર પુછવા જતોતો—પણ તેટલાં મને અહીં આય ચાકરી મળી ને કરાંચી ઉપડી આવવુંજ પરયું. મેં તેને મારી સાથ અહીં મારી ધણીઆણી તરીકે આવવા ઘણુંબી સમજાવ્યું—પણ જાહરેબી એ વાત હું કરૂં તાહરે એ કમનશીબ છોકરી કળવાઇને રડીજ પડયા કીધી. બસ—બસ—મેહેર! વધારે મને ના બોલાવ."

"અરે પણ ઘેલા! તું તેની ઉપર જીવ કહાડી આપતો તો તેથી શું થયું? કદાચ તેને તારી દરકાર———"

રૂસ્તમે નાખુશીથી ડોકું ધુણાવી મેહેરજીને આગળ બોલતાં અટકાવ્યો.

"એમ કાંય કેહેછ મેહેર?" તે સેહેજ ઉશકેરાઇને બોલ્યો. "એક છોકરીના દીલમાં આપરે વાસ્તે શું છે તે સમજવાની શું જરાબી મુશકેલી પરેછ? અજબ છે કે તાહરે મોહનેથી હું આય સાંભરૂંછ!"

"વારૂ, પણ પછી?"

"પછી શું? મેં કરાંચીની નોકરી છોરી દેવાનો મક્કમ ઠરાવ કીધો. મેહેર એ છોકરીને શું મુંબઇમાં છોરી જાઉં?—નહી. એને ખાતર આય અહીં છાતીમાં શું લાગણી ઉવી, તે—અરે!—તુને કેમ સમજાઉં! મેં તેને મારો ઠરાવ કહયો—તે ઘણી બજીદ થઇ—મેં હરહરતા સોગંદ ખાધા કે તેને એકલી મુંકીને તો હું કદી નહી જવાનો. ઓ ખોદા, તે દાહરે તે કેમ મારી ડારલીંગ રહી! પણ મેં તેણીને મારો મક્કમ છેલ્લો ઠરાવ કહેવામાં ભુલ કીધી—આહ! હવે હું ઘણો પસ્તાઉંછ—મેં ખરેખર ભુલ કીધી."

"ક્યાંય શું થયું?"

"શું થયું? બીજે દાહરે હું હોટલમાં મળવા ગીયો, તે મારૂં પંખેરૂં ઉડી ગીયેલું! મેહેર, મારી શેહેરાં અચબુચ પોતાની નીશાની, યા ઠેકાણું આપવા વગર કેહજે દારાશાહ સાથે કેથે જતી રહેલી ઉતી! હું ઘણોબી તેની શોધમાં મંડયો, પણ નહી શેહેરાં મળે કે નહી દારાશાહનો પત્તો! કોઈ–કોઈ–કોઈને ખબર નહી કે એ બે જણા દુનીયાના કીયા ભાગમાં ગેપ થઈ ગીયાં! ચાર પાંચ દહાડા હું પછરાઈ ગીયો. પછી અંતે થાકીને મેં કરાંચીની નોકરી કબુલ કીધી ને ઉપડી આયો. મને લાગેછ કે હું નહીજ આયો હોતે! શેહેરાના વીચારથી રાત દહાડો મારૂં ભેજું ભમ્બઈ જાયછ!"

આમ બોલતાં રૂસ્તમે અત્યંત નાસીપાસીથી પોતાનું કપાળ એક હાથે દાબી ડોકું હલાવ્યું. થોડો વાર પોતાના આ દુખી થતા દોસ્ત ગમ મેહેરજીએ એકકી ટગરે દયામણે મોહોડે જોયા કર્યું. પછી એકાએક તેને ખભામાંથી પકડી ખરા જોસ્સાથી બોલ્યો,

"રૂસી, એક ઓરતની પીઠ પાછળ તેની બદગોઈ કરૂં એવો હું હીચકારો મુજી નથી. પણ, તોબી જો સાંભળ. એ છોકરી કે જેની પછવાડે તું એટલો———અલ્લો, કેમ દીનામાય, કંઈ કેહવોછ?"

રૂસ્તમને જે વાત કેહવાની અણી ઉપર મેહેરજી હતો તે વાત ઓચીંતા ભાગી પડી. રૂસ્તમની બેન દીનુ લગાર અકળાયલે ગભરાયલે મોહડે એકાએક ઓરડાનું અળગું બારણું ઉંઘાડી ઉંબરપર આવી ઉભી હતી.

"તમુને કોઈ બઇરાં પુછેછ, મેહેરજીભઈ. ભારેની શીગરામમાં આયાંછ ને કેહજે મને મેહેરજીભાઈને મળવાનું છે."

"મને કોઇ બઇરાં પુછેછ!" મેહેરજીએ અચરતીથી ભવાં ચહડાવ્યાં,

"કોણ છે? નામ શું કહ્યું?"

"નામ નહી કહેતાં. બસ કહેછ કે મને જલદી મેહેરજીભાઈ પંથકી સાથ ખાનગી વાત કરવીછ. કોઈ બુઢાં બઇરાં છે ને ઉસકેરાયલાં દેખાયછ—કારણ કે ઘણાં હાંફેછ ને થાકી જેવાં ગીયાંછ.'

મેહેરજી અને રૂસ્તમે એક પળ આમનસામન નજર ફેંકી. બેઉના ચેહેરા પર કાંઇ એક અજબ જાતનો ફેરફાર પસાર થઇ ગયો હતો. હજી તો મેહેરજી કાંઇ ઉતર દે તે આગમજ ઓરડાની બાહેરની ચાલમાં કોઇના ઝડપી પગલાંનો સાદ આવ્યો અને બીજીજ ઘડીએ દીનુને લગાર જોરથી બાજુએ ખસાડી કાળી સાડીવાળાં એક ઉમરે પુગેલાં બાઇ ઓરડામાં સઘળાંઓની સામે આવી ઉભાં રહયાં.

"માય!"

મેહેરજી ઘોઘારી અવાજે એકદમ બુમ પાડી ઉઠયો અને ધપ કરતો ખુરસી ઉપર બેસી ગયો.

બીખઇજી પંથકી ખરેખર ઉશકેરણીને મારે મુશકેલીથી દમ ખેંચતાં હતાં. તેવણનો ચેહેરો કાંઇ અજબ રીતે લાલ થઇ આવ્યો હતો અને ડોળા ટસટસ થતા હતા. રૂસ્તમે ડઘાઇને થોડા વાર તેવણ ગમ જોયા કર્યું. બીખઇજીનો દેખાવ કાંઈ અજબ દેહેસત ઉપજાવે તેવો હતો. તેવણની આગળ એક ખુરસી લઇ જઇને રૂસ્તમે મેલી અને આસ્તેથી તેવણનો હાથ પકડીને તેપર બેસાડયાં.

"મેહેર! આય તું શું કરવા માંગેછ?" બીખઇજીનો ઘાડો ધ્રુજતો અવાજ અંતે સઘળી ચુપચાપ વચ્ચે નીકળ્યો,

"તું મને મારી નાખવા માંગેછ, દીકરા!"

મેહેરજી લડડનો પડડતો પોતાની બેઠકપરથી ઉઠયો અને કાંઇ તાજી હવાને માટે બારી આગળ જઇ પોતાની માએ ગમ પીઠ કરીને ઊભો રહયો.

"મેહેરજી!" બીખાઇજીએ પાછી બુમ મારી. "તું શું મને છોડીને જતોજ રેહછ?"

"હા, હવે મારૂં અંહી શું કામ છે? તમે શું કામ આયા? તમુને અંહી આવવાની કંઇ જરૂર નહી હતી" મેહેરજીએ ભાગેલા ધીમા સાદે જવાબ દીધો,

"પણ હુ તુને જવા નથી દેવાની. બે દહારામાં મારા હાલ પરી ગીયાછ, મેહેર. હું તુને કબી જવા નથી દેવાની. હું તારી પછવારે દુનીયાને છેડે ખુશીબી ધસરઇ આવશ. મારા દીકરા, એ આય તુને શું સુઝ પરેછ? આજે બે દહારા થયા—ઓ—મારા માથામાં કંઇ થાયછ—રાતના એક કતરેબી ઊંઘ નહી આવતી—હવે શું કરૂં—ઓ—કોઇ આવો—!"

એકાએક બીખાઇજીએ એક ખભાંપર પોતાની ડોકી ઢળાવી નાંખી. દીનુ અને રૂસ્તમ, જેઓ કયારના એક ચીતે ડંગ થઇને તેવણુના મોહોડાંપરના વીચીત્ર ફેરફાર તપાસતાં હતાં, તેઓ ઝપાટામાં તેવણુની આગળ દોડી ગયાં.

"મેહેરજી! જલદી આવ! તારાં માયનો જીવ બગરી આયોછ," રૂસ્તમ મોટેથી બુમ પાડી પડયો.

જાણે બરડામાં કોઇએ પીસ્તોલ મારી હોય, તેમ મેહેરજી ઉછળયો. અરે! મેહેરજી જેવા એક દીકરાના બાબમાં બીજી લાગણીઓપર કુદરતને ફાવતાં કેટલીવાર! ખુરસીપર ઢગલો

થઇને બેભાન પડેલી પોતાની મા આગળ તે તુરત ગુંઠણુ મંડીએ બેઠો અને રૂસ્તમ ટંબલરમાં કાંઇ પાણી લાવ્યો હતો તેના ફટકા જોરથી તેવણુનાં મોઢાં ઉપર મારવા લાગયો.

ઓ ખોદા! બીખાઇજી પંથકીને શું થઇ આવ્યું હતું? તેવણુનું મોહું કાંઇ અસાધારણ રીતે લાલ ચણોઠી જેવું બની જઇ બંને ડોળા એકદમ ઉંચે ચહડી ગયા હતા. બે ત્રણ મીનીટ સુધી તેવણે મહા મુસીબતે ગુંગળાઇને શ્વાસોશ્વાસ લીધો, પણ ત્યાર પછી તો તેબી બંધ થઇ ગયો. રૂસ્તમે અને મેહેરજીએ દશેક મીનીટ સુધી પોતાથી બનતી તજવીજ કરી, તેવણુને સાવધ કરવા માંગયાં—પણ નહી. બીખાઇજી ત્યાં પથરની કાની જડ થઇને પડીજ રહયાં.

"માઇ ગોડ! એવણુની પલ્સબી નથી!" રૂસ્તમ હેબતાઇને બોલી ઉઠયો. "ઉભો રહે, હું મારતી ગાડીએ ડાકટરને લઇને આઉંછ."

રૂસ્તમ દોડયો અને મેહેરજીએ પોતાની માતાને જરાબી હુશીયાર કરવાને પોતાથી બનતું કરયું. પણ બધાં ફોકટનાં ફાંફાં હતાં. દશેક મીનીટમાં કરાંચીના જાણીતા ડાકટર પેસતનજી રૂસ્તમ સાથ આવી લાગ્યા. બીખાઇજીની નાડી જોતાંને વાર તેવણે મોહ કુમલાવ્યું.

"હું દલગીર છેઉં." ડાકટરે તેવણુનો હાથ પાછો છોડી દઇને ઘણુંજ ધીમેથી કહયું, "બાઇ તો કયારનાં ગુજરી ગીયાંછ—એવણુનાં ભેજાંની નેસ તુટી જઇને માથે લોહી ચહડી જવાથી મરણ નીપજયું છે."

પ્રકરણ—૩૯ મું.

"બદ કીસમતી સે હો ગયે સામાન નયે નયે!"

"કેમ જર, તારી પેલી મડમ કેમ છે?"

"છે, આજે તો જરાક હુશીયાર છે. ઢોલીયાપરથી ઉઠીને પોતાના ઓરડામાં જરા ફરહરબી કરેછ. અધુરામાં પુરૂં દુઃખ દેવા ઓબી બાકી ઉતી. મેહેરજી, તારો દોસ્તદાર રૂસ્તમ આજેબી આવવાનો છે કે?"

એક લાંબો દમ ખેંચી મેહેરજીએ પોતાનું નખાઈ ગયલું કંટાળેલું મોહડું નુછયું,

"ગુડ ઓલ્ડ રૂસ્તમ! મારી મુસીબતમાં એજ બીચારો મારી આરાસે છે. જેની આજે લાગટ ચાર દહારા થયા કેવો સવાર સાંજ આવેછ. એ આવેછ કે જરા જીવબી વેરાયછ."

ભીખાઈજીના ગુજરવાને ચાર દહાડા થઈ ગયા હતા. ગડબડ સડબડ અને ચોમેરના ગભરાટ વચ્ચે એટલો વખત ક્યાં પસાર થઇ ગયો તેબી જણાયું નહી. અલબતાં પોતાની માના અચબુચ ઓચીંતાં મરણથી મેહેરજીની બધી ગણુ-તરીઓ ઉંધી વળી ગઈ હતી. છઠીના લેખને શરણ થઇ આસ્ટ્રેલયા જવાનો વીચાર માંડી વાળી મેહેરજી હવે ટેરેસ હોલના નાο ૩ બ્લોકમાં જઇને રહયો હતો. જુવાન જવાન કાચી કુમારી પોતાની માસીની દીકરી જરને એકલી મેલીને પરદેશ નીકળી જવાનો તેનો જીવ ચાલયો નહી. લોકો શું કહે તેની તેને દરકાર નહી હતી, પણ જર એક બેનનીજ માફક બચપણથી તેની સાથે ઉધરીને રમતી આવેલી હતી. માણસ ચાહે છે શું અને તે કરીમે કારસાજ આપંદે કરે

છે શું! જુવો—આહારમને દીવસે સવારે બે પીત્રાઇ ભાઇ બેનો નાસ્તાની ટેબલપર આ લેતાં વાતે વળગેલાં બેઠાં છે.

"મને લાગેછ કે એ છોકરીનું માથું ઠેકાણે નથી. જરાં, હું એમ બોલુંછ તેનો કંઈ સબબ તો હોવોજ જોઇયે. મને કંઈ એ છોકરીનાં ઢણક સારાં લાગતા નથી.—"

"મનેબી તેમજ લાગેછ. હરવખ્ત ગઇ પાંચ પાંચ મીનીટે બેસુધજ થઇ જાયછ તે કંઇ મોહનુ ઉંધારીને પુછાતુંબી નથી. બસ કહી કહીને, મેહેરજી, એ તો મને કહેછ કે અહીંથી આપરે જતાં રહીયે. મુંબઇ કેવી મજાહની ૩તી. બસ કરાંચી આવીને એના દીલમાં કોણ જાણે શું ભુત ભરાયોછ! ઘરીમાં કંઇ બબ્બરઇને આપરી ઘેરવાળી લીલી મેહેતાને વાસ્તે પુછેછ, ઘરીમાં ચીપી ચાપીને અહીંના મેનેજરને વાસતે ખણખોટ કરેછ ને ઘરીમાં તારા દોસ્તદાર રૂસતમજીને વાસ્તે મારૂં માથું ભેજું ખાઇ જાયછ."

"પણ તે દાહેરે રાતે એને શું થઇ આયું, જર?"

"બલા જાણે મારી કે શું થઇ આયું. કંઇ ભસી મરતી હોય તો તેમબી કેહું. મીસીસ હરસ્ટની આગળ જવા નીકળી, તે મીસીસ હરસ્ટ તો કેહેછ કે મારી આગળ આવીતીજ નહી. તાહરે એ રાતપરી કાંહ કહરઇ ને પછી આપરા બોટલાપર આવીને બેસુધ કેમ પરી તે મેં જરા આજે સવારે દાબી દાબીને પુછયું તારે ઘસા ઘસ રરવા મંડી ગેઇ. બલા જાણે, હું તો હવે એનેથી ઘણીજ કંટાળી ગેઇછ."

"એણે કંઇજ ખોલાસો નહી કીધો?"

"કંઇજ નહીં. મને લાગેછ કે એણે કંઇ ઘણી જબરી ફાર ખાધીછ."

નીચી મુંડીએ થોડાવાર મેહેરજી કાંઇ ઉંડો વીચાર કરતો

ચુપ બેસી રહયો. ઉપરાસાપરી અસાધારણ બનાવો એવા બની ગયા હતા કે આગળ શું કરવુ, જરને કોણને ત્યાં સોંપી આપવી, આ તેણીની મડમ સોબતીનો શું ફડચો કરવો તે બાબે કાઇ શાંત વીચાર કરવાને તેનું તપી આવેલું મગજ હાલ તુરત ના પાડતું હતું. તુરતવેળા બીચારી એકલી પડેલી જરની આગળથી આ પીવાનો માસતરને ખસેડી શકાય એમબી ન હતું. થાકેલે જીવે તે એક બોલ બોલ્યા વગર પોતાની ખુરસીને અઢેલી બેસીજ ગયો. વીચારમાં ને વીચારમા આમ તે કેટલી મીનીટ બેઠો હશે તેનું તેને પોતાને ભાન ન હતું. કારણ જ્યારે પોતાના ખ્યાલોમાંથી જાગરૂત થઇ તેણે આસપાસ જોયું ત્યારે જર તો ત્યાં નહી હતી, પણ તેને બદલે રૂસ્તમ મુગાશેઠ ક્યારનો ખુરસીપર ગોઠવાઇ ન્યુસપેપર વાંચવામાં રોકાયલો હતો.

"અલ્લો રૂસ્તમ! તું આયોછ કે? કાહરે આયો? કઇ કેહેતોબી નહી કે?"

"હમણાજ આયો. તું જરા બેઠો બેઠો મજેહથી ઝોકા ખાતો'તો તે મને લાગ્યું કે તુને શું કામ છેરૂં? કેમ શું છે, કંઇ ઘણો ઉંઘાયછ?"

દલગીર ચેહેરે મેહેરજી મુછમાં હસયો.

"રાતના ઉંઘ નહી આવતી તેની મોહકાણ. જર કાંહ ગેઇ, રૂસ્તમ? હવરાં અહીં ઉતીની?"

"હું આયો તારે તો અહીં કોઇ નહી ઉતું. માળપર ગીયાં હોશે."

મેહેરજી ઉતર દે તે અગાઉ જરજ પાછી ઓરડામાં આવી. રૂસ્તમને જોઇને તેણી એક પળ જરા અચકી ઉભી અને નમીને સેહેજ ડોકું કર્યું.

"કેમ જરૂ, કાંહ નાશી ગેઈતી?"

"મારા ઓરડામાં ગેઈતી. મેહેરજી, હું તો હવે આય લીલીથી ઘણીજ બેજાર થઇ ગેઇછ. વરી હમણાબી મારી પાસે આવીને કાલા ને વાલા કરેછ ને પગે ને હાથે પરેછ કે બસ મને હવે રજા આપો ને જવા દેવો."

મેહેરજીએ જોરથી પોતાનો હોઠ કરડયો અને પછી રૂસ્તમ તરફ એક ઉડતી નજર નાખી.

"તાહરે જવા દેની," તેણે ઘણાજ કંટાળેલ ચેહેરે કહ્યું. "એ એમ જીદજ કરેછ તારે શું કામ એને રોકેછ? કેમ રૂસ્તમ, ખરૂં કેની? કંઈ આપરી જબરદસ્તી છે?"

"શું—તમે શાની વાત કરોછ?" રૂસ્તમે કપાળનો ચીલ્લો ચહડાવીને પુછ્યું. "હું તો કંઈ સમજયોબી નથી."

"અરેબા, માયજી કોઇ મડમની પોરીને આય જરની ગવરનેસ તરીકે મુંબઇથી સાથે લઇ આયાં. પણ કોઇ બેજાંની ગેપ મુવેલી છે. બસ હવે માથાંમાં વારૂં આયુંછ કે જાઉં તે જાઉં ઉભો રેહ રૂશી, હું એને જરા અહીંયા બોલાઉં. તુંજ જોશે કે બુધવારના કેવા વાંધા છે. જોજેની ડજનેક વખત તો બેસુધ થશે ને મેટની કાની આખો વખત રરયા કરશે. જા જર, એને અહીંયાં લઈ આવ. જરા જોઇયે તો ખરા કે એ શું કહેવા માંગેછ."

મુગી મુગી જર આ હુકમ બજાવવા ગઇ, અને પોતાની મુછને ઘણાજ અંદેશામાં વળ દેતો મેહેરજી ચુંચી આંખ્યોએ રૂસ્તમનાં મોહડાં ગમ જોતો મુગો મંતર બેઠો.

"જાતની કોણ છે—અંગ્રેજ છે?" આખરે રૂસ્તમે સવાલ કર્યો.

"નહી કોઇ પારસી અંગ્રેજ મુઇછ."

"પારસી અંગ્રેજ! એટલે? નામ શું?"

"લીલી બેહેરામજી."

"લીલી બેહેરામજી? એ શુ બકેછ? લીલી બેહેરામજી તો મારી કઝીનનું નામ.'

"ખોદા જાણે! હમણા કંઇ બધાનાજ નામ તો લીલી સાંભરેંછ. લે, આઇ સે, એ લોકો આવેછ હું. જરા——"

"ઓ! શેહેરાં!!"

એક મોટી પોચાગ્રી બરાડ મારી રૂસ્તમ ખુરસીપરથી ઉછળી ઉભો થયો. તેને જાણે એકાએક આખે અંગે તાણ થઇ આવી હોય, તેમ ઠર ઠર ધ્રુજતા હાથે ખુરસીનો હાથો પકડીને મસ મોટા ડોળા ફાડી તે જરાંની સાથ ઓરડામાં દાખલ થયલી ઇંગ્રેજ પીઆનો માસ્તર ગમ ઘુરકવા પડયો. તે છોકરી તો જરના હાથને મજબુત વળગી તેણીના પાસામાં એક મીણના પુતળાંની કાની એકકી ટગરે રૂસ્તમ ગમ આંખયો ઠેરવી રાખીને ડસ થઇ ઉભી હતી.

"શેહેરાં! તું શેહેરાં! અરે તું અહીં કાંહથી?" રૂસ્તમના ગળાંમાંથી મહા મુશકેલીએ ખોખરો સાદ પાછો નીકળયો. "હેં, મેહેરજી! એ આય શું?"

મેહેરજીએ આસ્તેથી ઉઠીને રૂસ્તમના ખભાંપર હાથ મેલ્યો.

"ચાલ દોસ્ત, એમ નાટક ના કર. તારેબી બેસુધ થવું હોય તો એકવાર થઇ લે."—હા એજ પેલી—પેલા બ્લેગર્ડ કેકાઉસને તાંહ આપરે જોયલી છોકરી છે. કમ નાઉ! બી એ સેનચીબલ ફેલા——"

રૂસ્તમે પોતાના કપાળપર ફુટી નીકળેલાં ઝરાં રૂમાલે ઘસડીને જોરથી નુછયાં.

"મારૂં માથું તો નથી ફરતું?" તે બહુજ ધીમેથી બોલ્યો. "મેહેરજી, મને લાગે છે કે હું સવપનો જોઉં છ. અરે આયતો મારી શેહેરાં છે! એ અહી કાંથી આવી?" શેહેરાં તું કાંઇ ઉતી!–અહીં કેમ આવી?–કેહની "

પણ શેહેરાં જવાબ ક્યાં દેતી હતી! એક બકરાંને કસાઇ જ્યારે કાપવા લઇ જાય છે ત્યારે બીકને મારે તે જનાવર કેમ ઠઠરે છે તે ઘણાકોએ જોયું હશે. આબાદ તેજ મીસાલ શેહેરાં—ગરીબ બીચારી કમનસીબ શેહેરાં—ઓચીંતી ધાસતી અને એક ન ધારેલી આવી મુલાકાતના ગભરાટને મારે ઠર–ઠર–ઠર કાંપતી હતી. મેહેરજીએ એક શબ્દબી વધુ બોલવા વગર જરનો એક હાથ પોતાના હાથમાં લીધો અને તેણીના કાનમાં કાંઇ કહ્યું. જરે શેહેરાંને હળવેથી એક ખુરસીપર બેસાડી અને તેણીને તથા રૂસ્તમને ત્યાં એકલા મેલી જર અને મેહેરજી બેઉ જણા ત્યાંથી ચાલી ગયા.

* * *

લગભગ અડધો પોણો કલાક વીતી ગયો. બાહેર વરંડાપર બેસીને રૂસ્તમ તથા શેહેરાંની વાત પુરી થવાની રાહ જોતાં મેહેરજીના ડોળાબી તણાઇ આવ્યા હતા. પણ વાત પુરી થવાની કશીબી નીશાની દેખાતીજ ન હતી. આખરે કંટાળીને કાંઇ મનમાં બડબડી તે ઉઠયો અને આસ્તેથી જમવાના ઓરડા તરફ ચાલ્યો. બારણું અલગ્નું બંધ હતું. મેહેરજીએ ધીમેથી બે ટકોરા માર્યા—પણ કશો ઉત્તર મળયો નહીં. અંતે ધીરજ નહી રહી એટલે બારણું ઉઘાડી તે અંદર દાખલ થયો. ત્યાં ટેબલપર બંને હાથોમાં માથું નાખી દઇ રૂસ્તમ લાઇલાજ બેઠેલો હતો. તે એકલો હતો—ઓરડામાં બીજું કોઇ ન હતું.

"રૂસ્તમ !"

રૂસ્તમે એક લાંબો નીસાસો નાખ્યો અને ડોકું ઉંચકી મેહેરજી ગમ ભીનાયલી આંખ્યોએ અને ઉતરી ગયલે ચેહરે જોયું.

"કેમ? પેલી—શીરેરાં—કાંહ છે?"

"ગેઇ——ચાલી ગેઇ" રૂસ્તમનો દબાયલો ગગળતો અવાજ નીકળ્યો.

"ચાલી ગેઇ!"

"હા—આય પાછલે બારણે જતી રેહી! ચાલ—મારૂ માથું ફરેછ, મેહેર! હમણાં કંઇ મને વધારે પુછતો ના—મને જરા પીવાનુ પાણી આપ!"

ભબરઇને મેહેરજી પોતાના મીત્રનુ નખાઇ ગયલું મોહડું ટીકવા પડયો.

"પણ શું થયું—જરા બરાબર સમજાવની! એમ શું કરેછ, રૂસી!" તેણે પાણીનુ ટંબલર ભરી આપતાં જરા ઇંતેજારીથી પાછું પુછયું.

સોસથી જાણે ગળું બળી જતું હોય તેમ એકકી ટાંસે રૂસ્તમ ધચધચ પાણી પી ગયો અને પછી ખંખાર મારી ઉઠી ઉભો થયો.

"કંઇ મોટી આફતથી એ ફુલ જેવી છોકરીનુ મગજ ચકભમ થઇ ગીયુંછ," તે જેમ તેમ અવાજ સ્થીર રાખી ને બોલ્યો, "એને જતી રહેવા દેવા વગર છુટકો નહી ઉતો—નહી તો એ નકકી જીવપર કરતે."

"અરે પણ કાંહ ગેઇ? એકલી અટુલી———કેમ જર?"

જર ઝડપમાં ત્યાં લગાર ફગભાયલી જેવી ચાલી આવી હતી.

"મેહેરજી! હમણા માસીજીના ઓરડામાં જઇને જોઉંછ

એવણુની સીસમની કબાટ અલગી ઉઘાડી છે!–"
"પછી?"
"ને અંદર પેલા પ્લશના બાક્સમાં એવણુનો નેકલેસ
ાની–તે–છે તે—"
"તેનું શું થયું? બોલની, જલદી!"
"તે તાંહ નહીં મળે! મરેરે–હવે શું કરૂં!"
એક મીનીટ હોઠ જોરમાં કરડી મેહેરજીએ રૂસ્તમ ગમ
ઝર ફેંકી. બીજી પળે તે ધસારા સમેત માળપર પેલી
ાટવાળા ઓરડા તરફ ધસ્યો. જર પુઠે દોડી. રૂસ્તમ તો
ાના ગમમાં એટલો મરીચરી રહેલો હતો કે નીચેજ
.લ'માં બેસી રહયો.

અરેખાત! કબાટની કળ કોઇએ એક ડુપ્લીકેટ કુંચીથી
કશાં ઓજારોથી ઉંઘાડી નાખેલી હતી અને અંદર
લેસનો દાબડો તદન ખાલી પડેલો હતો.

કમરે બે હાથ દેઇને દાંત કચકચાવતો તથા કબાટ ભણી
ગી કકડાવતો મેહેરજી થોડાક વખત દમ રૂધીને ઉભો.
ાઇને રડવા જેવી બની જર પછવાડે મુગી મંતર આવીને
ેલી હતી. એકાએક એક ફુંફારો મારી મેહેરજી
ણીની ગમ ફરયો.

"જર! પેલી નાપાક દદા અંતે નાસી ગેઇછ–તું જાણેછ કે?"
"નહી–કોણુ? લીલી?–"
"એ લીલી ફીલી કોઇ નહી, એ પેલા બદમાશ મુજી
ાઉસ મુલ્લાંની છોકરી. રૂસ્તમ મને હમણા કહેછ કે તે
ાપરૂં ઘેર છોરીને કેઠે ચાલી ગેઇછ! આહ–એટલે આય
,લેસ લઇને તેવણુ કરારને જીવથી વટાણા વાવી જવાનાં છે!"

"ઓ માયરે !"

ખુબ ખીજવાટને મારે મેહેરજી ઓરડામાં આમ તેમ લાંબી ફલાંગ મારવા લાગ્યો.

"હેંગ ઇટ !—હવે હું શું કરૂં તેખી સમજ નથી પરંતુ ! પોલીસને ખબર આપયે તો રૂસ્તમનો શું હાલ ? ખબરદાર, જર ! એક બોલખી આપ વાતનો કોઇ આગલ તું કાહરતી ના. જરા સફાઇથી એનો રસ્તો કરવો પરશે."

પ્રકરણ ૪૦ મું.

તકદીરની તાસાર.

સુરતની ધર્મશાળાની એક નાનકડી ઓરડીમાં સાંજના સુર્યાઅસ્તને વખતે તું નજર કર, વાંચનાર! અરે, ગમગીની અને શોકનું એક જીવતું સ્વરૂપ ત્યા માથે હાથનો ટેકો દઇ નીચી મુડીએ ઝુરતું બેઠેલું છે. અફસોસ અને નીરાશીમાં પોતાના જીવને જાણે કડુવા દેતી રહી તેણી ત્યાં એકલીજ બેઠેલી છે—હા, કારણકે તેણીનાં માય સુનાબાઇ ગુજરવાને આજે બરાબર પાંચમો દહાડો થયો છે.

રતી—દુરભાગ્ય નસીબની ફુટેલી રતી,—આ તેં શું કરી નાખ્યું ? પલકવારના દીવાનાપણાની ધુનમાં તેં તારી કાજગરી જવાન જીંદગી તારે પોતાને હાથે ઉંચકીને આહનમની ગારમાં ફેંકી દીધી ? ઓ દગાખોર કીસમત! જે ભલી હેતવંતી માદરને ખાતર આ દીકરીએ પોતાનાં જીગરનેબી છુંદાઇ જવા દીધું તેજ માતા આખરે જીવલેણ ન્યુમોનીયાને આવી રીતે આધીન થઇને ચાલી ગઇ ! ચાલી ગઈ—રતીને એક ભયાનક જોખમભરી મુશકેલ હાલતમાં છોડીને જવી

રહી ! નહી કોઇ આગળ પાછળ મળે ! એકપુરો હોવાઈ નવાઇનો ભાઇ બરજોરજી હજારો માઇલને અંતરે વીખુટો પડેલો ! સુરતની ધર્મશાળામાં એકલી ! કોઇ સગું વહાલું બા આડાસે નહી કે જેની આગળ જઇને દુઃખ રડી છાતી ખુલ્લી કરી શકાય

પેલો—આહ, પેલો દારાશાહ દીનીયારજી કોણ જાણે હમણા કયાં હશે ! પોતાના હવે હકદાર ધણી થતા એ પારસીનો વીચાર કરતાં રતીના બદનમાંથી નાસુરાદી, અફસોશીનું એદ લખલખું પસાર થઈ ગયું. ઓ પરવર, તારી રેહેમ જો એક સંકટની મારેલી છોકરી પર ઉતરી શકતી હોય, તો રતી એટલુંજ માગતી હતી કે આ દારાશાહનું મોહડું ફરીથી તેણી જોવા પામે નહીં. પણ ચોમેરની આફત વચે રતીને એજ એક મોટો સધ્યારો હતો કે થોડા વખતમાં પોને સુરત છોડીને પોતીકા ભાઇને ત્યા રંગુન ચાલી જાય તેટલાં સુધીમાં એ દારાશાહના સમાગમમાં પાછી આવવાનો કશો સંભવ ન હતો.

દીલની એવી મુઝવણ વખતે નજદીક જો કોઇ ખરો દીલસોજ દોસ્ત દીલાસો દેવા હાજર હોય, તો કેટલો ફરક પડેછે ! રતીનાં દુઃખમાં તેણીને ખરાં દીલથી રાહત દેવા પડોશના ઓરડામાં રહેતી ગુલાં પટેલ બીચારી પોતાની બનતી કોશેશ કરતી હતી. પોતાના ધણી સાથે આ જવાન ગુલાં ધર્મશાળામાં ઘણો વખત અગાઉની ઉતરેલી હતી. રતીનીજ ઉમરની લગભગ તેણી હતી અને સ્વભાવે મળતાવડી હોવાથી તેણીને રતી સાથે એટલી વારમાં બહુ સારો ઘરોબરો પડયો હતો. સુનામાયની બીમારી વખતે ગુલાંએ ખરી કાળજીથી રાત દહાડો રતીને મદદ કરી હતી અને સુનામાયના

ગુજરવા પછી તો એ ભલી છોકરીએ પોતાની દુ:ખી સઇને દીલાસો દેવા તથા સુખ દુ:ખની વાત કરીને તેણીનું મન ફેરવા ખરેખર કાંઇબી બાકી રાખ્યું નહતુ. ગુલાં પાસે હતી તેથી તો રતીને જરા જેટલીએ હીંમત હતી—નહી તો કદાપી એ છોકરી મુસીબતની ઘેરાવલી ક્યારની કોણ જાણે શું અવીચારી પગલુ લઇ ચુકી હતે.

સાંજના સુમારે સાતેક વાગતાનું ઝઝકળું સુરતની પુરાણી ધર્મશાળાને એક જાતના શોકાતુર અંધકારમા જાણે વીંટાળી રહ્યું હતું. એક નાનાં "લેંપ"ની ઝુંકતી રોશની વચ્ચે પોતાની ઓરડીમાં એકલી—તદન એકલી—ગમગીન તુરંગમાં રતી બેઠી હતી. તેટલાં ગુલાંએ આસ્તેથી ઓરડામા દાખલ થઇ પોતાની સઇના ખભાંપર હાથ મેલ્યો.

"રતી, વરી આંખ પાણી કરેછ? જાઓ, એમ શું કરેછ! ચાલ જરા મોનું ધોઇને હુશીયાર થઇ જા, માય."

રતીએ પોતાંની ભીની આંખ્યો ઉંચકી ગુલાં ગમ જોયું.

"ગુલાં, હું હવે કાલે અહીંથી જવા માગુછ. બરજોર ભાઇનો હમણાજ પાછો તાર આયોછ ને મને રંગુન આવવા કહેછ. હવે આપરે પાછાં કાહરે મળશું?"

ગુલાંએ પોતાના રૂમાલ વડે રતીની આંખ્યો લુછી.

"ખોદાય રાખશે તો જલદીથી પાછાં મળશું," તેણી ધીમેથી બોલી. "પણ તું કાલે જાયછ, રતી?"

આ સવાલ પુછતી વખતે ગુલાંના ચેહેરાપર એક એવો તો દેખઇતો ગુચવણ અને મુઝવણનો છાપ ફરી વળયો કે રતીબી અજબ થઇ.

"હા, મારે કાલેજ ઉપડી જવું જોઇયે. કાંય, શું છે ગુલાં? કંઇ અડચણ છે, મને કહેની?"

ઉતર વાળવાને બદલે ગુલાં નીચી ડોક સાથ થોડો વાર મુગીજ બેસી રહી. રતીના દીલમાં કાંઇ નહી સમજ પડે તેવી ફાળ પડી હતી. શું ગુલા કાંઇ નાખુશ ખબર કહેવા માંગતી હશે? તેણીએ પોતાની તે સઇનાં માથાપર હાથ મુકી ડોકું ઉંચે કરયું અને વાકી વળી ઓજારખ્વાહીથી પુછયું—

"હું કાલે કાંય નહી જાઉં, ગુલા? બોલ, જે કહેવાનું હોય તે કહી દે, મને વધારે ના ટવળાવ."

એક નીસાસો નાખી ગુલાંએ પોતાની આંખોપર રોમાલ દાબ્યો અને ધીમેથી બોલી "રતાં, તારે વાસ્તે મારો જીવ ઘણો બરેછ, પણ તું જારે ખઇ પઇને જતીજ રહેવા માંગેછ તારે એક વખત ખરૂં નરૂં મને કહી દે. તારો ધણી—છે તે—પેલા દારાશા———"

એકદમ ગુલાંના મોહડાંપર પોતાનો હાથ દાબી રતીએ બહુજ કચવાટથી આગળ બોલતાં તેણીને અટકાવી.

"બસ, તેનું નામ ના દે, ગુલ. એ ધણી મારે મનથી હવે મુવેલો છે. હું કાલે નીકળી જાઉંછ ને પછી અમે કદાચ આય દુનીયાંમાં પાછાં એકમેકને મળશું બી નહી. હું રંગુનમાં છેકે ખુણે પરીને મારી અભાગણી જીંદગી પુરી કરવાની છેઉં."

રતીની આંખમાંથી ગડગડ આંસુ તેણીના ગાલપરથી સરી પડવા માડયાં. બીચારી ગુલાં ખરે મને પોતીકી સઇને માટે અંદરખાનેથી બળાપો કરતી હતી. રતીનાં મોહડાં ગમ એકી ટગરે જોયા કરી તેણીએ એક દલગીરીનો દમ ખેંચ્યો.

"રતી, રતી! એમ ના બોલ!—જો વીચાર કર! ગમે તે પણ એ હવે તારો પરણેતર માટી છે."

"મારી નહી—મારો મુદદ્ય! મારાં દુઃખમાં હુ મેટ જેવી થઇ ગયલી તેટલાં એણે ગરબર સરબર કરી મારી સાથ લગન કરાવી લીધાં. હવે મારૂં ઘેલાપણું જતું રેહયુંછ, ગુલ—હવે મારી આંધરી થઇ ગેયલી આંખ ઉઘરીછ. હું એને મારાં જીગરથી ધીક્કારૂંછ. એ મને સાફ કેહી ગીયોછ કે એ પોતે ભીખારી છે ને મને ફકત મારા પઇસાની ગણત્રી પરજ પણ્યોછ. કોણ જાણે કાંહથી એ ધખારો એને આયો! મારા ગીયા પછી જો એ આવે તો એને કેહજે કે મારી પાસ બાંધી મારે તો પુરા પાઘરા ૫૦ રૂપીઆ બી નીકળવાના નથી."

ગુલાં હવે ઉઠીને ઉભી થઇ. આટલો વખત પોતાના મોહડાંમાંની વાત દાબી રાખવા તેણીએ બનતું કર્યું હતું, પણ હવે તેણીને બોલવા વગર છુટકો નહી હતો.

"બેન મારી, હું તુને ખરાબ ખબર કેહુંછ તેથી માફ કરજે, પણ એ—પેલો—આજે હમણાજ અહીં આવેલો છે."

"કોણ?" રતીએ દબાયલે હેબતાયલે અવાજે પુછયું.

"દારાશાહ—તારો ધણી છએક વાગતેનો આવીને અમારી પાસેનાજ ઓરડામાં ઉતરયોછ. કદાચ એોય તુને મળવા બી આવશે."

ખુરસીપર ફસડાઇને રતી એક ઢીમરાની માફક બેસી ગઇ અને ટસ ટસ થતા મોટા ડોળા ફાડી ગુલાં ગમ જોવા લાગી. ગરીબ બીચારી! તેણીને ગળે જાણે કાચકી બાઝી હતી. ગુલાંએ જોયું કે તેણીનું આંગ બરફ જેવું ઠંડું હતું.

"રતાં, હુશીયાર થા, એમ નખઇ શું જાયછ? બીહ ના અમે લોક તારી અગાસે છઇયે!"

રતી ધીમેથી ખુરસી ઉપર ખડી બેઠી. પોતાનું દીલ મક્કમ રાખવા તેણીએ થોડો વાર જોરથી પોતાનો હોઠ દાંત વચે કરડી રાખ્યો. પછી એકાએક જાણે કંઇ વીચાર આવ્યો હોય તેમ ઝડપથી પોતાના ગળાંમાંથી એક બારીક સોનાની સાંકળી સાથ લટકાવેલી એક લાકીટ કહાડી ગુલાં ગમ ધરી.

"ગુલ, મારી એક અરજ છે કબુલ કરશે? આય લાકીટ છે તે હમણા તું પહેરી રાખ, હું માગું તારે પાછી આપજે."

ગુલાંએ અચરતીથી તે લાકીટ પોતાના હાથમા લીધી.

"હું મોટી ખુશીથી એ રાખશ, પણ કાંય તું જ——"

"નહીં, મને લાગેછ કે આજે કાંઇ નવું જુનું થવાનું છે ને આય મારી સઉથી વ્હાલામાં વ્હાલી ચીજ છે, ગુલાં. મારા જીવના કરતાં એ મને વધારે કીમતી છે. એને બરાબર ઠેકાણે આજનો દહાડો મારે સાચવી રખાવીછ. બસ, વધારે ના પુછ. જા, સીધાર માય. તું મારે વાસ્તે કેટલો વખત ખોટી થશે? માફ કરજે હં!"

મુગે મોહોડે ગુલાંએ તે સાંકળી પોતાના ગળામા ઓળવી અને માયાથી રતીનો ગાલ પસવારીને ગુપચુપ ત્યાંથી ચાલી ગઇ.

* * * *

ધણી ધણીઆણીની તે અસાધારણ જોડી ઓરડાના ઝુંઝતા દીવાના અપુર્ણ પ્રકાશ વચ્ચે એકમેક સામે ગુસ્સાથી અને તીરસ્કારથી, કડવાસથી અને કચવાટથી ડોળા કકડાવતી હતી

"તારે તું શું કેહવા માગેછ! એ તારો મેટ ધખારો તું નથીજ છોરવાની?"

"નહીં—મારો છેલ્લો જવાબ તમુને મળી ચુકોછ!"

દારાશાહ દીનીયારજીના ચેહેરાપર ગુસ્સો અને ખેજાલત એક વીકાળ છાપ મારી રહ્યાં હતાં. તેની બે આંખો બં-

ગાળી વાઘની પેઠે ચમક ચમક થતી હતી. તેજ મીસાલ તેની સામે બેઠેલી સ્ત્રીનું ઉજળું સપ મોહોડું છાતીમાં મહા મુસીબતે દાબી રાખેલા જુસ્સા અને કમકમાટની ગવાહી આપતું હતું. દીલમાંનો તોફાની ઉભરો સમાવી રાખવા કાજે તેણીએ બે હાથની મુઠ્ઠી એવી તો જોરથી વાળી રાખી હતી કે હાથની નાજુક હથેલીમાં નખો વિંડાણથી ભોંકાઇ ગયાં હતાં.

"તું શું કરેછ તેનું તુને ભાન નથી," તે માટીડાનો ઘોઘારી ઘ્રમઘોર પોકાર જાણે દીવાલને ધ્રુજાવી રહયો, "રતનબાઇ! મને સતાવીને તમે ફાવી જવાના નથી. કાયદાનો આશરો મારી બાજુએ છે. જો નહીં સમજશો તો હું તમુને જેલમાં બેસારશ."

"તમારી સાથે રહેવા કરતા હું મોત વધારે પસંદ કરૂંછ." તેણીએ સ્પશટ મક્કમ અવાજે જવાબ દીધો.

મુખમાંથી ભયંકર શબ્દો ઓચરી દારાશાહ હડાક દેતો કે હવે ઉઠયો—એવાં તો ઝનુંનથી ઉઠી ઉભો થયો કે રતી બીકને મારે કાંપવા લાગી.

"સાંભર—સાંભર, પાજી મીજાજી કુતરી! હું આજે પાછો આયોછ તે તારા જેવી દીવાની ઓરતથી હારીને ખાલી હાથે પાછો જવા નથી આયો. તું જોઇયે તો ઝાનમમાં જા, પણ મને તો બસ તારા પૈસા જોઇયેછ. લગનની સરટીફીકેટ મારી પાસ છે. મને દર મહીને તારી આવકનો અરધો ભાગ જોઇશે. સ્ટેંપ કાગળ સાથે લઇ આયોછ. લે આય—એની ઉપર લખી આપ કે મને—તારા હકદાર ભરથારને—તારા વકીલો, એકઝીકયુટરો, વાલીઓ, જે મુવા હોય તેઓ તારા દોઢ લાખના વ્યાજની અરધી રકમ મને પોંહોંચતી કર્યા જાય. એટલું લખી આપ ને પછી તારૂં કાળું કર!"

આમ કહેતાં દારાશાહે ડગલાના ગજવાંમાંથી એક કોરૂં સ્ટેંપનું કાગળ તાણી કહાડી તે રતીના આંગપર ફેંકયું.

લોહીનો ગોર ગળી ત્યાં એક પુતળાંની કાની સ્થીર બેસી રહી તે છોકરીએ દારાશાહના મ્હોં ગમ સુકા ટસ ડોળાએ જોયું.

"તમુને કોઇએ ભમાવ્યાછ—મારી પાસે ફુટી દમરીબી નથી." તેણીએ મુશકેલાઇથી શ્વાસોશ્વાસ ખેંચી અંને ઘણાજ દબાયલા સાદે કહ્યું "એ પૈસાના જીવપરજ તમે પરણ્યા હોવો તો તમુને બરાબર શીક્ષા થઇછ. મારા બેહેસ્તન માયના સોગંદ ખાઇને કેહુંછ કે મારી પાસે એક પઇબી નથી. જાવો હવે મને ના સતાવો."

ખુબ ચીઢાઇને દારાશાહે ટેબલપર જોરમાં મુક્કી ઠોકી.

"હવે મને વધારે ટકટક નથી જોઇતી", તેણે બાંગ મારી. "હું જાણુંછ કે તારા કાકાએ તારે વાસ્તે દોઢ લાખનો ફાળો વકીલોને સોપ્યોછ. તારાં લગનપર તે તુંને આપવા તેવણ લખી ગીયાછ. બાબઇજીએ પોતે મને કહ્યું."

"જુઠું—બધું જુઠું! માર કાટલુ કાહરી નાખવા તેવણે તમુને છેતરયાછ."

"બસ વધારે ગરબર ના કર ને મુંગી મુંગી હું જે કેહુંછ તે એની ઉપર લખી આપ." પેલું સ્ટેંપનુ કાગજ રતીના મોંહડાં આગળ પાછુ પકડી દારાશાહ એક ફાડી ખાનારાં જાનવરની પેઠે ઘુરકવા લાગ્યો. "લાવ સહી ને પેન—જલદી કર," તેણે બીહામણા સ્વરે કહ્યું. "આટલો વખત મેં ધણી નાખતી કીધી."

"હું નથી લખવાની."

"નથી લખવાની? રતનબાઇ, હું આવ છેલ્લી વખત કેહુંછ કે મને વધારે ના છેરો."

"તમારે ગમે તે કરો, હું એક આંકરોખી નથી લખવાની?

ખવીસની પેઠે તરાપ મારી દારાશાએ આ હુજતી ઓગતની કાંડી ઓચાંતી પોતાની મુઠીમાં કકડાવીને પકડી લીધી. તેના પીસેલા દાતો વચેથી ઝનુન અને ક્રોધને ગરમ દમ રતીના મોહડાંની ઉપર જઇને અઠડયો.

"તું આજે જીવતી જવા માગેછ કે નહી? એ તારાં મનમાં તું શું ચાહે પીયેછ? લખ—નહીં તો માથું ફુંદી નાંખશ!"

સઘળાં જોરથી એક ઝટાક મારી રતીએ તે ખુનપર ચહડેલા શખસનો હાથ તરછોડી નાખ્યો અને ગુસ્સાની એક દેવીની પેઠે ફુંફાગ મારતી લાલચોલ આંખ્યો સાથે તેની સામે ઉભી.

"હીચકારા-મુજી, હઇયાંફુટા હેવાન! મારી જીંદગીનુ સત્યાનાશ વારી નાખીને હજી ધરાયો નથી? શું મારૂં લોહીબી હવે પીવા માંગેછ? દુર ઉભા રહે! મારા દીલને ફરીથી આગળી લગારીછ તો તું જાણ!"

એવા તો જોસથી તણાઇને રતીએ આટલા શબ્દો પોકાર્યો કે એક મીનીટ દારાશાહ ગગેટાઇને પાછળ હઠયો. ખરેજ રતીની ચશમોમાથી ધાસ્તીભર્યો અંગાર જાણે ખરી પડતો હતો. ઓરડાની બાહેર બારણાં આગળ ધર્મશાળાના કેટલાક માણસો ડઘાઇને ટીંગાઇ ટીંગાઇને અંદર જોતાં જમાવ થયાં હતા—પણ દારાશાહનો બીક લાગે તેવો ચેહેરો જોઇને અંદર આવવાની કોઈ હીમત કરતું નહીં. ગુલાં અને તેનો ધણી તેમજ ધરમશાળાનો મેનેજરબી બારણા આગળ લાઇલાજ જેવાં મુંગાં ઉભાંજ રહેલાં હતાં. માટી બઇયરનાં આ ઝગડાની વચ્ચે પડવાની કોઇને સત્તાજ શું હતી?

એક જાલમ શ્રાપ ઓચરીને દારાશાહે બારણાં આગળના

આ ટોળાંપર નજર ફેંકી. બધા લોકના દેખતાં તેની બેરી આવો સરપાવ તેને આપતી હતી એટલે દારાશાહનું લોહી ઉકળી આવ્યું. રણપર ચહડેલા ગોધાની પેઠે તે સઘળાં ઉભેલાં લોકોના આંગપર ધસ્યો અને સઉ કોઇને એક છોકરા પોશાગીરની પેઠે ધક્કા મારીને ત્યાંથી હાંકી કહાડયાં. એક થાંભલાની પેઠે રતી તો ટેબલને બે હાથે મજબુત પકડી રાખી સાવજ જેવી ઉંભી હતી. દારાશાહે ઓરડાનું બારણું બંધ કીધું અને અંદરથી અડગરી મારી રતીની નજદીક જઇને તે ડોળા ચમકાવતો પાછો ઉભો.

"નથી લખવું—તમુને આય કાગળ પર નથી લખવુ?" તેણે ખુનીની કાની દાત કચકચાવી બીહામણા સાદે પુછયું.

"નહીં."

"અં—એ પૈસા તમારા પેલા લવર મેહેરજીભાઇને વાસ્તે અનામત રાખવાના હોશે?"

રતીને જાણે લાગ્યું કે તેણીના માથાંથી પગ સુધી એક લાલચોલ તપાવેલી સીક કોઇએ આરપાર ચલાવી દીધી હોય! એક હાય મારી તેણી જોરમાં જીભ કરડી રાખીને મુગીજ ઉભી. તેણીને આમ ચુપ જોઈ દારાશાહનું માથું તદનજ ફરી ગયું. તે ક્રોધને મારે બીલકુલ દીવાનો બની ગયો. પોતાના ખવડી હાથે જબરદસ્ત તરાપ મારી તેણે રતીને એક ખભામાંથી પકડી.

પાછો બહુ જોરમાં આ દયાહીણ દૈત્યને આંચકો મારી રતી છુટી થઇ અને ટેબલની સામી બાજુએ જઇ થાકને મારે હાંફવા લાગી.

"જઇને તે છોકરા સાથ નાચતી કાંય નહીં?. પાછા

કુમારી થઈ જવા ભાવતું હોશે! મેહેરજીની ઉપર મરી ફીટેછ તો તેની સાથ———"

"ચુપ! એકદમ ચુપ!"

"ઓહ!—માફ!"

દારાશાહની ગલીચ ઝબાન એક શબદબી આગળ ચાલી શકે તે અગાઉ ઓ દાદાર! રતીએ આ શું કરી નાખ્યું! ટેબલપર બળતું લેંપ તેના ટોપ અને ચીમની સુધાં એમનું એમ ઉચકી તેણીએ આખું ને આખું દારાશાહના મોહડાં ઉપર સઘળા ઝનુનથી અને પોતાનાં સઘળા જોરથી ફેંક્યુ હતું!!

ગુંગળાયલી એક બુમ પાડી દારાશાહ જમીનપર ચટોપાટ તુટી પડયો—તેના માથામાં કાચો ભોંકાઈ જવાને લીધે તથા જમીનપર માથું પટકાવાને લીધે ધમધોકાર લોહી વહેવા માંડયુ. લેંપ તો કડકા બુકલા થઇ જઇને જમીનપર વીખરાઇ પડયુ. તેલ બધું ભોયપર નાંખેલા કાઠાપર રેડાઇને ચોમેર છંડાઇ ગયું હતું.

ફાટી જતા પોતાના ધકધકતાં આવણીયાં બે હાથો વચ્ચે મજબુત દાબી ગભ્ભી કમભાગ્ય રતી ખ્યાસ્સા બેએક મીનીટ ત્યાં મહા મુશકેલીથી શ્વાસોશ્વાસ ખેંચતી અને નેતરની પેઠે થર થર ધ્રુજતી ત્યાં ઠરીઠામ ઉભી રહી. દારાશાહ જમીન ઉપર લોહીલુવાણ પડયો હતો તે જોતાં તેણીને ફેર આવ્યા.

ઓ ખોદા! આ શું કરતાં શું થઇ ગયું! ટસટસ થતે ડોળે રતીએ દારાશાહના જરાબી હીલવાની નીશાનીની રાહ જોઇ. ફોકટ! તે શખ્સ એક મુડદાંની કાની ત્યા અફળાઇ પડેલો હતો. રતીનાં બદનમાંથી કાઇ ભયંકર જાતની ધ્રુજરી પસાર થઇ. તેણીનાં મગજમાંથી એક ઝટકે ચોકસ ભયાનક વીચાર વીજળીનીમાની ચમકી ગયો. ધાસ્તી અને ગભરાટથી

દબાઇ જતી છાતીએ તેણી લાગલી તે બેહોશ પડેલા પોતાના ધણીની પાસે ગુઠણુ મંડાયે બેસી ગઇ.

રે તકદીર ! તેણીએ શું જોયું ? દારાશાહના ડોળા ચહડી ગયા હતા અને દમ ચાલતો બીલકુલ બંધ પડયો હતો. રતીએ તેની નાડ હાથમાં લઇ ધડકતી છાતી સાથ તપાસી જોઇ. નાડી બીલકુલ બંધ થઇ ગયલી તેણીને લાગી.

જીગર તુટી જાય એવી બુમ સાથ તે નસીબની લીલી છોકરી લડડતી પડડતી ઉઠી ઉભી થઇ. દારાશાહનુ તો આવી બન્યું ! હવે ? શું ભયંકર બલાગતમા પોતે ઉતરી પડેલી હતી તેનો રતીને હવેજ કાંઇ ખ્યાલ આવ્યો. કુદરતી રીતે તેણીનો હાથ પોતાના ગજવાપર પડયો. ખીસામાં આશરે સોતેરેક રૂપીઆની કરનસી નોટ તેણીએ દારાશાહ આવ્યાની આગમજજ મુકી રાખેલી હતી.

રતીને લાગયું કે તેણીને જાણે ધુમરી આવતી હતી. એક પળ—બસ એકજ પળ—લાલ લોહીયાર ડોળે તેણીએ ઓરડાના પાછલાં બારણાં ગમ નજર નાખી અને બીજીજ ઘડીએ પોતે અગાઉથી તૈયાર કરી મેલેલો એક નાનો ચામડાંનો કોઠળો ઝુંટ મારીને હાથમાં ઉંચકી લઇ એક તદન ઘેલી ઓરતના કાની ધસારા સમેત તે તરફ દોડી.

વાંચનાર, પાછલે દરવાજેથી રતી જરાબી આગળ પાછળનો વીચાર કરવા વગર એકદમ ધર્મશાળાની બાહેર રસ્તાપર નીકળી પડી આંધળી ભીતની પેઠે સટેશન ભણી ધસી ગઈ.

* * *

જમીનપર બેભાન થઇ પડેલા દારાશાહે જયારે પોતાની આંખ્યો ખોલી ત્યારે તેને લાગયું કે જાણે આખો ઓરડો

કાંઈ ખરાબ જાતની હવાથી ચીકાર ઠાંસોઠાંસ ભરાઇ ગયલો હતો. તેણે આસપાસ જોવાની તજવીજ કરી પણ તેને કાંઇ દેખાયું નહીં—બધું લીપાઇ ગયું હતુ સ્વચ્છ હવા દમમાં લેવા તેણે બહુ તજવીજ કરી, પણ એક જાતના ગીચ ધુમાડાના ગોટેગોટાઓ તેને લગભગ ગુંગળાવી નાખતા હતા પોતાના જખમાયલાં માથા છતાં તે જેમ તેમ અથડાતો અકળાતો ઊઠીઊભો થયો રે પરવર! આખો ઓરડો ધુમાડાથી ભરાઇ ગયલો હતો ડોળા ફાડીને તેણે બારણા ગમ નજર ફેરી—અને—આહ! હવેજ તેણે જાણ્યું કે ઓરડા માંહેલો કુરતીન સાથનો મોટા પલંગ આગના સોળાઓ વચ્ચે સપડાઇને એક મોટી ચેહની મીસાલ ધકધક બળતો હતો.

ડાચાં સામે મોત આવી ઉભુ એટલે દારાશાહ પોતાની નબળાઇ પોતાના જખમોનું દર્દ સઘળુ તુર્ત વેળા ભુલી ગયો બારણા તરફ ધસી તેણે કડી ખોલી નાખી અને ઓટલાપર બાહેર પડયો.

"આગ! આગ!"

✠ ✠ ✠

આખી ધર્મશાળા આગના ભભુકાઓ વચ્ચે લપેટાઈ ગઈ હતી. રતાએ છુટાં ફેંકેલા લેપની મોહકાણે સઘળું ઓરનુ દોર કરી મેલ્યું હતું અને કાચા બાંધણીનું તે મકાન સુકા ઘાસની પેઠે આતશના સોલાઓમાં લપેટાઇ ગયું હતું.

બધું તો ખરૂં પણ રતી ક્યાં છે? દારાશાહના હૃદય ઉપર જાણેએકાએક તાવેલું સીસું આવી પડયું. રતી નક્કી આ બળતાંમાં પકડાઇ ગયલી હોવી જોઈએ. તમ્મર ખાતો

તે થોડાંક ડગલા આગળ વધ્યો. ત્યાં કાંઇ સોફા જેવું હતુ તેપર બેસી જવા દારાશાહ માંગતો હતો. આગના છમકલાંઓ વચેથી પસાર થઇ તે તે સોફા ભણી ગયો. છેક આગળ ગયો ત્યારેજ તેણે જાણ્યું કે સોફાપર તો કોઇ માણસ બેભાન પટકાઇ પડેલું હતું. દારાશાહથી મોટેથી બુમ પડાઇ જવાઇ. ત્યાં કોચપર પછડાઇ પડેલી તે કોઇ કમનસીબ જવાન ઓરત હતી. તેણીની કાળી સાડી એક છેડેથી બળતી હતી અને—અફસોસ! મોહોડું આતશના બળતાંથી દાઝી જઇને એવું બદશીકલ થઇ ગયું હતું કે ચેહેરો બીલકુલ ઓળખાતો બી ન હતો.

કમકમીને દારાશાહ એક ડગલું પાછળ હઠયો—પણ બીજે પળે તે એક બુમ સાથ પાછો તે દાઝી ગયલી સ્ત્રીની આગળ જઇ વાંકો વળીને જોવા પડયો. તેની નજર તે બાઇના ગળાંમાં પહેરેલી લાકીટપર પહેલી પડી—

"ઓ! મારા ખોદા! એ તો રતી છે! એજ એની લાકીટ છે! બીચારી મુંઇ!—ઓહ!"

આટલા ગુંગળાયલા પોકાર સાથ દારાશાહ ત્યાં પાછો બેસુધ થઇ ગયો.

વાંચનાર દોસ્ત! કમનસીબ બીચારી ગુલાં આગ સપડાઇ ગઇ હતી અને તેણીને ગળે પહેરેલી લાકીટપરથી દારાશાહ તેણીને રતી સમજ્યો હતો.

પ્રકરણ—૪૧ મું.

"તારી ઉપર મને એટલું હેત કેમ આવેછ, પોરી?"

સુરત સ્ટેશનના લેડીઝ વેટીંગ રૂમમાં બાજટ ઉપર એક ખુણામાં ભરાઇને બેઠેલી રતી ખરેખર એક દયાજનક પીકચર હતું. છાતી ઉપર ધડ નાખી દઇ એક હાથે મજબુત કપાળ દાબી તેણી લાઇલાજ નીસાસા નાખતી હતી.

આખરે તે કટોકટ જીવલેણ ઘડી આવી—ગભરાટ અને ઉશકેરણીના આવેશમાં તેણીથી આ વળી બીજું દીવાનુ કામ થઇ ગયું! જુલમગાર સરજત—આ તારી કેવી સખતાઇ! દારાશાહે મેહેરજી સંબધી અપમાનભર્યા ઇસારા કર્યા કરી ચોમેરથી ઘેરાઈ ગયલી આ છોકરીને ગુસ્સાથી તદન ઘેલીજ બનાવી દીધી—અને હવે આગમાંથી જયારે બાહેર નીકળાયુ ત્યારે વનમાં જતા ત્યાંબી આગની આગજ!

રતીએ બાસટાના હાથાપર માથું નાંખી દઇ જોરથી બંને આંખો વાંચી રાખી. કોઇબી રવેશે મગજ હવે ખુલ્લું રહેવું જોઇયે. ભખરાઇ જઇને સમયસુચકતા ગુમાવી દેવામા જીવ તથા આબરૂ જવાનો સોદો હતો. મુંબઇ પહેલા ગુપચુપ ચાલી જઇ તેજ દહાડે ત્યાંથી રંગુન ઉપડી જવાની તેણીની મકસદ હતી. આંધરી બીન થઇને પોતે દારાશાહ સાથ ચાર ચોખા છંટાવી દીધા ને વાતનો સંસારોબી હજુ બરજોર ભાઇને કાને તેણીએ નાખ્યો નહતો. રંગુનને છક્રે ખુણે એક વખત સલામત છટકાયું તો પછી ઘણું બીહવાનું નહીં હતું. પણ અરે! તેની અગાઉ સુરતની ધર્મશાળાના ઓરડાની અંદર પેલા દારાશાહને મુવેલો કોઇએ જો શોધી

કહાડયો તો ? તેની સાથે રતીને સાંજે કેવી હોજનોજી થઇ તે આખી ધર્મશાળાએ કાને કાન સાંભળી હતી અને રતીના અચબુચ ગુમ થવા સાથ લોકો ખુન સીવાય બીજો વીચાર તે શું કરી શકવાના હતા ?

ધાસ્તીને મારે રતીના હાડે હાડમાંથી એક ધ્રુજરી પસાર થઇ ગઇ. કોઇબી મીનીટે પોલીસ આવી લાગીને સામે જમની કાની ઉભી રહે તો તેમાં જરા પણ અજબ થવા જેવું નહીં હતું. ખુની—પોતે ખુની ! રતીને નક્કી લાગયું કે તેણીના માથાની નસો તડોતડ જાણે તુટી જતી હતી. શું કરવું ? બજારમાંથી થોડુંક અફીણ લાવીને બધી પંચાતીનો છેડો લાવી—નહીં, ઓ નહીં ! એકપળ આ ડરામણો તુરંગ તે અભાગણી છોકરીના ભેજામાંથી ધસી ગયો ખરો—પણ બીજીજ ઘડીએ ગુંગળાટથી ડોકું ધ્રુણાવી તે તેણીએ ઉરાડી નાંખ્યો.

રતીના બદનના સાધેસાધા દુખતા હતા અને તેણીને આંખે તમ્મર આવતા હતાં. મન અને તનની વેદનાનો સામટો ગલબો હવે કાંઇ અજબ જોસથી તેણી ઉપર થવા માંડયો. દગાખોર તકદીર તેણીની સાથ કેમ અવ્વલથી આખર સુધી આડી થતી હતી તેના ગમગીન ખ્યાલમાં રતી વળી પાછો એક નીસાસો નાંખવા જાય છે તેટલા———

ઓ ! વેટીંગરૂમનું બારણું કોઇએ મોટા ધરાકા સમેત એવું તો અફાળી નાંખ્યું કે એક બીધેલાં સસલાંની માફક તે છોકરી પોતાની બેઠકપર ઉછળીને ચોંકી બેઠી.

કોઇ જવાન જેવી ઇંગ્રેજ મડમ બારણું જોરથી ઉધાડી દઇ ધસારા સમેત વેટીંગ રૂમમાં દાખલ થઇ અને જાણે લ્યુનેટીક એસાઇલમમાથી તરતની નાસી આવેલી એક

કમબખ્ત ઓરત હોય તેમ લપેરા ખાતી અને મુખ ઢાંકતી રતી બેઠી હતી તેજ બાજટપર બીજે નાકે ઢીમડાંની માફક ફસડાઇ બેઠી.

ગરીબ બચારી! ખચ્ચીત કોઇ દુઃખના બાર તળે કચ-ડાઇને કરમાઇ જતુ તે એક નાજુક ગુલાબ હતું. તેણીનો ફીકો ફચ ગોરો ઘટમદાર જવાન મુખડો ઓરડાની શોકાતુર બતીમાં એક જીવતાં માણસના કરતાં કોઇ મુડદાંને વધારે મળતો આવતો હતો.

થોડોક મીનીટ રતી પોતાનું સંકટ—પોતાનો ગમ—પોતાની હાલત ભુલી ગઇ. આહા! કુદરતની એ શી કરામત હશે કે આપણા દુઃખમા જયારે કોઇ બીજાનું વધુ શીહા સંકટ આપણી રૂબરૂ આવી ઉભું રહે છે ત્યારે આપણાં પોતીકા દીલનો ડંખ કાંઇ અજબ રીતે ડપત પડી સામા ધણી તરફની દીલસોજીમાં પીગળી જાય છે.

ચકીત જેવી બની રતીએ આ મુસીબતની મુર્તી ગમ થોડોકવાર જોયાજ કર્યું. તેણીના જીગરમાં કાંઈ વીચીત્ર જાતની રહેમ અને દયા ઉભરાઇ આવી હતી. બીચારી જુવાન એકલી અટુલી દેખાવલી આ નાજુક સુંદરી શું હાદેસા અને વાપતા તળે છુંદાઇ જતી હશે તે જાણવાને તેણીનો જીવ જાણે તલપાપડ થવા લાગ્યો. ધીમેથી પોતે ઉઠીને રતી તેણીની નજદીક ગઇ અને વાંકા વળી ઘણી મમતાથી તેણીનાં ખભાં ઉપર હાથ મેલ્યો. પહેલીવાર તે જવાન મડમે જાણ્યું હોવું જોઇયે કે ઓરડામાં તેણી ઉપરાંત કોઇ બીજુંબી હાજર હતું—કારણકે પોતાના દીલને રતીનો હાથ લાગતાંજ તેણીને જાણે કોઇએ તાતવેલો ડામ લગાડયો હોય તેમ ભડકીને ખડી બેઠી.

"કોણ?" તે ઇંગ્રેજી છોકરીએ એકદમ બુમ પાડી. "ઓ આઇ બેગ યોર પારડન! માફ કરજોજી હું—હું સમજી કે—પણ કઇ નહીં જી—હું હવે સારીકાની છેઉં."

સાફ સરળ પારસી ભાશામાં આ પ્રમાણે એક યુરોપીયન પોરીને બોલતા સાભળી રતી તો બે ઘડી ડંગજ બની ઉભી. અરે! આવું મજાનું ગુજરાતીમાં વાત કરી શકતી એ છોકરી કોણ?

"તમુને શું છે? તમે આયાં તારે તબીયત સારી નહીં હતી," રતીએ તે છોડીની પાસે બેસીને ધીરેથી પુછયું.

"જયારે હું આવી તારે મારો જીવ ફરતો તો, પણ હવે કંઇ નથી—ઠેંક યુ"

થોડોવાર બેઉ જણાં ચુપ બેઠા. પછી એચીંતો પેલા યુરોપીયન છોકરીએ રતીનો હાથ પોતાના હાથમાં લીધો.

"તમે કાંહ જાઓછોજી—મુંબઇ?"

"હું—હું? હા, આજે રાતની ટરેનમાં મુંબઇ જાઉંછ."

"ઓ તારે તો કેવુ સારૂં! હુંબી મુંબઇજ જાઉંછ. તમે મારી સાથ ટરેનમાં છેવો તેથી મને કેટલી હીમત આવશે!"

આમ બોલતાં તે ઇંગ્રેજની છોકરીએ એક નીસાસો નાંખયો. કોઇ બાપડી ખરેખર દુઃખી અને આફતની મારેલી હતી એમાં તો શકજ નહીં હતો. ટ્રેનમાં આવી એક સોબતી મળવાથી પોતાના દીલનુ દરદ કેટલું ઓછું થઇ જશે તેનો તેણીએ વીચાર કર્યો. રતી કરતાં ઉમરે તેણી કાંઇ ઘણાં વર્ષ નાની ન હતી પણ જાણે એ નીરાધાર પડેલાં બચ્ચાંપર રતીને એક અજબ જાતનું હેત આવતું હતું.

"તમે કોઇ પારસીઓને તાંહ ચાકરીએ રહેલાં હતાં

કે ? આવું મજાનું ગુજરાતી બોલોછ તેથી મને ઘણી અજાયબી લાગેછ !"

જવાબ વાળવાને બદલે એક ઉંડો શ્વાસ ખેંચી ને જુવાન મડમે રૂમાલવડે મોહોડું ઢાંક્યું. રતીનું દીલ તદન દગદગી ગયું. આ રૂપાળી ડોલ જેવી પોરીના ગમ અને સંકટ આગળ તેણીનું પોતાનું દુઃખ શી બીસાદમાં હતું ! ખરી માયાથી તેણી તે છોકરીનો બરડો પસવારવા પડી.

"કંઇ નહીં, બીહેના. તમારીપર કંઇ ઘણું દુઃખ પડયુંછ એમ લાગેછ. તમે એકલાંજ છેવો કે ?"

"હાજી."

"મુંબઇ કોઇ સગાંને તાંહ જાવોછ ?"

"નહીંજી, રંગુનમાં મારાં મમા તરફના કોઇ સગાં રહેછ તાંહ જાઉંછ. મારૂં બીજું હવે કોઇ નથી."

ડોયો તાણીને બીચારી તે બુચી ખરેખર હવે કળવાઇને રડતી હતી.

"રંગુન ! તમે રંગુન જાવોછ ?"

"હાજી, પણ હું એકલી કેમ જવશ ! હવે હું શું કરૂં ? મને કોઇ સલાહ આપનારૂંબી નથી."

તેણીના મોહોડાંપરથી હાથો ખસાડી રતીએ ભારી જીગરે તેણીનાં આંસુ પોતાના રૂમાલે નુછી નાખ્યાં.

"રરો ના, તમે મનેબી વધારે દલગીર કરી નાખોછ," ગગળતા સાદે તેણી બોલી. "તમારૂ નામ શું ?"

"લીલી."

"ને બાવાનું નામ—આખર ?"

"મારા પપાનું નામ પેસતનજી મેહેતા,"

"પેસતનજી મેહેતા! તાહરે તમે કોઇ પારસીનાં છોકરી છેઓ?"

"હાજી, મારા મમા ઇંગલીશ લેડી હતાં—પણ તેવણ ગુજરી ગીયાં!"

"પણ તમારા બાવા કાંહ છે?"

વળી પાછી ઉત્તર દેવા વગર તે નસીબની લીલી ધસાંધસ મોટેથી રટી પડી. રતીની આંખમાંથીબી આંસુ ખરી પડયાં. આ છોકરીનું દુઃખ તેણીથી જોવાઇ શકાતું ન હતું. અસંત પ્યારથી તેણીએ લીલીને પોતાના પાસામાં લીધી અને ખુબ દીલાસો દઈ પટાવીને તેણીને રડતી મુગી રાખી.

"મને એટલું કેહ, લીલી, તારા બાવા જીવતા છે કે ગુજરી ગીયા?"

"ગુજરી ગીયા."

"બલા જાણે! ચાલ, રરના. હુંબી રંગુન જાઉંછ, તું મારી સાથ આવ." તેણી હવે તું તાંથીજ વાત કરવા લાગી. "જો લીલી, હુંબી એકલીજ છેઉં ને હુંબી દુઃખી છેઉં. આપરે બેઉ જણ સાથે જઇશું તો કેટલો સધ્યારો મળશે! મને તારીપર ઘણું હેત આવેછ. મારી સાથે ચાલ—હું તુંને મારી દીકરી જેવી કરીને રાખશ. રંગુનમાં મારા ભાઇને તાંહ હું જાઉંછ ને તારાં સગાંવહાલાં મળે તેટલા એ મારો કદરવંતો ભઇ ઘણી ખુશીથી તુંને અમારે તાંહ રેહેવા દેશે."

તે રડતી સુંદરીના મોંહપરથી લાચારી અને નાઉમેદીનો ગમખાર છાપ એકપળ ઉડી ગયો. તેણીનું મોંહ જરાક નચીંત શાંત થયું. પ્રીતીભરી આંખ્યોએ તેણીએ પોતીકી આ નવી નીમેહબાનના શોકાતુર પણ ખરી લાગણીભર્યાં મોહડાંગમ ટીકયા કર્યું. પછી અચ્યચુચ કાંઇ છાતીમાં જાણે

ઉભરો થઇ આવ્યો હોય તેમ રતીનાં ગળાં આસપાસ પોતાના બંને હાથો વીટાળીને તેણીની છાતીપર પોતાનું ધડ ટેકવી તેણીએ પાંચેક મીનીટ સુધી ખુબ તરેહથી રડીને પોતાનું દીલ ખાલી કર્યું. કીસ્મતના કેહેર વચ્ચે તેણીની નીરાધાર લાચાર હાલતમાં આ ન ધારેલો મદદનો ફીરેસતો મળી આવ્યો તે વીચારથી તે બીચારીનાં જીગરમાં જુસ્સો વધારે વાર સમાઇ શક્યો નહીં હતો.

"તું આવશે કે, લીલી—બોલ મારી સાથ રંગુન આવશે?" રડીને જ્યારે લીલી જરા શાંત પડી ત્યારે આખરે રતીએ તેણીના વીખરાઇ પડેલાં બાલના ઝુલફાં સરખાં કરતાં પુછયું.

"તમે જાંહ લઇ જશો તાંહ હું આવશ. હું બીજે કેયે જવા માગતી નથી—બસ દુનીયાને છેરેખી તમારી સાથ ચાલી જવશ."

રતીએ વહાલથી સેહેજ હસી તે છોકરીને પોતાના પાસામાં ચાંપી અને તેણીના ગોરાં કપાળ ઉપર એક ચુમી લીધી.

"લીલી, તુંને આય ધરતી ઠાગ નહીં આપતી એવું દેખાયછ. ટ્રેનમાં આપરે આસ્તેથી બધી વાત કરશું. તું અહીં સુરતમાં કાંહ રેહતીતી માય?"

"હું કરાંચીથી અહીં આવીને ટ્રેવેલર્સ બંગલામાં આજેજ સાંજે ઉતરેલી ઉતી. મારી સાથ જેવણુ આયાતા તેવણુ સુરતની ધરમશાળામાં———"

અહીં વળી પાછી તે છોકરી દીબો તાણી તાણીને મોટેથી રડી પડી. રતીને કાને છેલ્લા શબ્દો પડતાંજ તેણી એક જાતનો ઝોક ખાઇને ટટણખાર બેઠી.

"શું? સુરતની ધરમશાળામાં શું? બોલ લીલી, મારા સમ—બોલ!"

"તેવણુ—માગ ગારડીયન—સુરતની ધરમશાળામાં ઉતર્યા. તેટલાં તાંહતા માટ્રી આગ લાગી ને બધું બરી ગીયું—"

"ઓહ ! આગ લાગી ? કાહરે આગ લાગી ?"

રતી એક બુમ સમેત કુદીને ઉભી થઈ ગઈ. વીજળીના ચમકારાની માફક બધા મોહોકાણનો મામલો તેણીની સમજમાં ઉતરી ગયો. જોરથી હોઠ કરડી તેણી થોડોવાર સ્થીર ઉભી

"ધરમશાળામાં આગ લાગી ? બધુ બરી ગીયું ?" તેણીએ થોથરા ધ્રુજતા સાદે પાછું પુછ્યું. "લીલી, તું તેજ જગાએથી હમણા આવી કે ?"

લીલીના ગાલ ઉપરથી આંસુ ટપકતાં હતાં.

"હા, હું હમણા તાંહથીજ આવી." તેણી રડમસ અવાજે આંખ લુછતા બોલી. "કેટલાં માણસો બરી ગીયાં ને મેનેજરે મને કેહયું કે મારા ગાંરડીયનબી બીચારા——"

"તેવણુબી આગમાં દાઝીને ગુજરી ગીયા ?"

"હા, મેનેજરે કેહયું કે દારાશાહબી—"

"દારાશાહ !"

રતીના હોઠો વચેથી એક ચીસ સમેત પાછું આ નામ નીકળી પડયું, અને લીલી કાંઈ સમજી શકે તે અગાઉ તમ્મર ખાઈ તેણી ભોંયપર એક મુડદાની માફક પટકાઈ પડી.

પ્રકરણ—૪૨ મું.

તકદીર ! બસ તું એક ડગલું આગળની આગળજ છે !

"કનફાઉન્ડ ઈટ ! આજે આખા દહાડામાં એકબી 'કોલ નહીં ! નીચે ડાસ્પેનસરીમાં ઢેડાનો ખાધો કમપાઉંડર મજે-

હથી કોપરાં જોપેછ ને ઉપર કનસલ્ટીંગ રૂમમાં ડાકટર સાબ બેસીને માણોપર સરજીકલ આપરેશન્સ કરેછ! બાઈ ગેડ! કરાંચીથી પેલા કમબખ્તોનું જે તે કાગળબી નથી આવતુ! કંઈ સારો જવાબ આવે તો ઠીક છે—કારણકે છેકજ હવે તો કામ તરીયાઝાટક થઈ ગીયુંછ!"

ડા૦ બરજોર પંથકીએ બહુજ નામુરાદીભર્યો એક લાંબો દમ ખેંચી અધીરાઈથી ડોકું ધુણાવ્યું અને ઓરડામાં નીચી મુડીએ ફલાંગ ભરવા માંડી.

"સા—હમણા બધું ઉંધુજ થઈ જાયછ." તેણે બે ત્રણ મીનીટ વીચારમા ચાલ્યા કરવા પછી પાછું બડબડવાનું શરૂં કરયું "માયજી બોહસ હોમ કરીને પોતાના ખવઈ ગયલા લંગસ સાથ મુંબઈ ગીયા ને તાંહ ઠાગ લાગાં. ઓહ, ધ પીટી ઓફ ઇટ! તવણનુ છેલ્લી વખત મોહડુંબી જોવા હું નહીં પામયો! ને મારા રતા! મારી ડીયર ગુડ રતી! બીચારીનું હવે મારા સીવાય કોણ છે? યાહ!—ઈ નહીં તો એને ખાતર ઇચ્છુંછ કે હું એટલો બધો લુખ્ખો નહીં હોતે! પણ ચીંતા નહીં—મને લાગેછ કે કરાંચીની ચાકરી મને જરૂર મળશે—મારી ૯૫ ટકા ખાત્રી છે. ને પછી નહીંજ તો પેલી લુચ્ચી ધન મારા સકંજામાંથી કાંહ છટકવાની છે? ધન! આહ—મારી ધન હમણાં શું કરતી હોશે? રાન જીતી ગેઈ! ને હું અકુમકુ જેવો—અલ્લો! ઘંટ વાગેછ—કોઈ પરીયું ખનસુ ઘરાક આતે આયું!"

ડા૦ બરજોર નીરાશીથી મુછમાં હસી પોતાની લખવાની ટેબલ આગળ ખુરસીપર ડપ દેનો કે ગોઠવાઈ બેઠો. કોઇના દાદર પર ચઢવાનાં પગલાં સંભળાતાં હતાં. બરજોરના અનુભવી કાને તુર્ત પારખ્યું કે આ નવું દર્દી કોઇ બાઇ માણસ

હતી, કારણ બુટનો અવાજ બહુજ ધીમો આવતો હતો. ડાકટરી ફાશીનમાં ડોળા ચઢાવી તેણે એક મોટી ચોપડી ઉધાડી તેમાં મુઢું ખોસ્યું. બહુજ રોકાણ અને અભ્યાસવાળાં ડાકટર સાહેબ હોવાનો દેખાવ તો કરવો જોઇયેજ'

બારણાની ગમ બંને કાનો ઉંચા કરી રાખી બે એક મીનીટ તેણે આમ નીચી ડોકે બસ વાંચ્યાજ કરવાનું ડોળ ચાલ્યું. ડોકું ફેરવીને નવા આવનાર ઘરાક ગમ જોઇ પોતાના દરજ્જો ઉતારી પાડવાની તેને ટેવ નહતી! કોઇના અંદર દાખલ થવાના સાદની રાહ જોતો તે થોડોવાર દમમાંજ બેસી રહયો—પણ કોઇ આવ્યું નહીં. ઘરાક ઓરડાની બાહેરજ ખોટી થતું ઉભું હતું. અંતે બરજોરની ધીરજ નહીં રહી.

"કમ ઇન!" તેણે તોરથી બુમ મારી.

બારણું આસ્તેથી ઉઘાડયું અને—

"રતી!"

હરખની એક બુમ સાથ ભુસ્કા સમેત ઉઠી બરજોરે પોતાની વાહલી બેહનને ગોદમા લીધી.

"રતી! કેમ ડીયર, તુ એક દાહરો જલદી આવી? તું તો કાલે આવવાની હતીની? માઇ ગોડ! રતી, આય તારા શું હાલ પરી ગીયા?—એ તારૂં મોહનુ કેટલું ઉતરી ગીયુંછ! અં—બોલની, રતાં—એ તારો શું અવતાર બેઅવતાર થઈ ગીયોછ?"

ઘણીજ લાગણીથી ડા૦ બરજોરે પોતાની એકપુરી લાડકી બેહનને પાસામાં લઇ આમ ઉપરાસાપરી સવાલો નાંખ્યા. પણ રતીની છાતી એક ન સમજ પડે એવા કાંઈ ઉભરાથી એવી છલાછલ ભરાઇ ગઇ હતી કે તેણીનાં ગળાંમાંથી સાદજ

નીકળ્યો નહીં. બોલે શું? તેની આંખ્યોમાંથી ગડગડ આંસુઓ નીકળી પડીને બરજોરના શર્ટપર પડયાં. તે છોકરી તો બસ પોતાના ભાઇનાં ખભાપર માથું નાખી દઇ એઅખત્યાર ડચકાં ખાવા લાગી. બરજોરની આંખમાંથી પાણી ભરાઈ આવ્યાં. ઘણે વખતે પોતાની બેહનને આવા સંજોગો વચ્ચે તે મળયો તેથી તેનું બી હૈડું ભરાઇ આવ્યું હતું. દેખઇતી રીતે બંને ભાઇ બેનને પોતાની વ્હાલી બેહેસ્તન માઆનો હાંફરો થઈ આવ્યો હતો.

કાંઇ બોલવા વગર બરજોરે રતીને આસ્તેથી એક સોફાપર બેસાડી અને તેણીનો હાથ પોતાના હાથમાં પકડી રાખી પોતે પાસે બેઠો. થોડી મીનીટ પછી જ્યારે રતીનું રડવાથી દીલ હલકું થયું ત્યારે બરજોરે તેણીનું માથું પસવારી પાછી વાત કરવા માંડી.

"રતાં—તું તદન એકલી આવી કે, ડીયર?"

"નહીં—મારી સાથ કોઇ બીજુ આખે રસ્તે ઉતું."

"કોઇ બીજું? કોણ?"

"કોઇ બીચારી મારા જેવીજ નસીબની લીલા છે. જુવાન પારસીની છોકરી છે—એની માય જુદદીન ઉપી તે મરી ગેઈ ને—ને બાપબી ગુજરી ગીયો તેથી તદન એકલી પરી ગઇ."

"પછી?"

"પછી શું? મને ઘણીજ કદર લાગી, બરજોર—તે હું મારી સાથ અહીં લઇ આવીછ."

ડા૦ બરજોરથી સેહેજ મોહ કુમળાઇ ગીયું. કટાકટીનાં વખતમાં એ વળી નવી ક્યાં આપદા?

"અહીં લઇ આવીછ!" તેણે જરાક અંદેશાથી પુછયું, "તારી સાથે અહીં—આપરે તાંહ?"

"હા બીચારીને હાંકી ના કાહડતો—તારે પગે લાગું. બરજોર, એ બીચારૂં ફુલ જેવું બચ્ચું આપુને શું ભારી પરવાનું છે? જો વરી—બીચારી ઘણીજ દુઃખી ને તદન વાયેજાન એકલી છે."

બરજોરે થોડીક પળ રતીનું ઓજરખવાઇ ભર્યું મોહડું ચુંચી આંખો કરી જોયા કીધું અને પછી ઉંડા વીચારમાં પાછા ઓરડાને એક નાકેથી બીજે નાકે બે આંટા ખાધા.

"રતી, હું તુને નારાજ કરવા નથી માગતો," તે નરમાસથી બોલ્યો, "પણ હું મકું જે આપરા હમણા કરકાકરકીના વખતમાં————"

"અરે, નહીં—નહીં તુ કેહશે તો એ બીચારીનો બધો ખરચ હું મારી પાસેના પૈસામાંથી આપશ."

"છટ, તું મારૂં કહેવાનું સમજતી નથી. વારૂં—કેટલાંએક વરસની છે?"

"બીચારી વીસ એકવીસેક વરસની હોશે."

બરજોર ચાલતો ચાલતો અચકી પડયો,

"ઓ ધિટ ઇઝ એ ન્યુસન્સ!" તેણે લગાર મોંહ મચકાવીને કહયું, "કાંહ છે—હમણા એને તું કાંહ મુકી આવીછ, રતી?"

"નીચે ડીસપેનસરીમાં બેઠીછ, બોલાઉં?"

"હા—બોલાવની, જોઉં. ઉભી રેહ, હુંજ કમપાઉનડરને દાદરપરથી કેહું"

બરજોરે દાદરપરથી કમપાઉનડર ડીમેલોને હાંક મારી પેલી બાઇને ઉપર મોકલવા કહયું અને પોતે ઓરડામાં પાછો આવી રતીની પાસે બેઠો.

પાંચેક મીનીટમાં કમાનનું બારણું હળવેથી ખોલી તે જુવાન મડમ દાખલ થઇ.

"હેં!—કોણ!! ગુડનેસ મી! એ તો શેહરાં છે!"

એકાએક મોટા પોકાર સાથ ડા૦ બરજોર રબરના દડાની માફક ઉછળીને ઉભો થયો હતો ડોળા ફાડી અચરતીને મારે તે પોતાની સમક્ષ ઉભેલાં તે ખુબસુરતીનાં સ્વરૂપ ગમ ધારી ધારીને જોવા પડયો.

અને શેહરાં! સીતમ અને જફામાં ડુપરેલું આ જુદદીન માનું હીણાયલું, તનાયલું, હાડમાર થયલું બચ્ચું દીંગમુઢ બની એક સાવજ ઢોરની પેઠે ડા૦ બરજોરના ચેહરા તર્ફ પોતાની સુક્કી ટસ દબાઇ ગયલી ચશ્મો સાથ એક પથ્થરના કોતરી કાઢેલાં બાવલાંની કાની સાંજ દેવાલને અઢેલી અકડી ઉભું હતું.

પ્રકરણ—૪૩ મું.

"શું મોહડાંમાં આવેલો બુક છોડી દઉ?—હરગેઝ નહીં!"

વાખા—જેવા કહે છે તેવા વાખા! ડાકટર બરજોર પંથકીની આવકમાં એવા તે શું કીડા પડતા હતા કે તેમાંથી ત્રણ ત્રણ જણના ખટલાનું ગાડું ગબડી શકે? એકાદ રૂટોખુટો 'કોલ' આવ્યો યા ડીસપેનસરીમાં થોડાંક પ્રીસ્ક્રીપશનો ડોહવી અપાયાં તેમાં દહાડો કેમ નીઠે? માંડ માંડ મહીને દહાડે પંચોતેર કે સો રૂપીયા ઉભા થાય અને તેમાં ડાકટર તરીકેનો દમપર સુમાર ભપકો બાહેરથી રાખવાનો!

જ્યારે છેક અણીપર ખીક લાગી ત્યારેજ રતીબી આવી ચહડી અને વળી નસીબો ઠઠા કરતો હોય તેમ સાથે લાગ્યું પેલું શેહેરાં ડોક્યુંબી ઘસડાઇ આવ્યું ! ઘરનુ ભાડું બે મહીનાનું ચહડી ગયલું અને બરજોરની ડેસ્કના ખાનામાં ચુકબ્યા વીનાના બીલોનો નાનો જેવો ચોડો પડેલો ! લાવે કયા ચુલામાંથી ?

રતી પોતાની સોબતી સંગાત ભાઇને ત્યાં આવી પુગી તેને ચાર દહાડાબી થઇ ગયા—પણ હજી નખ્ખોદના ગયા પેલા કરાંચીના મ્યુનીસીપલ ખાતાવાળાઓનો જવાબ કયાં હતો ? તેની આશાપર તો બરજોરે પોતાનો બાહેરનો પોકળ ખરચ ચાલુજ રાખ્યો હતો. તેણે બે વાર કગંચી કાગજ લખી કબુલાયલી ચાકરીની યાદ આપી હતી, અન બેઉ વખત ઉમેદભર્યા જવાબો આવ્યા કે જે વખત જાય છે તેમાં તમને બોલાવવામાં આવશે. પણ તે કયારે—અરે, કયારે ? એકેક પહર જેવો દહાડો ગબડતો હતો તેમ તેમ આ ડાકટર તદનજ ખાખાવગ્ખો બનતો જતો હતો.

નાસીપાસી અને નાઉમેદીથી ભવાંનો ચીલ્લો ચહડાવી બરજોર તે સવારે પોતાના કનસલટીંગ રૂમમાં વકીલની એક નોટીસ હાથમાં પકડી ગુસ્સા અને ગભરાટથી ધડકતી છાતી સાથ બેઠેલો હતો. ઘરવાળાએ તેને બીજા ૪૮ કલાકમાં ભાડું ભરવાની યાતો ઘર ખાલી કરી જવાની નોટીસ આપી હતી. હવે શું કરવું ? શુ જઇને તે કમબખ્ત ઘર ધણીનો ટોટો ભચડવો ! ઘર ખાલી કરીને કયાં જાય ? લોહીનો ગોટ ગળીને અત્યંત ચીઢ સમેત બરજોરે તે કાગલનું ચીઠરૂં ટેબલપર પટકયું અને મોહમાંથી કાંઇ માઠા સખુનો ઓચરી ઉઠવા જાય છે કે કોઇએ આસ્તેથી તેના ખભાંપર બે હાથ પછવાડેથી મેલયા.

"શું છે બરજોર? સહવાર પરી એમ ચીરડાયછ શાનો?"

બરજોરે ડોકું ફેરવી પાછળ જોયું. રતી ત્યાં સેહેજ હસ્તે ચેહેરે કોણ જાણે કયારની ઉભેલી હતી.

"બોલ ના રતા," બરજોર મોહ કચવાવીને બબ્બાજ્યો, "આય મુજી ચંડાળો રોજ ઉઠીને એવો ધડકધુજારો કરેછ કે થેર થેર લોહી સુકાઇ જાયછ. લે જો—આય વરી બીજી નોટીસ! પરમ દાહડે સવાર સુધીમાં બસો રૂપીયા તોલવા જોઇયે, નહી તો—નહી તો ઘેરપર ને સામનપર ટાંચ આવશે' કેમ, હાલ્લાં રમ્મરી જાય ને આઇડીયા કેવો ગમેછ?"

રતીએ જોયું કે અંદરખાનેની બહુજ તીક્ષણ પેજાલતને મારે જરળી બળીને બરજોર આમ ઠઠ્ઠા કરતો હતો.

"જરાક સબુરી પકર, ભઇ—એ દાહડોબી જશે."

"જશે! હા કોઇ દાહડે જશે તો ખરોજ તો!" બરજોર એક શ્વાસ ખેંચીને બોલ્યો, "પણ તેટલાં અહી રોજ સવાર, સાંજ ને રાત પઇસા પઇસાને વાસ્તે હાયસોસારા કરતાં કલેજું કપઇ જાયછ સબુરી કોણના બાવાના લાવે! કંઇ નહીં તો આય ઇનફરનલ બુટ ઘેરવારાને મુગો રાખવા બસો રૂપરડીબી હોય કેની—તો જરા હારકાં તો અહીં થોરો વખત સખે ગગરી રહે."

"મારી પાસે અહીથીતહીથી કરીને સોએક રૂપીયા થશે. કંઇ જણસ બનસ વેચીને આપરે બાકીના સો રૂપીયા નહી કરી શકશું, બરજોર?"

"જણસ! જણસબી નથી ને ફણસબી નથી! બધું ક્હારનું સફાચક થઇ ગીયું! બીચારા કાકાજી મુંબઇનું "કલીફટન કાટેજ" વારસામાં આપી ગીયાતા તેનાબી ગીયેજ

અઠવાડયે દારીયા સુકરવારીયા થઈ ગીયા તે તો મેં તુને લખીયું. માયજી ઢગલેઢેર કરજ પોતાની પાછળ મુકી ગીયાં તે ફીટારતાં એ કોટેજનું જરા થોભલું ઉતું તેબી સફ્ફ થઈ ગીયું. અને હવે? સો રૂપીયા શું—બાંધી મારશે તો રોકડાં સો દાઢીયાં નીકળવાનાં નથી! ને વળી એમ કાંહ સુધી ચાલવાનુ, રતન? આહ! જાણે એવું કંઈ થાયછ કે...........હો! પોસ્ટવાળો આયો—બાઇ જોવ! હજુરબી કરાંચીનો જવાબ આવે તો———હલ્લો—હલ્લો! આય શું કરાંચીનુંજ લેટર છે! લાવ, લાવ, જલદી લાવ!"

ટપાલવાળાના હાથમાં એકદમ તે કાગળ ઝુટવી લઈ ડા૦ બરજોર ધપ કરતો કે ખુરસીપર બેસી ગયો અને લગાર ધ્રુજતે હાથે પરબીડું આમ તેમ ફેરવીને ચાપી ચીપી જોવા લાગ્યો. એક બચ્ચાંને નવું રમકડું હાથમાં આપતાં તેનાથી કેમ હસાઇ હસાઇ જવાય છે! ડા. બરજોરનું ડાચું ખુશાલીથી અને હરખથી ફસફાઈ જતું હતું.

"આય શું! કરાંચીની મ્યુનીસીપાલીટીનો મોનોગ્રામ જોયો કેની! રતાં દીકરા, એ ઉઘારતાં જાણે પેટમાં ફાર ફાર પરેછ! શું હોશે—છોકરો કે છોકરી? આહા યાર! ચારસોની ચાકરી છે! હવે તો જે હોય તે—જોઇએ તો ખરા!"

એક જાતની અસાધારણ અધીરાઈથી બરજોરે એનવેલપ ખોલ્યું અને ભુખી ડાંસ આંખ્યોએ તે વાંચવા માંડયું. ગમગીન ચેહેરે મુગી મુગી ટેબલ આગળ ઉભી રહી રતીએ પોતાના ભાઇના મેહડાંગમ આંખ્યો ઠેરવી રાખી મેલી.

ભાગયે બરજોર પુરી પાધરી પહેલી ચાર પાંચ લીટીઓ વાચી હશે કે એકાએક એક ખુશાલીના મોટા પોકાર સાથે તે કુદીને પોતાની બેઠકપરથી ઉઠયો.

" મને ચાકરી મળી ! "

તેણે રતીનો હાથ પોતાના હાથમાં લઈ ઘણાજ હરખથી હલાવ્યો અને ખુશાલીને મારે નાચવા લાગયો આખું કાગળ વાંચવાની ફામખી તેન રહી નહી—એવો તે આ ન ધારેલી ફતેહથી ગેલમાં આવી ગયો હતો. કાગલ તેણે ડુચો કરી પોતાના વેસ્ટકોટના ખીસામાં વાંચ્યા વગરજ ખોસ્યુ અને ખુશાલીથી ચમકતી આખ્યો સાથ તે ઓરડામાં આમતેમ ફલાંગ મારવા લાગયો.

"પરમ દહાડે સવારના ઉપરશું, ડીકરી. હું એ લોકને આજનો આજ એક તાર મુકુંછ ને અબઘરી એક કાગલ લખુંછ. તારી ટ્રંક પાછી પેક કર, ડીયર, ને પેલાં તારાં ખુખ-રાયલાં છાનાનીબી પેટી પેટારો કાંઈ હોય તેબી મને કાલ સવાર સુધીમાં આપી દે કે ગુડસ ટ્રેનપર ચહરાવી દેઉં. કેમ મોહનું શું જોયા કરેછ? પેલી તારી મડમરી પોટીનેબી સાથે ઘસરવા માંગેછ કેની? કે નહી તો અહીંજ તેને પાછળ નાખી જવા માગેછ?"

"કોણને? મારી શેહેરાંને? નહીરે પાછળ કાંહ નાખી જાય? એને આપરી સાથે લેવાનીછ તો"

બરજોર ખુબ રંગમાં હતો. થોડીક મીનીટપર તેનું મોહ જે ખુખરાયલુ હતું તે હવે મલકાઇ મલકાઇ જતું હતું.

"હેહેહે! શું તુંબી સોભતી ફ્રેંડ તારી સાથે લઈ આવી! કમબખ્ત ચાંદરાત ચાંદરાતે જરાક મોનું ઉંધારીને કઇ બોલેછ! ને એના માય બાપે એને કોઇ વખત હસ્તાંબી શીખવ્યુંછ કે નહી કોણ જાણે!"

રતીનું મોહ ગંભીર બની ગયું.

"બીચારી છોહેરાં! મારી સાથ ટ્રેનમાં એણે મજેની વાતચીત કીધી ને બોલવાપર આવીતી—પણ તુંને તે દાહરે જોઇને કોણ જાણે શું થયું તે વરી પાછી સાવજ ને ગુંગસ જેવી થઇ ગેઈ! જરાક પુછ્છુંછ કે મારાં પાસામાં ભરઇને આંખ પાણી કરેછ. તું માનશે બરજોર—કાલે મને ખરે-ખાત કહેવા બેઠી કે 'મને હવે જવા દેવો, હું અહીં નહી તો કલકતામાં મારાં મમા તરફના કોઇ સગાંને શોધી કાહ-ડવા માંગુછ.' મેં ઘણી પટાવી ધમકાવી તાહરે એ વખારો છોરયો. કાચાં કુમારાં એકલા અટુલાં એ બીચારાં બચ્ચાંને હું કેમ જવા દેવું!"

ડાકટર બરજોર પાટલુનના બેઉ ખીસામાં હાથ ઘાલી ખડખડ હસ્યો.

"અચીત જરાક કાતર્યું ઘસેલુ છે. રતાં મેં તુંને કેહયું કેની કે એ પોરી પેલા કેકાઉસ મુલ્લાંને તાંહ એકસીડંટ પછી સારી થઈ તારથીજ એના માથામાં કંઇ તરેલ પરીછ."

"જા બા, એમ શું બીચારીને વાસ્તે બોલેછ? મને તો એની ઘણીજ બીચારીની દયા આવેછ."

"અરે પણ તુંજ જોની—ખાવાની ટેબલપર જરા બે ઘરી આપરી સાથે બેસેછ તેટલાંજ મને જોઇને અમથી અમથી ધ્રુજી ધરકી જાયછ."

"કોણ જાણે બીચારી તુંને જોઇને ઘણીજ બીયેછ, બરજોર. શું હોશે?"

"તે એનેજ પુછની! શું હું એને ખાંઉછ કરડુંછ? એ કુપે તો હું એની સાથે એકે બોલ વાત બી હવે કરતો નથી. પણ ખરેખર, તું એને કંઇજ જવાબવા દેતી ના—હું

કે! એક તો રાનનું ભેજું ઠેકાણે નથી ને તેમાં એને વાએ-જાન એકલી જવા દઇયે ને એને કંઈ કશું થાય તો લોક આપરી ગમ આંગળી કરે. તું એને સમજાવની કે મારેથી એટલી બધી બીવાનુ કંઇ કામ નથી."

અરે મેં એને ઘણું સમજાવ્યું—પણ એના દીલમાં ખોદાય જાણે જાણે તારે વાસ્તે શું હેબત ભરઇછ!"

કેકાઉસને તાંહ મેં એને 'ટ્રીટ' કીધી તાહરનું એના માથામાં એમજ કાંઇ આયું હોશે કે હું તો તે નખોદ ગીયાનો મળતીઓ છેઉં. પણ ચાલ, કરાંચીમાં નવી સોસાયટી મળશે તાંહ બધું વીસરી જશે. પણ હા ખરા, એ કરાંચી આવશે કે? તેંજ મને કહ્યું કેની કે એ પોરી કરાંચીથીજ સુરત આવેલી—તે કદાચ તાંહ ડોસાંના પાણી કંઇ મુવેલાં હોય તો પાછી જવા વખતે અર કરશે જો!"

"નહી—હું એને કંઇબી કરીને આપરી સાથે લાવશ.'

બરજોર એકુ મીનીટ ચુંચી આંખ્યો કરી વીચારમાં બારીની બાહેર જોતો ઉભો.

"રતાં-જો, હું કેહું તેમ કર. એ ધન ચક્રરને હમણા કહેવાની જરૂર નથી કે આપરે કાંહ જઇયેછ. તુંને પુછે તો કહેજે કે બરજોર કોણ જાણે કીયે ગામ જાયછ તે હુંબી નથી જાણુતી. પછી એક વખત કરાંચી ઠર પરીયાં કે એમ સાબને સટકી જતાં કેમ અટકાવવાં તે આપરે જોઈ લઇશું. સમજી કે દીકરી—એ ઘેલાં ગધેરાં સાથે જરા એમજ વાંકાં થઇને ચાલવું પરશે, બાકી એ કંઈ સીધેસીધી રસ્તે ઉતરવાની નથી."

ગમગીનીથી સહેજ હસીને રતી મુગી મુગી ત્યાંથી અંદર પોતાના ઓરડામાં ચાલી ગઈ. જેવી તેણીની પીઠ ફરી કે

બરજોરે પોતાની મુછને ખુબ તરેહથી બે ચાર વખત વળ દીધા.

"વાહ!" તે જીત સાથ હસીને બડબડયો. "દાબરાની કાની ચોકઠું બેસેછ! આય મરણનું ખાંધણીયું શેહેરાંને છોરતી નથી. જાણે આસમાનપરથી મારે વાસ્તે ખોદાએ એક આબાદ સોનાની ચલ્લી ટપકાવી દીવીછ! મારા સપાટામાં એ બોકરૂં જાંહ સુધી હોશે તાંહ સુધી મનને કહીય તારી ગરદન મારા હાથમાં છે. આગળ તો ચાલો જોઇશું!— અરે હા, પણ પેલું કાગળ આખું મે કાંહ વાંચ્યું છ! જોઇયે તો ખરા, એ લોકો શું કેહછ?"

"...કરાંચી કારપોરેશન એ જગયા તમને આપવાને રાજી છે. હેલ્થ આફીસરના ઓધા ઉપર ત્રણ વરસની મુદત સુધી દર માસે ૪૦૦ રૂપીઆના પગારે તમારી નેમણુકની બહાલી કારપોરેશને આપી છે, જે સ્વીકારવાનો ટેલીગ્રામ તુરત કરશો. પણ અત્રે એક ખાસ સરત એઓ નાંખવા માંગેછે તે તમને હુ શરૂઆતમાં જણાવતાં ભુલી ગયો હતો. અત્રેનો હેલ્થ આફીસર ચોકસ સબબોસર એક પરણેલોજ ધણી હોવો જોઇયે એમ અમારી કારપોરેશન ખાસ કરીને માગે છે. હું ધારૂં છું કે તમો એક કુંવારા શખ્સ નહીજ હશો. જો હજી સુધી પરણેલા નહી હોવો તો અલબતાં આ નેમણુક રદ થયલી ગણવી. જો પરણેલા ગ્રહસ્થ હોવો તો તમારાં ધણીઆણીને સાથે કરાંચી લાવવાની તમને એલતેમાસ કરવામાં આવે છે. એ સરતે તમને આં જગયા મળી શકશે. જો એ સરત મુજબ તમે પરણેલા નહી હોવો તો તુરત

લખજો—અમે બીજા અરજદારોપર ધ્યાન આપીશું, કારણ અમને એ ઓધો પુરવા માટે હાલ ઉતાવળી છે. તમારા જવાબની રાહ જોતા.

હું છું,
તમારો વીશવાસુ,
જેમસ મેકબેથ,
સેક્રેટરી,
કરાંચી કારપોરેશન.

દાંતની બત્રીસી મજબુત પીસેલી રાખી કપાળ પર કર ચલીઓ સાથ ધીમે ધીમે ડાકટર બરજોર આ રૂકકો એ નાકેથી બીજે નાકે સુધી વાંચી ગયો. જેમ જેમ વાંચતે ગયો તેમ તેમ તેનું મોહ ઉતરતું ગયું અને જ્યારે કાગળન છેલ્લી લીટી પર તે આવી પુગયો ત્યારે તેના હોઠ વચ્ચેથ એક ગુંગળાયલો શ્રાપ નીકળી પડયો.

"અરે તારો દાહરો બરે તારો! અરધે રસ્તે તરાપે ડુબાર્યો! પરણેલા હોવો તોજ ચાકરી લેવો, નહી તો જાન મમાં જાવો! ઓ માઇ! એ સા—ને વાસ્તે હવે બઇ કાંઇથી શોધી કાડરૂં? ને વરી તેબી ચટ ને પટ! એ મોહ કાણ કાંહથી નીકળી આવી?"

બહુજ બીજવાઇને તેણે જોરમાં એક મુકકી ટેબલપ ઠોકી અને પછી નાસીપાસીથી ડેસ્ક ઉપર બે હાથોમાં માર ખોસી તેણે પોતાના જીવને કડુવા કીધી આહ! હોઠન અડોઅડ જ્યારે શરબતનું પ્યાલું આવ્યું ત્યારે એક ટીક કારીમાં તે પાછું જમીનદોસ્ત થઇ ગયું!

"શું જુલમ છે! એક હેલ્થ આફીસર પરણેલાજ કાં હોવો જોઇયે?" તે લાલ ટસ ડોળે પેલાં કંગાલ કાગળ

ગમ એકી ટગરે જોઇને મન સાથ બડબડયો, "એ પેલ-સપ્પાઓ હવે મોનામાં એક બુક લઇ બેઠાછ ને છોરવાના બી નહીં! શું કરૂ?—લખું કે મારી હાથની ધરતી કોઇ મુવેલી નથી? કે નહીં તો આય નવું રમકરૂં આયુંછ તેને કરાંચીમાં મારી બૈરી તરીકે......નહી, નહી! એ નાપાક એની ઠગાઇમાં કોઇ કાળેબી સામેલ થઇ મરવાની નથી. ને—ને—એને કરાંચીમાં ઘણી બહારબી કહારવાની નથી. નહી—શેહરાં તો નહીજ! તારે શું કરૂં? બીજી બૈરી કાંહથી પેદા કરૂં? વાહ—જો મને એ સ્કાઉંડ્રેલો છ મહીનાનો ટાઇ-મબી આપતા હોય કેની તો ધનને મારી મીસીસ બનાવી દેખાડૂં! પણ———આહ!"

બરજોરે ખભાં ચઢાવી એક લાંબો નીસાસો નાખ્યો અને કપાળપર ફુટી નીકળેલાં ઝરાં રૂમાલથી લુછી નાખ્યાં.

"આહ, બરજોર! તારૂં નસીબજ દગાખોર છે. આય ચાકરી જો નહી મળી તો એક ગમથી નાદારી કોર્ટ ને બીજી ગમથી—ડેશ ઈટ!—સાહુકારી જેલ! પછી મારી રતાંનું શું થશે? કરાંચી જો એક વખત જાઉં તો પેલી ધનને કંઇબી બરાબર મારો હાથ દેખાડૂં! તેમાં જાહરે આય ચકરબતી શેહેરાંનું ઠીઠું હાથ લાગું તાહરેજ નાપાકના જણ-વાઓ મારા મોનામાં આવેલો બુક ખેંચી લેછ! ઓ શેમ! મારીપર આય એક જાતનો સીતમ છે!"

ખુબ જોસથી તેણે એક હાથે પોતાના માથાના બાલ મુઠ્ઠીમાં પકડયા અને ચીઢને મારે એક દીવાના શખ્સની પેઠે ખેંચ્યા.

"નહી, બસ નહી. હવે તો જે થાય તે ખરૂં,—કરાંચી તો મારે જવુંજ જોઇયે અણી પર બીક લાગી તે વખતે આવી

સ્ટુપીડ સરતથી એ લોક મને પાયમલ કરી નાખવા માંગે તેમાં એ લોકનો પોતાનોજ વાંક છે. બસ એ તે એજ!"

દાંત્યા કચકચાવીને તે ધબ ધબ કરતો કે લખવાની ટેબલ આગળ બેસી ગયો અને એક નોટ પેપરપર તરાપ મારી ચડ ચડ ચડ કરાચી મ્યુનીસીપાલીટીના સેક્રેટરીને નીચે મુજબ ટુંકો ને ટચ જવાબ ચીત્રી કહાડયો:—

પ્યારા સાહેબ

તમારી ચીઠી માટે મેહેરબાની થઈ. હું એ ઓધો સ્વીકારૂં છું. હું પરણેલો છું, અને મારાં 'વાઈફ' તથા મારા કુટુંબની એક બીજી લેડી માથ કરાંચી આવવા આવતી પરમ દીને સવારે અહીંથી ઉપડું છું.

લી○ તમારો સેવક,
બરજોર બી. પંથકી.
એલ. એમ. એન્ડ એસ

પ્રકરણ—૪૪ મું.

"હવે તારી ખાત્રી થઈ, મેહર?"

"બસ બસ, મેહર! એમ ના બોલ—ખોદાયને ખાતર એમ ના બોલ! તુ એ બીચારીને વાસ્તે એવા સખુનો બોલેછ તે મારા કાનમાં તીરની કાની ભોકાયછ!"

ખરેખર રૂસ્તમ મુગાશેઠનું હઇયું જાણે ચીરાઈ જતું હતું. એક તો દીલમાં ઉદાસી ગમગીનીએ ઘર કરી મેલેલું તેમાં પોતાના દોસ્ત મેહેરજીને મોહડેથી એવી વાત સાંભળીને તેનું લોહી પુરૂં ઉકળી આવતું હતું.

"હું જાણું છ કે તુંને મારૂં બોલવું ગમતું નથી," મેહ-રજી પટામણે અવાજે બોલ્યો, "પણ દીકરા, તું જે ચશ-મમાંથી એ છોકરીને જોયછ તે ચશમો મારી આંખે નથી. રૂસ્તમ એ શેહરાં છોકરીને વાસ્તે મેં પેહેલેથી ટેંપ મારી'તી ને તાહર પછી મને એને વીશે જેબી અનુભવ મળયો તે મારાં મતને ટેકો આપતો ગયો. તું ગમે એટલો ચીરડા—ગમે એટલો મારીપર ગુસ્સો થા—પણ હું તો તારા એક ખરા સાચા દોસ્ત તરીકેની ફરજ બજાઉંછ. રૂસી, આય પોરીએ તારૂં મગજ ફેરવી નાખ્યું છ—પણ સંભાળ, મારા ભઇ, હજુબી સંભાળ! એ છોકરીની બુનજ સારી નથી. બાપના લોહીનો સળો બચ્ચાંમાં ઉતરવા વગર રેહેજ નહી! એ શેહરાંની ચામડી ગોરી છે, પણ—"

"બસ, મહેરજી—હવે બંધ કર!"

"નહીં—હવે હું બોલવાનો ને ફર બોલવાનો! તું ઉઘારા ડોળાએ કુવામાં પડવા માંગેછ તે હું કેમ સાંખું? રૂસ્તમ, એ કેકાઉસની દુકતી સાત ઉઠાઉગીરોની એક ઉઠાઉગીર છે ને સાથે લાગી ભેજાંની તદનજ ગેપબી છે—નહીં, સબર! હું તને ચાલી જવા નહીં દેવાનો. બેસ અહીં—એક વખત જે તે મને સાંભળી લેવાજ પડશે. માઇ ગુડ ફ્રેંડ, એ તું કોણ નાપેકાર નાલાયક ઓરતની ઉપર તારી અક્કલ ગુમાવી બેઠોછ! એ શેહેરાં એક———

"ખામોશ!"

એક મોટી બરાડ સમેત રૂસ્તમ પોતાની ખુરશીપરથી છલાંગ મારીને ઉઠયો અને ડોળા કકડાવી નાકનાં ફીફડાં ફફડાવતો પોતાના આ જાની મીત્ર સામે ટટણખાર ઉભો.

"તું શું દીવાનો થયોછ, મેહેરજી?" તેણે ઘોઘારી સાદ

તણાઇને કહયું, "એક વખત તુને કેહુંછ તે સમજતો નથી? એ છોકરીને વાસ્તે એક હરફ બી જો હવે વધારે બોલ્યો તો આપરી દોસ્તી ખતમ થશે!"

લાઇલાજ થઇ મેહેરજીએ પોતાનાં મોહડાંપર એક હાથ ઢાંકયો. તેનો વહાલો દોસ્ત રૂસ્તમ દેખતી આંખે એમ કુવામાં પડવા માંગતો હતો તે દેખી તે ભલા જવાનને દીલમાં બહુ લાગતું હતું.

"વોટ આ પીટી!" તેણે એક લાંબો દમ ખેંચીને ધીમેથી કહયું, "તું મારૂં કહયું માનતો નથી! રૂસી, ગુસ્સે શું કામ થાયછ? તારાં ભલાંને વાસ્તેજ——"

"મારાં ભલાંની તુને જરાબી દરકાર હોય તો એ બેગુનાહ કમનસીબ નાચાર બચ્ચાંને સારૂં એવા ઘાતકી બોલો મારી આગળ ના બોલ," રૂસ્તમ હવે જરા ઠંડો પડીને બોલ્યો, "તું આય નેકલેસ ચોરવાનો ચાર્જ એ બીચારી નીરદોશ છોકરીપર મુકેછ—પણ જો વીચાર કર, કદાચ પુરવાર થયું કે ખરેખરી ચોર એ નથી તો તુને એક ગ્રહસ્થ તરીકે કેવો દીલમાં દગદગો લાગશે કે તેં એને કેવો નીરદય ગેરઇનસાફ કીધો! બોલ મેહર, તારી ખાત્રી થાય તો પછી?"

"ખાત્રી! ખાત્રી થવામાં બાકી શું રહયુંછ?"

રૂસ્તમે અત્યંત કચવાઇને પોતાનાં ગુઠણપર મુક્કી ઠોકી.

"અરે! વરી તું એમ બોલેછ! હું તુને પુછુંછ તે સમજેછ કેની? હું જો તુને પુરવાર કરી આપું કે એ નેકલેસ શેહરાંએ નથી ચોર્યો તો પછી શું?"

"પછી શું વરી? તું કેહ કેવી માફ એની પાસ માગું!"

"ઓલ રાઇટ, તાહરે હું તુંને તે દેખાડી આપવાનું માથે લઉંછ ને વળી એપીબી તારી ખાત્રી કરશ કે શેહરાં પેલા ચંડાલ મુજીની છોકરી છેજ નહીં."

"કેકાઉસની છોકરી નથી? તારે કોણ—એ——"

"હમણા તે વાત નથી કરવાની. ચાલ, હવે હું જે પુછું તેનો જવાબ આપ. જે માણસે નેકલેસ ચોરાયો છે તે ઘણા એટલા વખતમાં તેને કેયે પાર કરી નાખી શકયો તો નહીંજ હોશે કેની?"

"નહીં—હું નહીં ધારતો. હીરાઓ ઘણા મોટા છે—સેહેલમાં દફરાવી શકાય તેવા નથી. ને વરી અહીંની પોલીસ તેમજ ઝવેરીઓને ખુબ ચમકાવેલા છે."

"તારે બસ—હું ધારૂંછ કે તારા ભલા ડીટેકટીવને એ વાતમાં હું બાજુ બેસારશ. કેટલાક આદમીઓને બસ હરામના હીરાઓ મેળવવાની જાણે એક જાતની ઘેલછાજ હોય છ. મારી શહેરાંએજ મને એક એવા હીરા–ચોરની કાહણી પોતાનીપર વીતેલી કેહીછ. મેહર."

મેહરજી ગુચવાઇને રૂસ્તમનું મોહડું ટીકવા પડયો.

"તું શુ કહેવા મ્હેવા માંગેછ? મને કંઇ તારા બોલવાનો ભરમ સમજ નથી પરતો."

"હમણા નહી પરશે. બસ હું કેહું તેમ કર. જા કોઇ માણસને મોકલીને આય 'ટેરેસ હોલ'ના પેલા પારસી મેનેજરને બોલાવી મંગાવ."

"કેકાઉસ મુલ્લાંને? કાંય—રૂસ્તમ, તું—"

"ચુપ! એક બોલ વધારે નહી! બોલાવ તે મેનેજરને અહીંયાં. કેહવાર કે ઘણું અગત્યનું તાકીદનું કામ છે."

"અરે પણ, તે બ્લેગાર્ડને—"

"તુંને કહુંછ તેમ બસ કર! વધારે ટકટક નહી જોઇયે!"

રૂસ્તમની આ છેલ્લી બરાડથી મેહરજી પાછો ડગ થઇ ઉભો. હંમેશના ઠંડા સ્વભાવના તે જવાનનો દેખાવ કાઇ ઓર બીહીક લાગે તેવો હવે બની ગયલો હતો. તેના ડોળા લાલ લાલ બની તેના કાઇ ધાસ્તી ભર્યા, મકકમ ઠરાવની નીશાની દેખાડતા હતા. મુગો મુગો ઉઠીને મેહેરજીએ હમાલને બોલાવ્યો અને જલદી "મેનેજર મુલ્લાંસાબ"ને તેડી લાવવા હોકમ આપ્યો.

પાંચેક મીનીટ ઓરડામા બીલકુલ ચુપચાપ થઈ ગયુ. બેઉ જવાન મીત્રો અદબવાળીને મુગા મંતર ઉભા હતા. માત્ર રૂસ્તમનો કઠણ શ્વાસોશ્વાસ ચાલવાનો અવાજ કાને અઠડતો હતો. તેના ચેહરા ઉપર ધાઈ આવેલા લોહીનો રંગજ કહેતો હતો કે છાતીમા ઉભરાતો જુસ્સો તે મહા મુસીબતે સમાવી શકતો હતો.

અંતે બાહેરથી કોઇના પગલાં સંભળાયાં. બેઉ જણ ડોકું ઉચકી જુવે તે આગમજ કેકાઉસ ફુલ્લાં લેહકો કરતા ધીમે ધીમે ચાલી આવી ઉંબર પર ઉભા.

"કેમ મેહરજીભાઇ, શું ફરમાશ છે?"

મેહરજીએ રૂસતમ ઉપર નજર ફેંકી.

"મેં નથી બોલાવ્યા. આય રૂસ્તમ મુગા શેઠ તમારી સાથ કંઇ વાત કરવા માંગેછ."

કેકાઉસે સેહજ—બહુજ સેહજ—અચરતીથી ડોળા ઉચા-ડયા અને આસ્તેથી ફરીને રૂસ્તમ ગમ જોયું.

"બોલો શેઠ—શું વાત કરવીછ? કંઇ રાજા પાદશાહની વાત કરવાની છે?"

રૂસ્તમ હવે હળવેથી પોતાની જગ્યાએથી ખસી કેકાઉ-સની અડોઅડ આવી ઉભો. તે એવી રીતે ઉભો કે કેકાઉસ ઓરડાની અંદર થઇ ગયો અને પોતે ઉંબર ઉપર બારણામાં આડો પડયો.

"હું પુછતો' તો કે તમે તે રાતે શેહેરાંને ઉંચકીને કુવામાં નાખી દેવા માગી તેને બદલે તેનો ટોટોજ કાંય નહી ભચરી નાખીયો—કે પેલો કમબખ્ત દારાશા વચમાં નરવા તમુને આવતેજ નહીં"

એવા તો સાબુત મક્કમ સાદે અને દ્રઢ સ્થીર ચેહરે રૂસ્તમ આટલા શબ્દો બોલી ગયો કે મેહેરજીબી ડઘાઇને પોતાના એ મીત્રનું કોઠું ભાપવા પડયો. અને કેકાઉસ?—

તે તો એક જાતની અદ્દભુત શાંતીથી મુછમાં હસતો જઈ એક ચીતે રૂસ્તમના મોહોડાં ગમ બંને પોતાની આંખ્યો ટાંકી રહયો હતો. પણ રૂસ્તમનું એક પાપણુંબી ફડક્યું નહી. દેખઇતી રીતે તે જીવપર આવીને કાંઇ અસાધારણ કરવાજ માગતો હતો.

"જરા જવાબ દેશો?" તેણે ભયાનક સાદે પાછું પુછયું.

"તમે તમારા સવાલો પુછી લેવો–પછી હું સામટા તમુને જવાબ આપું!" કેકાઉસે તેવીજ ડરામણી ઢબે ઉત્તર વાળ્યો.

"ઠીક છે–હું બીજો સવાલ પુછું છ. શેહરાં પાસથી તમે પેલો બ્રોચ ચોરી લીધો તેના હીરાનું શું કીધું?"

"કંઇ ત્રીજો સવાલ છે, સાહેબ?"

"હા–આય મેહેરજીના માઇનો નેકલેસ ચોરીયોછ તે કાંહ ચાંપી મુકીયોછ?"

"રૂસ્તમ!!"

મેહરજી જે આટલો વખત દમ ઘુંટી રાખીને એક બાજુ ચુપ ઉભો હતો તે હવે અકળાઇને એક બુમ સમેત આ બે જણાની વચ્ચે આવ્યો. રૂસ્તમ અને કેકાઉસ તો એકમેક તરફ લોહીના તરસ્યા ખુનીઓની માની ઘુરકા ઘુરકી કરતા હતા. મેહેરજીએ પોતીકા દોસ્તને તે ધાસ્તી ભર્યા માણુસની આગળથી ખસેડી નાંખવા માગ્યો, પણ ઝનુનપર ચઢેલા રૂસ્તમે તેને એક જબરી અછાટ મારી બાજુ હડસેલી મેલ્યો.

"પ્લીસ મેહેરજી" તેણે ઉશ્કેરાઇને પોકાર કર્યો, "આય બદમાશ જવાબ નથી આપતો તો હું તેના જવાબ આપું. જો આવ—તારો નેકલેસ કાંહ છે તે જોવાછ? ઉઘાડ ચંડાલ, તારો ડગલો!—"

આમ કહી એકાએક એક છલાંગ મારી રૂસ્તમ કેકાઉસને ટોટે વળગ્યો. એટલી તો ઝડપમા તેણે તે મુજીનું ગળું બે હાથોએ ભચડીને પકડયુ કે પોતાના બચાવમા કેકાઉસને જરા હાથબી ઉંચકવાનો તેણે વખત આપ્યો નહી. છેડા ચલા એક બુલ ડોગની માંની રૂસ્તમ કેકાઉસના અંગને આંખના એક પળકારામાં વળગાં પડયો અને તેના ડગલાને ગીરદામાંથી કકડાવીને પકડયો. રાઠોડી કેકાઉસની ખરવસતર બાજુ અને હથોડા જેવા ખવડી હાથો આગળ રૂસ્તમનુ કયા વેર ચાલતે? પોતાનાં ગળાંપરથી રૂસ્તમનો હાથ છોડ-વવાને કેકાઉસે જાલમ અછાડ પછાંડ કરી—પણ નહી. ગમે એટલાબી કેકાઉસના ઠોંસા ખમવા છતાં રૂસ્તમે ત્યાંથી હાથ ખસાડયો નહી.

મોહડામાંથી એક ખરાબ ગાળ ઓચરી કેકાઉસે અંતે પોતાના મુદઇને જોરથી આંચકો મારી જમીનપર પાડી નાખ્યો અને પોતેબી સાથે તુટી પડયો. પણ બે જણા

આગળ તે લાઇલાજ હતો. બીજી પળે તેની છાતીપર મેહેરજીનું જોરાવર ગુઠણ એવું દબાઇ પડયું કે એક બાગ સમેત તેણે રૂસ્તમને પડતો મુકયો.

જેવો રૂસ્તમ તે નાપેકારના સંકજામાંથી છુટો કે એક જબરી ઝટાક મારી તેણે કેકાઉસના ડગલાને તથા તેના બદીયાનને ગળા આગળથી ચીરી નાખ્યાં અને ત્યાં તેની ગરદન આસપાસ બાંધેલા એક નેકલેસને ઝુંટાવીને તોડી કાહડી મેહરજીની નજર સામે ધર્યો.

"લે આપ તારો નેકલેસ! મારા શેહેરાંને ફરીથી બદનામ ના કરતો!' તેણે ખુબ હાંફતાં બુમ પાડી.

પોતાનો ચોરાયલો નેકલસ આમ ન ધારેલા આખ સામે પકડાયલો જોઇ મેહેરજી એકદમ કુદી ઉભો થયો. ભોંયપર પડેલા કેકાઉસનેબી તે ભુલી ગયો.

"માઇ ગોડ! એ આય શું હું જોઉંછ! પોલીસને-બોલાવ!——હોલ્ડ! હોલ્ડ! રૂસ્તમ! પકડ એને—!"

પણ પકડે શું? હજી તો બેઉ જણા આખ ફેરવીને જોઇ શકે તે અગાઉ એક ચીત્તા વાઘની કાની છલાંગ મારી કેકાઉસ ત્યાથી યાહોમ નાઠો હતો.

બુમાબુમ પાડતા રૂસ્તમ મેહરજી બેઉ જણ જીવપર આવીને પુઠે ધસ્યા. પણ વ્યર્થ! કમ્પાઉંડની એક ઉંચી દેવાલ આસાનીથી કુદાવી તે ચશમચોર દગલબાજ કોણ જાણે કયા પાર થઇ ગયો હતો.

'ટેરેસ હોલ'માં બધો હોહોકાર થઇ રહયો—માણસોએ આખાં શેહેરમાં દોડી પોંહચી ખુણે ખાંચોલે તપાસ કરી—પોલીસે આખું કરાચી ખુંદાથી માર્યું—પણ નહીં. કેકાઉસ મુલ્લાંનો પત્તોજ નહીં હતો.

પ્રકરણ ૪૫ મું.

બેરાં જાતને રમાડી દેતાં કેટલો વાર ?

સવારની આ સાયનો સુકો પાકો નાસતો ખલાસ થયો હતો આવતી કાલે કરાંચી ઉપડી જવાનું એટલે ડાક્ટર સાહેબ નીચી મુડીએ ખુબ અંદેશામાં આખો વખત બ્રેક-ફાસ્ટ ટેબલપર મુગા મુગા બેસી રહયા હતા. કોણ જાણે શું વીચારમાં હતા—રતીએ બે ત્રણ વખત બાડી બાડી નજરે જોયું કે બરજોરના ચેહેરાપરથી ગઇ કાલની ખુશાલીની છાપ ઉડી જઇ કાંઇ અજબ જાતનો ચીંતાતુર ચીહ્લો ચહડેલો હતો. ગઇ કાલે આખો દીવસ પેટી પેટારા સીચવામાં રતી પછડાઈ ગઇ હતી—એટલે તેણીબી ઝાઝી આજે સવારે ટકટક કરતી ન હતી. અને શેહેરાંના હોઠ તો સદાનાજ જાણે રૂંધાઇ ગયલા હતા.

નાસતો પુરો થયો કે ગુપચુપ ટેબલપરથી ઉઠી બરજોરે રતીનો હાથ પોતાના હાથમાં લીધો.

"રતી, જરા મારા કનસલટીંગ રૂમમાં હમણા આવ. તારી સાથ કંઈ વાત કરવીછ."

વળી એવી તે શું ખાંડ અને ઘીની વાત કરવાની હશે કે બરજોર એટલો બધો ગંભીર બની જઇને ડોળા ચહડાવતો હતો ? મનમાં વીશમય પામી રતી મુંગી મુંગી પોતાના ભાઈની સાથે ચાલી. કનસલટીંગ રૂમમા બરજોરે તેણીને એક ખુરસી તરફ આંગળી બતાવી બેસવાની ઈશારત કરી અને પછી એક કબાટ ખોલી અંદરથી એક નાની શીશી બાહેર કહાડી રતીના હાથમાં મેલી.

"રતી, આય શું છે ?—જો વાંચ."

એક પળ બરજોર ભાઇના મોહ ગમ નજર નાંખી રતીએ કાંઇક છંતેજારી અને નવાઇ સાથે તે શીશી ઉપરની ટીકીટ વાંચી:—

ARSENIC POISON

"એ તો ઝેર છે, બરજોર! એટલે—એટલે કાંય—"

"હું જાણતો'તોજ કે તું ગભરાઇ અકરઇને સવાલો પુછશે. રતી શું કરૂં? હું તો મુશકેલી અને મોહકાણે ચોમેરથી ઘેરઇ ગયોછ. તેમાંથી બહાર નીકળવાનો એકજ રસ્તો છે—અને તે— તે આય દવા ઓટી જવાનો છે."

ઝટ કરતી કે રતી ખુરસીપરથી ઉઠીને ઉભી થઇ. તેણીનું મોહડું એકાએક કાંઇ નવી હેબત અને ધાસ્તીથી ઉતરી ગયું.

"ઓ માયરે! એ તું શું બોલેછ?"

"હું એમ બોલુંછ, મારી બેન, કે મને કંઇ સુઝ પરતું નથી. મારે માથે કાળ ચંદર ઘુમે છ, રતી. ઝેર પીને મારી કંગાળ જીંદગીનો અંત લાવી નાંખ્યા વગર હવે છુટકો નથી. હું કોઇ દાહરે જુઠી ભપકી કરતો નથી તે તું બરાબર જાણેછ અને આય વખત હું આપરાં બેહેસ્તન માયના કસમ ખાઇને કેહુછ કે જો તું મને મારી આફતના વખતમાં બચાવી નહી લેશ, તો હું બીજા ૨૪ કલાક જીવવાનો નથી."

બરજોર ખરેખર એવા તો જુસ્સાથી અને એવી ભયંકર ગંભીરાઇથી આ પ્રમાણે બોલતો હતો—તેનો ચેહરો એવો તો ઓાજરખવાણી ભરી રીતે શોકાતુર બની ગયો

હતો—કે રતીના પેટમાં જબરદસ્ત ફાળ પડી. પોતાનો ભાઇ એક ડફાસ્યો ન હતો તે તેણીને તદન માલમ હતુ. તેણીના ચેહેરાપરથી લોહીનું ટીપેટીપું ઉડી ગયું. પોતાની મુઠીમાં પેલી કાતીલ ઝેરની શીશી મજબુત પકડી રાખી રતીએ એક હાથ બરજોરના ખભાપર મેલયો.

"ભાઇ, તું કંઇ ગાંડો થયોછ? આજે એમ શું કરેછ જો?"

"મારી વહાલી બેન, તું શું એમ સમજેછ કે હું તુને અમથો ગભરાવવા એમ બોલુછ?"

"અરે પણ શું થયું? હું કંઇ જાણતી નથી—મને તો કંઇ ખબરબી નથી! મને કેહ, બરજોર—હવે તો મુંજવાનુંબી મારા દીલમાં ચેત નથી."

રતીની આંખમાં પાણી ભરાઇ આવ્યાં હતાં. બરજોરની છાતીમાંબી તેણીને આમ દુખી થતી જોઇ બહુ લાગ્યું.

"રતન, મને માફ કર. બીજાઓના સુખનુ સત્યાનાશ વાળવાની મારી સરજસજ છે આહ! ગેઇ કાલે હરખના ઉભરામાં મેં આંધરો ભીત બની કરાંચીની નોકરી કબુલ રાખવાનું કાગલ લખી દીધું. અરે, પછી રાતે એક મીનીટ—હું ખરૂં કેહુંછ એક મીનીટબી—આંખ વીચીને હું સુતો નથી. તે કાગલ તો પોસટમાં ધમધોકાર ચાલ્યું ગીયું. એકવાર છુટેલો તીર કંઇ પાછો હાથમાં આવેછ? મેં તે ચાકરી સ્વીકારીને હવે હું મુસીબતના અંધારાગારમા જાણે આવી પરયોછ. શું તારૂબી ફુટેલુ નસીબ છે! જો એ ચાકરી નહી સ્વીકારતે, તો કાલે સવારે આપુને ઘેરબાર છોરી દઇ આપરા સામાનપર ઘેરવાળાની ટાંચ આવેલી જોવી પરતે, ને ઓ ખોદા!—તું મારી ડીયર રતીને રસ્તે શેરીએ પાઉના ટુકરાને વાસ્તેબી હાથ ઓરવા પરતે!"

પેહ. બરજોરનુ માથું શું કાંઇ ન ધારેલી વીપતીને લીધે ઓચીંતું ફરી ગયું હતું કે શું? એ આ બધું શું ફાટું ફાટુ કયારનો તે લવતો હતો? ગુચવણ અને અચરતીથી ડોળા ઉંઘાડી રતી તો ડખાઇને બસ તેની ગમ ટીકયા કરવાજ પડી. કાંઈ ધીરજથી બરાબર બરજોરને સવાલ પુછવાનીબી તેણીની સુદ્ધી રહી નહી. તે ડાકટર તો હાથમાં ગઇ કાલનું કરાચીવાળું પેલું કાગળ પકડી એક મેડ માણસની કાની તેની ગમ જોયા કરતો હતો.

ત્રણ ચાર મીનીટ આમ બીક લાગે તેવી ચુપચાપ વચ્ચે ઉડી ગઇ. આખરે બરજોરેજ પાછી વાત છેડી. વાચનાર! તે એક અથંગ કસાયલા એકટરનું ખમીર ધરાવતો હતો!

"બોલ તારે બેન? મને મારવો કે જીવારવો તારા હાથમાં છે. ઓ બોલ—શું કેહછ? આવી જીવ સટોસટ વખતે મારી મદદે તું ઉભી રેહ ને આપરે હાડ મારી હાય અફસોસને છેલ્લી સલામ કરી પાંચ પઇસે સુખી સંતોશી કરાંચીમાં જઇને ઠર પરશું—આવી મારી મુશકેલીના વખતમાં એક પોટા ખ્યાલી વીચારથી તું અડ કર અને મને આય ઝેર પીને મરી જવા વગર છુટકો નથી."

રતીએ ફગલાઇને પેલી આરસનીકની શીશી પરની ટીકીટ પાછી વાંચી અને પછી દયામણે મોહડે બરજોરની આગળ જઇ તેનો એક હાથમાં લીધો.

"મને કંઇ સમજ પરતી નથી. તું શું કેહવા માંગેછ? જરા ખુલ્લે ખુલ્લું બોલીદેની, બરજોર—ટવળાવ્યા શું કરેછ?"

"જો સાંભલ, રતન." અંતે બરજોરે લાહીનો ગોટ ગળી મોહોકાણના સમાચાર કહેવાનું શરૂ કીધું, "મને ચાકરી

મળી તો ખરી, પણ ઢેરાના આધાઓએ એક સ્ટુપીડમાં સ્ટુપીડ સરત સાથ તે મને આપીછ, જો આએ કાગળ વાંચ. એમાં લખેછ કે હું એક પરણેલો આદમી હોઉં, તોજ મારે ચાકરીપર જવું. જો હજુર કુમારોજ હોઉ તો–હે હે !—તો ઘેર બેસીને દીવાલ સાથ માથું અફાર્યા કરવું !"

રતીએ તે કાગળ પોતાના ધ્રુજતા ઠંડાંગાર આંગળાઓમાં પકડયું ને ચીપી ચીપીને આખું વાંચ્યું. કાગજને છેડે આવતાં તેણીએ એક હાય મારી.

"મરેરે, મુવાઓ !" બહુજ કડવાસથી તે મોટે સાદ બબડી. "જરાકને ખાતર હગવાયાઓએ સુના જેવી ચાકરીની આશા આપીને રખરાવી મારયાં."

"તારે કેહી દે કે તારો હવે શું વીચાર? હવે તો આય તર કે પેલી તર! હમણાં મરેરે ધરેરે કરવાનો વખત નથી, રતાં. મેં તો ગેઇ કાલે જવાબબી લખ્યો કે હા, એ ચાકરી હું કબુલ રાખુંછ. તુ એમ મારૂં મોનુંના જોયા કર, રતન. સમજી જાની તો ડીયર. તું હમેશની કેવી ઈનટેલીજંટ છે ને આજે એમ શું સાવજ જેવી થઇ ગેઇછ!"

મોહડું ખુબ કચવાવીને બરજોરે અધીરાઇ તેમજ અકળામણને મારે જોરમાં ભોંયપર પગ અફાળ્યા.

"ઓવાય! તું તો આજે કંઇ ડોરા બારેછ! બધું એવું ગોલ ગોલ બોલેછ કે મુવું મને—"

"ઉંહ! તારા ભેજાંમાં આજે ભુસું ભરઇ ગીયુંછ! મેં એ રાસકલોને લખયુંછ કે હું એક પરણેલો માણસ છેઉંને મારી બઇરી સાથે હું કરાંચી આવતી કાલે ઉપરી આવશ. હવે સમજી કે હજુરબી નહી?"

બીચારી રતી શું સમજે? તેણી તો બબરાઇને પોતાના ભાઇની ગમ એકકી ટગરે ટીકયાજ કરતી હતી. બરજોરે જોરથી દાંત પીસ્યા. કમબખ્ત મુશકેલ ઘડી આવી ઉભી ત્યારે રતીને પોતાના મનની વાત કેમ કેહવી ને તેને સુઝ-વુંજ નહી હતું. આખરે જીવપર આવી જઇ તેણે બોલી દીધું:—

"રતન, જો તું વરી બેવકુફ ના બનતી. હું કેહું તેનો ખરો અરથ ખોદાયને ખાતર સમજ. કરાંચીમાં તુંને ને મને કોઇ કારૂં કુતરૂંબી ઓરખતું નથી. ઘણું અગતનું છે, રતાં, કે જો જરૂર પરે તોજ—કોઇજ વખત—હું તાંહ તુને—છે તે—મીસીસ બરજોર તરીકેના ખોટે નામે ઓરખા—"

"બરજોર!"

"એ આપરાં મરનાર માયના નામથી તારી પાસ માંગી લેઉંછ, મારી બેન, કે મારા બોલવાનો કંઇ બેહુંદો ખ્યાલ ના લઇજા. એબસર્ડ ના થા, રતી. અંજાણા લોક તુને થોડો વખત મીસીસ બરજોર પંથકી તરીકે ઓરખશે તેથી તું કંઈ મારી ઓછી બેન થવાની નથી ઘણીજ લાચારી સાથ આપુને આય બાહરની ઠગઇ થોરોવાર રમવી પરશેજ. તું મને મદદ કર, હું તારી પાસ કાલાવાલા કરીને માંગી લેઉંછ."

રતીએ નીસાસો નાંખી એક હાથ વડે પોતાનું મોહ ઢાંકયું. શરમીંદગી અને લાજથી તેણીના ગોરા ચેહરાપર લાહી ધાઇ આવ્યું. બરજોર માત્ર આ નામની ઠગાઇ શું સંજોગો વચ્ચે રમવા માંગતો હતો—જો કરાંચીની ચાકરી નહી મળી તો આફતનું માથે ટીંગાઇ રહેલું વાદળ બેઉ ભાઇ બહેનના માથાંપર તુટી પડવાનો કેવો સંભવ હતો—તેનો ખ્યાલ એક ઝટકે તેણીના મગજમાંથી ચમકારાની પેઠે પસાર થઇ ગયો.



તેણે રતીને આગળ જઈ તેણીને ઘણીજ આતુરતાથી પાસામાં લીધી
"તું મારી ડાર્ઈ રંચાની બેહન છે"

(જુવો સફા ૩૮૫ મો.)

"મને એ—એ—નહી ગમતું," રતી નખાઈ ગયેલા સાદે બહુજ અચકાઈ અચકાઈને બોલી, "એવી ઠગાઇને વાસ્તે આપુને પાછળથી પસ્તાવું પડશે—"

"નોટ આ બીટ! તું એમ ચેરાંના કહાર. જો આવી વખતે હાથમાં આવેલી બાજી જવા દેઈશું, તો ઉલટો જનમ સુધીનો પસ્તાવો રહી જશે. લે ચાલ, વેકી જા, હું કેહુંછ તેમ થોરો વખત ખોટું નામ ધારણ કરવા કબુલ થા, કે નહી તો આય શીશી મને આપી દે—પંચાવી છોર!"

બરજોર ઝડપથી દેખાઇતી બેજાલત સાથ આમ બોલતો હતો, કારણ તે જાણતો હતો કે તે એક એવી ચીજ રતીને કરવા કહેતો હતો કે જે સામે મજબુત નાખુશી દેખાડવાનું તેણીને દરેક કારણ હતું તેનો કાંકણો અને આકળો સ્વભાવ છેલ્લી છેલ્લી મુસીબતોથી બેવડો પાજી અને ખાઉ કરડું બની રહયો હતો.

"તું નહી બોલતી!" તેણે પાછું ઉશકેરાઈને મોટેથી કહયું અને રતીની આગળ જઇ તેણીને ઘણીજ આતુરતાથી પાસામાં લીધી. "તું મારી ડાહી શયાણી બેહન છે. ઠીક છે, તારી ચુપકીદીનો અરથ હું એ કરૂંછ કે તારા ભઇને બચાવવા તું થોરો વખત ખોટે નામે કરાંચીમાં ઓળખાવા તઇયાર છે. ઓ મારી વહાલી બેન, હું તારો જીંદગી સુધીનો ઉપકારી છઉં. તુ મને એકજ વખત પાછો જીંદગીનો ચાન્સ આપ. કરાંચીમાં મને એક વખત સ્ટાર્ટ લેવા દે, ને તું જોશે કે હું તારા ઉપકારનો બદલો કેમ વાળી આપુંછ."

નીસાસો નાખી રતી ખુરસીપર ઠપકાઇ બેઠી. બરજોરે

ત્યાંથી ચુપચુપ ચાલવા માંડયું. બારણાં સુધી પહોંચ્યો નહી હશે કે તેણીએ કરગરીને તેને પાછો હાંક માર્યો.

"તારે ખાતર હું કંઈપણ કરવા તઈયાર છેઉં. ભઈ, પણ તું મારે બદલે આય શેહેરાંને—"

"નહી, રતન, હું જાણુતોતો કે તુંને એ શેહેરાનો ખ્યાલ આવશેજ, પણ નહી. એ છોકરી કોઈ દહાડે બી એ ડગઈ રમવા હા કહેવાની નથી ને વલી એને કરાંચીમાં મારી ધણીઆણી તરીકે નહી ઓરખાવવાને મારી ઘણાં મજબુત કારણો છે. બસ હવે એક વખત સટલ થયું કે ઘરી ઘરી તારા વીચાર બદલયા ના કર. ફકત તન ચાર મહીના!"

આટલું બોલી બરજોર ત્યાંથી ઝપાટામાં ચાલ્યો ગયો.

પ્રકરણ—૪૬ મું.

"તું મુવાને લીયે કોણ હું મુવાને લીયે કોણ?"

લીલી મેહેતા ઉરફે ધનબાઈ મુલ્લાંનો જીવ ઉચાટ હતો. જ્યાં હઈડું દર પળે ડંખ મારતું હોય ત્યાં દીલને આરામ હોયજ કેવી રીતે? પાસો અવળોજ પડયો જતો હતો. અરે—એવા રોજના ધડકધુજારામાં 'ટેરેસહોલ'ની શેઠાણી થવા કરતાં રંગુનની ગરીબડી દાળ રોટલી કેટલે દરજ્જે બેહેતર હતી! પણ નહી—પાછી બાજી બગડી ગઈ હતી. બધો બંધ બેઠેલો તાળો ઉલટાઈ ગયો. પેલી ખાને ખરાબ ડુકતી કોણ જાણે કેમ પાછી છટકામાંથી સટકી ગઈ! કેકાઉસ મુલ્લાંને માથે પોલીસની તવાઈ આવી તે આજે આઠેક દહાડા થયા ખોદાં માલુમ કયાં સુકાઈ ગયો હતો!

એ બે જણા એકવાર હાથમાંથી છુટી જઇ ખોદા જાણે શું બદબખ્તીનો નવો સામાન 'ટેરેસ હોલ'ની લીલી મેહેતાને માથે એકઠો કરતાં હતાં!

પણ બીજા એક દુઃખની આગળ આ હાયઅફસોસ કુચ બીસાદમાં નહી હતો. સાંજને છેડે પોતાના બાગમાં ઝુમાઇ ગયલાં જીગર સાથ લટાર મારતી ધન મુલ્લાં પોતાના હાથમાં એક તુરતનું પોસ્ટમાં આવેલું કાગળ પકડી જીવસે નીસાસાપર નીસાસા નાખતી હતી. ડાકટર બરજોર પંથકી તરફથી આવેલો કંબખતીનો તે ચાર લીટીનો ઝાંણો મઇ જેવો પેગામ હતો. પણ ધન મુલ્લાં ને મનથી તે મોતનું અને સત્યાનાશીનું કાતીલ વારંટ હતું.

ડારલીંગ,

મને કરાંચી ચાકરી મળીછ. આજ કાલ હું તારી પ્રોમીસનો દાવો કરવા આવશ. તૈયાર રહેજે પ્યારી.

લા૦ બરજોર.

શું કરવું, હવે ઘેરબાર છોરીને નાશી જવું? નાશી જવું બી કયાં? ધને ચીડને મારે તે કાગલ મરડી ચરડી નાખીને એક જાતના ઘેલા ઝનુનથી ઝાડીમાં ફેંકી દીધું.

"મરે એ મુવો એમનો એમ! હાથમાં જરા દાવ આયોછ તે મુવો મારો પીછો નહીજ છોરવાનો. એનીસાથ પરણું! નહી, કાપીને કટકા કરી નાખે તોબી નહી! હું પરણુશ તો એકજ માણુસ સાથ પરણુશ ને નહીંતો મોતના છેરા સુધી કુમારી રહેવશ—મેં દાદાર હોરમજદના સોગંદ ખાધાછ!"

એક બે પળ ધન ચાલતાં ચાલતાં અચકી ઉભી તેણીના મગજમાં એક ચોકસ ધણીની આકરતી પાછી રજુ થઇ.

હા, વાંચનાર, આ છોકરીની બધી જુંડી ખાસીયતોમાં એકજ નરમ લાગણી જે હરદમ સર્વોપરી ઉભરી આવતી હતી ને આ એક અમુક પુરૂશને માટે તેણીનો કાંઈ અજબ જાતનો અસાધારણ જુસ્સો હતો તેણીના સખત થઈ ગયલા હઈડામાં એજ એક નાજુક પોચો ભાગ રહી ગયલો હતો. ઉંડા હાય મારીને તેણીએ પોતાના ખ્યાલમાં રજુ થયલું ગ 'ીચકર પાછું અ'ખેરી નાખ્યું પછવાડે મીસીસ હરસ્ટ આવી લાગીને મુગી મુગી ચાલતી હતી તેણીને બી ધને ચીચવાઈને પોતાની આગળથી હાકી કહાડી, અને ભારી દીલવળી પાછું ધીમે ધીમે અ'ધારામા કયારાઓ વચે ચાલવા માંડયું.

"મને થયું છ શું?" તેણી જીવ સાથ જાણે મુજાહેમત કરવા પડી, 'એનો વીચાર કહાડી નાંખવા માંગુછ ને બસ આવી આવીને તેજ પાછો નજર સામે ઉભો રહેછ. એ કાંહ ને હવે હું કાંહ! દારાશાહ! ઓ એ હમણા કોણ જાણે દુનીયાના કીયા ભાગમાં હોયે–ને મારો જુકહાએ વીચારબી કાંહરના હોશે! બાકી અ.પ પેલો મુવો ભસ્તે ગીયો ડાકટર બરજોર! મુવાને દારાશાહ પરથી સતર વખત ઓવારી નાખું! મુવો મગ ગીયો વરી પાહર જેવો આવીને જીવપર બેસવાનો છે! પેટમાં એવો ધસ્કો પરેછ કે શું કરૂં? જાણે હમણાં અહીંથી એ આવે તેની અગાઉ નાસી જાઉં!—કોણ?"

ચાલ તાં ચાલતાં અચબુચ ધનના પગ અટકી ગયા. અ'ધારૂં લગભગ થઈ ગયું હતું—તોબી તેણીને લાગયું કે થોડેકવારને છેટે કોઈ બેગાનો જેનો શખ્સ એક મોટાં ઝાડને ઓથે જાણે ભરાતો સંતાતો ઉભો રહી તેણીની ગમ ધારી ધારીને જોયા કરતો હતો. આહ–તેજ લાંબી મુછ! તેજ

ગરદન આસપાસ લપેટેલો ગળેબંધ! જેવો તે પુરૂષ નજદીક આવ્યો કે એકાએક ધનના મોઢાંમાંથી એક મોટી બુમ નીકળી—

"ઓ! બાવા!"

"ચુપ! એમ જીવ ના કાઢર!" કેકાઉસે નાકપર આંગળી મુકી પીસેની બત્રીસી વચ્ચેથી કહયું, "અંદર ચાલ, મને મને તારી સાથ બાત કરવીછ."

ધનની છાતીમાં એક જાતનું દર્દ થઇ આવ્યું. તેણીનો બદકાર બાપ વળી પાછો જમની કાની તેણીનું લોહી ચુસ્વા આવ્યો હતો તે ધનને કહેવું પડે એમ ન હતું. દીલનો ગુસ્સો સમાવી રાખવા તેણીએ દાતો વચ્ચે પોતાનો હોઠ જોરથી કરડી રાખ્યો અને પછી ધડાકાબંધ અંદર ચાલી. કેકાઉસ પીઠે બેઉ હાથ દઇને પાછળ ગયો.

ધન પાવરી સરભોગ પોતાના ખાનગી ઓરડામાં પેઠી. તેણીનો બાપ પુઠે પુઠજ હતો. બેઉ જણ અંદર દાખલ થયાં કે ધને અંદરથી બારણાંને કળ મારી પોતાના પોતાની સામે ડોળા કકડાવતી કમરે બે હાથ દઇને ઉભી.

"કેમ?" તેણીએ ખુબ રોંડસાથી પુછયું.

"જેમના તેમ!"

કેકાઉસની આવી ઠંડે કલેજેની પાક બેહાઇથી ધનનુ તપી આવેલું લોહી પુરૂં ઉકળી આવ્યું.

"વરી તમારા જુના ઢણુક લઇ આયાછ કે?" તેણીએ બહુજ ચીઢાઇને કહ્લો કર્યો, "તમે કહેવા શું માગોછ? તમે મારી પાસે માગોછ શું, બાવા?"

"પૈસા".

"પૈસા બૈસા કંઇ છે નહી. જાઓ—જોઇયે તે કરી લેવો!

અમે તો જાહનમમાં જાઓ—એક અરધી તમુને હવે હું આપવાની નથી. એક દોકડીયું તમુને મારી પાસેથી જો મળે તો મારી પર થુકજો!"

મુછમાં જરા હસતો જઇ કેકાઉસ ચુંચી આંખ કરીને આ છેડાયલી વીરણના ઘટમદાર મોહડાંનું અવલોકન કરવા પડયો.

"હે—હે—હે! કંઈ ઘણાં આજે તાણમાં છેઓ?"

"તો નહી તો બીજુ શું કરૂં? તમારે નામે માથુ કુટું?" ધને હાફતાં હાફતાં ઘાંટુ તાણીને જવાબ વાળયો, "તમે બધા જણા આવીને મારી એકલીના જીવની ઉપર બેઠાછ—! શુ મને કંઈ નાચ નચાવવાનુ પુતળું બુતલુ સમજોછ કે? હુસ્સા જેવા પાછા ઘસરઇ આવીને કહેજે પૈસા આપ! એક છોકરીને ડબરાવતા તમુને શરમ નથી આવતી—"

"ચાલો, હવે ઘણી લાહેરી ના કરો—"

"તમે તમારૂં માથું પટકીને હવે લોહી કાહડશો તો માંરી પાસથી ફુટી બદામ નથી મળવાની. આય ઘરમાં તમુને એક દાહડો પી જો હું હવે રહેવા દેઉં તો મારી પર ...... પરે——"

"એટલે? વરી બોલતો નથી તાંહસુધી છેકજ ફાસ્ટ જાયછ કે?"

"અરે જાઓરે! તમે હવે મને શું કરી લેવાના છેઓ? ઝાંઝી પતરાજી કરેશો તો હુંજ તમારૂં પાંખરૂં પકડીને પોલીસના હાથમાં આપશ—તમે હુશીયારીમાં રહેજો!"

ઓજ જા! કેકાઉસ હમે આસનેથી પોતાની બેઠકપરથી

ઉઠયો. આય નો કામ તેણે વકી રાખી હવી તેના કરતાંબી વધારે બેહેકી ગયલું હતું! મેમ સાબના મીઝાઝના આવા ધડાકા આગળ તે તો થોડીક મીનીટ ગંગેટાઇજ ગયો.

"ધન—મારી દીકરી—"

"ચુપ રેહો–ચુપ રેહો! એવો સીપલાસ હવે બંધ કરો જોવ, બાવા–મને એક વખત જરા ગંભીરાઇથી સાંભલી લેવા. આપરાં પાપનો ઘરો છેકજ છલોછલ ભરાઈ રહયોછ. પેલી ધણીમુઇ પોરી પાછી આપરા હાથમાંથી છુટી ગેઇછને ———કોણ છેરે?"

ઓરડાના બાગણાપર બાહેરથી જોરમાં કોઇએ ટકોરા માર્યાથી ધને આગળ બોલતાં અચકી જઇને છેલ્લો સવાલ મોટેથી પુંછયો હતો.

"કોઇ શાબ મીલનેકુ આયા, બાઇ—ઓ કારડ દીયા હય."

ધન પોતાના બાપ તરફ ફરીને એક ઝાંપી નજર તેનાં કોઠાંપર નાખી. ને છોકરીના ડોળામાંથી ગુસ્સા અને કેહેરનો જાણે આતશ ખરી પડતો હતો. એક ઝટાક સમેત બારણું ઉંઘાડી તેણીએ હમાલના હાથમાંથી કાર્ડ ઝુટાવી લઇ વાંચ્યો—

"હું ધારતી'તીજ!" તેણી કેકાઉસના આંગ ઉપર કાર્ડ ફેંકીને બોલી, "મુવો આઠસનો લાબો છે! ડાકટર બરજોર પંથકી આયોછ, બાવા કંઇ સમજોછ કે? એ આપરી બેઉની ગરચી દાબવા આયોછ! હું તમુને કહુંછ કે આપરાં પાણી ભરઇ ચુકેલા છે. હું તો ઉલટી ખુશી છેઉ—કારણ કે આય મારી હમણાની જીંદગાથી હું તો એવી–"

"એ નાપાક પછો આયોછ! એ શું માગેછ શું?"

"આપરા બેઉનો જીવ લેવા માંગેછ ને નહીં તો કે મારી

સાથ પરણવા માગેછ. એને હું મારો જવાબજ આપવા જાઉંછ———તમે વચ્ચે આયાછ તો તમે જાણો! બાવા, હું જીવપર હવે આવેલી છેઉં. આય મુવા દેવ સાથ મારૂં બાસરૂંબી નહી પરણુશે. તમે બેઉ હીચકારા માટીડાઓ જો મારીપર કંઇબી જબરાણ કરશો તો સીદ્ધી હું પોતે ચાલીને પેલા રૂસ્તમ મુગાશેઠ આગળ જઇ તમારા લોકના કારાં ઘોરાં ઉંધારાં પારશ."

નખોદનાં ગહલા! રણુપર ચઢેલી વાઘણની પેઠે ફુંકારા મારતી ધન ત્યાંથી ધડાકા સમેત ઓરડો છોડી નીચે પોતાના અળખામણા વીઝીટરને મળવા ગઈ.

કેકાઉસ બા તો ઠસ થઇને જ્યાંના ત્યાં અકડી ઉભા હતા.

* * *

પા કલાક થયો પણ તે ઘુરકાઘુરકી ભરી મુલાકાતનો અંત આવ્યો ન હતો.

"ધનબઇ મુહલાં!" બરજોરે પોઘારી પોકાર કર્યો "એ તમારો છેહલો જવાબ છે?"

"છેહલો!—તમારી પર થુકવાનેબી હું ખુશી નથી."

"ઠીક છે તાહરે—એમ છે તો હું બીચારી પેલી નાચાર છોકરીના પાપમાં હવે નકામો શું કામ જાઉ? તમે કદાચ જાણતાં નહી હોશો કે તે ખરી લીલી મેહેતા હમણા આય ઘડીએ મારા કબજામાં—મારાં છાપરાં હેઠળ—છે?"

"હોશે! તમારે ગમે તે કરી લેવો. મને તમારી આટલીબી હવે દરકાર નથી."

બરજોર ઠડાક દેતો કે ઉઠયો. નાસીપાસી અને અપમાનથી તેનો પીતો ઉછળી આવ્યો હતો.

"ઓલ રાઇટ!" તે દાંત પીસીને બોલ્યો, "તારે હું જાઉંછ. તારીને મારી વચ્ચે આજથી જીવલેણ વેર છે. તેં મારા પ્યારને હરંતુત કીધોછ—પણ હું તારાં આય મગરૂર મસતકને ખાકમા રગદોળશ! તું કેવા ધાસ્તી ભર્યા આદમીને છેક ખુણે દાબેછ તેનો તુને ખ્યાલ નથી———"

"અરે ધુત! તારા જેવા બાયલાઓ તો મેં કચ કઇ જોયાછ! મન જીવવાની હવે શું દરકાર છે? આય મુવા નજીસ હરામના પારકા પૈસા પચાવીને મેં શું સુખ જોયુંછ? ધનના ઢગલાપર બેસવા હવે હું ધરઇ ગેઇછ. જા, બાયલા! તારામાં હીંમત હોય તો તારે ગમે તે કરી લે—હુ જેલમા જવા તદન તૈયાર છેઉં! પણ, હીચકારા, તારાં પોતાનાં પાણી મુવેલાં છે!"

"બસ—એક બોલ વધારે નહીં!' બરજોરની જબરદસ્ત બરાડથી ડ્રાઇંગ રૂમબી ગોયા ધમધમી રહયો. "આપરી બેઉની વચ્ચે આજથી જીવ સટોસટની લડઇ છે. તુને મારશ યા હું મરશ! મારાં મરનાર માય બાવાના કસમ ખાઇને કેહુંછ કે હું તુને તારી આજની બજાજીનો સવાદ ચખારશ. તું મનમાં ખાન ના ખાતી કે તારી સાથ હુંબી જહાનમની ખારમાં પરશ! નહી—મને અલ્લગ રહેતાં બરાબર આવરેછ, ધનખાઇ મુંબ્લાં! તુંને ને તારા પેલા ચંડાળ બાપને———"

"બસ મારૂં માથું દુખેછ. કંઇ બીજું કહેવુંછ? કંઇ વીસકી બ્રાંડી મંગાવું?'

આ અફલાતુન ઓરતને આમ અદભુત રીતની બેઅદબી કરતાં દેખીને ડા૦ બરજોરને એવો તો કાર લાગ્યો કે જાણે ધનને ત્યાંની ત્યાં કાચી ને કાચી ચાવી જાય—પણ

મજબુત જીભ કરડી રાખીને તેણે પોતાનો જુસ્સો જેમ તેમ સમાવી રાખ્યો શું આવી એક તણખાં જેવી પોરીની આગળ મીજાજ એકદમ ખોઇ દઇને પોતાની નબળાઈ દેખાડવી? નહીં—તેથી તો ઉલટી ધનની ચઢતી થાય! બે ત્રણ મીનીટ તેણે ટસટસ થને ડોળે ધનની ગમ જોયા કર્યું—પછી આસ્તેથી પાછો ખુરસીપર ગોઠવાઇ બેઠો.

"હા—લાવો, મને વ્હીસ્કી સોડા જોઇયેછે." તેણે પોતાથી જેટલી બને તેટલી શાંત રીતે કહ્યું.

ધનબી બીલાડીના જેવી ચમકતી આંખ્યો સાથ પોતાના જીવના જમડા ગમ ઘુરકયાજ કરતી હતી. એક પળ તેણી થોભી અને પછી મુગી મુગી પાસેના જમવાના ઓરડામાં ચાલી ગઇ.

દશેક મીનીટ મુછને મરડી ચરડી નાખતો હોલમાં તદન એકલો ચુપચાપ બરજોર બેઠો હશે. જયારે ધન હાથમાં એક ટંબલર વ્હીસ્કી સોડાનું ભરીને લઇ આવી ત્યારે એ ડાકટરના કપાળપર પસીનાનાં ઝરાં ફુટેલાં હતા.

ધનના હાથમાંથી તેણે ટંબલર લીધું. ખરેખર તેનું ગળું સુકાઇજ જતું હતું.

"હું આય પીવુંછ. એ દારૂમાં મારે તુને કચરી નાખવાના હરડતા સોગંદ———ઓ! આઇ સી! માઇ ગુડનેસ! આય ઓરત કોણ માણસ છે કે ડાકણ!"

ડા૦ બરજોર છેક હોઠ આગળ ટંબલર લઇ ગયો હતો પણ ઓચીંતી અંદરના વ્હીસ્કી સોડા ઉપર તેની નજર પડતાં તેને વીજળીનો ઝટકો લાગ્યો હોય તેમ પીતાં પીતાં તે અટકી ગયો, અને ટંબલરને બતી આગળ ઉંચે પકડીને તેણે તપાસ્યું.

બીજી પળે તેણે ધનના ચહેરાપર નજર નાખી. તેણી ત્યાં અદબ વાળી એક સંગેમરમરનાં બાવલાં મીસાલ જડ ઉભી રહેલી હતી. બરજોરે ટંબલર માંહેલા પ્રવાહી સુધી જોયા અને પછી તેના હોઠમાંથી એક ગુંગરાયલો શ્રાપ નીકળી પડયો.

"એક ઓગતથી બરજોર પંથરાને ઠાપ ખાતાં હજુ વારછે!" તેણે દાજખી દેખાવે ધનના કાનપર પડીને કહયું, "બેસો આય ખુરસીપર, ધનબઈ મુલ્લા, ને આય તમારેજ નામીચો દારૂ પી જાઓ! બેસો—હવે હું તમુને છોરવાનો નથી!"

આમ કહી એક ખવીસની પેઠે બરજોર ધનના આંગપર ગયો અને તેણીને એકદમ બાજુમાથી મજબુત પકડી એક જાતના દીવાના ઝનુનથી ખુરસીપર પટકીને બેસાડી.

ધને એક જબરદસ્ત ચીસ પાડી. તેણીના મોઢાં આગળ બરજોર જે ટંબલર પકડી ઉભો હતો તે દુર હડસેલી કાહડવા તેણીએ પોતાનું સઘળું જોર વાપરયું—પણ એક જોરાવર જુવાન મરદની આગળ તેણીનું શું ચાલે? ખુરસીમાં તેણીને દાબી દઇ બરજોરે એક હાથે જબડાથી તેણીનુ મોંહુ ઉઘાડયું અને બીજે હાથે અંદર પેલો દારૂ રેડવા માંડયો.

"મને ઝેર આપવા માગતી'તી?" તેણે ભયાનક બાંગ મારી, "લે હવે તારાં કરતુકની આય——ઓ કોણ?"

બરજોરના હાથમાંનું ટંબલર ભોયપર પડી ને ચુરેચુરો થઇ ગયું. પછવાડેથી કોઇએ તેને ખભાંમાંથી પકડીને પાછળ ખેંચી કાહડયો હતો.

"બરજોર! તું કંઇ દીવાનો થયોછ?"

"કેકાઉસ!"

પ્રકરણ—૪૭ મું.

ફીનાનો ભોગ.

કરાંચીના નવા હેલ્થ આફીસર સાહેબ સવારના ચાનો શરૂ મારતા નાકે વાંચવાનો આઇગલાસ ચહડાવી તે દહાડાનાં "ફીનીક્ષ" ન્યુસપેપરમાં ડોકીઉ ઘાલી ખુરીચેર ઉપર અરડાયલા હતા. ભાગ્યે સાડા છ વાગ્યા હશે વર્તમાનપત્રના સફાપર તેમની આંખ ચીટકેલી હતી ખરી—પણ ધક અને ધ્યાન તો કોણ જાણે કયાં ઘાસ ચરવા ગયું હતું! લાલ તુટી જેવી થઇ આવેલી બંને આંખ્યોજ કહી આપતી હતી કે ડાક્ટર બરજોર પંથકીએ ગઇ આખી રાત ઉંઘ વીના બીછાનાપર તખલ તખલ કર્યા કીધેલી હોવી જોઇયે.

ત્યારે ગઈ કાલે રાતે અંતે છેડો છુટી ગયો ખરો. પેલી ખાના ખરાબીની વંત્રી ધન મુલ્લાંએ તેને એકદમ ધીક્કારી કહાડયો—એટલુંજ નહી, પણ વળી સાથે વહીસકી સોડામાં ઝેર પાઇ દેવા માગી કાટો કહાડી નાંખવા જેટલી હદે ભી ગઈ. આહ! જે ઓરતને માટે તેણે આટલું આટલું કર્યું—જે છોકરીના ચાહને ખાતર તેણે એક ગલીચ કાવત્રામાં હાથ બોળયો—જે દીલદારના હાથને સારૂ તેણે એક હકદારનો કચ્ચડઘાણ કહાડી નાખ્યો—તેજ સ્ત્રી એક શયતાનના રૂપમાં બરજોરનો જીવ લેવા વટીક તૈયાર થઇ!

ગઇ આખી રાતના અંધારા કલાકોની દરેક મીનીટ ડાક્ટર બરજોરે કપટ અને ફીનાથી ફાટી જતીએ ગણી હતી. અહુજ જોશમાં લાંબો દમ ખેંચી તેણે ન્યુસપેપર બાજુએ

ફેંકી દીધું અને આંખની ઉપર એક હાથ ઢાંકી પથરની કાની પડી રહયો.

"ચીતા નહીં!" તે મજબુત હોઠ કરડીને જીવ સાથ બોલ્યો. "દોજખી ડાકણ, તું મારા હાથમાંથી છટકવાની નથી! કીનો—કીનો મારા દીલમાં સળગી રહયોછ. એના મુજી બાપને હાથે એ દદાની ગળચી ભપરાંકે તોજ હું ડાકટર બરજોગ ખરો! ધન મુલ્લાં જાણતી નથી કે હોકમનુ કેવુ ચકરતું પાનુ મારા હાથમાં સાબુત મેં પકડેલું છે. જાહ સુધી પેલું ફીરકુંફચ મુગું મંતર રમકરું મારા કબજામાં સલામત છે તાંહ સુધી દાવ મારો છે. સારૂં થયુ કે પેલો હેરેમન કેકાઉિશ મરી ગીયો, નહીંતો એની નાપાક છોકરી મને પાતરે પાણી પાતે!"

થડાક દેતોકે ઇઝીચેરપરથી ઉઠી બરજોર ઓરડામાં આમ-તેમ ઉશકેરાયલી હાલતે લાંબીલાંબી ફલાંગ ભરવા લાગ્યો, અને પાછું બડબડવા માંડયુ.

"બાઇ જીંગો! એ લુચ્ચાનો તીર પોતાનું કામ કારચું તો નહીં કરવાનો—મારા જીવને નેહ છે. પેલું થોભલું આય ઘેરમાં તો ખચ્ચીત રહેવું નહીંજ જોઇતું'તું. રતી એવી ઓદાની બરેલી છે કે દર ડગલે ને પગલે મને પાહરની કાની વચમા નરેછ. પણ હવે લાઇન કલીયર! રાતના એ ડોબાંને કેમ આમે લોકે અહીંથી પાર કરી મુકી તે બીચારી મારી રતાંની બલાનેબી હજુર ખબર નહી હોશે? હમણા ઉઠશે તાહરે ચલ્લીને પીંજરામાંથા ઉડી ગેયલી જોઇને એવાં ખબેરાં કરશે કે—હેહે!—છેજતો વરી અરધો કલાક એની સાથબી માથાકુટ્ખણ! ઓપ

બાઉની કાની મારી આમળ દોરતી આવવાની! પણ કંઈ નહી, યોગ દાહરા રતીના ધસોરા આમાશે, પણ એ શેહેરાંને અગ્નીંથી બીસારી કોઇ સલામત જગાએ લઇ જ્યા વગર——હલ્લો! આય શું—રતીનો સાદ! બચ્ચા બરજોર, મોહનું ઠાવકું રાખજે, રતન બંદી કંઇ સેહેલથી સમજી જાય એવી નથી.”

મુછમાં સેહેજ હસી બરજોરે જમીનપર પડેલું ન્યુસપેપર પાછું ઉચકયું અને મજેહથી ઇઝીચેરપર પાછા લાંબા ટાંટીયા કરીને ગોઠવાઇ બેઠો. હજી તો ન્યુસ ઉંધાડીને ધ્યાનથી વાંચવાનો તે ઢોંગ કરી રહે તે અગાઉ ધરર દેતું કે બારણું ઉંધાડી નાંખી રતી અંદર દોડી આવી.

“બરજોર! શેહેરાં કાંહ છે?” તેણીએ હાંફતાં હાંફતાં પુછયું.

ડાકટર બરજોર ન્યુસપેપરની એક એડીટોરીયલ વાંચવામાં એવો ચકચુર હતો કે પહેલાં અરધીએક મીનીટ તો તેણે રતી ગમ જોયું બી નહી. પછી આસ્તેથી ડોકું ફેરવી તેણે પોતાની બેહનના ગભરાયલાં મોહ ગમ નજર નાંખી.

“ઓ, તું છે કે? કેમ, રતી—શું છે?” તેણે ઘણીજ બેદરકારીથી અને ધીમેથી પુછયું.

“કેહુંજે શેહેરાં કાંહ છે?-ઘેરમાં તો નથી?”

બરજોરે ભવાં ચહડાવ્યાં.

“ઘેરમાં નથી? એટલે?” તેણે ગુચવાઇને ઇજીચેરપર પડયો પડયોજ સવાલ કર્યો. “ઘેરમાં નથી તો કાંહ ગેઇ?”

“હું બી તેજ પુછુંછ તો! હમણા સવારના એના ઓરડામાં ગેઈ તો તાંહ કોઇ નથી!”

"એ શું બોલેછ?"

"મારા સમ! તુંજ જરા આવીને જોની—એમ શું ઠંડા પાણીના માટલાંની કાની બેસી રહયોછ જો! ઓરડો તદન ખાલી છે ને એના ઢોલીયાપરની ચાદરને કુરતનીબી એમની એમ છે! મેં આખું ઘેર શોધયું—કેથે નથી!"

બીચારી રતી ખરેખર રડવા જેવી થઈ ગેઇ હતી. બરજોર ધીરે રહીને ઇજીચેરપર તરો બેઠો અને મોહ કુમલાવી હાથમાંનું પેપર બાજુએ મુકયું.

"અરે જો—જો, રતન—અહીંજ કેથે હોશે. તું બરાબર શોધ કરાવ. એ રાત મેટ વરી કેથે ખુણે ખંટોલે વાડીમાં કે અહીં તહીં ભરાઇને માંદાં મરઘાંની કાની ઝુંકતી હોશે."

"પણ જરા તુંજ આવીને જોવા લાગની!" રતી અધીરાઇથી ચીચવાઇ પડી. "આયબી કંઇ પારસી છે! મુવો મારો જીવ જાયછ ને આવેછ ને તું મજેહથી બેસી રેહયોછ?"

બરજોર હવે હસી પડયો.

"હેહેહે! બેસી નહી રેહુ તો શું સીલીંગપર જઇને નાચું? એ ઘણુ ચક્કર મેટ આપુને દર કલાકે ને મીનીટે ધરક ધુજારો કરાવે ને આપરે——"

"બરજોર, એમ ના બોલ. જરા મારી સાથે પાછો શોધવા લાગ——તારે પગે લાગું! બીચારી કાંહ જતી રેહી હોશે! મારાં દીલમાં ફાર ફાર પરેછ!"

રતીની આંખ્યોમાં પાણી ભરાઇ આવ્યાં હતાં તેણી પોતાના ભાઇનાં શરટની બોંહે તાણી તેને અત્યંત ઓજરખ્વાહીથી પોતાની સાથે આવવાની કાકલુદી કરતી હતી પણ બરજોર બંદો તો આસ્તેથી પોતાના બેઉ પગ ઇઝીચેરપર લાંબા કરી ડુમ હલાવીને ખડખડ હસવા પડયો.

"ગાંડી રે, તું એ ચક્કરબતીને અહીં ધમરી લાવી તાહ-રેજ મેં તુને નહી કહ્યું'તું કે એ તદન કોપરબગાસ વાજુ છે? રતન, કાંય એ તદન મેટ પોરીની પછવાડે તારૂં માથું ઝીકેછ? જતી રહી તો ઝાનમ ગેઇ—જવા દે. અહીં રહીને તે શું વરી કાંદાની ન્યાત જમારવી'તી? ઉલટું આખો વખત એક પેલાં મુગાં આદમીની કાની સમમ બકમ બનીને એ રરતી ચણાવારી મારૂં તો રોજ અરધો શેર લોહી સુકવતી'તી."

રતીના દીલમાં આવા બેકદર બેદરકાર સખ્ખુનો કાંટાની કાની ભોકાતા હતા. પણ શું કરે? ભાઇ થવાના પેટમાંનું પાણીબી હાલતું નહતું. શેહેરાં ગઇ—ચાલી ગઇ! અરેરે, બીચારૂં એકલું અટુલું જફાનુ મારેલું બચ્ચું ધખારાની ખોટી ધુનમાં કેણ જાણે ક્યાં નાતરસ જાલમ દુનીયાની દયાએ જઇને વીખુટ્ટું પડ્યું હશે! બરજોરે જોયું કે રતી બેનના ગાળપગથી આસુઓ ગડગડ ટપકી પડતાં હતાં. તે સખ્ત હઇડાના ડાકટરને પોતાની આ એક પુરી બેન ઉપર ખરેખરૂં વહાલ અને અથાગ હેત હતું. તેણે ઉઠીને રતીની આંખ્યો પોતાના રૂમાલે લુછી નાંખી અને ઘણાજ માયાથી તેણીને પટાવવા અને દીલાસો દેવા માંડયો.

"ચાલ, એમ આંખપાણી ના કર, દીકરી—હું જઇને બાગમાં પોતેજ જોઉં છ. ને તારી ખુશીજ છે તો હું જઇને પોલીસને ખબર આપું છ. એવાં બે બદામના પેલાં ગધે-રાંને વાસ્તે તું એટલો સંતાપ કરેછ. તેથી મારા દીલમાં ઘણું લાગેછ, બાકી હું તો એ મીનનું પુતળું ખોબઇ ગીયું તેની એક ટચાકરીબી દરકાર નહીં કરતો."

રતીએ પોતાની આંખ્યો લુંછી અને આગ્રહથી તેમજ ઉપકારથી બરજોર ગમ જોયું.

“નહીં—નહી, તું મારે ખાતર એને શોધી કાહડ, ભઇ—હું તારી જીંદગી સુધી ઉપકારી થવશ. એ છોકરીને મેં મારી દીકરી જેવી કરી લીધેલી છે—મને ઘણુંજ ચોકસ કારણ છે—હમણા ના પુછતો, પણ કંઇ નહીં તો એ કાંહ ગેઇછ તે મને જાણવું છ—તાંહ વગર મને એક મીનીટ ચેન નથી પગવાનું. બીચારી ઉપરાસાપરી આફતથી ખરેખર બબરઇને સાવજ જેવીજ થઇ ગેયલી છે. મને તો મોટો ધસ્કો એ છે કે રખેને કંઇ જીવપર બીવપર કરે! હમણાજ પોલીસને ખબર આપ—જો વરી.”

બરજોરે સપાટામાં પોતાની ડેસ્કપગથી એક નોટપેપર ખેંચી કહાડી કરાંચીના પોલીસ ઇનસપેક્ટર પર ચડાચડ એક કાગળ ચીત્રી કહાડયું અને રતીના હાથમાં મેલ્યું. રતીએ વાંચ્યું કે બરજોરે તે કાગળમાં શેહેરાં ગુમાઇ જવાની વીગત લખી પોલીસ ઇનસપેક્ટરને પોતાને ત્યાં તુરત આવવાની અરજ કરી હતી.

“કેમ ડીયર, હવે તારો જીવ ધરાયો?” બરજોરે હસીને પુછયું. “ચાલ હવે બરાપો ના કર. હું અહીંના પેપરોમાંબી એડવરડાઇઝ કરૂંછ કે—પણ સબર—સબર! માઇ ગ્રેશીયસ! હું શું કરૂંછ! લાવ—લાવ, કાગલ મને જલદી પાછું આપ!”

વીસ્મય પામીને રતી હજી તો બરજોરની ગમ જુવે તે આગમજ તે કોચીના સાહુકારે તેણીના હાથમાંથી કાગલ પાછું ખેંચવી લીધું અને ચડાચડ ફાડીને તેના કડકા ભુકા જમીનપર વેરી નાખ્યા.

“અરરર, રતાં! એ આપરે શું મોહોકાણ વારતાંતા!” તે મોહોડું ફગલાવીને બોલ્યો, “એ તારી સુજે હુંબી શું વરસ વેચુંછ! આય કાગલ ગીયુંબી હોતે તો આપરો ડબ્બો ગુલ થઇ ગીયો હોતે—હું!”

"કાંય ?"

"અરે ગાંડી, પોલીસ આપરા ઘેરમાં આવે,—બની ખણ-ખોડ કરે—તું કોણ છે—ખરેખર તો તું મારી બેન છે—ને શોધી કાહડે, ને આપરે મ્યુનીસીપાલીટીને ઠગીછ તે વાત જાણે, તો કાલનો દુકાળ આજે પરે! એ તું શું મારા પાસે કામ કરાવતી'તી, બેટા? ના—ના, તુ હમણા તો મુગી બેસ, હુ ખાનગી રીતેજ એ તારી શેહેરનો પતો મેળવશ—બાકી જાહેરખબરની છાપાછાપીથી તો લેને ગેઇ પુત ને ખોઇ આઇ ખસમ જેવું થશે!"

આટલું બોલી બરજોરે ઓરડા માંહેથી બાહેર જવા માંડયું. રતી ભખરાયલી જેવી પોતાના ભાઇની ગમ લાઇ-લાજ રડમસ આંખોએ જોયા કરતી ગુપચુપ એક ખુર-સીપર બેસી રહી. ખરેખર બરજોરનું કહેવું ખોટું નહી હતું. બીચારા તેણે તો પોલીસને ચીઠીઓ લખી કાહડી —પણ આય વઘન વચમાં નડયું!

બરજોર ઓરડાના બારણા સુધી પહોંચ્યો નહી હશે કે અચબુચ પાછું ફરી તેણે રતીને હાંક મારી.

"કલેજા, આપરે છે તે—પેલા મ્યુનીસીપલ સેક્રેટરીને તાંહ પરમ દાહરે ઇવનીંગ પારટી છે તેનો ગેઇ કાલે આપુને કાર્ડ આયોછની?"

"હા."

આપુને જવું પરશે—હંકે ડીયર. બીજે કેઠે તો તુને જવા આવવાની હું ઓંહોસ નથી કરતો, પણ આય ઠેકાણે જયા વગર છુટકોજ નથી. તું નહી આવે તો કમબ-ખત મ્યુનીસીપાલીટીવાળાઓને તરેહવાર વેહેમ આવે.

આપરે જરાક લેટ જઇશું ને જલદી પાછાં વળી આવશું. મેં આપરે બેહુને વાસ્તે હાનો જવાબ લખ્યોછ. મને સેક્રેટરી ને ન્હાહરે આતી આતીને કેહતો’તો કે તારી વાઇફને લઇ આવજે ને મને ઇનટ્રોડયુસ કરજે. અપોન માઇ વર્ડ—હવે તો નવ્વાનું તાંહ ભર્યા સો ! આપરી બાજી છેકના છેરા સુધી જો નહી રમીયે તો સત્યાનાશીનો સોદો થઇ પરે ! ચીયર અપ, માઇ ડારલીંગ ! આનીમા માથું મુકયું તો પછી ધપકારાથી બીહવાનુ શાનું ?”

રતીનો જવાબ સાંભળવાને થોભયા વગર ભુંડો પણ હેતવ ંતો બરજોર સપાટામાં ત્યાથી નીકળી આલ્યો

* * *

એ શું ઓરડો કોઇ માહસાગરનાં પેટાં પર તરતો હતો કે શેહેરાંનુ મગજ ફરી જતું હતું ? તેણીએ ખુબ જોર કરીને પોતાના ઘોલયાપરથી ઉઠવાની તજવીજ કરી—પણ ફોકટ. બદનની સાથે સાધા એવા જડ બની ગયા હતા કે એક હાય મારી તેણી પાછી પછડાઇ પડી.

અરે એકાએક આજે થયું શું ? માથામાં ઘટકા તો એટલા મારતા હતા કે જાણે તાલક ફાટીને બે ટુકડા થઇ જતું હતુ. બે ત્રણ વાર ઉઠવાની તજવીજ જયારે નીશફળ ગઇ ત્યારે આખરે ગભરાઇને તે બીચારીએ પોતાથી બને તેટલી મોટી બુમ પાડી.

“ઓ કોઇ આવો ! કોણ છે ? રતનબઇ !”

કાંઇ જવાબ મળે નહી. પલંગની કુરતીન બીસાડી શેહેરાંએ લાલ બોટાં જેવી આંખ્યો વડે આમ તેમ જોયું. શું જોયું ?—અરે ગજબ ! તેણીએ જે જોયું તેથી પહેલાં બે

ત્રણ મીનીટ તો હેબતાઇને તેણી એવી મુઢ બની ગઇ કે ગળાંમાંથી એક નાનો સાદ વટીક તેણી કાઢવાને અશકત થઇ પડી. હે પરવરદેગાર! એ તેણીએ શું જોયું! કોઇ ભલતાજ નવાજ ઓરડામાં તેણીને કોઇએ લાવી મેલી હતી. શેહેરાંના હરદયનો ધપકારો જાણે થોડો વાર બંધ પડી ગયો. તેણીની છાતીમાં લોહી બંધાઇને ગોયા સીસાંનો ટુકડો થઈ ગયું. ધનુરવાની તાણ થઇ આવી હોય તેમ ઝોંક ખાઇને તેણી એક ચીચયારી સમેત પોતાના પારકાં બીછાના પરથી ઉછલીને બાહેર જમીનપર કુદી પડી.

અહા—દગો, દગો! પળકવારમાં શેહેરાંને સમજ પડી કે ગઇ રાતના છળ કપટથી કોઇ તેણીને ડા૦ બરજોર પથ-રીને ત્યાંથી ઉઠાવી લઇ જઇ આ જીવતી કબરમાં ડાટવા ઉઠાવી લાવ્યું હતું.

શેહેરાંને આંખે તમ્મર આવતા હતા. છતાં મહા મુશકે-લીએ દીવાળને તંટોસીને ચાલી તેણીએ બારણું શોધી કહાડયું અને તે ઉપર પોતાના બાકી રહેલા સઘળા કઉવત વડે સાથ હાથ અફાળયો. બારણું બહારથી બંધ! પાંચેક મીનીટ ઠોકાઠોક કરતાં અને ધાટુ તાણતાં તેણીનો દમ આખ્ખર થવા આવ્યો ત્યારે—ઓ! આસતેથી બારણું ખોલી કોઇ અરીમધરીમ જેવો મગોલ અંદર દાખલ થયો.

"શું છે? શું જોઇયેછ?"

આ દેવ સરીખા અંજાણયા મનુશયને જોતાંજ શેહેરાંના હાડકે હાડકાં ધ્રુજી આવ્યાં અને આઇસ જેવી ઠંડી ગાર બની જઈ જમીન ઉપર બેસી ગઇ. વાઘના પંજામાં સપ-ડાયલું એક નાનું શીકાર જેમ છેલ્લી ઘડીએ મરવાની

અગાઉ લાચારીથી ફગલીને તે ફાડી ખાનારાં દહેતય ગમ ફરફર ધ્રુજતું મુગું મુગું જોયા કરે છે તેમ શિહેરાંએ પોતાના જીવના આ જમડા ગમ જોયું.

"હવે બુમાબુમ કરવાથી દહાડો વળવાનો નથી" તે રાધોડી અવાજે બોલ્યો. "હવે દારાશાહનો દાદોબી આય જબ્યાએ તુને બચાવવા આવી શકવાનો નથી. તું એક દીવાની ઓરત છે અને આ એક દીવાનશાળા છે. ડાકટર બરજોર પંથકીની સરટીફીકેટ સાથ તુને અહીં જીવતી દાટી જીંદગીના છેડા સુધી રાખવાનું કામ મારૂં છે. ડાકટર બરજોરજીનાં બેન રતનબાઇએ એ કામ ખાસ મને સોંપ્યું છ— કારણ કે તારૂં કાટલું કહાડી નાખવાને વાસતે એ રતનબાઇ પાસે ઘણાં મજબુત કારણો છે."

જીગર તુટી જાય એવો નીસાસો નાખી શિહેરાંએ પોતાના બે હાથોમાં મોહોડું ઢાંકયું અને જમીનપર ઉંધે મસતક તુટી પડી. અફસોસ—અસસોસ, રતી! તુંબી જુઠી નીકળી! હવે કોણનો આશરો બાકી રહયો? ઓ મોત તૂં કયાં ગુમાઇ ગયું? ઓ સીતમ, તારા ઘાતકીપણાની હદ કયાં છે?

જમીનદોસ્ત થઇ પડેલી તે "નસીબની લીલી'નું પાંખડું પોતાના ખરવસતર પંજામાં પકડી પેલા મગોલે તેણીને ધાટકી રીતે ઉંબર આગળથી ખસાડી ઓરડાની વચમાં તાણી.

"ચાલ. હવે અંદર જા ને તારી જનમની ટેંપ આએ કોટડીમાં પુરી કર. તુંને અમારે જીવતી રાખવીછ. તારૂં આએ કંગાળ કાલબુદ અમારા કબજામાં જાંહ સુધી છે તાંહ સુધી એક રૂપાની કુંચી અમારા હાથમાં છે. મને ઓરખેછ? નથી ઓરખતી? જો હું કેકાઉસ મુલ્લા છેઉં."

આમ કહેતાં એ હબ્સયાં ફુટા હેવાને પોતાને માથે વીટાળેલી શીયાલ છોડી નાખી, ગળા આસપાસનો ગલેબંધ કાઢી નાખ્યો અને કમરે હાથ દઇ તે લાકડાં જેવી બની ગયલી છોકરીની સમક્ષ દાંત કચકચાવતો ઉભો.

એકાદ મીનીટ તે આમ ઉભો હશે. આસતેથી અલગું બારણું ખોલી લહેરે લહેરે ચાલી આવી હસતે મુખડે કોઇ બીજો શખ્સ્સ તેની પાસે આવી ઉભો, અને મુછને વળ દેતો જઇ ભોંયપર ફસડાયલા તે લાઇલાજ નાજુક ઢગલા ગમ જોવા પડયો.

“કેમ—ઓલરાઇટ, ફેકાઉસ ?”

“હા, ઓલરાઇટ ! આસમાનપરનો દેવનોબી હવે એને એક તસુ અહીથી ખીસાડી શકવાનો નથી, બરજોર. એને સંભાળવાનું હવે મારૂં કામ છે. દીકરા, એક થોડોવાર થોભ—આયજ છોકરીની કુમકપર આપરે પેલી મારી ફેગવન ફુકતીને જેર કરશું.”

ખલાસ ! થોડોકવાર ઓરડામાં ચુપચાપ થઇ ગયું. શેહેરાંએ જયારે ડોકું ઉચકીને આસેપાસે નજર કરી ત્યારે ઓરડાનું બારણું પાછું બંધ થઇ ગયું હતું, અને પેલા બે જણા જતા રહેલા હતા. અંદર એક નાની ટીપાઇપર કોઇ ચા અને થોડોક નાસતો મેલી ગયું હતું.

પ્રકરણ—૪૮ મું.

મ્યુનીસીપલ સેક્રેટરીને ત્યાંની ઇવનીંગ પાર્ટી.

"તારે તમે લોક કાલે જરૂર જાગ્મોછ—નક્કી કે?"

"નક્કી. રૂસી મારૂં ને જરાંનું બેઉનુ મન અંહી ઉચાટ પરી ગીયુંછ. મુબઇના અમારા પેલેસમાં ઠર પરશું કે તાંહની ધુધુખરમા જરા જીવ વેરાશે. બરીયું તારૂં કરાંચી! હું અહીં આયો તે દાહરેથીજ કંઇની કઇ મોહકાણ નીકલ-તીને નીકલતીજ રહીછ!"

એક ખુણામાં પીઠ પાછળ બે હાથ કરીને ઉભા રહી પોતાના દોસ્ત રૂસ્તમ મુગાશેઠ સાથ વાત કરતો મેહેરજી અંદરખાનેના કાઈ છુપા ગમથી દેખઇતી રીતે જળતો હતો. તેનું ઉતરી ગયલું મોહડું—કાજલ પડી આવેલી આંખ્યો—કોઇબી જોનારને તુરત કહી આપતાં હતાં કે આગલો હસ્તો રમતો ખુશ મીજાજી લેહેરી આ જવાન્યો કોણ જાણે શું મુગા સંતાપથી પોતાની જવાનીનું જોશ ખોહતો ચાલી એક ઘરડા આદમીને વધારે મળતો થતો જતો હતો.

મેહેરજીએ એક ઉંડો શ્વાસ ખેંચી લાઇટ અને ફુલપા-નથી ઝકઝકી રહેલા તે ડરોઇંગ રૂમના ચારે ખુણામાં નજર દોડાવી. આહા! મ્યુનીસીપલ સેક્રેટરી મી૦ જેમસ મેકબે-થને ત્યાંની ઇવનીંગ પાર્ટી તે દહાડે કેવી ગાજી રહી હતી! કરાંચી સોસાયટીનો બધો ત્રીમ ત્રાક એરીસ્ટોક્રેટીક સામાન ત્યાં ભેગો થયલો હતો. યુરોપીયન તેમજ દેશી બાનુઓ અને ગ્રહસ્થોના આ હાઇ કલાસ મેળાવડામાં, વાંચનાર,

આપણા બે મીત્રો મેહેરજી તથા રૂસ્તમનેબી હાજર થવાની આજે એક જાતની ફરજ પડી હતી. મી૦ મેકબેથની સાથ તેઓને અંગત ઘાડી દોસ્તી પડી હતી અને તે ઘણસોજ ઇંગ્રેજ ગ્રહસ્થે જાતે આવીને બોહોસા બોહોંસી કરવાથી મેહેરજી પોતાની ગમ તેવીબી નાખુશી છતાં તેને ઉડાવી શકયો ન હતો. પોતાની માતાનો શોક એક ગમ અને પોતાની છાતીમાં રાત અને દહાડો હઇયું કોતરી ખાતો જખ્મ બળાપો બીજી ગમ મેહેરજીને ઘેરમાં દાબી રાખવાને પુરતો હતો. પણ નહી—મેહેરજીથી છટકી શકાયું ન હતું. મી૦ મેકબેથ એટલો બજીદ થયો હતો કે હવે કરાંચી છોડી જતી વખતે તેના જેવા એક ભલા દોસ્તનો સુખન મેહેરજી પંથકી ફેરવી શકયો નહી હતો.

તે આવ્યો હતો તો ખરો, પણ આપણે જોયું છે તેમ હોલના રંગ રાગમાં ભેળાઇને ભાગ લેવાને બદલે ભારી જીગરે એક બાજુ આખો વખત ઉભો રહી રૂસ્તમ સાથ ખુસધુસ કર્યા કરતો હતો. તેણે રંગબેરંગી પોશાકો અને ચકચકીત દાગીનાઓમાં સજ થયલી ફેશનેબલ લેડીઓ તથા ખુબ ગેલથી હસી બોલી વાત કરતા ગ્રહસ્થોના ખુશાલ ચેહેરા દલગીર આંખ્યોએ મુગે મોહોડે થોડોવાર તપાસ્યા કીધા.

"કેવી છાલકી દુનીયા છે, રૂસ્તમ!" તેણે દબાયલે અવાજે લોહીનો ગોટ ગળીને કહયું. "શું એ લોકને કંઈ બરાપો ઝુરાપો હોયેજ નહી? જો—એકબી કોહું તુને આંહી દલગીર કે ગમગીન લાગેછ?'

રૂસ્તમે અદબ વાળીને ચોમેર નજર કીધી.

"બાહેર મોહનું હસ્તુ હોય તેથી બધાજ વખત અંદરનું

દીલખી હસ્તુ હોવું જોઇયે એમ કંઈ નથી, મેહેર," તે આસ્તેથી બડબડયો. "દાખલા તરીકે હું હમણા હસું છ, પણ આય અહી શું થાયછ તે કદાચ તુંબી જાણતો નથી." રૂસ્તમે આમ કહેતાં પોતાની છાતીના એક ભાગપર ગોળ આંગળી ફેરવી. "મેહેર જા, તું કાલે અહીંથી જશે કે પછી મારૂંબી કરાંચીમાં કામ નથી. તું જોઇયે તો હસ—જોઇયે તો મારી મશકેરી કર. હું તો સાધુ બની જવાનો છેઉં."

"કદાચ તારી પેલી શેહેરાંની શોધમાં આખી દુનીયા ભટકવા નીકળવાનો હોશે?"

"હા. હું તેને પાતાલમાંથી શોધી કાહડશ, મેહેર. મને કંઈ ચીજ કેહેછ કે અમે લોક પાછાં મળવાના છઇયે. હું વેહેમી માણસ છેઉં———"

"ગુડઈવનીંગ ટુ યુ, બગ સાબલોક!"

મેહેરજી અને રૂસ્તમે ચમકીને પછવાડે જોયું તે રાતના મેહેમાન મી૦ જેમસ મેકબેથ—મ્યુનીસીપલ સેક્રેટરીએ બંનેનાં ખભાંપર એકેક હાથ મેલી હસીને સલામ કરી હતી.

"અલ્લો મેકબેથ, ગુડઈવનીંગ!" મેહેરજી તેની સાથ શેકહેન્ડ કરતાં બોલ્યો. "જોવો અમે લોકે અમારૂં પ્રોમીસ રાખ્યું કેની?"

"હા, રાખ્યું તો ખરૂં. પણ તમે લોક તાહરના અંહી ખુણામાં બેજણ ચંપઇ રહીને શું કરોછ? કમ—કમ, માઈ ફરેંડસ—ચીયર અપ! જરાક ફરો હરો—જોવો આજે આપરાં કેટલાં બધાં ફરેંડસ અહીં આવેલાં છે. આવો રૂસ્તમજી, આપરે કંઇ રીફરેશમેંટસ લઇયે."

આમ કહી બેઉ જણાને જવાબ દેવાનો વખત આપવા

અગાઉ લાગલા તેઓના હાથ પોતાની બગલમાં મારી લાયફીવાળો અને મળતાવડો મી० મેકબેથ તેઓને રીફરેશમંટ રૂમમાં તાણી ગયો.

ત્યાં જરાક વ્હીસ્કી સોડાની ખબર લીધા બાદ મી० મેકબેથે મેહેરજીના ખરડા ઉપર માયાથી હાથ મુકયો. તે ઇંગ્રેજ અમલદાર ને આ પોતાના જવાન પારસી મીત્ર ગમ કઇ અજબ ભાવ હતો.

"આઇસે—ઓલ્ડ ચેપ," તે ખરી ઓજસ્વીતાથી બોલ્યો, "તું એક બાજુ એમ ઉભો ના રહે. તું ફરે હરે ને એનજોય કરે તે મને જોવા ગમેછ. તું કાલે જતો રહેવાનો છે આજનો છેલ્લો દાહડો તો અમુને જરાક તારી કંપની તો આપ? ચાલ આવો બેઉ જણા, હું તમુ લોકને મારાં કેટલાંક ફરેંડસ સાથ ઇનટ્રોડયુસ કરાંઉ"

મેહેરજીના હોઠપર ઉદાસીનું ગંભીર હસ્વુ ફરી વળ્યું.

"હું એવો ઉજમારો છેઉં કે હજુર મને કરાંચીમા ભાયગે બધાં મળીને બેએક ડજન માણસો ઓળખતાં હોશે! હું કેઠે જતો આવતો નથી, મેકબેધ—વરી કલબ ફેલોખી નથી. તેથી તું મને કેટલાંક જણની સાથે ઇનટ્રોડયુસ કરાવશે? આઃ ડરોઇંગ રૂમમાં તો હું ધારૂછ કે તું ને રૂસ્તમ સીવાય મને બીજુ કોઇ ઓરખતુંજ નથી."

મી० મેકબેથ હસી પડયો.

"ઓ—નોનસનસ!" તેણે ખુશ મીજાજે કહયું "જરાક તું ટાંટીઓ હલકો કડીને અહીંતહીં ફરે તો તાહરા ઓરખીતા પારખીતાને શોધી કાહડે કેની! જોની દાખલા તરીકે તાહરો કઝીન આવેલો છે, પણ તેને બી હજુર સુધી કદાચ તું મળયો નહી હોય?"

મેહેરજીએ કપાળપર ગુચવણની કરચલી ચહડાવી.

"મારો કઝીન! મારો કઝીન વરી કોણ મુવેલો છે?"

મી૦ મેકબેથ તો ચકીત બનીને મેહેરજીના અને રૂસ્તમના કોહાં ભાપવા પડયો.

"એટલે?" તેણે ઘણીજ નવાઇથી પુછયું. "તું એમ નહી કહેવા માંગતો કે ડાકટર પંથકી અંહી આયોછ તે તું જાણતો બી નથી?"

"ડાકટર પંથકી! ડાકટર પથકી કોણ?"

મી૦ મેકબેથ હવે મોટેથી ખડખડાટ હસી પડયો.

"નાઉ—નાઉ, એ પેત્રા છોરી દે! ડાકટર બરજોર કાંહ છે—એ અહીં દેખાતો નહી. વખને ગારડનમાં કે વરંડાપર હોશે. જો તાગ કઝીનને જરા મળતો ખરો—ઘણોજ મજાનો જોલી અને નાઇસ ચેપ છે! ને તેની વાઇફ કેવી મજાની પ્રેટી, ગરીબ ને લાયકીવાળી લેડી છે!"

મેહેરજીએ ભખરઇને એક જાતના એવા ગંભીર ગુચવાયલા મોહોડાંએ મી૦ મેકબેથ ગમ થોડોવાર જોયાજ કર્યું કે તે મ્યુનીસીપલ સેક્રેટરીના ચેહેગાપરથીબી હસ્વાનો કલ્લો ઉડી ગયો. તેણે ઇંતેજારીથી મેહેરજીના ખભાંપર હાથ મુકયો.

"શું? તું ખરેખર એ નહી જાણતો! તાહરો પોતાનો કાકાનો છોકરો—ડાકટર બરજોર પંથકી—રંગુનથી અંહી હેલ્થ આફીસર તરીકે આયોછ તે તુને હજુ ખબર નથી?"

"નહીં—રીયલી નહીં.

હું જાણું કે તું જાણતો હોશે. ડાકટર પંથકીની સાથ મેં તાહરી વાત કીધી તાહરે તેણેજ મને કહયું કે એ તારા કાકાનો છોકરો થાય."

"મારો કોઈ કઝીન રંગુનમાં ડાકટર છે ખરો" મેહેરજીએ જેમ તેમ પોતાની ધડકતી છાતી શાંત રાખીને જવાબ દીધો. "પણ મેં તેને મારા જનમમાં કોઈ દાહડે જોયોખી નથી."

"કેવું અજબ જેવું! ચાલ આવ તાહરે તો જરૂર તમુ લોકોને મેળવી આપું. હલો આય શું! તાહ મીસીસ બરજોર પંથકી બેઠેલાં છે તેવણુનેખી અલબત તું ઓળખતો નહી હોશે."

દીવાનખાનાની ગરદી વચે કઇ બાનુ માટે મી૦ મેકાબેથ એમ બોલતો હતો તે મેહેરજીએ જોયું નહી. મુગેમુગો તે પોતાના ઇંગ્રેજ દોસ્તની સાથે આલ્યો. તેના મગજમાં હમણા ડાકટર બરજોખી નહી ને મીસીસ પંથકીખી નહી હતી તેનું ધક તો હમણા એક બીજાંજ જણાંના ખ્યાલમાં ઘુમતું હતું. રતી પંથકીનો ભાઇ અહીં! આહ! મેહેરજીના હરૂદયપર જાણે લોખંડના હથોડા પડતા હતા. કાંઈ નહી તો હવે ડા૦ બરજોર પોતાની બેનની કાંઈ ખબર તો આપશે! પોતાના તુરંગોમાં લીન બની મેહેરજી ચાલ્યો. જયારે મી૦ મેકબેથ એક સોફા કોચપર બેઠેલી કોઇ બાનુ આગળ આવીને અટકી ઉભો ત્યારેજ મેહેરજીને કાંઇ આગળ પાછળનું ભાન આવ્યું.

"મીસીસ પંથકી, આય મારા ફરેંડ સાથ હું તમુને ઇનિટ્રોડયુસ કરાવવા માગુંછ. મીસીસ બરજોર પંથકી——મી૦ મેહેરજીભાઈ પંથકી! તમે જાણીને અજાયબ થશો કે એવણ તમારા ભઇનાં——"

"રતી—"

મેહેરજીના હોઠમાંથી આ નામ એક મોટી બુમ સામેત નીકળી પડયું અને જબરદસ્ત આંચકો ખાઇ તે એક બે ડગલાં પાછળ હઠી ગયો. મી૦ મેકબેથ ફગલાઇને શું થયું તે હજી તો સમજી શકે તે આગમજ એક દયાજનક ચીસ પાડી રતીએ ત્યાં બેઠાં બેઠાં સોફા કોચના હાથાપર ડોક નાંખી દીધી! આમ અચબુચ બેહોસ થઇ ગયલી આ બાનુને ખાતર તુર્ત દોડાદોડ ચાલી રહી. એક બાજુ જડ થઇને કોઇ ઘેલા આદમીની કાની હાંફતા અને ફાટે ફાટે ડોળે રતીની ગમ જોતા મેહેરજીની એવી વખત કોણ ખબર પુછે! જ્યારે રૂસ્તમે તેને બાજુમાંથી હલાવ્યો ત્યારે પોતાની ગાફેલીમાંથી કેટલેક વારે તે સાવધ થયો.

"શું છે, મેહેરજી, શું થયું?"

પણ જવાબ આપવાને માટે મેહેરજીના મોહડામાં અવાજ કયાં હતો? જાણે રૂસ્તમને બદલે કોઇ પેરસ્થાનના ભુતે આવીને દીલને હાથ અડાડયો હોય તેમ બીધેલ મોહડે મેહેરજીએ ભડકીને પોતાના દોસ્તની ગમ જોયું અને પછી મોહડામાંથી એક તુકારોબી કહાડયા વગર ધસારાબંધ ડરોઇંગ રૂમમાંથી ચાલી જઇ કમપાઉંડની બાહેર ઉભેલી પોતાની ગાડીમાં એક ઢીમરાંની કાની પડયો.

"હાં—જલદી ઘેર હાંક!" તેણે ખોખરા સાદે બુમ પાડી.

ગાડી હંકરાઈ ગઇ અને બગીચાના દરવાજાપર રૂસ્તમ ડઘાયલો ગભરાયલો એકલોજ ઉભો રહી ગયો.

પ્રકરણ—૪૯ મું.

"કુરૂં ગમ સીતમ કા મય કયા બયાં? -મેરા ગમસે સીના ફીગાર હય!"

સીતમ! ગજબ! મેહેરજી પંથકીના મનની સમાધાની સમાપ્ત થઇ હતી. અરે, ગઇ રાત્રે તેણે નજરે નજર શું જોયું? તે જાગતો હતો કે ઉંઘતો? જે બદતર મામલો તેણે દેખ્યો તે પેહેલા તેના ડોળા કેમ નહી ફુટી ગયા!

એક પીંજરામાં કેદ પડેલું જનાવર જેમ ગોળ ગોળ ફર્યા કરે તેમ આખી રાત પોતાના સુવાના ઓરડામા મેહેરજીએ ચારો ભીતની પ્રદક્ષીણા કર્યા કરી. તેના હરૂદયપર ગભરાટ અને ગમના ડામ ચોટયા હતા. અર્ધ દીવાની સ્થીતીમાં તેણે સારી રાતના દરેકે દરેક અંધારા ટકોરા ગણ્યા.

સવારના તેનો મુડદાં જેવો દેખાવ જોઈ જરબી ગભરાઇ ગઈ અને છુપાછુપ રૂસ્તમને ચીઠી લખી તેણીએ તેને બોલાવી મંગાવ્યો. રૂસ્તમ આવ્યો અને પોતાના અઝીઝ દોસ્તને સમજાવી પટાવી—ધમકાવી, ખખડાવી, ઘણુંએ પુછયું, પણ એક જાતના ધાસ્તી ઉપજાવનારા નીસાસા ઉપરાંત મેહેરજી કનેથી કતરાભારબી વધારે ખોલાસો મળી શકયો નહી. શું ખોલાસો મળે? મેહેરજી પોતે એ સઘળો એતેફાક સમજતો હોય તો ખોલાસો કરે કેની? ગુચવણ અને મુઝવણને મારે તેનુ પોતાનું માથું એવું ફાટી જતું હતું કે રૂસ્તમના સીધા સવાલો તેને અકારા ઝેર જેવા લાગતા હતા.

"મને એટલું સમજાવ, મેહેર," રૂસ્તમે ઘણુંજ કગળીને કહયું, "તારા કઝીનની વાઇફને જોઇને તું એટલો હેબતાઇ

કાય ગીયો? કઈબી છે! મારીપર વીશવાશ રાખ, દોસ્ત—કદાચ હું તુને મદદ કરી શકશ. કોઉછ કે મીસીસ પંથકીબી તુને જોઇને ઘણાં ચમકીને બેસુધ થઇ ગીયાં. મેં તે લેડીને જોયાં નહી—હુ પછવાડે હતો. જ્યારે ગડબડ થઇ ગઇ ને હું જોવા ગીયો તો લોકો એટલા બધાં તવણની આસપાસ ફરી વળેલા કે મને મુદલ તેવણનુ મોહ્ડું દેખાયુ નહી. પણ જોઉછ તો તુ લાકડા જેવો એક બાજુ ઉભો રહીને હાફતો'તો. હજુર તો તુને પુછું પુછ્ઉં તેટલાં તું ગારીમા બેસીને ચાલી ગીયો. હુ તરત તારી પુઠે અહીયાં આયો જરાબઇ કહેજે તુ ઓરડામાં સાંકર દઇને ભરાઇ બેહાછ તે નીકરતાં નીકરતો નથી. મેહેરજી, એ બધો શું ગરબર ઘોટાલો છે? મને કેહ—મારા સમ! અમારા લોકોથીબી તુ એટલો બધો શું કામ બીયેછ——અમે કાંઇ જુદાં છઇયે?"

જ્યારે રૂસ્તમે આમ ઘણીજ મીન તજારી કરી, ત્યારે મેહેરજીની જરા જબાં ઉપડી.

"રૂસી, મારા વહાલા ભઈ," તેણે ભાગેલા ભાડા અવાજે જવાબ દીધો, "મને ના પુછ—ના પુછ. ગઈ કાલે મેં જે કંઈ જોયુંછ, તેથી મારા સાંધેસાંધા ઢીલા થઈ ગીયાછ. મને લાગેછ કે હમણા અમારાં લોકને માથે કાળચંદર ઘુમેછ. તું કાંઇ ખુલાસો માંગેછ, પણ જાંહ હું પોતે અંધારા ગારમાં ગોટાં ખાંઉછ તાંહ તુંને શું ખુલાસો આપું! દોસ્ત, આજે સાંજ સુધીમાં એ ભેદનું બારૂંનરૂં હું કરી દેવાનો છેઉં. આવી જાતના વસવસામાં મારેથી કાંઈ જીવાય નહી. જા, દોસ્ત, જરા મને એખલો પરી રહેવા દે, ને હું ફરીથી

તુંને બોલાઉં નહી તાંહ સુધી મારી આગળ આવતો ના. આય એક એવી વાત છે કે તુંને તો શું—જરાં ને તો શું—મારા ભાઇને તો શું—અરે, મારા સગા બાપનેવી કહેવાય એવી નથી."

* * *

શરમીંદગી—લાઇલાજી—બેજાલત અને બફગીનુ જીવતું ચીત્ર તારે જોવું હોય, તો વાંચનાર, કરાચીના હેલ્થ આફી-સર સાહેબ ડાકટર બરજોરજી પંથકીના બંગલાને પહેલે માળે એક નાના વાંચવાના ઓરડામાં સોફાપર નસોસ જીવે લટીને લાલ ટસ ડોળાઓ સાથ ખાલી હવામાં જોઇ ભારી શ્વાસો-શ્વાસ ખેંચતી રતી ગમ જો. બરજોર તો પોતાની નોકરી-પર ગયલો હતો, અને આખાં ઘરમાં એકલી આ છોકરી પોતાના છઠીના અવળા લેખ ઉપર મનમાં ને મનમાં કયારની વીલાપ કરતી હતી. લગભગ દોઢ બે કલાક એમની એમ સ્થીર પડી રહી વીચાર—વીચાર કરયા કરતાં તેણીનું માથુંબી હવે ફરતું હતું. આખી રાત દસ મીનીટબી આંખ લગાડીને પોતે સુતલી નહી એટલે કુદરત હવે પોતાનું દેવું અદા કરવાને જોર કરતી હતી.

અરધી અડકચરી ઉંઘમાં ઝુકતી અને ભવીશના ભયંકર તુરંગોથી બીજું બખી નાંખતી રતી ત્યાં પડેલી છે તેટલાં આયાએ આવાને તેણીને ચોંકાવી ઉઠાડી.

"બાઇ કોઇ પારસી મળવા આયોછ."

"પારસી! જા કેહ કે શેઠ ઘેરમાં નથી."

"મેં કેહયા, બાઇ. પણ કેહેસ કે તમુને મળવાની છે."

"મને!" રતીએ જરાક કંટાળીને કહયું "મને પારસી કોણ મળવા આયોછ?"

"મેં નામ માગ્યા તે નહી આપતી, બાઇ."

રતીએ કચવાટને કોર મરડી.

"જા—મને હમણાં કોઇને મળવું નથી. કેહ કે બાઇ સીક છે તે મળશે નહી. શેઠ હમણાં બપોરના ખાના આવશે—જોઇયે તો જરા બેસે."

"મેં ઘણું કહેયા, બાઇ, પણ એ ગુસ્સે થાયસ—"

"વારૂ—વારૂ, જા. જઇને પેહેલાં નામ પુછી આવ—ને નામ નહી આપે તો———મેહેરજી!!—"

એક ચીસ સમેત આ નામ પોકારી રતી બે પગ ઉપર કુદીને ઉભી થઇ. બારણું ઉઘાડી ઉંબરની બાહેર પથરના બાવલાંની માફક મેહેરજી પંથકી આવીને ઉભો હતો, અને એકકી ટગરે રતી ગમ જોયા કરતો હતો.

હરણફાર થઇને રતી પાછી સોફાપર ફસડાઇ બેઠી અને ફરફર ધ્રુજવા પડી તેણીના બંને ગાલોપર લોહીનું જોમ એકદમ ધાઇ આવ્યું હતું ધીમે પણ સાબુત પગલે ચાલીને મેહેરજી ઓરડામાં દાખલ થયો અને રતીની સામે ખુરસી-પર અદબવાળીને બેઠો.

"રતાં," તે અત્યંત નખાઇ ગયલા સાદે બોલ્યો. "તું મારેથીબી બીયેછ—**મારેથીબી?**"

રતીએ કાંઇ જવાબ દીધો નહી મોહડાંપર રૂમાલ દાબી તેણી ધીમા ડચકાં ખાતી હતી. મેહેરજી ઉઠયો અને આયાને ઇસારત કરી ઓરડાની બાહેર ઉભી રેહેવા ફરમાવ્યું. પછી રતીની આગળ બેસી તેણે તેણીનો હાથ મોહડાંપરથી ખસાડી નાખ્યો અને બંને આંખ્યો લુછી નાંખી તેણીને જબરીથી પોતાની સામે જોવાની ફરજ પાડી.

"આજે હું અહી બધુ જાણવાના સોગંદ ખાઈનેજ આયોછ. એ બધો ગગબગ ગોટો શું છે? માગ જાન— તે મને તું સમજાવશે નહી તો એક તસુબી અહીંથી ખાસ વાનો નથી."

આહા! જયારે કાંઇ ચોકસ સંકટ અને મુસીબતના બોજા તળે જીગર કચડાઇ, ચુરાઇ જાય છે ત્યારે કોઈ દીલસોજ દોસતના સધ્યારા અને ધીરજના સખુનોથી છાતી પરથી કેવો પહાડ જેવો પથરો ઉંચકાઈ જાય છે તેનો કોણુને અનુભવ નહી હશે! રતીને લાગ્યું કે તેણીને કોઈ ભલો ફરેસ્તો જાણે ખુવારીની ખાહીમાંથી ઉગારીને શાંતીના સ્વર્ગમાં ઉંચકી જવા ઉતરી આવ્યો હતો. તેણીની કમર આસપાસ મેહેરજીએ વીંટાળેલો હાથ જાણે આફત સામે તેણીનુ રક્ષણ કરવાને એક મજબુત કીલો હોય એમ તેણીને લાગ્યું. ખુશાલી અને હરખનો તેણીના જીગરમાં એવો તો ઉભરો થઇ આવ્યો કે કાંઈ બોલવાની તેણીએ કરેલી તજવીજ પાણીમાં ગઈ અવાજ તેણીના ગળામાજ ખુટી અટકી બેઠો. માત્ર મેહેરજીના મોહડા સામે આસુ ભરી આખ્યોએ જોઇ તેણીએ એકદમ તેની છાતીપર પોતાનુ માથું નાખી દીધું અને ખરે મને બે અખત્યાર મોટેથી રડી પડી.

* * *

અરધો પોણો કલાક વીટી ગયો હશે. એવી મુલાકાત વળા ત્રીસ ચાલીસ મીનીટનો અરસો શી બીસાદમાં છે? રતી તો કયારની શાંત થઇને મેહેરજીની સાથે ધીરજથી દુઃખ સુખની વાતો કરતી હતી. તેણીને સારી તરેહ રડવા દઇને મેહેરજીએ તેણીનો જીવ હલકો થવા દીધો હતો.

વાંચનાર, એ દરમ્યાન તેઓની ખાનગી ગુફતેગોમાં માથું મારવાની આપણને કશી જરૂર નથી. એટલુંજ કહેવું બસ છે કે બને જવાન જીવોએ અરસપરસ ખોલાસો કરી આગળ પાછળની ગેરસમજુતી દુર કરી હતી હે પરવરદેગાર! જ્યારે રતીએ મેહેરજીની ગોદમા દબાઇ નસોસ સાદે નીચલો એકરાર કરયો ત્યારે તે જવાનના દીલમાં શી લાગણીના ટોકા લાગ્યા હશે, તે લખવા કરતા વીચારવું સેહલ છે:—

"તારાં માયે મને ખરેખર ઘેલી બનાવી મુકી! પણ તેવણ હવે ગુજરી ગીયાં એટલે વધારે શું કહું, મેહેરજી? —ખોદાય તેવણને માફ કરે! હું મુધ આંધરી દેવાની જેવી જીવપર આવીને દારાશાહ સાથ સુરત નીકરી આવી. મારાં બેહસ્તન માયજીને ખાતર મેં એટલુબી કીધું, કારણ કે તેવણ દવાદારૂ વગર બીચારા ટવળતાં'તા દારાશાહના પઇસાથી તેવણને જીવારવા મેં એક અભાગ્યે દાહરે જીવપરજ કીધું. મારા માયબી એક બોલ પકરી બેઠાં કે બસ દારાશાહ સાથ હું પરણું તો તેવણનો જીવ સખે જશે. બીચારાં બેહસ્તન માયજીનો છેલ્લો મરતી વખતનો બોલ રાખવા મેં એક દાહરો આંધરી ભીત બનીને હા કેહી દીધુ—"

અહીં રતીનો સાદ ઝુમાઇ ગયો. મેહેરજીને ગળેબી કાચકી આવી હતી. ફાટી જતી છાતી સાથ તેણે રતીનુ માથું પસવાર્યું.

"માઇ પુઅર ગર્લ!—મારી ગરીબ રતી!" તેણે ગુંગળાતા દબાયલા અવાજે નીસાસો નાખ્યો.

"સુરતમાં માય ઘણાંજ પછરાઈ પરીયાં," રતીએ એક લાંબો દમ ખેંચીને પાછું ચલાવયું, "ને મને આંખ પાણી કરીને કહયું કે બસ જઇને દારાશાહ સાથ આશીરવાદ સરાવી

આવ— નહી તો પછી તારી કોણ સંભાળ લેશે? મારૂં માથું ફરી ગીયું, મેહેરજી—માગં સુના મોહોર જેવાં માયજી મારી આંખ આગળ મરી જતાં તાં તેના દુઃખમા———"

વધારે બોલવાને બદલે રતી ધસાધસ પાછી રડવા મંડી ગઈ. મેહરજીએ વળી બીજીવાર તેણીને બહુજ વાહલથી પટાવી શાંત કરી.

"હવે રડીને શું કરશે રતન?—જરા ધીરજ રાખ, હીમત રાખ--ખોદા સઉ સારૂં કરશે!"

રતીએ ભીણાંયલી આંખ્યોએ પોતાના પીત્રાઇ ગમ જોયુ.--

"મેં શું કીધું તેનો—ઓ ખોદાય!—હવે જાહરે વીચાર કરૂંછ તારે મને ધ્રુજરાં છુટેછ. ચોતરફથી બધા જણાએ મને ગભરાવી નાખી ને હું મુઇ મેટ્ર જેવી દારાશાહ સાથ જઇને અગીયારીમાં આશીરવાદ સરાવી આવી. તે વખતે મારો અવતાર એક સાવજ જનાવર જેવોજ હતો. આવીને જોઉં-યેછ તો માય બેહાલ હતા દારાશાહ ડાકટરને લેવા ગીયો ને તું આયો પછી શું થયું તે તું જાણેછ———"

"બોલ રતી—અચકા ના, દારાશાહનું શું થયું તે કેહ."

"તું આયો ને મારી આંખપર ફરેલો પડદો ઉંઘરી ગીયો. મારા માએ ગુજરી ગયાં ને મેં દારાશાહનું મોહ-નુંબી જોવા ના કેહયું. મેં તેને મારી આગળથી હરધુત કરીને કાહડી મુકયો. પછી જાહરે તે પાછો આયો ને ધરમશાળામાં અમારી વચે શું થયું ને મારે હાથે શું થઇ ગીયું તે મેં તુંને બધુ કેહયુંછ. મારે હાથે દારાશા-હને આરૂં અટારૂં વાગી ગીયું, મેહેરજી——મેં પોતે તેને સુવેલો જોયો—ને પછી શેહેરાંએબી મને એ દારાશાહની

આગમાં બળી જવાની વાત કેહી એ બધું મેં તુને ખુલ્લુ કેહી દીધું છ— હવે હું તારી દયાપર છેઉં"

"બસ–બસ, રતાં, મારા જીવના હાર–તું એમ શું કામ બોલ્યા કરેછ! હવે હું તારી આગળ છેઉં એટલે કોણુની તાકાત છે કે તારા બાલનેબી ઈજા કરે? પણ મને જે દુ:ખ લાગેછ તે તારા ભાઇ બરજોરની એવી ચાલને વાસ્તે છે. પોતાની મતલબને ખાતર તુંને આવી કઢંગી હાલતમાં તે અહી લઇ આયો——પોતાની બેનને થોરા પગારની માત્ર ચાકરીને ખાતર બઇરી તરીકે ઓરખાવે! ઓ શેમ—શેમ! તુ પોતે કેમ કબુલ થઇ? ખરચીત રતી, દુ:ખથી તારૂંબી મગજ ઠેકાણુ નથી."

"ખરેખર ઠેકાણુ નથી. મેહેરજી, હવે અમારૂં શુ થશે! મને કંઇ સુજ નહી પરતું——હું શું કરૂં!"

"બીહ ના, ડીયર. મને કેહ—ધીરજથી વીચાર કરીને કેહ—તુ શું આવી ખોટી હાલતમાં હજુર રેહવા માંગેછ?"

"ઓ નહી—નહી! એક દાહરોબી નહી! મારૂં તો મોત થઇ જાયછ! મને બચાવ—નહી તો હું જરૂર જીવપર કરશ."

લાજને મારે રતીના નમાવેલાં પાપણમાંથી તડતડ આંસુઓ ખરી પડતાં હતાં. મેહેરજીથી હવે વધુવાર પોતાની છાતીમાનો જુસ્સો તામોશ થઇ શકયો નહી. તેણુ એકાએક રતીના બેઉ હાથ પોતાના હાથોમાં લીધા—

"રતી—મારી વાહલી રતી, આવી વખતે મારે તુને કંઇ નહી કેહવું જોઇયે પણ મને માફ કર—માફ કર. મારેથી વધારેવાર નહી રહેવાતું. માગં જીગર, વાસ્તે તારે આય દીલમાં પહેલેથીજ શું લાગણી છે તેનો અરે તુને કેમ ખ્યાલ

આપુ ? રતાં, શું કામ આપરે એમ એકમેકથી જુદા રહેવુ જોઇએ ? હું ને જગ બે ચાર દહાડામા મહાબલેશ્વર જતા રહીયેછ—તું અમારી સાથ આવ, મારી ધણીઆણી તરીકે આવ. બોલ મને જવાબ દે—મને બસ હમણાજ હા કે ના કેહ તુ હજુર જો મને એટલો બધો ધીણુતોજ હોય તો કેહી દે—હુ ફરીથી તુને કંટાળો નહી આપશ"

બરેબર ઓજરફવાડીથી આમ બોલતી વેળા મેહેરજી રતીના નમાવી રાખેલા મોહડાંગમ જોતો હતો આહ, કુદરત——કુદરત ! તેને જવાબની શી જરૂર હતી ? રતીના ચેહેરાપર જવાબ ખુલ્લો લખાયલો હતો ઉતર વાળવાને બદલે તેણીએ મેહેરજીના ગળાં આસપાસ પોતાના બે હાથો વીટાળયા અને શરમથી તેમજ ખુશાલીથી લાલ થઇ આવેલું પોતાનું મોહડું તેના ખભાપર ટેકયું.

"હું તારી પછવારે મારી જીંદગીના છેરા આવવા તૈયાર છેઉં. તારા સીવાય મેં કદીબી કોઇનો વીચાર નથી કીધો—ને કરશબી નહી. મને અંહીથી લઇ જા—મેહર—"

હરખથી જાણે દીવાનો બની જઇ મેહેરજીએ પોતાના જીગરની માશુકને પોતાના પાસામાં ખેંચી અને તેણીના કપાળપર ખરી મોહબતની એક ચુમી લીધી.

"એટલે ! એ શુ ધીંગ માંડયાછ—વાહ !"

બારણા આગળથી આ સાદ આવતાં બેઉ જણે ભડકીને ડોકું ફેરવી જોયું. પાટલુનના બેઉ ગજવામા હાથ ખોસી જાણે ક્યારનો સઘળો તમાશો જોતો ડાકટર બરજોર ઐયર જેવો ઉભેલા હતો.

એક નાની બુમ સમેત રતી મેહેરજી પાસેથી ઉઠી જઈ બાજુની ખુરશીપર ઢપ કરતી કે બેઠી અને બે હાથોમા શરમથી મોઢું ઢાક્યું. એકાદ મીનીટ બે પીતરાઈઓ વચ્ચે બે 'માસ્તીફ' કુતરાઓ પેઠે ઘુરકા ઘુરકી ચાલી બેઉ જણ પહેલા સામાને બોલવાની વાત જોતા એકમેકને ડોળા કકડાવતા મોઢે મોઢું ઉભા હતા. બરજોરના પીસેલા દાંત, તેના ફડફડતાં ફીક્કા અને તેનો બાઉ કરડું ચેહેરો તેની ભીતરની લાગણીનો કાંઈ ખ્યાલ આપતો હતો. એક બેગાનો ધણી પોતીકી બેહેન સાથ આટલી બધી હદ સુધી લયલા મઝનુનનો ફાર્સ કરરને જીયે કર્યો જાય—વાહ!

અલબતાં બરજોરે મેહેરજીને બીલકુલ ઓળખ્યો નહી—પણ મેહેરજીને થોડીકવારે પોતાના પીતરાઈ ભાઈની હસ્તીનું ભાન આવયું. સેહેજ મુછમા હસી તેણે બરજોરની તરફ એક ડગલું આગળ ભર્યુ.

"તમે રતીના ભાઈ અને મારા પીતરાઈ ડાક્ટર બરજોર કે? મને ઓરખતા નહી હોવ? હું તમારો કઝીન મેહેરજી પંથકી."

બરજોરના મોંહપરનો કઠોર ચીલ્લો સેહેજ નરમ પડયો. આખર કરેને પોતાના કાકાના દીકરા સાથે રતી ઘેલા ચેડાં કહાડતી હતી. એ તો કેયો પેલો ગબ્બર મેહેરજી પંથકી નીકળ્યો કે જેને વાસતે માવજી અને રતી તારીફનાં બાકાં પર બાકાં ફુંકયા કરતાં હતાં!

"હું બરજોર પંથકી," તેણે ખુબ તોરથી ઉત્તર વાળ્યો. "કદાચ તમુને ખબર નહીં હોશે કે ઘેરના ધણીની ગેરહાજરીમાં 'કોલ' કરવા આવી લેડીઓને કીસ કરવી એ 'જેંટલમેનલી' નથી. રતી, તેં મને ચેતાવ્યો હોતે કે આપરો

કર્ઝીન તારી સાથ 'લવ' કરવા આવવાનો છે તો હું એકદમ ઓરડામાં આવીને તમુ લોકને 'ડીસ્ટર્બ' નહી કરતે.'

બીજાકથી ભવા ચઢાવી ખુબ દમામ સાથ બરજોર આ પ્રમાણે બોલ્યો અને ઓરડામાં દાખલ થઈ મજેહથી સોફાપર ગોઠવાઈ બેસતાં મુછ મરડવા લાગયો તે પોતાના પીતરાઈ ભાઈ ગમ જોતોજ્બી નહી હતો. પણ મેહેરજી હવે મારામારી કરવાની ધુંઇમાં નહી હતો. તેનો જીવ અંદરઆનેથી ખુશાલીને મારે એવો ફુલ્લનો હતો કે ડાકટર બરજોરના મોઢેથી ઓચ્ચરાયલા કઢંગા શબદોપર તેણે જરાબી ધ્યાન આપ્યું નહી. પોતાના કાકાના દીકરાના મોંહપર ચઢેલો ધુમટો ચુંચી આંખ્યોએ થોડોવાર તેણે જોયા કર્યો. અને પછી મુછમાં સેહેજ હશી બરજોરની એક અડોઅડ જઇ તેણે મીત્રાચારી ભર્યો એક હાથ તેના ખભાંપર મેલ્યો.

"બરજોર, અહીં પંચાતી કરવાનો વખત નથી. આપરે કંઇ જુદા નથી. ચાલ આવ શેકહેંડ કર! પછી તારી સાથ બીજી વાત કરૂં."

જબરીથી બરજોરનો એક અણમણયો હાથ પોતાના હાથમાં લઇ ખરી ભાઈબંધીથી મેહેરજીએ હલાવયો અને પછી તેની આગળ બેસી જઈ તેના બરડાપર એક હાથ મુકયો.

"બરજોર, રતીએ મને બધું કહયુંછ. જે બનયું તે બનયું, હવે આપરે અહી રહેવાનું કામ નથી. તારી આય 'સ્ટુપીડ' ચાકરી ફેંકી દે. ખોદાના હુકમથી પઇસાની મને તાણ નથી ને તારૂં મુંબઇમાં કાંઇ ટકુ ચાલે તાંહ સુધી મારી 'ચેક બુક' તારે વાસતે ખુલ્લી છે. કંઇ મનમાં ઓછું ના લેતો

બીરાદર, પણ તુ મારો પોતાનો ભઇ છે ને રતીને ખાતર તારે વાસતે હું કંઇબી કરવા તઇયાર છુ."

બરજોરનો બાકી રહેલો થોડો રોબરોબી હવે ઉતરી ગયો. તેણે મેહેરજીના ખુલ્લાં, ભલાં અને ભોળાં મોંહગમ ધારી ધારીને એકાદ મીનીટ જોયું.

"થેંકસ! તમારી માંગણી સારૂ મેહરબાની થઇ," તે હજી જરા રોબમાંજ બોલ્યો, "પણ મારે હમણા કરાંચી છોડીને કેથે જવું નથી."

મેહેરજીના કપાલપર હવે ચીલ્લો ચઢયો. તે ગમે તેવો પોચા દીલનો હતો—પણ કોઇબી જાતનુ હંબગ પસાર થવા દેવો એવો નબળો તો નહીજ હતો. તેણે આસ્તેથી પોતાને માથે પાઘડી પહેરી જવાની તૈયારી કરી

"જેમ તમારી મરજી. તારે ગમે તો અહીં રેહ—પરમ દાહરે હું મહાબળેશ્વર ઉપરી જાઉછ—રતી મારી સાથે આવેછ."

બરજોરે જરા ડોળા ચઢાવીને પીતરાઇ ભાઇ ગમ જોયું

"રતી તમારી સાથે આવેછ! મારા બેહન સાથ તમુને એટલી બધી દોસ્તી છે? મને ખબર નહી!"

"હા, એ દોસ્તી ઘણી અગઉની છે. અત્યાર સુધી એ અહીં મીસીસ પંથકી તરીકે ઘણી કઢંગી રીતે ઓળખા-યછ—પણ હવે ખરેખર મીસીસ પંથકી તરીકે ઓળખા-વાનો પોતાનો હક તે રજુ કરશે. મુંબઈ પહોંચતાંનેવાર પહેલી જોગવાઇએ અમારાં લગન થવાનાં છે તેની તમુને સેહજ ખબર આપુ છ."

બરજોરે ડોકું ફેરવી રતી ગમ જોયું! નીચી મુંડીએ લાલ લાલ બની તેણી તો મુંગી મંતર બેસીજ રહી હતી. મેહેરજીએ બરજોરના ચેહેરાપર ગુચવણનો છાપ વાંચ્યો.

"હું તારી મુશકેલી સમજુછ બરજોર," ને પાછો ધીમેથી બોલ્યો, "પણ જાંઉ મેં ને રતીએ ઠરાવ કીધોછ તાંહ તુ સામબે થશે તો કંઇ વળવાનું નથી. જોઇએ તો તું આહીં રહે, પણ એક મીનીટબી વધારે હવે તારી શરમ ભરેલા ઠગાઇમાં રતી સામેલ થવાની નથી અને હું થવા દેવાનોબી નથી. જોઇએ તો તું તારા મયુનીસીપાલીટીવાળાઓને કેહ કે તારી બઇરી સીક પડીને બહારગામ ચાલી ગેઇછ ચાલો હવે મારે જવું જોઇયે કંઇ મારી બીજી મદદ જોઇએ તો હું હાજર છેઉ—'

"નહી–હમણા તો કંઇ જોઇતી નથી. જાઓ, સીધારો!"

"ઓલ—રાઇટ, તાહરે સાહેબજી! 'ગુડ—બાઇ રતી!'"

રતીની આગળ જઇ મેહેરજીએ ઘણા પ્રેમથી 'શેકહેન્ડ' કરી.

"કાલે આવશે કેની, મેહેરજી?"

"જરૂર, માઇ ડીયર! હવે બરજોર તો ડાહયો નીકરો થઇ ગીયોછ—સલામ!"

આમ કેહી બેઉને હાથ હીલવીને સલામ કરી ખુશાલ હસતે મોહડે મેહેરજી ત્યાંથી નીકળી ચાલ્યો.

પ્રકરણ—૫૦ મું.

પેસી મેહેતા.

પોણા ત્રણમાં બે મીનીટ કમ!

દાંત પીસી ધન મુલ્લાંએ દીલનો ધબકારો થોભાવવા છાતીપર એક હાથ દાબી રાખ્યો અને ફાટે ફાટે ડોળે ઘડીઆળ ગમ જોયું. બીજા પોણા કલાકમાં જે ને ખરૂં નરૂં

થઇ જવાનું! બસ એ તે હવે એજ! જીવપર આવીને આ છોકરા દેખાઇતી રીતે કાંઇ ભયંકર પગલું ભરવાની અણીપર હતી. મરવું અને મારવું—એજ ડરામણો હરદ નીશ્ચય જીંદગાથી કંટાળેલા ધનના માથાની નસે નસ હમણા તડકાવતો હતો.

બરાબર પચાસેકમી વખત ધને 'ડ્રાઇંગ રૂમ'ના ઘડી-આળ તરફ નજર ફેંકી. કમબખ્ત કાંટાઓને ભી જાણે લકવો થયો હતો. ડોકીને તેણી પાછી બારી આગળ ગઇ અને આખરે તાણીતાણીને બાહેર રસ્તા ગમ જોયું.

"હજી દશ મીનીટ છે!" તેણી કડણાઇથી શ્વાસોશ્વાસ ખેંચતાં મન સાથ બડબડી, "એ લોકે બરાબર સાહુરા તણ વાગતાંને ટકોરે આવના લખીયું છ. પછી—પછી—સવા પોહોરની પાદશાહી ખલાસ!—મને જીવવાનું મુવું અકારું ઝેર થઇ પરીયુંછ—બાવાને પેલા બરજોર મને કદી જીવવા દેવાનો ભી નથી. હું તો અણીથીપણી સુધી બધું આજે ઉંધારૂં પારૂ છ—નહી કેહી દેઉં તો કસ્તી સદરાના સમ! ગઇ કાલે બાવાએ આવીને મને જે રીતે વાઢરી નાખી તે પછી મારેથી મુગું બેસાવાનું નથી. પેલા વકીલો ને બેહેરામજી મેહેતાના વસ્ટીઓ ને એકઝીક-યુટરો પછી મારૂં ગમે તે કરે—જોઇયે તો અમે તણુકે જણને જેલમાં નખાવે, પણ પણ હું તો———એ કોણ?"

ડોળા ખેંચીને ધને બાગના દરવાજા ભણી નજર નાખી. કોઇ બેઠી દાહડીવાળો ભરેલાં અંગનો અઘોર જેવો અણ-જાણયો પારસી અંદર કમપાઉંડમાં ઝડપથી ચાલી 'ટેરેસ હોલ'ની સીડીપર ચઢયો અને 'હોલ'ના ઉંબર ઉપર આવ્યો.

બારીએથી ખસી ધન તેને મળવા સામી બારણા ગમ ગઈ.

"ધનબાઇ, મને ઓળખોછો ?" પેલાએ આસ્તેથી પુછયું.

જવાબ દેવાને બદલે ધન એક પથ્થરના પુતલાંની કાંની થભ મુંગી ઉભી રહી અને આ પારકા ધણીના મોહડાંગમ એકકી ટગરે જોયા કરવી પડી.

તે પારસીએ માથે એક ચીનાઇ ખોખુ ઘાલ્યુ હતું અને દીલમા સાદો કાળો ડગલો પાટલુન હતો. તેની ઉમર ચાલીસેક વર્ષની હશે. કાંઇ અજબ રીતે એ ચેહેરો ધનની ઓળખાણમા આવતો હતો. તેણીને લાગ્યુ એ ચોકસ મોહડું જાણે પોતે રોજ દીવસ અને રાત જોતી હોય અને તે છતાં હમણા ધ્યાનમાં આવતું નહી હોય ! અરે—એ આંખ, નાક, ભવા કોણના? એ અવાજ કોણનો ?

ધનનું માથું ઘુમવા લાગયું. છેલ્લે છેલ્લે જે સીતમના મારા તળે તેણી રીબતી હતી તેથી તેણીનું મગજ્બી પોચું પડવા માંડયું હતું કે શું ? જોરમાં માથું દાબી તેણીએ ખુબ ચીપી ચીપીને સામા શખ્સનો ચેહેરો તપાસ્યો——વ્યર્થ ! કાઈજ યાદ આવી નહી. તે પુરૂષ તો શાંત દેખાવે સ્થીર ઉભો રહી ધનના મોહ ઉપર પોતાના તીક્ષણ બે ડોળા ઠેરવી રહયો હતો.

"શું જોયા કરોછ, ધનબાઈ ? મને નહી ઓરખતાં ?"

ધને એક લાંબો દમ ખેંચ્યો અને પોતાની લાલ ટસ આંખ્યો તે માણસના મોંહડાંપરથી ખીસાડી નાખી.

"તમે કંઇ ઓરખાનમાં આવોછ—પણ બરાબર યાદ નહીં આવતી," તેણી નખાઇ ગયલા અવાજે બોલી, "તમે કોણ છેઓ—ને શું માંગોછ? જલદી બોલો—મને કામ છે."

અચ્અુચ તે પાર્સીને ચેહેરો કુમળાઇ ગયો. ઘણીજ ગમગીનીથી તેણે પોતાના કપાળ પર હાથ અફાળ્યો અને પછી એક નીસાસો નાખી આરનેથી પાસેની ખુરસી પર બેઠો.

"તુબી મને વીસરી ગેઈ!" તેણે ખોખરા સાદે કહ્યું, "ધન! બધાએ તો મને ઓવાર નીવાર ફાવ્યો—પણ તુંબી દારાશાહને એટલા વખતમાં ભુલી ગેઈ?"

આ બોલતાં દારાશાહ દીન્યારજીએ પોતાના મોહડાં પર પેહરેલી ખોટી દાહડી ખેચી કાહડી ટેબલ પર ફેંકી.

"દારાશાહ! તમે!—ઓ માય!"

ખુશાલી અને હરખના પોકાર સમેત ધન ધબ કરતી કે સામેના કોચપર ડપકાઈ બેઠી. કાઇ જબરદસ્ત જુસ્સા અને લાગણીથી તેણીની છાતી ઉછલાઇ જતી હતી. ડોળા ઉઘાડી ધ્રુજતા હોથ સાથ તેણી આ દારાશાહગમ જોવા પડી.

કલેજુ કાપી નાખે એવી ચુપકીદી પાચેક મીનીટ ફેલાઇ. ધન કાઇ બોલવા ચાહતી હતી પણ તેનો અવાજ ઘાટીમા ખુંટી બેઠો હતો. અતે દારાશાનો ઘાડો અવાજ નીકલ્યો:—

"પગતો ખરતો, મરતો રોબતો, છીનાયલો તગાયલો, હું તુને શોધવા આયો ને આય મને તું હમણા આવકાર આપેછ! શું આખી જેહાન મારી સામબે રૂઠીછ? ઓ ધન—શું માયા અને લાગણી જેવી ચીજજ આય દુન્યામાંથી સુકઇ ગેઇછ? આહ—બધેથીજ હરખુત હું થાઉંછ! મારામાં એવું તે શું છે—મારી એવી ને શું તકસીર છે કોઇને—કોઇને—મારી દરકાર નથી?"

પોતાનો ચુંથાઇ આવનો જીવ શાંત પાડવા દારાશાએ બે હાથોથી પોતાનં મોહડું ઢાંક્યું પણ તે અડધીજ

મીનીટ. બીજી પળે તે કડાક દેતોકે ઉઠયો અને એક મુરદાની માફક ઠરીઠામ થઇને ગાફેલ જેવી બેઠેલી ધનની સામે અડોઅડ આવી ઉભો.

"ધન મુલ્લાં! લકબે લીલી મહેતા! ટેરેસ હોલની શેઠાણી! બહેરામજી મેહેતાની વારેસ! અરે તું જ—તું જ—તે રગુનવાળી મારી ધન કે બીજી કોઇ? અચાત હવે તુને મારા જેવા બે બદામના દારાશાની યાદ કાંહવી હોય! એક વખત એવો હતો કે તું એજ દારાશાપર મરી પીટતી'તી—રગુનમા તુ એજ દારાશાને ગળે વળગી સમ ને સોગંદ ખાતી તી. પણ હવે?—યાહુ! દુન્યા, દુન્યા! જુઠી, કંગાળ નીચ, મતલબી દુન્યા, તારી શરમભરી બેદરકારીનો છેરો કાંહ છે! એ—આય ધર્ટીપર ઓરત જાતનાં ઘાતકી નખાલસપણાંની હદજ કાંહ છે!"

થોડીક પળ જડબું પાસી રાખીને દારાશા છાતી પર પોતાનુ ધડ નાખી દઇ ચુપ રહયો. પણ તેનાં હૈડામા તે ઘડીએ કાંઇ ઓર જાતની સામસામી લાગણીનો આતશ ધગધગી રહયો હતો.

"મરી લીલી મહેતાનો હક પચાવીને તું ધનના ઢગલાપર બેઠીછ—તે બીચારી સાચી હકદાર હમણા કાંહ હોશે! મારી શેહેરાં—મારાં બચ્ચાં—તું હમણાં કાંહ છે! ધન—એ નાજુક પમરતાં ફુલને તેં ને તારા બદકાર બાપે પગતળે કચરી નાખ્યું! તમારો બેઉ જનાનો દોજખમાં ઠાર થશે!"

હે વાંચનાર! જમાનાની લીલી સુકકી જોઈ બદ કીસમતીની લાખંડી ચુંગાલમાં હાડમાર થઇને પથરના દીલનો

બની ગયલો આ આદમીબી એક હાથે મોહુ ઢાંકી કુદરતના માર તળે ઉપર મુજબ બોલતી વેળા ભાગી પડયો. તેના હાથના આગળા વચ્ચેથી બે ત્રણ મોટા આસુ ગબડીને નીચે ભોયપર ટપકાયા.

"ઓ તરફથી આય જગતે મને હીન્યોછ:" તેણે નસોસ જીવે પાછું ચલાવ્યું. "મારા પોતીકા માય બાપે મને થુ થુ કીધો—મારા વાહલાઓએ મને અલગો કીધો. હું જીંદગીથી ઉખરી ગયો—બેરી છોકરાંના સુખમાબી મને તકદીરે દગો દીધો. ધન, એ ચોમેરની જફાનાં ઘમઘોર કાલાસની વચ્ચે એકજ મારા દીલમાં ચમકતી નાહની રોશની ઉતી. રંગુનમાં હું તારી આંખ અંદર મારે વાસ્તે કંઇ એવું લખાયલું વાચતો'તો કે જેણે મને મારા બદબખ્તીના પાહડો છતાબી આજની ઘરી સુધી ટકાવી રાખ્યો પણ આજે હું તેમાંબી મને છેતરાયલો જોઉછ! ઓ, છોકરી—તારે વાસ્તે આય મારા બાહરથી તાબા જેવા કઠણ દેખાતાં અતઃકરણમાં જો એક જગા નહી હોતે તો—તો અતયાર અગાઉની તું તારાં કરતુકને ફેજે પોંહચી હોતે ને પેલો મુજી કેકાઉસ મારે હાથે કાહારનો પોતાના પાપનો હીસાબ આપવા ચાલી ગીયો હોતે! શું કરૂં—ચેહેરાં પાછી હું ગુમાવી બેઠોછ! હવે તુંને મારીને શું કરૂ? કોણને વાસ્તે મારૂં? તુને—અરે તુને પગ તળે છુંદી નાખુ? શાને ખાતર? છટ! જા મજાહ કર! એ હરામના પૈસા પર———"

"નહી—નહી! ઓ એમ ના બોલો! મારી છાતી ફાટી જાયછ—મારો જીવ ધ્રુજેછ——"

ધનનો પહેલવહેલી વખત આવો કકળાટ ભર્યો સાદ સુની દારાશાની રગોમાં બંધાઇ ગયલું લોહી પાછું દોડવા માંડયુ

"જીવ ધ્રુજેછ ! કંગાળ છોકરી——જાહરે તારા બાપના કરતુકમાં સામેલ થઇ લીલી મેહેતા તરીકે અહીં ઉપરથી આવી તાહરે જીવ નહી ધ્રુજ્યો ? તે ગુલાબ જેવું બચ્ચુ હમણા કાંઇ સખરતું હોશે તેના ખ્યાલથી તારો જીવ નહી ધ્રુજતો ? પણ હું તારા જેવાં નજીસ જીવરાંપર શું કામ—"

દારાશા બોલતાં અચકી પડયો. ધન એકાએક પોતાના કોચપરથી કુદી પડી તેના પગ આગળ ફસડાઇ બેઠી હતી તેના ડગલાની બોહે તાણી તે હીણુ ભાગ્ય છોકરી આ જફાના મારેલા ધણી ગમ અત્યંત મીનતજારીથી જોવા પડી.

"મારૂં સાંભળો—દારાશાહ !" તેણીનો રડમસ ગળગળતો સાદ ઓરડામાં જાણે ધ્રુજી રહયો, "મારેથી બોલાતુ નથી. ઓ—મને ફેર આવેછ !—દારાશ ! હું મુઇ—મને માફ કરો !"

ખરી પશેમાનીથી ધન જમીનપર લોહપોઠ પડીને આમ કગળતી હતી. દારાશાએ ચકીત થઇને તે જવાન ઓરતના રંજીદા બનેલાં રડમસ મોહ ગમ નીચી મુડીએ જોયા કર્યું. ખરાં જીગરની શરમીંદગી અને પસ્તાવો તે ઠેકાણે પ્રગટી રહયો હતો એમાં શું શક ? દારાશાના ગુડણની આસપાસ બે હાથો વીંટાળી ધન મુલ્લાં જીગર તુટી જાય એમ ડુસ્કે ડુસ્કે રડતી હતી.

વાંકો વળી ધીમેથી તેણે ધનને બાજુમાંથી ઉચકી પાછી કોચપર બેસાડી.

"ધન—તું શું ખરેખર તારાં પાપની તોબેશ કરેછ ?" તેણે ધીમેથી હવે પુછયું.

"હા—ખોદાય મને . માફ કરે. મેં અઘોર ગુનાહ કીધા—પણ હવે હું મારાં ખરાં દીલથી પસ્તાઉંછ."

"ખરૂ કેહછ, ધન ?"

"દારાશા, આય મુવા નજીસ પૈસાથી મેં કંઇ સુખ નથી જોયું. મારા બાવાને—ને—પેલા ડા૦ બરજોર મારી પુઠે વરૂઓની કાની લાગાછ. મને અહીંથી લઇ જાઓ—તમે જાંહ લઇ જશો તાંહ હું આવવા તેયાર છઉં. મને અહીં એક મીનીટનો કરાર નથી. પેલા બે જણાના ઘરકબુજારામાં રહેતાં હુ તો જીવથી એવી કંટરઇ ગઇ કે—ઓહ!—આજેજ બધું કબુલ કરી દેવા પેલા રૂસ્તમ મુગા શેઠને અહીં મેં બોલાવયોછ."

દારાશા ભટકીને બે પગલાં પાછળ હઠયો.

"એને અહીં બોલાવ્યોછ!—રૂસ્તમને! એ શું બોલેછ?"

"હા—ગેઇ કાલે બાવાએ અતેરૂં કીધું. મને એવા સપ્નુનો કેહયા કે જો તે હું સાંખીને મુંગી રેહું તો હું ગટરમાંના કીરા કરતાંબી બદતર કેહવાવું. હું જીવપર આવેલીજ હતી. એવણ અને પેલો મુવો ડાકટર મને ઘેલી તરીકે જીવતી દેવાનશાળામાં પુરવા માંગેછ. મેં બેહેરામજી મેહેતાના ત્રસ્ટીઓને ને રૂસ્તમ મુગાશેઠને આજે સાહરા ત્રણ વાગે બોલાવ્યાછ. ઓય આવતાજ હોશે. સાથે બેહેરામજીના વખતના સોલીસીટરોબી આવશે. મેં રૂસ્તમના માયને બી લખ્યુંછ કે આવે."

"ધન!———"

"બસ! તમેજ જોશો કે ને લોકની આગળ અમે બાપ દીકરીનો ગુનાહ હું કેમ કબુલ કરૂંછ. તમે બેસો અહીં—તમારે પગે લાગું—તમે જતા ના—મારાં હારકે હારકાં ધ્રુજેછ—પણ મેં આજે સોગંદ ખાધાછ."

દારાશાહે મોહડું ફેરવી નાખીને પોતાના કપાળપર ફુટી નીકળેલાં ઝરાં જોરમાં લુછયાં.

"ધન!" તે બહુજ ગમખ્વારીથી બોલ્યો, "એ બધો તારો પસતાવો ને તારો એકરાર કેટલો અસુરેથી છે! નકામુ—

નકામું એ તારૂં પગલું છે, છોકરી! તું આય દોલત ખાલી કરી આપશે—આહ—પેલો બદકાર બદમાશ કેકાઉસ બટ'બે જશે—તું ફોકટ જેલમાં પુરાશે—પણ તેમાં ફાયદો કોણને? આય ઠેકાણે રાજ કરનારી હકદાર ધણી નહી મળે———"

"નહી—તમે ભુલોછ ખરી લીલી મહેતા અહીં કરાંચી-માંજ છે, તેથીજ———"

"કરાંચીમાં છે,—કાંહ?"

જાણે ઓચીંતો દારાશાહને કાંઇ ધનુરવા થઇ આવ્યો હોય તેમ તેણે ધનને બાજુમાંથી કચકચાવીને પોતાના ગહોડી પંજામા પકડી. તેના બે ડોળા આંખ્યોના ખાડામાંથી ગોથા બાહેર નીકળી પડતા હતા. તેના કપાળપરની નસો ફુગાઇને ટસટસી આવી હતી અને તેના હોઠ કાંઇ અજબ ઉશકેરણીથી ફફડતા હતા.

"મારી છોહરા કાંહ છે—બોલ, જલદી બોલ!"

"કાંહ છે તે હું નથી જાણુતી. બાવા અને બરજોર બેઉ જણ અહીં કરાંચીમાં કેથે રહેછ—ને લોકના કબજામાં એ બીચારી છે."

"આહ ખવીસ કુત્રાઓ!"

"રોજ મને એ લોક ધમકી આપેછ કે એ ખરી લીલીને જાહેર કરી મારૂં કાટલું કાહરી નખાવશે—પણ આજે હું એ લોકનું ને મારૂં પોતાનું કાટલું કાહરી નખાવવાની છેઉ-લેવો ગારીઓ આવી—"

બાગના દરવાજા આગળ બે ગાડીઓ આવી ઉભી. દારા-શાએ જોયું કે અંદરથી પાંચેક માટીડાઓ અને એક બાઇ ઉતર્યાં. એકદમ ઝડપમાં દારાશાએ ધનનો હાથ પોતાના હાથમાં પકડયો.

"ધન, જો સાંભળ જલદી"—તે ઝડપમાં તેણીના કાનપર પડી બોલ્યો, "તું હમણા એક બોલ આય લોકની આગળ ના બોલતી. બસ તુ મુગી મંતર હોઠ સીવીને બેસી રહેજે—મારે ખાતર? હમણા જો તું બધી વાત ફોડી દેશે તો પેલા બે ચંડાલો કદાચ છટકી જશે—યા તો મારી શેહેરાંને પાર કરી મેલશે. આપરે એ છોકરીનો પત્તો મેળવ્યે તાંહ સુધી જરા થોભ! લે એ લોક આયાં—ખબરદાર! એ લોક ગમે તે બોલે પણ તારે એક તુકારેબી નહીં કાઢ્યો તુને ગમે તેબી પુછે પણ—ચુપ!"

આ પ્રમાણે અતી ઘણું જલદી બોલી દારાશા જાણે કશામાં હોયજ નહી તેમ એક બાજુ ખુણામાં ખુરસીપર ગોઠવાઇ બેઠો. ડઘાઇ ગયલી ધનને કાંઇ ખુલાસો માંગવાનો યા ઉતર વાળવાનોબી અવકાશ મળ્યો નહી. હોલમાં રૂસ્તમ મુગા શેઠ, તેના માય, મરહુમ બેહેરામજી મહેતાના આગલા બે સોલીસીટરો અને બે ત્રસટીઓ મળી છ જણાં દાખલ થયાં

તેઓ સર્વના ચેહરાપર ગંભીરાઇનો છાપ હતો—કારણ ધને કાઇ "ઘણાજ અગત્યના ખાનગી કામ" ને સારૂં તે લોક બધાને ખાસ બોલાવી મંગાવ્યા હતાં તેથી તેઓ કુદરતી રીતે કાંઇ બહુજ જીવ સટોસટ ગંભીર વાત સાંભળવાને તૈયાર થઇનેજ આવેલાં હતાં. ખુણામાં બેઠેલા દારાશાહપર હજી તેઓની કોઇની નજર પડી ન હતી.

ધને સઉને માત્ર સેહેજ ડોકુ કર્યું અને પછી ઘરણનું બાધબ્યું થઇને એક સંગેમરમરના કોતરી કાઢેલાં બાવલાંની કાની હોઠ ભીડીને બેઠી.

એકમેકનું મોહ જોતાં અરધી મીનીટ બધાં જણા મુગા બેઠાં. અંતે ધનજીભાઇ વકીલે વાત છેડી—

"મીસ લીલી, તમારે શું કહેવું છ તે કહો. એવું તે શું ખાનગી ને અગતનું કહેવાનું છે?"

જવાબ દેવાને બદલે ધને નીચી મુંડીએ પોતાની સાડીની કોર સાથ રમ્યા કર્યું.

એટલે એ શું! વળી પાછી એકાદ મીનીટ ચુપકીદી પથરાઈ. મળવા આવનારાં તો વીસ્મય પામીને આ ડ્રેસ હોલની વારસનું કોડું જ ટીકવા લાગયાં. એ વળી નવા જોગ હતા! પહાડ જેવો ધક્કો ખવાડીને આમ મુંગી થઈ જાય એનો અર્થ શો?

આખરે રૂસ્તમનું પાણી આવ્યું તે ઉઠયો અને ધનની સામે કમરે હાથ દમને ઉભો.

"શું છે, લીલી? બોલી દેની—એમ ફારસ શું કરેછ?"

કાંઈ જવાબ મળે નાહે. ધનને તો બસ મોઢે જાણે લકવોજ થઈ આવ્યો હતો. ફફડીને રૂસ્તમ ત્યાંથી ખસી ગયો અને અદબ વાળી નીચો ડોકે તેણે હોલમાં ફરવા માડયું. ચાલતા ચાલતા તે ડરોઈંગ રૂમને ખુણે સુધી પહોચ્યો— અને ત્યાં એકાએક એક બુમ સમેત ચમકી ઉભો—

"દારાશાહ!"

સઘળા જણાંએ ચમકીને દારાશા બેઠો હતો ત દીશાએ જોયું. હળવેથી પોતાની બેઠકપરથી ઉઠી દારાશા નચીંત ચેહેરે સઘળાઓની વચ્ચે ચાલી આવ્યો. જેવો તે નજદીક આવ્યો કે રૂસ્તમના માર એક આંચકો ખાઈને ઉઠયાં અને મોટેથી બુમ મારી પડયા—

"અરે! એ તો બેરામજીનો પેસી છે!"

બેહસ્તી બેરામજી મેહેતાના બેઉ વસ્ટીઓએ ધારી ધારીને આ ભોંયમાંથી ફુટેલા રાખ્શ ગમ જોયું.

"ખરેખર ! આય તો પેસતનજી !" નરટી મી૦ માદન ઘણીજ અજાયબીથી બોલી ઉઠયા.

પણ પેસ્તનજી—ઉર્ફે દારાશા–કરારને જીવથ઼ સઉની સામે બેશ્રીકર જોયા કરતો તરોને તરો ઉભો હતો તે આરતેથી ધનની આગળ ગયો અને તેણીનો ઠડોગાર હાથ પોતાના હાથમાં લીધો.

"એ બોલતી નથી—પણ એને બદલે હું તમુને કેહું. તમે બધાઓએ આટલી મુદતેબી મને આરખી કાહડયોછ—મારી આય દીકરી તમુને કહેતા શરમાયજ કે એના બાપને આય ઘેરમાં પોતાની સાથે રાખે. પણ નહી–તમે ના કેહો તેની અગાઉ હુંજ એ માગણી ના પાડુંછ. મારા બાપે મને ઘેરની આસરીએ નહી ચહુરાવવાનુ વીલમા ફરમાન નાખ્યુંછ તે હું મોતના છેરા સુધી પાળશ. હુ પોતે અહીં રહેવા માગતો નથી—સાહેબજી !"

આટલું કહેતાં પેસી—(હવે આપરે એને એજ નામે ઓળખીશું)—ઝપાટામાં તે ઓરડામાંથી બહાર પડી નીકળી ચાલ્યો.

ઓરડામાં સઉ કોઈ ડાંઅેબાંએ થઇને એક બીજાનુ મ્હોં ટીકતાં અડી ઉભાં. ધન તો લગભગ બેફામ જેવી બનીને ઉજળા સપ ચેહરા સાથ બાહેર હવામાં જોયા કરતી સોફા કોચ પર નસોસ પડેલી હતી.

પાંચેક પળ અત્યંત ચુપચાપ ગઈ. પેસી સપાટામાં સીડી પરથી ઉતરી દરવાજા સુધી પુગ્યો હશે—કે રૂસ્તમ મુગા શેઠને એકાએક કાંઇ વારૂં થઇ આવ્યું. છલાંગ મારીને તે સીડી પરથી નીચે બબે ત્રણ ત્રણ ફાંડીયે ધસ્યો—અને પસીની પુઠે દોડયો

દરવાજાની બાહેર થોડેક કદમ આખરે તેણે પેસીને ખભામાંથી પકડયો.

"દારાશા—પેસ્તનજી—તું જે હોય તે - બોલ! આય બધો શું ઘોટાળો છે?" તેણે હાંફતા હાંફતા પુછયું.

"ઘોટાળો શાનો? હું પેસી મેહતા શેઠ—ને પેલા—પેલી ઓરડામાં તારી મારી દીકરી લીલી છે."

રૂસ્તમે અધીરાઈથી ડોકું જોરમા ધુણાવ્યું

"છટ! એ વાત મારી આગળ ચાલશે નહી આય લીલીનો તું બાપ પેસી નથી—યા તું પેસીની આય લીલી ખરી છોકરી નથી કેહ—ખોદાયને ખાતર કેહ! મારી પેલી શેહેરાંને તું કાંહ મુકી આયોછ?"

મુછમાં હસીને પેસીએ આ જવાનના ઓાજરખ્વાહી ભર્યા મોહગમ જોયું.

"રૂસ્તમ", તે નરમાસથી બોલ્યો, "હમણા એ વાત નથી કરવાની. તાંહ પેલાં લોક આગળથી એ શેહેરાને વાસ્તે પુકારો કાહરતો ના. જા, દીકરા—હમણા જા. કાલે ગતે આઠ વાગે મને વેલીંગટન મારકીટ આગળ પેલા મોટાં આમલીના ઝાડ નીચે મળજે".

આટલું બોલી પેસી ધડાકા સમેત ત્યાંથી ગેબ ગઈ ગયો.

પ્રકરણ—૫૧ મું.

"સત્યાનાશીનો સામાન બધો રંધાઈને તૈયાર છે!"

"તમે મારા મામાના છોકરા!—તમે દારાશાહ—અરે છે તે પેસી! માઈ વર્ડ—તમારી જીંદગી ખરેખર કહાણી કીસ્સોજ છે!

પેસી મેહતા મુછમાં હસ્યો અને જવાન રૂસ્તમના સોહ-રાઈ ગયલાં મોહોડાં પર નજર ફેંકી. પોતાની કુઇનો આ છોકરો ગઈ કાલે કરેલી ગોઠવણ મુજબ ઠરવેલા ટાઇમને ટકોરે નકી કરેલી જગ્યાએ આબાદ આવી ઉભો હતો અને એક બોલબી વધારે વાત કરવા વગર આ બને બીરાદરો પાસેના એક ભઠીયારખાનામાં કારી પોતા સામ-સામે એક ખુણામાં કયારના ગોઠવાયલા હતા.

"રૂસ્તમ, આય લીલીને વાસ્તે તું શું ધારેછ?" પેસીએ ઓચીંતું પુછયું.

"લીલી—કેઇ લીલી?"

"આય ટેરેસ હોલમાં છે તે વરી—બીજી કેઇ! કંઇ અરધો એક ડજન લીલીબી છે શું?"

"અરધો ડજન તો નથી, પણ બે તો છેજ—એક ખરી ને એક ખોટી. પેસ્તનજી ખોદાયને ખાતર એ બધી ગોલા લરઇ હવે મુકી દેવો. મેં ગેઇ કાલે આખી રાત ને આજે આખો દહારો વીચાર કીધોછ ને દીવાની જોતની કાની મને બધુ સાફ સમજ પરી ગીયુંછ."

ખુરસીપર અધેલી પેસી મજેહથી કાફીના સહુરકા મારવા લાગ્યો.

"હમણા આંખ ઉઘારી તાહરે આટલો વખત શું ડોરાપર અંધારી બાંધી'તી કે? તમે લોક બધાને છેક બારમે કલાકે ડાહપણ કેમ સુઝ પરેછ કોણ જાણે! રૂસ્તમ, મારાં પેટનુ ફરજંદ—મારી દીકરી લીલી—પેલી—પેલી તમારી લોકની શેહેરાં બેમાલમ થઈ ગેઇછ તો હવે તેને જવા દે—તુને તો તેનાં તરાકો છે!"

રૂસ્તમે અત્યંત કચવાઇને હાથમાંનુ પ્યાલું જોરથી ટેબલપર અફાળી મેલ્યુ.

"તમે એવી ઘેલી ગાંડી વાત કરવા મને અહીં લાયા હોવો તો કહી દેવો !" તેણે તણાઇને કહ્યું, "મારી લાગણી નો તમારે જગ વીચાર કરવા કરવો જોઇયે."

પેસી તેના ખભાંપર હાથ મેલી ખડખડ હસી પડયો.

"બેસ–બેસ. એમ સેહેજમાંજ ચીકલીસ થઇ જશે, તો આપરેથી આગળ વધાશે નહી તારી ખુરસી આગળ તાણ, રૂસ્તમ. આય ટેરેસ હોલમાં હમણા કોણ ખુતારી મારી શેહેરાનો હક પચાવી બેઠોછ—એ ધન મુલ્લાએ કેવી સફાઇથી તમારા લોકની આંખમાં ધુર છાંટીછ—તેના નાપેકાર બાપે શું ભાગ બજાવ્યોછ—મારી કમનસીબ દીકરી ઉપર શું શું જફા પરીછ—ને હમણા તે બીચારી કાંહ જુલમ ગાર દઇતોના હાથમાં કેદ પરેલી છે—તે હું તુંને બધું સમજાઉંછ. તે ધયાનથી સાંભળ. મારી વરચે ના બોલતો, પોરીયા—હું વાત પુરી કરી રેહું ન પછી જે પુછવુ હોય તે પુછજે."

બે હાથમાં પોતાનું માથું પકડી, ટેબલપર પોતાની કોણીઓ ટેકવી રૂસ્તમ હોઠ બીડીને પેસી મેહેતનું દલદર દાસ્તાન સાંભળવા તઇયાર બેઠો.

* * *

"ચંડાળો !" રૂસ્તમે અચબુચ મોટો પોકાર માર્યો અને ખુરસીપરથી ધરરર દેતો કે ઉઠી ઉભો થયો. ખચીત તેનું મોહો ઉશકેરાઇને લાલચોલ થઇ આવ્યું હતું અને અત્યાર સુધી દબાવી રાખેલા જુસ્સા તેમજ ઝનુનને મારે તેની છાતી ઉંચકાતી હતી

"તમે બેસીને જોયા કરોછ, દારાશાહ—પેસ્તનજી! એ બે દોજખી કુતરાઓ કોઈબી મીનીટે મારી શેહેરાનો જીવ લેશે! હમણા ને હમણા તેને બચાવવી જોઇયે. તમે નહી આવતા હોવો તો હુ એકલો મારૂં ફોડી લેવશ."

"અરે પણ ઘેલા—જરા મારૂં સાંભર તો ખરો. એમ નાણુ તોર કર્યાથી કઈ વળવાનું છે! તું ફોડી લેશે? શુ ફોડી લેશે? કાહ જશે? શેહેરા હમણા કાહ છે? આપુને તેની ખબર હોતે તો હું હમણા અહીં તારી સાથે કાફી પીવા બેસતે વારૂ? બેટી બાપ નાદાન તે નાદાન!"

"તમે નથી જાણુતા? અરે ખોદા—!"

"સબુર કર. દીકરા," પેસીએ હવે માયાંથી નરમ સાદે કહયું, "એમ ઉતાવળો ના થા. જો સાંભર. ધન હવે આપરા હાથમાં છે. મેં ને એ ધને એક છટકું માંડયુછ. એનો મુજી બાપ પેલો કેકાઉસ ને પેલો ડાકટર બરજોર આજ કાલ વગી હાઉ–હાઉ કરતો એની આગળ જશે. તે વખતે ધન ટંડી પરી જવાના ઢોંગ કરશે ને પોતે માહુત થાય તે અગાઉ એક વખત શેહેરાંને નજરે નજર જોવાની જીદ કરશે. કીયે દાહરે ને કેટલે વાગે એ બે જણા ધનને શેહેરાંને છુપાવવાની જગાએ લઇ જાયછ તે અલબત ધન મને વખતસર જણાવશે–પછી એ લોકોની પુઠ પકરીને તે જગાએ પહોંચી જવાનું મારૂં કામ છે"

"ને મારૂંબી કામ છે. પેસ્તનજી, હું કાલાવાલા કરીને માગી લેઉંછ કે મને તમારી સાથે રહેવા દેજો."

"તે તો ખરૂં—પણુ આય કંઇ બચે બાલિકા ખેલ નથી. કેકાઉસ મુલ્લાંના ગુફામાં જઇને તેની દાહરી પકરવાનું કામ શુ છે તેનો તુને ખ્યાલ નહી હોશે."

"પુરેપુરો ખ્યાલ છે. હું બધો જોખમ લેવા તઇયાર છેઉ."

"ઓલ રાઇટ, એક કરતાં બે ભલા અલબત આપરે એકુબે બીજા ખાતરીદાર માણસોની સાથે પુરતી તઇયારી-માંજ જશું. જીવપર આવેલો એ જંગલી હેવાન શું કરે તે કાંઇ કહેવાય નહી—ને તેમાં મારાં લોહીનો તો તે તરસ્યોજ છે. આટલું છતાંબી જો તારી હીમત હોય———"

"બસ—બસ, મારે વધારે સાભરવું નથી. મારી ડારલીંગને ખાતર હું નાપાક સેતાનની સામેબી થવાને તઇયાર છેઉં"

"ઠીક તાહરે! હું તુને જણાઉં તે વખ્તે તઇયાર રહેજે પણ હા ખરા—રૂસ્તમ, એક સરત છે. કેકાઉસને ને બરજોરને તું ગમે તે કરજે પણ આય ધનના બાલનેબી અલવલ આવવા હું દેવાનો નથી—પછવારેથી વાંધો નહી પરે."

અચરતીથી ડોળા ઉઘાડી રૂસ્તમે પેસી મેહેતાના જમાને ખાધેલા ચેહેરા તરફ ધારી ધારીને જોયા કરયું. ધનને માટે ઉપર પ્રમાણે જયારે પેસીએ સરત જાહેર કરી, ત્યારે ખુલ્લી રીતે તેનાં મ્હોંડાં ઉપર એક અજબ જાતનો જુસ્સો પ્રગટી નીકળયો હતો. પણ પેસી રૂસ્તમની ગુચવણ અને અજાયબી પામી ગયો.

"રૂસ્તમ," તેણે ધીમેથી કહયું, "તારા દીલમાં હમણા શું પસાર થાયછ, તે તાહરા મોહનાપર ખુલ્લું દેખાયછ. છોકરા રે, હવે દુનીયાદારીનો વીચાર કરવાનો વખ્ત મારે વાસ્તે રહયો નથી. એક સમો એવો હતો, દીકરા, કે જાહરે આય ધનને વાસ્તે મારી છાતીમાં કંઇ થોડાઘણો ઉભરો હસ્તી ભોગવતો'તો—તેજ જુસ્સો કે જે હમણા તારાં હૈયાંમાં શેહેરાંને વાસ્તે ભરાયલો છે—પણ આહ! તકદીર મને ત્રાસવલ વરસો સુધી ધસરી ગેઇ. અમે લોક વીખુટા પરયાં—

ને પાછાં મળીયે તેટલાં તો એજ ધનના પાપી બાપના હાથમાં મારી પોતાની પેટેજણી દીકરીને સપરાવલી મેં જોઇ. ધનબઇ મુન્લાં બાઇજીને ટેરેસ હોલનાં શેઠાણી થઇ ચમન કરતાં મેં જોયાં! નાસીબની આવી એક છક્કરથી હું નહી ધરાયો—મને પાછો અવર સુઝી અચીત મારામાં કંઇ દીવાનાપણાનો અમલથીજ સેહેજ અંશ હોવો જોઇયે, નહી તો શરૂઆતથીજ મારી જીંદગીની બરબાદી હું એમ નહી કરતે——મારી વહાલી લસી—મારી પેહેલી ધણીયાણી—ને તેના ફુલ જેવાં બચ્ચા બાબીને છોડીને ચાલી ગીયો નહી હોતે —ને અરે- છતાં ઉંધારા ડોરાએ રતી પથકી સાથ બીજી વખતના લગન કરીને અંધારા ગારમાં મેં ભુસકો મારીયો નહી હોતે."

પેસીએ ગોળ મારબલની ટીપાઇ ઉપર બે હાથો નાખી તેમાં પોતાનું મોહોડું ઢાંકયું. એકાદ મીનીટ તદન ચુપચાપ વચે ગઇ. એકાએક રૂસ્તમે પેસીને ખભામાંથી પકડી જોરમાં હલાવ્યો.

"પેસતનજી!"

પેસીએ ડોકું ઉંચકયું અને ખુરસીપર તરો બેઠો.

"કેમ?"

'તમે બીજી વખત પાછાં કોણ સાથ લગન કીધાં!— રતી પંથકી સાથ?—એ તમે હમણાં શું નામ બોલ્યા!"

"હા, રતી પંથકી સાથ—પેલા તાહરા દોસ્તદાર મેહેરજીની બીત્રાઇ બેહેન સાથ—આયજ ચંડાળ ચશમચોર બરજોર પંથકીની સગી બેહન સાથ. પણ કેમ, તુ એટલો બધો અકરઇ કેમ જાયછ? તેં અમારાં લગન સુરતના પેપરમાં વાંચ્યાં કેની?"

ઉત્તર વાળવાને બદલે રૂસ્તમ ઉઠીને ઉશકેરાયલે જીવે ઓરડામાં આંટા મારવા લાગ્યો. બેએક વખત એક નાકેથી બીજે નાકે મોટી ફલાંગે ચાલવા પછી તે પાછો પેસીની સામે આવી ઉભો.

"મેં નહી વાંચ્યું ને—ને કોઇએબી નથી વાંચ્યું. તમે રતી પંથકી સાથ પરણી ગયા? પરવરદેગાર—એ હું શું સાંભરૂંછ! પણ તે કાહ છે—એ રતી હમણા કાંહ છે? તે તમારી સાથે કરાંચીમાં છે કે?"

"ઓ—તમુ લોકને કંઇજ ખબર નથી? અજબ જેવું! રૂસ્તમ, તાહરનો હું તાહરે મારા કીસમતના દગાની વાત તુને શું કેહુંછ? ધણીઆણીનું સુખ મારી સરજતમાંજ નથી. અરે શું કેહું—રતી પથકીને હુ પણ્યો ને તેજ દાહરે તેજ ઘરીએ તે અભાગણીએ મને હડધુત કરીને પોતાની આગળથી હાંકી કહાડ્યો. બસ તેબી મેટ થઇ ગેઈ ને હુંબી મેટ થઇ ગીયો. તેનાં માય મરી જતાં'તાં, એટલે એ છોકરીનું ભેજું ખીસી ગીયું! હું જાહરે થોરા દાહગ રેહીને પાછો તેની આગળ આયો તાહરે તેનાં માય સુનાબઇ ગુજરી ગયલાં ઉતાં. ચાર લોકના દેખતાં એણે મને—પોતાંના પરણેતર ધણીને—કુતરાની કાની હારમાર કરી હાંકી કહાડવા માંગ્યો. રૂસ્તમ, એને હહીયે પેલો તારો દોસ્તદાર મેહેરજી ચહરી આયો. અક્કલ બાજુ મુકી દુનીયાદારીનો કાયદો ભુલી જઇ એ ખરેખર દેવાનીની કાની વાત કરવા લાગી, ને મારૂંબી માથું ફરી ગીયું. અમારી બેઉની વચ્ચે મોટી મારા મારી થઇ. ઉશકરાઇને એ છોકરીએ મને બરતું લેમ્પ છુટ્ટું માર્યું ને હું લોહીલુવાણ થઇ ભોંયપર બેભાન પરીયો. જાહરે મારી શુદ્ધી ઠેકાણે આવી તાહરે આખી ધરમશાળાને આગ લાગેલી ઉતી—"

પેસી મહેતાનો સાદ અહીં ગગળી પડયો. રૂસ્તમે તેને બાજુમાંથી કકડાવીને પકડીને હલાવ્યો

"પછી? પછી શું થયું?—જલદી બોલો!"

"પાછી શું બોલું?" પેસીએ અસંત તુટેલાં જીગરે આગળ ચલાવ્યું, "મે મારી નજરેનજર એ નસીબની ફુટેલી રતીને આગમાં બરીને કાલી ઠણક મારી ગેયલી જોઇ. હું ઘેલો દેવાનો બનીને યાહોમ ટ્રાવેલર્સ બંગલો તરફ ધસ્યો—તાંહ મારી શેઠેરાંને મેં ઉતારેલી ઉતી, કારણ કે ધરમશાળામા અંગ્રેજ મડમને ઉતારવા તે લોકોએ ના કેહયુ. હું તાહ ગીયો, તો મારી શેઠેરા ગુમ થયલી ઉતી! પછી કોણ જાણે શું થયુ તે હવે મને યાદબી નહી. મને કઇ એમ યાદ છે કે હુ તદન મેટ જેવો રાતો રાત કોણ જાણે કાંહ જવા નીકરી પરીયો ને છેક કેટલે દાહરે રખ-રતો પખરતો અફરાતો ઠોકાતો અહીં કરાંચી પાછો આયો."

બારીની બાહેર અંધારી રાતમાં ડોળા ફાડીને આસમાન પરના તારાઓ ગમ ટીકયા કરતો રૂસ્તમ તો સાવજની પેઠે અકડી ઉભો હતો.

"રતી પંથકી મરી ગેઇ?" તે એમનો એમજ ઉભો રહી ખોખરા અવાજે મોટેથી બડબડયો. "રતી પંથકી તારી બઇરી! મરી ગેઇ! મારા ખોદા—મારૂં મગજ તો નથી હમણા ખીસી ગીયું? કે હું આય કઇ સપનો જોઉંછ? અરે, મેહેરજીને એ વાતબી હું કેમ કહેવશ! પુઅર બોઇડ મેહેર! આય ખબર સાંભળીને એ તો પછરાઇજ જશે—

પેસીએ લોહીનો એક ગોટ મળ્યો. એજ એજ મેહેર-જીને ખાતર રતીએ તેને હીણીને હરકાટી કહાડયો હતો!

દાંત પીસીને નીચી મુંડીએ તેણે ત્યાંથી ચાલવા માંડયું બારણાં સુધી ને ભાગ્યે પુગ્યો હશે કે ત્યાં અચબુચ અટકી ઉભો—

"રૂસ્તમ, એ મેહેરજી પંથકી હમણાં કરાચીમાં છે કે?'

"નહી, આજે સાતેક દાહડા થયા અહીંથી કોણ જાણે કાંહ જતો રહયોછ. એ રતી પથકીના વીચારમાં ને વીચારમાં ઘેલો દેવાનો જેવો બની ગીયેલો ઉતોજ તેમાં તે દાહડે મ્યુનીસીપાલ સેક્રેટરીને તાંહની પાર્ટીમાં પેલા એના કઝીન ડા૦ બરજોર પંથકીની બૈરી રીક પરી ગેઈ તાહરથી————"

"બરજોરની બૈરી! બરજોર પરણ્યોછ—શું?"

"હા—ખુદા માલમ એની વાઈફને તે રાતે શું થઇ આયું! ને તે ઘરીથી મેહેરનેબી શુ ભુત ભરાયો તે આજ સુની હુ સમજી શકતો નથી હમણાં કંઈ ઘરેહજ પાધરા નથી, પેસ્તનજી. આય રતીને વાસ્તે તમે મને શું સનાનના સમાચાર કેહયા—તોબાહ! કેવી રમકરાં જેવી છોકરી ઉતી! મેહેરની આગળ એ વાત કહેતા મારી જીભ બરી પડશે. કેતું અજબ જેવું કે હજુર અમુ લોકને એ બધી મોહકાણનો સસારોબી સંભળાયો નહી! આહ, હું ઇચ્છુંછ કે એ હમણાં અહીં હોતે!"

પેસી મેહેતાએ બે ત્રણ પળ ડોળા કાહડીને રૂસ્તમના ગમગીન મોહડાં ગમ ટગર ટગર જોયા કીધું અને પછી ઝપાટામાં કોર મંડી ત્યાંથી સલામ અકરામ કરવા વગર ચાલી ગયો.

પ્રકરણ—પર મું.

"હું-રતી પંથકી!-અસ્તક પોતે!".

કહે છે કે વખત કોઈના સગા બાપને માટેબી થોભતો નથી—પણ રૂસ્તમ મુગાશેઠને મનથી આ સીધ્ધાંત શર-ગામ ગલત હતું. તેને પોતાને માટે તો કમબખ્ત વખત એવો અડીયલ બની બેઠો હતો કે પોતાના પીત્રાઈ પેસી મેહેતા સાથની છેલ્લી મુલાકાતને ચાર દહાડા વહી જતા તેને ગળે છરી ફરી આવી હતી

ચાર દહાડા! ઉપલા પ્રકરણમાં વરણવેલા બનાવને ચાર દહાડા—પથર જેવા ચાર આખા દહાડા—પસાર થઈ ગયાં હતા. રૂસ્તમને તે કેવા પહાડ જેવા ભારી લાગ્યા, તે તો રૂસ્તમનોજ જીવ જાણે. પીત્રાઈ પેસીને તો રોજ સવાર સાંજ તે મળતો હતો, પણ પેલી ધન તરફનો પેગામ હજી આવ્યો નહી હતો. હજી બદકાર કેરાઉસ મુલ્લાંને શીશામા ઉતારવાની તાલ બેસી શકી નહી હતી નાકના દાંડા આગળ પોંતાના જીગરની મુરતી પડેલી હોવા છતાં પોતે તેણીની મદદે પહોંચી શકતો નહતો એ ખ્યાલથી આ જવાનનુ રોજ અડધો શેર લોહી સુકાઈ જતું હતું. કાંઈબી ઉછાછલુ પગલું ભરી પોલીસને ચોંકાવીને ઉતાવળ નહી કરવાને પેસીએ તેને ખુબ ચાંપીને તાકીદ કરી હતી—એટલે એક છટકામા પકડાયલા ઉંદરની પેઠે રૂસ્તમ આખો વખત પોતાના ઘરમાં ગોંધાઈ રહી, જીવ સાથ મુઝાયા કરતો હતો અને ઘરના માણસો સાથ છીંટાંછબતરાં શોધયા કરી બાઉં કરડું જેવો બની ગયો હતો. એનો એકવારનો ભરેલો સોહોવામણો ચેહેરો તદન સોહરાઈ જઈ આંખમાં ખાડા પડયા હતા.

આજે બપોરે તે પોતાનાં મકાનના વરંડા ઉપર ઈઝીચેરપર પડયો પડયો એના એજ વીચારમાં પોતાના કીસમતને દોષ

રહેતો હતો. પોરપરાક પોળે દીવસે તેના નાઢાં સામે ધન મુલ્લાંની મહાભારત ઠગાઇ ચાલુ રહેલી હતી—નકરે નાકે પેલો હરડતો બદમાશ કરાંચીમાં પોલીસની નજર છટકાવી લેહર ઉડાવતો હતો. ગરીબ કમનસીબ ચેહેરાંને હક પચાવી નીર્દય પાપીઓએ તે બીચારીને જીવતી મારેલી હતી એમ તેને બરાબર માલમ હતું—અને તે છતાં એક તુકારો બા કહાડવાને કે આંગળીબી ઉંચકવાને તેની મગદુર નહી હતી.

બીજવાઇને રૂસ્તમ નીચે કમપાઉંડમાં ઉતરી પડયો અને પોતાનું તપી આવેલું મન જરા શાંત પાડવા આમથી તેમ લટાર મારવા લાગ્યો. એક ગમથી પોતાનું દુઃખ અને બીજી મેરથી આએ મેહરજીનો વીચાર! આજે ખાસ કરી રૂસ્તમ મુગાશેઠનો જીવ વધારે ઉશકેરાયલો હતો કારણ જે વખત જાય છે તેમ તેના ઘરમાં એક એવો પરોણો આવી ઉતરનાર હતો કે જેને મળવાને તે જેટલો આતુર હતો તેટલોજ એ મેળાપના વીચારથી ગભરાટમાં હતો. ગઇ કાલે સવારે અચબુચ આવી લાગેલા ટેલીગ્રામે તેને કંઇ નહી સમજ પડે એવી બેચેની અને ઉદાસી—કંઇ અજબ જાતની અકડવકડ અને અકળામણ–માં મેલી દીધેલો હતો. તેણે પોતાના બદીઆનના ખીસામાંથી તે ગઇ કાલના તારનું કાગલ ખેંચી કહાડયું અને તેની ઘડી ઉખેડીને પચીસેકમી વાર પાછું વાંચ્યું:—

મેહેરજી પંથકી

રૂસ્તમ મુગાશેઠને તરફથી

કરાંચી મહાબલેશ્વરથી.

"અમે મહાબળેશ્વરથી ઉપડી ચુકાંછ. આવતી કાલે બપોરના કરાંચી આવી પુગશું. બે દહાડા ઉતારો આપવાની મેહેરબાની કરજે. પછી મુંબઇ જવાના છીયે."

રૂસતમની છાતી ઠડક ઠડક થતી હતી. મેહેરજી અંતે આવતો હતો. તારપરથી જણાતું હતું કે જરીબી સાથે આવતી હતી.

"ગરીબ બીચારો મેહેર !" રૂસ્તમ એક નીસાસો નાખીને બોલ્યો, "મહાબળેશ્વરથી રાતો માતો થઇને આવેછ ખરો—પણ મોહોકાણના સમાચાર સાંભળીને બધું લોહીપાણી મેળવેલું અત્તરૂં નીકળી જશે ઓય આવી લાગશે—ત્રેન દોહર વાગે આવેછ ને હમણા એક ને દશ થઇ! બાપરે! એને આય દલદર વાત કહેતાં મારી જીભજ કેમ ઉપડશે?"

ઢીલોઢચ બની રૂસ્તમ પાછો પોતાની ખુરસીપર જઇને ઝીખાયો અને આખો ઉપર પોતાનો હાથ ઢાકી નસોસ જેવો પડી રહયો. છેલ્લી બે ત્રણ રાતના ઉજાગરાને લીધે તેને હવે ઝુકણ આવતી હતી.

કેટલો વાર સુધી તે આમ આંખ ઢાંકીને સુઈ રહયો હશે તે કહેવાઈ શકાતું નથી. અડચકરી ઉંધની અંદર કંઇ તરેહવાર સ્વપનાઓ જોતો તે ઢગલાની કાની પડેલો હતો—અંતે તેમાંથી તે ગાડીનો મોટો ખખડાટ સાંભળીને ઝપકી ઉઠયો. કમપાઉંડની અંદર એક ભાડેની ઘુમ ગાડી ધમધમ કરતી દાખલ થઇ અને પોર્ટીકામાં આવી ઉભી—અને હજી તે રૂસ્તમને આખ ચોળી ખડો બેસવાનો વખત મળે તે અગાઉ બારણું ઉઘાડી હસતે મુખડે અંદરથી મેહેરજી બહાર કુદી પડયો.

છલાંગ સમેત ઉઠી રૂસ્તમ પોતાના વહાલા દોસ્તને મળવા દોડયો અને ખરા હરખથી તેને શેકહેંડ કરી.

"રૂસી ડીઅર, મારો તાર મળયો કેની ?"

"હા મળયો—તું આયો તેથી હું કેવો ખુશ થયો !—હલ્લો, જરબાઈ, સાહેબજી !"

બ્રુમમાંથી મેહેરજીની પાછળ જર ઉતરી, તેનેબી રૂસ્તમે ખુશીથી શેકહેંડ કરી. ટુંક મુદતમાં મેહેરજી અને જરના મોઢાં પર ફક્કડ લાલી આવેલી હતી. તેમાં મેહેરજીનો ભરેલો ચેહેરો અને તેને થયલો ચેન્જ જોઈ રૂસ્તમ વઢીક બેધડીતાજુબ થયો.

રૂસ્તમ એ બે જણાના મોઢાગમ જોવાંમાં એટલો તો ચકચુર હતો કે બ્રુમમાંથી ત્રીજું કોણ ઉતર્યું તે તેણે દીઠું નાહી. પણ મેહેરજી ખુબ ગેલમા હતો. તેણે રૂસ્તમને કમરમાંથી પકડી ખુશ મીજાજથી પાસામાં ચાંપયો.

"મને 'કોનગ્રેચ્યુલેટ' કર દીકરા," તે ઘણાં ખુશાલ દીલે બોલ્યો. "મારા મનની મોટામાં મોટી આશા પાર પડીછ—ને હવે હું ખરેખરો સુખી છેઉં. અમે ચાર દહાડાની વાતપર મહબળેશ્વરમાં પણયાં. રતાં, રૂસ્તમને મળતી નહી કે ?"

"સાહેબજી, રૂસ્તમજી, કેમ છેઓ ? કંઈ ગરીબની ગમ જોતાબી નથી !"

રૂસ્તમે આસ્તેથી ડોકું ફેરવી પછવાડે જોયું.

" રતનબાઈ !"

રતી પંથકી ત્યા હસ્તે મુખડે શેકહેંડ કરવા હાથ લાંબો કરીને ઉભેલી હતી. એક છાકટા આદમીની પેઠે લપેરો ખાઈ રૂસ્તમ બે ત્રણ ડગલાં પાછળ હઠી ગયો અને જબરી સમેત સમેત ધમ્મ દેતો ત્યાં મેળેલા લાકડાંનાં બાજટપર ઢપકાઈ પડયો.

પ્રકરણ—પર મું (ચાલુ.)

અયાત્નાશીનો સંદેશો.

રતી! કે રતીનો ભુત!'

ભોંયપર ચીભરાંની કાની અફળાઇ પડેલો રૂસ્તમ બાપડો ખરેખર કાઠીજ ગયો હતો તેની છાતીમા એક જાતની નહી સમજ પડે તેવી ગુંચ ભરાઇ આવવાથી તેનું મહો એવુ ફિજણું સપ મારી ગયુ હતુ કે મેહેરજી, રતી અનેઝર ભી ગભરાઇ ગયા.

મેહેરજી તાબડતોબ પોતાના મીત્રની આગળ ગુડણ મંડીયે બેસી પડયા—

"રૂસ્તમ! શું છે? એમ શું કરેછ?" તેણે અફળાઇને પુછયું.

રૂસ્તમે પોતાકા કપાળપર જોરથી હાથ દાબ્યો અને લડ-ડતો પડતો ઉઠી ઉભો થયો.

"એક્ષસ્યુઝ મી!" તેણે જેમ તેમ તુટેલે અવાજે કહયુ. "બે દાહરા થયા મારી તબીયત જરા ઠીકજ નથી. હમણા મને——લેવો, માયજી દીનુબી આયાં! માય, એ લોકને અંદર લઇ જાવો. ને દીના તું જરા મેહરજી સાથ વાત કર—હું થોરા વખતમાં પાછો આવુંછ—"

આટલું બોલતાં સમેત રૂસ્તમ ઝપાટામાં ત્યાંથી જતો રહયો. ભબરાઇને ત્યાં એકમેકનું મોહડું જોતા ઉભેલા પાંચો જણાને જરા કાંઇ સવાલ પુછવાનોબી તેણે વખત આપ્યો નહી. તેના માય અને મેહેરજી પુઠે ઝડપમાં માળપર ગયા—પણ તેઓ તેના ઓરડા સુધી પુગે તે અગાઉ તો રૂસ્તમે અંદ-રથી બારણાને કળ મારી દીધી હતી.

મેહેરજીએ બારણું ઠોકી ખખડાવીને ઘણાબી કાલાવાલા કર્યા, બુમ પાડી, ચીરડાયો—રૂસ્તમના માયે ગમે એટલાબી

કલ્લા કર્યા—પણ વ્યર્થ ! બારણાની બાહેર ચાલમા બ
જણાં ગભરાઇને એકઠાં થઈ ઉભા હતાં. દીનું રડવા જે
થઇને રતીના પાસામાં ધ્રુજતી ભરાયલી હતી. રૂસ્તમ
બીચારાં માય તો સાવજ જેવા ખુરસીપર ફસડાઇ એર
મેહેરજીની ગમ દયાજનક રીતે કરગરીને જોયા કરતાં હત
મેહેરજી કરેલી શું ! રૂસ્તમ બારણું ઉઘાડતો તો રહ
પણ અંદરથી જરા જવાબલી આપતો નહી હતો. બા
ઘૂંસી જબરદસ્ત રાથોડી હતુ અને તે સેહેલાઇથી ભાં
નાખવાને બને એમ હતું નહી. લાઇલાજ વીહલે મો
પોતાના તરેહવાર ભયંકર વીચારોમાં લીન બની મેહર
અદબ વાળી દીવાલને અઠીગી મુગોમંતર ઉભો રહયો.

એ રૂસ્તમ એમ શું કાંઇ મેડની માફક આજે પે
કહાડતો હતો ? છેલ્લે છેલ્લે તેની તબીયત—તેના બ
ચેનચાળા—બરાબર હતાજ નહી; પણ આ તો વળી વ
છેકજ હદથી ગઇ ! સઘળાંઓના પેટમાં કાંઇ નહી વર્ણ
શકાય એવી ફાળ પડી હતી.

* * *

પા કલાક એક જાતની ડરામણી ગુપચાપ વચ્ચે ચા
ગયો. ઓ, કેવી કંગાળે પંદર મીનીટ સઉ કોઇના હરદ
પરથી પહાડ જેવી ભારી પસાર થઇ !

આખરે બારણાની કળ અંદરથી ફરવાનો સાદ આવ્યે
બાહેર ડઘાઇને થંભ થઇ ગયલાં પાંચે જણાને માટે
અવાજ ગોયા બેહેસ્તના મીઠા સરોદનો સાદ હતો. રૂસ
મને જીવતો પાછો સામે ઉભેલો જોઇને તે બીચારાંઓ
ઉડી ગયલો જીવજ જાણે પાછો બદનમાં આવ્યો. પે
સુખીમાં નહી પણ જાણે ઉંઘમાં ચાલતો હોય તેમ ધ

કદમે બાહેર ચાલી આવી રૂસ્તમ એક બોલ બોલવા વગર મેહરજીની આગળ ગયો.

"મેહર! મને કંઇ સુઝ નહી પરતું," તે મીનન્તજારીથી ગળગળી પડયો, "મારૂં માથું ફરેછ. તમે લોક ગભરઇ જાઓછ તે હુ સમજુછ—પણ હું શું કરૂં?——"

મેહરજીએ પોતાના પ્રીય દોસ્તનાં ગળાં આસપાસ હાથ નાખી તેને ખરા વાહલથી નજદીકના કોચપર બેસાડયો.

"રૂસી! પણ છે શું? મને બી નહી કેહતો?" નારાજ થઇને અત્યત ગમગીન સાદે તે બોલ્યો, "જો, તારાં બીચારા માય તાહરના કેમ ધ્રુજેછ. જરા તું બોલે તો સમજ બી પરે–"

"પણ શું બોલુ? અરે, હું ઇચ્છુંછ કે હું બોલી શકું. નહી માય—એમ ગભરાવો ના; હું સારો કાની છેઉ. મને જરા વીચાર કરવાને વખત જોઇતોતો તેથી હું અંદર ભરાઇ રહયો—મને માફ કરો, મેં તમારા લોકનો ખ્યાલ નહી કીધો. ચાલ. દીના—એમ ચેરાં ના કાહર. રરેછ શાની?'

રૂસ્તમને આમ હુશીયારીમાં આવેલો દેખી સઉના રંજીદા બનેલા જીવ પાછા શાંત થયા. દેખઇતો રીતે રૂસ્તમ જે પહેલા કાઇ અસાધારણ જાલમ ઝટકાથી ગુંગળાઇ ગયો હતો તે ઝટકો હવે પુરો થયલો હતો. કોણ જાણે શુ ઓચીંતી ધાસ્તીને મારે થોડા વખતની વાતપર તેનો ફગલાઇને ફીકો મારી ગયલો ચેહરો હવે પાછો અસલની માફક સમાધાન બન્યો હતો.

મેહરજીએ તેની ફેંટ પકડીને ખરેખરા આગ્રહથી સવાલોપર સવાલ નાખ્યા—પણ શોકાતુર રીતે મુછમાં સેહેજ હસ્યા કરીને રૂસ્તમે બસ તેને ઉડાવ્યાજ કર્યો. તેની નફથી

કાંઇ પાધરો સીધો ખુલાસો મેળવવાની સઘળાઓની દરેક વેતરણ પાણીમાં ગઇ. રૂસ્તમ તે દહાડે ખરેખરજ એક ભેદ ભરેલો માણસ થઇ પડયો હતો. જયારે તેનાં માયે ઘણીજ જીદ કરી પુછ પુછ કર્યાજ કર્યું ત્યારે રૂસ્તમ ચીરડાઇને તેવણ સાથ તણાઇ પડયો આ પછી તેને વધા છેડવાની કોઇએ હીમત કરીજ નહીં.

* * *

બપોરની સાંજ પડી ને બધું પાછું વગેસગે થઇ ગયુ હતુ. બધા જણાનો જીવ અંદરખાનેથી ઉચાટ તો હતોજ —પણ બપોર વાળી વાત નવેસરથી છેડવા વાઉ કોઇ જાણી જોઇને અખાડા કરતુ હતું. સુમારે સાડાછ વાગ્યા હશે ઝળકળું પડવા માંડયું હતું. મેહરજી લાઇબ્રેરીમા સોફાપર અરડાઇ કાંઇ ઇંગ્રેજી ચોપાન્યું વાંચવામાં મશગુલ હતો. દીનુ ને જર બાહેર બગીચામાં એક બાજટપર બેસી કોણ જાણે સાડીની એક કોર સાથ કયારના શું હાણ્યા કરતાં હતાં. રૂસ્તમના માય રાંધણીમાં રોકાયલાં હતા. ડ્રોઇંગ રૂમમાં એકલી ગતી કાઇ ભરવાનુ લઇને આખ્યો તાણતી હતી. બતી થવાને જરા હજી થોડો વાર હતો. રૂસ્તમ કોણ જાણે કયાં ભરાયલો હતો જયાં સર્વ કોઇના દીલ હલકાં નહી હોય ત્યાં ભેગાં મળીને બે ઘડી સુખ દુઃખની વાત કરવા તે શું ગમે?

નીચી મુંડીએ ટાંકા મારતી રતી બેઠેલી છે તેટલાં બાજુએથી અચબુચ કોઇનો ઘાડો સાદ સાંભળી તેણી બીહને એવી ચોંકી પડી કે હાથમાનું ભરવાનુંબી છટકી નીચે પડી ગયું. પાસે રૂસ્તમ પીઠ પાછળ બે હાથ કરી ઘણાજ ગંભીર મોહોડે ઉભેલો હતો.

"રૂસ્તમજી ! ઓ—હું એવી બીહધી."!

"હું કહારનો તમારી સાથ એકાંતમાં કંઈ ઘણીજ ખાનગી વાત કરવાની તક શોધુછ. આખરે તમે મને એખલા મળ્યાં —હવે મને રજા આપો તો કેહું. હું જે બોલવા ચાહુંછ તે તમારી આગળ કહેતા મારા જીવપર છરી ફરેછ, રતનબઇ —પણ બોલયા વગર બીજો છુટકોજ નથી."

હાથમાંની સઘળી જણસો બાજુએ મુકી દઇ રતી ઝટ ઉભી થઇ અંધારામાં રૂસ્તમે જોયુ નહી કે તેણીનું મોહડું એક સપાટામાં તદન ઉતરી ગયું હતું.

"ઓ માયરે ! એમ શું ગભરાવોછ, જો!" તેણીએ અકળાઇને જેમ તેમ જવાબ દીધો, "કેહી દેવો, જલદી –શું છે?–મેહરજી કાંહ છે?——"

"મહેરજી અંહી પાસે લાઇબ્રેરીમાં વાંચેછ. તેને હું આય વાત કેહવાનો કાહરનો વીચાર કરૂંછ—પણ–હીમતજ નથી થતી. રતનબાઇ, હું મારા જીગરથી દલગીર છેઉં—મારે તમુને એક એવી વાત કેહવીછ કે જે——આહ! હું કેમ તે તમુને કેહું? ઓ ખોદા! હું ઇચ્છુંછ કે હમણા આય નેહસ્ત ખબર તમુને કેહવા હું જીવતો નહી હોતે."

રતી બીચારી રડવા જેવી થઇ ગઇ. રૂસ્તમ તેણીને શું સનાનના સમાચાર કહેવાનો હશે તે વીશે તરેહવાર ભય-ભીત બીહામણા તુરંગો તેણીનાં માથાંથી વીજળીની ઝડપે અરધી મીનીટમાં પસાર થઇ ગયા.

"શું છે? જલદી કેહી દેઓની!" તેણી કગળી પડી, "મને ટવળાવો ના—મારો જીવ જાયછ ને આવેછ—"

રૂસ્તમે પોતાની આંખ્યોપર હાથ ઢાંકયો.

"જરા ધીરજ ધરો. રતનબાઇ, કંઈ નહી તો મેહેરજીને ખાતર તમુને હીમત રાખીને સાવચેતીથી કામ લેવુ જોઇયે. સાંભળો હું તમુને ઘણીજ ગમખાર ખબર કેહુંછ—પણ તે પહેલાં મને વચન આપો કે તમે હમણાને હમણા ઓધીયારાં નહી કરી મેલશો."

બીચારી રતી! શું વચન આપે? ધપ કરતી કે તેણી ખુરસીપર ઢપકાઇ બેસી હરણફાર જેવી રૂસ્તમ ગમ ફાટે ફાટે ડોળે જોયા કરવા સીવાય તેણી વધારે શું કરી શકે નેતરની પેઠે થર થર ધ્રુજતી તે નસીબની લીલી છોકરી ત્યાં તાટ થઇને મુંગી બેસીજ રહી.

સાહીને ગોટ ગળી હળવેથી રૂસ્તમ તેણીની પાસે બેઠો અને અત્યંત માયાથી દીલાસા ભર્યા સાદે બોલ્યો.

"શું કામ એટલાં બીહોછ, બેહન? એમ હમણાથી હીમત હારી જશો તો કેમ થશે? ગભરાવો ના—હું તમુને મારી બનતી મદદ કરવા તૈયાર છેઉં. જોવ રતનબાઇ—હુ એવો ઠરાવ મન સાથ કરીને અહીં તમુને કહેવા આયોછ કે મારે મોહનેથી તમે મારી કમનસીબ વાત સાંભળો તેના કરતાં તમે નજરે નજર જોઇને ખાત્રી કરો. પછી શું રસ્તો લેવો તે આપરે નક્કી કરીશું. કદાચ હું એ વાતને જેટલી ગંભીર ધારૂંછ તેટલી બધી છેક ગંભીર તમે તેને નહીબી લખો એ બનવાજોગ છે."

રૂસ્તમ આટલા સખુનો એવી તો મમતાથી બોલ્યો કે રતી જે અત્યાર સુધી છેકજ દબાઇ ગઇ હતી તે હવે જરાટ ટાર થઇ.

"મારા નસીબમાં જે હોય તે ખરૂં! તમે શું કહેવા માંગોછ તે મને કેહી દેઓ— હું ખરાબમાં ખરાબી ખબર સાંભળવા તૈયાર છેઉં."

"મને માફ કરો. આજેજ રાતના તમે પોતે તમારી નજરે નજર ખાત્રી કરી લેવો—એટલું હું માંગી લેઉંછ. આજે ચાંદણુની રાત છે. રતનબાઈ, દીનાને મેં સમજાવીછ કે ક્ષુમ ગાડી જોરાવી બાહેર ચાંદણીમાં ફરવા જવાને વાસ્તે ખાધા પછી તૈયાર થાય. દીનુ તો મારી ડાહી દીકરી છે—જેમ હું કેહુંછ તેમ કરવા ખુશી થાયછ. એ તમુને સાથે જવા કેહ તો તમે હા કેહજો."

રતીએ કળવાઇને બે હાથ જોરથી જોડયા—

"કાહ જવાનુ છે?"

"ટેરેસ હોલ'માં—દીનુ તે જાણેછ. તાંહ હું ચાલતો નીકળી આવશ, ને 'ટેરેસ હોલ'ના બગીચાના દરવાજાપર તમુ લોકને મળશ. મેહેરજી હાકી ગયલો છે તેથી એ બાઇને જરૂર સુઈ જશે, ને જો આવવા માંગશે તો હું એને કંઇબી કરીને ઉડાવશ જરઆઇ તો મારાં માયજીની આગળ રેહશે—કારણ તેવણ નહી તો એકલાં પરી જાય. ચાલો—મેહેરજી આવેછ, હુશીયારીમાં રેહો, રતનબાઇ. ખોદા સઉનું સારૂં કરશે."

આટલું બોલી ઝટ રૂસ્તમ ત્યાંથી ચાલ્યો ગયો આણી-ગમ તે ડરોઇંગ રૂમમાંથી નીકળી ગયો કે બીજી મેરથી મેહરજી લાઇબ્રેરીમાથી અંદર આવ્યો. હોલમાં લાસ્ટ થઇ ચુકી હતી. રતાંને પુતળાની પેઠે જડ થઇને એક બાજુ બેઠેલી જોઇ તે ઝડપમાં તેણીની આગળ જઇને બેઠો.

"ડાયર—એકલી અહીં કાંય બેસી રેહીછ?" તેણે અચ-રત થઇને આસ્તેથી પુછયું.

બસ હવે હીમત અને ધીરજનીબી હદ આવી રહી હતી. રતી ગમે તેવી દ્રઢ મજબુત મનની હતી—પણ આખર કરે

ને એક નાજુક અબળાજ હતી. મેહેરજીના સવાલનો જવાબ દેવાને બદલે તેણીએ એકાએક તેના ગળાં આસપાસ પોતાના બે હાથો વીંટાળી દઈ તેની છાતીમાં માથું દાબી ડચકાં ખાવા માડયા—

"મેહર! હું શું કરૂં!—મને પેટમા ધ્રસ્કો ધ્રસ્કો પરેછ!—"

"રતાં—ડારલીંગ! એમ ચેરાં શુ કાહરેછ!"

"નહી, મેહેરજી તુ મને વચન આપ—મને ખાત્રી આપ—કે ગમે તે બી થાય તોબી તું મને છોડશે નહી!"

મેહેરજીએ ભડકીને પોતાની રડતી બીબીના હેબતાયલા ચેહરા ગમ જોયું અને તેણીની કમર આસપાસ હાથ નાંખી જોરથી પોતાના પાસામાં ચાંપી તેણીના ઠંડાગાર કપાલપર એક કીસ લીધી—

"રતી!" તે અકળાઈને ભરાયલે સાદે બોલ્યો, "મારા જાન! એ શું ઘેલાં કાહરેછ! તુને છોડી દેઉં! કંઈ તારૂંબી માથું ફરી ગીયુ કે શું? એ તમે બધાં જણાને આજે થયુછ શું? ચાલ—મારી સાથ જરા બાગમાં ખુલ્લા હવામાં ફરી આવ, કંઈ બીજી ત્રીજી શયાન સે ગતાની વાત કરીયે કે જીવ વેરાય. પેલા રૂસીની મોહકાણમાં તુંબી ગાંડી બની ગેઈછ!"

મેહેરજીના વાહલા હાથનો ટેકો લઈ રતી તેનાં પાસામાં ચંપાઈ જ્યારે બાગમાં ધીમ કદમે ફરતી હતી ત્યારે—અરેરે, સીતમગર જમાના!—શું શાં ભયંકર આગાહીઓથી તેણીની છાતીમાં દેહસ્તના કેવા હથોડા વાગતા હતા તે મેહેરજીને કયાં માલમ હતા? અને રતીના સ્વપનામાંબી કયાં હતું કે પોતે કલ્પેલી બદતરમાં બદતર ચીજ કરતાંબી નપેતર કાંઈ ચીજ રૂસ્તમ તેણીને ઉંધાડે ડોળે જોવાને તે રાતે લઈ જનાર હતો?

રૂસ્તમ તે રાતે તેણીને કાંઇ જબ્બર આફત જાને દેખાડનાર હતો. એ શું આફત હશે તેનો ખ્યાલ કરતાંજ રતીનો જીવ ધ્રુજતો હતો! હે પરવરદેગાર! શું કાંઇ ભાઇ ડા૦ બરજોરને લગતા માઠા સમાચાર કાનોકાન સાભળવાનું તેણીના નસીબમાં હશે—કે નહી તો બીચારી શેહેરાંના સંબંધમા કાઇ ગમખ્વાર ખબર જાણવાની તેણીની સરજત હશે—કે નહી તો........બસ, બસ! રતીનું ચીરાઇ ચીંથાઇ જતું મગજ વધારે આગળ ચાલવાજ ના પાડતુ હતું.

પ્રકરણ—૫૩ મું.

ભસ્તાંમાંથી પાછો જીવતો છુટી નીકળયો!

ઠંડી ચંદની તળે કરાચીનો 'ટેરેસ હોલ' કેવો ગંભીર ચુપકીદીમાં ઠસ થઇ પડેલો હતો! રાતના નવ વાગતાને સુમારે એ મકાનનો બગીચોબી જાણે રૂપેરી ચાદર ઓઢીને ભર ઊંઘમાં સુતેલો હતો. કુદરતની તે ખુશ નીંદમાં ખલલ નહી કરવાને પવનબી બસ દમ રૂંધીને અકડી ગયલો હતો—ઝાડનું પાતરે પાતરૂં સ્થીર હતું—પણ તેટલા...સબર!

એ દમામદાર મુગી શાંતીમા ખલલ પડવાની અંતે સરજત આવી. કમપાઉંડના મોટા લોખંડી દરવાજાની બાહેર થોડેકછેટે એક ગાડીના ખડખડાટે તે જગ્યાની કેફી સુસ્તી ભાંગી નાખી.

તે એક બૃમ ગાડી હતી જેવી તે આવીને ઉભી કે સામે મોટાં ઝાડના એક ઓથામાંથી એક ગબરૂ જવાને ઝડપથી નીકળી આવી બારણું ખોલ્યું અને લોહી માંસના જીવતાં જાગતા સાવધ આદમીના કરતાં કોઈ મુડદાને વધારે મળતું એક જણુ અંદરથી બાહેર નીકળ્યું.

અચીત—કાળી સાડીમા સજ થયલી રતી પંથકી જ્યારે રૂસ્તમના હાથની મદદ લઇ ગાડીમાંથી બાહેર પડી ત્યારે તેણી કાંઇ મેસમેરીઝમની અસર તળે ઉંઘમાં ચાલતી હાલતી હોય તેમ આબાદ લાગતું હતું. તેણીનો એકદમ ઝર્દ મારી ગયલો ચેહેરો પુર ચાદનીમાં બીલકુલ ચાદર જેવો સફેદ દીસ્તો હતો. અને રૂસ્તમે જોયું કે તે છોકરીના હાથ બરફની મીસાલ ઠંડોગાર હતો. તેણે આ હીણુ ભાગ્ય જવાન નારના મોંહગમ દયા ભરી એક નજર ફેકી. રતીના મોહ-ડાંપર ધાસ્તી અને ગમખારીનો અચુક છાપ ફરી વળેલો હતો —પણ તે છતાં કાઇ અજબ હીમત અને દરઢતાથી તેણી મક્કમ પગળે ગાડીની બાહેર નીકળી. એક હરફબી તેણીએ ઉચાર્યો નહી. બ્રૃમમાં રૂસ્તમની બેન દીનુ બેસીજ રહી હતી.

મુંગે મોહડે ગાડીનું બાગણું પાછું બંધ કરી રૂસ્તમે ધીમે ધીમે રતીની સાથ ચાલવા માંડયું. બંને જણા બગીચામાં આસ્તેથી ગડબડ કર્યા વગર દાખલ થયાં.

બાગના દરવાજાની નજદીકમાજ અંદરથી એક માંડવો આવેલો હતો. નીચી મુંડીએ જબાં જાણે બાધી રામીને કોઇને દફનાવવા જતાં હોય તેમ રૂસ્તમ અને રતી આ માંડવાની પાછળ ગયાં. ઓ, તે નેહેસ્ત કંગાળ હેબતનાક ઘડી! તે વખતની મનની સ્થીતી રતી પોતાની જીંદગીના ઘણાં ઘણાં પાછલાં વરસો સુધી ભુલી નહી.

જેવા તેઓ ગીચ વેલાથી મઢી લીધેલા માંડવાની પાછળ ઠરીઠામ થઇ ઉભાં કે રૂસ્તમનો ધીમો ધાડો અવાજ પેહેલો નીકળ્યો———

"અહીંયાં થોડો વખત આપુને થોભવું પડશે. નવ વાગે ઘણું કરીને રોજ એ લોક અહીં માંડવા હેઠળ મળેછ.

હમણાં આવતાંજ હોશે. તમે અહીં તેટલા બેસો——
જરા ઠાક લેવો."

ત્યાં જમીનપરના એક મોટા પથરાની ઉપર રૂસ્તમે પોતાનો રૂમાલ પાંથર્યો અને રતીને તેપર બેસવાની ઇશારત કરી—પણ રતી તેની ગમ જોતીજ કયાં હતી? બલકે તેણી સાંભળતીબી હતી કે નહી તે વીશે રૂસ્તમને શક હતો—એવી તેણી લાકડાં મીસાલ થંભ થઇને હીલવા ચાલવા વગર ઉભી રહી સુકી ટસ આખ્યોએ નીચે ભોંયપર જોયાજ કરતી હતી.

રૂસ્તમ થોડોવાર પાછો મુગો મંતર અદબવાળીને ઉભો—પણ રતીનો આવો બીહક લાગે તેવો અવતાર જોઇને તેના પેટમાં ફાળ પડી. રખેને કાંઇ અંદરને અંદર ગુંગલાઇને એ છોકરીને મગજે લોહી ચઢી જાય—યા હર્ટ બંધ થઇ જાય—યા માથાની એકાદ નસ તુટીને ઓરનું દોર થઇ જાય તેનો તેને જબરદસ્ત ધસ્કો પડયો. તેની ધીરજ નહીજ રહી. રતીનો હાથ પોતાના હાથોમાં લઇ તે ખરી દીલસોજીથી અને મમતાથી પસવારવા લાગ્યો.

"રતનબઇ—બેન—આય જગાએ હું તમુને જે ચીજ દેખાડવા લઇ આયોછ તે જોઇને હું જાણુછ કે તમે હેબતઇ જશો. પણ જરા હીમત પકરો. હું તમુને તમારા ભાઈ તરીકે પરવરદેગારના સોગંદ ખાઇને કબુલાત આપુંછ કે તમારી મુશકેલીમાં જો ગરજ પડશે તો હું મારા જીવથી મદદ કરશ."

કાંઇ જવાબને માટે મીનતજારીથી રતીની ગમ જોતો રૂસ્તમ જરા પાછો થોભ્યો. બ્યરથ!—રતી એમની એમ ઢીમરાંની કાની ચુપજ ઉભી રહી.

"હું ઇચ્છુંછ કે તમે કંઇબી હમણા બોલો," રૂસ્તમે દબાયલા અવાજે આખરે પાછું ચલાવ્યું, "હીમત રાખોને

મારીપર ભરોસો મુકી જરા વાત કરો. અરે ! મારાં નસીબને હું કહુવા દેઉં છ કે તમુને એમ દુખી કરવાનું મારે ભાગે આયું ! પણ નહી—એ એક એવી વાત છે કે જેમાં—જેમાં—કંઈ નીકાળ થવોજ જોઈયે.”

ભલો રૂસ્તમ બોલતો બંધ પડયો. તેના ગગળતા સાદપરથી તેના દીલની લાગણી સ્પષ્ટ જણાઇ આવતી હતી. જવાબમાં રતીએ માત્ર એક ઉંડો લાંબો નીસાસો નાખ્યો અને મોહડાંપર રૂમાલ દાબી ચુપજ ઉભી. બાજુએ ઝાડને અઠીંગી અદબ વાળી રૂસ્તમ વીહુલે મોહડે ચુપચુપ આ સંકટની સુંદરી ગમ જોયા કરતો હતો. આસપાસની ડરામણી ચુપચાપ વચ્ચે બેઉના કઠણ સ્વાસો સ્વાસ સીવાય બીજું કશું સંભળાતું ન હતુ.

ભાગયે આવી ભયંકર અવસ્થામાં પાચેક મીનીટ ગઇ હશે. કોઇ પગલાં અંતે દુરથી આવતાં સંભળાયાં. ચોંકીને ખડો થઈ રૂસ્તમે કાન ખેંચી સાંભળયું. ઘણાજ ધીમા સાદે વાત કરવાનો કોઇનો અવાજ સાફ આવતો હતો. કોઈ બે જણ ઘુસઘુસ કરતા તે માંડવા ભણી આવતાં હતા.

“ખબરદાર ! એ લોક આવેછ !” તેણે અકળાઇને બીડેલા હોઠે રતીના કાન પર પડી કહયું.

રૂસ્તમની છાંતી ઠડક ઠડક થતી હતી. જે પળ જાય છે તેમાં રતી ચીસ પાડીને બેશુદ્ધ થઇ જાય યા રમખાણ કરી મુકે તેને માટે તે તૈયારજ હતો. પણ નહી—રતી તો આવી જીવ સટોસટ જાલમ ઘડીએ કાંઇ અજબ અદભુત રંગ દેખાડતી હતી. પોતાની આંખો પર ઢાકેલો રૂમાલ હળવેથી ખસેડી ફાટે ફાટે ડોળે માંડવાના વેલાની અંદરથી સામે આવતાં બે જણાં ગમ એક ચીત્તે જોયા કરતી તેણી ત્યાં મીણનાં

પુતળાની માફક સ્થીર ઉભીજ રહી. રૂસ્તમજી દાત પીસી મુગો રહયો—તેના કપાળપર બધાં ઝરા ફુટી નીકળ્યા હતા.

એકમેકની પાંખડી વળગી દારાશાહ યાને પેસી મેહેતા તથા ધન મુલ્લાં ધીમે ધીમે ચાલી આવ્યા અને માંડવાની નીચેના બાજટપર બેઠાં. તેઓને સ્વપનેબી ખ્યાલ શું આવે કે તેઓની બરાબર પીઠ પાછળ કોણુ બે જણા પથરના ટુકડાઓની માફક ક્યારનાં થંભ થઇને ઉભેલા હતા? જેવા તેઓ બાજટપર ગોઠવાયા કે પેસીએ એક લાંબો દમ ખેંચ્યો.

"પરમ દાદરે સેટલ" તે પરગરા સાદે બોલ્યો, "પરમ દાદરે રાતે દવ વાગે! આહ—પરમ દાદર કાદરે પરવર, ધન!"

એક પળ બધુ ચુપ થઇ ગયું. પાછો પેસીનોજ બોલેલો પણ શોકાતુર સાદ નીકળયો,

"ધન મુલ્લાં! એક બાપની લાગણી શું છે તેનો તુંને શું ખ્યાલ છે? છોકરી, આજે કેટલી કેટલી ગત થઇ મને એક કતરો ઉંઘ નથી આવતી. કાદરે મારાં પેટે જણ્યા એકપુરા બચ્ચાને હું પાછું પાસાંપા લવશ—કાદરે મારી શેહેરાને હું હસ્તી રમતી ઘેર લાવી તેનો ખરો હક અપાવશ? મારી ધન! હું મારા નસીબને રડું છ કે હું પેસી મેહેતા છેઉ——"

"જા બા વરી એ શું રદન પાટલો લઇ બેઠા જો?"

"હા, ખરેખર—હમણા માથે હાથ દેઇને રડવાના વખત નથી. તુંને તારો હેરેમન બાપ આખે પાટા બાધાને લઇ જવા માંગેછ તેની શું મતલબ? કે કાંઇ મારી શેહેરાને એણે અને પેલા ચંડાલ ડાકટર બરજોરે ચાપા મુકાછ તે તું જાણે નહી ને કોઇને કેહ નહી! ફીકર નહી, ધન—કોઇ સુરતે

તું બસ એ નાપાકો સાથ જવા તેયાર રેહજે—ને તમારા લોકની પુઠે શેકારી કુતરાની કાની લાગવાનું મારૂં કામ છે. તુને પાતાલમાં લઇ જશે તાંહઅી હું પાછળીજ આવશ. બીહતી ના, મારી ધન, તારા બાલને ઇજા નહી થાય તેનો હું જોખમદાર છેઉં."

પેસીએ આમ બોલી ધનને ઘણાજ વાહલથી પોતાના પાસાંમાં લીધી અને તેનું માથું પસવારવા લાગ્યો.

"ધન–ડીયર–મારી દીકરી શેહરાંને છોરવતાં જો પેલા બે બદમાશોને પીસતાલ મારવી પડશે, તો હું અટકવાનો નથી એ મારી હકદાર બની લીલાને હું એક વખત એ લોકના હાથમાથી છટકાવે તો પછી કોણના સલામત કબજામાં તેને મુકવી તે હું જાણું છ. પછી, મારી વહાલી, મારી જીવવાની બસ એકજ દરકાર રહેશે—ને તે તું છે. ધન, આએ પંચાતી પુરી થતાં તુને જરાબી કોઇ અલવલ નહી પુગાડે તેની મેં ગોઠવણ કીધીછ—બસ તું નચીંત રેહ. બધું અહીં સેટલ થાવ—મારી લીલી પેલા રૂસ્તમની સાથ પરણીને સુખી થાવ—કે પછી અહીં આપરૂં શું કામ છે?"

ધનની છાતી એવી તો ઉહલાતી હતી કે તેણી કાંઇ બોલવા ગઇ પણ શબ્દ નળીમાંજ ખુટી બેઠો. પેસીના ગળાં આસપાસ બે હાથો વીંટાળી તેણી તેના ખભાંપર માથું નાખી દઈ દચકા ખાવા લાગી. આહા! શું તે ખરાં સુખનો ઉભરો હશે? યા દીલના ડંખનો પોકાર હશે?

ગમગીનીથી સેહેજ હસી પેસીએ રૂમાલ વડે તેણીનાં આંસુ લુછી નાખ્યા.

"રર ના, મારાં જીગર, રર ના." ધીમેથી શોકાતુર અવાજે તે બોલ્યો, "મારી છાતીપર ગમનો પથરો શું હમણાં ઓછે

છે કે તું વધારી આપેછ? ધન, તુને જો એક વખતના તારા દારાશાને વાસ્તે હજુર દીલમાં કંઈ લાગણી જેવું હોય તો આય મારી બાકી રહેલી કંગાળ જીંદગી તારી સોબતમાં ગુજારવા હું તૈયાર છેઉં. મેં પોતે ઘણા ગુનાહ કીધેલા છે એટલે તારો આગલો પાછલો ગુનાહ હું જલદીથી મારા મગજમાંથી ભુસી નાખી શકશ. આય હેયાંની ફૂટેલી દુન્યાના બેકદર લોકો તરછોડી આપરે એકમેકના સુખમાં ધણી ધણીયાણી તરીકે શાર રોટલી પર સંતોષી રેહીશું. બોલ, છોકરી—તું શું કેહછ?"

"મને આય દુનીયામાં તમારા સીવાય કોઈની દરકાર નથી. તમે મને સાથે લેઈ નહી જશો તો હું ઝેર ખાઇ મરી જવશ"

પેસી મહેતાએ ધનનુ ડોકુંઉં ચકી તેણીને પોતાની ગમ જોવાની ફરજ પાડી અને પ્રીતીથી તેણીના ગાલપર એક કીસ લીધી.

"ઠીક તાહરે—હવે હુ જાઉંછ." તે ઉઠીને ઉભો થઇ બોલ્યો, "સાહેબજી, ધના—હું કાલે તુને મળવા આવી નહી શકશ—મારી વાર ના જોતી. પરમ દાહરે ખોદાના હુકમથી કંઇ જે તે નીકાલ આવશે. જા—ડારલીંગ તું હવે અંદર જા. ઠારમાં ના બેસી રેહતી."

આમ કહી ધનનો ગાલ માયાથી પસવારી પેસી પીઠ મરડીને એકદમ ત્યાંથી સડસડાટ ચાલ્યો ગયો.

તે દરવાજામાંથી બાહેક નીકળી ગયો ત્યાં સુધી ધને એક પુતળાંની માફક જડ બનીને તેના દર્દે થતા આગાર ગમ એકકી ટગરે જોયા કર્યું પછી એક લાંબો નીસાસો ખેંચી તેણીએ ત્યાં ઉઠી ધીમાં કદમે બંગલા તરફ ચલવા માંડયું.

બે ત્રણ ડગલાં તેણી ચાલી હશે કે માંડવાની પછવાડે ઝાડીમાં સેહેજ ખડખડાટ સાંભળી તેણી ચોંકીને અટકી

ગઈ. કાંઈબી નહી મળે—બધું સુમસામ હતું. બીજી પળે તેણીએ પોતાની ખોટી બીક છંછેરી પાછું ચાલવાનું શરૂ કર્યું—

"ધનબાઈ મુલ્લાં?"

અચબુચ પીઠ પાછળથી અકુદરતી ઝીણા ખોખરા સાદે પોતાનું નામ પોકરાયલું સુની ધન ભડકીને એક નાની બુમ સમેત અચકી ગઈ અને ફરીને પાછળ જોયું———

ભસ્તાંમાંથી ગોયા બે મુવેલા માણસો ઉઠી આવી હીલવા ચાલવા વગર ત્યાં મોંડવા આગળ ઉભેલાં હતાં. અદબવાળીને ઉજળા સપ ચેહેરા સાથ શોકના પોશાકમાં એ સ્ત્રી કોણ હતી અને તેની પછવાડે થંભ બનીને ઉભેલો પુરૂષ કોણ હતો તે ધનની લીપાઈ ગયલી ચશ્માએ બરાબર દેખાયું નહી

બરાબર જોવા તેણી એક પગલું આગળ વધી———

"રતી!—રૂસ્તમજી!" તેણીથી મોટેથી બુમ પડાઈ ગઈ.

કુંચી આપેલું એક રમકડું જેમ ખડું ને ખડું ચાલી જાય તેમ રતી ચાલી ને ધનની અડોઅડ ગઈ અને પોતાના ઠંડા ગાર હાથમાં તેણીનો હાથ પકડી લીધો.

"મને તેં ઓરખી?" તેણી એક જાતના બીહામણા ધુજતા અવાજે બોલી, "ધન—હુંજ રતી પંથકી છેઉં. મેં —મેં—પેલા—દારાશાહ સાથની તારી વાત બધી સાંભળી!"

બોલતાં રતી અટકી પડી. તેણીની ઘાંટીમાં કાંઈ એવો ગુંગળાટ થઈ આવયો કે આગળ બોલવાની તેણીની તજવીજ નકામી ગઈ. ધન તો ડઘાઈને આ રંગુનની પોતાની પુરાણી સખના દેહસ્ત ઉપજાવે તેવા ફીકા ગંભીર ચહેરાપર પોતાની આંખ્યો ટાંકીને ડાએબાએ બની પોતાની જગ્યાએ જડ થઈ રહી હતી. આવે ન ધારેલ વખતે આ બે જણાંને જોઇને જેટલી તેણી અજબ નહી થઇ તેટલી રતીનો આવો

ઘોરસ્તાનનાં મુરદાં જેવો અવતાર અને રાતને વખતે ખરે-ખર બીક લાગે તેવો સાદ સાંભળીને તેણી ગભરાઈ ગઇ હતી.

"ધન મુલ્લાં!" રતીનો ભયાનક ભાગેલો અવાજ એવો તો ચોમેરની ચુપચાપ વચ્ચે પાછો નીકલ્યો કે ધન અને રૂસ્તમ બેઉ જણને જાણે ધ્રુજરાં છુટાં; "ધન મુલ્લાં! હું જ રતી પંથકી છેઉ—જીવતી જાગતી છેઉં—ને આય દારાશાની પરણેતર બઇરી છેઉ—જેની સાથ તું પણવા માંગેછ તેની હું જીવતી ધણીયાણી છેઉ—હું તુને વખતસર ચેતાઉંછ—"

"રતનબાઇ—રતનબાઇ!"

હજી તો રૂસ્તમ એક બુમ સમેત આગળ ધસીને રતીને પોતાના હાથમાં ઝાલી લે, તે આગમજ તમ્મર ખાઇને તે નસીબની લીલી બીચારી જમીનપર બેહોશ તુટી પડી હતી.

* * *

રૂસ્તમ મુગાશેઠને ત્યાં તે રાતે ગભરાટ અને ગમગીનીનું વર્ણન—અહા!—કઇ કલમથી થઇ શકશે? બમમાં જ્યારે બેફામ હાલતમાં રતીને રૂસતમ તથા દીનું ઉપાડી લાવ્યાં તે વેળાની મેહેરજીની અકળામણ કઇ ભાષામાં દરશાવી શકશે?

બેસુધ્ધીમાં પડેલી રતીને અંગે ધકધકતી તાવ ચઢેલી અને બન્ને ડાકટરો બીછાના આગળ ખડા ઉભેલા ત્યાં ધીરજથી ખુલાસો પુછવાનું યા ખુલાસો કરવાનું ભાન કોઇને શું રહે!

રૂસ્તમ તો ઓટલાપર માથે હાથ દઇને એક ખુણામાં એવો ગાફેલ જેવો ઉભો હતો કે તેને કાંઇબી હકીકત પુછી સાર મેળવવો એ બનવા જોગજ ન હતું. તેના માયે તેમજ જરીએ એકાદ બે વાર બીહતાં બીહતાં જરા સવાલ કર-વાની હીમત કીધી તો જવાબમાં માત્ર કચવાઇને ખભાં ચઢાવી કાને હાથ દીધા સિવાય તેણે વધુ જરાબી કરયું નહી.

ફક્ત દીનુ બીચારી અફરાઇ ગભરાઇને રડમસ બની એટલો ખુલાસો કરી શકી કે રૂસ્તમ અને રતી 'ડ્રેસ હોલ'માં ગયાં અને તાંહ કઇ કોણ જાણે શું થયું—રતીએ કશાથી હેબત ખાધી કે શું—ને રૂસ્તમ તેણીને હાથમાં બેસુદ્ધ ઉંચકી લાયો ને ગાડીમા મુકી તાહરે દીનુને ખબર પડી દીનુએ એટલું ઉમેરયુ કે જ્યારે રૂસ્તમ રતી ઉંચકી લાયો ત્યારે સાથે લીલી મેહેતાબી અફરાયલી ગભરાયલી તાંહ ગાડી સુધી આવેલી હતી.

મેહેરજીને આ ખુલાસો સાંભળવાનો અવકાશ કે સુદ્ધી હતીજ નહી. તે તો બેહોશીમા તાવે સસરતી પોતાની પ્રીયાના બીછાના આગળ ડાકટરો ગમ દયા અને લાઇલાજીથી જોયા કરતો સુનો બાવરો બની સ્તબ્ધ જેવો ઉભેલો હતો.

રતીને સખ્ત તાવ ચઢી હતી—અને બેભાનીમાં લવારો કરતી હતી, ડાકટરો કપાળપર ચીંતાનો ચીલ્લો ચઢાવી બીહક બતાવી ચુક્યા હતા કે કદાપી બાઇને ભેજાંની ધાસતીભરી તાવ ચઢે એ બનવા જોગ હતું.

પ્રકરણ—૫૪ મું.

"સાચી હકીકત સાંભળતાં તારા કાનમાં કીડા પડશે!"

૩૬ કલાક—કંગાલ ચીંતાતુર ૩૬ કલાક! યા પરવર—દુશમનનેબી એવો બદબખ્ત અવસર તું બતાવીશ નહી

ધગધગતાં અંગ સાથ બેસુધ્ધીમાં લવારો કરતી બીચારી રતીના—અરેરે!—આ શા હાલ! ખડે પગે બે આખી રાત અને એક આખો દહાડો ત્રણ ત્રણ ડાકટરો અને નર્સ

પછડાઇ ગયાં હતાં. રતીએ દેખઇતી રીતે કાંઇ જબરદસ્ત ઓચીંતી હેબત ખાવાથી તેણીનાં મગજપર ખરાબ અસર થઇ હતી. પણ તે છતાં "બ્રેન ફીવર" ચઢતી અટકાવવાને કરાંચીના કાબેલ ફીઝીશીયન ડા૦ મોરીસને અને બીજા બે તબીબોએ મેહેનત કરવામાં કાંઈ બાકી રાખ્યું નહી. રતીના ભાઇ બરજોરનેબી તેડાવી મંગાવવાનુ રૂસ્તમને છેક બીજે દહાડે બપોરે ભાન આવ્યું—પણ બપોરની રાત પડી જઇને ત્રીજે દહાડેની સહુવારબી થઈ તોય ડા૦ બરજોર પંથકીનો પત્તો નહી હતો. બે વખત માણસ તેને ત્યાં દોડી પહોચ્યા—પણ બેઉ વખત "ડાકટર સાબ" ગેરહાજર હતા.

પણ કુદરત પોતાનું કામ કરીજ જાય છે. તે અભાગણી રાતે પટકાઇ પડવા પછી છેક ત્રીજે દહાડે સહુવારના પોહો-રમાં બીમારની "ટેમપરેચરે" ફરક બતાવ્યો થરમામીટરને સાડી નવાનું પર આવેલી દેખી ડાકટરોના ચેહેરા ખુલી ગયા. રતીની "પલ્સ"બી પાછી ધીમે ધીમે હાથમાં આવતી ગઇ, અને આંઠેક વાગતાને સુમારે તે છોકરીએ પાછા ડોળા ઉઘાડી સુક્કી ટસ આંખ્યોએ નર્સ ગમ જોયું.

ગરીબ બાપડો મેહેરજી! આવી ન ધારેલી આફતથી તે તો દીંગમુઢ જેવો રતીના ઓરડાની બાહેર આખો વખત એક ખુણામાં જડ બનીને ભરાઇ બેઠો હતો. જ્યારે ડા૦ મોરીસને હસ્તે મુખડે આવી તેના ખભાંપર માયાથી હાથ મેલી સારા સમાચાર કહ્યા ત્યારે મેહેરજીની આંખ્યોમાંથી તડતડ હરખનાં આસું ખરી પડયાં. આટલો વખત સુધી કોઇનેબી પોતાની પાસે આવવા દેતો ન હતો—રૂસ્તમ કે જરી વઠીકનો દીલાસો સાભળવાને તે ના પાડતો હતો—મોઢાંમાં એક બુકબી મેલવાને તેણે ચીચવાઇને ના પાડી

હતી. પણ હવે રૂસ્તમે મારામારી કરી જબરીથી તેને તે જગ્યાએથી ઉઠાડયો અને કમરમાંથી પકડી જબરીથી પોતાના ઓરડામાં ઘસડી લઈ ગયો અને ત્યાં તેને જીદ કરી કાંઇ ખાવાનું આપી. તથા પોતાથી બનતી રીતે તેને સધયારો દઈ ટટાર કર્યો.

* * *

સાંજના પાંચેક વાગતે અંતે ડાકટરે મેહેરજીને બીમારની આગળ જઈ જરા તેણીની સાથ વાત કરવાની રજા આપી. રતીની તાવ તદન ઉતરી ગયલી હતી અને મોહોડું બી તદન શાંત હતું. પોતાના ડોકાંની પછવાડે એક હાથનો ટેકો દઇ તે મુસીબતની મનોહર મુરતી ઘોલ્યાપર અઢેલીને પડી બેહેલી હતી. તેણીનો શોકાતુર ઉતરી ગયલો ચેહેરોજ બે દીવસની ગંભીર માંદગીનો અચુક પુરાવો દેતો હતો.

ઘણીજ આસતેથી ચાલીને જ્યારે મેહેરજી ઓરડામાં દાખલ થયો ત્યારે રતીએ તેને પહેલાં જોયો નહી. જ્યારે તે હળવેથી તેણીની પાસે બીછાનાપર આવીને બેઠા ત્યારેજ ભડકીને તેણીએ ડોકું ફેરવ્યું. મેહેરજીએ વાંકે વળી ભારી જીગરે તેણીનું માથુ પસવાર્યું.

"રતાં!"

જાણે પોતાનો વાહલો મેહેરજી નહીં, પણ કોઇ જીવલેણ જમડો પાસે શરીરનું લોહી ચુસી લેવા આવી બેઠો હોય તેમ એકાએક રતીના શાંત મોહડાંપર ધાસ્તીનો છાપ ફરી વળ્યો. ફાટી ફાટી નજરે તેણીએ મેહેજી ગમ એકાદ મીનીટ જોયા કર્યું અને પછી આંખ્યો ઝુમાવી દઈ એક જીવતોડ ઉંડા નીસાસા સાથ મ્હોડું ફેરવી નાખ્યું.

આહ! મેહેરજીની છાતીમાં હમણા કેવી લાગણી ઉભાવી

હતી! ગળામાં ખુદી બેઠેલું દર્દ જેમ તેમ દબાવી રાખી તેણે રતીનો ઠંડો ગાર હાથ પોતાના હાથમા લઈ છાતીસે ચાપ્યો.

"ડીયર! કેમ છે? હવે કેમ લાગેછ?" તેણે આસ્તેથી પુછયું.

કાંઇ જવાબ મળે નહીં. મ્હોં મરડી રાખી વીચેલી આંખ સાથ રતી સ્થીર પડી રહી.

"રતી-ડારલીંગ! મારી ગમ જોની? મને ઓળખેછ કેની?"

મેહેરજીએ પોતાની જીવ સમાન પ્યારી આ છોકરીના દીલપર છેક વાંકો વળી તેણીનાં ઠંડા કપાળપર એક કીસ લીધી.

અરે ખુદા? શું રતીનું માથું ગયું હતું કે મેહરજી પોતે મેડ થઇ જતો હતો? મેહરજીના હોઠ કપાળે લાગતાંજ રતીએ માથાંથી તે પગ સુધી કમકમીને એક હાય મારી અને પછી કચવાઇને પોતાની આગળથી તેને ખસાડી નાખવા હાથ આડો કર્યો.

"જાઓ, બસ હવે-મને એકલી પરી રેહવા દેવો!" તેણી નખાઇ ગયલા અવાજે ગળગળી પડી.

જાઓ?—પોતાની ધણીયાણી રતી તેને આમ કમકમીને જતો રેહવા કેહતી હતી! મેહરજીને લાગ્યું કે નકકી ઉપરનો આભ ફાટીને તેના માથાંપર તુટી પડતો હતો. ખરેખરા જુસ્સાથી તેણે ધ્રુજતી રતીને પોતાના પાસાંમા વધારે ચાંપી—

"રતન—રતી! જો, જરા હુશીયાર થા ને બરાબર જો. એ તો હું છેઉં-મેહરજી," તે ઉશકેરાઇને બોલ્યો.

"હું જાણુંછ—પણ તમે અહીંથી ચાલી જાવો—મારી આગળ ના આવો—મારાં દીલને હાથ ના લગારો, મેહેરજી—"

વીજળીનો ઝટકો લાગ્યો હોય ને મીસાલ ચોંકી ને મેહેરજી રતીની આગળથી સેહેજ ખસી ગયો અને ભબરાઇને ડોળા ફાટી તેણીની ગમ જોવા પડયો—

"રતી! એમ શું કરેછ, જો?" તેણે અકળાઇને બુમ મારી, "તું હજુર સાવધ નથી થઇ—"

"નહીં, મેહેરજી—હું સાવધ છેઉં." રતીનો દબાયલો પણ પણ મક્કમ સાદ તે ડાંએબાએ બનેલા નવજવાનના હરદય પર બોખંડી મણીકાની પેઠે જઇને વાગ્યો, "હું હવે સારી કાની છેઉં—પણ તમે મારી આગળથી જતા રેહો. હું માંગી લેઉંછ, મેહેરજી—હું ગુનેહગાર છેઉં—ઓહ!—"

મોહડાંપર બે હાથો ઢાકી રતી ખરે મને ડીબો તાણવા પડી.

ભીતને અડીંગી એક ગાફેલ સાવજની પેઠે મેહેરજી પોતાની મોહોરદારની તરફ ચકભમ ચરમોએ જોયા કરતો થંભ ઉભો. તેના પેટમાં જબરદસ્ત ફાળ પડી આવી હતી. રે પરવર! રતી એ શું બકવા કરતી હતી! એનો અર્થ શું? છેલ્લી તાવથી શું તે વહાલીનાં માથાને અલવલ પુગી હશે?

બે ત્રણ મીનીટ માત્ર રતીના ડચકાં સંભળાયાં. પછી પાછો તેણીનો ગમખાર રડમેસ અવાજ કાને પડતા મેહેરજી અંગે લખલખું ભગાઇ આવ્યું હોય તેમ દરદર ધ્રુજયો—

"મેહેરજી—તમે મને વીસરી જાઓ! હું મુઇ! હું તમારા ઘેરમા એક મીનીટ રેહવાને લાયક નથી. મને હાકી કાહડો —મને અહીંથી જવા દેવો—મને માફ કરો!—"

કપાલ ઉપર પોતાનો હાથ જોરમા દાબી મેહેરજીએ છાતી તુટી જાય એવી હાય મારી. તેને તમ્મર આવતા હતાં. એક તો બે રાતનો ઉજાગરો અને ચીંતા ચીંતાએ ચીરાઇ જતું મેજુ—તેમાં રતીનો આવો ભયંકર બકબકારો સાંભળી તેનો જીવ ફરી આવ્યો. લપેરો ખાઇને જેવો તે ખુરસીપર ફસડાઇ પડવા જાય છે કે કોઇનો મજબુત હાથ તેની કમ્મર આસપાસ ફરી વલ્યો.

"મેહેર ! એમ શું પાછો નરમઈ જાયછ !—જરા હીંમત રાખ, દોસ્ત !—"

બેઉ આંખ્યો ઢાંકી મહેરજી પોતાના મીત્ર રૂસ્તમની છાતીપર માથું નાખી મુંગો ઉભો. ગમ અને દહેસ્તેને મારે તેનુ કાળજું જ્યારે ફાટી જતું હતું ત્યારે આવા એક દીલસોજ ભલા જાની દોસ્તના ખભાંનો ટેકો લઇ તેના પાસામાં ઉભું રહેવામાંથી કેટલો દીલાસો હતો !

"ઓ રૂસ્તમ ! હવે શું કરૂં ? મારી રતીને તેં આય શું કરી મુકયું !" તે ખરેખર હવે રડીને કગળયો.

રૂસ્તમનું હૈયું બી ભરાઇ આવ્યું હતું. માયાથી સધ્યારો આપવા તે કાંઇ બોલવા ગયો પણ અવાજ નીકળયો નહી. બંને અઝીઝ મીત્રોએ એકમેકને વળગી અફસોસથી વીંધાતા જીગરે સામે બીછાના પર બેઠેલી કમભાગ્ય જવાન નાર ગમ નજર નાખી. ગરીબ બીચારી રતા ! ધોલ્યાપર અતરંગ બેસીને જાણે એક સફેદ પથ્થરમાંથી કોતરી કાઢેલું બાવલુ હોય તેમ એકકી ટગરે મેહરજીગમ તેણીએ નજર ઠેરવી રાખી હતી. નર્સે આવીને તેણીને આસ્તેથી પાછી સુવાડવાની તજવીજ કરી પણ રતીએ તેણીને એક ઝટાક મારી ખસાડી નાખી.

નર્સ મ્હોં કુમલાવીને રૂસ્તમ તર્ફ ફરી અને નરમાસથી બોલી—

"વખત થઇ ગયો—હવે તમે બાહેર જાઓ, પ્લીઝ. એવણને વધારે ઉશકેરવાં નહી જોઇયે."

રૂસ્તમે પોતાના સઘળાં જોરથી લઠડતા પઠડતા મેહેરજીને ઓરડાના બારણા તરફ તાણવા માંડયો. હજી તો ત્રણ ચાર કદમ તેઓ આમ જઇ રહે તેટલાં—ઓ ! એક બુમ સમેત રૂસ્તમ અચકીને ઉભો અને ફગલાઇને પછવાડે જોયું.

નરસનેબી હુંકારી કહાડી રતી બીછાના પરથી ઉઠીને અધીર જેવી ઉભી થઇ હતી અને રૂસ્તમની પછવાડે દોડી તેના ખભાંપર પોતાનો હાથ મેલ્યો હતો.

"રૂસ્તમજી—ભાઇ !" તેણીનો ધ્રુજતો નસીસ સાદ જાણે કકળાટ કરતો હોય તેમ ઓરડાની ચુપચાપ વચ્ચે ગણગણી રહયો, "મેહેરજીને કહેવો—એને સમજાવો. મારો જીવ ફરેછ—ઓ! એ મને દીવાની સમજેછ—પણ હું દીવાની નથી તે એને કેહો—બધું ખરું કેહી દઓ. એ એમ દુખી થાયછ તે મારેથી જોવાતું નહી—અરે હવે શુ કરું?-'

રતી વધારે બોલી શકી નહીં. રૂસ્તમ જબરદસ્તીથી મેહેરજીને ઓરડાની બાહેર ધસડી ગયો અને નર્સે અંદરથી રતીના ઓરડાને કળ મારી દીધી.

* * *

રાતના સાતેક વાગ્યા હશે. રૂસ્તમના પોતાના ખાનગી ઓરડામાં મેહરજી એક સોફાપર ઢગલો થઇને પડેલો હતો. પાસે રૂસ્તમ એક નીચી ખુરસીપર બેસી તેને એક ભરેલુ ટંબલર હાથમાં આપવાની કોહોશ કરતો હતો.

"એટલો બ્રાંડી પહેલાં ઓટી જા—પછી બીજી વાત!" તે ઘણા આગ્રહથી ગલાસ મેહેરજીના હોઠ આગળ ધરી બોલ્યો.

મેહેરજી ટંબલર હાથમાં લઇ એક ટાસે માહેલો પ્રવાહ પી ગયો. ખચીત તેનુ ગળું સુકાઇને એવુ છોડીયાં જેવું થઇ ગયલું હતું કે બ્રાંડી સોડા ગળામાં ઉતરતાંજ તેના જીવમાં નવો જીવ આવ્યો.

ટમબલર બાજુએ મુકી દઈ તે સોફાપર તરો બેઠો—

"બોલ હવે, રૂસ્તમ-મને વધારે ના રીબાવ." તે ખરી મીનતજારીથી રૂસ્તમના ખભાંપર હાથ મેલી કાલાવાલા

કરવા લાગ્યો, "રતીના માથાને નુકસાન નથી થયું તે એટલા ભરૂસાથી તું શા પરથી કેહછ ? ખોદાયને ખાતર હવે બોલ—"

રૂસ્તમ ઉઠીને સોફાપર મેહેરજીની પાસે બેઠો અને તેનાં ગળાં આસપાસ પોતાનો હાથ વીંટાળ્યો.

"મેહર—હમણા સુધી હું ચુપ રહયો'તો, પણ હવે હુ જોઉંછ કે તેથી ઉલટો તું વધારે દુખી થાયછ," તે ધાડા ગંભીર અવાજે બોલ્યો. "હું તુને હવે બધી મોહકાનનો ખરો ખુલાસો કેહુંછ—પણ મને વચન આપ કે તું એક મરદની કાની હીમતથી——"

"હા—હા—બોલ જલદી. મને ટવલાવ ના."

"નહી—પેહલાં મને એક જેન્ટલમેન તરીકે કબુલાત આપ કે ગમે તેવી ના ખરાબ ખબર તું સાંભળે તોબી ધીરજથી શાંત મગજ રાખી તું તેનો તોર કહાડવાને મને મદદ કરશે."

મેહેરજીએ બે હાથે પોતાનું મોહડું ઢાંક્યું,

"હું કબુલાત આપુંછ. ગમે એવાબી જબુન ફટકો ખમવા હું તૈયાર છેઉં—બોલ હવે."

"જો સાંભળ !" રૂસ્તમે છેક તેના કાનપર પડીને કહયું, "તારી રતી ખરેખર તારી ધણીઆણી નથી."

આસ્તેથી પોતાના મોહડાંપરનો હાથ ખીસાડી મેહેરજીએ ભખાઇ ગયલે ડોળે રૂસ્તમ ગમ જોયું—

"શું ઉઉ?" તેણે ઓખગ અવાજે પાછું પુછયું.

"મારા દોસ્ત—મારા ભઇ—આય ખબર તુને કહેતાં મારૂં કાળજું ચીરઇ જાયછ. પણ હવે તો સાંભળી લે. તારી રતીનો પહેલો માટી જીવતો છે—પેલો દારાશા જીવતો છે, મેહેર—"

ધડાક દેતો કે મેહેરજી ઉછળી ઉભો અને રૂસ્તમની સામે છાતો કાહડી તતણુખાર ઉભો—

"એ શું બકેછ શું! તારૂં માથું ગીયુંછ?" તે હાફતાં હાફતાં બુમ મારી પડયો.

"આહ! હું ઇચ્છુંછ કે મારૂં માથું હમણા ખરેખર ગીયેલું હોતે. મેહેર, નસીબમાં જે હોય તે ખરૂં—હવે એમ અકરાવામાં શું હાશલ છે?——"

મેહરજીએ એકાએક કકડાવીને રૂસ્તમને બાજુમાંથી પકડી ખુબ હલાવ્યો. દીવાની ઝાખી રોશનીમા રૂસ્તમે જોયુ કે તેના ડોળા એક છાકટા આદમીની પેઠે લાલચોલ બની રહ્યા હતા.

"તું સાવધ છે કે? રૂસ્તમ! તું એ શું બોલેછ! કે નહી તો હું ઉંઘાતો તો નથી?"

"નહી આપરે બેઉ સુદ્ધીમાં જાગતા છેઇયે. મેહર, એજ દારાશાને તારી રતીએ પરમ દાહરે નજરો નજર જોયો—તેથી આય પરીણામ આયુંછ———"

"માઇ ગોડ! એ હું શું સાંભળુંછ. તું મેટ થઇ ગીયોછ!"

"હોશે. પણ તું તો મેટ નથી થયોની? આજે રાતના તારેબી નજરે નજર એ દારાશાને જોવો હોય તો ચાલ મારી સાથ."

પોતાને પડી જતો અટકાવવા મહેરજી દેવાલને અટેલી પાસેની કબાટ કચકચાવીને પકડી ઉભો હતો

"દારાશા જીવતો છે! હું કની માનું નહીઃ બસ તારૂં માથું ખાસી ગીયુંછ!"

રૂસ્તમ ઉઠીને મેહેરજીની અડોઅડ ગયો ને એક જાતના ઝનુનથી તેની કાંડી પોતાની મુઠીમાં પકડી.

"મેહેરજી!" તેણે ઉસકેરાયલે અવાજે તેના કાનમાં કહયું. "મારાં મગજ પર હમણા જે ભાર છે તેથી હું ખરેખર મેટ થઇ જવશ. આજે મારી કતલની રાત છે. આજે દશ વાગે રાતે હું મારી શેહેરાંને છોરવી લાવશ કે યા તો જીવથી

જવશ. તાંહજ——તાંહજ——પેલો દારાશાહબી આવશે. એક બોલ ના બોલનો! તારે જોઇયે તો મારી સાથ આવ. તું નથી માનનો તો મારી આપે જોઇને એક વખ્ત ખાત્રી કરી લે—પછીની વાત પછી સાથ."

દાંત પીસીને મેહરજી પાસેની ખુરસીપર ઠપકાઇ બેઠો. તેનું માથું ધુમતુ હતું છાતીમાં થતી અગન સમાવવા તેણે નેણે જીગરમાં બે મુક્કી ત્યાં લગાવી કાહાડી.

"હું આવૂછ!" ને બીહામણા અવાજે પોકારી ઉઠયો. "મારી આપે જાંહસુધી જોઉં નહી તાંહ સુધી એ વાત કોઇ કાળેબી માનુ નહીં. તું ને રતી બેઉ જના કંઇ ભયંકર ભુલ કરોછ કાંહ જવાનુ છે—કેહ?"

"તે હું નહીં જાણુનો. પેહેલાં આપુને આઠ વાગે "ટેરેસહોલ" તરફ જવું પડશે. પછી હું જાંહ જાઉં તાંહ મારી સાથ મુગો મુગો આવ્યા કર. અણીભીરીને વાસ્તે મારા પાસ રીવોલવરો તઇયાર છે."

* * *

સાડાઆઠનો આશરો થયલો હતો. રૂસ્તમ કે મેહેરજી કોણ જાણે કયાં જતા રહેલા હતા. ડાકટરોબી ચાલી ગયલા હતા. ઘરમાં બધો ગભરાટ થઇ રહેલો હતો. રૂસ્તમનાં માય, દીનુ, જરી, નર્સની ગમે તેવીબી આજીજી, કાલાવાલા, ઘુમબરાડા, કરલા છતાં રતી પંથકી ગાડી જોડાવીને પોતાના ભાઇ ડા૦ બરજોરને ત્યાં તે રાતોરાત જવાને તૈયાર થઇ નીચે ઉતરી આવી હતી.

દરવાજા આગળ ઘુમ ગાડી જોડાઇને ઉભેલી હતી. એક દીવાની ઓરતની કાની રવીને આમ જીદે પડી રાતની વખતે ચાલી જતાં જોઇબીચારી ત્રણ જણીઓ હેબતાઇ ગઇ હતી.

ડયાઇને તેઓએ રતીને ગાડીમાં બેસતાં લાઇલાજ જોયા કર્યું. શું કરે? તે છોકરીને સમજાવવાની સઘળી કોશિશ વ્યર્થ ગઇ. જે હોય તે તો હવે રૂસ્તમ કે મેહરજી આવ્યા પછી વાત ઘણાજ જયારે બજીદ થઇને રૂસ્તમનાં માયે તોફાન કર્યું ત્યારે જેમતેમ કરીને રતીએ પોતાની સાથે એક આયાને આવવા દેવાની હા પાડી.

રતીને લઇને જયારે ગાડી ડા૦ બરજોર પંથકીના બંગલા તરફ ઉંકરાઇ ગઇ ત્યારે રૂસ્તમના ઘેરના ઓટલાપર હરણુ ફાર થઇને એકએકનુ મોહ ટીકતી ઉભેલી ચારો સ્ત્રીઓ—રૂસ્તમનાં માય, જર, દીનું, નર્સ—નાં માથાંમાંથી એકજ વીચાર પસાર થઇ ગયો:

બે દહાડાની બીમારીથી રતીને મગજ ચસ્કી ગયું હતું!'

પ્રકરણુ—પપ મું.

સીહા તુફાનનાં વાદલાં હવે જરા વીખરાવા માંડે છે.

સાડા આઠ તો થઇ ગયા!—અરે, ઘડીયાળના ચક્રોનેબી લકવો થઇ આવ્યો હતો કે શું?

ડા૦ બરજોરની છાતીની અંદર જાણે કોઇ લોખંડની હથોડી ઠોકતું હતું. કસારી જેવા ઉંચા કાન કરી તે કાંઇબી ગાડીના અવાજને માટે ગરદન તાણી તાણીને વરંડા ઉપર એક ઘેરાયલા ઉંદરની પેઠે આમથી તેમ ફેરા ખાયા કરતો હતો.

આહ ફીના—ફીના! તારીબી શી અદભુત મોહીની છે! ઘન મુલ્લાએ તેના પ્રેમને કબુલ કરી તેને ગમે તે કરી લેવા છેડી મેલ્યો! એ મીજાજની વંચીને ધુળમાં રગદોળી

પોતાના બુટ હેઠળ છુંદવા ડા૦ બરજોરે હરડતા કસમ લીધા હતા. હમણાં એટલા ઉપર તે ડાકટર એજ ધન મુલ્લાં અને તેના શયતાન બાપની આવી પુગવાની રાહ જોતો જ્યારે દાંત્યાં પીસીને ઉભેલો હતો ત્યારે કેહર અને વેરને માટે તેના માથાંની નસેનસ ફુગાઇ આવતી હતી.

"એ દોલના ડુંગરપર જઇને બેઠી—ને મને કુતરાંની કાની હાંકી કાહરયો!" તે મુછને ચરડી મરડી નાંખીને મન સાથ બકવા પડયો, "એ રાન મને સમજેછ શું! એની ફુકરાજીની કીમત હું એવી લેવશ કે એ લોહીનાં આસુ પારશે! ચચ્ચાર વરસ સુધી મને ગધેરો બનાવીને નાચ નચાવીયો—મને ખોટાં વચનોપર વચનો આપીને છેતરયો—એના ભરૂસા પર મેં આય ગરીબડી શેહેરંનુ કાટલું કાહડી નાખવા નાપાક કેકાઉસને મદદ કીધી! ને હવે—યાહ! મારૂ લોહી ઉકળેછ!—"

લોહીનો ગોટ ગળી બરજોર ચાલતાં ચાલતાં અટકી પડયો અને પાસેના એક બેડરૂમનું અલગું બારણું હળવેથી ઉઘાડી અંદર ડોકું કરી જોયુ. અરેરે! ગરીબ બીચારી હીણભાગ્ય છોકરી! ત્યાં પોલ્સા ઉપર લાઇલાજ ઉંધે મસતક પડી રહેલું તે સીતમનું શોકાતુર સવરૂપ જોઇ ડા૦ બરજોરના જીગરમાં પહેલીવાર કાંઇ અજબ પશ્ચાતાપનો ચમટો તુટયો. તેણે ઝટ ડોકું બાહેર ખેંચી લીધું અને બારણું આસ્તેથી પાછું ઢાંકયું.

"બીચારી શેહરાં!" એક લાંબો સવાસ ખેંચીને ફરીથી બડબડવા માંડયું. "હું ને કેકાઉસ કેવા કીચકારા નીરદય ઢોર છઇયે! એ ખવીસ બાપ દીકરીની સુઝે મેં આય ફુલ જેવાં બચ્ચાંને કચરી નાખ્યું! શરમ, બરજોર શરમ! હેફ છે મારીપર! એ નીરદોશ નાજુક છોકરીને મેં ખુવાર કરી

નાખી—મારા હાથમાં શું આવ્યું?—આહ, આજે બસ મને કોણ જાણે શું થાયછે! મને એવું કંઇ થાયછે કે જાણે પેલા મુજી ચંડાલને છરી મારીને તેની પેરીનુ ગળું ભચરી નાખું!—"

વળી પાછો મજબુત હોઠ બીડી બરજોર થંભ થઇ ઉભો. બેજાલત અને પસતાવાને મારે તેની છાતીમાં એક અજબ રીતનું તોફાન ઉઠી રહેલું હતું. તેનાં કપાળપર પસીનાના ઝરાં ફુટી નીકળ્યાં હતાં અને ડોળા એક પીધેલા પુરૂષની માફક ટસટસ થઈ રહયા હતા.

"મેં પેલી દદાને ખાતર શહેરાંનો ભોગ લીધો. ધનની આશાપર એ દગલબાજના ઘમઘોર પાપી કાવત્રામાં મેં હાથ બોળીયા—ને હવે એજ ડાકણને છુંદી નાખવા એના બાપની સાથે મેં આય શહેરાંને અહીં જીવતી ડાટીછ. ખોદાય મને માફ કરે! પણ હું શું કરૂં! ધનને સ્વાદ દેખારવાનો એજ રસ્તો છે. આય શહેરાં મારા હાથમાં હોશે તોજ એ જાલમ ભુતરાને હું રૂમરૂમ પોકરાવશ ખરી લીલી મેહેતા મારા કબજામાં છે એમ એની ખાત્રી નથી—આજે ડોરા ફારાને જોશે! પછી એને ગુઠણપર પારીને મારાં બુટ નહીં ચટાઉં તો મારા બાપનો બેટો નહી."

વળી પાછાં ડા૦ બરજોરના ફીકડાં ગુસ્સાથી ફફડવા લાગ્યાં. થોડીજ પળપર જીગરમાં ઉભાયલી પસતાવા અને શરમીંદગીનો નરમ જુસ્સો કપટ અને ક્રોધની કઠોર લાગણીમાં પાછો બદલાઇ ગયો. મુશકેલીથી દમ ખેંચતો તે ઓટલાની સીડીપર તાટ થઇને ઠરી ઠામ ઉભો રહી બાહેર અંધારામા ડોળા ફાડી જોવા પડયો."બરજોરના મોટાં ઘડીઆળમાં નવ વાગવાના ધીમા ગંભીર ટકોરા તેના ધક ધક થતાં જીગરની જાણે ઘાતકી મજાક કરતા હોય તેમ હવામાં ગાજી રહયા.

"પચાસ હજારનો ચેક—ને દર મહીને હજાર રૂપીઆ!" તે મન સાથ વીચારવા લાગ્યો, "આજે અમારી ચુપકીદીની એ કીમત ધનને આપવી પડશે. જો આય શેહરાં પોરીને જોઇને ધન ચુપચુપ નમી ગઇ તો ઠીક છે—નહી તો . . .. ઓ! આવી ગારી આવી'—"

છેલ્લા શબ્દો મોટેથી પોકારી બરજોર ડાકટર હજી તો ટટણુખાર થઇ શકે તે અગાઉ ધમધમ કરતી એક બુમ બંગલાના વરડાની સીડી આગળ આવી ઉભી.

છલાગ મારીને બરજોર ઓટલાપરથી ઉતરી ગાડી આગળ ધસ્યો અને ફટાક દેતું કે બારણુ ઉઘાડયું.

"શું થયું, કેકાઉસ? હું કાહરનો———રતી! !——"

એક જબરી બુમ મારી પડી બરજોર એકાએક ત્રણ ચાર ડગલા પાછળ હટી ગયો. ગાડીમાથી કેકાઉસ મુલ્લા અને તેની છોકરી ધનને બદલે કાળી સાડીમાં સજ થયલી પોતાની બેહનને આસ્તેથી બાહેર નીકળતા જોઇ તે તો ફાટીજ ગયો.

"રતી!" તે ચોઘારી અવાજે ફરીથી પોકારી પડયો. "તું—તું—અહી?"

રતીએ પોતાના ભાઇની ગમ જરા ડોકું ફેરવીને જોયુંબી નહી. ઉંઘમાં ચાલતી હોય તેમ ધીમે સાબુત કદમે સાડી ચઢી તેણી ઓટલાપર ગઇ અને ત્યા એક ખુરસીપર ગોઠવાઇ બેઠી.

દંગ થઇને બરજોર તેણીની પુઠે ઉપર આવ્યો. ઓટલાપરના ફાનસની મદદથી તે પોતાની બેહનનો ચેહરો વધારે ખોટ્લી રીતે જોઇ શકયો. તેના મુખમાંથી પાછી બુમ નીકળી——

"ઓ માઇ! રતી!—એ તારો શું અવતાર! તું રાત પરી અહીં કાંય આવી? તું તો સીક ઉતીની?"

અંગે લખલખુ ભરાઇ આવ્યું હોય તેમ ધ્રુજીને રતીએ પોતાની શ્યાલ માથાંપર વધારે લપેટી.

બરજોરે ગભરાઇને રતીનો હાથ પોતાના હાથમાં ચિંચ-કીને પકડયો અને બીજી પળ અકળાઇને મે હેથી એક લાંબી સીસોટી ફોંકીને ઝટ કરતો છોડી દીધો.

"બાઇ જોવ!" તે ઘાડા અવાજે બોલી ઉઠયો, "તુંને તો 'હાઇ ફીવર' છે! રતી—એ તેં શું નાદાની કીધી? આવી હાલતમાં ટાઢમાં ઠઠરતી અહીં આવવાનું શું કામ પડયું?"

જવાબને માટે બરજોર થોડીક પળ મુગો ઉભો રહી ટીકીટીકીને પોતાની બેનનો ઉજળો સપ ચેહેરો જોવા પડયો. બેશક—રતી અતીયંત બીમાર હતી એ તો તેની તબીબી આંખે એક પળમાં જોઇ લીધું હતું. ઝડપમાં અંદર જઇ તે પોતાનો જાડો ગરમ ઓવરકોટ લાવ્યો અને રતીનાં ખભાં આસપાસ તે વીંટાળ્યો.

"તું શું મેડ થઇછ? રાત પરી અહીં કાંય આવી? તું તો સીક ઉતીની? રતી—બોલની—જરા જવાબ તો દે?——"

છાતીપર ઘડ નાખી દઇને અત્યાર તુલીક મુગીમંતર બેઠેલી તે છોકરીએ હવે ડોકું ઉંચકયું અને ઝુમાઇ જતી આંખે પોતાના આ નીખાલસ ભાઇ ગમ જોયું.

"હું જીવું કે મરી જાઉં તેની તુંને ભલ ફીકર છે," તેણી કરડે દેખાવે બહુજ ધીમેથી બોલી, "બેહન મરવા સુતી તે જરાક આવીને ખબર પુછવાનો બી તુને વખત નહી મળ્યો!".

"નહી મળ્યો, ખરેખર નહી મળ્યો," બરજોરે મોહ કુમલાવી જવાબ દીધો, "આજે માણસ કહેવા આયું કે તું સીકછે તાઉરે હું—હું—છેતે—ત્રણેજ રોકાયલો ઉતો; ઘેરમાં બી નહીં ઉતો. પણ મને ખબર નહીં કે તું એટલી બધી સીક છે—"

"બસ બરજોર, બસ કર—જુઠું ના બોલ," રતી એકદમ ચીચવાઇને વચ્ચે બોલી ઉઠી. "તું કેવો માણસ છે તે હું

હવે બરાબર ઓરખું છું. તું માટીડો નથી, પણ હીચકારો બાયલો છે. તું માણસ નથી, પણ હેવાન છે—દયાની લાગણી વગરનું ઢોર છે. થુ પડી તારીપર હું તારી બેહન થવા-નેબી શરમાઉં છું—જા ખીસ, મારી આગળથી !"

ઓચીંતા એવા જુસ્સાથી રતી આમ મોટે મોટે કબ્લો કરી પડી કે પેહેલ થોડીક સેકંડ સુધી તો બરજોર ગંગેટાઇ ગયો. દીવાલને અઢેલી તે સાવજ જેવો પોતાની હમેશની રાંક, શાન એક મારગી રતાં બેનમાં થયલા આ નવા અસાધારણ ફેરફાર તરફ ફાટેફાટે ડોળે ટીકયા કરતો દંગ થઇને ઉભોજ રહયો.

એકાદ બે મીનીટ ચુપચાપમા પસાર થઇ. બરજોરે જોયું કે રતી કઠણાઇથી શ્વાસોશ્વાસ ખેંચતી હતી. એકાએક તેણી ઠડાક દેતી કે ઉઠી ઉભી થઇ અને દેવસ્યાનની દેવીની પેઠે ચક-ચક થતા ડોળા કકડાવતી બરજોરની અડોઅડ આવી ઉભી.

"બરજોર !" તેણી બીહામણે અવાજે તેના કાનપર પડીને બોલી. "અહીં હું શું કામ આવીછ તે તું જાણતો નહીં હોશે ! હું મારા બીજા વરનુ ઘેર સદાનુ છોડીને આવતી રેહીછ. મારો પહેલો વર મુવેલો પાછો જીવતો થયોછ. પણ હું હવે બેઉને છોડી દેવાની છઉં——".

" રતી ! "

"હા, ને હું તારે તાંહબી રહેવાની નથી—તારા જેવા કંગાળ માણુસને તાંહ એક મીનીટ રહેવાની નથી. હું મારી શેહેરાંને લઇને જતી રહેવા માંગુછ. અમે બે જણા અમારૂ ફારી લઇશું. લાવ—કાંહ છે મારી શેહરાં ? મને કેહ—બરજોર મને કહે. બસ મને જણાવ કે એ છોકરીને તમે બે ઘાટકી નાતરસ પાપીઓએ કાંહ સાંતી મુકીછ ? આપરાં મરનાર માએના સોગંદ આપીને પુછુંછ તે મને કેહ !"

બરજોર તદન ડેબતાઈ ગયો. તેની સામે ઉભેલી આ રતી દુન્યાપરની એક નારીજાતી નહી પણ આસમાન પરની કોઇ દયાની દેવી હોય તેમ દયામણે રડમેસ અવાજે આ પ્રમાણે કાંઇ ઓર જુસ્સાથી કાલાવાલા કરતી ત્યાં તેના ખભાપર હાથ મુકી બોલતી હતી. બરજોરને લાગ્યું કે તેનો પોતાનો શ્વાસ જાણે કાંઈ ન સમજ પડે એવા અંદરખાનેના ઉભરાથી ગળામાં ચીપટાઈ જતો હતો. રતીનો ગરમ બળબળતો હાથ તેના ગળાંને લાગતાં તે માથાંથી પગ સુધી નેતરની પેઠે ધ્રુજ્યો અને એક હાય ખેંચી તે છોકરીની આગલથી ખસી ગયો.

"તું અંદર જઇને જરા આસાએશ લે" તેણે ખોખરા સાદે કહ્યું, "તારી સુદ્ધી હમણા ઠેકાણે નથી—"

"આસાએશ? એ છોકરી પોતાની જીવતી ઘોરમાં સપડેછ ને તુને આસાએશ બોલતા લાજ નથી આવતી? તારૂં દીલ શાનું છે—પથરનું છે કે લાકરાંનુ છે? બરજોર એ શેહરાં મારી પોતાની દીકરી છે. એ બચ્ચું મને નહી આપશો તો તમો બેઉ જણના ડોરા હું ખેંચી કહાડશ. પેલા મુવાની સાથે મલી જઈ તેં એને કેદ કીધીછ તે હું જાણુંછ. અરે ઘાતકી! તુંને ખોદાયનો શું ડર નથી? એક નીર્દોષ બચ્ચાંનું લોહી તું રેડેછ—તારો દોજખમાં ઠાર થશે."

મોઢાંપર બે હાથ મુકી રતી મોટેથી ડચકાં ખાવા લાગી. ભભરાઇને પાછો બરજોર ડુસકે ડુસકે રડતી પોતાની બેનને એક ચીતે જોવા પડયો. ખાસ્સી બે ત્રણ મીનીટ સુધી આમ હીલ્યા ચાલ્યા વગર થંભ ઉભો રહી તેણે રતીને ટીકયા કર્યું. પછી એકદમ જાણે કાંઈ વાહરં આવ્યું હોય તેમ કકડાવીને તે છોકરીની કાંડી પોતાની મુઠીમાં પકડી પાસેના ઓરડાનાં

બારણાં આગળ તે લઇ ગયો અને ફરાક દેતુ કે બારણું ઉઘાડી રતીને અંદર હડસેલી દઇ પોતે પછ વાડે દાખલ થયો.

"લે—આય રેહી તારી શેહરાં !" તેણે દાંત પીસી કહ્યું.

અંગે વીજળીનો ઝટકો લાગ્યો હોય તેમ રતી ઓરડાની વચોવચ એક જબરદસ્ત આંચકો ખાઇને ચોંકી ઉભી—ગાજી પળે તેણી ઘોલ્યાપર પછડાઇ પડેલી તે નસીબની લીલી આગળ ગુંટણમડીએ બેસી જઇ તેણીના ગળાં આસપાસ હાથો વીંટાળીને દીબો તાણતી હતી.

" શેહરા ! મારી શેહરા ! "

નસોસ જીવે સહેજ ડોકું ઉંચકી શેહરાંએ આ નવી આવનાર ગમ જોયું, અને પછી જાણે કોઇ ભસ્તાંમાંના ભુતે હાથ લગાડયો હોય તે મીસાલ કમકમીને તેણી રતી આગળથી ખસી જઈ બીછાનાને છેક બીજે નાકે ચંપાઈ બેઠી અને પુશકળ તીરસ્કાર અને કચવાટથી તેણીની ગમ પોતાની આંખ્યો ફેરવી રાખી.

"શેહરાં ! તું મને ઓળખતી નથી ?" રતી બહુજ કલવાઇને બોલી "હું રતી છેઉ !"

શેહરા પલંગ પરથી કુદીને બીજી બાજુ ઉપર ઉભી થઈ કુરતીનની છત્રીને વળગીને ફરફર કાંપવા મંડી.

"તમે લોક કાંય મારીપર એટલો જુલમ પારોછ ? રતનબઈ, તમે કેવાં છેઓ તે હું જાણુંછ. તમે મને અહીં કેદ કરી રાખવા તારા ભઇની સાથ મળી ગીયાંછ—હું બધું જાણુંછ. પણ તમે લોક શું માંગોછ ? મને જીવતી કાંય રાખોછ. મને મારી નાખો—તમારે પગે લાગું—મારેથી આય દુઃખ નહી ખમાતું."

આમ કહેતાં તે નસીબનું ફુટેલું બચ્ચું કુરતનીમાં માથું

ઢાંકી દઇ ઝાર ઝાર રડવા લાગ્યું. લાલ બોટાં જેવી આંખ્યોએ તેણીની ગમ જોયા કરતી રતી ત્યા મીણનાં પુતળાંની કાની ઉભી હતી. બરજોર એક ખુણામા ખુરસીપર બે હાથોમાં પોતાનુ માથું પકડી રાખી બીલકુલ ચુપ બેશી રહયો હતો.

શેહરાંનો રડતો ગગળતો કલાપીત ભગ્યો સાદ પાછો ઓરડામાં ધમધમી રહયો—

"મેં તમારા લોકનું શું બગાડયુ ? મેં કાંઇ પૈસા માંગયા—હું કાંઇ કોઇની વચમા આવુંછ—કે મારીપગ સીતમ ગુજારોછ? મને જવા દેઓ, હું ફરીથી અહીં મોહનું બી નહી દેખાડશ. હુ પેલી ધનબઇ મુલ્લાંની નજરે બી નહીં પરશ—"

"તું નહી પરશે, પણ હું પાગવા માગુંછ! તેથીજ હું એને મારી સાથે હમણા અહીં લેઇ આયોછ. કાંઇ છે—બરજોર કાંઇ ગીયો?"

બારણાના ઉંબરપરથી ઉપર પ્રમાણે અવાજ સાંભળી શેહરાં બોલતાં અચકી ગઇ હતી. તેણીનુ મોઢું બરાબર બારણાની સામેજ હતું, એટલે ત્યાં ઉંબરની ઉપર એક ખવીસની કાની ડોળા કહાડતા ઉભેલા કેકાઉશ મુલ્લાં તેણી આબાદ જોઇ શકી એક ચીસ મારી તેણી બોલ્યા ઉપર ઉંધે મસતક પાછી તુટી પડી.

કેકાઉસ મુલ્લાં લેહેરે લેહેરે ચાલીને ઓરડાની અંદર દાખલ થયો તેણે એક હાથે કોઇ જવાન પારસણ બાઇની પાંખડી વળગેલી હતી, અને તે સ્ત્રીની આખ્યોપર એક માટો બાધેલો હતો.

જેવાં બેઉ જણા ઓરડામાં દાખલ થયાં કે કેકાઉશે એક નજર ખુણામાં બેઠેલા ડાકટર બરજોરપર નાખી. તે તો ક્યારનો ત્યાં એક પથરના ટુકડાની પેઠે જરાખી હીલ્યા

ચાહ્યા વગર જાણે ખુરસી સાથ જકડાઇજ બેઠો હતો. તેણે જરા ડોકું ઉંચકી કેકાઉશ યા તેની સાથ આવેલી સ્ત્રી ગમ જોયું વઠીક નહી. રતી પલંગની પેલી બાજુ કુરતીનને ઓઠે ઉભેલી હતી, એટલે તેણી કેકાઉશના જોવામાં આવી નહી.

કેકાઉશ મુલ્લાંએ પોતાની દીકરીની આંખોપરથી પાટો છોડી નાખ્યો અને ધનને બાજુમાંથી પકડી શેહરાં પડેલી હતી ત્યા તાણી ગયો.

"લે તારી નજરે જો," તે કરડા ભયંકર ઉચ્ચારે બોલ્યો, "આય રેહી ખરી લીલી મેહેતા. ધન, હવે વધારે તારી પતરાજી અમારી સાથ—એ કોણ!"

રતી પંથકીની ઉપર ઓચીંતી નજર પડવાથી કેકાઉશ એકદમ ભડકીને બોલતા અટકી પડયો અને વાંકો વળી ડોળા તાણી તાણીને તે છોકરીના મોઢાંનું અવલોકન કરવા લાગ્યો. તેના કપાળપર એક કદરબીહામણો ચીંતાતુર ચાહ્લો ચઢયો

"રતનબઇ?" તે દાત કચકચાવીને મોટેથી પોકારી ઉઠયો "બરજોરના બેહેન? વાહ તમેબી અહીં છઓ? એ બધી શું ગોલા લરાઇ? બરજોર, એનો શું અરથ?"

પણ બરજોર જવાબ શું દેતો હતો? થોડીક મીનીટ કેકાઉશ મુલ્લાંએ રતી પરથી બરજોર તરફ અને બરજોર પરથી રતી તરફ ઘુરકયા કર્યું. બરજોરની ચુપ કીદીથી તેના દીલમાં તરેહવાર શંકા ઉતપન થતી હતી.

'કેમ, કંઇ બોલતો નથી?" બરજોર તરફ ફરી તેણે રાથોડી અવાજે પુછયું, "મારી સાથ કંઇ દગો રમવાનો હોય તો તદન તઇયાર છેઉં. ડાકટર બરજોર પંથકી આય જો—એ ભરેલી તઇયાર છે."

આમ બોલી એક પોશાગીર ખુનીની પેઠે શીફડાં ફફડાવતો

કેકાઉશ બરજોરની નજદીક ગયો અને તેની આંખ્યો સામ એક રીવાલવર ચમકાવવા લાગયો.

"કોણની માએ આજે સું ખાધીછ!" તે ભયાનક ઘાડા અવાજે પાછું બોલ્યો "હું સપત ખાઉંછ કે જે આજે મારી વચ્ચે આવશે તેને આએ ગોળીથી બેજાન કરશ. સબર–તું કંઇ બોલતો નથી—કદાચ આએ તારી બેહનના દેખતાં બોલવા નહી માંગતો હોશે. રતનબાઈ, તમે ઓરડાની બહાર જાઓ, મને તમારા બાપ સાથે કંઇ ખાનગી વાત કરવીછ"

એક હાથમાં પીસ્તોલ પકડી બીજે હાથે કેકાઉશે બારણા ભણી આંગળી ટાંગી એવા તો શહેતાન ભરયા ખવીસ દેખાવે રતી તરફ ડોળા કકડાવયા કે બીકને મારે ડરડર કાંપતી રતી જાણે કાંઈ ગેબી દોજખી અસર તળે એક બોકરાંની મીસાલ ઓરડાની બહાર ચાલી ગઇ. બરજોરે દાંત પીસીને એક પળમાં જોઇ લીધુ હતું કે પોતાની બેહનને તે નાપેકારે મેસમેરાઇઝ કરીને બાહેર કહાડી હતી.

રતીના દીલપર બરજોરનો લાંબો જાડો ઓવરકોટ પહેરેલો હતો અને માથે શાલ લપેટી હતી. ધીમે સાબુત પગલે તેણીને બાહેર જતાં જોતી ઘન મુહલાં લાકડાંના ઢીમડાંની માફક એક બાજુ અદબ વાળીને ઉભી રહી હતી.

રતી પંથકી બારણાની બાહેર પડી કે કેકાઉશે બારણું અંદરથી પાછું અલગું બંધ કરયું. તેજ ઘડીએ ઓટલા ઉપર છુપાઈ ઉભેલો કોઇ પુરૂશ એકદમ રતીના આંગપર ધસી આવયો અને તેણીને તોટામાંથી પકડી એક જાતનાં પેલાં ઝનુનથી તેણીને હલાવી દોદરાવી મુકવા લાગ્યો.

"ઉભો રહે ચંડાલ, એક જણ તો મારા સપાટામાં આયોછ," તે પુરૂશ હાંફતાં હાંફતાં જડબું પીસીને બોલ્યો.

ધમ્મ કરતી રતી જમીન ઉપર તુટી પડી. પેલા હુમલા કરનાર શખ્સે તેણીના દીલપર પડીને તેણીનું ગળું દાબીજ રાખ્યું હતું. બીજી પળે તે પુરૂશની જોડે આવેલા કોઈ બીજા માટીડાએ એક ફાનસ ઝડપ દેતું કે ઉંઘાડી રતીના મોઢાં ઉપર રોશની ફેંકી

"અરે, આય તો કોઈ બઈરી છે, રૂસ્તમ !" મેહેરજી પંથકા એક ઝોકો ખાઈને રતીની ગળચા પરથી પોતાનો હાથ છોડી દઈ બુમ પાડી ઉઠયો, "એ તો—હે !—રતી !—!"

ગુંઠણુ મડીયે બેશી જઈ મેહેરજી તો એક દીવાના શખ્સની પેઠે પોતીકી તે બેહોશ જેવી થઈ ગયલી પ્રીયાનુ મોહો તપાસવા લાગ્યો. અજાયબી અને ગજગટની એક બુમ સમેત રૂસતમે પોતાના હાથમાંની બતી તે છોકરીના મોઢાંની છેક આગળ ધરી અને વાંકો વળી જોયુ. બંનેના દીહામાં આવયું નહી કે બારણું ઉંઘાડી કેકાઉશ એક ખવીસ દેવની કાની ત્યારનો સઘળો તમાશો ડોળા ફાડીને જોયા કરતો હતો.

એકજ બીજી પળ—અને તેણે રૂસતમની ગરદનપર પોતાનો જાલમ પંજો નાખ્યો તેણે એક દૈત્યના જોરથી તે જવાનને ભોંયપર પટકી પોતાનું ગુંઠણુ તેના શરીરપર દાબ્યુ. રૂસ્તમના હાથમાંની બતી ઉડી ગઈ. એટલો ઝડપમાં કેકાઉશ તેનાં અંગ ઉપર ઉલટી પડયો હતો કે તેને બચાવમાં એક આંગળીબી ઉંચકવાનો વખત મળયો નહી.

"મેહરજી !" તેણે જબરદસ્ત બુમ મારી.

એક જખમી થયલા ચીંતાની પેઠે મેહરજીએ રતીને પોતાના હાથમાંથી છોડી દીધી અને કુદી ઉભો.

"ખબરદાર !" કેકાઉશની ભયંકર બરાડ તે જીન સટોસટ ઘડીએ સંભળાઈ, "એક ડગલું આગળ વધ્યોછ તો આ પીસતોલે તારૂં માથું છુંદી નાખશ."

એક ઘડીભર મેહરજી અચકી ઉભો. ખરેખર કેકાઉશ મુલ્લાંનો દેખાવજ એવો હતો કે કોઇબી પળે પોતાની ધમકી અમલમાં મેલી દે પણ મેહેરજી ગમે તેવો હતો તોબી હીચકારો તો તે હતોજ નહી. આંખના એક પળકારામાં તેણે ચડપ દેતી કે પોતાના ખીસામાંથી એક પીસતોલ ખેંચી કહાડીને કેકાઉશનાં માથાં સામે ટાંકી——

"હટ—બાજુ !"

મેહરજી હજી તો પોતાની રીવોલવરની ચાંપ દાબી શકે તે આગમજ કોઇએ પછવાડેથી તેને ખભામાંથી પકડી એક જબરદસ્ત આંચકા સમેત બાજુ ખસાડી નાખ્યો.

યા ખુદા ! તેજપળે કેકાઉશ મુલ્લાંની પીસતોલ એક જબરદસ્ત ધડાકા સાથે ફુટી અને ડોળા ઉઘાડીને સૌ કોઈ જોઇ શકે તે આગમજ કોઈ ત્રીજોજ શખસ એક બુમ સમેત જમીનપર ચટોપાટ તુટી પડયો.

રૂસતમને એક ઝટાકે છોડી દેઈ કેકાઉશ મુલ્લાં એક વાઘની કાની ઉઠી ઉભો થયો અને હાથમાં પીસ્તોલ સાથેજ વાંકો વળીને ભોંયપર પછડાઇ પડેલા પેલા નવા હમનબરદગમ જોયું.

"દારાશાહ !" તે આટલુંજ નામ પોકારી શકયો.

ખરેખર ! મેહેરજીને ઓચીંતો ખસાડી તેની જગયાએ આવી ઉભેલો શખસ કોઇજ નહી પણ દારાશાશ દીનયારજી ઉરફે પેશી મેહતા હતો. કેકાઉશને હાથે મરણ તોલ જખમી થઇને ભોંયપર પડેલા તે પારસી ગમ આંખ્યો ફાડીને જોવાને કોઇનેબી વખત મળે તે અગાઉ કાનના બેહર ફાડી નાખે એવી ચીસ સાથ ધન ત્યાં ધસી આવી અને ધરરર દેતી કે પેસી મેહતાના શરીરપર તુટી પડી.

લોહીના ખાબોચયામાં પેસી ઢગલો થઇને જમીન પર ચટો-

પાટ પડેલો હતો. એક મીનીટ સો કોઇ હેબતાઇને ડંગ થઇ ગયુ કેકાઉશ મુલ્લાના હાથમાં હજી તેની ડબલ બેરલ રીવોલવર ધરેલી હતી અને તે દોજખમાંના એક જમડાની પેઠે આતશી આંખ્યોએ રૂસ્તમ અને મેહરજી તરફ ફુંફારા મારતો જોયા કરતો હતો

"આય પારસી માગ જીવનો જમ થઇ લાગો'તો પણ એ એને ફેજે પુગોછ, મને દરેક વખતે એ નરતો'તો, પણ આખરે મારેજ હાથે હાર મુવો. મેહેરજીભાઇ, રૂસતમ શું જોયા કરોછ? તમે મને પકડતા નથી? આવો, મારી પાસે બીજી ગોળી આય પીસતોલમા ભરેલી છે મારો દાવ થઇ ચુકો. કેકાઉશ મુલ્લાંને જીવતો પકડવાનું તમારા નસીબમાં નથી"

આટલું બોલતા કેકાઉશે પોતાના હાથમાની રીવોલવર પોતાંના કાનમાં ખોસી બીજી પળે પાછો કાન ફાટી જાય એવો પીસતોલનો બાર થયો અને—

રે કીરતાર! હૈયા ફુટો આ હેવાન પોતાને હાથેજ માથામા ગોળી મારી એક મુડદુ થઇ જમીનપર પટકાયો હતો

પ્રકરણ—પ૬ મું.

"છેલ્લી સલામ!"

"યા ખોદા!——"

કેકાઉસ મુલ્લાંના હાથમાંની રીવોલવરનો બીજો કડાકો થતાંજ જેવો તે દુષ્ટ અભાગ્યો ઢીમડાંની માફક જમીનપર પડયો કે કોઇના મુખમાંથી એક હેબતનાક બુમ બાહેર પડી.

ઓ, તે કંગાળ નેહસ્ત ઘડી! લાકડાંની પેઠે તાટ બની જઇ રૂસ્તમ હરણફાર જેવા મુડદું થઇ લોહીના ખાબોચ્યામાં પડેલા કેકાઉસ મુલ્લાંની ગમ ટગર ટગર ટીકતો થંભ

થઈ ઉભો હતો. એક હાથે પોતાની છાતીનો ધબકારો દાબી રાખી મેહેરજી પંથકી ડોળા ફાડીને દારાશા યાને પેસી મહેતાના તરફ઼ આં તપાસતો અને ધન મુલ્લાંના જીગર ફાટી જાય તેવા કકળાટ ગમ એક દીવાના શખ્સની કાની જોયા કરતો ગુઠણે ફસડાઈ બેઠો હતો આહ—આ બે જણાના દમ રૂંધાઇ જશ જાણે કાંઇ ગુપ્ત શકતીથી તેઓનાં હરૂદય પર તાતેલા ડામ આવી પડયા હતા.

* * *

"ઓ!—થઇ ચુકું!—"

અંતે ઓરડાની ભયંકર ચુપચાપ વચ્ચે તે મરતા તફડતા આદમીનો નીસાસો સંભળાયો. આ દારાશાનો સાદ સાંભળતાં મેહેરજીને માથાંથી પગ સુધી કંપારી છુટી હોય તેમ તે કાંપવા લાગ્યો.

"હું મરી જાઉંછ!—સલામ!—" પેસી મેહતાનો દબાયલો ઘોઘારી અવાજ પાછો આવ્યો. "રૂસ્તમ!—મારૂ આવી બન્યું——શેહરાંને—ઓહ!———"

લોહીનો ગોટ ગળી રૂસ્તમ લડરતો પડરતો પેસીની નજદીક આવ્યો અને ધપ કરતો તેની આગળ બેસી ગયો.

"પેસી!" તે રડમસ અવાજે માત્ર એટલું બોલી શકયો.

પેસી મેહતાએ પોતાની આંખ ખોલી રૂસ્તમ ગમ જોયું—

"મારી લીલી—શેહરાં—કાંહ છે? મારૂં બચ્ચું-કાંહ છે! અરે—હું તેને—તેને લાવ!—"

રૂસ્તમ કાંઇ બોલવા ગયો. પણ તેના ગળાંમાં કાંઈ દર્દ એવું ખુટી બેઠું હતું કે એક શબ્દબી તે ઓચરી શકયો નહીં. પેસીના ખભામાંથી બેઅખત્યાર લોહી વહયુંજ જતું હતું. અને દરેક પળે તેનો શ્વાસોશ્વાસ કઠણ થતો ચાલતો હતો.

એકાએક અંતની ઘડીએ કાઇ તાણ થઇ આવી હોય તેમ એક ઉંડો લાંબો દમ ખેંચી પેસી ઝટાક સમેત ઉઠી બેઠો.

"મારાં બચ્ચાં—મારી શેહરા—" તેણે કળવાઇને એક જબરી બુમ પાડી.

"પપા!—"

રૂસ્તમ અને મેહરજી ચોંકીને શું થયુ તે હજી તો સમજી શકે તે અગાઉ તેઓની પીઠ પછવાડેથી એક જબરદસ્ત ચીચીયારી સંભળાઇ અને બીજી પળે શેહરા પોતાના મરણ પામતા બાપનાં દીલપર અકળાઇ પડી. પેસીના ચેહેરાપર ખુશાલી એકદમ ફેલાઈ ગઇ. તેનુ કમળાઇ ગયલું મોહડું ખુલી ગયુ—અને મુછપર સંતોષના છેલ્લાં હસવા સાથ તે પાછો ભોયપર લાંબો થઇને પડયો.

"મારી દીકરી!—મારી લીલા! હું મરી જનઉંછ!—" તે મહા મુસીબતે જીવ ખેચીને અસંત ધીમા અવાજે બોલ્યો, "તમુને બધાને—ઓ—સલામ! મારી ધનને—સંભાળી લેજે—રૂસ્તમ! મારી લીલાને—એનો હક આપજે! —ઓહ—મેહરજી—હુ દારાશા નથી—હું—હું—પેસી મેહતા—છેઉ—"

"પેસી મેહતા!!"

"હા—હું પેસી—આય—લીલીનો બાપ! રતાની સાથ —હું પણીયો—બચારી રતી—એનો વાંક નથી. મેહરજી—એને સુખી—ઓહ—સલામ!'—

અહા! એક ગમગીનીનુ ગંભીર શોકાતુર મ્યુઝીક જેમ ધીમુ ધીમુ પડતું જઈ સેવટે તદન ઠંડુ પડી જાય છે તેમ પેસી મેહેતાનો સાદ સેવટે નખાતો નખાતો જઈ એકદમ ઝુમાઈ ગયો. છેલ્લા 'સલામ' સાથ તે હીણભાગ્ય માણસે પોતાની ગાંઠ ગાંઠવાળી જીંદગી તે કીરતારને હવાલે કરી નાખી હતી.

બે ત્રણ મીનીટ રૂસ્તમ અને મેહેરજી જેમનાં તેમ સ્થીર થઇને દમ્મી ખેંચવા વગર પેસીના હવે જીવ વગરનાં થગ થઇ ગયલા આકાર ગમ જોયા કરવા પડયા.

રૂસ્તમની ગરદન આસપાસ બે હાથ વીટાળી તેની છાતીમા માથું દાબી ડુસ્કે ડુસ્કે બેઅખત્યાર રડતી શીરીંનાં ડચકાં માત્ર સંભળાતા હતા. રૂસ્તમ એટલો તો ગાફેલ બનીને ત્યાં બેઠેલો હતો કે પોતાની ગોદમાં એકાએક દબાયલી આ પ્યારી દુખી છોકરીને દીલાસાનો એક સખુન બી કહેવાને તેનામાં તાકાત ન હતી. અને મેહરજી? તેણે એક લાંબો શ્વાસ ખેંચી કયારની નસીબવંતી બેહોશીમા પડેલી પોતાની પ્રીયા રતી ગમ એક નજર નાખી ત્યા તે બેસુધ છોકરીના માથાં આગળ ફસડાઇને તેનો ભાઈ ડા૦ બરજોર કોણ જાણે કયારનો બેઠેલો હતો.

બસ—બસ—કલમ! તું ધુજ ના. શોક અને ગમીના પ્રકરણપર પડદો હવે હું નાખી દઉં છું.

* * *

પ્રકરણ—૫૭ મું

સેવટ.

આઠ મહીના!—અરે, આઠ મહીનાનો ગાળો એ શું ચીજ છે તેનો કાંઇ ખ્યાલ છે? પેસી મેહેતાને પીસ્તોલ મારી કેકાઉસ મુલ્લાં પોતે જાનથી બેજાન થયો તે દલદર દીવસને આજે આઠ માસ વીતી ગયા—અને એ મુદતનાં પેટાંમાં તો શુંનું શું થઈ ગયું!

શુ થઇ ગયું? વાંચનાર—તેની સાથ હવે તને શું કામ છે? રતી પાછી લાગત ૩ મહીના મોહતને ખાટલે કેમ

પડી—ચન મુલ્લાંએ ખડે પગે રાત દીવસ એક સાચા નર્સની પેઠે તેણીની કેમ બરદાસ્ત કરી—પોતીકી બેનને જીવાડવાને માટે ડા૦ બરજોર કેમ પછડાઈ ગયો—શેહરાંનું ગમગીન મોહ ધીમે ધીમે કેમ પાછું ખુલતું ગયું—તે બધું વીસ્તારીને વાચવાની શું તને હવે દરકાર છે? કેકાઉસ અને પેસી મેહતાપર ભરાયલી કોરોનરની જુરીએ કરાંચીને કેમ હલમલાવી મેલ્યું—લીલી મેહતાની કાહણી જાહેર થતાંજ મુંબઈમાં અને કરાચીમા કેમ હોહોકાર મચી રહ્યો—અંત વખતના વેહલા સાથ સઘળું પોતાની મેળે કેમ ડપટ પડતું ગયું—ચન મુલ્લાં યા ડા૦ બરજોરની સામે કશાબી કાયદાપુર્વક પગલા ભરવાને લીલા મેહતાએ તથા રૂસ્તમે કેમ મજબુતીથી ના પાડી—ઉલટું એ બંનેની સામે કાંઈબી કામ ચલાવવાને પોલીસને જરાબી હક નથી એવી સખત બાથ રૂસ્તમ મુગા શેઠે બીડીને બધું માંડવાળ કેમ કરાવ્યું—તે સઘળું બારીકીથી સાંભળવા માટે, વાચનાર, શું તાગમા મીરજબી છે?

આજે તે વાતને આઠ મહીના થઈ ગયા છે આજે મુંબઈનાં પંથકી પેલેસમાં ત્રણ મોહબતવંતા જોડાને એકમેકના સુખમાં વીંટળાયલાં તું જો ——બસ, વધારે આવાચીવીની તને શી અગત છે? માત્ર ગયે અઠવાડયેજ રૂસ્તમ મુગાશેઠ પોતાની વાહલી પીત્રાઈ લીલીને પોતાની ધણીઆણી કરી પોતાને દુન્યાનો સહુથી સુખી માણસ આજે સમજતો બેઠો છે. તે હવે મુંબઈ મેહરજી પંથકીના 'પંથકી પેલેસ' માજ રહે છે, કારણ તેની મોહરદાર લીલીએ ખાસ આગ્રહ કરી તેની પાસ કરાંચી સદાનું છોડી દેવાડયું છે: 'ટેરેસ હોલ' ભાડે અપાયો છે અને રૂસ્તમ પોતાની વાહલી માતા તથા લાડકી બેન દીનુ તેમજ પોતાના જાની મીત્ર મેહરજી અને તેની ભલી લાયકીવાળી

મૈત્રી રતીની સાથે એક છાપરાં તળે પોતાની શેહરાં સાથ રહી શકવામાં પોતાને મોટો ભાગ્યશાળી માને છે.

મેહરજીનો અસલ હસમુખો લેહરી ખુશાલ સ્વભાવ પાછો ફર્યો છે. જે દીવસે રૂસ્તમ અને શેહરાનાં કશીબી ધામધુમ વગર લગન થયાં તેજ દાહડે મેહરજી અને રતીનાબી ફરીથી લગન થઈ ચુકયાં છે રતી આજે જ્યારે પોતાના ધણીના પાસાંમાં ભગાઈને બેઠી છે ત્યારે, જો વાંચનાર, તેણીનુ મોડુ કેવુ ભરાયલુ, સંતોષી અને સુખી છે!

કોઈજ વાર—બસ કોઈજ વાર—જ્યારે આગલી કોઈક ગમખાર યાદ આવવાથી શેહરા કે રતીના ચેહેરાપર સેહજ દલગીરીનો છાપ પડે છે ત્યારે રૂસ્તમ અને મેહરજી પ્યારથી હસીને પોતાની એ વહાલી મોહોરદારોનો ગાલપર જબરદસ્તીથી કીસ લઈ તે ગમગીની ઉરાડી નાખે છે.

પણ એ તો બે જોડાંની વાત થઈ. ત્રીજાં જોડાં વીશે આપણે ઇસારો કર્યો તે કયું જોડું?

નથી અટકળી શકતો? જો—'પેલેસ'ના બાગમાં પાંખડી વળગી કયારાઓ વચ્ચે એકલાં એકલાં પેલાં બે જણા કોણ ફરે છે? જો—બરાબર જો—ડા૦ બરજોરની સાથે ચાલતાં જરીથી હસાઈ હસાઈ કેવું જવાય છે—તે છોકરીની આંખજ કેવી ખુશાલીથી ચમકી રહેલી છે! હા—બરજોર અને જરીનાં લગન હજુ થયાં નથી, પણ થોડુંકમાંજ થનાર છે. તેઓને શાદી આબાદી ઇચ્છિ, દોસ્ત. ડા૦ બરજોર આગલો બરજોર નથી. પોતાની આગલી ચાલનો તેણે ખરાં અંતકરણથી પસ્તાવો કરી મેહરજી તથા રૂસ્તમની તેમજ તેઓની ધણીઆણીઓની માફી કયારની મેળવી લીધેલી છે. માફી? નહી—તેણે પોતાના બોલકણા ખુશ મીજાજી સ્વભાવે 'પંથકી

પેલેસ'માં બધાંનાં દીલ જીતી લીધાં છે. તેણે વુર્તનુંજ કોટમાં એક સારા પાયાપર દવાખાનું ઉઘાડયું છે અને ત્યાં શરૂઆતથીજ મચ્યા જવાને તે નસીબવાન થયો છે.

પણ સબર ! બધાંની ગડબડમા મારી ધન મુલ્લા કયાં છે ? 'પંથકી પેલેસ'ના એશઆરામમા તને આ ત્રણ જોડા ઉપરાત રૂસ્તમના બુઝોર્ગ માતાજી અને તેની ચમકરી સરખી દીનુ બેન તને મળે છે—પણ ધન કયાં છે ?

ધન મુલ્લા 'પંથકી પેલેસ'માં નથી. રૂસ્તમ મેહેરજી, રતી, શેહરાની ગમે તેવીબી મીનતજારી છતાં તે છોકરી પોતાનો ઠરાવ છોડવાને કાંઈ અજબ મક્કમપણા અને દ્રઢતાથી ના પાડી ફરગંચીની મોટી જનરલ આસપીટલમાં એક નર્સ તરીકે ચાલી ગઈ છે. રતીની બીમારી લાગટ ત્રણ મહીના ઉપર એક અથંગ નર્સ તરીકે કામ બજાવ્યા પછી એ ધન આમ જતી રહી—તેથી પંથકી પેલેસમા એકકે એક જણ અંતઃકરણથી દલગીર થયું છે. પણ બીજો છુટકોજ નથી.

ધન ગઇ છે—અને સઉ કોઇની માયા, પ્રીત, દુવા જીતી લઇને ગઇ છે. ત્યાં આસપીટલમાં પોતાના દયાનાં 'મીશન' ઉપર એીસ્તવાર રહી પોતાની બાકીની જીંદગી પુરી કરવાના તેણીએ ગંભીર પવીત્ર સમ ખાધા છે. કોઇ કોઇ વાર તેણીને જયારે કાંઇ ચીજની યાદ આવે છે ત્યારે હઇયું ભરાઈ આવી તેણીની આંખ્યોમાંથી આંસુનાં ટીપાં ટપકે છે—પણ તે ફીર ગારની ગમ આંખ ઉચે કરી મોટાં દીલે ધન પાછી પોતાની ફરજપર વળગી જાય છે.

ખલાસ! પારસી સંસારી વાર્તાના વીભાગમાં મારી આ એક વધુ કોશેશ પુરી થઇ છે. મારી આગલી કથાઓ—"વારેસે ના કબુલ," "જીવપર જોરાવરી"ની પેઠેજ "નસીબની લીલી"નો આ કીસ્સોબી જુદી જુદી અનેક ઇંગ્રેજી "નોવેલો"પરથી ગુંથી કહાડવાનો પ્રયત્નમેં કર્યો છે. તેમ કરતા મારાં ચીત્રમાં દીલ—ઉશકેરણીના રંગો જોઇયે તે કરતા જરા જો વધારે ઘાટા થઈ ગયા હોય તો મોટાં મને લઇ ચલાવશો. કદાપી Sensationalismનું તત્વ આ "નસીબની લીલી" વાર્તામાં લગાર વધારે જમાવ થઇ ગયુ હશે-પણ યાદ રાખશો કે એક કલ્પીત કથા હું લખવા બેઠો હતો. રોજીંદી દુખ્ખી આપણી જીંદગીના ફીકકાં દાસ્તાન કરતાં કાંઇ વધારે ચટાકેદાર જો એક વાર્તામાં તમે વાંચો નહી તો તમેજ તેને કંટાળાના બગાસાં સાથ ચોથે પ્રકરણે પડતી મેલો. એક ચીજ તો હું હીંમતથી માનું છું—કે મારી ત્રણ ત્રણ નસીબની લીલીઓની કાહણી કહતાં કોઇબી ઠેકાણે હાલના પારસી સંસારને બીન અનુકુલ બનાવો મેં વર્ણાવ્યા નથી—શેહેરા, રતી યા ધનની મુસીબતો દોરતાં મેં કરૂણારસની હદ ઓળંગી "દુખ્યારી બચુ" યા "તકદીરની તાસીર"ની માફક વાચનારનાં દીલ કમકમાવ્યા નથી. જુદદીન સવાલથી ગુંચવાઇ રહેલી પારસી કોમ સમક્ષ મારી યથાશકતી મુજબ મેં એક પારસી બાપ અને મડમ માના હડધુત હાડમાર ખુવાર થતાં બચ્ચાનો શોકાતુર ચીતાર રજુ કરવાની પેરવી કીધી છે—હક ઇનસાફ યા ધર્મો જય એટલે શુ તે મેં બતાવવાની તજવીજ કરી છે.

ખુદા હાફેઝ!

લા૦ **ફીરોઝશાહ જાંહાંગીર મરઝબાન.**